ૐ

શ્રી વીતરાગાય નમઃ

# રાજહૃદય

(ભાગ-૧૯)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો)

(પત્રાંક-૮૯૮ થી ૯૫૫)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :
- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (033) ૨૪૭૫૨૬૯૭, મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૧૭–૫–૨૦૧૬ (વૈશાખ સુદ ૧૧, પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીનો ૧૦૭મો જન્મમહોત્સવ)
પ્રત : ૨૦૦
પૃષ્ઠ સંખ્યા : ૩૨૦ + ૮ = ૩૨૮
પડતર કિંમત : ૬૧૦/–
મૂલ્ય : ૨૦/–

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
૧૯૨૪/, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર–૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**ભગવતી ઓફસેટ**
અમદાવાદ
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રસ્તાવના

'રાજહૃદય' ભાગ-૧૯નું પ્રકાશન કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં કૃપાળુદેવ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં પ્રકાશિત વચનામૃતો તથા પત્રો ઉપર સમાદરણીય સિદ્ધાંતનિષ્ઠ પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના પ્રવચનોનું પ્રકાશન છે. 'ભાવનગર'માં ૧૯૮૯માં 'શ્રી સીમંધર સ્વામી દિગંબર જિનમંદિર'માં 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથનો સળંગ સ્વાધ્યાય ચાલ્યો હતો. પ્રસ્તુત ધ્વનિમુદ્રિત પ્રવચનોના સી.ડી. પ્રવચનો 'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'માં નિયમિતરૂપે સાંભળવાનો નિત્યક્રમ ચાલી રહ્યો હતો. પ્રવચનો સાંભળ્યા બાદ ઘણા મુમુક્ષુઓને એવો ભાવ આવ્યો કે જો આ પ્રવચનો ગ્રંથારૂઢ થાય તો સર્વ મુમુક્ષુ સમાજને આત્મહિતમાં લાભનું કારણ થાય. આ ભાવનાના ફળસ્વરૂપે 'રાજહૃદય' નામક ગ્રંથ પ્રકાશન કરવામાં આવી રહ્યો છે.

આપણાં પરમ તારણહાર, સાગર સમાન ગંભીર, અધ્યાત્મયુગ દિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'નો સમસ્ત મુમુક્ષુ સમાજ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તે છે. આવા દુષમકાળમાં તીર્થંકર જેવા યુગપુરુષનો જન્મ એ આપણાં સૌનું મહાન સદ્ભાગ્ય છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના વિશાળ અને ગહન શાસ્ત્ર અભ્યાસની શ્રૃંખલામાં એક ગ્રંથ હતો 'શ્રીમદ્ રાજચંદ્ર' ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના પરિવર્તન બાદ તેઓશ્રીએ આ ગ્રંથ ઉપર પ્રવચનો પણ આપેલા છે અને ત્યારે કોઈ પૂછે કે, અમારે કયુ શાસ્ત્ર વાંચવું ? તો પૂજ્ય 'ગુરુદેવશ્રી' કહેતા, 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચો !

પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં 'કૃપાળુદેવ' પ્રત્યે કેટલું બહુમાન, ઉપકારબુદ્ધિ અને ભક્તિભાવ હતો તેનો પુરાવો છે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો'. પાને પાને 'કૃપાળુદેવ'ના ગુણગ્રામ કરતો આ ગ્રંથ 'કૃપાળુદેવ'નું પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં શું સ્થાન હતું તેની પ્રસિદ્ધિ કરે છે ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ કહ્યું છે કે, 'અત્યારે જે આ 'સમયસાર' વંચાય છે તે 'શ્રીમદ્ રાજચંદ્ર'નો ઉપકાર છે !' આપણા ગુરુવર 'કહાન' પણ જેમનો ઉપકાર માને છે અને જેમના ગુણગ્રામ કરતાં થાકતા નથી તો આપણને તો કેટલો ઉપકાર, ભક્તિ અને બહુમાન હોવા ઘટે તે સ્પષ્ટ સમજી શકાય એવી વાત છે.

જન્મ-મરણ, માનસિક અને શારીરિક દુઃખ, પીડા, બાધા, રોગ, શોક આદિ અનેક પ્રકારના દુઃખથી ગ્રસિત સંસારી જીવ અનેક વિડંબનાઓને ભોગવતા પરવશ બની કાળચક્રમાં પરિભ્રમણ કરી રહ્યા છે. અનેક પ્રકારના કર્મજનિત ચિત્ર-વિચિત્ર ઉદય પ્રસંગોમાં રહેતું અસમાધાન, મૂંઝવણ આદિ મટાડવાનો ઉપાય શું ? તેનું અજ્ઞાન હોવાને લીધે ન ઈચ્છતા છતાં દુઃખની પરંપરા અનિવાર્યપણે ભોગવી રહ્યા છે. સુખની ઝંખના, સુખની પ્રાપ્તિ માટેના વલખાં અને દુઃખથી ત્રસ્ત સંસારી જીવ આજ પર્યંત સાચું સુખ પ્રાપ્ત નથી કરી શક્યા એ વાત વર્તમાન પરિસ્થિતિ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

આવી એક અણઉકેલી સમસ્યાનું સમાધાન ગવેષવા કોઈક વિરલ જીવ જાગે છે. તેને પહેલો વિચાર એ આવે છે કે, આ સુખ-દુઃખની સમસ્યાનું સમાધાન આપનાર એવા કોઈ મહાપુરુષ છે ખરા ? જો હોય તો મારે સાતમે પાતાળે પહોંચીને પણ આ સમસ્યાનો અંત લાવવો છે ! અંતરંગથી ઉત્પન્ન થયેલી સત્સમાગમની ભાવના સત્પુરુષની શોધમાં પરિણમિત થાય છે અને કુદરતના નિયમાનુસાર તે

જીવને એ દિવ્યમૂર્તિની પ્રાપ્તિ થાય છે. તે વિરલ જીવ જ્ઞાનીપુરુષ દ્વારા ઉપદિષ્ટ બોધ અનુસાર પ્રયત્ન કરતાં તેને તે સત્ય સુખની પ્રાપ્તિ થાય છે અને ક્રમશઃ સંસારદુઃખથી પરિમુક્ત થાય છે.

'કૃપાળુદેવે' પૂર્વભવોમાં આત્મહિતાર્થે અનેક અથાગ પ્રયત્ન કર્યા હતાં છતાં એ સૌ નિષ્ફળ ગયા હતા પરંતુ કોઈ એક ભવમાં સત્પુરુષનો યોગ થયા બાદ તેઓશ્રીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી અને અનંત જન્મ-મરણનો અંત આવ્યો હતો. માટે 'કૃપાળુદેવે' વર્તમાનમાં સ્વયંને પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ થયો ન હોવા છતાં પત્રે પત્રે સત્સમાગમનો મહિમા નિષ્કારણ કરુણાથી માત્ર મુમુક્ષુજીવના કલ્યાણ અર્થે ગાયો છે. 'કૃપાળુદેવ'ના પરિચયમાં જે કોઈ સુપાત્ર જીવો આવેલા તેમને તે વખતની તેમની યોગ્યતાને જોઈને તેઓએ પત્રમાં માર્ગદર્શન આપેલું. આ માર્ગદર્શન વર્તમાનમાં આપણને સૌ કોઈને લાગુ પડે તેવું માર્ગદર્શન છે.

'કૃપાળુદેવ'ને સમષ્ટિગત ઉપદેશ આપવાનો ઉદય નહોતો પરંતુ વ્યક્તિગત ઉપદેશ આપવાનો ઉદય હતો. માટે આ વાતની મર્યાદા સમજીને 'કૃપાળુદેવે' આપેલ માર્ગદર્શનને જો જીવનમાં અવધારવામાં આવે તો અવશ્ય દોષમુક્ત થવાય એ વાત નિઃસંશય છે. 'કૃપાળુદેવ'ની લખાણની ભાષા ગૂઢ હોઈ પ્રાયઃ જીવ તેમના અંતઃકરણને સમજી શકતો નથી. છતાં તેઓશ્રીના લખાણમાં એવો જ કોઈ ચમત્કાર છે કે આજે તેઓશ્રીની અનુપસ્થિતિમાં પણ હજારો લોકો તેમના બોધને અનુસરવાનો પ્રયત્ન કરી રહ્યા છે !

'કૃપાળુદેવ'ના લખાણમાં રહેલી મધ્યસ્થતા, આશય ગંભીરતા, આત્મહિતનો પ્રધાન સૂર, નિષ્કારણ કરુણા, અંગ અંગમાં નીતરતો વૈરાગ્ય, પારલૌકિક વિચક્ષણતા, પુરુષાર્થની તીવ્ર ગતિ, સરળતા, પરેચ્છાનુચારીપણું ઈત્યાદિ અનેકાનેક ગુણોથી વિભૂષિત થયેલા તેમના પત્રો એક અમૂલ્ય રત્નોની નિધિ છે ! તેઓશ્રીના લખાણમાં રહેલું ઊંડાણ તેમના હૃદયને અંતરંગ પરિણતિને પ્રકાશે છે. અંતરંગ પરિણતિમાં વર્તતા દિવ્ય ગુણોની ઝલક તેમના લખાણમાં વ્યક્ત થઈ છે. પરંતુ આ ઝલકનો પારખનારા પણ કોઈ વિરલા જીવ જ હોય છે. કોઈક જ વિરલા તેમના હૃદયને પારખી શક્યા છે, જેણે પારખ્યા તે પોતે તે દિવ્ય દશાને પામી ગયા ! એ દિવ્ય હૃદયને પરખીને વર્તમાન મુમુક્ષુ સમાજ પર્યંત તે હૃદયના ભાવોને પ્રકાશમાં લાવનાર છે પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ' !

'રાજહૃદય' નામ અનુસાર 'કૃપાળુદેવ'ના અંતરંગને ખોલનાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના અનુભવરસ ઝરતા આ પ્રવચનો અમૃતવેલડી સમાન છે. એક દિવ્યમૂર્તિને આકાર આપતા આ પ્રવચનો 'કૃપાળુદેવ' જેવા મહાન સાધકની સાધકદશાને સ્વયંની અનુભવવાણીરૂપી ટાંકણાંથી ઉત્કીર્ણ કરીને મુમુક્ષુજીવને દર્શાવે છે કે, આ છે 'કૃપાળુદેવ' ! આ છે 'રાજહૃદય'! 'કૃપાળુદેવ'ના લખાણમાં વ્યક્ત થતાં તેઓશ્રીના અંતરંગ અલૌકિક ગુણરૂપી રત્નોના ખોબા ભરી ભરીને મુમુક્ષુ સમક્ષ મૂક્યા છે !! કોઈપણ જીવ ગ્રાહક થઈને લે તો સ્વયં એ રત્નોથી વિભૂષિત થઈ જાય !

ધન્ય છે 'પૂજ્ય ભાઈશ્રી'ના સાતિશય જ્ઞાનને અને ધન્ય છે તેમની સાતિશય પ્રવચનધારાને કે જેના દ્વારા એ દિવ્યમૂર્તિના દર્શન કરાવ્યા ! જ્ઞાનીપુરુષના એક એક વચનમાં અનંત આગમ રહેલાં છે એ વાતની પ્રતીતિ કરાવતા આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે રત્નોની નિધિ સમાન છે. મુમુક્ષુજીવને પોતાનું વ્યવહારિક જીવન અને નિશ્ચય જીવન કેવી રીતે ઘડવું તેવું માર્ગદર્શન ઠામ ઠામ અનેક પત્રોમાં જોવા મળે છે.

નાની ઉંમરથી જ 'કૃપાળુદેવ'ના લખાણમાં તેઓશ્રીના પૂર્વસંસ્કાર પ્રકાશિત થાય છે અને કોઈ

ગજબના સાધકજીવે આ કળિકાળમાં જન્મ ધારણ કર્યો છે તેવી પ્રતીતિ કરાવી જાય છે. લખાણની અંદર ઝળકતી પ્રૌઢતા, વૈરાગ્ય, વિવેક, આત્મહિતનો સંવેગ, વિશાળતા, સરળતા આદિ અભિવ્યક્તિઓ દર્શનીય અને મનનીય છે.

૧૭ વર્ષની ઉંમર પહેલાં લખાયેલાં દસ વચનો ઉપર પ્રવચન આપતાં પૂજ્ય 'ગુરુદેવશ્રી' ફરમાવે છે કે, આ તો બાર અંગનો સાર છે ! એવા વચનોના, એ વચનના દેનાર એવા પુરુષના, અલ્પમતિ જીવ શું ગુણગ્રામ કરી શકે ? છતાં ઉપકારબુદ્ધિવશાત્ અત્ર તેઓશ્રીના થોડા ગુણોનું બહુમાન, ભક્તિ કરી તેમના ચરણોમાં વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન પ્રસંગે અધ્યાત્મ યુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી', તદ્‌ભક્તરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન', ગુરુ ગૌરવ પુરુષાર્થમૂર્તિ પૂજ્ય 'નિહાલચંદ્ર સોગાનીજી' તથા શાંતમૂર્તિ, 'રાજહૃદય' ઓળખાવનાર એવા પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના ચરણોમાં ભક્તિભાવપૂર્વક વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથમાં પ્રકાશિત પ્રવચનોને સી.ડીમાંથી સાંભળીને સંપાદન કરવામાં આવેલ છે. ઘણા પ્રવચનોમાં રેકોર્ડિંગ ખરાબ હોઈ ક્યાંક ક્યાંક સ્પષ્ટ સંભળાતું નહિ હોવાથી ખાલી જગ્યા રાખવામાં આવી છે. 'પૂજ્ય ભાઈશ્રી'ના ભાવોનો પ્રવાહ યથાવત જાળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેમ છતાં ક્યાંક ભૂલ રહી ગઈ હોય તો એ સત્પુરુષોની તથા જિનવાણી માતાની હૃદયપૂર્વક ક્ષમા યાચીએ છીએ. ત્યારબાદ આ પ્રવચનોને બીજા મુમુક્ષુ દ્વારા ફરીથી તપાસવામાં આવે છે અને પછી જ પ્રેસ ઉપર મોકલવામાં આવે છે.

સળંગ પ્રવચનો 'ભાવનગર' જિનમંદિરમાં ચાલ્યા છે. ૪૩૪ પ્રવચનો પૂર્ણ થતા આ ગ્રંથના પ્રવચનોના ૧૯ ભાગ પૂર્ણ થયા છે. પ્રસ્તુત ગ્રંથમાં જે પત્રો ઉપરના પ્રવચનો તે શ્રૃંખલામાં નહિ હોવાથી ત્યારબાદ પાછળથી બીજે સ્થળે તે જ પત્ર ઉપરના પ્રવચનો ચાલ્યા હોય તો ત્યાં તે પ્રવચનો લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં ચાલેલા છે તેની માત્ર લિપી ગુજરાતી કરીને લેવામાં આવ્યા છે. બહારગામ ચાલેલા પ્રવચનોનું સ્થળ-નિર્દેશન જે તે પ્રવચનના મથાળામાં આપવામાં આવેલ છે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયેલ છે તેમનો આભાર માનવામાં આવે છે. ગ્રંથ પ્રકાશનાર્થ પ્રાપ્ત દાનરાશિનો ઉલ્લેખ અન્યત્ર આપવામાં આવેલ છે તે સર્વનો પણ આભાર માનવામાં આવે છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઈમ્પ્રેશન્સ'નો આભાર માનવામાં આવે છે. રાજહૃદયના બધા ભાગો **www.satshrut.org** ઉપર ઉપલબ્ધ છે.

અંતતઃ 'રાજહૃદય'માંથી પ્રવાહિત આ અવિરત અમૃત સરવાણીને પીને પ્રત્યેક જીવ શાશ્વત સુખને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**ભાવનગર**

## 'રાજહૃદય' ભાગ-૧૯ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| શ્રીમતી વીણાબેન વિરેન્દ્રભાઈ શાહ, ચેન્નઈ | ૪૧,૦૦૦/- |
| સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી | ૨૫,૦૦૦/- |
| સ્વ.જયંતિલાલ કુરજીભાઈ મહેતાના સ્મરણાર્થે, | |
| હ. ડો. મહેશભાઈ મહેતા તથા ડો. ગીતાબેન મહેતા | ૨૫,૦૦૦/- |
| શ્રી શાંતિલાલ વી. દેઢિયા, મુંબઈ | ૧૭,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબેન રણધીરભાઈ ઘોષાલ, ભાવનગર | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી નીરુબેન મણીલાલ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી શ્વેતાબેન ભાવીનભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| સારિકાબેન, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી સરિતાબેન મીસરીફ, તેજપુર | ૫,૦૦૦/- |
| શ્રીમતી પ્રમીલાબેન ભૂરા, તેજપુર | ૫,૦૦૦/- |
| પૂનમબેન ભાવેશભાઈ શાહ, ચેન્નઈ | ૫,૦૦૦/- |
| પૂજાબેન પારસભાઈ શાહ, ચેન્નઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| શ્રી દિપકભાઈ તલકશી છેડા, મુંબઈ | ૩,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી મીનાબેન ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી ચેલણાબેન શ્રેણીકભાઈ સાવલા, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી પ્રતિકભાઈ ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૨,૫૦૦/- |
| વેલબાઈ વીશનજી સાવલા, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી પિયૂષભાઈ નગીનદાસ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| શ્રીમતી વિમલાદેવી હીરાલાલ જૈન, ભાવનગર | ૨,૧૦૦/- |
| શ્રીમતી વાસંતીબેન જયંતભાઈ ગાલા, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રીમતી લીનાબેન ભરતભાઈ રાંભિયા, મુંબઈ | ૨,૦૦૦/- |
| હર્ષ, સ્મીત ભરતભાઈ રાંભિયા, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રીમતી વીણાબેન મહેન્દ્રભાઈ વીરા, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રી જિનેન્દ્રભાઈ દિલીપભાઈ દોશી, ચેન્નઈ | ૧,૫૦૦/- |

| | |
|---|---|
| શ્રીમતી રાધિકાબેન જિનેન્દ્રભાઈ દોશી, ચેન્નઈ | ૧,૫૦૦/- |
| શ્રી પ્રકાશભાઈ શાહ, મુંબઈ | ૧,૦૦૦/- |
| શ્રીમતી જીજ્ઞા દિપકભાઈ છેડા, મુંબઈ | ૧,૦૦૦/- |
| હેત્વી દિપકભાઈ છેડા, મુંબઈ | ૧,૦૦૦/- |
| શ્રી મીનાબેન લાલુભાઈ ભીખાભાઈ, મુંબઈ | ૧,૦૦૦/- |
| રક્ષાબેન પરેશભાઈ શાહ, મુંબઈ | ૧,૦૦૦/- |
| શ્રીમતી વર્ષાબેન તરુણભાઈ સાવલા, મુંબઈ | ૧,૦૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી ચારુબેન નિલેષભાઈ જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી બેલાબેન જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| સ્વ. ઈન્દુમતી જસવંતલાલ કામદારના સ્મરણાર્થે, હ. જસુભાઈ કામદાર | ૫૦૦/- |
| એમ.સી.મારૂ, ભાવનગર | ૫૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| ધારા ઋષભ શાહ, ભાવનગર | ૧૫૧/- |

# પ્રવચન અનુક્રમણિકા


| પ્રવચન નં. | પત્રાંક | પાના નં. |
|---|---|---|
| ૪૧૮. | પત્રાંક-૮૯૮ થી ૯૦૧ | ૦૦૧ |
| ૪૧૯. | પત્રાંક-૯૦૧ | ૦૨૧ |
| ૪૨૦. | પત્રાંક-૯૦૨ થી ૯૦૫ | ૦૩૫ |
| ૪૨૧. | પત્રાંક-૯૦૬ થી ૯૧૩ | ૦૫૨ |
| ૪૨૨. | પત્રાંક-૯૧૩ | ૦૭૨ |
| ૪૨૩. | પત્રાંક-૯૧૩ | ૦૮૯ |
| ૪૨૪. | પત્રાંક-૯૧૩ થી ૯૧૫ | ૧૦૫ |
| ૪૨૫. | પત્રાંક-૯૧૬ થી ૯૧૮ | ૧૨૩ |
| ૪૬૬. | પત્રાંક-૯૧૭ થી ૯૨૧ | ૧૪૩ |
| ૪૨૭. | પત્રાંક-૬૮૦ | ૧૬૧ |
| ૪૨૮. | પત્રાંક-૪૦૮ | ૧૭૮ |
| ૪૨૯. | પત્રાંક-૯૨૨ થી ૯૨૮ | ૧૯૪ |
| ૪૩૦. | પત્રાંક-૯૨૯ થી ૯૩૬ | ૨૧૫ |
| ૪૩૧. | પત્રાંક-૯૩૬ થી ૯૩૯ | ૨૩૫ |
| ૪૩૨. | પત્રાંક-૯૪૦ થી ૯૪૮ | ૨૫૦ |
| ૪૩૩. | પત્રાંક-૯૪૯ | ૨૭૨ |
| ૪૩૪. | પત્રાંક-૯૫૨ થી ૯૫૫ | ૨૮૯ |

ॐ

नमः श्रीसिद्धेभ्यः

# રાજહૃદય

(ભાગ-૧૯)

## પત્રાંક-૮૯૮

મુંબઈ, કારતક સુદ ૫, બુધ, ૧૯૫૬

આ પ્રવૃત્તિવ્યહાર એવો છે કે જેમાં વૃત્તિનું યથાશાંતપણું રાખવું એ અસંભવિત જેવું છે. કોઈ વિરલા જ્ઞાની એમાં શાંત સ્વરૂપનૈષ્ઠિક રહી શકતા હોય એટલું બહુ દુર્ઘટતાથી બને એવું છે. તેમાં અલ્પ અથવા સામાન્ય મુમુક્ષુવૃત્તિના જીવો શાંત રહી શકે, સ્વરૂપનૈષ્ઠિક રહી શકે એમ યથારૂપ નહીં પણ અમુક અંશે થવાને અર્થે જે કલ્યાણરૂપ અવલંબનની આવશ્યકતા છે, તે સમજાયાં, પ્રતીત થવાં અને અમુક સ્વભાવથી આત્મામાં સ્થિત થવાં કઠણ છે. જો તેવો કોઈ યોગ બને તો અને જીવ શુદ્ધ નૈષ્ઠિક થાય તો, શાંતિનો માર્ગ પ્રાપ્ત થાય એમ નિશ્ચય છે. પ્રમત્ત સ્વભાવનો જય કરવાને અર્થે પ્રયત્ન કરવું યોગ્ય છે.

આ સંસારરણભૂમિકામાં દુષમકાળરૂપ ગ્રીષ્મના ઉદયનો યોગ ન વેદે એવી સ્થિતિનો વિરલ જીવો અભ્યાસ કરે છે.

## તા. ૨૪-૧૦-૧૯૯૨, પત્રાંક-૮૯૮ થી ૯૦૧
## પ્રવચન નં. ૪૧૮

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૯૮. 'ઝવેરચંદભાઈ' તથા 'રતનચંદભાઈ' 'કાવિઠા'ના મુમુક્ષુભાઈઓ છે એના ઉપરનો પત્ર છે. **'આ પ્રવૃત્તિવ્યવહાર એવો છે કે જેમાં વૃત્તિનું યથાશાંતપણું રાખવું એ અસંભવિત જેવું છે.'** વર્તમાનકાળમાં જે પ્રકારની વ્યાવસાયિક પ્રવૃત્તિ છે, ધંધા-વેપાર સંબંધીનો વ્યવહાર છે એ એવો વ્યવહાર છે કે જેમાં વૃત્તિ યથાયોગ્યપણે શાંત રહે એમ રહેવું લગભગ અસંભવિત જેવું છે. પરિણામમાં અશાંતિ વર્તે એવો વ્યવહાર અને એવી પ્રવૃત્તિ અત્યારે આ કાળની પરિસ્થિતિમાં જોવામાં આવે છે. ૧૯૫૬માં લખે છે, હોં ! આ તો. ૨૦૪૮ પૂરો થશે. ૯૩ વર્ષ પહેલાની વાત છે. ત્યારપછી તો પરિસ્થિતિ ઘણી બગડેલી છે. હદ વગરની બગડેલી છે એમ કહીએ તોપણ ચાલે.

અત્યારે તો એક વેપારીનો વેપાર ભાંગી નાખવા માટે મોટા શહેરોમાં તો ખૂન-ખરાબા થાય છે. એટલી બધી અત્યારે તો પરિસ્થિતિ ઘણી ખરાબ છે. આજથી ૫૦ વર્ષ પહેલાં એવો પ્રકાર હતો કે માણસ નાના ગામમાં તો Season નો જ વેપાર કરે. મોસમ આવે એટલે વેપાર કરી લે. જે કાંઈ પ્રારબ્ધમાં હોય તે મળી જાય. એમાં નિભાવી લ્યે. રોટલા-પાણી ખાવામાં બીજી કાંઈ જરૂરિયાત લાંબી નહોતી. ૫૦ વર્ષ પહેલા. ૯૩ વર્ષ પહેલાં એમ લખે છે કે અત્યારના કાળમાં પ્રવૃત્તિ કરતાં પરિણામમાં શાંતિ જાળવવી એ અસંભવિત છે. તો પછી અત્યારના કાળમાં પ્રવૃત્તિ વ્યવહાર કરીને આત્માની શાંતિ જાળવવી એ ક્યાંથી સંભવિત હોય ? એટલા માટે મુમુક્ષુને તો સર્વપ્રથમ વ્યવહાર અને વ્યવસાયથી નિવૃત્તિનો વિચાર આવે છે. અભિપ્રાય તો એ જ છે પણ પ્રયત્ન પણ નિવૃત્ત થવાનો રહે છે.

**'કોઈ વિરલા જ્ઞાની એમાં શાંત સ્વરૂપનૈષ્ઠિક રહી શકતા હોય એટલું બહુ દુર્ઘટતાથી બને એવું છે.'** જ્ઞાનીને શાંત રહેવું કે સ્વરૂપનૈષ્ઠિક રહેવું એ પણ ઘણું કઠણ પડે, ઘણું અઘરુ પડે, બહુ દુર્ઘટ પડે એવી પરિસ્થતિ જોવામાં આવે છે.

મુમુક્ષુ :- દુર્ઘટતા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. દુર્ઘટતા છે. ઘણું અઘરું છે એમ કહે છે. જગતનો વ્યવહાર તો ખેર બહુ નીચી પાયરીએ ગયો છે પણ મુમુક્ષુજનનો વ્યવહાર પણ ઘણી નીચી પાયરીએ ગયો છે. ધાર્મિક ક્ષેત્રના વ્યવહારો પણ બહુ નીચી કક્ષાએ ગયેલા છે. ત્યાં

જગતના વ્યવહાર અને વ્યવસાયની તો વાત જ શું કરવી ?

‘**કોઈ વિરલા જ્ઞાની એમાં શાંત સ્વરૂપનૈષ્ઠિક રહી શકતા હોય...**’ તોપણ એને ઘણું કઠણ પડે, એને ઘણું અઘરું પડે, દુર્ઘટ પડે એવું છે. એવું અત્યારે તો છે. ‘**તેમાં અલ્પ અથવા સામાન્ય મુમુક્ષુવૃત્તિના જીવો શાંત રહી શકે, સ્વરૂપનૈષ્ઠિક રહી શકે એમ યથારૂપ નહીં પણ અમુક અંશે થવાને અર્થે...**’ તેમાં અલ્પ મુમુક્ષુવૃત્તિ કહો અથવા સમાન્ય મુમુક્ષુવૃત્તિ કહો એને શાંત રહેવું કે સ્વરૂપનૈષ્ઠિક-સ્વરૂપની શ્રદ્ધા બાજુ વળે એમ રહેવું તે યથારૂપ નહિ એટલે જેવું જોઈએ એવું તો ન થઈ શકે પણ અમુક અંશે થવાને અર્થે, જેટલો પ્રયત્ન કરે તેટલા અંશે થવાને અર્થે જે કલ્યાણરૂપ અવલંબનની આવશ્યકતા છે, એના માટે કોઈ કલ્યાણરૂપ સજીવનમૂર્તિની આવશ્યકતા છે. એને કોઈ અવલંબનની જરૂર છે. નિરાલંબપણે તો થવું બહુ મુશ્કેલ છે.

‘**તેમ સમજાવાં, પ્રતીત થવાં અને અમુક સ્વભાવથી આત્મામાં સ્થિત થવા કઠણ છે.**’ એ અવલંબન સમજાવું મુશ્કેલ છે કે આની જરૂરત છે કે નહિ. અત્યારે તો ઈ સમજાય એવું નથી. એ પ્રકારનો વિશ્વાસ ઉત્પન્ન થવો કે એ વાત ઘર કરી દેવી. આત્મામાં સ્થિત થવી એટલે એ વાત નિશ્ચિત થઈ જવી, દૃઢ થઈ જવી એ તો આ કાળમાં ઘણું કઠણ છે. એટલે મુમુક્ષુને પણ અત્યારની વર્તમાન પરિસ્થિતિનો કાળ એ આત્મકલ્યાણ માટે ઘણો કઠણ છે. જ્યારે એવો કાળ ઘણો કઠણ હોય અને એ વાત ખ્યાલમાં આવતી હોય તો એ વાત નિરાશ થવાને અર્થે નથી, પણ એ વાત વધારે સંભાળીને ચાલવા માટે છે, વધારે કાળજી કરવા માટે છે, વધારે સાવધાન રહેવા માટે છે.

‘**જો તેવો કોઈ યોગ બને...**’ એવો કોઈ યોગ બને, જેમાં કલ્યાણરૂપ અવલંબન મળી જાય એવો કોઈ યોગ બને. એ તો સત્પુરુષની વાત જ લેવી છે અત્યારે. કોઈ મુનિ કે સર્વજ્ઞનો તો જમાનો નથી. સત્પુરુષ જ્યાં મળતા નથી, જ્ઞાનીપુરુષ મળતા નથી ત્યાં મુનિ અને સર્વજ્ઞનો તો પ્રશ્ન નથી રહેતો. ‘**જો તેવો કોઈ યોગ બને તો અને જીવ શુદ્ધ નૈષ્ઠિક થાય તો, શાંતિનો માર્ગ પ્રાપ્ત થાય એમ નિશ્ચય છે.**’ શું કહે છે ? અમારો અભિપ્રાય, અમારો નિશ્ચય એવો છે કે જો કોઈ એવો યોગ બને અને જીવને આત્મકલ્યાણનું પૂરેપૂરું બળવાનપણું, શુદ્ધ નિષ્ઠા-શ્રદ્ધા થાય કે મારે આત્મહિત કરવું જ છે તો જરૂર એને શાંતિનો માર્ગ એટલે મોક્ષનો માર્ગ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થાય. અત્યારે પણ થાય એમ અમારો નિશ્ચય છે. ન થાય એમ નથી કહેતા. પરિસ્થિતિ એટલી સાનુકૂળ નહિ હોવા છતાં આવો યોગ બને અને જીવની તૈયારી હોય તો થઈ શકે એવું છે. એમ અમારો નિશ્ચય છે. આ વાત અમને નિશ્ચયરૂપે લાગે છે.

મુમુક્ષુ :- સત્પુરુષ પ્રત્યે પણ નૈષ્ઠિકપણું હોવું જોઈએ..

પૂજ્ય ભાઈશ્રી :- સત્પુરુષ પ્રત્યે પણ નૈષ્ઠિકપણું હોવું જોઈએ અને પોતામાં આત્મકલ્યાણ કરવાની પણ શુદ્ધ અંતઃકરણથી ભાવના હોય એને પણ નિષ્ઠા કહેવામાં આવે છે. પરમ જિજ્ઞાસા કહો, શુદ્ધ ભાવના કહો, શુદ્ધ અંતઃકરણ કહો, શુદ્ધ નિષ્ઠા કહો. નિષ્ઠા એટલે શું ? કે અંદરમાં બીજું કાંઈ નથી. કરવું છે એટલે પ્રમાણિકપણે કરવું જ છે. એમાં પાછી પાની કરવી નથી.

જેને ખરેખર આત્મહિત કરવું છે એને કોઈપણ કિંમતે કરવું છે. જેને આત્મહિત શુદ્ધ અંતઃકરણથી નથી કરવું એને અમુક પ્રકાર હોય તો, પોતાની કલ્પના પ્રમાણે બહારમાં અમુક પ્રકાર હોય તો કરવું છે અને નહિતર છોડી દેવું છે. એટલે એને ખરેખર કરવું નથી. પણ એના વિકલ્પ અને એની વાણી એમ કહે છે કે ના, મારે કરવું છે, મારે તો કરવું છે. મારે નથી કરવું એવું નથી. હું અમસ્તો કાંઈ અહીં આવતો નથી. મારે આત્મકલ્યાણ કરવું છે માટે અહીં આવું છું. પણ એમાં જે પોતાની પૂર્વ શરત છે એ એમ સૂચવે છે કે એને ખરી ભાવના થઈ નથી. સાચી મુમુક્ષુતા આવી નથી. શુદ્ધ અંતઃકરણથી એ વાત દેખાતી નથી. એટલે એને શુદ્ધ નિષ્ઠા નથી એમ કહેવાય. શુદ્ધ નિષ્ઠા એટલે એનો અભિપ્રાય ચોખ્ખો નથી એમ કહેવું છે.

મુમુક્ષુ :- પોતે પોતાનો વિરોધ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે. પોતે જ પોતાને નુકસાન કરે છે. પોતે જ પોતાનો દ્રોહ કરે છે. પોતે જ પોતાનો વેરી છે. બીજી રીતે કહીએ તો પોતે જ પોતાનો વેરી છે. એમ છે. મૂળ આ જે કાંઈ રહી જાય છે એ આ જ રહી જાય છે. પછી સામાન્ય મુમુક્ષુથી માંડીને દ્રવ્યલિંગી પર્યંતનાને કોઈ વાત રહી જાય છે તો આ જ રહી જાય છે કે એની નિષ્ઠા શુદ્ધ નથી, એની ભાવના શુદ્ધ નથી, એનું અંતઃકરણ શુદ્ધ નથી કે મારે આત્મકલ્યાણ જ કરવું છે અને કોઈપણ ભોગે કરવું છે. આત્મકલ્યાણ કરવા જતાં કોઈપણ મને બાધા પહોંચાડી શકે નહિ, પહોંચાડવાની પરિસ્થિતિ આવે તો હું એને અવગણું, એને હું ગણકારું નહિ. એટલી અભિપ્રાયમાં માનસિક તૈયારી થઈ જાય તો એને કોઈ શાંતિનો માર્ગ મળવામાં વાંધો આવે નહિ. ચોક્કસ પ્રાપ્તિ થાય એમ કહે છે. એ પોતાના અનુભવથી એમણે વાત કરી છે. એ વાત પોતાના અનુભવથી કરી છે અને એ જ દરેક જ્ઞાનીઓનો નિશ્ચય છે. દરેક જ્ઞાનીઓનો પણ એ જ નિશ્ચય છે.

'**એમ નિશ્ચય છે.**' એટલે બધાનો. અમારા બધાનો આ નિશ્ચય છે, સર્વ જ્ઞાનીનો આ નિશ્ચય છે. જે કાંઈ મૂળની વાત છે એ આ જગ્યાએ છે. કે ખરેખર આ જીવને આત્મકલ્યાણ કરવું છે કે નહિ ? એ વાત જ એણે તપાસવાની રહે છે. ત્યાંથી તૈયારી શરૂ થઈ એને આગળ કોઈ બાધા નથી. વહેલો-મોડો પણ એ જરૂર મોક્ષમાર્ગમાં આવે,

આવે ને આવે. અને એનો ભવભ્રમણથી છૂટકારો થાય, થાય ને જન્મ-મરણથી છૂટે, છૂટે ને છૂટે. ન છૂટે એવું નથી. માર્ગ તો ચોખ્ખો છે. વાત છે પોતાની તૈયારીની. અને એ અનંત કાળમાં કરી નથી. અત્યારે કરે તો થઈ શકે એવું છે. હજી પણ મોક્ષમાર્ગ છે એ વિચ્છેદ ગયો નથી. મોક્ષમાર્ગનો નાશ નથી થયો. હજી પણ મોક્ષમાર્ગી જીવો ઉત્પન્ન થશે અને મોક્ષમાર્ગ ચાલુ રહેશે, પંચમકાળના છેડા સુધી. આ તો કેવળજ્ઞાનમાં જોયેલી વાત છે. પંચમકાળના છેડા સુધી ધર્મ અને ધર્માત્માની વિદ્યમાનતા રહેશે એ વાત તો કેવળજ્ઞાનથી સિદ્ધ થયેલી છે.

'**આ સંસારરણભૂમિકામાં...**' જુઓ ! કેવી ઊપમા આપી ! '**આ સંસારરણભૂમિકામાં...**' એકલું રણ છે એમ કહે છે. ક્યાંય આંખ ઠરે એવું એક લીલું ઝાડ દેખાતું નથી કે ક્યાંય પાણીનું જળાશય પણ દેખાતું નથી. છાંયડો મળે નહિ, પાણી મળે નહિ. '**આ સંસારરણભૂમિકામાં દુષમકાળરૂપ ગ્રીષ્મના ઉદયનો યોગ...**' જુઓ ! એક તો રણની ભૂમિ છે, એમાં પાછો વરસાદ થયો નથી અને પાછો ઉનાળો છે. ત્રણ વાત ભેગી થઈ છે. તપે એવું રણ, એમાં આગલી સાલમાં વરસાદ ન થયો હોય તો કેવું તપે ? અને રણની ભૂમિ પાછી. એકલી રેતી. ડુંગરા કરતા પણ રણ વધારે તપે છે. કેમકે ડુંગરમાં ક્યાંક પાણીના ઝરણા હોય છે. પાંચ-પાંચ હજાર ફૂટ ઊંચે પણ ઉપર તળાવ હોય છે અને વનસ્પતિ હોય છે. રણમાં કાંઈ મળે નહિ. પાણી પણ ન મળે, વનસ્પતિ પણ ન મળે. એવું છે.

'**આ સંસારરણભૂમિકામાં દુષમકાળરૂપ ગ્રીષ્મ...**' એટલે ઉનાળો છે, એનો ઉદય છે. એ '**ઉદયનો યોગ ન વેદે...**' એટલે એનાથી તપાયમાન ન થાય. એનાથી તપાયમાન ન થાય '**એવી સ્થિતિનો વિરલ જીવો અભ્યાસ કરે છે.**' પરિસ્થિતિ ગમે તેવી થાય તોપણ પોતાની શાંતિને છોડે નહિ. પોતાની શાંતિને ગુમાવે નહિ અને સમાધાનપૂર્વક શાંતિમાં રહે એવો અભ્યાસ તો કોઈ વિરલ જીવો કરે છે. અભ્યાસ એટલે અહીંયાં પુરુષાર્થ, અભ્યાસ એટલે પ્રયત્ન, વારંવારનો પ્રયત્ન અને પુરુષાર્થ તો કોઈ વિરલા જીવો કરે છે. સર્વસામાન્ય જીવો એવો અભ્યાસ કરતા નથી, કરી શકતા નથી. કોઈ વિરલા જીવો કરે છે.

મુમુક્ષુ :- પ્રમત્ત સ્વભાવને..

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રમત્ત સ્વભાવની એક લીટી રહી ગઈ છે.

'**પ્રમત્ત સ્વભાવનો જય કરવાને અર્થે પ્રયત્ન કરવું યોગ્ય છે.**' એટલે જીવ પ્રમાદમાં પડી જાય છે. આત્મકલ્યાણનું વિસ્મરણ કરી જાય છે. મુમુક્ષુની ભૂમિકામાં એ પ્રમાદ છે. અહીંયાં છઠ્ઠા ગુણસ્થાનનો પ્રમત્ત નથી લેવું. મુમુક્ષુની ભૂમિકામાં પ્રમાદ શું છે ?

કે પોતાના આત્મકલ્યાણની વાતનું વિસ્મરણ કરીને ઉદયના કાર્યોમાં જોડાય જાય છે, એ જીવનો, મુમુક્ષુનો, સામાન્ય જીવનો એ પ્રમત્ત સ્વભાવ છે. એનો '**જય કરવાને અર્થે...**' એટલે એવું ન થાય તેના માટે પ્રયત્ન ચાલુ રહેવો જોઈએ. એના માટે જીવે પ્રયત્ન કરવો જોઈએ એમ કહે છે. એ 'ઝવેરચંદભાઈ' અને 'રતનચંદભાઈ'ને બહુ સારો પત્ર લખાયો છે. એ મુમુક્ષુઓ પ્રકાશમાં એટલા નથી આવ્યા. પણ અત્યારે પણ એમનો જે પરિવાર છે એ બધા બહુ જ વાત્સલ્યવાળા છે. તદ્દન અજાણ્યા માણસો ત્યાં પહોંચે છે કે 'કૃપાળુદેવ' કઈ જગ્યાએ ઉતરતા હતા ? તો એ લોકોને બહુ વાસ્તલ્ય થાય છે. અહીં સુધી ગોતી ગોતીને આવનાર કોણ હોય ? એમ કહે.

મુમુક્ષુ :- પ્રેમથી દેખાડવા લઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- દેખાડવા લઈ જાય અને એનો આદરસત્કાર, આગતા-સ્વાગતા. સાધારણ પરિસ્થિતિ ઘરની હોવા છતાં પણ વાત્સલ્ય ઘણું દેખાય.

મુમુક્ષુ :- જેમ છે તેમ રાખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંય ફેરફાર નથી કર્યો. જ્યાં ઉતરતા હતા એ એમ ને એમ રાખ્યું છે. બધું બતાવે છે. પહેલા માળે મોટા હોલ જેવું છે. આપણે આ સ્વાધ્યાય માટે બેસીએ છીએ લગભગ એટલી જગ્યા ૨૦ x ૩૦ જેટલો મોટો હોલ જેવું છે. સત્સંગ અર્થે ત્યાં બધા ભેગા થતા હતા. આજુબાજુના ગામમાંથી આવે અને ત્યાં (બેસે). જમવાનું એમના બાજુના બીજા ભાઈના ઘરે (રહેતું). બેય સગા ભાઈઓ છે. 'ઝવેરચંદભાઈ' અને 'રતનચંદભાઈ' બે સગા ભાઈઓ જ છે. એક-બે મિનિટના અંતરે બીજું મકાન છે. ત્યાં જમવાની વ્યવસ્થા હતી. 'અંબાલાલભાઈ' ત્યાં રસોઈ કરતા હતા. કહેતા હતા, 'અંબાલાલભાઈ' આ જગ્યાએ રસોઈ કરતા હતા. એ તો પછી ત્યાં તો એમ વાત છે કે આમ ચાલવામાં એક-બે મિનિટ લાગે કે પણ આમ સીધેસીધું જુઓ તો સામે જ મકાન છે. આ વચ્ચે વળાંક છે એ તો આ રસ્તાને હિસાબે છે. એટલે બહુ અંતર નથી. સોએક વાર જેટલું અંતર લાગે. Air Distance એટલે એમ કે ત્યાં જે 'કૃપાળુદેવ'નો ઉપદેશ ચાલતો હતો એ એમને અહીં સંભળાતો હતો. એટલે એ રસોઈ કરતાં કરતાં પણ બધું સાંભળતા હતા અને એમની સ્મૃતિ બહુ તેજ હતી એટલે લગભગ મુખપાઠે એમને રહી જતું હતું. ઘણી વાતો એમને મુખપાઠે રહી જતી હતી, સ્મૃતિમાં રહી જતી હતી. એમ એ લોકો સમજાવે છે, વાત કરે છે. એટલે એમણે પણ એ વાતો સાંભળી હોય એમના પિતાશ્રી તરફથી. અત્યારે તો ત્રીજી કે ચોથી પેઢી ચાલે છે.

**પત્રાંક-૮૯૯**

**મોહમયી, કાર્તિક સુદ ૫, બુધ, ૧૯૫૬**

**ૐ**

**સર્વ સાવદ્ય આરંભની નિવૃત્તિપૂર્વક બે ઘડી અર્ધ પ્રહર પર્યંત 'સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષા' આદિ ગ્રંથની પ્રત કરવાનો નિત્યનિયમ યોગ્ય છે. (ચાર માસ પર્યંત.)**

૮૯૯. 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે.

મુમુક્ષુ :- પત્ર બહુ સારા આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો લગભગ એમનું દોઢ વર્ષનું આયુષ્ય બાકી છે. અને બધામાં મથાળામાં ૐ બાંધેલો છે. એક એક પત્રમાં ૐ લખ્યા પછી પત્રની શરૂઆત કરે છે.

'**સર્વ સાવદ્ય આરંભની નિવૃત્તિપૂર્વક બે ઘડી અર્ધ પ્રહર પર્યંત 'સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષા' આદિ ગ્રંથની પ્રત કરવાનો નિત્યનિયમ યોગ્ય છે. (ચાર માસ પર્યંત.)**' શું કહે છે ? કે આજથી ચાર મહિના સુધી તમે '**સર્વ સાવદ્ય આરંભની નિવૃત્તિપૂર્વક...**' એટલે વેપાર, ધંધો અને કુટુંબ-પરિવારના કાર્યો છોડીને. બને તો કુટુંબથી દૂર જઈને. સાવદ્ય એટલે પાપ. સંસારની જે બધી પ્રવૃત્તિ છે. ભલે એ પ્રમાણિકતાથી વેપાર કરવાની કે નોકરી કરવાની પ્રવૃત્તિ હોય તોપણ એ પાપમય પ્રવૃત્તિ છે. કહે છે કે બધા પ્રકારના પાપારંભની નિવૃત્તિ કરવી. આ એક 'અંબાલાલભાઈ' ઉપર આ વખતે ઘણી કૃપા કરી છે એમ કહેવું જોઈએ. ચોખ્ખો આદેશ એમણે કોઈને ભાગ્યે જ આપ્યો છે. આ વખતે 'અંબાલાલભાઈ'ને ચોખ્ખી વાત કરી છે કે ચાર મહિના તમે સર્વ પાપારંભથી દૂર થઈ જાવ, નિવૃત્ત થઈ જાવ.

'**બે ઘડી અર્ધ પ્રહર પર્યંત...**' એટલે લગભગ બે કલાક. ''**સ્વામિકાર્તિકિયાનુપ્રેક્ષા' આદિ ગ્રંથની...**' એટલે સત્શ્રુતની '**પ્રત કરવાનો...**' એટલે નકલ કરવાનો '**નિત્યનિયમ યોગ્ય છે.**' ચાર મહિના સુધી આ કામ કરો. એટલે શું છે કે એ નકલ કરતા હતા. એમના પત્રોની પણ નકલ કરતા હતા અને એ જમાનામાં છાપખાનાની વ્યવસ્થા, સુવિધા એટલી નહોતી એટલે કોઈ ગ્રંથ હોય એ એકાદો ક્યાંયથી મળી જાય તો બીજા એની નકલ કરી લે. એ પ્રત કરવી એટલે નકલ કરવી. નિત્યનિમયપણે. એ નકલ કરવી હોય તો એનો નિયમ રાખી લેવાનો. બે-ચાર દાડા કાંઈ કામ ન થાય, વળી

પાછું બે-ચાર દાડે બે દિવસવાળું પછી થોડી થોડી વારે પોતાની ગમે ત્યારે અનુકૂળતાએ થોડુંક લખી લે. વળી પાછા એક-બે દિવસ ખાડો પડે અને વળી પાછા લખે. એમ નહિ. નિયમપૂર્વક અને બીજી પાપપ્રવૃત્તિ દૂર કરીને એટલે એમ કે એકલું લખવાનું નથી આ. એકલી નકલ કરવાનું નથી. લખતા લખતા એ વિષય જેટલો ગંભીર છે, એ વિષય આત્મકલ્યાણમાં જેટલો નિમિત્તભૂત છે ત્યાં તમારું ચિત્ત પરોવાય એટલા માટે બીજા પાપારંભથી નિવૃત્ત થઈને આ કાર્ય કરવું. ચાર મહિના સુધીની એ વાત કરી છે કે ચાર મહિના તો તમે આમ કરો. એમના વિશિષ્ટ જ્ઞાનમાં એમ લાગ્યું હશે કે જો આ રીતે 'અંબાલાલભાઈ' થોડુંક આવું કરે તો એમની મુમુક્ષુ ભૂમિકામાં વિશેષ નિર્મળતા થાય અને દર્શનમોહનો અનુભાગ ઘટે અને આત્મવીર્ય સ્વરૂપ પ્રત્યયી વળવા માટે યોગ્ય થાય.

ત્રણ ગુણ મુખ્ય કામ કરે છે. સૌથી પ્રધાન તો જ્ઞાન છે અને બીજું છે પુરુષાર્થ જ્ઞાન અનુસારનો અને દર્શનમોહનો જેટલો રસ કપાય એટલી એમાં સાનુકૂળતા જ્ઞાન અને વીર્યને Positive sideમાં જે કાર્ય કરવું છે, એમાં કોઈ અવરોધ હોય તો એ દર્શનમોહનો છે. એટલે એ દર્શનમોહ છે એ ઘટતો જાય અને જ્ઞાન અને પુરુષાર્થ પોતાના સ્વરૂપપ્રત્યયી કાર્ય કરતા થાય. આવી કોઈ યોગ્યતા વિશેષ થવાને અર્થે એમણે 'કાર્તિકેયાનુપ્રેક્ષા' આદિ જે કોઈ ગ્રંથ છે એની નકલ કરવા માટે, એટલે વાંચન તો આપોઆપ થઈ ગયું. અને સારા અક્ષરે લખે તો એનો ભાવ ઘુંટાતા-ઘુંટાતા લખાય.

વાંચવામાં અને જે વાત વાંચતા-વાંચતા હોય તેને લખવામાં ફરક છે. એમાં ફરક છે. કઈ જાતનો ફરક છે ? કે જો જે વાત વાંચવામાં આવી છે એમાં રસ હોય તો એ જ વાતને લખતી વખતે રસ વધારે ગાઢ થાય, ઘૂંટાય જાય. આ રસ વૃદ્ધિમાં એ પ્રવૃત્તિ નિમિત્ત પડે છે. અને એ રસની અંદર વિક્ષેપ ન પડે એટલા માટે એમણે ચાર મહિના સુધી સર્વ સાવદ્ય આરંભની નિવૃત્તિ કરવાની કહી છે. બહુ જોઈ વિચારીને, બહુ સમજીને આ કોઈ સૂચના કરી હશે એવું લાગે છે. પત્ર ભલે બે લીટીનો છે પણ એમાંથી થોડું રહસ્ય નીકળે એવું છે.

**પત્રાંક-૯૦૦**

**મોહમયી, કારતક સુદ ૫, ૧૯૫૬**

**ૐ**

**અવિરોધ અને એકતા રહે તેમ કર્તવ્ય છે; અને એ સર્વના ઉપકારનો માર્ગ સંભવે છે.**

**ભિન્નતા માની લઈ પ્રવૃત્તિ કરવાથી જીવ ઊલટો ચાલે છે. અભિન્નતા**

**છે, એક્તા છે એમાં સહજ સમજવાફેરથી ભિન્નતા માનો છો એમ તે જીવોને શિખામણ પ્રાપ્ત થાય તો સન્મુખવૃત્તિ થવા યોગ્ય છે.**

**જ્યાં સુધી અન્યોન્ય એકતા વ્યવહાર રહે ત્યાં સુધી સર્વથા કર્તવ્ય છે.**

પત્ર-૯૦૦મો. '**મુનિશ્રી લલ્લુજી**' 'લલ્લુજીમુનિ' ઉપરનો પત્ર છે. '**અવિરોધ અને એકતા રહે તેમ કર્તવ્ય છે;...**' એ જ્યાં રહ્યા છે. 'વસો'માં ઘણું કરીને ચાતુર્માસ રહ્યા છે. ત્યાં અવિરોધ ન વધે અને સમાજની એકતા રહે તેમ કર્તવ્ય છે. '**અને એ સર્વના ઉપકારનો માર્ગ સંભવે છે.**' અવિરોધ રહે, વિરોધ ન થાય અને એકતા રહે એ કરવા યોગ્ય છે અને બધાયના ઉપકારનો માર્ગ તો એવો જ સંભવે છે. સર્વના ઉપકારનો માર્ગ તો એવો જ સંભવે છે. એટલે તમને પણ ઉપકારનો માર્ગ છે અને એમને પણ એ ઉપકારનો માર્ગ છે.

'**ભિન્નતા માની લઈ પ્રવૃત્તિ કરવાથી જીવ ઊલટો ચાલે છે.**' ભિન્નતા માની એટલે શું કે એને સામા પક્ષવાળો ઠરાવીને પ્રવૃત્તિ કરવામાં આવે તો જીવ ઊલટો ચાલે છે. એટલે એને સામા પક્ષમાં ન લઈ જવો એમ કહે છે. આ આપણો છે એમ રાખીને જે વાત કરવી તે કરવી. કે છે આપણાવાળો... છે આપણાવાળો. એને સીધો વિરોધપક્ષમાં મૂકી દેવો ન જોઈએ એમ કહે છે. '**ભિન્નતા માની લઈ પ્રવૃત્તિ કરવાથી જીવ ઊલટો ચાલે છે. અભિન્નતા છે, એક્તા છે એમાં સહજ સમજવાફેરથી ભિન્નતા માનો છો એમ તે જીવોને શિખામણ પ્રાપ્ત થાય તો સન્મુખવૃત્તિ થવા યોગ્ય છે.**' એમાં એમની જે નીતિ છે-Policy છે એ આ પ્રકારની છે કે, ભાઈ ! ધર્મના ક્ષેત્રમાં તો તમે, અમે, સૌ આત્મકલ્યાણ કરવા નીકળ્યા છીએ ને ? ભલે તમે અમારી વિરુદ્ધ વાત કરતા હોય કે અમે તમારી વિરુદ્ધ વાત કરતા હોય પણ અમે એમ માનીએ છીએ કે આપણે આત્મકલ્યાણ કરવા નીકળ્યા છીએ એમાં તમારા સમજવાફેરથી તમને નુકસાન છે. તમે અમારો વિરોધ કરો છો એમ નથી લેવું પણ તમારા સમજવાફેરથી તમને આટલું નુકસાન છે, એ નુકસાન તમને ન થાય તો સારું. તમારા હિતચિંતકપણે અમે આ વાત કરવા માગીએ છીએ. એમ કરીને એને ભિન્નતામાં નહિ લેતા એમ કહે છે.

'**અભિન્નતા છે, એક્તા છે એમાં સહજ સમજવાફેરથી ભિન્નતા માનો છે એમ તે જીવોને શિખામણ પ્રાપ્ત થાય...**' એવી શિખામણ એને મળે '**તો સન્મુખવૃત્તિ થવા યોગ્ય છે.**' તો સવળા થાય. સન્મુખવૃત્તિ થાય એટલે શું ? કે અવળા ચાલે છે એ

સવળા થાય. માટે એને નુકસાન સમજાવાનો પ્રયત્ન કરવો. એમાંથી સવળા થવું હોય તો થાય. થાય જ એવો કોઈ નિયમ નથી. એ તો એના હોનહારનો વિષય છે. પણ નીતિ આ બરાબર છે એમ કહે છે. દરેક કાળમાં આ પરિસ્થિતિ તો હોય જ છે. સત્ય અને અસત્ય પ્રકૃતિ સ્વભાવે બન્નેને વિરોધ છે. સત્યની પ્રકૃતિ અને અસત્યની પ્રકૃતિ બંને વિરોધી પ્રકૃતિ છે. એટલે પ્રાયઃ બંને વચ્ચે ઘર્ષણ સર્વ કાળમાં રહેલું છે. એ પરિસ્થિતિમાં જ્ઞાનીઓની નીતિ-રીતિ શું હોય છે એના દર્શન થાય છે એમ કહીએ તો ચાલે. આ પ્રકારે એ પ્રવર્તે છે.

મુમુક્ષુ :- બહુ સરસ માર્ગદર્શન છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પોતે અન્યમતના શાસ્ત્ર વાંચવામાં પણ એમ કહે છે. 'સહજાનંદસ્વામી'ની 'શિક્ષાપત્રી' છે ને ? એટલે શિક્ષાપત્રી વાંચવાનું કોઈને કહે તો કહે અમુક વાતમાં કાંઈ ફેર આવે એ વાત છોડી દેવી. સૈદ્ધાંતિક રીતે અમુક વાતમાં ક્યાંય ફેર આવે એ વાત છોડી દેવી. સૈદ્ધાંતિક રીતે ફેર લાગે તો એ વાત છોડી દેવી. પણ આત્માને ગુણ થાય એવી વાત ઉપર ધ્યાન દેજો કે જ્યાં આત્માને ગુણ થાય એવી વાત હોય. એ જે જીવને વાંચવાનું કીધું હોય એને અમુક મુદ્દો એના માટેનો કામનો હોય માટે કહ્યું છે. ખાસ કરીને 'સહજાનંદસ્વામી'એ મહાપુરુષની ભક્તિને, મહાપુરુષના આશ્રયને એમણે મુખ્ય કર્યો છે. તો એ સામાને જરૂર હોય એટલે એ શાસ્ત્ર વાંચવાનું કહે છે. કેવી નીતિ છે એમની! જોવાની ખૂબી એ છે કે ગમે તે વાંચે તો માણસને નુકસાન ન થાય. એ દૃષ્ટિકોણ જો અપનાવ્યો હોય તો નુકસાન ન થાય.

મુમુક્ષુ :- ...માં આવે છે કે ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે મૂળ ચીજ તો આમાંથી નીકળેલી છે ને ? મૂળ તો ભગવાનની દિવ્યધ્વનિમાંથી બધા અન્યમતો થયા છે. સમજવાફેરથી અન્યમતો થયા છે. પછી એ તો અન્યમત થયા પછી વિકૃતિ વધે. વિકૃતિ વધે એટલે અનેક પ્રકારના પાખંડ ચાલવા માંડે.

૪૮૯મો પત્ર છે. પાનું-૩૯૨. 'અંબાલાલભાઈ' ઉપરનો જ પત્ર છે. લ્યો ઠીક ! 'અંબાલાલભાઈ' ઉત્કૃષ્ટ મુમુક્ષુ હતા. "**શિક્ષાપત્ર' ગ્રંથમાં મુખ્ય ભક્તિનું પ્રયોજન છે. ભક્તિના આધારરૂપ એવા વિવેક,...**' હવે ભક્તિ એટલે અંધભક્તિ નહિ. '**ભક્તિના આધારરૂપ એવા વિવેક, ધૈર્ય અને આશ્રય એ ત્રણ ગુણનું તેમાં વિશેષ પોષણ કર્યું છે.**' એ ગ્રંથમાં આ ભક્તિ અને ભક્તિના આધાર એવા જે આ ત્રણ ગુણ છે એનું વિશેષપણે પોષણ કર્યું છે અને એ વાત કોઈપણ મુમુક્ષુજીવ માટે કામની છે એમ કહે છે. એ 'સ્વામિનારાયણ'નો ગ્રંથ છે એમ નહિ જોતા મુમુક્ષુને શું કામનું છે એ જોવાનું છે.

**'તેમાં ધૈર્ય અને આશ્રયનું પ્રતિપાદન વિશેષ સમ્યક્પ્રકારે છે,...'** એમ કહે છે. ઠીક ! સમ્યક્ એટલે ઓલું સમ્યગ્જ્ઞાન ન લેવું. પણ ધૈર્ય અને આશ્રયનું પ્રતિપાદન બહુ સારી રીતે, રૂડી રીતે કર્યું છે એમ લેવું. સમ્યક્ પ્રકારે એટલે રૂડા પ્રકારે કર્યું છે. **'જે વિચારી મુમુક્ષુજીવે સ્વગુણ કરવાયોગ્ય છે.'** પોતાના ગુણની પ્રાપ્તિ, વિચાર કરીને આ ગુણની પ્રાપ્તિ કરવાયોગ્ય છે. **'શ્રી કૃષ્ણાદિનો પ્રસંગ એમાં જે જે આવે છે તે ક્વચિત્ સંદેહનો હેતુ થાય એવો છે,...'** એટલે પોતે 'શિક્ષાપત્રી' વાંચેલી છે.

**'શ્રી કૃષ્ણાદિનો પ્રસંગ એમાં જે જે આવે છે તે ક્વચિત્ સંદેહનો હેતુ થાય એવો છે, તથાપિ તેમાં શ્રી કૃષ્ણનું સ્વરૂપ સમજ્યાફેર ગણી...'** એ તો લખનારનો સમજવાફેર છે. કાંઈ નહિ, એની સમજણફેર એની પાસે રહી. **'ઉપેક્ષિત રહેવા યોગ્ય છે.'** આ વાતની તમે ઉપેક્ષા કરી નાખજો. **'કેવળ હિતબુદ્ધિથી વાંચવા વિચારવામાં મુમુક્ષુનું પ્રયોજન હોય છે.'** જુઓ ! કેવી સરસ Guideline છે ! મુમુક્ષુજીવને કોઈપણ ગ્રંથ વાંચવાનો મળે તો કેવળ આત્મહિતની બુદ્ધિથી વાંચવો અને વિચારવો એવું જ એ મુમુક્ષુજીવનું એ ગ્રંથ વાંચવામાં પ્રયોજન હોય છે. એ પ્રયોજનપૂર્વક વાંચે એ મુમુક્ષુ છે. એવા પ્રયોજનથી ન વાંચે તો એને ગડબડ થયા વિના રહે નહિ. આમ છે. એટલે આત્મહિતની મુખ્યતા અને આત્મહિતની ભાવના અન્યમતીના ગ્રંથ વાંચે તોપણ ભૂલાવામાં ન પાડે. અને એ ભાવના ન હોય તો જૈનમતનો ગ્રંથ વાંચે તોપણ ભૂલ કરે. જુઓ ! વાત ક્યા ખીલે બંધાય છે ? જો આત્મહિતની યથાર્થ ભાવના ન હોય તો તીર્થંકરના શાસ્ત્ર વાંચે તો ઉપદેશમાંથી એમાંથી એને ઊંધો પડે અને આત્મહિતની મુખ્યતા હોય તો અન્યમતીનો વાંચે તો એને વાંધો આવે નહિ. એ સ્વગુણ પ્રાપ્તિ માટે જોઈ લ્યે. ઠીક છે આમાં મને લાભ થવાની કેટલી વાત છે. કેમકે મૂળ વાત તો તીર્થંકરની નીકળેલી છે એની નજર ત્યાં જશે. આ વાત બહુ સારી છે. એટલે સમ્યક્ પ્રકાર એવો શબ્દ વાપર્યો છે. એવી વાત છે.

જ્ઞાનીની દૃષ્ટિ કેવી હોય છે ! કે 'ચાર વેદ પુરાણ આદિ શાસ્ત્ર સૌ મિથ્યાત્વના પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યા એ જ ઠેકાણે ઠરો.' એ આ ઠેકાણું છે. સ્વગુણની પ્રાપ્તિ અર્થે, આત્મહિતના પ્રયોજન અર્થે જ્ઞાનીને જ્ઞાન ભાસ્યા છે. એમાં એવી કેટલીક વાતો હોય છે. કેમકે એ મૂળ તીર્થંકરથી આવેલી વાતો છે, દિવ્યધ્વનિમાંથી આવેલી વાતો છે. પછી એમાં જે Adulteration થયું છે, ભેળસેળ થઈ છે, વિકૃતિ થઈ છે એને આત્મહિતની ભાવનાવાળો દૂર કરીને વાંચે છે, એનાથી અળગો રહીને વાંચે છે એટલે એને નુકસાન થતું નથી. મૂળ ચીજ એના હાથમાં આવી જાય છે.

એ તો ચાર અનુયોગ ઉપરથી જ એ લોકોએ ચાર વેદ બનાવ્યા છે. Craze તો

ચાર અનુયોગનો હતો. 'ઋષભદેવ' ભગવાનની વાણી છૂટ્યા પછી એમના ગણધરે જે શ્રુતની-બાર અંગની રચના કરી એમાં ચાર વિભાગ પાડ્યા. એટલે ચાર વિભાગમાં આખું શ્રુત છે એ સમાજની અંદર એક Craze ઊભો થયેલો હતો. એટલે જે અન્યમતી થયા એણે ચાર વેદ કર્યા. બાકી વેદ એટલે જાણવું. વેદ એટલે To know. જેમાં જ્ઞાન છે. જાણવું એટલે જેમાં જ્ઞાન છે, જ્ઞાન ભર્યું છે એ જે શ્રુતજ્ઞાન છે ખરેખર તો એ ચાર વેદ જૈનદર્શનના ચાર અનુયોગ છે. પછી એ લોકોએ યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ અને ઋગ્વેદ એ બધા ચાર વેદ કર્યા છે. કારણ કે પછી તો Craze હોય એ પ્રમાણે Similar જ કરવું પડે બધું. તમારે ચોવીસ તીર્થંકર તો અમારે ચોવીસ અવતાર છે. તમારે ચોવીસ ભગવાન હોય તો અમારે ચોવીસ છે. તમારે ચાર વેદ છે તો અમારે પણ ચાર વેદ છે.

તમે એમ કહો કે સમવસરણમાં ભગવાન હતા તો એને ચારેય બાજુ એનું મોઢું હતું. તો અમારા બહ્મા પણ ચતુરાનંદ છે. અમારા બ્રહ્મા છે એ ચતુરાનંદ છે. આનંદ એટલે મુખ. બ્રહ્માની ચાર મુખવાળી મૂર્તિ હોય છે. બ્રહ્માની મૂર્તિ ચાર મુખવાળી મૂર્તિ હોય છે. અને એ બ્રહ્મામાંથી વેદ નીકળ્યા છે એમ કહે છે. બ્રહ્માએ વેદને ઉત્પન્ન કર્યા છે. આમ અપુરુષેય કહે છે અને પુરુષેય કહે તો બ્રહ્માએ ઉત્પન્ન કર્યા છે. એટલે એ લોકોએ પણ બ્રહ્માના ચાર મોઢા કર્યા છે. આપણે જે સમવસરણમાં ચતુર્મુખની મૂર્તિ હોય છે ને ? એ તો ઘણું Similar કર્યું છે. Craze એ જાતનો હોય છે સમાજમાં. આ તો પછી અન્યમત થાય અને કોઈ મતપંથ થાય તો દુકાનદારી થાય, ખેંચવાની વાત હોય. સમાજને પોતા તરફ ખેંચવાની વાત હોય. એટલે સરખું કરે તો જ ખેંચાય. બીજું નવું કરે તો આ જાય નહિ. એવું નહિ હોય, એવું ન હોય. આપણે અહીંયાં આવું છે. તો કહે એના જેવું કરો એટલે આવશે. એમ છે.

મુમુક્ષુ :- પર્યુષણમાં ગણેશઉત્સવ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પર્યુષણમાં ગણેશ ઉત્સવ હોય છે. એ તો પછી એ જે બ્રહ્મા છે એનું આસન એ લોકોએ કમળનું રાખ્યું છે અને આપણે પણ કમલાસન છે. આપણે સમવસરણમાં નીચે પદ્મની રચના છે. કમળાસન છે. ગંધકૂટી ઉપર કમલાસન છે. એ તો બધુ ઘણું એમાં મેળવાળું કરેલું છે એ લોકોએ.

મુમુક્ષુ :- પૂર્વાપર જેમાં અવિરોધપણું આવતું હોય એ શાસ્ત્ર વાંચવા યોગ્ય છે અને સાંભળવા યોગ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં શું છે કે જે 'સમયસાર' આદિ શાસ્ત્રો છે એમાં પૂર્વાપર અવિરોધપણું છે. આચાર્યોના જે ગ્રંથો છે અને જે ખાસ કરીને શાસનને લક્ષમાં

રાખીને શાસન પ્રભાવનાના ઉપલક્ષમાં રચેલા છે. એ બધા અવિરોધ શાસ્ત્રો છે. પછી એ 'ઉમાસ્વામી'નું 'તત્ત્વાર્થસૂત્ર' હોય કે 'કુંદકુંદભગવાન'નું 'સમયસાર' હોય કે 'કાર્તિકેયાનુપ્રેક્ષા' હોય કે કોઈપણ હોય, પણ એ શાસ્ત્રો ગંભીર છે. એ શાસ્ત્રો વાંચવાની યોગ્યતા જોઈએ. નહિતર જિનવાણી છે એ પૂર્વાપર અવિરોધ છે પણ યોગ્યતા વગર વાંચે તો નુકસાન કરે. એટલે એમાં અધિકારીપણું જોઈએ છે–પાત્રતા જોઈએ છે. એટલે પહેલી શરત તો એ છે.

નહિતર ત્યાં સુધી શું કરવું ? કે જે સત્પુરુષની વાણી હોય એ એમણે વાતને ખોલેલી હોય છે. નાની–નાની પાત્રતાની વાતને એમણે ખોલેલી હોય છે. એટલે એ શાસ્ત્રો સમજવા અર્થેની જે તૈયારી કરવી હોય ત્યારે એને સત્સંગ અને સત્પુરુષની વાણી સમજવી જોઈએ. કેમકે એ એમણે વધારે ખોલી છે. જે જમાનામાં એ શાસ્ત્રો લખાણા તે દિ' એટલા સ્પષ્ટીકરણની આવશ્યકતા નહોતી એવા પાત્ર જીવો સમાજમાં હતા, શાસનમાં હતા. એટલે એને યોગ્ય ગૂઢ વાણી આવી એ બધી. પછી એ જ વાણી ન સમજી શકે એના માટે સત્પુરુષોએ એના ઉપર એ ખુલાસા કર્યા એ પાત્ર થવા માટે સમજવા માટે જરૂરી પડે છે. એટલે એમ વાત છે મૂળ તો.

મુમુક્ષુ :- ... એમ છે કે બીજા અન્યમતીના શાસ્ત્ર પણ વાંચે, એટલે કે અન્યમતીના શાસ્ત્ર વાંચે એની વાત કરે તો બરાબર છે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે એ બરાબર છે એ મુમુક્ષુને ત્યાં એ જ યોગ્ય હતું. જે મુમુક્ષુને એ સૂચના કરી છે એને એ યોગ્ય હતું માટે એમ કહ્યું છે.

જેમકે આપણે એવો દૃષ્ટાંત આપી શકીએ કે જે એવા શાસ્ત્રો છે એ તો બળવાનપણે આત્માને બોધ આપનારા સાલમપાક જેવા છે અને આવા જે છે એ મગના પાણી જેવા હળવા છે. હવે મગનું પાણી ક્યારે લેવું અને સાલમપાક ક્યારે ખાવો ? એ તો Docter ની સૂચના ઉપર ખવાય ને ? ચાર દિવસ સરખાયનો તાવ આવ્યો હોય અને ઉપવાસ થયા હોય, લાંઘણ ચાર દિવસની થઈ હોય એને સાલમપાક ખવડાવો તો એ મરી જાય. શું થાય ? સીધો જ મરી જાય. એને સીધા ઝાડા થઈ જાય. દિવસના સો–પાચસ ઝાડા થાય એટલે એ માણસ તો ખલાસ થઈ જાય. એને મગનું પાણી આપવું પડે. મગના પાણીમાં અને એ પાછું બે–ચાર તોલા. જાજુ નહિ. કેમ ? કે એની હોજરીને અત્યારે એ જ જરૂર છે. અત્યારે બીજું એને ન ચાલે. એને અત્યારે તમે મેસુબ ખવડાવો તો મરી જાય એ માણસ. બીજું કાંઈ ન થાય. સિમેન્ટની જેમ થઈ જાય અંદરથી. પચી જ ન શકે. એમ ને એમ પડ્યું રહે. અને એમ ને એમ પડ્યું રહે એટલે થાય એમાંથી ઝેર. બીજું કાંઈ ન થાય. એમાંથી Poison થાય. જ્યાંથી

અમૃત બને છે ત્યાંથી જ ઝેર બને છે. 'ઋષભદેવ' ભગવાનની વાણીમાંથી ૩૬૩ અન્યમત કેમ નીકળ્યા ? આ ચોવિસીનો આપણો ઇતિહાસ શું કહે છે ? કે 'ઋષભદેવ' ભગવાનની વાણી નીકળી અને ૩૬૩ પાખંડ થયા. ક્યાંથી થયા ? એવી ચીજ છે. એ વાણીમાં તો બધી ભૂમિકાની બધી વાત આવે. તો પોતાની અયોગ્યતા હોય ત્યાં શું થાય ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આને આ જરૂરી છે, આને આ જરૂર છે. એમ વર્તમાનમાં જે મુમુક્ષુઓ હતા એની જે જે યોગ્યતા હતી... એટલે આમાં શું છે કે બધી વાત કોઈ એક મુમુક્ષુને લાગુ ન પડે. જેને સત્પુરુષની ભક્તિ ન હોય, આશ્રય ન હોય, વિવેક ન હોય, ધૈર્ય ન હોય તો એને એ જરૂરી છે. એમ કહે છે. જો કે 'અંબાલાલભાઈ' તો ઘણાં આજ્ઞાંકિત હતા, એકદમ આજ્ઞાંકિત હતા. એ જમાનાના વકીલ અને Advocate હતા તોપણ એમની આજ્ઞા માટે રસોઈ સીખીને રાંધવા બેસી ગયા હતા.

એક વખત સૂચના કરેલી કે હું 'મુંબઈ'થી આવું છું. આજે જ્યાં 'નડિયાદ'માં 'આત્મસિદ્ધિ' લખાણી છે ને ? એ વખતે જ્યારે 'મુંબઈ'થી 'નડિયાદ' આવ્યા છે ત્યારે એમણે સૂચના કરી કે મારે એકાંતમાં વધારે રહેવું છે. આ 'ઉત્તરસંડા' ને એ બાજુ રહેવું હતું તો કોઈ રસોયાની વ્યવસ્થા કરી રાખજો. એટલે હું એકાંતમાં રહીશ. તમારા મુમુક્ષુઓની સાથે નહિ. રસોઈયો જે કાંઈ રસોઈ કરી લેશે એ હું જમી લઈશ. રસોઈયાનો મેળ ન બેઠો. તપાસ કરી પણ રસોયા માટે કોઈ તૈયાર ન થયું. પોતે રસોઈ શીખી લીધી. 'નડિયાદ'ના Station સામે આવ્યા એટલે વાસણનો કોથળો લઈને આવ્યા સામે. વાસણ પણ પોતે ઉપાડ્યા. વાસણનો કોથળો ઉપાડીને કહે, ચાલો. રસોયો ? તો કહે, રસોયો હું જ છું. હું જ રસોઈ કરીશ. એને Double લાભ થયો. રસોઈની સેવા પણ કરી અને સંયોગ પણ રહ્યો, સત્સંગ પણ રહ્યો. એ જમાનાના વકીલ હતા છતાં એની આટલી તૈયારી હતી. જ્ઞાન મેળવવા માટે. એને એમ લખ્યું છે કે તમે 'શિક્ષાપત્રી' વાંચજો. ઠીક ! એ વસ્તુ કેટલા હદે એમાં પાત્ર થવું પડે છે ? કેટલા હદે તૈયાર થવું પડે છે ? એ દર્દીને ખબર નથી, એ વૈદને ખબર છે. હવે એ વૈદના વિષયમાં દર્દી માથું મારે એવી વાત થઈ ગઈ આ બધી. ક્યુ શાસ્ત્ર વાંચવું અને ક્યુ ન વાંચવું. એ દર્દીનું કામ નથી, એ Doctor નું કામ છે. પણ તકલીફ એ થઈ છે કે દર્દી જ્યારે Doctor થાય ત્યારે તબિયત બગાડ્યા વિના રહે નહિ. આ પરિસ્થિતિ છે.

એ ૯૦૦મો (પત્ર) થયો. નીચે પણ ૐ કર્યો છે. ઉપર પણ ૐ કર્યો છે અને નીચે પણ ૐ કર્યો છે.

પત્રાંક-૯૦૧

મુંબઈ, કારતક સુદ ૧૫, ૧૯૫૬

ૐ

'ગુરુ ગણધર ગુણધર અધિક, પ્રચુર પરંપર ઔર;
વ્રતતપધર, તનુ નગનધર, વંદૌ વૃષસિરમોર.'

જગત વિષયના વિક્ષેપમાં સ્વરૂપવિભ્રાંતિ વડે વિશ્રાંતિ પામતું નથી.

અનંત અવ્યાબાધ સુખનો એક અનન્ય ઉપાય સ્વરૂપસ્થ થવું તે જ છે. એ જ હિતકારી ઉપાય જ્ઞાનીએ દીઠો છે.

ભગવાન જિને દ્વાદશાંગી એ જ અર્થે નિરૂપણ કરી છે, અને એ જ ઉત્કૃષ્ટતાથી તે શોભે છે, જયવંત છે.

જ્ઞાનીનાં વાક્યના શ્રવણથી ઉલ્લાસિત થતો એવો જીવ, ચેતન, જડને ભિન્નસ્વરૂપ યથાર્થપણે પ્રતીત કરે છે, અનુભવે છે, અનુક્રમે સ્વરૂપસ્થ થાય છે.

યથાસ્થિત અનુભવ થવાથી સ્વરૂપસ્થ થવા યોગ્ય છે.

દર્શનમોહ વ્યતીત થવાની જ્ઞાનીના માર્ગમાં પરમભક્તિ સમુત્પન્ન થાય છે, તત્ત્વપ્રતીતિ સમ્યક્પણે ઉત્પન્ન થાય છે.

ચારિત્રમોહ, ચૈતન્યના-જ્ઞાની પુરુષના સન્માર્ગના નૈષ્ઠિકપણાથી પ્રલય થાય છે.

અસંગતાથી પરમાવગાઢ અનુભવ થવા યોગ્ય છે.

હે આર્ય મુનિવરો ! એ જ અસંગ શુદ્ધ ચૈતન્યાર્થે અસંગયોગને અહોનિશ ઈચ્છીએ છીએ. હે મુનિવરો ! અસંગતાનો અભ્યાસ કરો.

બે વર્ષ કદાપિ સમાગમ ન કરવો એમ થવાથી અવિરોધતા થતી હોય તો તો છેવટે બીજો કોઈ સદ્ઉપાય ન હોય તો તેમ કરશો.

જે મહાત્માઓ અસંગ ચૈતન્યમાં લીન થયા, થાય છે અને થશે તેને નમસ્કાર.

ૐ શાંતિઃ

૯૦૧ છે એ પણ 'લલ્લુજી મુનિ' ઉપરનો પત્ર છે.

**'ગુરુ ગણધર ગુણધર અધિક, પ્રચુર પરંપર ઔર;**
**વ્રતતપધર, તનુ નગનધર, વંદૌ વૃષસિરમોર.'**

હવે જુઓ ! એક બીજો વિચારવા જેવો વિષય છે હવે. 'શ્રીમદ્જી'ને સમજવું પણ જરાક અઘરું તો છે પણ મેળ કરતા આવડે તો એટલું અઘરું નથી. ઓલો જે શ્લોક છે ને ? ભર્તૃહરિનો શ્લોક છે. 'ભોગે રોગ ભયં' એમ કરીને છે ને ? એ જે પત્ર છે ને ? એ એમણે 'મનસુખરામ સૂરીરામ ત્રિપાઠી' ઉપરનો ઘણું કરીને પત્ર છે. પાછળ હોવું જોઈએ. 'ભોગે રોગ ભયં' પાનું ૩૩મું. અથવા ૩૩મો આંક હોય કે ૩૩મું પાનું હોય, બેમાંથી એક હશે.

મુમુક્ષુ :- ૩૩મું પાનું. સત્તરમા વર્ષનું.

પૂજ્ય ભાઈશ્રી :- સત્તરમા વર્ષમાં લખેલો પત્ર છે. પાનું-૩૩મું.

એ એમણે શું કર્યું છે કે... હા, એ જ પત્ર છે. ઘણાં મહાત્માઓ થઈ ગયા. બીજા Paragraph થી. **'યોગીંદ્ર ભર્તૃહરિ એક જ એમ કહી ગયા છે તેમ નથી.'** હવે એ તો અન્યમતના મહાત્મા છે ને ? **'યોગીંદ્ર ભર્તૃહરિ એક જ કહી ગયા છે તેમ નથી. કાળાનુસાર સૃષ્ટિના નિર્માણસમયથી...'** એટલે અનાદિ કાળથી. **'ભર્તૃહરિથી ઉત્તમ, ભર્તૃહરિ સમાન અને ભર્તૃહરિથી કનિષ્ઠ એવા અસંખ્ય તત્ત્વજ્ઞાનીઓ થઈ ગયા છે. એવો કોઈ કાળ કે આર્ય દેશ નથી કે જેમાં કેવળ તત્ત્વજ્ઞાનીઓનું ઊપજવું થયું નથી.'** આર્યક્ષેત્રમાં તો તત્ત્વજ્ઞાનીઓ સર્વ કાળમાં, સર્વ ક્ષેત્રમાં થયા છે.

**'એ તત્ત્વવેત્તાઓએ સંસારસુખની હરેક સામગ્રીને શોકરૂપ ગણાવી છે;...'** એટલે દુઃખનું કારણ ગણાવી છે. અને **'એ એમના અગાધ વિવેકનું પરિણામ છે. વ્યાસ,...'** જુઓ ! આ બધા અન્યમતીના નામ લીધા. **'વ્યાસ, વાલ્મીકિ, શંકર, ગૌતમ, પતંજલિ,...'** ગૌતમ એટલે ગૌતમ બુદ્ધ લેવા. **'પતંજલિ, કપિલ અને યુવરાજ શુદ્ધોદને પોતાના પ્રવચનમાં માર્મિક રીતે અને સામાન્ય રીતે જે ઉપદેશ્યું છે, તેનું રહસ્ય નીચેના શબ્દોમાં કંઈક આવી જાય છે. 'અહો લોકો ! સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે. એનો પાર પામવા પુરુષાર્થનો ઉપયોગ કરો ! ઉપયોગ કરો !!''**

**'એમ ઉપદેશવામાં એમનો હેતુ પ્રત્યેક પ્રાણીઓને શોકથી...'** એટલે દુઃખથી **'મુક્ત કરવાનો હતો. એ સઘળા જ્ઞાનીઓ કરતાં...'** જુઓ ! હવે ક્યાં વાત લઈ આવ્યા ? આ સત્તરમાં વર્ષે વાત ફેરવીને ક્યાં લઈ આવ્યા, જુઓ ! **'એ સઘળા જ્ઞાનીઓ કરતાં પરમ માન્ય રાખવા યોગ્ય...'** કેવા ? **'પરમ માન્ય રાખવા યોગ્ય**

**સર્વજ્ઞ મહાવીરના વચન સર્વ સ્થળે એ જ છે કે, સંસાર એકાંત અને અનંત શોકરૂપ તેમ જ દુઃખપ્રદ છે. અહો ! ભવ્ય લોકો ! એમાં મધુરી મોહીની ન આણતાં એથી નિવૃત્ત થાઓ ! નિવૃત્ત થાઓ !'**

'**મહાવીરનો એક સમય માત્ર પણ સંસારનો ઉપદેશ નથી.**' જુઓ ! ફેરવીને ક્યાં વાતને લઈ આવે છે ? એટલે એમને જે જૈનદર્શન ઉપરની નિષ્ઠા છે એ ક્યાંય અછાની નથી રહેતી. બધાને તમે ગમે તેમ માનતા હોય પણ મહાવીરના તોલે કોઈ આવે એમ નથી એમ ફેરવીને કહી દીધું. '**એનાં સઘળાં પ્રવચનોમાં એણે એ જ પ્રદર્શિત કર્યું છે;...**' એટલું જ નહિ '**તેમ તેવું સ્વાચરણથી સિદ્ધ પણ કરી આપ્યું છે. કંચનવર્ણી કાયા, યશોદા જેવી રાણી, અઢળક સામ્રાજ્યલક્ષ્મી અને મહાપ્રતાપી સ્વજન પરિવારનો સમૂહ છતાં તેની મોહીનીને ઉતારી દઈ જ્ઞાનદર્શનયોગપરાયણ થઈ એણે જે અદ્‌ભુતતા દર્શાવી છે તે અનુપમ છે. એનું એ જ રહસ્ય પ્રકાશિત કરતાં પવિત્ર 'ઉત્તરાધ્યયનસૂત્ર'માં આઠમા અધ્યયની પહેલી ગાથામાં કપિલ કેવળીની સમીપે તત્ત્વાભિલાષીનાં મુખકમળથી મહાવીર કહેવરાવે છે...**' એમ કરીને મહાવીરનો ઉપદેશ શરૂ કરી દીધો.

મુમુક્ષુ :- મહાવીર ભગવાને ક્યાં લગ્ન કરેલા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, આ તો શ્વેતાંબર શાસ્ત્ર અનુસાર લખાયેલું છે. એ વખતે હજી દિગંબર શાસ્ત્ર એમના હાથમાં નહિ આવ્યા હોય અને શ્વેતાંબર શાસ્ત્ર વાંચ્યા હશે. નાની ઉંમર છે. સત્તર વર્ષની ઉંમર છે. એટલે એમણે એ શાસ્ત્ર અનુસાર લખ્યું. પણ હવે એમને યશોદારાણી હતી એના ઉપર એમનું વજન નથી. યશોદારાણીનો ત્યાગ કર્યો એના ઉપર એનું વજન છે. વાંચવું તો ગુણદૃષ્ટિએ વાંચવું છે કે કઈ દૃષ્ટિએ વાંચવું છે ? કે અવગુણ દૃષ્ટિએ વાંચવું છે ? કઈ દૃષ્ટિએ વાંચવું છે ? યશોદારાણી હતી કે નહોતી એક બાજુ મૂકીએ ૨૫૦૦ વર્ષ પહેલાની, પણ એમણે શું કર્યું ? કે એણે એનો ત્યાગ કર્યો. એ મોહમાં ન તણાતા એનો ત્યાગ કર્યો. એ જે ભાર દીધો છે એ જોવાનું છે ને કે ક્યાં ભાર દીધો છે ? એમ કહીને ભાર ક્યાં દીધો છે ? કે આટલા આટલા સંયોગો હોવા છતાં એનો ત્યાગ કરતાં એને વાર ન લાગી. એવું આચરણ છે એનું.

મુમુક્ષુ :- એ અનુભવીને સાબિત કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ અનુભવીને સાબિત કર્યું છે. ત્યાં સ્ત્રીને સ્થાપવાનો આશય નથી પણ સ્ત્રી હોવા છતાં એનો ત્યાગ કરી શકવાનો પુરુષાર્થ એમનો હતો અને પરાક્રમ હતું એમ બતાવું છે. સ્થાપવું છે શું એ લેવું જોઈએ ને ? એમને વૈરાગ્ય

સ્થાપવો છે, પુરુષાર્થ સ્થાપવો છે. તો પુરુષાર્થ સ્થાપવા માટે કથાનુયોગની ભૂલ છે એને ગૌણ કરવાની રહી છે. વક્રતાથી વાત ન લેવી જોઈએ, સરળતાથી વાત લેવી જોઈએ. નહિતર વક્રતા ગણાય. કહેનારનો અભિપ્રાય શું છે એ તો સમજવું જોઈએ. એ શાસ્ત્ર ન વાંચ્યું હોય તો ક્ષયોપશમની ભૂલ સંભવિત છે. એમાં કાંઈ સવાલ નથી.

મુમુક્ષુ :- આગળ ઉપર તો સુધારી નાખે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્પષ્ટ લીધું છે એ તો. એટલે વાંચવા-વાંચવામાં પણ ઘણો વિચાર કરવો પડે એવો વિષય છે.

**'ગુરુ ગણધર ગુણધર અધિક, પ્રચુર પરંપર ઔર;**
**વ્રતતપધર, તનુ નગનધર, વંદૌ વૃષસિરમોર.'**

કોનું પદ છે ? 'સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષા'નું.

મુમુક્ષુ :- 'જયચંદ્રજી'નું છે મંગળાચરણ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મંગળાચરણ. મંગળાચરણનો શ્લોક છે. ઠીક છે પણ પ્રશ્નો તો બધા ચર્ચવા જેવા છે, હોં ! વગર સંકોચે બધા પ્રશ્નો ચર્ચવા જોઈએ. નહિતર આપણા વિચારમાં સ્પષ્ટતા અથવા બળ ક્યાંથી આવે ? વાત સમજવામાં આવે તો બળ આવે ને ? અને સત્સંગમાં તો પ્રશ્ન ચર્ચાય ત્યારે એના બધા પડખાં ન વિચાર્યા હોય એ પણ વિચારવામાં આવી જાય. જે વિચારી ન રાખ્યા હોય એ પણ વિચારવામાં આવી જાય. અરસ-પરસ. એટલે ચર્ચા તો બરાબર સ્પષ્ટ થવી જોઈએ.

મુમુક્ષુ :- અત્યારે આ .. જોઈએ તો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે એનો વિરોધ છે. બરાબર છે.

મુમુક્ષુ :- આવી વાતને આગળ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- એક મોટી ભૂલ એ વાતમાં એ છે કે જ્ઞાનીપુરુષની ભૂલ જોવા જેવી કોઈ મોટી પોતાની મુમુક્ષુની એવડી મોટી ભૂલ કોઈ બીજી નથી. એ આ મોટી ભૂલ છે. અને એ અવિચારપણે ભૂલ થાય છે. એવું અવિચારી કર્તવ્ય મુમુક્ષુએ કરવાયોગ્ય નથી. કોઈ Doctor ની દવામાં ડોઢડહાપણ કરે જોઈ. કોઈ Heart specialist હોય એને એમ કહે કે આ Injection ન લખાય. તો કહે, એય..! હાલતો થા અહીંથી એમ કહે. એમ એ વિષયના એ Specialist છે-એ તજજ્ઞ છે, એ વિશેષજ્ઞ છે. એમાં મુમુક્ષુનું ડહાપણ કરવાનો કોઈ અધિકાર નથી. એ અધિકાર જે લેવામાં આવે છે એ આત્માને ઘણો અહિતકર છે. પોતાને ઘણું નુકસાનનું કારણ છે. એટલું વિચારવામાં આવે તો નુકસાનથી જીવ બચે. એટલું ન વિચારવામાં આવે તો એ અવિચારનું નુકસાન પણ બહુ મોટું છે.

મુમુક્ષુ :- બધાથી અધિક બુદ્ધિશાળી સ્થાપવા...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો અજ્ઞાનની પૂર્વાપર વિરોધતા પોતાની કરવી એ અજ્ઞાનીના સ્વભાવમાં નિયમબદ્ધ હોય છે. અજ્ઞાનીના કાર્યોમાં એ નિયમબદ્ધ હોય છે કે કોઈપણ વાત પોતાની ને પોતાની એ કાપ્યા વગર રહે જ નહિ. પોતાની જ વાતનો એ વિરોધ કરે. એવું થાય. એમાં નુકસાન શું થાય ? કે બહુ લાંબા કાળ પર્યંત એવા સત્પુરુષના યોગમાં અંતરાયકર્મ બંધાય. શું થાય ? એટલે જે તરવાનું નિમિત્ત છે, પ્રત્યક્ષ યોગ વગર તો તરવાનું નથી, એમાં લાંબુ છેટું પડી જાય. વાત સાધારણ નથી પણ વાત અસાધારણ નુકસાનની છે. એ વિચારવા યોગ્ય છે. વિચારીને પોતાની જાતને બચાવવી.

મુમુક્ષુ :- ...અધ્યાત્મની પરાકાષ્ટાની વાતો આવે એનું શું રહસ્ય?

પૂજ્ય ભાઈશ્રી : હા. 'શ્રીમદ્જી'ના વચનોમાં અધ્યાત્મની પરાકાષ્ઠાની (વાતો આવે છે).

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ ..

પૂજ્ય ભાઈશ્રી :- હા છે. 'ગુરુદેવે' તો ઘણો મહિમા કર્યો છે એમાં કાંઈ સવાલ જ નથી. એટલે ખરેખર કે અધ્યાત્મની પરાકાષ્ઠા શું ? કે આત્મા આશ્રય લે એવી મોક્ષમાર્ગની વાત એમના વચનોમાં રહેલી છે. અને એ મેં સીધું પૂછેલું છે. 'ગુરુદેવ'ને તો મેં સીધું પૂછેલું છે. અને બહુ જ ઉલ્લાસથી એ વાત 'ગુરુદેવે' સંમત કરેલી છે કે ખરેખર એમ જ છે કે 'શ્રીમદ્જી'ના વચનામૃતમાં મોક્ષમાર્ગ અખંડપણે રહેલો છે. મેં શબ્દ તો એ વાપર્યો હતો. હું એ શબ્દ નથી ભૂલ્યો. અખંડ મોક્ષમાર્ગ એમાં રહ્યો છે કે નથી રહ્યો ? (તો કહ્યું), એમ જ છે. અખંડ મોક્ષમાર્ગ એમાં રહેલો છે. બસ, વાત ખલાસ થઈ જાય છે. જ્યારે અખંડ મોક્ષમાર્ગ એમાં રહ્યો છે તો એ શાસ્ત્ર છે એ આગમ છે, એ વંદનીય છે, એ પૂજનીય છે. આત્માનું જેને કલ્યાણ કરવું હોય તેને. બાકી જેને એ દરકાર નથી એ તો વાદવિવાદ કરે. એનો છેડો આવે નહિ. વાદવિવાદનો છેડો આવે એવું નથી આ વિષયમાં.

મુમુક્ષુ :- એ ચાંદીમાં પૂઠું બનાવેલું છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'સોનગઢ'માં પણ બહુમાન કરેલું છે એ ગ્રંથનું અને એને ચાંદીથી મઢાવેલું છે. 'સોનગઢ'માં પણ આજે પણ એ હજી વિદ્યમાન નથી. પણ એ ખુલ્લામાં નથી. પહેલા ખુલ્લામાં રહેતું હતું. મારો પ્રવેશ હતો ત્યારે તો એ ખુલ્લામાં દર્શન કરવા માટે રહેતું હતું. કાચનું Case કરેલું હતુ એના ઉપર. કાચના Case માં બન્ને ગ્રંથો રાખવામાં આવતા હતા. બે ભાગ કરીને ચાંદીમાં મઢેલા છે. એટલું બહુમાન કરેલું છે.

આપણે હજી ચાંદીમાં મઢાવાનું બાકી છે. 'ગુરુદેવે' તો મઢાવ્યું છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- પછી મૂકી દીધા ગુપ્ત સ્થળે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- લ્યો ! આ એને સાક્ષી છે. એમના પિતાશ્રી સાક્ષી છે. બરાબર છે. રાખેલા છે. મેં જોયેલા છે. બહુમાન કરેલું છે. 'ગુરુદેવ'ની હયાતીમાં એ ગ્રંથનું બહુમાન થયેલું છે.

મુમુક્ષુ :- ... 'કૃપાળુદેવ'નો જે Photo છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ત્યાં જ રાખતા હતા. 'કૃપાળુદેવ'નો Photo છે ત્યાં એ બંને ગ્રંથો નીચે રાખવામાં આવતા હતા. બરાબર છે.

**મતાગ્રહ એટલે પોતાના મતનો / અભિપ્રાયનો આગ્રહ. રુઢિ અર્થ 'સંપ્રદાયિક મત'નો આગ્રહ છે. બંન્ને સ્વચ્છંદ – દોષ છે. જ્ઞાનીપુરુષનો સત્સંગ પ્રાપ્ત થવાથી આવો દોષ સહેજે જાય છે, સંપ્રદાયીક મતનો આગ્રહ થવાથી જીવ મત મતાંતરમાં પડી જાય છે અને પોતાની–મુમુક્ષુની ભૂમિકાનું પ્રયોજન ચુકી જાય છે. તેથી જ્ઞાનીપુરુષ તે વાતથી મુમુક્ષુને દૂર રાખે છે. અને 'સત્'ના અભિપ્રાય પ્રત્યે દોરે છે. પોતાનો મત 'સત્' હોવો તે યથાર્થ છે, તેમ છતાં તેનો આગ્રહ હોવો ઘટતો નથી; જો કે 'સત્' પ્રત્યે મક્કમતા હોવા યોગ્ય છે. સંપ્રદાયિક મતાગ્રહ સંકુચિતપણું ઉત્પન્ન કરે છે, જેથી મધ્યસ્થતાનો અભાવ થાય છે અને રુઢિગત થયેલી વિકૃતિઓનો સ્વીકાર હોય છે અને સત્યની પરખ રહેતી નથી. અને પોતાના મતનો આગ્રહ રહેવાથી જ્ઞાનીનો અભિપ્રાય ગ્રહણ થતો નથી. 'સત્'ના સ્વીકારમાં વિશાળતા હોય છે. (અનુભવ સંજીવની-૧૩૮૬)**

## તા. ૨૫-૧૦-૧૯૯૨, પત્રાંક - ૯૦૧
## પ્રવચન નં. ૪૧૯

... બીજાને કલ્યાણ થવાના નિમિત્તો અવારનવાર બન્યા કરે છે. તેથી એમનો જન્મ પણ કલ્યાણક છે, એમનો ગર્ભ પણ કલ્યાણક છે. દીક્ષા તો કલ્યાણક છે જ. એ દીક્ષા વખતે બીજા અનેક જીવોને વૈરાગ્ય પ્રાપ્ત થઈ એમની સાથે દીક્ષા અંગીકાર કરે છે. કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં તો ઉપદેશનો પ્રવાહ ધોધમાર દિવ્યધ્વનિ દ્વારા અમૃતવર્ષા થાય છે. અને છેવટે અહીંથી નિર્વાણમાં-મોક્ષમાં પધારે છે, સિદ્ધાલયમાં પધારે છે તોપણ એ પ્રસંગ પણ બીજા જીવોને કલ્યાણમાં જ નિમિત્ત થાય છે. કોઈને દુઃખમાં, આર્તધ્યાનમાં કે અનિષ્ટમાં નિમિત્ત થતાં નથી પણ કલ્યાણમાં જ નિમિત્ત થાય છે. તેથી તીર્થંકર પ્રભુનું સમગ્ર જીવન કલ્યાણમય જ છે.

કાળ જેમ જેમ હીણો આવતો ગયો તેમ તેમ આયુષ્ય ઘટતા ગયા એ પ્રમાણે 'ઋષભદેવ' ભગવાનનનું, 'આદિનાથ' ભગવાનનું, પહેલાં તીર્થંકરનું આયુષ્ય ચોર્યાશી લાખપૂર્વનું હતું, ત્યારે અંતિમ તીર્થંકર 'મહાવીરસ્વામી' ભગવાનનું આયુષ્ય ફક્ત ૭૨ વર્ષ હતું. તેઓ ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થ અવસ્થામાં રહ્યા. પ્રથમ તીર્થંકર એક લાખ પૂર્વ એ મુનિદશામાં કેવળજ્ઞાનમાં રહ્યા. જ્યારે ભગવાન 'મહાવીરસ્વામી'એ ૩૦ વર્ષની ઉંમરે, ૭૨ વર્ષનું આયુષ્ય હતું એટલે ૩૦ વર્ષની ઉંમરે દીક્ષા ધારણ કરી. બાર વર્ષ તપશ્ચર્યા કરી એટલે છદ્મસ્થ મુનિદશામાં રહ્યા. ૪૨ વર્ષથી ૭૨ વર્ષ, ૩૦ વર્ષ સુધી એમણે પણ મોક્ષમાર્ગનો મુક્તિનો ઉપદેશ આપ્યો. મુક્તિનો માર્ગ એમણે પ્રકાશ્યો. જન્મ-મરણનો નાશ કેવી રીતે થાય એ વાત એમણે કહી. પુણ્ય કેવી રીતે પ્રાપ્ત થાય અને સ્વર્ગ કેવી રીતે મળે એ વાત કરવાનો આશય એમની વાણીમાં નહોતો.

અહીં ભગવાનના ઉપદેશ અનુસાર 'ગૌતમસ્વામી'એ બાર અંગની રચના કરી. એને દ્રવ્યશ્રુત કહેવામાં આવે છે. એ શ્રુતની રચના લબ્ધિ દ્વારા ગણધદેવ અંતર્મુહૂર્તમાં કરે છે. વિસ્તાર એનો ઘણો છે. કરોડો શ્લોક છે. એક એક અંગના, બાર અંગમાં એક એક અંગના કરોડો શ્લોક છે. પહેલાના એકાવન હજારથી વધારે પછી Double-Double થતા જાય. એટલે બધા મળીને કરોડો થાય છે.

અત્યારે કાળ એવો હીણો હોવાથી બારે અંગનું શ્રુત છે એમાંથી બહુ અલ્પ ભાગ વિદ્યમાન રહ્યો છે. બાકીનું બધું વિચ્છેદ ગયું છે. જે કાંઈ વિદ્યમાન રહ્યું છે એ ત્યારપછીના સંતો અને આચાર્યો દ્વારા પરંપરાએ એ જ્ઞાનને જાળવી રાખ્યું છે, ઝીલી

રાખ્યું છે અને એ જ્ઞાનનો પ્રવાહ એમ ને એમ અત્યાર સુધી ચાલુ રહ્યો છે. ગણધરો પછી આચાર્યો થયા. આચાર્યો અને મુનિઓએ એ જ્ઞાનને ગ્રંથારૂઢ કર્યું. પહેલાં મુખુપાઠે સ્મૃતિમાં રાખતા હતા. સ્મૃતિ જ્યારે હિણી થવા લાગી ત્યારે પ્રથમમાં પ્રથમ ષટ્‌ખંડાગમની રચના થઈ. એને પ્રથમ શ્રુતસ્કંધ કહ્યો છે. એ 'પુષ્પદંત' અને 'ભૂતબલી' આચાર્યોએ એને ષટ્‌ખંડાગમના શાસ્ત્ર તરીકે ગ્રંથારૂઢ કર્યું છે અને મુખ્યપણે એમાં કરણાનુયોગનો વિષય મૂકવામાં આવ્યો છે.

એ જ અરસામાં ત્યારપછી લગભગ 'કુંદકુંદાચાર્ય' આદિ આચાર્યો થયા. એમને દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મની આવશ્યકતા દેખાણી એટલે દિવ્ય શ્રુતસ્કંધની ત્યાં રચના થઈ અને 'સમયસાર' આદિ શાસ્ત્રોની રચના થઈ. એ બંને પ્રકારનું જ્ઞાન, ચારે અનુયોગનું સંક્ષિપ્ત જ્ઞાન ગુરુ પરંપરાએ, મુનિ પરંપરાએ ચાલતું આવ્યું અને એ જ્ઞાનનો નમુનો સમ્યગ્દૃષ્ટિઓએ પોતે પોતાના સમ્યગ્જ્ઞાનમાં ધારણ કર્યો હોવાથી અનેક સમ્યગ્દૃષ્ટિઓએ પણ ભિન્ન-ભિન્ન ગ્રંથોની રચના કરી.

મુનિઓએ અને આચાર્યોએ જેમ રચના કરી એમ કેટલાક સમ્યગ્દૃષ્ટિ શ્રાવકોએ પણ રચના કરી. અને છેલ્લે છેલ્લે આપણા 'ગુરુદેવશ્રી'એ એ જ ભગવાન મહાવીરનો ઉપદેશ વિશેષે કરીને પ્રકાશ્યો. લગભગ એમના સમયમાં એ ઉપદેશ લુપ્તપ્રાયઃ જેવો હતો. સંપ્રદાય જડક્રિયામાં ચાલતા હતા. એ રૂઢિના બંધનો તોડીને 'ગુરુદેવે' એક અધ્યાત્મની ક્રાંતિ આખા હિન્દુસ્તાનમાં, ભારતદેશમાં ફેલાવી. તે અનુસાર આપણને સૌને ભગવાન 'મહાવીર' પરમાત્માના ઉપદેશનો લાભ પરંપરાએ થયો. તેથી ભગવાન 'મહાવીર'થી માંડીને જેટલા જેટલા આ ઉપદેશને ધારણ કરનારા, એ ઉપદેશ એમણે પોતાની દશામાં ધારણ કર્યો છે, એકલો બીજાને ઉપદેશ્યો છે એમ નથી પણ પોતે ધારણ કરીને ઉપદેશ્યો છે, એ બધા જ મહાત્માઓ, સંતો, ગણધરો, કેવળીઓ એ બધા આપણા ઉપકારી છે. એ બધાથી એ વાત જળવાઈ રહેલી હોવાથી એ બધા આપણા ઉપકારી છે. એ રીતે એમના ઉપકારનું સ્મરણ કરવાનો આ મહાન પર્વનો દિવસ છે. એમના ઉપકારનું સ્મરણ કરવું જોઈએ અને એમણે જે કાંઈ ઉપદેશ કર્યો એ ઉપદેશ આપણા માટે આજ્ઞા હોવાથી એને આપણે શિરોધાર્ય કરવો જોઈએ. એ આજ્ઞાને આપણે માથે ધારણ કરવી જોઈએ. એમાં જ આપણું કલ્યાણ છે, એમાં જ આપણું હિત છે. એ આજના દિવસના પૂર્વ ઇતિહાસ વિષે.

ભગવાન મહાવીરનો જે ઉપદેશ છે એ ઉપદેશની મુખ્ય વાત તો આ જીવને શા માટે જન્મ-મરણ થાય છે ? ભવભવાંતરમાં કેમ રખડવું પડે છે ? ભવરોગ નામનો મહારોગ અનાદિથી એને લાગુ પડેલો છે. Chronic disease જેને કહીએ. જૂનો ઘર

કરી ગયેલા રોગને Chronic કહેવામાં આવે છે. એવો એ મહા ભવરોગ છે. એમણે પોતાના ઉપદેશમાં એનું નિદાન કર્યું છે. પ્રથમ તો રોગનુ નિદાન કર્યું છે. એ રોગના નિદાનથી અને એની આજુબાજુ રહેલા નાના-મોટા અનેક વિકારીભાવોના રોગના નિદાનથી ભવભ્રમણ કરતા જીવને પણ પ્રતીતિ આવે છે કે ખરેખર આ રોગનું નિદાન કરનાર એ સત્ય વાત કહે છે. એમની વાતની સત્યતાની પ્રતીતિ આવે છે, ખાતરી થાય છે.

જેમ Doctor રોગીના રોગનું નિદાન કરે ત્યારે Doctor ઉપર વિશ્વાસ આવે છે. એમ સમજણપૂર્વક, પોતાના ચાલતા રોગની સમજણપૂર્વક એ નિદાનથી કહેનાર ઉપર વિશ્વાસ એટલે આસ્થા ઉત્પન્ન થાય છે. આ પહેલામાં પહેલું કામ છે. કોઈપણ મુક્ત થનાર જીવદત કહેનાર ઉપર જ્યાં સુધી વિશ્વાસ ન હોય ત્યાં સુધી એના ઉપદેશનો કોઈ અંશ એને હિતકારી થવામાં નિમિત્ત પડતો નથી. એટલે પ્રથમમાં પ્રથમ જે સ્થિતિમાં આ જીવ ઊભો છે, એ સ્થિતિનું નિદાન સમજીને કહેનાર ઉપર વિશ્વાસ આવે છે કે જો આ નિદાન સાચું છે તો આ રોગને મટાડવાનો ઈલાજ અને ઉપાય એ પણ એમનો સાચો જ હોવો જોઈએ.

જોકે પોતે મુક્ત થઈને ઉપદેશ કર્યો છે. ભગવાન 'મહાવીરસ્વામી'એ અને બીજા ધર્માત્માઓએ પણ મુક્ત થઈને ઉપદેશ કર્યો છે. બંધનમાં રહીને ઉપદેશ નથી કર્યો પણ મુક્ત થઈને, અપ્રતિબંધવિહારી થઈને ઉપદેશ કર્યો છે. એટલે એમનું સ્વરૂપ જ સાક્ષાત્ ઉપદેશસ્વરૂપ જ છે એ તો. પોતે જ ઉપદેશસ્વરૂપ છે.

આપણે આ 'કૃપાળુદેવ'ના વચનામૃતો વાંચીએ છીએ એમાંથી એ નીકળે છે કે એમનું જીવન જ ઉપદેશસ્વરૂપ હતું. ઉપદેશ દેવાની એમને જરૂર નહોતી પણ જે રીતે એ જીવન જીવતા હતા, એમનું પરિણમન હતું એ જ સાક્ષાત્ ઉપદેશસ્વરૂપ હોવાથી એની પણ પ્રતીતિ આવે છે. પ્રતીતિ આવવાનું વિશેષ કારણ છે કે જે જે વાત કરે છે, જે જે ઉપાય એ બતાવે છે તે તે ઉપાય જિજ્ઞાસુ જીવ પોતાના પ્રયોગની કસોટીએ ચડાવીને એનું ખરાપણું નક્કી કરે છે. વિશ્વાસ આવ્યો હોવા છતાં પણ એ ખરેખર ખરું ક્યારે થાય છે ? કે પ્રયોગની કસોટીએ ખરુ ઉતરે ત્યારે થાય છે. પોતાના માટે તો ત્યારે ખરું થાય છે અને એ પ્રકારે આત્મહિત થવામાં અથવા તો મુક્તિના માર્ગનો ઉપાય ભલે શ્રુતજ્ઞાનનો અવયવ સંક્ષેપમાં ઓછો રહ્યો છે, બહુભાગ વિચ્છેદ ગયો છે, ઘણાં શાસ્ત્રો વિચ્છેદ ગયા છે, બહુ અલ્પ માત્રામાં રહ્યો છે તોપણ અખંડ મોક્ષમાર્ગ આજે જળવાય રહ્યો છે એ આપણું સૌનું સૌભાગ્ય છે.

કોઈપણ જીવને મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરવી હોય, મુક્તિના માર્ગમાં પ્રવેશ કરવો હોય તો એ પ્રવેશ કરવાની પૂરેપૂરી તક આજે મોજૂદ છે અને એ રીતે આજે પણ

ધર્માત્માઓ ઉત્પન્ન થયા કરે છે અને જે કોઈ જીવને, પોતાની તૈયારી હોય એને પણ કોઈ પ્રતિબંધ કોઈ રોકી શકતું નથી. એવી એક વર્તમાન સ્થિતિ છે એ આશાસ્પદ છે, પુરુષાર્થનો વીર્યોલ્લાસ, ઉલ્લસિત વીર્યથી કોઈપણ જીવ કામ કરી શકે એવી પરિસ્થિતિ અત્યારે મોજૂદ છે. એમ સમજીને જીવ આત્મહિતમાં લાગી જાય તો જરૂર કામ થાય એવું છે. એ આજના મહાન દિવસે સંક્ષેપમાં એ વાત છે.

ચાલતા સ્વાધ્યાયમાં 'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, વર્ષ ૩૩મું, પત્રાંક-૯૦૧, પાનું-૬૪૧. આંક તો બધા સારા છે. ૩૩મું વર્ષ છે, ૯૦૧મો આંક છે. 'લલ્લુજીસ્વામી' ઉપરનો પત્ર છે. પત્રનું મથાળું એક માંગલિક પદથી બાંધ્યું છે.

**'ગુરુ ગણધર ગુણધર અધિક, પ્રચુર પરંપર ઔર;**
**વ્રતતપધર, તનુ નગનધર, વંદૌ વૃષસિરમોર.'**

નિર્ગ્રંથ દિગંબર મુનિને વંદન કર્યા છે, ગણધર આદિ આચાર્યોનું સ્મરણ કરીને. ગુરુ ગણધર છે. ગણધર છે એટલે ખરેખર ગુણધર છે એને ગણધર કહેવામાં આવે છે. જેમણે આત્મગુણોને પ્રગટ કર્યા છે અને જેમણે પોતાના આનંદ અને સ્વસંવેદનની પ્રચુર દશા પ્રગટ કરી છે એવા પવિત્ર ગુણોના ધારક ગુરુ છે, પંચ મહાવ્રતના એ ધારણ કરનારા છે, તપરૂપી આચરણને પણ એ ધારણ કરનારા છે. વ્રત અને તપને ધારણ કરનારા છે.

તનુ એટલે શરીરથી નગ્નતા ધારણ કરી છે જેમણે. એટલે કે દિગંબરદશાએ હોવાથી તિલતુષમાત્ર જેને પરિગ્રહ નથી. અંતર-બાહ્ય કોઈ પરિગ્રહ નથી. એવા નિષ્પરિગ્રહી જે ગુરુ છે તેને હું મારા મસ્તક ઉપર ધારણ કરીને વંદન કરું છું. બહુમાનથી એમને હું વંદન કરું છું. એવો એક શ્રીગુરુના વંદનના માંગલિક પદથી આ પત્રનો એમણે પ્રારંભ કર્યો છે.

હવે લખે છે કે '**જગત વિષયના વિક્ષેપમાં સ્વરૂપવિભ્રાંતિ વડે વિશ્રાંતિ પામતું નથી.**' આ જગત, જગતના જીવો. આ જગત એટલે જગતના જીવો પંચેન્દ્રિયના વિષયમાં પોતાના પરિણામમાં જેણે ક્લેશ અથવા વિક્ષેપ ઉત્પન્ન કર્યો છે. પંચેન્દ્રિયોના વિષયોમાં ઈષ્ટપણાથી જે કોઈ પ્રકારે પ્રવર્તે છે, રસથી પ્રવર્તે છે, આસક્તિથી પ્રવર્તે છે તેથી દુઃખી છે. વિક્ષેપ છે એટલે દુઃખી છે. અને સ્વરૂપની વિભ્રાંતિ થઈ છે. પોતાના મૂળ સ્વરૂપને જીવ ભૂલી ગયો છે એટલે ક્યાંય એને ચેન નથી. વિશ્રાંતિ પામતું નથી એટલે જગતના જીવોને ક્યાંય ચેન નથી.

નાના ગામ હોય ત્યાં ભૌતિક વૈભવ ન દેખાય પણ 'મુંબઈ' જેવા મોટા શહેરમાં ભૌતિક વૈભવનો દેખાવ ઘણો હોય છે. સાથે સાથે ત્યાં રહેનારાઓના અજંપાનો દેખાવ

પણ અછાનો રહેતો નથી. 'ગુરુદેવશ્રી' એને 'મુંબઈનગરી' નહોતા કહેતા પણ અજંપાનગરી કહેતા હતા. અજંપો-અજંપો. કોઈને ક્યાંય શાંતિ ન મળે. દોડતા-દોડતા Train પકડતા હોય, Bus પકડતા હોય. ક્યાંય એને કોઈ ચેષ્ટામાં શાંતિ ન દેખાય. અશાંતિ અને અજંપો. એ અજંપાને અહીં વિક્ષેપ કહ્યો છે. જગતના જીવોની આ સ્થિતિ છે. સ્વરૂપની ભ્રાંતિ છે એટલે વિશ્રાંતિ નથી. સ્વરૂપની ભ્રાંતિ છે અને વિષયોની લોલુપતા છે એટલે જીવને ક્યાંય ચેન પડતું નથી.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ મોહમયીનગરી કીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને મોહમયીનગરી કીધી છે. ઉપર છે ને ? ઉપર જ લખ્યું છે, જુઓ ! બે પત્રોમાં લખ્યું છે. ૮૯૯ અને ૮૯૭માં 'મોહમયીક્ષેત્ર' ત્યાં જીવનો મોહ વધે એવું ક્ષેત્ર છે. એમણે તો ખાસ કરીને એક મુમુક્ષુને પત્રમાં ભલામણ કરી છે કે જ્યાં સુધી ચાલી શકે એવું હોય ત્યાં સુધી, કાંઈ ખાસ એવું મોટું કારણ ન હોય ત્યાં સુધી વિશેષ પ્રવૃત્તિવાળા ક્ષેત્રમાં નિવાસ ન કરવો. એટલે વિશેષ પ્રવૃત્તિવાળા જે મોટા મોટા શહેર હોય ત્યાં રહેવા માટે જાવું નહિ. ઠીક !

નાના ગામમાં પ્રવૃત્તિ ઓછી હોય, એ નિવૃત્તિ ક્ષેત્રમાં રહેવું. આત્મકલ્યાણના વિચારને અનુકૂળ શું છે એ વાત કરે છે. આ માણસો ગામડા છોડી છોડીને શહેરમાં ભરાય છે ને ? આ બધી ઉલટી વાત છે. જ્ઞાનીઓનો માર્ગ એથી ઉલટો છે. આ તો ૯૦-૯૫ વર્ષ પહેલાં 'મોહમયીક્ષેત્ર' કહ્યું છે. અત્યારે તો વાત મૂકી દ્યો, વાત થાય એવું નથી. એવી પરિસ્થિતિ ખરાબ છે ત્યાં.

**'અનંત અવ્યાબાધ સુખનો એક અનન્ય ઉપાય સ્વરૂપસ્થ થવું તે જ છે.'** હવે જ્યાં જીવને ક્યાંય સંસારમાં, જગતમાં સુખ નથી તો અનંત અને અવ્યાબાધ એવા આત્મિક સુખ પ્રાપ્તિનો ઉપાય તો એક જ ઉપાય છે. અનન્ય એટલે અન્ય નહિ, બીજો નહિ તે. એવો એકમાત્ર ઉપાય તે પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ જવું તે જ છે. સ્વરૂપમાં પરિણામનું રહેવું. સ્વરૂપસ્થ. સ્થ એટલે રહેવું. ગૃહસ્થ એટલે ઘરમાં રહેનારો. એમ સ્વરૂપસ્થ એટલે સ્વરૂપમાં રહેનાર. સ્વરૂપસ્થ થવું એ જ અનંત અવ્યાબાધ સુખનો ઉપાય છે, બીજો કોઈ અનંત સુખનો ઉપાય નથી.

જે મહાત્માઓ અનંત સુખને પામ્યા એટલે મોક્ષને પામ્યા. મોક્ષમાં અનંત સુખ છે, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ એ મોક્ષમાં છે. કેવી રીતે પામ્યા ? કે સ્વરૂપસ્થ થઈને પામ્યા છે. બીજી રીતે કોઈ પામ્યા નથી. કોઈ બીજાને ઉપદેશ આપતા આપતા પામ્યા એમ ન કહ્યું. ઉપદેશ તો ત્યારપછી આપ્યો છે. (ભાવ)મોક્ષમાં આવ્યા પછી આપ્યો છે. એ પણ વગર ઈચ્છાએ આપ્યો છે. કેવળીઓએ તો, તીર્થંકરોએ તો.

પણ પહેલા એ સ્વરૂપસ્થ થયા તેથી એમને મોક્ષદશા પ્રગટ થઈ. બીજા કોઈ પ્રકારે કોઈને મોક્ષદશા પ્રગટ થઈ શકે નહિ. એ જ માત્ર એનો ઉપાય છે.

**'એ જ હિતકારી ઉપાય જ્ઞાનીએ દીઠો છે.'** એ જ હિતકારી ઉપાય જિનેશ્વરે દીઠો છે. એ જ ઉપાય દીઠો છે. બીજો કોઈ ઉપાય જોયો નથી એમણે. માટે એક સ્વરૂપસ્થ થવાનો જ પુરુષાર્થ કરવો અને બીજો પુરુષાર્થ કરવાની કોઈ આવશ્યકતા નથી. **'ભગવાન જિને દ્વાદશાંગી એ જ અર્થે નિરૂપણ કરી છે,...'** અને બાર અંગનું જે નિરૂપણ કર્યું છે. બાર અંગમાં જે ભગવાન જિનેન્દ્રનો ઉપદેશ આવ્યો એ ઉપદેશનું જે નિરૂપણ થયું (એ) આ એક જ વાત કહેવા માટે થયું છે. સ્વરૂપસ્થ કેવી રીતે થઈ શકાય એ કહેવા માટે બધી વાત કરી છે. પછી જેટલો દૂર ઊભો હોય એને ક્યાંથી કેવી રીતે નજીક અવાય એનો વિસ્તાર ઘણો થાય. કેમકે જીવ સ્વરૂપસ્થથી દૂર થવાના પરિણામ પણ ઘણાં કરી ચૂક્યો છે અને ભિન્ન ભિન્ન યોગ્યતામાં ભિન્ન-ભિન્ન જીવો ઊભેલા છે. ભિન્ન-ભિન્ન દૂરી ઉપર. જુદાં જુદાં અંતર ઉપર ઊભેલા છે એટલે એને નજીક આવવા માટે ભિન્ન-ભિન્ન પ્રકારે વિસ્તારથી ઉપદેશ છે. પણ સ્વરૂપસ્થ થવા માટેનો જ એમનો ઉપદેશ છે, બીજો કોઈ આશય નથી.

**'અને એ જ ઉત્કૃષ્ટતાથી તે...'** દ્વાદશાંગીનો ઉપદેશ **'શોભે છે,...'** એ જ ઉત્કૃષ્ટતાથી તે ઉપદેશ શોભે છે. એ ઉપદેશની એ શોભા છે. વીતરાગતામાં લઈ જનારો ઉપદેશ હોવાથી એની એ શોભા છે. સ્વરૂપસ્થ કરાવવું એ એની શોભા છે. એ સુંદર માર્ગ છે એમ કીધું છે.

મુમુક્ષુ :- દ્વાદશાંગી એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- બાર અંગ. દ્વાદશ એટલે બાર. બાર અંગ. બાર અંગની અંદર આખું શ્રુત સમાઈ ગયું. ગણધરદેવે જેટલું શ્રુત ગ્રહણ કર્યું, વધુમાં વધુ ભગવાનના ઉપદેશમાંથી એ ગ્રહણ કરી શકે છે. ગણધરદેવ. આમ તો કેવળજ્ઞાનમાં જેટલું જણાય છે એનાથી અનંતમા ભાગે દિવ્યધ્વનિમાં આવે છે અને જેટલું દિવ્યધ્વનિમાં આવે છે એનાથી અનંતમા ભાગે બાર અંગમાં આવે છે. તોપણ એના કરોડો-અબજો શ્લોક છે. એમ છે. એ રીતે.

એ બાર અંગની જે રચના કરી છે એ સ્વરૂપસ્થ થવા અર્થે કરી છે એમ કહે છે. સ્વરૂપમાં લીન થવા અર્થે કરી છે, સ્વરૂપમાં સ્થિર થવા અર્થે કરી છે અને એ એની ઉત્કૃષ્ટતા છે. જ્યારે કોઈપણ જીવ સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે એની અકષાય દશા હોવાથી અથવા મલિનતાનો એમાં અભાવ હોવાથી તે આત્મા એ વખતે પવિત્રદશાને પ્રાપ્ત થયેલો આત્મા છે. એટલે એ પવિત્રતાથી શોભી રહેલો આત્મા છે. એ એની

ઉત્કૃષ્ટતા છે. એવી પવિત્રદશાનો ઉપદેશ એમાં રહેલો હોવાથી તે ઉત્કૃષ્ટ છે. એટલે સૌથી ઊંચી વાત છે. આથી ઊંચી વાત જગતમાં બીજે ક્યાંય નથી. કોઈ ધર્મમાં નથી, કોઈ જગ્યાએ નથી. અને તેથી તેની શોભા છે. એને લઈને એની શોભા છે. અને તે **'જયવંત છે.'** એ સદાય જીવંત રહે છે. ક્યારેય એનો અસ્ત થતો નથી. ક્યારેય પણ એ બાર અંગના ઉપદેશનો આ જગતમાંથી નાશ થાય, એક સમય માટે પણ અભાવ થાય એવું બનતું નથી.

કોઈ ક્ષેત્રે કોઈ એવા ક્ષેત્રે દુષમકાળમાં... અનાર્યક્ષેત્રે લ્યો ને. કોઈ એવા અનાર્યક્ષેત્રે અનાર્યકાળમાં થોડા વખત માટે એમ બનવાનો સંભવ છે પણ પૂરા જગતમાંથી એનો ક્યારેય અભાવ થાય નહિ.

મુમુક્ષુ :- ભગવાનની દિવ્યધ્વનિમાં તો એક જ વાત આવી ને ?

પૂજ્ય ભાઈશ્રી :- એક જ વાત આવી છે-મુક્તિનો માર્ગ જ એમણે પ્રકાશ્યો છે. બીજી વાત કરી નથી એમણે. જગતના જીવો જે બંધનમાં પડ્યા છે. જન્મ-મરણથી દુઃખી-દુઃખી થઈ રહ્યા છે એમના દુઃખ મટાડવાનો જ ઉપદેશ કર્યો છે. અનંત સુખ પ્રાપ્તિનો જ ઉપદેશ કર્યો છે. અત્યારે એ વાત થોડી ભૂલાય ગઈ છે એટલે સંપ્રદાયમાં પણ ભગવાન મહાવીરે અહિંસાનો ઉપદેશ કર્યો છે એ વાત અત્યારે પ્રસિદ્ધ છે. સમાજમાં અને લોકમાં શું પ્રસિદ્ધ છે ? કે ભગવાન મહાવીરે અહિંસાનો ઉપદેશ કર્યો છે. એમ થવાનું કારણ શું છે ? કે એમના સમકાલીન ગૌતમબુદ્ધ થયા અને એમણે અહિંસાની વાતો ઘણી કરી છે. કેમકે એમની પાસે તો અધ્યાત્મ હતું નહિ. એટલે અહિંસાની વાતો ઘણી કરી. અને લોકો એ બાજુ બહુ વળ્યા. આજે પણ બૌદ્ધ ધર્મનો ફેલાવો જૈનધર્મ કરતાં વધારે ઘણો છે. દેશ-વિદેશમાં અને મનુષ્યોની સંખ્યામાં પણ. એટલે બુદ્ધમાં અહિંસા છે એમ નહિ, અમારામાં પણ અહિંસા છે. અમારા ભગવાને પણ અહિંસા કહી છે, અમારા ભગવાને પણ અહિંસા ઉપદેશી છે. એમ અહિંસાની મોટપ લેવા માટે એ વાત ચાલી. એ વાત ચાલી એમાં મુક્તિનો માર્ગ ભૂલાઈ ગયો. કેમકે બીજા જીવોની અહિંસા એ તો પરસન્મુખતાના પરિણામમાં બને છે. જ્યારે મુક્તિનો માર્ગ છે એ અંતર્મુખી પરિણામમાં બને છે. એટલે અત્યારે ક્યાંય સંપ્રદાયામેં જાવ તો ભગવાન મહાવીરની વાત આવે એટલે સાથે અહિંસાની વાત આવે. અહિંસાનો ઉપેદશ આપ્યો, ભગવાને અહિંસાનો ઉપદેશ આપ્યો. નિશ્ચય અહિંસાની તો ખબર પણ નથી પાછી. વ્યવહાર બીજા જીવોની અહિંસા પાળવી એટલું સમજાણું. સંપ્રદાયમાં, કહેવાતા જૈન સંપ્રદાયમાં પણ એટલી વાત છે. બીજા જીવોની હિંસા ન થાય એવી ક્રિયાઓ કેવી રીતે કરવી ? પણ પોતે રાગથી પોતાની હિંસા કરે છે, પોતાના જ્ઞાન, સુખ, આનંદ,

પ્રાણનો ઘાત કરે છે એવી સ્વહિંસાનો વિષય વિસ્મૃત થઈ ગયો, ભૂલાઈ ગયો. એ સમ્યગ્દૃષ્ટિ મહાત્માઓએ વર્તમાન કાળમાં 'ગુરુદેવશ્રી' અને બીજા જે જે આ 'શ્રીમદ્જી' આદિ મહાત્માઓ થયા એમણે એ મૂળ વાતને ઊભી રાખી. ઓલી બધી વાતને ગૌણ કરીને મૂળ વાતને એમણે મુખ્ય કરી.

મુમુક્ષુ :- જન્મ-મરણનું દુઃખ લાગતું નથી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જને જન્મ-મરણનું દુઃખ લાગે એને જ આ વાત સમજાય એવી છે. જેને જન્મ-મરણનું દુઃખ લાગતું નથી એનો અર્થ એ છે કે હજી એને પરિભ્રમણમાં રખડવાનું ઘણું બાકી છે. હજી એને હોંશ છે. પરિભ્રમણની એને હોંશ છે. દુઃખ નથી લાગતું એનું શું કારણ ? એક જ કારણ હોય કે દુઃખમાં હોંશ આવે તો દુઃખ ન લાગે. નહિતર દુઃખ તો દુઃખ લાગ્યા વગર રહે જ નહિ. કેમકે એ તો દુઃખ જ છે. પણ હોંશ કરે ત્યારે એ દુઃખમાં સુખની કલ્પના કરીને ઉત્સાહિત થઈને સંસારમાં પ્રવૃત્તિ કરે છે. એ જીવોને હજી પરિભ્રમણ ઘણું વધારે લાંબુ બાકી છે એવું એની અંદરથી સૂચિત થાય છે.

જેનો સંસારનો કિનારો નજીક આવ્યો છે, શાસ્ત્રમાં એને આસન્નભવ્ય જીવ કહેવામાં આવ્યા છે, એવા નિકટભવી જીવોને સંસારના દરેક પ્રસંગોમાં અનુકૂળતા હો કે પ્રતિકૂળતા હો દરેક પ્રસંગમાં એને દુઃખ લાગે છે. ત્યાંથી છૂટવા માટે એ મૂંઝાય છે. માર્ગ નથી મળતો ત્યાં સુધી એ મૂંઝાય છે. આમ થાય છે, લ્યો ! અને મૂંઝવણ થાય તો મૂંઝવણ મટાડવાનો ઉપાય શોધ કરે જીવ. જો મૂંઝવણ ન થાય (તો ઉપાય પણ ન કરે). એટલે તો કહ્યું ને ? ૪૪૩ આપણે વાંચ્યો. સંસારમાં અનુકૂળતાના પ્રસંગો પ્રાપ્ત થાય અને જીવને પ્રતિબંધ ન થાય એટલે એનો રસ ન ચડે એ કો'ક તીર્થંકર હોય તો એને રસ ન ચડે કાં તીર્થંકર જેવા કો'ક હોય એને રસ ન ચડે. બાકી તો (બધાને રસ આવે છે).

'**જ્ઞાનીનાં વાક્યના શ્રવણથી ઉલ્લાસિત થતો એવો જીવ,...**' લ્યો ! આમ લીધું. સંસારના પ્રસંગોથી ઉલ્લાસિત થતો એવો જીવ નહિ. એ જીવની અહીંયાં વાત નથી કરવી. હવે કોની વાત કરવી છે ? કેમકે એમાં ઉલ્લાસિત થયો એ તો વિક્ષેપમાં પડ્યો, એ ભ્રાંતિમાં પડ્યો અને એનાથી એ દુઃખી છે. એ તો પહેલું વાક્ય લઈ લીધું કે વિક્ષેપમાં સ્વરૂપની વિભ્રાંતિ છે અને ક્યાંય વિશ્રાંતિ નથી. ક્યાંય બિચારાને સખ પડતું નથી. સવા મણની તળાઈમાં સૂવે અને પડખા ઘસે પણ એને ક્યાંય સખ ન પડે, ઊંઘ ન આવે. પછી ઊંઘ ન આવે એટલે કાંઈક ને કાંઈક ઊંઘ આવે એના માટેના રસ્તા ગોતે. એ આત્માના સુખને તો ગોતે જ કેવી રીતે ? એને ક્યાંય ચેન પડે નહિ.

અહીંયાં તો કહે છે કે, '**જ્ઞાનીનાં વાક્યના શ્રવણથી ઉલ્લાસિત થતો એવો**

**જીવ,...**' કેમકે એની અંદર મુક્તિનો માર્ગ છે. 'ગુરુદેવશ્રી' બહુ સરસ દૃષ્ટાંત આપતા. તાજુ જન્મેલું ગાયનું વાછરડું હોય એને સાંજે ધવરાવવા માટે છોડે. દૂધ દોહવા પહેલા એને ધવરાવી લ્યે પછી દૂધ દોહે. એના બે કારણ છે કે ગાય છે એને વાત્સલ્ય આવે છે અને વાત્સલ્ય આવતા એના આવમાં દૂધનો સ્રાવ થાય છે. જે દૂધનું Manufacturing થાય છે એના શરીરમાં ઉત્પત્તિ થાય છે એનો સ્રાવ ત્યાં છે. પહેલા એને છોડે. હવે આખો દિવસ બાંધેલો હોય એની હજી દોરી છોડે ત્યાં તો ઠેકડા મારવા માંડે. એનો ઉત્સાહ જુઓ ! કહે. મુક્ત થવાનો એનો ઉત્સાહ જુઓ ! હજી તો એનું દોરડું છૂટયું ન હોય ત્યાં ચારે પગે ઠેકડા મારવા માંડે. એમ કહે છે કે ભલે તું મૂક્ત નથી થયો પણ મુક્તિની વાત સાંભળીને તને કાંઈ ઉત્સાહ આવે છે ? આ એવા જીવની વાત લેવી છે. જેને ઉત્સાહ ન આવે અને એમ ને એમ મૂઢતામાં મૂઢતામાં કોઈ ઉત્સાહ વગર, ઉત્સાહની લાગણી વગર એમ ને એમ જ્ઞાનીના વચનો સાંભળે છે એને ખરેખર એ વચનોને ગ્રહણ કરવાની યોગ્યતા જ આવતી નથી. એ પરિસ્થિતિ થાય છે.

'**જ્ઞાનીનાં વાક્યના શ્રવણથી ઉલ્લાસિત થતો એવો જીવ, ચેતન, જડને ભિન્ન સ્વરૂપે યથાર્થપણે પ્રતીત કરે છે,...**' છે તો જડ-ચેતનની ભિન્નતાની વાત. જુઓ ! દ્રવ્યાનુયોગ લીધો. શું વાત લીધી એમણે ? કથાનુયોગ ન લીધો, ચરણાનુયોગ ન લીધો, કરણાનુયોગ ન લીધો અને દ્રવ્યાનુયોગ લીધો. જડ-ચેતનની ભિન્નતાની જે વાત જ્ઞાનીના વચનોમાં આવે છે તેને યથાર્થપણે એ પ્રતીત કરે છે. ઉલ્લાસ હોય એને પ્રતીતિ આવે છે. કેમકે એને મુક્ત થાવું છે. જેને સંસારના બંધનો તોડી નાખવા છે એના મુક્તિના ઉલ્લાસથી એ વિષયની પ્રતીત આવે છે. એ પ્રતીત કરે છે. '**અનુભવે છે,...**' એ વાતને અનુભવગોચર કરે છે. માત્ર સાંભળીને ધારણામાં-સ્મૃતિમાં નથી રાખતો પણ અનુભવગોચર કરે છે અને '**અનુક્રમે સ્વરૂપસ્થ થાય છે.**' અને સ્વરૂપમાં સ્થિર થાય છે. ક્રમે ક્રમે અનુભવ વધતા વધતા એ વધુમાં વધુ સ્વરૂપમાં સ્થિર થતો જાય છે. મુનિદશા આવે ત્યારે વિશેષ સ્થિરતા થાય છે અને એમાં અંતર્મુહૂર્તની સ્થિરતા મુનિને રહે તો મોક્ષની-મુક્તિની પ્રાપ્તિ થઈ જાય છે.

એક દૃષ્ટિએ જો અનુક્રમ જોઈએ તો આ પ્રકારે મુક્તિ થાય છે. જે સ્વરૂપસ્થ મુક્તિનું અનન્ય કારણ છે એનું આ પ્રકારે છે કે જ્ઞાનીના વચનો ઉલ્લાસિત પરિણામે શ્રવણ કરવા, ધારણ કરવા અને જડ-ચૈતન્યની ભિન્નપણે યથાર્થ પ્રતીતિ કરવી, અનુભવ કરવો. એ સ્વરૂપસ્થ થવાનું કારણ છે. નિશ્ચયચારિત્રનું-વીતરાગચારિત્રનું એ કારણ છે. અને એ વીતરાગચારિત્ર તે મુક્તિનું કારણ છે. આમ મોક્ષ સુધીની Line સાંધી દીધી છે. દોઢ લીટીમાં મોક્ષ સુધીની વાત કરી નાખી છે. બોલો ! કેવળજ્ઞાન

અનુસારીની વાણી છે ને ! જ્ઞાનીની વાણી છે એ કેવળજ્ઞાન અનુસારીણી વાણી છે. પોતાના સર્વજ્ઞસ્વભાવને સ્પર્શીને નીકળેલી વાણી છે. સર્વજ્ઞ સ્વભાવને અવલંબીને ઉત્પન્ન થયેલી એ વાણી છે. એ વાણીમાં એક લીટીમાં પહેલેથી છેલ્લે સુધીની વાત કહેવાનું સામર્થ્ય છે. એક જ વચનમાં.

મુમુક્ષુ :- ઉત્સવમાં બહુ સરસ વાત આવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મોટો દિવસ છે ને. 'કૃપાળુદેવે' મુક્તિની વાત કરી છે. નિર્વાણ-મુક્તિનો દિન છે. નિર્વાણદિન એટલે મુક્તિનો દિન છે. ભગવાન સર્વોત્કૃષ્ટ દશાને આજે પામ્યા. ચૌદશના પરોઢિયે એટલે અમાસ-અર્ધ માસ કહેવાય છે એને. અમાસ એટલે અર્ધ માસ. અડધો મહિનો પૂરો. પૂર્ણ માસ એટલે પૂનમ. એ પૂરો માસ છે. આપણે ગુજરાતીમાં ઊંધું છે જરા. બાકી ઉત્તર હિન્દુસ્તાનમાં તો એને-અમાસને અડધો મહિનો કહેવાય છે અને પૂનમને પૂર્ણ માસ કહેવાય છે. એ બરાબર છે. એટલે આજની સવારે આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ૨૫૧૮ લગભગ થયા, ભગવાન સિદ્ધાલયમાં પધાર્યા છે. જ્યાં પાવાપુરી છે એ પાવાપુરી અત્યારે તો નાનું ગામ છે. એ આપણી ધર્મદારિદ્રતાને પ્રસિદ્ધ કરે છે. અંતિમ તીર્થંકરનું એ નિર્વાણધામ હોવા છતાં ત્યાં તમે જાવ તો સાવ ઊંડુ ઊંડુ લાગે. અમે તો અઠવાડિયું હમણાં બે વર્ષ પહેલા રહી આવ્યા. સવારે Bus આવે અને સાંજે વઈ જાય, કે બપોરે વઈ જાય. સાંજે Bus આવી હોય તો રાત રોકાઈને સવારે પૂજા કરીને સૌ ભાગે. એક દિવાળીના દિવસમાં ત્યાં હજારો માણસો ભેગા થાય છે. પણ એ દિવાળીના દિવસમાં. બાકી આખું વર્ષ જુઓ તો ખાલી મંદિર અને સુનું સુનું ધામ લાગે. ઉડાઉડ જેવું લાગે. બહુ નાનું ગામ છે. ગામમાં ત્યાં જે મંદિરોમાં રહેનારા છે એ સિવાય જૈનોની વસ્તી નહિ હોય એમ લાગે છે.

'મુંબઈ' એટલું વધે કે બીજું 'મુંબઈ' કરવું પડે. New bombay. પણ સમ્મેદશિખર પાસે એવું વધતું નથી કે પાવાપુરીમાં એવું વધતું નથી. સમ્મેદશિખરથી વીસ-વીસ તીર્થંકરો નિર્વાણ પામ્યા છે. એક મહાવીર સ્વામી પાવાપુરીથી ગયા આ ચોવીસમાંથી, વાસુપૂજ્ય ભગવાન ચંપાપુરીથી ગયા. એ બંને એ બાજુથી ગયા. એક 'ઋષભદેવ' ભગવાન કૈલાસથી ગયા છે અને ભગવાન 'નેમિનાથસ્વામી' છે એ ગિરનારથી ગયા છે. એમ ચાર તીર્થંકરો જુદી જુદી જગ્યાએથી નિર્વાણ પામ્યા છે. એ બરાબર ઉપર ત્યાં સિદ્ધાલયમાં બિરાજે છે. સીધે સીધા Vertically. એક પણ શ્રેણી, એક પ્રદેશ પણ આડુઅવળું ન થાય. સીધે સીધા ત્યાં ઉપર સિદ્ધાલયમાં બિરાજે છે.

વીસ-વીસ તીર્થંકરો ત્યાંથી નિર્વાણ પામ્યા. ત્યાં આજે હજી વર્ષોથી, હજારો વર્ષ થઈ ગયા, આમ તો કરોડો, અબજો વર્ષ થયા, ચડવાના પગથિયા નથી ત્યાં. જુઓ !

દારિદ્રતા કેવી છે ! ચડવાના હજી પૂરા પગથિયા નથી થયા. થોડા થોડા છે. બાકી ક્યાંક પછી ચાલીને જવું પડે. પછી તો ચોમાસામાં લીલોતરી હોય એટલે માણસ યાત્રા પણ ઓછી કરી શકે. એવી પરિસ્થિતિ છે. જૈનધર્મની હાનિ ઘણી થઈ. બીજા અન્યમતોનો ધર્મવૈભવ ઘણો વધ્યો. કરોડો-અબજો રૂપિયા એ લોકો (ખર્ચે છે). એક ૨૦૦ વર્ષનો સંપ્રદાય થયો 'સહજાનંદસ્વામી'નો તોપણ આ લોકોથી વધી જાય એવું છે. એટલું એ લોકોનું કામ છે.

**'અનુક્રમે સ્વરૂપસ્થ થાય છે. યથાસ્થિત અનુભવ થવાથી સ્વરૂપસ્થ થવા યોગ્ય છે.'** યથાસ્થિત અનુભવ થવાથી એટલે કે સ્વરૂપમાં અંતર્મુખ થઈને અનુભવ થવાથી. માત્ર મંદ રાગના અનુભવની વાત નથી, માત્ર ચિંતન-મનના અનુભવની વાત નથી પણ પરિણામ અંતર્મુખ થઈને, અનંત ગુણોના પરિણામ અંતર્મુખ થાય છે એમાં પણ અનુભવ કરનાર જ્ઞાન હોવાથી જ્ઞાન અંતર્મુખ થઈને, ઉપયોગ અંતર્મુખ થઈને સ્વસંવેદનપણે યથાસ્થિત અનુભવરૂપે થાય ત્યારે સ્વરૂપસ્થિરતા ઉત્પન્ન થાય છે. એ સ્વરૂપસ્થ થવાનો (ઉપાય છે), અનુભવ છે એ સ્વરૂપસ્થિરતાનું કારણ છે. એટલે કે સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્રનું- વીતરાગચારિત્રનું કારણ છે. આ કારણ-કાર્યનું Logic છે. એક સમયમાં હોવા છતાં પણ કારણ-કાર્ય એ રીતે લાગુ પડે છે.

**'દર્શનમોહ વ્યતીત થવાથી જ્ઞાનીના માર્ગમાં પરમભક્તિ સમુત્પન્ન થાય છે, તત્ત્વપ્રતીતિ સમ્યક્પણે ઉત્પન્ન થાય છે.'** દર્શનમોહ વ્યતીત થવાથી, દર્શનમોહનો અભાવ થવાથી, ઉપશમ થવાથી **'જ્ઞાનીના માર્ગમાં પરમભક્તિ સમુત્પન્ન થાય છે,...'** મોક્ષમાર્ગ. જ્ઞાનીનો માર્ગ છે એ મુક્તિનો માર્ગ છે. મુક્તિના માર્ગમાં પરમભક્તિ ઉત્પન્ન થાય છે. પરાભક્તિ ઉત્પન્ન થાય છે. એ માર્ગ માટે પ્રાણ પાથરનારા હોય છે. જ્ઞાનીઓ હોય છે એ માર્ગ માટે, માર્ગને જીવંત રાખવા માટે, જયવંત રાખવા માટે કોઈ હિસાબ-કિતાબ ગણવામાં આવતો નથી. એવી પરમભક્તિ, પરમમહિમા ઉત્પન્ન થાય છે. અને એ જીવને સમ્યક્પણે તત્ત્વપ્રતીતિ પણ ઉત્પન્ન થાય છે. તત્ત્વપ્રતીતિ એટલે આત્મતત્ત્વની પ્રતીતિ મુખ્ય છે એમાં અને બાકીના નવે તત્ત્વની પ્રતીતિ એમાં આવી જાય છે.

**'તત્ત્વપ્રતીતિ વડે શુદ્ધ ચૈતન્ય પ્રત્યે વૃત્તિનો પ્રવાહ વળે છે.'** એ જ્યાં સમ્યગ્દર્શન થયું, તત્ત્વપ્રતીતિ થઈ એટલે સમ્યગ્દર્શન થયું ત્યાં પછી વૃત્તિનો પ્રવાહ પોતાના શુદ્ધાત્મા, સહજાત્મ ચૈતન્ય પ્રત્યે પ્રવાહ વળી જાય છે. સહેજે-સહેજે એ જીવના પરિણામો પોતાના શુદ્ધાત્મામાં અંતર્મુખ થવા લાગે છે. Automatic છે. વળે છે એનો અર્થ શું છે ? વાળવા પડતા નથી પણ આપોઆપ વળે છે. જેમ દુઃખના

પ્રસંગમાં દુઃખનો ભાવ કરવાની કોઈ Training લેવી પડતી નથી. અને હરખના પ્રસંગમાં હોંશ કરવા માટે ક્યાંય શીખવા જાવું પડતું નથી. એ જેમ સહજ પરિણામ છે એમ સમ્યગ્દર્શન થયા પછી શુદ્ધ ચૈતન્ય પ્રત્યે અનંત ગુણોના પરિણામનો પ્રવાહ આપોઆપ વળવા લાગી જાય છે. એ પુરુષાર્થ એવો હોય છે. એ બળ છે. જીવનો વીર્યગુણ છે એ બળવાન છે. અને એમાં એવું બળ છે કે એને કોઈ રોકી શકે નહિ. શુદ્ધ ચૈતન્ય પ્રત્યે બળવાનપણે પરિણામોનો પ્રવાહ ઉત્પન્ન થાય એને કોઈ રોકી શકે નહિ, એને કોઈ બાધા પહોંચાડી શકે નહિ.

આ આવે છે. નદી છે એ પહાડમાંથી ઉત્પન્ન થાય છે. એનો Catchment area પાણીનો છે એ પહાડી વિસ્તાર હોય છે. ત્યાં જે પાણી પડે છે એ પછી નાના નાના .. થઈને કોઈ એક જગ્યાએ નદીનું રૂપ ધારણ કરે છે. હવે એવું નથી કે નદી સમુદ્ર સુધી પહોંચે એમાં હજારો માઈલ હોઈ શકે. આ ગંગા, સીંધુ, બ્રહ્મપુત્રામાં ઘણો લાંબો પટ છે. એ હજારો માઈલમાં એના પ્રવાહને ખડક આડા ન આવે ? ડુંગરામાંથી પસાર થવું પડે, ખડકમાંથી પસાર થવું પડે, ઝાડા-જાખરામાંથી પસાર થવું પડે. પણ એ પાણીના પૂરને કોઈ રોકી શકતું નથી. કોઈ રોકે છે ? કે સમુદ્રને જવા માટે એને રોકી શકે ? નહિ. બંધ બાંધીએ તો રોકાય કે નહિ ? ના એ પણ Overflow થાય. એ બંધના દરવાજા પણ ખોલવાનો વારો આવી જાય. એને કોઈ રોકી શકે નહિ. પૂરને કોઈ ખાળી શકે નહિ. એમ આ ચૈતન્યપૂર છે. પરિણામ છે એ ચૈતન્યપૂર છે. એને સ્વર્ગની અનુકૂળતાઓ રોકી શકે નહિ, નરકની પ્રતિકૂળતાઓ એ પૂરને રોકી શકે નહિ. કોઈ સંયોગો એને રોકી શકે નહિ. એ મુક્તિ પ્રત્યે વળેલું પૂર પૂર્ણ મુક્તદશા પ્રગટ કરશે, કરશે ને કરશે. એ નદી નિર્વાણ સમુદ્રમાં એ પહોંચી જવાની.

શું કહે છે ? '**તત્ત્વપ્રતીતિ વડે શુદ્ધ ચૈતન્ય પ્રત્યે વૃત્તિનો પ્રવાહ વળે છે. શુદ્ધ ચૈતન્યના અનુભવ અર્થે ચારિત્રમોહ વ્યતીત કરવા યોગ્ય છે.**' પૂરેપૂરું અનુભવમાં ડૂબીને રહેવું હોય તો, એનો પ્રતિબંધક ભાવ છે એ ચારિત્રમોહ છે, અને એ ચારિત્રમોહનો પણ નાશ કરવા જેવો છે. વ્યતીત કરવો એટલે એને ટાળી દેવો. એ પણ ટાળવા જેવો છે. '**ચારિત્રમોહ, ચૈતન્યનાજ્ઞાની પુરુષના સન્માર્ગના નૈષ્ઠિકપણાથી પ્રલય થાય છે.**' ઠીક ! જ્ઞાનીપુરુષના સન્માર્ગની નિષ્ઠા. નિષ્ઠા એટલે શ્રદ્ધા. મજબૂત શ્રદ્ધાને નિષ્ઠા કહે છે. શ્રદ્ધા એ સામાન્ય શબ્દ છે અને અડગ, બળવાન, અચલિત શ્રદ્ધાને નિષ્ઠા કહેવામાં આવે છે.

જ્ઞાનીપુરુષનો માર્ગ કહો, તીર્થંકરદેવનો માર્ગ કહો, એમાં જેની અચળ શ્રદ્ધા છે, અચળ નિષ્ઠા છે એ નિષ્ઠા દ્વારા એને ચારિત્રમોહનો પણ નાશ થઈ જાય છે. સમ્યક્

ચારિત્રનું કારણ, પરમપવિત્ર વીતરાગદશાનું કારણ પણ સમ્યગ્દર્શન છે એમ કહેવું છે. સમ્યગ્દર્શન થયા પછી એ સમ્યગ્દર્શનનું કોઈ કાર્ય નથી એમ નથી કહેવું. એનું સમયે સમયે કાર્ય છે. એનું પરિણમન છે ને ? સમ્યગ્દર્શન રૂપી પરિણમન સમયે સમયે છે અને એ સમયે સમયે પરિણમતું સમ્યગ્દર્શન શું કાર્ય કરે છે ? કે ચારિત્ર આદિ બીજા મહાન ગુણોને પૂર્ણ થવા પ્રત્યે દોરી જાય છે. એ સમ્યગ્દર્શનનું કાર્ય છે. નિમિત્ત પડે છે એટલે દોરી જાય છે. બાકી તો બધા ગુણોમાં પોતાની શક્તિ છે એ રાખીને વાત છે. પણ સમ્યગ્દર્શનનું નિમિતત્ત્વ જોઈને એ નિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા, તત્ત્વની પ્રતીતિ ચારિત્રમોહનો નાશ થવાનું કારણ છે અથવા વીતરાગ પવિત્ર ચારિત્ર ઉત્પન્ન થવાનું એ કારણ છે.

**'અસંગતાથી પરમાવગાઢ અનુભવ થવા યોગ્ય છે.'** હવે પોતાને જે મુનિદશાની ભાવના છે એ આ દિવસોમાં વિશેષ-વિશેષ એમને સ્મરણમાં રહી છે. બહારથી અસંગ થઈ જવું. જગતના જીવોથી, એમાં પણ પોતાના કુટુંબ, પરિવાર અને ધંધા-વેપારમાં જે કોઈ સંબંધમાં આવતા જીવોથી પણ અસંગ થવું અને ધાર્મિકજનોથી પણ સંગ છોડીને એકાંતમાં નિવાસ કરવો અને એકલી સ્વરૂપ આરાધનામાં લાગી જવું. આ અભિપ્રાયથી એ લખે છે.

**'અસંગતાથી પરમાવગાઢ અનુભવ થવા યોગ્ય છે.'** કેમ ? કે જેમ જેમ જીવ સંગમાં રહે છે તેમ તેમ બાહ્ય વૃત્તિ અને વિકલ્પો સંગમાં આવેલા જીવો સાથે કામ કરતા હોય છે અને તે અંતર્મુખ થવામાં વિક્ષેપ છે. એ અંતર્મુખ થવામાં વિક્ષેપ કરે છે. એટલે જેને પરમ અવગાઢ અનુભવ કરવો હોય, એવું થવા માટે એણે અસંગદશામાં વિચરવું. શા માટે ચક્રવર્તી હોવા છતાં પણ જિનદીક્ષા લઈને જંગલવાસી થાય છે ? એનું કારણ એ છે કે એ અસંગતામાં રહેવા માગે છે. અત્યારે જે દીક્ષા લઈને વસ્તીમાં રહે છે એ વસ્તીમાં રહેવાનો દીક્ષાનો આશય બિલકુલ નથી. દીક્ષાનો આશય જ અસંગપણે રહેવા માટેનો છે. એટલે જ્યાં કોઈપણ પ્રાણીનો પગરવ ન હોય એવા નિર્જન સ્થાનમાં મુનિઓ પરમ અવગાઢ અનુભવ કરવા માટે ચાલ્યા જાય છે કે એને ક્યાંય બીજે પરિણામ જવાનું કોઈ કારણ મળે નહિ.

**'અસંગતાથી પરમાવગાઢ અનુભવ થવા યોગ્ય છે. હે આર્ય મુનિવરો !'** જુઓ ! એ વિશેષણ આર્યતાનું લગાડ્યું છે. વીતરાગતાનું કે બીજું કાંઈ નથી લગાડ્યું. આર્યતાનું વિશેષણ. **'હે આર્ય મુનિવરો !'** એ મુમુક્ષુને પણ આર્ય જ કહે છે. મુમુક્ષુને પણ આર્યનુ સંબોધન કરે છે. **'હે આર્ય મુનિવરો ! એ જ અસંગ શુદ્ધ ચૈતન્યાર્થે અસંગયોગને અહોનિશ ઇચ્છીએ છીએ.'** આ પોતાની ભાવના વ્યક્ત કરી. એવી અસંગ શુદ્ધ ચૈતન્યની દશાને અર્થે, એવી અમારી દશા થાય એ માટે અમે પણ હવે

અસંગયોગને ઇચ્છીએ છીએ. અમે હવે કોઈના સંગમાં રહેવા ઇચ્છતા નથી.

આ દિવસોમાં એ એકાંતમાં રહેતા ત્યારે મુમુક્ષુની ચર્ચા-વાર્તાનો પ્રસંગ પણ એમણે ઓછો કરી નાખ્યો હતો. મુમુક્ષુઓની સાથે રહેવાનો પ્રસંગ પણ ઓછો કરી નાખ્યો હતો. 'વડવા'માં આવતા. એકદંડિયુ મકાન છે. એકદંડિયુ એટલે એક Room એની ઉપર બીજો એક Room. બસ. બે Room વાળું મકાન પણ એક Room અને એમાં દાદરો અને એની ઉપર એક બીજો Room. આજુબાજુ કોઈ મકાન નહિ તે દિવસે. ખાલી જંગલમાં, વગડામાં ત્યાં એકલા રહેતા. કોઈ મુમુક્ષુ સાથે નહિ. પછી 'મોતીલાલભાઈ' કરીને સૂઈ રહેતા હતા. એમને કોઈ ચીજની જરૂરિયાત હોય, એમની માટે કાંઈ આહાર લાવવો હોય તો એ બધા માટે (રહેતા હતા). પણ એમ કહે છે કે એ વખતે એ એકાદ કપડું વીંટાળી રાખતા. બાકી વસ્ત્રોનો પણ ત્યાગ કરતા. અને ક્યારેક ક્યારેક જંગલમાં પણ ચાલ્યા જતા.

એ '**અસંગયોગને અહોનિશ ઇચ્છીએ છીએ. હે મુનિવરો ! અસંગતાનો અભ્યાસ કરો.**' તમે પણ આવી અસંગદશાનો પ્રયત્ન કરો. અભ્યાસ કરો એટલે પુરુષાર્થ કરો. '**હે મુનિવરો ! અસંગતાનો અભ્યાસ કરો.**' એટલે તમે પણ હવે લોકોનો સંગ ઓછો કરી નાખો. લોકોના સંગમાં રહેવા જેવું નથી. અને ખાસ કરીને જ્યાં વધારે સમાજ એકઠો થાય છે ત્યાં તો પછી કાંઈ એકસરખી યોગ્યતાવાળા બધા જીવો તો મળવા મુશ્કેલ હોય છે. એટલે પછી ગડબડ થોડી વધારે ચાલી જાય છે.

'**બે વર્ષ કદાપિ સમાગમ ન કરવો એમ થવાથી અવિરોધતા થતી હોય...**' સમાજમાં થોડો વિરોધ થયો છે ને ? તો કહે છે, બે વર્ષ સમાજથી દૂર થઈ જવું. સમાજમાં બે વર્ષ આવવું જ નહિ. સાવ એકલા જ ગમે ત્યાં રહેવું. કેમકે એ લોકો તો ગમે ત્યાંથી વહોરી લેતા હતા. એટલે એમને કોઈ સ્થાનકવાસીનું ગામ છે નહિ ? અપાસરો છે કે નહિ એ કાંઈ જોવાની જરૂર નથી. '**બે વર્ષ કદાપિ સમાગમ ન કરવો એમ થવાથી અવિરોધતા થતી હોય...**' ઓલા લોકોનો વિરોધ શાંત થઈ જતો હોય '**તો છેવટે બીજો કોઈ સદ્ઉપાય ન હોય તો તેમ કરશો.**' એટલે બે વર્ષ તમે સમાજથી દૂર થઈ જજો.

હવે છેલ્લે નમસ્કાર વચન કહ્યું છે કે '**જે મહાત્માઓ અસંગ ચૈતન્યમાં લીન થયા,...**' ભૂતકાળમાં. જે જે મહાત્માત્મા પવિત્ર અસંગ ચૈતન્યમાં લીન થયા, વર્તમાને '**થયા છે અને...**' ભવિષ્યમાં જે જે મહાત્માઓ '**થશે તેને નમસ્કાર.**' લ્યો ! એ બધા મહાત્માઓને, સ્વરૂપલીન થનારા મહાત્માઓને વંદન કર્યા છે. એ રીતે છેલ્લે નમસ્કાર વચન કહીને પત્ર પૂરો કર્યો છે. '**ૐ શાંતિ.**' પત્ર બહુ સારો છે.

પત્રાંક-૯૦૨

મુંબઈ, કાર્તિક વદ ૧૧, મંગળ, ૧૯૫૬

જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;
કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે. ૧
દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાથી પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;
જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે;
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે;
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે. ૨

## તા. ૩૦-૧૨-૧૯૯૨, પત્રાંક-૯૦૨ થી ૯૦૫
## પ્રવચન નં. ૪૨૦

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૯૦૨, પાનું-૬૪૨. કાવ્ય લખેલું છે.

જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;

**એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,**
**જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;**
**કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,**
**નિગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે. ૧**

એક પદમાં ઘણી વાતોનો સમાવેશ કર્યો છે. જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન ભિન્ન છે. જડનો સ્વભાવ નહિ જાણવું તે છે. જડત્વપણું, અચેતનપણું એ જડનો સ્વભાવ છે. ચૈતન્યનો સ્વભાવ જાણવું-દેખવું તે છે. બન્નેનો સ્વભાવ પરસ્પર ભિન્ન છે, વિપરીત છે. જેને એ સમજાય છે, સમજાય છે એટલું ન લીધું, સુપ્રતીતપણે સમજાય છે. જ્ઞાનની સાથે શ્રદ્ધા લીધી. સમજવામાં આવ્યું એટલું ન લીધું પણ જે સમજ્યો એમાં વિશ્વાસ છે, સમજ્યો એમાં શ્રદ્ધા છે કે આમ જ છે. એવી રીતે જેને સમજાય છે. '**સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;...**' એક અડધી લીટીમાં વાત કેટલી સમાવી છે !

સમજાય છે એમ આપણે કહીએ છીએ પણ પ્રતીતનું શું ? અહીંયાં કહ્યું કે '**સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;...**' અને એમ સમજાય છે કે સ્વરૂપ નિજ ચૈતન્ય છે. '**સ્વરૂપ ચેતન નિજ,...**' એટલે નિજસ્વરૂપ છે. ચૈનત્ય તો નિજસ્વરૂપ છે. '**જડ છે સંબંધ માત્ર,....**' એટલે માત્ર સંયોગમાં રહેલા પરમાણુઓ ખાલી જડ પદાર્થો છે એ તો ખાલી સંયોગ જ છે. અથવા તે જ્ઞાનમાં જ્ઞેય છે. '**અથવા તે જ્ઞેય...**' છે. સંયોગ છે ઉપરાંત જ્ઞાનમાં જ્ઞેય છે. તોપણ એ પરજ્ઞેય છે. પરદ્રવ્યમાં સમય છે. જ્ઞેય એટલે સ્વદ્રવ્ય થતું નથી. જ્ઞાનમાં આવતું નથી એમ કહેવું છે.

'**એવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;...**' એની ગણતરી પરદ્રવ્ય તરીકે જણાય છે. '**એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,...**' જેને પોતાના નિજ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થયો, નિજમાં નિજનો અનુભવ થતાં પર પરપણે, પરદ્રવ્ય પરપણે જણાયું. અનુભવનો પ્રકાશ થયો એટલું ન લીધું. ઉલ્લાસિત થયો. એ પણ વિશેષ લીધું છે. આનંદ આવે છે ને ? અનુભવ વખતે આનંદનો ઉલ્લાસ હોય છે, આત્માનંદ પ્રગટ થાય છે. એટલે એમ કહ્યું કે '**એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો, જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;...**' એનું પરિણામ એ આવ્યું કે એ જડથી ઉદાસ થાય છે, ઉપેક્ષિત થાય છે. પરદ્રવ્ય અને પરદ્રવ્ય તરફના પરિણામની ઉપેક્ષા કરીને સ્વદ્રવ્ય તરફ વળવાનું થાય છે. જ્યાં સુધી એવી ઉપેક્ષાવૃત્તિ થતી નથી ત્યાં સુધી સ્વદ્રવ્ય તરફ વળવાનું થતું નથી. એટલા માટે સ્વદ્રવ્ય તરફ વળવાનું થતું નથી કે સ્વદ્રવ્ય તરફ

વળવામાં સ્વસ્વરૂપની અપેક્ષા છે. એ ઉપેક્ષા પરદ્રવ્યની અને પરભાવની હોય ત્યાં સુધી પરિણામ પર તરફ વળ્યા કરે, સ્વ તરફ ન વળ્યા કરે. પર અપેક્ષિત પરિણામ પર તરફ વળશે. એટલે પરિણામ સ્વ તરફ નથી વળતું એનું કારણ પરની અપેક્ષાઓ ઊભી છે. જ્યાં સુધી પરની અપેક્ષાઓ ઊભી છે ત્યાં સુધી પરિણામ દિશા બદલી શકે નહિ.

અહીંયાં એ લીધું કે એને '**જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;...**' એને ઉદાસ વૃત્તિ થઈ જાય છે કેમકે કોઈપણ પરદ્રવ્ય એને નકામું ભાસે છે. ઉપેક્ષા અને ઉદાસીનતા ક્યારે આવે ? કે એ પદાર્થ કાંઈ કામનો નથી એમ ખ્યાલમાં આવે ત્યારે. તો એના પ્રત્યે અપેક્ષા ન રહે. કામનો હોય ત્યાં સુધી સુખ માટે, અનુકૂળતા માટે કામની ચીજ છે ત્યાં સુધી અપેક્ષા રહેશે. ક્યાં સુધી ? કે '**કાયાની વિસારી માયા,...**' શરીર પ્રત્યે પણ જે ઉપેક્ષિત થાય છે. શરીરથી પણ, દેહથી પણ ઉપેક્ષિત થઈને. માયા વિસારી એટલે ઉપેક્ષિત થવું. માયા એટલે અહીંયાં મમત્વ હતું તે વિસારી નાખ્યું અને આત્મસ્વરૂપમાં જેના પરિણામ સમાય ગયા. એવા જે નિર્ગ્રંથ જ્ઞાની ગુરુ છે, એમનો પંથ એટલે એ જે રસ્તે ચાલ્યા, એમણે જે ઉપાય કર્યો એ માર્ગે ચાલતા પોતાના ભવભ્રમણનો અંત આવે છે. આ '**ભવઅંતનો ઉપાય છે.**' જેને જન્મ-મરણથી છૂટવું હોય એને આ માર્ગ છે. જડને ભિન્ન જાણીને, પોતાના સ્વરૂપને ચૈતન્યપણે પ્રતીતિપૂર્વક જાણીને અનુભવ કરતાં ભવ અંત થશે. એ ભવ અંતનો ઉપાય છે. કેવી રીતે ભવભ્રમણ મટે એવા પ્રશ્નનો આ સીધો ઉત્તર છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ થયા..

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારથી એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને મોક્ષમાર્ગમાં આવી ગયા.

જે આત્માઓ આ રીતે જડપદાર્થને ભિન્ન જાણીને ઉદાસીન થાય છે એને પોતાના અનુભવમાં ઉલ્લાસિત થઈને સ્વરૂપમાં જેના પરિણામ એકાગ્ર થાય છે, સમાય છે એટલે એકાગ્ર થાય છે, એ પરિણામમાં સુખ-શાંતિ અને આત્માનો આનંદ છે. એમાં ક્યાંય પણ આપત્તિ, વિપત્તિ કે દુઃખ નથી. એ ભવ અંતનો ઉપાય છે. વર્તમાનમાં જ એનું રોકડું ફળ એ છે કે એ જ વખતે એને સુખ-શાંતિ પ્રગટ થાય છે અને ભવિષ્યના જન્મ-મરણનો નાશ થાય છે. બે કડી લખી છે.

બીજી કડી. '**દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,...**' દેહ અને જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે. '**ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;...**' જ્યારે દેહ તે હું છું, શરીર તે જ હું છું. આ હું આવો ઊંચો, હું નીચો, હું કુરૂપ, હું સુરૂપ એવું પોતાનું શરીરપણે, દેહપણે ભાસવું થાય છે. ભાસવું એટલે લાગવું, અનુભવ થવો એને ભાસવું

કહે છે. '**દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે...**' ભિન્‍ન દ્રવ્ય હોવા છતાં પણ ભિન્‍નપણું અનુભવમાં રહેતું નથી, લાગતું નથી. '**ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;...**' એટલે દરેક કાર્યો પણ એ જ પ્રકારે કરે છે. પોતે દેહધારી છે, દેહસ્વરૂપે છે એમ માનીને બધી ક્રિયા કરે છે. મારે ખાવું છે, મને તરસ લાગી છે, મને ભૂખ લાગી છે, મારા શ્વાસોશ્વાસ આમ છે, આમ છે એ વગેરે. એ રીતે ક્રિયાની પ્રવૃતિ પણ એ જ માન્યતાપૂર્વક થાય છે. એટલે શરીરને હુંપણે માનીને એ આધારે જ બધી ક્રિયા અને પ્રવૃત્તિ થાય છે.

'**જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ, દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે;...**' જીવની ઉત્પત્તિ એટલે આ જન્મ થાય છે તે. આમ જીવ કાંઈ નવો ઉત્પન્‍ન નથી થતો પણ જે જન્મ થાય છે એને અહીંયાં જીવ ઉત્પન્‍ન થયો એમ વ્યવહારે બોલવામાં આવે છે. એક જણાએ આ પદ લીધું. તમે કહો છો કે દેહ અને આત્મા ભિન્‍ન છે પણ જુઓ ! 'શ્રીમદ્જી' ના પાડે છે. દેહનો સ્વભાવ જીવપદમાં જણાય છે. અને '**જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ...**' પણ. જે દેહનું છે એ જ આત્માનું છે એમ ચોખ્ખું કહે છે 'શ્રીમદ્જી'.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ એવું માને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એ મિથ્યાત્વ સ્વભાવ છે એમ કીધું છે. અધુરું વાંચે તો શું થાય ? એક અધૂરો પત્ર છાપ્યો હતો ને ? કેવળીની ક્રિયાનો. જુઓ ! આવી રીતે 'શ્રીમદ્' કહે છે. પણ છેલ્લે એમ લખ્યું કે આવું માને છે તે બધો મિથ્યાત્વભાવ છે. તો શું થાય ? બધું પૂરું થઈ જાય કે નહિ ? એવી રીતે કોઈના અધૂરા લખાણનો અર્થ પોતાના અભિપ્રાય પ્રમાણે કે પૂર્વગ્રહ પ્રમાણે કરી શકાય નહિ.

'**એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,...**' એ બધું તો મિથ્યાત્વભાવ છે એમ કહે છે. વસ્તુસ્થિતિ એમ નથી. એવો જે મિથ્યાત્વ ભાવ જીવને અનાદિનો વર્તી રહ્યો છે (તે) '**જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે;...**' એ જ્ઞાનીના વચન અવધારણ કરતાં, અંગીકાર કરતાં એવો મિથ્યાત્વભાવ દૂર થઈ જાય છે. '**ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્‍ન,...**' અને જ્યારે એ દૂર થાય ત્યારે શું લાગે ? કે જડ અને ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્‍ન-ભિન્‍ન છે એમ અનુભવ થાય, એવું લાગે અને '**બન્‍ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.**' પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં આત્મા-આત્મારૂપે સ્થાપિત થાય છે, જડ જડરૂપે સ્થાપિત થાય છે.

મુમુક્ષુ :- બે કડીમાં બધું લઈ લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- ભેદવિજ્ઞાન અને અનુભવ લઈ લીધો. જન્મ-મરણનો નાશ કેવી રીતે થાય એ ઉપાય લઈ લીધો. અને એથી વિપરીત કેવી રીતે મિથ્યાત્વભાવ થાય છે એ પણ લઈ લીધું. રોગ અને રોગનું નિદાન અને રોગનો ઉપાય બધું બે કડીમાં આવી ગયું. એટલા માટે જ્ઞાનીની વાણીને સર્વજ્ઞ અનુસારની વાણી કહેવામાં આવે છે.

પહેલેથી લઈએ. '**જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,...**' ભિન્ન છે. એવું '**સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;...**' બન્નેનો સ્વભાવ (ભિન્ન ભિન્ન છે) એની પ્રતીતિ આવે છે એમ કહે છે. સમજાય છે એટલું ન લીધું. પ્રતીતિપૂર્વક સમજાય છે. સમજતા પ્રતીતિ આવે છે ત્યારે એ સમજવું એ પ્રતીતિ સાચી. અને અનુભવપૂર્વક તો એ પ્રતીતિ કરી શકાતી નથી. કેમકે જીવ એમ ને એમ માને એવો નથી. એને અનુભવમાં આવે ત્યારે માને. બહારમાં નથી બનતું ? અમે તો ઘણું કહેતા હતા પણ એને અનુભવ થયો ત્યારે એણે સ્વીકાર્યું. એમ ત્યારે એને ખાતરી થાય છે કે આણે કહ્યું એમ છે વસ્તુસ્થિતિ. એ કેવી રીતે પ્રતીત કરવી ?

મુમુક્ષુ :- આમ જડ અને ચૈતન્યનો સ્વભાવ જ્ઞાનગુણથી...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનથી એનું જુદાપણું થાય છે. જ્ઞાનગુણથી એનું જુદાપણું જાણી શકાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કેવી રીતે સામ્ય છે ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે કેટલાક સામાન્ય ગુણોને લઈને એનું સામ્ય છે. પણ જ્યારે જુદા પાડવા હોય ત્યારે એના વિશેષગુણથી જુદાં પડાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ના. એમાં શું છે ? બીજા ગુણ છે. ચૈતન્ય જ્ઞાન પણ છે, આનંદ પણ છે, શ્રદ્ધા પણ છે એવા અનુજીવ ગુણો ઘણાં છે. ઘણા અનુજીવી ગુણ છે. જીવત્વશક્તિ છે, પ્રકાશશક્તિ છે.

મુમુક્ષુ :- વીર્યગુણ ?

પૂજ્ય ભાઈશ્રી :- વીર્યગુણ પણ છે, પુરુષાર્થ પણ છે, સુખ-શાંતિનો ગુણ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ, વીર્ય, જીવત્વ આદિ અનેક ગુણો છે. પણ બીજા ગુણોનું સમજવું જરા અઘરું પડે છે. જ્ઞાન એક એવો ગુણ છે કે કોઈપણ માણસ સમજી શકે. એક તિર્યંચ પણ જ્ઞાનથી સમજી લ્યે છે. તિર્યંચ જેવો તિર્યંચ પણ જ્ઞાનીથી જુદો આત્માને પાડી દે છે. એ જુદો પડી શકે છે.

મુમુક્ષુ :- સોનું અને પિત્તળ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. લે છે? સોનાના પૈસા આપીને પિત્તળ ખરીદે છે કોઈ ?

મુમુક્ષુ :- ક્યા ગુણથી એ જુદું પડ્યું ?

પૂજ્ય ભાઈશ્રી :- એના સોનાપણાથી જુદું પડ્યું. પિત્તળ પિત્તળના પિત્તળપણાથી જુદું પડ્યું અને સોનું સોનાના સોનાપણાથી જુદું પડ્યું. બન્નેનો પ્રકાશ જુદો છે. પીળાપણુ, વજનપણું, ચીકણાપણું બધું હોવા છતાં બન્નેનો પ્રકાશ જુદો છે. Light જુદી છે એની. ઠીક ! પિત્તળને ખૂબ ચકચકીત કર્યું હોય તોપણ ઓળખી લ્યે કે ન ઓળખી લ્યે ? જેને સોનાની પરખ હોય તે ઓળખી લ્યે છે. એટલું બધું સામ્ય હોય તોપણ જુદું પાડે છે કે નહિ ? આમાં એટલું તો સામ્ય નથી ને ? એટલું બધું સામ્ય નથી. જડ-ચેતનમાં એટલું સરખાપણું નથી. એ તો ઘણી રીતે જુદો પડી જાય છે.

જેમકે ચેતનમાં વર્ણ નથી, રસ નથી, ગંધ નથી, સ્પર્શ નથી. એવા જે પુદ્ગલના વિશેષ ગુણ છે એ જીવમાં નથી. જીવના વિશેષ ગુણ છે એ પુદ્ગલમાં નથી. એમ બેયને પોતપોતાના જુદાં જુદાં ગુણો છે. એટલું બધું તો સાના અને પિત્તળમાં નથી. છતાં જુદા પાડે છે ત્યાં. અને ખાત્રી કરે છે કે આ સોનું જ છે, હવે આના પૈસા દેવા. ક્યાં એક તોલાના પાંચ હજાર અને ક્યા એક તોલાના પચ્ચીસ પૈસા. માંડ પચ્ચીસ-પચાસ પૈસા. કેટલું ... એટલો બધો ફેર પડે છે.

કહે છે, ઓળખીને '**સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;...**' તેને એમ સમજાય છે કે સ્વરૂપ નિજ ચૈતન્ય છે. મારું સ્વરૂપ તો નિજ ચૈતન્ય તે મારું સ્વરૂપ છે. સંબંધમાં જોડે રહેલો દેહાદિ પદાર્થ માત્ર સંયોગ છે, પરદ્રવ્ય છે અને એ માત્ર પરજ્ઞેય છે. એ મારું સ્વરૂપ નથી. સ્વજ્ઞેય નથી. એ પરજ્ઞેય છે એમ જણાય છે. એવો અનુભવ થાય છે. '**એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,...**' પોતાનું ચૈતન્યસ્વરૂપ જ્યારે પ્રતીતમાં આવ્યું ત્યારે ઉલ્લાસિત ભાવે એનો અનુભવ પણ થયો.

મુમુક્ષુ :- પ્રકાશશક્તિ લઈ લીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વેદન છે એ પ્રકાશશક્તિ છે.

'**અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,...**' એમ વેદનરૂપ પ્રકાશ થયો. અને '**જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;...**' પછી જે જડમાં સુખબુદ્ધિની કલ્પના હતી એ કલ્પના વિલય થઈ જાય છે, વિલીન થઈ જાય છે. જ્યારે એમાં કલ્પના હતી એ વાસ્તવિકતાના જ્ઞાનથી એ કલ્પનાનો અભાવ થાય છે. જેમ દોરડીમાં સાપની કલ્પના વાસ્તવિક દોરડીને જાણતા નાશ પામી ગઈ. એવી રીતે જેની આત્મવૃત્તિ ઉદાસીન થાય છે. તેને શરીર ઉપરનું પણ મમત્વ વિસરી જવાય છે, વિસ્મરણ થાય છે. શરીરને

સંભાળવું, શરીરનું જતન કરવું, શરીરને સાચવું એ બધું વિસ્મરણ થઈ જાય છે. અને પોતાના સ્વરૂપમાં સમાય છે. એવા જે નિર્ગ્રંથ છે એમનો આવો માર્ગ છે એ ભવભ્રમણના નાશનું કારણ છે. જેને જન્મ-મરણના દુઃખ ટાળવા હોય એટલે જેને ચારે ગતિના દુઃખ બધા જ દુઃખ ટાળવા હોય એને આ ઉપાય છે. પોતાના આત્માને, ચૈતન્યસ્વરૂપ આત્માને સર્વ જડ પદાર્થથી એને ભિન્ન જાણવો, એની ઉપેક્ષા કરી અને પોતાના સ્વરૂપનો અનુભવ કરવો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉલ્લાસિત થયો. આનંદનો ઉલ્લાસ છે. પુરુષાર્થનો પણ ઉલ્લાસ છે એની અંદર. જીવને જ્યાં આ સુખ ભાસે ત્યાં એને ઉલ્લાસ આવ્યા વિના રહે નહિ. જ્યાં જીવને પોતાનું સુખ દેખાય ત્યાં એને ઉલ્લાસ આવ્યા વિના રહે નહિ. ન હોય છતાં પણ જો ભૂલથી ભાસે તોપણ ઉલ્લાસ આવે છે. તો હોય અને ભાસે એમાં ઉલ્લાસ આવ્યા વિના કેવી રીતે રહે ? એ તો સીધી વાત છે કે નહિ ?

‘**દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,...**’ શરીર રૂપે જ હું છું. એમ જીવ જુદો ભાસતો નથી. શરીર વધવાથી હું વધ્યો અને શરીરનું વજન ઘટવાથી મારું વજન ઘટી ગયું. એવું એકરૂપે અજ્ઞાન વડે ભાસે છે. એ અજ્ઞાન છે. ભિન્ન પદાર્થ હોવા છતાં એ પોતાથી ભિન્ન પદાર્થને ભિન્નપણે નથી જાણતો. તેથી ‘**ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે...**’ જુઓ ! કરે છે ને બદલે તેમ થાય છે એમ લીધું છે. એ માન્યતાના આધારે સહેજે એમ જ થવાનું. હું બોલી શકું છું એટલે હું બોલવાનો, ચાલી શકું છું એટલે હું ચાલવાનો, ખાઈ શકું છું એટલે ખાવાનો. એમ જ બધી પ્રવૃત્તિ થવાની.

‘**જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,...**’ એટલે જન્મ-મરણ બે લીધા અને રોગ, શોક, દુઃખ બધા લઈ લીધા. જે જીવને અણગમતા પ્રસંગો છે પણ એ દેહને કારણે છે, આત્માને કારણે નથી. દેહની ઉત્પત્તિ થઈ છે, જીવની ઉત્પત્તિ નથી થઈ. મૃત્યુ પણ દેહનું થયું છે. આત્મા કોઈ મૃત્યુ પામતો નથી. અને બાકીના જે રોગ છે પણ એ શરીરના છે અને દુઃખ છે એ પણ શરીરમાં હુંપણું લઈને થયેલા દુઃખ છે. શરીરના કારણે છે.

જો પોતાના સ્વરૂપને શુદ્ધ ચૈતન્યસ્વરૂપે ભિન્ન અનુભવવામાં આવે તો જગતમાં સંસારમાં કોઈ પ્રસંગ આ જીવને ક્લેશનું કારણ નથી. છે જ નહિ. પોતાને ક્લેશનું કારણ જ નથી. પોતે ઉપાધિ ઊભી કરે છે કે આ મને લાગુ પડે છે, આ મારો ઉદય છે એમાં એ દુઃખી થાય છે.

મુમુક્ષુ :- અશાતાના ઉદયમાં તેમ શાતાના...

પૂજ્ય ભાઈશ્રી :- હા. શાતામાં પણ એમ જ લઈ લેવું. પણ શાતામાં જીવને સુખ લાગે છે એટલે એ એને સમજાય નહિ. ત્યાં એને ભિન્ન પડવું સમજાય નહિ. ભિન્ન પડવું અનુકૂળ ન પડે એને. એટલે આ પ્રતિકૂળ પ્રસંગો લીધા. ભિન્ન પડાવવાની વાત છે ને એટલે. જુદો ક્યાં પડે ? કે અશાતા નથી જોઈતી છતાં અશાતાની ઉત્પત્તિ થઈ. હવે જો શરીર પોતાને વશ હોય, શરીરની અવસ્થા પોતાની ઈચ્છાને વશ હોય તો અશાતા નથી જોતી એમ આવે ત્યારે જ અશાતા મટી જવી જોઈએ. પોતાની ઈચ્છા પ્રમાણે નથી થતું ત્યારે એને એમ લાગે કે તો પછી આ મારા વશની ચીજ નથી. માટે મારાથી ભિન્ન છે. ભિન્ન છે માટે મારા વશ નથી. અભિન્ન હોય તો મારા વશ હોય. તો અહીંયાં એને ભિન્નપણું સમજવું સહેલું પડે છે.

એટલે તો 'શ્રીમદ્જી' એ કહ્યું છે કે સંસારમાં મુમુક્ષુજીવને પ્રતિકૂળતાનો પ્રસંગ આવવો એ તરવા બરાબર વાત છે. એ વાત તરવા માટે લીધી છે. જુઓ, પાછળ ૨૭મું વર્ષ છે. પાનું-૩૯૪. ૪૯૨મો પત્ર છે. પાનું-૩૯૪માં ઉપરની પહેલી લીટી. **'અમારા ચિત્તમાં તો એમ આવે છે કે,...'** એટલે અમને તો એમ સમજાય છે કે, એમ લાગે છે કે '**મુમુક્ષુજીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે.**' પાત્ર જીવને, લાયક જીવને તે પ્રસંગ આત્મહિતમાં સવળું નિમિત્ત પડે છે. અવળું નિમિત્ત નથી પડતું પણ સવળું નિમિત્ત પડે છે. માટે કોઈપણ પ્રકારનો પ્રતિકૂળ પ્રસંગ છે એ આત્માર્થી જીવ માટે દુઃખનું કારણ નથી, ખેદનું કારણ નથી. એ તો એને તરવા બરાબર છે. ઠીક ! એ વખતે એની વિશેષ આત્મવૃત્તિ જાગૃત થાય છે.

મુમુક્ષુ :- પ્રતિકૂળના આભાસથી ભય થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પૂર્વગ્રહ છે ને ? અભિપ્રાય કરી રાખ્યો છે કે પ્રતિકૂળતા દુઃખનું કારણ છે. એટલે પ્રતિકૂળતા આવ્યા પહેલા, આવશે તો ? એમાં ભાવમરણ ચાલુ થઈ જાય છે. પડીશ તો મરીશ. એ પડીશ આવ્યું ત્યાં તો મૃત્યુ સુધીની કલ્પના કરી લ્યે છે. કહે છે કે એ તો સંસારથી તરવા બરાબર છે. એટલે આત્માર્થી જીવ પ્રતિકૂળતા સામે પોતાનો પુરુષાર્થ કરવા બાયું ચડાવીને ઊભો થઈ ગયો છે. જેમ કોઈ લડવા માટે તૈયાર થઈ જાય ને ? આવી જાવ. એમ પ્રતિકૂળતાઓ આવવી હોય એટલી આવી જાવ. આખું જગત પ્રતિકૂળતાના ગંજ ભલે ખડકાય જાય. હું મારા માર્ગથી વિચલિત થાઉં એવું નથી. એટલી અભિપ્રાયની અંદર તૈયારી થઈ જવી જોઈએ.

શું કહે છે ? જુઓ ! આગળ '**અનંતકાળથી અભ્યાસેલો એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત...**' ભિન્નપણું સ્પષ્ટપણે વિચારવાનો વખત, એકપણે

અભ્યાસેલો, અભિન્નપણે અભ્યાસેલો એવો આ સંસાર ભિન્નપણે અભ્યાસવાનો વખત '**પ્રતિકૂળ પ્રસંગે વિશેષે હોય છે,...**' માટે દુઃખ, શોક, જન્મ-મરણ લીધા છે. '**એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે.**' એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે. પછી બીજી એક લીટી છોડીને. '**આવો એક તમને સાધારણ પ્રતિકૂળ પ્રસંગ બન્યો છે...**' 'સોભાગભાઈ'ને પત્ર લખ્યો છે. કાંઈક પ્રતિકૂળ પ્રસંગ બનયો છે. '**તેમાં મૂંઝાવું ઘટતું નથી. એ પ્રસંગ જો સમતાએ વેદવામાં આવે તો જીવને નિર્વાણ સમીપનું સાધન છે.**' એટલે પ્રતિકૂળતા વખતે જો ખરેખર જીવ વસ્તુના સ્વરૂપજ્ઞાન અનુસાર કાંઈપણ પરિણમન કરે, સ્વરૂપજ્ઞાનની દિશામાં થોડું પણ પરિણમન કરે તો સંસ્કાર પડી જાય, નિર્વાણનું સાધન સમીપ થઈ જાય છે.

'**નિર્વાણનું સમીપ સાધન છે. વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે.**' એ તો બધા જીવોને સંયોગો તો ચિત્રવિચિત્ર આવવાના જ છે. '**માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે.**' એ ચિત્રવિચિત્રતામાં આ જીવ કલ્પના કરે છે કાં તો સુખની અને કાં તો દુઃખની. '**અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે; પ્રતિકૂળ કલ્પનાએ તે પ્રતિકૂળ ભાસે છે; અને જ્ઞાનીપુરુષોએ તે બેય કલ્પના કરવાની ના કહી છે.**' તું એ કલ્પના છોડી દે. અમથો દુઃખી થા છો, કલ્પના તું છોડી દે.

'**અને તમને પણ તે કલ્પના કરવી ઘટતી નથી. વિચારવાનને શોક ઘટે નહીં,...**' કોઈનું નિધન થઈ ગયું લાગે છે. પરિવારમાં કોઈ નિધન થઈ ગયું લાગે છે. દીકરાનો દીકરો કે દીકરીનો દીકરો એવું કોઈ સગુ કુટુંબ-પરિવારમાં હશે. તો શોક થતો હશે. કહે છે, એ તો સાધારણ પ્રતિકૂળ પ્રસંગ છે. સાધારણ પ્રતિકૂળ પ્રસંગ છે. '**વિચારવાનને શોક ઘટે નહીં, એમ શ્રી તીર્થંકર કહેતા હતા.**' ઠીક ! પોતે તીર્થંકરદેવની વાણી સાંભળીને કહેતા હોય ને એવી રીતે વાત કરે છે. તીર્થંકર આમ કહેતા હતા. તીર્થંકરને અમે સાંભળવા ગયા ને ત્યારે તીર્થંકર આમ કહેતા હતા એમ કહે છે. ઠીક ! સામે તીર્થંકરને રાખી લ્યે છે. ઘણી જગ્યાએ એવી વાત લીધી છે. તીર્થંકરને આમ કહેવું છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- જાતિસ્મરણ હતું એટલે બધું એમના માટે શક્ય છે. ભગવાન મહાવીર સ્વામીને સાંભળેલું યાદ રહ્યું હોય ને એ પણ લખતા હોય. કેમકે સ્મૃતિ ઘણી હતી. એમાં કાંઈ સવાલ નથી. સાત વર્ષની ઉંમરથી સ્મૃતિ ખુલી ગઈ હતી. પાંચ વર્ષે નિશાળે બેઠા ત્યારથી એક વર્ષમાં સાત ચોપડી ભણી લીધી.

મુમુક્ષુ :- કેવું માર્ગદર્શન આપ્યું છે !

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સારું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જગતમાં બધા પ્રકાર હોય. 'ઋષભદેવ' ભગવાનનો વિરોધ થયો છે પછી બીજા જ્ઞાનીઓનો થાય, કોઈનો પણ થાય. સંભવ છે.

મુમુક્ષુ :- ૯૦૨માં તો આખો માર્ગ આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

'**જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ, દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે; એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ, જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે;...**' આવો અનાદિનો અનંત જન્મ-મરણનું કારણ જ્ઞાનીના વચનમાત્રથી નાશ પામી જાય છે. કેટલી કિંમત કરવી એની ? એની કિંમત કોઈ Terminology નથી. કોઈ Term માં એની કિંમત થાય એવું નથી. '**ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન, બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.**' છે તો ખરા પણ શ્રદ્ધા-જ્ઞાનમાં નિજ રૂપે સ્થપાય જાય છે. જ્યારે એ ભિન્ન ભિન્ન લાગે ત્યારે.

એ ૯૦૨ આંક થયો.

**પત્રાંક-૯૦૩**

**મુંબઈ, કાર્તિક વદ ૧૧, મંગળ, ૧૯૫૬**

**પ્રાણીમાત્રનો રક્ષક, બંધવ અને હિતકારી એવો કોઈ ઉપાય હોય તો તે વીતરાગનો ધર્મ જ છે.**

૯૦૩માં ખાલી એક લીટી લખી છે. '**પ્રાણીમાત્રનો રક્ષક, બંધવ અને હિતકારી એવો કોઈ ઉપાય હોય તો તે વીતરાગનો ધર્મ જ છે.**' ઠીક ! એક લીટીમાં વીતરાગદેવના માર્ગની, ધર્મની સ્તુતિ કરી છે, પ્રશંસા કરી છે. જગતના બધા પ્રાણીઓનો તે રક્ષક છે. કેમકે એના જેવી અહિંસા કોઈએ બીજાએ પ્રરૂપી નથી. કેમકે એકેન્દ્રિય તો બીજાને, છદ્મસ્થને જણાય નહિ. આ વૈષ્ણવ લોકો તો ધર્મના દિવસે, પર્વના દિવસે ઊલટાના કંદમૂળ ખાય છે. એમાં જીવ વધારે છે એવું જ્ઞાન એના સંપ્રદાયમાં નથી. ક્યાંથી હોય ? કે ત્યાં સર્વજ્ઞ કોઈ છે નહિ. એ ઊલટાનું કરે છે. આ બકરી ઈદ ને આ લોકો કરે છે કે નહિ ? હિંસા કરે છે કે નહિ ? આ માતાજીને હોમ-હવનમાં હિંસા કરીને પ્રાણીનો, મનુષ્યનો વધ કરે છે કે નહિ ? એટલે પ્રાણીમાત્રનો

રક્ષક છે. વીતરાગનો ધર્મ છે એ તો એકેન્દ્રિય, સ્થાવરકાય. પૃથ્વી, પાણી, વનસ્પતિ આદિ સ્થાવરકાયમાં જે એકેન્દ્રિય જીવો રહ્યા છે, જેને જગતના સામાન્ય જીવો તો જીવ તરીકે સ્વીકારવા તૈયાર ન થાય.

મુમુક્ષુ : ...

પૂજ્ય ભાઈશ્રી : હા. ખરી વાત છે. ભાઈનું એમ કહેવું છે. આપણે ત્યાં જે પ્રક્ષાલ થાય છે એમાં કીડીઓ રોજ મરે છે. દોષનું કારણ છે. લાપી...

મુમુક્ષુ :- લાપી લાવ્યા છે. લગાવાની બાકી છે.

પૂજ્ય ભાઈશ્રી :- લગાવી દેવી. પણ તોપણ શું છે કે ઓલી જે નળી હોય એમાં કીડીઓ હોય તો એ મરવાની તો ખરી જ. જ્યાં પોલાણ હોય ત્યાં કીડીઓ રહેતી હોય. પાણી ત્યાં જાય એટલે એમાં પ્રવાહિત થઈ નીચે ડોલમાં આવે. ભાઈ ઘણા દિવસોથી આ ફરિયાદ કરે છે. એનું કાંઈ નિવારણ થઈ જાય તો સારું. બરાબર છે ?

'**પ્રાણીમાત્રનો રક્ષક,...**' છે. '**બંધવ,...**' છે. બંધવ છે એટલે મદદે આવે એવો છે. ભાઈ હોય તો શું કરે ? અત્યારની વાત નથી, હોં ! સામાન્ય રીતે ભાઈ તો મદદ જ કરે. એનું નામ જ ભાઈ કહેવાય. અને મદદ કરે એને ભાઈ કહેવામાં આવે છે. તો કહે છે કે ખરો ભાઈ તો આ વીતરાગનો ધર્મ છે. બાકી બધા સંસારના ભાઈ તો અત્યારે તો સમજવા જેવું હોય છે. '**પ્રાણીમાત્રનો રક્ષક, બંધવ અને હિતકારી એવો કોઈ ઉપાય હોય...**' આત્માનું હિત કરે એવો કોઈ ઉપાય હોય '**તો તે વીતરાગ...**' દેવે નિરૂપણ કરેલો, પ્રરૂપણ કરેલો '**ધર્મ જ છે.**' આ સિવાય જગતમાં કોઈ પ્રાણીનો રક્ષક નથી કે હિતકારી પણ નથી.

મુમુક્ષુ :- મહાવીરસ્વામી...

પૂજ્ય ભાઈશ્રી : હા. એ ત્યાંથી નીકળ્યું છે. સમકાલિન ગૌતમબુદ્ધ થયા ને ? એમણે પણ અહિંસાનો નારો લગાવ્યો અને લોકો ખૂબ ભેગા થવા માંડ્યા. આજે બૌદ્ધ ધર્મમાં બહુ મોટી સંખ્યા છે. એમકે એકલા ગૌતમબુદ્ધે અહિંસા નથી પ્રરૂપી. અમારા મહાવીરસ્વામીએ પણ અહિંસા જ પ્રરૂપી છે. પણ એ તો એમના ઉપદેશનો એક અવયવ છે. મુખ્યપણે તો મહાવીરસ્વામીએ તો મુક્તિનો માર્ગ છે એ માર્ગનો ઉપદેશ આપ્યો છે કે આ જન્મ-મરણથી કેમ મટે ? પછી એમાં સ્વહિંસા ન થાય. એટલે આપોઆપ એના પેટામાં પરહિંસા ન થાય. સ્વહિંસા ન થાય તો પરહિંસા પણ આપોઆપ ન થાય. કેમકે એની બધી પ્રવૃત્તિ બંધ થઈ ગઈ છે. જ્યારે સ્વરૂપમાં સમાઈ જાય છે ત્યારે કોઈ મન-વચન-કાયાની બાહ્ય પ્રવૃત્તિ ન થાય. પરમાર્થ સંયમ એને કહ્યો છે. કે જેને લઈને બાહ્યસંયમ આપોઆપ જ હોય. એટલે એને બીજી હિંસા થતી નથી.

એ હિંસા તો એની એક Side product છે. કોઈ મુખ્ય ઉત્પાદનની બાજુમાં બીજું કાંઈ ઉત્પાદન થઈ જતું હોય ને ? એવી રીતે કચરામાંથી જેમ બીજું કાંઈ ઉત્પાદન થતું હોય એમ અહિંસાના શુભરાગમાંથી અહિંસા ઉત્પન્ન થઈ છે. શુભરાગ તો કચરો છે.

મુમુક્ષુ :- શુભરાગ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો વીતરાગતા નથી. એ શુભરાગ તો સરાગપણું છે. મૂળમાર્ગ તો, મૂળ ઉપદેશ તો વીતરાગતાનો છે. એમ છે ખરેખર. એ બધું ભૂલાઈ ગયું છે એટલે ઓલી બધી લૌકિક વાતો મોટી થઈ ગઈ.

મુમુક્ષુ :- પાંચ મહાવ્રત-અહિંસા મહાવ્રત, અણુવ્રત...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પાંચ મહાવ્રત છે ને.

મુમુક્ષુ : અઠ્યાવીશ મૂળગુણમાં...

પૂજ્ય ભાઈશ્રી : હા. પાંચ મહાવ્રતમાં અહિંસા મહાવ્રત છે. એટલે એ તો છે. એટલી અહિંસાની કાળજી કોઈ અન્ય મતમાં કે અન્ય દર્શનમાં ક્યાંય છે જ નહિ. એટલી ઉત્કૃષ્ટપણે પરઅહિંસા પણ ઉત્કૃષ્ટપણે જૈનદર્શનમાં છે એવી ઉત્કૃષ્ટપણે ક્યાંય નથી. પણ છતાં એના કરતાં ઉત્કૃષ્ટ વાત છે. એના કરતાં પણ ઉત્કૃષ્ટ વાત છે.

## પત્રાંક-૯૦૪

**મુંબઈ, કાર્તિક વદ ૧૧, મંગળ, ૧૯૫૬**

**સંતજનો ! જિનેવરેંદ્રોએ લોકાદિ જે સ્વરૂપ નિરૂપણ કર્યા છે, તે આલંકારિક ભાષામાં નિરૂપણ છે, જે પૂર્ણ યોગાભ્યાસ વિના જ્ઞાનગોચર થવા યોગ્ય નથી. માટે તમે તમારા અપૂર્ણ જ્ઞાનને આધારે વીતરાગનાં વાક્યોનો વિરોધ કરતા નહીં; પણ યોગનો અભ્યાસ કરી પૂર્ણતાએ તે સ્વરૂપના જ્ઞાતા થવાનું રાખજો.**

૯૦૪. '**સંતજનો ! જિનેવરેંદ્રોએ લોકાદિ જે સ્વરૂપ નિરૂપણ કર્યા છે, તે આલંકારિક ભાષામાં નિરૂપણ છે, જે પૂર્ણ યોગાભ્યાસ વિના જ્ઞાનગોચર થવા યોગ્ય નથી. માટે તમે તમારા અપૂર્ણ જ્ઞાનને આધારે વીતરાગનાં વાક્યનો વિરોધ કરતા નહીં; પણ યોગનો અભ્યાસ કરી પૂર્ણતાએ તે સ્વરૂપના જ્ઞાતા થવાનું રાખજો.**' એટલે ચૌદ રાજલોકનું જે વર્ણન છે ? લોકાદિસ્વરૂપ એટલે ચૌદરાજલોકનું અથવા લોકાલોકનું વર્ણન છે એમાં આદિમાં અરૂપી દ્રવ્ય આવી જાય ને ? પણ એ તો બુદ્ધિનો વિષય નથી, ઈન્દ્રિયજ્ઞાનનો વિષય નથી. બીજી પણ ઘણી વાતો છે કે જે બુદ્ધિમાં

અહીંયાં સમાવવી મુશ્કેલ છે.

અત્યારે કોઈને એમ કહે કે પાંચસો ધનુષનો મનુષ્યનો દેહ હોય છે. તો પછી એના ઘરના ઓરડાની Sealing કેટલી ઊંચાઈની હશે ! અત્યારે સામાન્ય રીતે રહેવાના મકાનની પાંચ ફૂટથી છ ફૂટના Average માં પણ નવ થી દસ Foot ની Sealing હોય છે. તો પછી પાંચસો ધનુષનો દેહ હોય એને એક માળ કેટલો ઊંચો હોય અને એને સાત માળની હવેલી કે મકાનો કેટલા ઊંચા જાય ! એ કોઈને બેસે નહિ. એટલે કીડીઓ અંદર અંદર ચર્ચા કરે કે, ભાઈ ! આ દુનિયામાં માણસ છે ને એ આપણી ઊંચાઈ કરતા હજારગણા ઊંચા હોય છે. એક કીડી બીજી કીડીને એમ કહે કે માણસની ઊંચાઈ તો આપણા જેવી હજાર કીડી ઉપરાઉપરી થાય તોપણ માંડ પૂરું ન થાય. હવે એવી કાંઈ એટલી ઊંચાઈ હોતી હશે કોઈની ? હજારગણી ઊંચાઈ કહે કોને ? ઠીક ! એના જેવું થાય. એમ એ જે ચૌદ બ્રહ્માંડનું જ્યાં વર્ણન આવે છે ત્યાં કેટલીક વાતો એવી આવે છે કે એ માનવામાં જીવને તકલીફ થાય છે.

મુમુક્ષુ :- અલંકારિક ભાષામાં...

પૂજ્ય ભાઈશ્રી :- અલંકારિક ભાષામાં એટલે કોઈ ઉપમા આપી હોય. સમજાવવા માટે ઉપમા અલંકાર. અલંકારિક ભાષામાં ઘણા ભેદ છે. ભાષા અલંકારના પણ ઘણાં ભેદ છે. એમાં એક ઉપમા અલંકાર કહેવાય છે. એટલે એમ કે પાંચસો ધનુષ. તો ધનુષની ઉપમા આપી. મોટામાં મોટી જૂ કેવડી હોય ? એક યોજનની. કેટલી ? એક યોજનની મોટામાં મોટી જૂ હોય. યોજન તો જમીનનું માપ છે. એને જૂ ઉપમા આપી. ઓલા કહે કે એ જૈનના માથામાં પડતી હશે. આપણા માથામાં તો એક યોજનની જૂ કેવી રીતે પડે ? આ જૈન શાસ્ત્ર છે એટલે જૈનના માથામાં એવડી જૂ પડતી હશે માટે એ લોકોએ એવું લખ્યું હશે. એમ કરીને વીતરાગ વચનોનો અનાદર કોઈ કરે છે, નિષેધ કરે છે, વિરોધ કરે છે. તો કહે છે, એ કરવા જેવું નથી.

મુમુક્ષુ :- જ્ઞાનગોચર થા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને યથાર્થપણે જ્ઞાનગોચર થવા. યોગાભ્યાસ વિના એટલે કેવળજ્ઞાન થયા વિના એ જણાય એવું નથી. ખરી વાત એ છે. માટે તમારા અપૂર્ણ જ્ઞાનના આધારે વીતરાગ વાક્યોનો વિરોધ કરતા નહિ. અત્યારે કહે :ત કે ચંદ્ર ઉપર મનુષ્ય ન જઈ શકે. આ જુઓ ! જઈને આવ્યા કે ન આવ્યા ? પછી પૃથ્વી ગોળ છે એમ કહે છે. ક્યાંથી ફોટો પાડ્યો ? ચંદ્ર ઉપર જઈને પૃથ્વીનો ફોટો પાડ્યો તો ગોળ આવ્યો. જૈનદર્શન ના પાડે છે કે પૃથ્વી ગોળ નથી. જોકે હમણાં-હમણાં એ લોકો કહે છે કે સાચી વાત છે. પૃથ્વી ગોળ નથી. એ તો જમીનનો ઉપસેલો ભાગ છે.

જૈનશાસ્ત્રમાં એ વાત છે. પણ અત્યાર સુધી ૨૫-૫૦ પેઢી ભણી ગઈ કે પૃથ્વી ગોળ છે મોસંબી જેવી. મોસંબીના આકારે એનો આકાર છે. હવે કાંઈક એમ કહે છે કે એવું નથી.

મુમુક્ષુ :- ધ્રુવ છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે. જોકે એ બધો વિષય કુતૂહલનો અને અપ્રયોજનભૂત છે. એમાં સમય અને શક્તિનો વ્યય કરવા જેવું નથી. એ ખર્ચ ત્યાં કરવા જેવો નથી. પણ વીતરાગના શાસ્ત્રોમાં એવા વચનો જોઈને પહેલેથી જ જો એને વીતરાગના જ્ઞાન ઉપર શંકા પડી જાય તો એને બીજા પ્રયોજનભૂત વિષયમાં વિશ્વાસ અને શ્રદ્ધા બેસે નહિ. આવું થઈ જાય છે. એટલે કોણે પહેલાં કયુ શાસ્ત્ર વાંચવું ? એ જ્ઞાનીની આજ્ઞાએ નક્કી કરવા જેવું છે. પોતે નક્કી કરવા જેવું નથી.

પહેલાં કરણાનુયોગ વાંચે. દ્રવ્યાનુયોગ કે ઉપદેશના ગ્રંથો વાંચવાને બદલે સીધો કરણાનુયોગ હાથમાં લે. એમાં આ બધો વિષય આવે. કરણાનુયોગમાં ચૌદે રાજલોકનું વર્ણન આવે છે. પછી એને પડે શંકા. આવું તો કાંઈ હોય નહિ. માટે આ બધા શાસ્ત્રો એમ ને એમ બધા અદ્ધરથી લખેલા, કલ્પનાએ ઘડી નાખેલી વાત છે. કોણે સ્વર્ગ-નરક જોયા છે ? એમ કહે. વિચારવાનો વિષય એટલો છે કે એ રીતે વિરોધ કરવા જેવો નથી કે વીતરાગના જ્ઞાનને ખોટું ઠરાવા જેવું નથી. જે વસ્તુ પરોક્ષ હોય અને જેનું પ્રત્યક્ષ પ્રમાણ ન આપી શકાતું હોય તો કહેનારની પ્રમાણિકતા ઉપર એ આધારિત છે કે એ સત્ય છે કે અસત્ય છે. સીધી વાત તો એ છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધા નવે ગ્રહનો વિશ્વાસ કરે છે. એકેય ગ્રહ ઉપર ગયા વગર. એ કેમ માને છે ? એ બધા આપણા શાસ્ત્રમાં છે. આખું જે જ્યોતિષલોક છે એ તો દેવલોક જ છે આખો. દેવના વિમાનો જ છે. સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહો, નક્ષત્રો એ બધા જ્યોતિષના વિમાનો છે. અને જૈનશાસ્ત્રની પરંપરા પ્રમાણે બીજા શાસ્ત્રો પણ એ વાત કરે છે. અન્યમતમાં પણ એ વાત લીધી છે. એ લોકોએ સ્વીકારી છે. પણ મૂળમાં તો કેવળજ્ઞાનથી એ ચાલી આવતી વાત છે.

એટલે યોગનો અભ્યાસ કરીને પૂર્ણતાએ પહોંચીને એ સ્વરૂપના જ્ઞાતા થવાનું રાખજો. અધવચ્ચે એનો વિરોધ કરતા નહિ. જે કેવળજ્ઞાનના વિષયભૂત પદાર્થો છે એને અલ્પજ્ઞમાં એનો, અનુમાનમાં ન આવે, ન બેસે માટે એનો વિરોધ કરવા જેવો નથી. એ કેવળજ્ઞાન થાય ત્યારે એનું કરજો અને જ્ઞાતા થવાનું રાખજો. એટલી ભલામણ કોઈને કરી છે. કોઈએ કાંઈ શંકા કરી હશે. જૈનશાસ્ત્રમાં કોઈએ શંકા કરી હશે.

મુમુક્ષુ :- ... કોઈપણ વિદ્વાનના વચન...

પૂજ્ય ભાઈશ્રી :- '**વીતરાગના વાક્યનો વિરોધ કરતા નહીં;...**' કોઈપણ વાક્યનો વિરોધ ન કરાય. વીતરાગ વચનનો વિરોધ કરાય નહિ. કેમકે એ સર્વજ્ઞ કેવળી છે. એ કદી અસત્ય કહે નહિ કે કદી એ અધુરું જાણે નહિ. પછી એનો વિરોધ કરવાનું કોઈ કારણ રહેતું નથી. સીધી વાત તો એ છે. પ્રમાણિકતાને સ્વીકારીને એમનું કહેલું બધું માન્ય કરવું.

મુમુક્ષુ :- પરીક્ષા કરીને...

પૂજ્ય ભાઈશ્રી :- પરિક્ષા પ્રયોજનભૂત વિષયની કરવી. જે વિષય પરોક્ષ છે અને કેવળજ્ઞાનગોચર છે એની પરિક્ષા થવાનું કોઈ સાધન તો છે નહિ. જો સાધન નથી તો એને પછી એ માનવું અને નહિ માનવું ક્યાં રહે છે ? જો માનવું એમ ન લાગતું હોય તો નહિ માનવું એમ ક્યાં રહે છે ? તો માનવું શું આધારે ? કે એમની પ્રમાણિકતાને આધારે એને સ્વીકારવું. આટલી વાત છે.

**પત્રાંક-૯૦૫**

**મોહમયી ક્ષેત્ર, પોષ વદ ૧૨, રવિ, ૧૯૫૬**

**મહાત્મા મુનિવરોના ચરણની, સંગની ઉપાસના અને સત્શાસ્ત્રનું અધ્યયન મુમુક્ષુઓને આત્મબળની વર્ધમાનતાના સદુપાય છે.**

**જેમ જેમ ઇંદ્રિયનિગ્રહ, જેમ જેમ નિવૃત્તિયોગ તેમ તેમ તે સત્સમાગમ અને સત્શાસ્ત્ર અધિક અધિક ઉપકારી થાય છે.**

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

૯૦૫. '**મહાત્મા મુનિવરોના ચરણની, સંગની ઉપાસના અને સત્શાસ્ત્રનું અધ્યયન મુમુક્ષુઓને આત્મબળની વર્ધમાનતાના સદુપાય છે.**' સંતના, મુનિઓના ચરણમાં એના સંગની ઉપાસના કરવી. વીતરાગી મહાત્માઓ હોય એના સત્સંગમાં જવું અને સત્શાસ્ત્રનું અધ્યયન રાખવું. એ બંને મુમુક્ષુઓને આત્મા સંબધીના '**બળની વર્ધમાનતાનો સદુપાય છે.**' આત્મબળ વૃદ્ધિ થવા અર્થે આ બે ઉપાય વધારેમાં વધારે સારા છે. જુઓ ! એ ક્યાંય વ્રત-પચ્ચખાણમાં લઈ જતા નથી, ક્યાંય દયા-દાનમાં લઈ જતા નથી. સત્સંગ અને સત્શાસ્ત્ર, સત્સંગ અને સત્શાસ્ત્ર. મુખ્યપણે બે વાત કરે છે.

**'જેમ જેમ ઇંદ્રિયનિગ્રહ, જેમ જેમ નિવૃત્તિયોગ તેમ તેમ તે સત્સમાગમ અને સત્શાસ્ત્ર અધિક અધિક ઉપકારી થાય છે.'** એટલે ઇન્દ્રિયના વિષયોનો રસ છોડીને અથવા રસ મંદ કરીને. એમ લેવું. રસની વાત લેવી. મંદ કષાયની વાત લેવી નહિ. આમાંથી બધા મંદ કષાય સમજી લે છે કે 'શ્રીમદ્જી' મંદ કષાયની વાતો બહુ કરે છે. મંદ કષાયની વાત નથી કરતા. મંદ રસની વાત કરે છે. નિવૃત્તિયોગ એટલે બાહ્ય પ્રવૃત્તિ વ્યવસાય આદિથી નિવૃત્ત થઈને. એટલે બીજી ઉપાધિ છોડીને **'સત્સમાગમ અને સત્શાસ્ત્ર...'** જો સેવવામાં આવે, ઉપાસવામાં આવે તો તે વધારે ઉપકારી થાય.

'ગુરુદેવ' 'સોનગઢ'માં બિરાજતા હતા તો 'મુંબઈ'થી માણસ 'સોનગઢ' આવે અને 'ગુરુદેવ' 'મુંબઈ' જાય એમાં ફેર ખરો કે નહિ ? ઘણો ફેર. 'મુંબઈ'માં પ્રવચન સાંભળે અને 'સોનગઢ'માં પ્રવચન સાંભળે એમાં ફેર ખરો ? અત્યારે પણ મુમુક્ષુ કહે છે કે 'સોનગઢ'માં પ્રવચન સાંભળીએ છીએ એ બહુ ઠીક લાગે છે. પ્રવચન તો પ્રવચન છે. એ જ Tape 'મુંબઈ'માં સાંભળે એમાં ફેર કેમ લાગે છે ? કે અહીંયાં 'મુંબઈ'ની બધી ઉપાધિ છોડીને આવે છે અને ત્યાં બધી ઉપાધિ ઊભી છે. કે ઘરે જઈને આને Telephone કરવાનો છે, આટલા વાગે આનો Telephone આવવાનો છે. આને મળવાનું છે. આનું આમ છે... આનું આમ છે... આનું આમ છે. એ લઈને બેસે છે ત્યાં. એટલે વાતાવરણ અંદર જ બરાબર નથી હોતું. અને ઓલું નક્કી કર્યું કે હમણાં અઠવાડિયું કાંઈ નહિ. હમણાં અહીંયાં આપણે એક ધ્યાનથી જરાક સાંભળવું છે. તો ત્યાં એટલો ફેર પડી જાય છે. એમ સત્સંગ અને સત્શાસ્ત્ર છે એ નિવૃત્તિયોગે ઉપાસવાનો વિષય છે. પ્રવૃત્તિયોગે એ ઉપાસવાનો વિષય નથી. એમ છે ખરેખર તો.

મુમુક્ષુ :- અમે જે ઘરે વાંચીએ છીએ અને અહીંયાં જે વંચાય...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો અમસ્તોય એકલા અને સત્સંગમાં તો ફેર પડે જ. કેમકે અનેક પ્રકારના સ્પષ્ટીકરણ થાય. વિચારવાનો અવકાશ વધારે રહે. ત્યાં વાંચી જાય જલ્દી. અહીંયાં વિચારવાનો અવકાશ વધારે. વાંચવાનું થોડું અને વિચારવાનું ઘણું થાય. એમાં પણ ફરક પડે છે. પણ છતાં અહીંયાં પણ જે પ્રવૃત્તિમાં હોય અને નિવૃત્તિમાં કોઈ ક્ષેત્રે જઈને સ્વાધ્યાય કે સત્સંગ કરે એમાં ઘણું અંતર પડે છે. એ વધારે ઉપકારી થાય છે, વધારે લાભનુ કારણ થાય છે.

**'ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ'** ત્રણ વખત આવ્યું.

મુમુક્ષુ :- ૩૩મું વર્ષ ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૩૩મા વર્ષનો હજી તો કારતક મહિનો ચાલે છે. આ તો પોષ મહિનાનો પત્ર છે. કારતક પછી સીધા પોષ મહિનામાં પત્ર લખેલા છે. કારતક વદ ૧૧.

એટલે આખા માગશર મહિનામાં (પત્ર નથી લખ્યા). પોષ વદમાં સીધા પત્ર છે. લગભગ બે મહિનાના આંતરે આ પત્ર આવ્યા છે. વચ્ચે બે મહિના ખાલી ગયા છે. તબિયત તો ૩૨મા વર્ષથી થોડી અસ્વસ્થ થયેલી હતી. અને સંગ કરવાની વૃત્તિ પણ એમની થોડી ઉપશાંત થયેલી હતી. મુમુક્ષુઓનો સંગ પણ ઓછો ઇચ્છતા હતા. એટલે આમાં પત્રો પણ ઓછા છે. ૩૩માં વર્ષમાં પણ પત્રો ઓછા જ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ પણ બને, એવું પણ બને. પણ આગલા વર્ષમાં પત્રો ઠીક ઠીક છે. ચોવીશમા વર્ષમાં, .. પત્રો ઘણાં છે. અહીં સુધી રાખીએ....

**અન્ય પદાર્થને ગ્રહણ કરવારૂપ ભાવ, જે ઈચ્છા, તે જ્ઞાનને આવરણ કરે છે, તેથી કેવળનિરાવરણ-જ્ઞાન થયા પહેલા જે પૂર્ણ વીતરાગતા અર્થાત્ સંપૂર્ણ નિરીચ્છક ઉત્પન્ન થાય છે. આમ થયા વિના કદી કોઈને કેવળજ્ઞાન પ્રગટ થાય નહિ. તેમ છતાં જેઓ ગૃહસ્થાદિ દશામાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ માને છે, તેઓ અધ્યાત્મની પ્રાથમિક ભૂમિકાની સમજથી પણ અજાણ છે. તેમ સમજવા યોગ્ય છે. (અનુભવ સંજીવની-૧૫૦૨)**

**જે જીવ તત્વ-વિચાર દ્વારા માર્ગ પ્રાપ્તિ ઈચ્છે છે, તેને સહજ માર્ગ-પ્રાપ્ત એવા જ્ઞાનીપુરુષની દાસાનુદાસપણે ભક્તિ પ્રાપ્ત હોય છે. નહિતો કેવળ તત્વવિચાર કરતાં કરતાં શુષ્કતા ઉત્પન્ન થવાની સંભાવના થાય છે. શ્રી આનંદઘનજી આદિ મહાત્માઓએ ભક્તિપદોમાં તત્વ ગુંથ્યું છે, તેમાં આ રહસ્ય છે. (અનુભવ સંજીવની-૧૫૦૩)**

## તા. ૩૧-૧૦-૧૯૯૨, પત્રાંક-૯૦૬ થી ૯૧૩
## પ્રવચન નં. ૪૨૧

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૯૦૬, પાનું-૬૪૩.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ નથી. દેહનો સ્વભાવ જીવપદમાં જણાય છે એટલે જીવ પોતે પોતાને દેહસ્વભાવે અનુભવે છે. એવો જે મિથ્યાત્વભાવ એને લાગુ પડે છે.

મુમુક્ષુ :- ઉપરથી લઈએ તો...

પૂજ્ય ભાઈશ્રી :- એમ નથી. જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ એ બધો દેહનો સ્વભાવ છે એમ કહેવું છે. જન્મ થવો, મરણ થવું, રોગ થવો, શોક થવો, દુઃખ થવું એ બધો દેહનો સ્વભાવ છે. એ જીવપદમાં જણાય છે. એ જીવસ્વરૂપે, પોતારૂપે (અનુભવાય છે એટલે કે) હું મરી ગયો, હું જન્મ્યો, મને રોગ થયો, મને દુઃખ થયું એવો જે દેહનો સ્વભાવ તે જીવપદમાં એટલે પોતારૂપે જણાય છે એવો જે અનાદિનો એકરૂપ મિથ્યાત્વભાવ તે જ્ઞાનીના વચન વડે દૂર થઈ જાય છે. એટલે સંક્ષેપમાં કહીએ તો દેહાત્મબુદ્ધિ છે એ મિથ્યાત્વભાવ છે. દેહાત્મબુદ્ધિનો અભાવ જ્ઞાનીના વચન વડે થઈ જાય છે એમ કહેવું છે.

જ્ઞાનમાં જ્ઞેય ભાસે છે તે મિથ્યાત્વ નથી અને જીવને રાગ થાય છે એ મિથ્યાત્વ નથી. દેહનો સંયોગ છે, રાગનો સંયોગ છે, જ્ઞાનમાં જ્ઞેયનો સંયોગ નિમિત્ત-નૈમિત્તિક સંબંધે છે એ કોઈ મિથ્યાત્વભાવ નથી. પણ એમાં અહંપણુ થવું તે મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ના. એ આમાં નથી લાગતું. એ વિવિક્ષા અહીંયાં લાગુ નથી પડતી. ત્યાં તો શું છે ? કે ત્યાં પણ હેતુ તો પોતાનો નિજમાં નિજને જોવાના હેતુથી વાત કરી છે. કોઈ પરપ્રકાશનનો નિષેધ કરવાનો અભિપ્રાય ત્યાં નથી. ત્યાં પણ સ્વપરપ્રકાશકનો નિષેધ કરવાનો અભિપ્રાય નથી. પણ અધ્યાત્મની પ્રધાનતાથી એને ગૌણ કરાવ્યું છે. કેમકે પરને જાણવાનું આ જીવને કોઈ પ્રયોજન નથી. જણાતું હોય તોપણ એને જાણવું એ કોઈ એનું પ્રયોજન નથી એમાં. જાણવાથી એને કોઈ પ્રયોજન નથી. નિષ્પ્રયોજનભૂત હોવાથી, અપ્રયોજનભૂત હોવાથી એને ગૌણ કરાવ્યું છે. ત્યાં ૨૭૧ (કળશમાં) તો નિજમાં નિજને જાણવાનો હેતુ છે. એ હેતુથી નિરૂપણ છે. તું જ જ્ઞાન છો, તું જ જ્ઞાતા છો, તું જ જ્ઞેય છે. મને પર જણાય છે... પર જણાય છે...

એમ કરીને પર સાથે એકત્વ કરે છે એ તારી ભ્રાંતિ છે. એ પરનું એકત્વ તને થાય છે. જાણતાં પર પર તરીકે નથી રહેતું. એ તારી ભ્રાંતિ છે.

જુઓને, પહેલી પંક્તિ એ છે કે '**દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે.**' શું નિરૂપણ કર્યું છે ? કે દેહ અને જીવ એકરૂપ ભાસે છે અજ્ઞાન વડે. અને તેથી તે પ્રમાણે ક્રિયાની ઉત્પત્તિ થાય છે. હવે ? કે જીવની ઉત્પત્તિ રોગ, શોક, દુઃખ, મૃત્યુ, એવું જીવપદમાં જણાય છે. છે તો દેહનો સ્વભાવ પણ એ જીવપદમાં, નિજપદમાં જણાય છે. જીવપદમાં જણાય છે એટલે પરપદમાં પરિણામો નિજપદમાં જણાય છે. એવો જે અજ્ઞાન અનાદિનો એકરૂપ મિથ્યાત્વભાવ, દેહ અને જીવ સાથેનો, તે જ્ઞાનીના વચન વડે દૂર થઈ જાય છે.

'**ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,...**' જડનો સ્વભાવ ભિન્ન ભાસે છે, ચૈતન્યનો સ્વભાવ ભિન્ન ભાસે છે એમ કહેવું છે. જડનો સ્વભાવ ભાસતો નથી એમ નથી કહેતા. જડનો સ્વભાવ ભિન્નપણે ભાસે છે. જડ ભાસતું જ નથી એમ નથી કહેતા. જડનો, ચૈતન્યનો બન્નેનો સ્વભાવ ભિન્ન-ભિન્ન ભાસે છે. એટલે ભાસે છે તો બન્ને ભાસે છે પણ બન્ને ભિન્ન-ભિન્ન ભાસે છે. જો ભાસતું જ ન હોય તો ભિન્ન-અભિન્નની વિવિક્ષા કરવાનો પ્રશ્ન રહેતો નથી. તો ભાસતું જ નથી પછી એને ભિન્ન શું કહેવું અને અભિન્ન શું કહેવું ? કેમકે દેખાતું જ નથી.

'**ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન, બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.**' ત્યારે શ્રદ્ધા-જ્ઞાનમાં નિજ નિજરૂપે સ્થિત થાય છે. સ્વરૂપે તો નિજ નિજરૂપે જ છે પણ શ્રદ્ધા-જ્ઞાનમાં જે એકત્વ થતું હતું એ નિજ નિજ રૂપે સ્થિત થાય છે. એ શ્રદ્ધા-જ્ઞાનમાં સ્થિત થાય છે એમ લેવું. ઉપર પણ લીધું છે. '**સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર, અથવા તે જ્ઞેય...**' જડ છે તે સંબંધમાત્ર જ્ઞેય છે. જ્ઞેય નથી એમ નથી કહેતા. તે જાણવાયોગ્ય. જ્ઞેય એટલે જ્ઞાતું યોગ્યં જ્ઞેયં. જે જાણવાયોગ્ય છે તેને જ્ઞેય કહ્યું અને જણાવા યોગ્ય છે એવો એનો જ્ઞેયત્વ ધર્મ છે.

'**પણ પરદ્રવ્યમાંય છે;...**' તે પરદ્રવ્યપણે જણાવાયોગ્ય છે. પરદ્રવ્ય પરદ્રવ્યપણે જણાવા યોગ્ય છે તો એમાં જ્ઞાનને દોષ નથી. પણ પરદ્રવ્ય સ્વદ્રવ્યપણે જણાય તો જ્ઞાનને દોષ છે. એ અનધ્યવસાય છે અથવા મિથ્યાત્વ છે.

**પત્રાંક-૯૦૬**

**મુંબઈ, માહ વદ ૧૦, શનિ, ૧૯૫૬**

**આજ રોજ તમારા કાગળ મળ્યો. બહેન ઈચ્છાના વરના અકાળ મૃત્યુના ખેદકારક સમાચાર જાણી બહુ દિલગીરી થાય છે. સંસારના આવા અનિત્યપણાને લઈને જ જ્ઞાનીઓએ વૈરાગ્ય બોધ્યો છે.**

**બનાવ અત્યંત દુઃખકારક છે. પરંતુ નિરુપાયે ધીરજ પકડવી જોઈએ, તો તમો મારા વતી બહેન ઈચ્છાને અને ઘરના માણસોને દિલાસો અને ધીરજ અપાવશો. અને બહેનનું મન જેમ શાંત થાય તેમ તેની સંભાળ લેશો.**

પત્રાંક-૯૦૬. 'શ્રી નેમચંદ કુશળચંદ'. એ કોઈ મુમુક્ષુ છે એના ઉપર પત્ર લખેલો છે. '**આજ રોજ તમારો કાગળ મળ્યો. બહેન ઈચ્છાના વરના અકાળ મૃત્યુના ખેદકારક સમાચાર જાણી બહુ દિલગીરી થાય છે.**' કોઈ અકાળ એટલે ઓચિંતો વગર માંદગીએ અને નાની ઉંમરમાં મૃત્યુ થયું હશે. '**સંસારના આવા અનિત્યપણાને લઈને...**' સંસારના આવા અનિત્યપણાને લઈને જ '**જ્ઞાનીઓએ વૈરાગ્ય બોધ્યો છે.**' જે પદાર્થો અનિત્ય છે તેમાં પ્રીતિ કરવા યોગ્ય નથી. તેમાં તેનો આધાર લેવા યોગ્ય નથી. કેમકે એ જીવને દુઃખનું કારણ થાય છે. એટલે વૈરાગ્યને બોધ્યો છે કે જે અનિત્ય છે એમાં પ્રીતિ શું કરવી ? જે અશરણ છે એમાં પ્રીતિ શું કરવી ? જે અસાર છે એમાં પ્રીતિ શું કરવી ? અને જે જીવથી ભિન્ન છે, જીવને મળતું નથી એવું જે અન્ય દ્રવ્ય એમાં પ્રીતિ શું કરવી ? એ બધા કારણોને લઈને જ્ઞાનીઓએ વૈરાગ્યને બોધ્યો છે.

'**બનાવ અત્યંત દુઃખકારક છે. પરંતુ નિરુપાયે ધીરજ પકડવી જોઈએ,...**' જ્યાં ઉપાય નથી ત્યાં ધીરજ રાખવી એ સિવાય બીજો કોઈ માર્ગ પણ નથી. '**તો તમો મારા વતી બહેન ઈચ્છાને અને ઘરના માણસોને દિલાસો અને ધીરજ અપાવશો. અને બહેનનું મન જેમ શાંત થાય તેમ તેની સંભાળ લેશો.**' નાની ઉંમર હશે. એટલે વિશેષ દુઃખનું કારણ થાય તો એને સાંત્વન આપતો એક પત્ર લખ્યો છે અને સાથે સાથે એક વાક્ય નાખી દીધું છે કે સંયોગ વખતે જ વૈરાગ્ય હોય તો વિયોગ વખતે એટલો દુઃખકારક એ પ્રસંગ બનતો નથી. પણ સંયોગના કાળમાં મમત્વભાવે જીવ તીવ્ર રસ લે છે એની મીઠાશને વેદે છે. એ વખતે જીવ ઝેર ખાય છે. શું કરે છે ? એ મીઠાશ છે એ મીઠું ઝેર છે અને એ જ એને વિયોગ કાળે મોટા આઘાતનું કારણ બને છે. એ Action અને Reaction છે. જે દુઃખ થાય છે એ Reaction છે. એટલે સંયોગકાળે પણ મીઠાશ વેદવી જોઈએ નહિ. ૯૦૬ થયો.

**પત્રાંક-૯૦૭**

**મોહમયી, માહ વદ ૧૧, ૧૯૫૬**

**શુદ્ધ ગુર્જર ભાષામાં 'સમયસાર'ની પ્રત કરી શકાય તો તેમ કરતાં વધારે ઉપકાર થવા યોગ્ય છે. જો તેમ ન બની શકે તો વર્તમાન પ્રત પ્રમાણે બીજી પ્રત લખવામાં અપ્રતિબંધ છે.**

૯૦૭. 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે. '**શુદ્ધ ગુર્જર ભાષામાં 'સમયસાર'ની પ્રત કરી શકાય તો તેમ કરતાં વધારે ઉપકાર થવા યોગ્ય છે.**' જુઓ ! આ ભાવના એમણે 'અંબાલાલભાઈ' પાસે વ્યક્ત કરી છે કે તમે સંસ્કૃત શીખો અને શુદ્ધ ગુજરાતીમાં 'સમયસાર'નો અનુવાદ કરો તો એ વધારે યોગ્ય છે, વધારે ઉપકારનું કારણ લોકોને થશે. '**જો તેમ ન બની શકે તો વર્તમાન પ્રત પ્રમાણે બીજી પ્રત લખવામાં અપ્રતિબંધ છે.**' જો તમે એનો અનુવાદ ન કરી શકો તો એની Copy કરજો, નકલ કરજો. જે ભાષામાં છે એ ભાષામાં. ઢુંઢારીમાં કે હિન્દીમાં. અને એમાં તમને કોઈ રૂકાવટ નથી. એ કામ ચાલુ રાખજો. અપ્રતિબંધ છે એટલે લખવાનું કામ તમે ચાલુ રાખજો. કેમકે એ જમાનામાં આટલી Press ની સગવડ નહોતી એટલે ગ્રંથોની નકલ કરવામાં આવતી હતી. એક કારણ એ હતું.

બીજું કારણ એની અંદર એ પણ છે કે વાંચવા કરતા લખવામાં ઉપયોગ વધારે રોકાય છે અને જેને એ વિષયમાં રસ હોય તે વિષયને લખે તો એને રસવૃદ્ધિ થવાનું પણ એ લખવાની ક્રિયા નિમિત્ત પડે છે. એટલા માટે દક્ષિણ ભારતમાં તો તાડપત્ર ઉપર શાસ્ત્ર લખવાની આજે પણ પદ્ધતિ છે. જેઠ સુદ પાંચમ શ્રુતપંચમી આપણી આવે છે ત્યારે એ લોકો મોટો ઉત્સવ કરે છે. શાસ્ત્રની પૂજા કરે છે અને કેટલાક પરિવારમાં કોઈ એક ગ્રંથ, કોઈ એક વ્યક્તિ અથવા આખો પરિવાર મળીને એ ગ્રંથને તાડપત્ર ઉપર લખવાનો નિયમ લે છે કે આવતી જેઠ શ્રુતપંચમી સુધીમાં આપણે આ શાસ્ત્ર લખવું. એવી રીતે સેંકડો શાસ્ત્રો તાડપત્રી ઉપરના હસ્તલિખિત ત્યાં ઘરેઘરમાં તૈયાર થાય છે. અનેક ઘરોમાં, અનેક પરિવારોમાં. ત્યાં તાડપત્ર પણ સુલભ છે. કેમકે ત્યાં તાડી ઘણી થાય છે. અને લખવાના જે સાધનો છે, તાડપત્ર ઉપર લખવા માટે લોઢાની સળી જેવું આવે છે. અણીદાર સોઈ જેવું. એમાં ખાડો પડી જાય. લખતી વખતે એમાં ખાડો પડી જાય. ભૂંસાય નહિ. અને તાડપત્રનું આયુષ્ય પણ સારામાં સારા કાગળના આયુષ્ય કરતાં વધારે લાંબુ છે. સારામાં સારો કાગળ દસ્તાવેજ માટે વપરાય છે. મકાનોના દસ્તાવેજ કરે છે ને ? એની જરૂર લાંબા ગાળા સુધી પડે. એને

Bondpaper કહે છે. અને લગભગ ૨૦૦ વર્ષનું આયુષ્ય એનું ગણાય છે. ૨૦૦ વર્ષ સુધી સાવ ખલાસ ન થાય. જીર્ણ તો થઈ જાય પણ ખલાસ ન થાય. તાડપત્રમાં આજે બે-બે હજાર વર્ષ સુધી ૨૫૦૦ વર્ષ સુધીના તાડપત્રી ઉપરના ગ્રંથો આજે પણ ઠીક સારી સ્થિતિમાં જોવા મળે છે. સાચવ્યા હોય તો. એટલે કાગળ કરતાં તાડપત્રની Durability જેને કહેવાય, ટકાવશક્તિ એ વધારે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ ? એવી કોઈ પ્રક્રિયા હશે વધારે ટકાઉ બનાવવા માટે. એટલે નકલ કરવાનું કારણ એ પણ છે કે લખનારને અધ્યાત્મશાસ્ત્ર લખે તો અધ્યાત્મરસનું પોષણ મળે એ કારણે પણ શાસ્ત્ર લખવાની પદ્ધતિ, નકલ કરવાની પદ્ધતિ હોય છે.

'ગુરુદેવે' પોતાના જમાનામાં 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો સાતમો અધિકાર હાથે લખી લીધો હતો. સાતમો અધિકાર એમણે હાથે લખી લીધો હતો. કેમકે મિથ્યાત્વનું પ્રકરણ છે ને ? જૈનાભાસી મિથ્યાદૃષ્ટિનું પ્રકરણ છે. આ રીતે જૈનોને પણ મિથ્યાત્વ થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા હોય એ જૈનની વાત છે, હોં ! ઓલા સ્થાનકવાસી, શ્વેતાંબરની વાત નથી. દિગંબર જૈનો છે એને પણ મિથ્યાત્વનું કારણ થાય છે તો કેવી રીતે થાય છે ? પ્રયોજનભૂત હોવાથી લખી લીધેલું.

**પત્રાંક-૯૦૮**

**મુંબઈ, માહ વદ ૧૪, મંગળ, ૧૯૫૬**

**જણાવતાં અતિશય ખેદ થાય છે કે સુજ્ઞ ભાઈશ્રી કલ્યાણજીભાઈ (કેશવજી)એ આજે બપોરે, પંદરેક દિવસની મરડાની કસરમાં તે નામવર્તી દેહપર્યાય છોડ્યો છે.**

૯૦૮. એ પણ 'અંબાલાલભાઈ' ઉપરનો છે. ૯૦૭, ૯૦૮, ૯૦૯, ૯૧૦ બધા 'અંબાલાલભાઈ' ઉપરના પત્રો છે. '**જણાવતાં અતિશય ખેદ થાય છે કે સુજ્ઞ ભાઈશ્રી કલ્યાણજીભાઈ...**' અને કૌંસમાં એને 'કેશવજીભાઈ' કહેતા હશે. '**એ આજે બપોરે, પંદરેક દિવસની મરડાની કસરમાં તે નામવર્તી દેહપર્યાય છોડ્યો છે.**' મૃત્યુ થયું છે એમ નથી લખ્યું. એ નામવર્તી-એ નામથી એ ઓળખાતા હતા એવા દેહની પર્યાયનો એમણે ત્યાગ કર્યો છે. એમનો દેહ છૂટી ગયો છે. એ ખેદજનક છે એ 'અંબાલાલભાઈ'ને લખ્યા છે.

પત્રાંક-૯૦૯

ધર્મપુર, ચૈત્ર સુદ ૮, શનિ, ૧૯૫૬

ૐ

**જો 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' અને 'સમયસાર'ની પ્રતો લખાઈ રહી હોય તો અત્રે મૂળ પ્રતો સાથે મોકલાવશો. અથવા મૂળ પ્રતો મુંબઈ મોકલાવશો અને ઉતારેલી પ્રતો અત્રે મોકલાવશો. પ્રતો ઉતારતાં હજુ અધૂરી હોય તો ક્યારે પૂર્ણ થવાનો સંભવ છે તે જણાવશો. શાંતિઃ**

૯૦૯. **'જો 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' અને 'સમયસાર'ની પ્રતો લખાઈ રહી હોય તો અત્રે મૂળ પત્રો સાથે મોકલાવશો. અથવા મૂળ પ્રતો મુંબઈ મોકલાવશો...'** એ પોતે 'ધર્મપુર' આવ્યા છે. અહીંથી એમની તબિયત જરા 'મુંબઈ'માં ખરાબ થયેલી એટલે આરામ માટે, હવાફેર માટે જેને કહીએ એ 'ધર્મપુર' આવ્યા છે. 'ધર્મપુર'માં એમના જે વેવાઈ બન્યા હતા એમને ત્યાં ઉતરવાનું થયું હતું. ત્યાં એ કોઈ સરકારી ખાતામાં Engineer હતા. એટલે ત્યાં 'ધર્મપુર'માં મહિનો-દોઢ મહિનો રહ્યા છે. ચૈત્ર મહિનામાં આવ્યા છે ને ? એ ક્યાં સુધી છે ? 'ધર્મપુર'માં ચૈત્ર વદ છઠ, ચૈત્ર વદ તેરશ. ચૈત્ર વદ તેરશ સુધી છે. મહિનો દાડો લગભગ છે ત્યાં. મહા વદ ચૌદશે 'મુંબઈ'થી પત્ર છે. ચૈત્ર સુદમાં આવ્યા છે એટલે આખો ચૈત્ર મહિનો લગભગ 'ધર્મપુર'માં રોકાણા છે. 'ધર્મપુર' આવ્યું અહીંયાં ઉત્તર ગુજરાતમાં 'પેટલાદ' પાસે. 'પેટલાદ'થી 'વાસદ' બાજુ જતાં રસ્તામાં આવે છે.

મુમુક્ષુ :- 'ધર્મજ' છે એ જુદું ?

પૂજ્ય ભાઈશ્રી :- એ જુદું, એ જુદું. 'ધર્મજ' છે એ 'ખંભાત' પાસે છે અને આ 'પેટલાદ' પાસે છે. 'બોરસદ' અને 'પેટલાદ'ની વચ્ચે છે. એટલે પ્રતો કરવાનું, પહેલાં નકલ કરવાના આ બે શાસ્ત્રોની વાત થઈ હશે એ થઈ ગઈ હોય તો મૂળ અને નકલ બંને, અસલ અને નકલ બંને મોકલવા માટે એમણે સૂચના કરી છે.

**'પ્રતો ઉતારતાં હજુ અધૂરી હોય તો ક્યારે પૂર્ણ થવાનો સંભવ છે તે જણાવશો.'** એટલે કે એમાં બહુ મોડું કરતા નહિ. સામાન્ય રીતે આવા કામમાં એટલા માટે મોડું નથી કરવાનો અભિપ્રાય હોતો કે નકલ થાય તો બીજા કોઈ જીવને એ નકલ વાંચવાનો ઉપયોગ થાય અને એ બીજાને ઉપયોગમાં આવે એ ચીજમાં મોડું ન થાય તે ઇચ્છનીય છે. એ અભિપ્રાયથી એ વાત છે. **'શાંતિઃ'** ૐ શાંતિ.

**પત્રાંક-૯૧૦**

**ધર્મપુર, ચૈત્ર સુદ ૧૧, મંગળ, ૧૯૫૬**

**શ્રી 'સમયસાર' અને 'કાર્તિકેયાનુપ્રેક્ષા' મોકલવા વિષેનું પત્ર મળ્યું હશે.**

**આ પત્ર સંપ્રાપ્ત થતાં અત્ર આવવાની વૃત્તિ અને અનુકૂળતા હોય તો આજ્ઞાનો અતિક્રમ નથી.**

**તમારી સાથે એક મુમુક્ષુ ભાઈનું આવવાનું થતાં પણ આજ્ઞાનો અતિક્રમ નહીં થાય.**

**જો 'ગોમ્મટસારાદિ' કોઈ ગ્રંથ સંપ્રાપ્ત હોય તો તે અને 'કર્મગ્રંથ', 'પદ્મનંદી પંચવિંશતિ', 'સમયસાર' તથા 'શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષાદિ' ગ્રંથો અનુકૂળતાનુસાર સાથે રાખશો. શાંતિઃ**

૯૧૦ પત્ર. '**શ્રી 'સમયસાર' અને 'કાર્તિકેયાનુપ્રેક્ષા' મોકલવા વિષેનું પત્ર મળ્યું હશે.**' એટલે એમણે ચૈત્ર સુદ આઠમે લખેલું છે. અગ્યારસે પાછો ફરીને Reminder આપ્યો છે કે તમને ત્રણ દિવસ પહેલાં લખ્યું હતું એટલે એ પત્ર તમને મળી ગયો હશે. '**આ પત્ર સંપ્રાપ્ત થતાં અત્ર આવવાની વૃત્તિ અને અનુકૂળતા હોય તો આજ્ઞાનો અતિક્રમ નથી.**' ત્યાંથી 'ખંભાત'થી આ બહુ દૂર નથી. આ 'ખેડા' જિલ્લામાં છે અને પેલું 'આણંદ' જિલ્લામાં છે. બાજુ બાજુમાં જ છે. તો તમને અહીંયાં આવવાની છૂટ છે. ખુશીથી તમે 'ધર્મપુર' આવશો.

'**તમારી સાથે એક મુમુક્ષુ ભાઈનું આવવાનું થતાં પણ આજ્ઞાનો અતિક્રમ નહીં થાય.**' એકના બદલે બે જણા આવો તો પણ ઠીક વાત છે, કાંઈ વાંધો નથી. '**જો 'ગોમ્મટસારાદિ' કોઈ ગ્રંથ સંપ્રાપ્ત હોય તો તે અને 'કર્મગ્રંથ', 'પદ્મનંદી પંચવિંશતિ', 'સમયસાર' તથા 'શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષાદિ' ગ્રંથો અનુકૂળતાનુસાર સાથે રાખશો...**' આટલા ગ્રંથોમાં જેટલા ગ્રંથોની અનુકૂળતા હોય એટલી તમે સાથે લેતા આવજો.

**પત્રાંક-૯૧૧**

**ધર્મપુર, ચૈત્ર સુદ ૧૩, ૧૯૫૬**

**'અષ્ટપ્રાભૃત' ના ૧૧૫ પાનાં સંપ્રાપ્ત થયાં.**

**સ્વામી વર્ધમાન જન્મતિથિ.**

**શાંતિ**

૯૧૧ છે એ 'મુનિશ્રી લલ્લુજી' ઉપરનો છે. ૯૧૧ અને ૯૧૨ બંને. ''**અષ્ટપ્રાભૃત'ના ૧૧૫ પાનાં સંપ્રાપ્ત થયાં. સ્વામી વર્ધમાન જન્મતિથિ.**' ચૈત્ર સુદ તેરશ છે ને ? એટલે ભગવાન 'મહાવીરસ્વામી'નો જન્મકલ્યાણક દિન છે. એ તિથિ નાખી છે.

**પત્રાંક-૯૧૨**

**ધર્મપુર, ચૈત્ર વદ ૧, ૧૯૫૬**

**ૐ**

**'ધન્ય તે મુનિવરા જે ચાલે સમભાવે રે,**
**જ્ઞાનવંત જ્ઞાનીશું મળતાં તનમનવચને સાચા,**
**દ્રવ્યભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા રે.**
**ધન્ય તે મુનિવરા, જે ચાલે સમભાવે રે.'**

**પત્ર સંપ્રાપ્ત થયાં હતાં.**

**એક પખવાડિયા થયાં અત્ર સ્થિતિ છે.**

**શ્રી દેવકીર્ણાદિ આર્યોને નમસ્કાર પ્રાપ્ત થાય. સાણંદ અને અમદાવાદનાં ચાતુરોમાસની વૃત્તિ ઉપશાંત કરવા યોગ્ય છે અને એમ જ શ્રેયસ્કર છે.**

**ખેડાની અનુકૂળતા ન હોય તો બીજાં યોગ્ય ક્ષેત્ર ઘણાં સંપ્રાપ્ત થવા યોગ્ય છે. હાલ તેમનાથી અનુકૂળતા રહે એમ કર્તવ્ય છે.**

**બાહ્ય અને અંતર સમાધિયોગ વર્તે છે.**

**પરમશાંતિઃ**

૯૧૨.

**'ધન્ય તે મુનિવરા જે ચાલે સમભાવે રે,**
**જ્ઞાનવંત જ્ઞાનીશું મળતાં તનમનવચને સાચા,**
**દ્રવ્યભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા રે.**
**ધન્ય તે મુનિવરા, જે ચાલે સમભાવે રે.'**

કોનું પદ છે જોયું છે ? મુનિદશા માટે વાત લખી છે. 'યશોવિજયજી'નું છે ?

મુમુક્ષુ :- .. રહસ્ય સીમંધર જિન સ્તવન

પૂજ્ય ભાઈશ્રી :- 'યશોવિજયજી'નું. 'યશોવિજયજી'ની રચના છે.

તે મુનિવરો ધન્ય છે કે જે સમભાવે ચાલે છે. ચાલતાં પણ જેનો સમભાવ છે.

સમભાવમાં રહીને ચાલે છે. પોતાના જ્ઞાયકભાવમાં રહીને ચાલે છે. '**જ્ઞાનવંત જ્ઞાનીશું મળતાં તનમનવચને સાચા.**' અને મન-વચન-કાયા બધામાં સત્યપણું છે, સરળપણું છે. '**દ્રવ્યભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા રે.**' દ્રવ્યે અને ભાવે જે અમૃત જેવી વાણી છે તે ધન્ય મુનિવરો છે કે જે સમભાવે ચાલે છે. મુનિદશાના વર્ણનની એક કડી લખી છે.

'**પત્ર સંપ્રાપ્ત થયાં હતા. એક પખવાડિયા થયાં અત્ર સ્થિતિ છે.**' એટલે બરાબર. ચૈત્ર સુદ એકમે આવ્યા છે. અહીંયાં લગભગ આખો ચૈત્ર મહિનો રોકાણા છે. એક પખવાડિયુ એટલે પંદર દિવસ થયા. ચૈત્ર વદ એકમે એમ લખે છે કે પંદર દિવસથી અહીંયાં સ્થિતિ છે. '**શ્રી દેવકીર્ણાદિ આર્યોને નમસ્કાર પ્રાપ્ત થાય.**' જુઓ ! આર્ય શબ્દ વાપર્યો છે. '**દેવકીર્ણાદિ આર્યોને નમસ્કાર પ્રાપ્ત થાય.**' એટલે આટલી વાતનું અનુસંધાન આવી જાય છે ને ?

'**સાણંદ અને અમદાવાદનાં ચાતુર્માસની વૃત્તિ ઉપશાંત કરવા યોગ્ય છે અને એમ જ શ્રેયસ્કર છે.**' ત્યાં સામાજિક વિરોધનું જે કારણ હતું એ પરિણામ હવે છોડી દેવા. કેમકે એ તો ચાતુર્માસ પણ પૂરા થઈ ગયા અને વિહાર પણ કરી નાખ્યો. '**ખેડાની અનુકૂળતા ન હો તો બીજાં યોગ્ય ક્ષેત્ર ઘણાં સંપ્રાપ્ત થવા યોગ્ય છે.**' એટલે 'ખેડા'માં પણ વિરોધ હોય તો કોઈ બીજા ક્ષેત્રમાં જવું. '**હાલ તેમનાથી અનુકૂળતા રહે એમ કર્તવ્ય છે. બાહ્ય અને અંતર સમાધિયોગ વર્તે છે.**' અમને તો અંતર-બાહ્ય સમાધિયોગ વર્તે છે. અમે તો અમારા આત્મામાં બરાબર રહીએ છીએ. '**પરમશાંતિઃ**' આ દિવસોમાં તબિયત અસ્વસ્થ છે. અંતર-બાહ્ય સમાધિયોગ છે અને પરમશાંતિ છે.

**પત્રાંક-૯૧૩**

**ધર્મપુર, ચૈત્ર વદ ૪, બુધ, ૧૯૫૬**

**પત્ર સંપ્રાપ્ત થયું. અત્ર સમાધિ છે.**

**અકસ્માત્ શારીરિક અશાતાનો ઉદય થયો છે અને તે શાંત સ્વભાવથી વેદવામાં આવે છે એમ જાણવામાં હતું, અને તેથી સંતોષ પ્રાપ્ત થયો હતો.**

**સમસ્ત સંસારી જીવો કર્મવશાત્ શાતા-અશાતાનો ઉદય અનુભવ્યા જ કરે છે. જેમાં મુખ્યપણે તો અશાતાનો જ ઉદય અનુભવાય છે. ક્વચિત્ અથવા કોઈક દેહસંયોગમાં શાતાનો ઉદય અધિક અનુભવાતો જણાય છે,**

પણ વસ્તુતાએ ત્યાં પણ અંતરદાહ બળ્યા જ કરતો હોય છે. પૂર્ણ જ્ઞાની પણ જે અશાતાનું વર્ણન કરી શકવા યોગ્ય વચનયોગ ધરાવતા નથી, તેવી અનંત અનંત અશાતા આ જીવે ભોગવી છે, અને જો હજુ તેનાં કારણોનો નાશ કરવામાં ન આવે તો ભોગવવી પડે એ સુનિશ્ચિત છે, એમ જાણી વિચારવાન ઉત્તમ પુરુષો તે અંતરદાહરૂપ શાતા અને બાહ્યાભ્યંતર સંક્લેશઅગ્નિરૂપે પ્રજ્વલિત એવી અશાતાનો આત્યંતિક વિયોગ કરવાનો માર્ગ ગવેષવા તત્પર થયા, અને તે સન્માર્ગ ગવેષી, પ્રતીત કરી, તેને યથાયોગ્યપણે આરાધી, અવ્યાબાધ સુખસ્વરૂપ એવા આત્માના સહજ શુદ્ધ સ્વભાવરૂપ પરમપદમાં લીન થયા.

શાત-અશાતાનો ઉદય કે અનુભવ પ્રાપ્ત થવાનાં મૂળ કારણોને ગવેષતા એવા તે મહત્ પુરુષોને એવી વિલક્ષણ સાનંદાશ્ચર્યક વૃત્તિ ઉદ્‌ભવતી કે શાતા કરતાં અશાતાનો ઉદય સંપ્રાપ્ત થયે અને તેમાં પણ તીવ્રપણે તે ઉદય સંપ્રાપ્ત થયે તેમનું વીર્ય વિશેષપણે જાગ્રત થતું, ઉલ્લાસ પામતું, અને તે સમય કલ્યાણકારી અધિકપણે સમજાતો.

કેટલાક કારણવિશેષને યોગે વ્યવહારદૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય ઔષધાદિ આત્મમર્યાદામાં રહી ગ્રહણ કરતા, પરંતુ મુખ્યપણે તે પરમ ઉપશમને જ સર્વોત્કૃષ્ટ ઔષધરૂપે ઉપાસતા.

ઉપયોગ લક્ષણે સનાતનસ્ફુરિત એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી, તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધદશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી, જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ, દેહાદિથી ભિન્ન અને સ્વરૂપમર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી પરમ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે તેથી ઉપરામ થઈ, જેમ ઉપશમિત થવાય, તે ઉપયોગમાં અને તે

**સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવા યોગ્ય છે. મહાત્માઓની વારંવાર એ જ શિક્ષા છે.**

**તે સન્માર્ગને ગવેષતા, પ્રતીત કરવા ઈચ્છતા, તેને સંપ્રાપ્ત કરવા ઈચ્છતા એવા આત્માર્થી જનને પરમવીતરાગસ્વરૂપ દેવ, સ્વરૂપનૈષ્ઠિક નિઃસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ, પરમદયામૂળ ધર્મવ્યવહાર અને પરમશાંત રસ રહસ્ય વાક્યમય સત્શાસ્ત્ર,સન્માર્ગની સંપૂર્ણતા થતાં સુધી પરમભક્તિ વડે ઉપાસવા યોગ્ય છે; જે આત્માના કલ્યાણનાં પરમ કારણે છે.**

**અત્ર એક સ્મરણ સંપ્રાપ્ત થયેલી ગાથા લખી અહીં આ પત્ર સંક્ષેપીએ છીએ.**

**भीसण नरयगईए, तिरिगईए कुदेवमणुगईए;**
**पत्तोसि तिव्व दुःखं, भावहि जिणभावणा जीव.**

**ભયંકર નરકગતિમાં, તિર્યંચગતિમાં અને માઠી દેવ તથા મનુષ્યગતિમાં હે જીવ ! તું તીવ્ર દુઃખને પામ્યો, માટે હવે તો જિનભાવના (જિન ભગવાન જે પરમશાંત રસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમશાંતસ્વરૂપ ચિંતવના) ભાવ-ચિંતવ (કે જેથી તેવાં અનંત દુઃખોનો આત્યંતિક વિયોગ થઈ પરમ અવ્યાબાધ સુખસંપત્તિ સંપ્રાપ્ત થાય.)**

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

૯૧૩ પત્ર પણ 'ધર્મપુર'થી લખેલો છે. ઠીક ! આ પત્રમાં ઘણો અધ્યાત્મનો વિષય લીધો છે એમણે. '**પત્ર સંપ્રાપ્ત થયું. અત્ર સમાધિ છે.**' 'વનમાળીભાઈ ઉમેદરામ' કરીને 'ગોધાવી'ના એક મુમુક્ષુ છે. બહુ યોગ્ય-લાયક મુમુક્ષુ છે એમ પત્ર જોતાં લાગે છે. એટલે વિષય પણ પત્રનો સારો આવ્યો છે અને એ 'વનમાળીભાઈ'ને પોતાને પણ કોઈ ઓચિંતો રોગ આવ્યો છે અને રોગનો ઉદય થવા છતાં પણ પરિણામ બહુ સારા રહ્યા છે. તેથી પોતે પણ સંતોષ વ્યક્ત કર્યો છે.

પહેલાં જ એ વાત લખી છે કે '**અકસ્માત્ શારીરિક અશાતાનો ઉદય થયો છે...**' એમકે તમને ઓચિંતો '**શારીકિ અશાતાનો ઉદય થયો છે...**' અકસ્માત્ એટલે ઓચિંતો. આગળ-પાછળ કાંઈ કારણ વગર કોઈ સીધો જ રોગ ચાલુ થઈ ગયો હોય.

**'અને તે શાંત સ્વભાવથી વેદવામાં આવે છે એમ જાણવામાં હતું,...'** અને તમે એ ઉદયના કાળમાં ઘણી શાંતિ રાખી છે. તમારા પરિણામને તમે વધારે બગાડ્યા નથી. **'અને તેથી સંતોષ પ્રાપ્ત થયો હતો.'** એ સમાચાર અમને મળ્યા હતા. કોઈએ વાત કરી હશે કે લખી હશે. એ ભાઈને મોટો રોગનો હુમલો આવ્યો છે પણ બહુ શાંતિથી એ ઉદયને વેદે છે. એટલે એમને સંતોષ થયો હતો કે સારી વાત છે. મુમુક્ષુ યોગ્ય ભૂમિકામાં પણ એટલા પરિણામને બગાડવા દેતા નથી.

હવે એના ઉપર બહુ સરસ વાત કરી છે કે મુમુક્ષુજીવને અશાતાનો ઉદય આવે એટલે રોગ થાય તો, કંઈ પ્રતિકૂળતા થાય તો એના પરિણામ યથાર્થપણે કેવા રહેવા જોઈએ કે કેવા હોવા જોઈએ એ ઉપર બહુ સારો વિષય અહીંયાં લીધો છે. **'સમસ્ત સંસારી જીવો કર્મવશાત્ શાતા-અશાતાનો ઉદય અનુભવ્યા જ કરે છે.'** વેદનીની પ્રકૃતિ કાં શાતાની હોય કાં અશાતાની હોય. તમામ સંસારી જીવોને આ ઉદય તો ચાલુ જ રહે. આઠેય કર્મનો ઉદય ચાલુ હોય છે ને ? એટલે વેદનીનો ઉદય પણ ચાલુ હોય છે. અને એમાં અશાતા વેદનીનો હોય અને શાતા વેદનીનો. બે જ પ્રકાર છે. તો એ બંનેનો ઉદય પૂર્વકર્મવશાત્ સમસ્ત સંસારી જીવોને અનુભવ થયા જ કરે છે.

**'જેમાં મુખ્યપણે તો અશાતાનો જ ઉદય અનુભવાય છે.'** શાતા ગૌણ થઈ જાય છે અને કોઈને કાંઈ... કોઈને કાંઈ... કોઈને કાંઈ... કોઈને કાંઈ.. કાંઈને કાંઈ અશાતા ચાલતી હોય છે. બહુ સારું તંદુરસ્ત શરીર દેખાતું હોય એને પૂછો કે કેમ તમારે તો કોઈ તકલીફ નથી ને ? તો કહેશે, ના. અમુક તો છે. એમ કહેશે. આમ તો થાય છે. થોડી કોઈ પ્રતિકૂળતા પાસે બધી અનુકૂળતા ગૌણ થઈને આ મટે તો સારું, આ ન હોય તો સારું એ પ્રકારના પરિણામ સામાન્ય રીતે જીવોના ચાલે છે.

**'જેમાં મુખ્યપણે તો અશાતાનો જ ઉદય અનુભવાય છે. ક્વચિત્ અથવા કોઈ દેહસંયોગમાં...'** કોઈ જીવને. બધા સોએ સો ટકા નથી લેતા. કેમકે એવું પણ બને કે કોઈને ન પણ રોગ હોય. પણ એવો તો કો'ક જ નીકળે. ક્યારેક જ અને કોઈકને જ. એમ કહે છે. **'દેહસંયોગમાં શાતાનો ઉદય અધિક અનુભવાતો જણાય છે,..'** વિશેષપણે જીવન દરમ્યાનમાં શાતાનો ઉદય હોય એવો તો કોઈક જ હોય છે. બાકી શાતા-અશાતા બંને આવે છે. એમાં અશાતા વધારે આવે છે. પણ શાતા વધારે હોય એવો કો'ક હોય છે. પણ વસ્તુતાએ જ્યાં શાતાનો ઉદય હોય ત્યાં **'વસ્તુતાએ ત્યાં પણ અંતરદાહ બળ્યા જ કરતો હોય છે.'** કેમકે દૃષ્ટિ પોતા ઉપર નથી, દૃષ્ટિ બહાર છે એટલે બીજાનું જોઈને પણ જીવ બળ્યા જ કરતો હોય છે. આને આમ અને મારે આમ નહિ, આને આમ ને મારે આમ નહિ. અને દુનિયામાં શેર ને માથે સવા શેર હોય છે.

એવું નથી હોતું કે હવે મારી આગળ કોઈ નથી એવું કોઈને લાગતું નથી. કોઈને ને કોઈને જોયા જ કરે છે. આને આમ છે, આપણે આમ નથી, આને આમ છે અને આપણે આમ નથી.

સંયોગો કોઈને પૂરા નથી. એનો અર્થ શું છે ? કે સંયોગો બધાને અધૂરા છે. ચક્રવર્તી હોય તોપણ એને સંયોગો અધૂરા જ છે અને ઈન્દ્ર હોય તોપણ એને સંયોગો અધૂરા છે. અજ્ઞાનદશાને લીધે અથવા બાહ્ય દૃષ્ટિને લીધે જીવને અધૂરું પાલવતું નહિ હોવાથી, અધૂરાનું પોષાણ નહિ હોવાથી અને પૂરું જોઈતું હોવાથી એનો અંતરદાહ છે એ ચાલુને ચાલુ રહે છે. બળ્યા જ કરે છે. જીવ અંદરમાં બળ્યા જ કરે છે.

મુમુક્ષુ :- ઈન્દ્ર અને ચક્રવર્તીને પણ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને પણ. એ પણ વધતા વ્યવસાયમાં પ્રવૃત્તિ કરી રહ્યા છે. એવું છે. કોઈ સંસારીજીવને પૂછો કે હવે તારે કાંઈ જોઈતું નથી એવું આવી ગયું બધું ? તો કહે, ના. એકેય નહિ મળે તમને. હવે કાંઈ જોઈતું નથી એવો એક પણ સંસારી તમને નહિ મળે.

**'પૂર્ણ જ્ઞાની પણ જે અશાતાનું વર્ણન કરી શકવા યોગ્ય વચનયોગ ધરાવતા નથી,...'** એ અશાતાના પ્રકરણનો વિચાર કરીએ તો જગતમાં તીવ્રમાં તીવ્ર અશાતા એટલી બધી હોય છે, એટલી બધી... **'અશાતા અનંતવાર આ જીવે પણ ભોગવી છે, અને જો હજુ તેનાં કારણોનો નાશ કરવામાં ન આવે...'** એવી અશાતા ઉત્પન્ન થાય એના કારણોનો હજી પણ નાશ કરવામાં ન આવે **'તો ભોગવવી પડે એ સુનિશ્ચિત છે,...'** તો એવી વેદનામાં ફરીને આવવું પડશે. નિયમબદ્ધપણે આવવું પડશે. એમાંથી છટકી શકાશે નહિ.

**'એમ જાણી...'** એવું વાચારીને. એમ જાણી એટલે એવું વિચારીને **'વિચારવાન ઉત્તમ પુરુષો તે અંતરદાહરૂપ શાતા...'** શાતા કેવી કીધી ? **'અંતરદાહરૂપ શાતા...'** શાતા એકલી ન લીધી. એ તો શરીરની શાતા છે. પણ અંદરમાં અંતરદાહની અશાતા તો ચાલુ જ છે. **'એમ જાણી વિચારવાન ઉત્તમ પુરુષો તે અંતરદાહરૂપ શાતા અને બાહ્યાભ્યંતર સંક્લેશઅગ્નિરૂપે પ્રજ્વલિત એવી અસાતાનો...'** અંદર અને બાહ્ય બંનેમાં પ્રતિકૂળતા હોય તો એને લઈને આ જીવને ક્લેશ થતો હોય અને જેમ અગ્નિથી દાઝે એમ ક્લેશથી જીવ બળતો હોય **'એવી અશાતાનો આત્યંતિક વિયોગ કરવાનો માર્ગ ગવેષવા તત્પર થયા,...'** તે વિચારવાન જીવોએ એમ વિચાર્યું કે આ બંને પ્રકાર અંતરદાહરૂપ શાતા અને અંતર-બાહ્યરૂપ ક્લેશ, આ મટે એનો કોઈ ઉપાય શોધી કાઢવો જોઈએ. એનો અર્થ કે એમની જરૂરિયાત દેખાણી. ગવેષવાનો અર્થ શું છે કે એમની

જરૂરિયાત લાગી કે જીવને સંસારમાં જે દુઃખના કારણો છે એ દુઃખના કારણો કોઈપણ પ્રકારે શાંત કરવા જોઈએ, મટાડવા જોઈએ અને એ મટવાનો ઉપાય શોધી કાઢવો જોઈએ.

મુમુક્ષુ :- અંતરદાહ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કારણ કે બહારમાં શાતા હોય, તંદુરસ્ત શરીર હોય અને અંદરમાં અપેક્ષા વૃત્તિ એટલી બધી હોય કે શરીરની તંદુરસ્તી ઉપર એનું ધ્યાન પણ ન જાય અને અંદરમાં સળગતો હોય. આ જોઈએ ને તે જોઈએ, આ જોઈને તે જોઈએ. એ અંતરદાહરૂપ શાતા છે. બહારમાં શાતા છે પણ અંદરમાં તો બળે છે. અગ્નિની જેમ સળગે છે. આ વિષયમાં 'ગુરુદેવ'ની ભાષા બહુ જોરદાર હતી કે બહારમાં એમ દેખાય કે આ ભાઈને શરીર સારું છે, કુટુંબ બહુ સારું છે, મકાનો, પૈસા, આબરૂ, કીર્તિ, મોટર, ગાડીઓ બધું બહુ સરસ છે. બધું સારું હોય પણ અંદરમાં હોળી સળગતી હોય છે એમ કહેતા હતા.

મુમુક્ષુ :- ઊંઘ આવે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એને ઊંઘ આવે નહિ. એને ઊંઘ આવે નહિ. કેમકે એને ભય છે કે અત્યારે લાગે છે સારું એવું બધું સારું સારું છે પણ કોને ખબર ઘડિકમાં શું થઈ જશે. સંયોગોનો પલટો અથવા અનિત્યતાને લઈને સંયોગોના ફેરફારો એટલા ઝડપી થાય છે કે એ કાંઈ વિચારે એ પહેલાં તો બધું બની જાય છે. ન બનવાનું વિચારે એ પહેલા તો બધું બની જાય છે. અને એનો ભય એને કાળજાને અંદરમાં કોરે છે. અરે..રે..! શું થશે ? ક્યારે શું થશે ? ક્યારે શું થશે ? એમ ને એમ એ ભયમાં ને ભયમાં જીવતા હોય છે.

મુમુક્ષુ :- શાતામાં પણ ભઠ્ઠી અને અશાતાના કારણમાં પણ ભઠ્ઠી.

પૂજ્ય ભાઈશ્રી :- બધું ભઠ્ઠી, ભઠ્ઠી ને ભઠ્ઠી. કેમકે એ ચિંતા જ એને અગ્નિની જેમ શેકે છે. એ ચિંતા રહિત થઈ શકે નહિ અને ચિંતામાં ને ચિંતામાં એ (બળે છે). લોકોને બીજાને સુખી દેખાય પણ એ બિચારો ખરેખર સુખી નથી. એ એની અંતરદાહરૂપ શાતા છે.

એટલે એવું દુઃખ મટાડવા માટે પણ જેઓ એ માર્ગ શોધવા તત્પર થયા, એ દુઃખનો ઈલાજ શોધવા તત્પર થયા અને તે માર્ગને ગવેષ્યો. ગવેષીને એ તો લીન થયા, કહે છે. એવા વિચારવાન જીવોએ એ માર્ગ શોધી કાઢ્યો. '**તે સન્માર્ગ ગવેષી, પ્રતીત કરી,...**' જ્યારે એમને જાણવા મળ્યો ત્યારે એમને વિશ્વાસ આવ્યો, પ્રતીત થઈ. જ્ઞાન અને શ્રદ્ધાન સાથે લીધું. અને '**તેને યથાયોગ્યપણે આરાધી,...**' એટલે

ચારિત્ર લીધું. જ્ઞાન, શ્રદ્ધાન અને ચારિત્ર. એ માર્ગને શોધ્યો, એ માર્ગને પ્રતીત કરી, એ માર્ગનું આરાધન કર્યું અને **'અવ્યાબાધ સુખસ્વરૂપ એવા આત્માના સહજ શુદ્ધ સ્વભાવરૂપ પરમપદમાં લીન થયા.'** એ વિચારવાન ઉત્તમ પુરુષો હતા. જેઓ પોતાના સહજ શુદ્ધ સ્વભાવરૂપ પરમપદમાં લીન થયા એને અહીંયાં ઉત્તમ વિચારવાન પુરુષો કહ્યા છે. એવા જીવને. બાકી એમ ને એમ જે જીવે છે એ તો બધા અનંત જન્મ-મરણને પ્રાપ્ત કરવાવાળા છે. એને કોઈ ઉત્તમપણું કહી શકાય નહિ. વિચારવાનપણું એને કહી શકાય નહિ.

આમ કહીને એક બહુ સરસ વાત એ કરી છે કે જો કોઈ જીવ પોતાને વિચારવાન માનતો હોય તો, પોતે એમ સમજતો હોય કે હું એક વિચારક છું, વિચારવાન જીવ છું તો તેં આ બધો વિચાર કર્યો છે ? કે આ જગતમાં દુઃખનો જ અભાવ થાય એવો કોઈ ઉપાય છે કે નહિ અને એ ઉપાય હું કેવી રીતે સંપ્રાપ્ત કરું ? તે ઉપાય કેવી રીતે મેળવું ? એટલી વિચિક્ષણતા આવે અને એની જરૂરિયાત દેખાય ત્યારે એને સમજવું કે વિચારવાનપણું છે. જો એની જરૂરિયાત ન લાગે, એ વિષયને વિચારે નહિ તો એ વિચારવાનપણું એને પ્રાપ્ત થતું નથી. એને બીજી ભાષામાં અવિચારી જીવો કહી શકાય. જે પોતાના સુખનો વિચાર કરતા નથી, દીર્ઘ દૃષ્ટિએ હવે પછીના અનંત કાળમાં હું ક્યાંય દુઃખી ન થાઉં એવી લાંબી દૃષ્ટિથી જે પોતાના સુખનો વિચાર કરતા નથી એને વિચારવાન નહિ કહેતાં અવિચારી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- સંસારના ડાહ્યા, પાંચ પૂછવા આવે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધી સંસારની ચતુરાઈ છે એ માઠી ગતિનું કારણ છે. એની તો ગતિ પણ સારી હોતી નથી. એવી પરિસ્થિતિ છે. લોકો એને બુદ્ધિશાળી ગણે, લોકો એની સલાહ-સૂચના પૂછે. એને પોતાને પણ એમ હોય કે મને લોકો પૂછવા આવે છે. બીજા કરતાં હું વધારે બુદ્ધિવાળો છું. પણ તારી અધોગતિનો તને વિચાર આવતો નથી એ વધારે બુદ્ધિવાળો કે ઓછી બુદ્ધિવાળો ? શું તને સમજવો ?

'ગુરુદેવે' એક મુમુક્ષુને કીધું હતું. આમ તો ભાગ્યે જ (કહે), વ્યક્તિગત વાત 'ગુરુદેવ' ભાગ્યે જ કરે. પણ કોઈના ઉપર કૃપાના પરિણામ થઈ જાય તો કહી દે. અને કુદરતી એ એકલા હતા. હું જઈ ચડ્યો બરાબર. એ બે વાત કરતા હતા. સાંજે ચર્ચા પહેલાં પંદર-વીસ મિનિટનો ટાઈમ હતો. હજી બધા ચર્ચાના ટાઈમે આવ્યા નહોતા. એમ સાંભળ્યું છે કે તમે બહુ બુદ્ધિવાળા છો. પાંચમાં પુછાવ છો. ક્યાંય પણ કોઈને ઘૂંચ પડી હોય તો એનો ઉકેલ તમે લાવી દ્યો છો. વ્યવહારકુશળ જેને કહેવામાં આવે. બહુ વ્યવહારકુશળ છો તમે. પણ સાચી વાત કહું ? આ આત્માનું ભલું કરી લ્યે ને એ

ડાહ્યો. પોતાના આત્માનું ભલું કરી લ્યે એ ડાહ્યો અને પોતાના આત્માનું ભલું કરવાનુ ચૂકી જાય એ ગાંડો. માટે અવસર આવ્યો છે. આ વાત બધે મળતી નથી. આ વાત બધે મળતી નથી. સંપ્રદાયમાં ક્યાંય છે નહિ. નહિતર તો મૂળ દિગંબર હતા. પણ સંપ્રદાયમાં ક્યાંય છે નહિ. અત્યારે જે અહીંયાં વાત ચાલે છે એ સંપ્રદાયમાં ક્યાંય છે નહિ. તમે ડાહ્યા હોય તો તક ઝડપી લેજો. એમ કહેવું હતું એમને. એટલા શબ્દો નહોતા વાપર્યા. પણ ખરેખર જો તમે ડાહ્યા હોય તો આ તક ઝડપી લેવા જેવી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. અધોગતિ અમથી થાય ? સંસારના કાર્યો જે બધા પાપના પરિણામ છે એને કરવું, કરાવવું, અનુમોદવું એ બધું અધોગતિનું એક જ ફળ છે. એમ છે.

જુઓ ! કેવા સરસ વચનો લખ્યા છે ! '**એમ જાણી વિચારવાન ઉત્તમ પુરુષો તે અંતરદાહરૂપ શાતા અને બાહ્યાભ્યંતર સંકલેશઅગ્નિરૂપે પ્રજવલિત એવી અશાતાનો...**' એ બંનેનો '**આત્યાંતિક વિયોગ...**' આત્યાંતિક વિયોગ એટલે સર્વનાશ. એ '**કરવાનો માર્ગ ગવેષવા તત્પર થયા, અને તે સન્માર્ગ ગવેષી, પ્રતીત કરી, તેને યથાયોગ્યપણે આરાધી,...**' જોયું ! જેમ તેમ નહિ. યથાયોગ્યપણે એનું આરાધન કરી '**અવ્યાબાધ સુખસ્વરૂપ એવા આત્માના સહજ શુદ્ધ સ્વભાવરૂપ...**' કેવો સ્વભાવ છે ? અવ્યાબાધ સુખસ્વરૂપ આત્માનો સ્વભાવ છે. '**એવા આત્માના સહજ શુદ્ધ સ્વભાવરૂપ પરમપદમાં લીન થયા.**' આ પરિણામ કર્યા એમણે. અને એ પરિણામ એ જ એનો ઉપાય છે. એ શ્રદ્ધાએ કરીને, જ્ઞાને કરીને, આચરણે કરીને, પરમપદમાં જ લીન થવા યોગ્ય છે. એ પરિણામ એમણે કર્યા એટલે સંસારના શાતા-અશાતાની બંને વેદનીને ટાળ્યા. એકેય વેદનીને બાંધવાનો પ્રશ્ન રહેતો નથી.

'**શાતા-અશાતાનો ઉદય કે અનુભવ પ્રાપ્ત થવાનાં મૂળ કારણોને ગવેષતા...**' હવે શું છે કે આ એક રોગ છે. શાતા-અશાતા એ જીવને રોગ છે. અને બુદ્ધિવાળો વિચારવાન જીવ તો દરેક વાતના મૂળમાં જાય છે. એને તબીબી ભાષામાં, ડોક્ટરી વિજ્ઞાન Route cause કહેવામાં આવે છે. Route cause કહેવામાં આવે છે. મૂળ કારણ શું ? આ રોગનું મૂળ કારણ શું ? તાવ આવ્યો છે એમ નહિ. શરદી લાગી છે માટે તાવ આવ્યો છે. તો એ શરદીને મટાડવાનો ઉપાય કરે. તાવ આપો આપ જાય. પેટમાં બાદી છે માટે તાવ આવ્યો છે. એ બાદી કાઢે એટલે તાવ આપોઆપ જાય. મૂળમાંથી. ખાલી શરીર તપ્યું છે માટે એની ગરમીને નીચે લાવવાનું Injection આપી દ્યો એમ નહિ. એને મૂળમાંથી કાઢવાની વાત છે. એ બુદ્ધિમાન માણસોનો પ્રયત્નનો

એક પ્રકાર છે કે દરેક વાતના મૂળમાં જાય છે અને મૂળમાંથી એને સમજે છે અને મૂળનો નાશ કરે એટલે આપોઆપ બાકી બધી વાત પાછળની ઠીક થઈ જાય છે.

એટલે '**શાતા-અશાતાનો ઉદય કે અનુભવ પ્રાપ્ત...**' થાય છે. એ એક Result છે-પરિણામ છે એક. એક કાર્ય છે અને એનું કોઈ કારણ હોય છે. એના '**મૂળ કારણોને ગવેષતા એવા તે મહત્ પુરુષોને એવી વિલક્ષણ સાનંદાશ્ચર્યક વૃત્તિ ઉદ્ભવતી કે શાતા કરતા અશાતાનો ઉદય સંપ્રાપ્ત થયે અને તેમાં પણ તીવ્રપણે તે ઉદય સંપ્રાપ્ત થયે તેમનું વીર્ય વિશેષપણે જાગ્રત થતું, ઉલ્લાસ પામતું, અને તે સમય કલ્યાણકારી અધિકપણે સમજાતો.**' આ એક વાત એમણે બહુ સારી લખી છે કે ખરેખર તો સામાન્ય રીતે કોઈપણ પ્રાણી અશાતાના ઉદયથી ડરે છે. એમ વિચારે છે કે મને કોઈ અશાતા ઉત્પન્ન ન થાય તો સારું, મને કોઈ રોગ ન આવે તો સારું. જ્ઞાનીઓ એમ ઈચ્છતા નથી. ઠીક !

એ તો એમ કહે છે કે ફરીને અશાતા ન આવે એના માટેનો કોઈ ઈલાજ કરવો હોય તો અશાતાના ઉદયમાં કરવો જોઈએ. ઠીક ! જે અશાતાનો ઉદય આવવાનો છે એ તો પૂર્વ કર્મકૃત આવવાનો છે. પૂર્વે બાંધેલા કર્મને લઈને આવવાનો છે. હવે જો જીવ એમ ઈચ્છા કરે કે આ ન આવે તો સારું. એથી કાંઈ અટકી જાય નહિ. પણ ન આવે તો સારું એવા પરિણામમાં ફરીને અશાતા કર્મ બંધાય. અને આવે ત્યારે પણ આ મને રોગ ન થયો હોત તો સારું એ પણ ફરીને જ અશાતાનું કર્મ બાંધે. એ રોગ ન થયો હોય તો સારું અને થાય તો હવે જલ્દી મટાડું દવા કરીને એમાં પણ ફરીને અશાતાનું કર્મ બંધાય છે. એમ અશાતાના અણગમામાં જેટલા પ્રકારના પરિણામ થાય છે દવા, દારૂ, વૈદ, Doctor થી માંડીને એ બધા નવીન અશાતા કર્મને બાંધે છે. બે વખતે અશાતા મુખ્યપણે બંધાય છે. એક અશાતાના ઉદયમાં અને એક શાતાના ઉદયમાં. શાતા બહુ પ્રિય લાગે. આપણે તો બહુ સરસ આપણું શરીર છે, ખાઈ શકીએ. સરખાઈનું દાબીએ કાંઈ વાંધો આવે નહિ. અને એ જે રસથી, રસગૃદ્ધિથી જે જીવ આહાર કરે છે અને એની જે મીઠાશ વેદે છે ત્યારે પણ જીવને અશાતા વેદની બંધાય છે. એ એને રોગનું કારણ છે. ભોગે રોગ ભયં. એ જે આહારાદિ પંચેન્દ્રિયના ભોગો છે એ બધા નવા જ રોગનું કારણ છે. સામાન્યપણે. એમાં આહારનો વિશેષ પ્રકાર છે.

મુમુક્ષુ :- અશાતા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અશાતાનો અણગમો એ પણ અશાતા વેદનીનો બંધ કરે છે અને શાતાનો ગમો પણ અશાતા વેદનીનો બંધ કરે છે. માટે મુખ્યપણે જીવોને સંસારમાં અશાતા હોય છે. કહ્યું ને ? કે મુખ્યપણે તો અશાતા જ વર્તે છે. એનું કારણ

કે અશાતા જ જાજી બાંધે છે. શાતા કરતા અશાતાના કર્મને જીવ વધારે બાંધે છે એટલે એનો ઉદય પણ વધારે જોવામાં આવે છે.

મુમુક્ષુ :- રોગ વધી જાય ત્યારે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સનતકુમાર ચક્રવર્તી. સનતકુમાર ચક્રવર્તીનો દાખલો લીધો છે કે નહિ એમણે ? એને પારિણામિકભાવે શાતાની ઇચ્છા કહી છે. દેહની શાતા ઇચ્છવી તો કેટલા પૂરતી ઇચ્છવી ? કે હું મારું ધર્મસાધન, આત્મસાધન, સંયમ આદિ સાધન બરાબર કરી શકું. એમાં કોઈ ક્ષતિ ન પહોંચે. એવા આશયથી માત્ર વિકલ્પ આવે, એવા આશયથી... દેહનું કાંઈ કરી નથી શકતો. એને ખબર છે કે હું કાંઈ કરી શકતો નથી. એ તો બરાબર એને જ્ઞાન હોવું જોઈએ. નહિતર મોટી ભૂલી પડે. છતાં પણ એ એમ ઇચ્છે કે દેહની શાતાથી ધર્મસાધન વિશેષે કરીને કરવામાં ઠીક રહેશે. તો એને ત્યાં પાપબંધ નથી થતો. પરિણામે બંધ છે ને ? તો ત્યાં એને પાપબંધ નથી. તો મુનિરાજ આહાર લે છે, એને પાપબંધ નથી થતો. પણ દેહની અનુકૂળતા ખાતર જેટલા પરિણામ હોય, શારીરિક શાતાની અનુકૂળતા ખાતરના જે પરિણામ હોય એ બધા તો અવશ્ય અશાતા વેદનીને, પાપ પ્રકૃતિને જ બાંધે છે. એમાં તો બીજો કોઈ ઇલાજ નથી.

એ એક પત્ર આવ્યો છે આમાં. પત્ર પણ આવ્યો છે કે જો દેહની વાંછા કરવી તો આટલા પૂરતી જ કરવી. આથી વધારે કરવી નહિ. કે જે દેહે ધર્મસાધન કરી શકાય છે. કેમકે મનુષ્યદેહ છે એમાં ધર્મસાધન વિશેષે કરીને જીવ કરી શકે છે. પશુના દેહમાં એટલું ધર્મ સાધન ન કરી શકે. નારકી અને દેવના દેહમાં પણ એવું ધર્મસાધન ન કરી શકે. એટલા પૂરતી એ વાત છે.

ત્યાં સનતકુમાર ચક્રવર્તીને તો વૈરાગ્ય જ આવ્યો છે કે અરે..રે..! આ એવો વ્યાધિ છે કે કદાચ આયુષ્ય પૂરું થઈ જશે. પણ કોઈ સંજોગોમાં મારું આયુષ્ય વધારે હશે તો વ્યાધિ મટી જશે અને દેહાંત થશે નહિ તો હવે પછીની જિંદગી મુનિદશામાં પસાર કરવી છે. હવે આ સંસાર ભોગવવો નથી. એટલે ચક્રવર્તી હતા તોપણ રાજપાટ છોડી દ્યે છે. એટલો વૈરાગ્ય એમને આવ્યો છે. એ સાચો વૈરાગ આવ્યો છે. એ જે ત્યાગ કર્યો છે એ રીતે.

મુમુક્ષુ :- શાતા ... અશાતા ...

પૂજ્ય ભાઈશ્રી :- .. પરિણામ છે એટલે. વેદની કર્મના ઉદયને અનુસરીને પાપના પરિણામ વેદનીની પાપપ્રકૃતિને બાંધે. સીધું ગણિત છે. વેદનીના ઉદયને અનુસાર, પછી શાતા હો કે અશાતા હો, એને અનુસરીને પાપના પરિણામ થયા તો પાપમાં તો

એક જ પ્રકૃતિ છે અશાતા વેદની. વેદનીની બે પ્રકૃતિ : શુભ પ્રકૃતિ શાતાની અને અશુભ પ્રકૃતિ અશાતાની. એને પાપના પરિણામ થાય તો અશાતા જ બંધાય ને. સીધી વાત છે. એમ છે. પરિણામ પાપના છે માટે. એ કારણ છે.

અહીંયાં એ લેવું છે કે શાતા અને અશાતાના મૂળ કારણમાં, ઉદય આવે છે એનું મૂળ કારણ તો એ છે કે આ જીવે ભૂતકાળમાં એ ભૂલ કરી છે, એ અપરાધ કર્યો છે અને એનો ઉદય આવ્યો છે. પણ હવે જો ભવિષ્યમાં ન બંધાય એમ વિચારવું હોય તો. તેમને તો એ અશાતાના અણગમાને બદલે એમને વિચિત્ર પ્રકારની, વિલક્ષણ પ્રકારની આનંદ અને આશ્ચર્યમય વૃત્તિ ઉત્પન્ન થાય છે કે ચાલો બહુ સરસ થયું. આ અશાતા આવી એ બહુ સારું થયું. આ અશાતાના કાળમાં હું મારા સ્વરૂપમાં સ્થિર રહેવાનો વિશેષ પુરુષાર્થ કરીશ. લીધું ને ?

'**તેમનું વીર્ય વિશેષપણે જાગ્રત થતું,...**' એટલે કે પુરુષાર્થ જાગ્રત થઈ જતો એમનો. આ અશાતાના ઉદયમાં હું મારા પરિણામ બગાડીશ તો નહિ ઊલટાનો હું મારા સ્વરૂપની જાગૃતિમાં વિશેષ રહીશ. કેમકે એ ભિન્નપણું ત્યાં અવલોકવાનો અવસર વિશેષ છે. ત્યાં ભિન્નપણું અવલોકવાનો અવસર વિશેષ છે. એટલે એવા મહાનપુરુષોને તો વિલક્ષણ એટલે જુદાં જ પ્રકારની આનંદ અને આશ્ચર્યસહિતની, સ એટલે સહિતની, આનંદ અને આશ્ચર્યસહિતની વૃત્તિ ઉત્પન્ન થતી. આશ્ચર્ય થાય એવી. પોતાને આશ્ચર્ય થાય કે સહેજે મારી યોગ્યતા એવી છે કે મને અશાતાનું જરાય દુઃખ નથી. હું મારા પ્રયત્નમાં અને પુરુષાર્થમાં બરાબર તત્પર છું.

તે શાતા કરતા અશાતાનો ઉદય પ્રાપ્ત થાય ત્યારે અને તેમાં પણ તીવ્રપણે અશાતાનો ઉદય પ્રાપ્ત થાય ત્યારે. જુઓ ! અશાતા થાય અને વળી વધારે અશાતા થાય ત્યારે તેમનો પુરુષાર્થ વિશેષપણે જાગૃત થતો. આત્માને પોતાના જ્ઞાન સ્વરૂપે અને અશાતાના ઉદયને જ્ઞાનથી ભિન્ન સ્વરૂપે, ભિન્નપણે અનુભવ કરવાનો પુરુષાર્થ જાગૃત થતો. ઉલ્લાસ થતું એટલે જોરથી એ પુરુષાર્થ આવતો હતો. અને એ પ્રકારે તીવ્ર પુરુષાર્થને કારણે તે સમય આત્માના કલ્યાણ માટે બીજા સમય કરતાં અધિકપણે સારો છે એમ સમજાતો. કે આ તો સારું થયું.

જેમ કોઈ માણસ ઘણો શ્રીમંત થઈ જાય તો એમ ઇચ્છે છે કે મારો કોઈ લેણદાર તો હોવો જ ન જોઈએ. ભૂતકાળમાં જ્યારે મારી સ્થિતિ સારી નહોતી ત્યારે અનેક માણસોએ મને મદદ કરેલી. તો એને ગોતી ગોતીને, પકડી પકડીને મદદ દેવા જાય છે કે, ભાઈ ! તમે મને યાદ છે કે એક વખત આટલી મદદ કરેલી. હવે એની સામે વ્યાજ સીખે મારે તમને આટલું પાછું દેવું જોઈએ.

એવી રીતે અશાતાના ઉદયમાં વિશેષપણે પુરુષાર્થમાં આવીને પોતાનું આત્મકલ્યાણ વિશેષ કરી જનારા જીવોને અહીંયાં મહાપુરુષ કહેવામાં આવ્યા છે. તો એને અશાતાનો ઉદય આત્મકલ્યાણમાં નિમિત્ત પડ્યો ખરેખર તો. પ્રતિકૂળતા જ એને આત્મકલ્યાણમાં અનુકૂળ નિમિત્ત થઈ પડી. અને બધા જ્ઞાનીઓનો અને મુમુક્ષુજીવોનો આવા પ્રકારે પ્રયત્ન હોય છે. બીજા પ્રકારે એના પરિણામ બગાડતા નથી. આ એક અશાતાથી આત્માર્થી જીવ કદી પણ ન ડરે એના માટે બહુ સારી વાત અહીંયાં આવી છે. એને ડરવાનો પ્રશ્ન જ નથી. મારી તો આ વિશેષ કલ્યાણની તક છે. જેમ મોસમમાં કમાણી કરી લેવાની હોય એવી રીતે આત્મકલ્યાણ કરવાની મોસમ આવી છે એમ સમજે છે. અને પોતાનું વિશેષ આત્મકલ્યાણ કરી જાય છે.

મુમુક્ષુ :- ચાહીને...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કોઈ કોઈ સાધકો તો ઉદીરણા કરે છે. અહીં સુધી રાખીએ

**દર્શનમોહનો અનુભાગ ઘટે, તેવા અનેકવિધ પરિણામો મુમુક્ષુજીવને થાય છે, તેની યથાર્થતા જ્ઞાનીપુરુષ સમજે છે. અનુભવથી યથાર્થ ક્રમ ઉપર લઈ જવાની સૂઝ તેમને હોય છે. તેથી તેમની આજ્ઞાએ વર્તતાં માર્ગ-પ્રાપ્તિ સુલભ થાય છે. આજ્ઞાંકિતપણું ન હોય તો દર્શનમોહ વધે તેવા પરિણામો સાથે સાથે થતા હોવાથી જીવ માર્ગની સમીપ થતો નથી - જેથી છેવટ મૂંઝાવુ પડે છે, વા મિથ્યા સમતા આવે છે. (અનુભવ સંજીવની-૧૫૨૧)**

**ધ્રુવ તત્ત્વનું નિજાવલંબન અંગેનો તથારૂપ પુરુષાર્થ જ્ઞાનમાં સ્વસંવેદનનો આવિર્ભાવ ઉત્પન્ન કરે છે, અને જ્ઞાનસામાન્યના આવિર્ભાવથી આત્મા નિજ જ્ઞાન સ્વભાવના સ્વતઃ. આલંબનમાં પરિણમી જાય છે-બંન્ને પ્રક્રિયા સમકાળે હોય છે. કથનમાં ક્રમ પડે છે, પરંતુ પરિણમનમાં અવિરોધ અને સમકાળ છે. જ્ઞાનસામાન્યનો આવિર્ભાવ તે સ્વસંવેદનનો આવિર્ભાવ છે, જે જ્ઞાનવિશેષના તિરોભાવપૂર્વક થાય છે. પરિણમનમાં બંન્ને પ્રયોગ થવા યોગ્ય છે. તેથી બંન્ને પ્રકારે ઉપદેશ પ્રવર્ત્યો છે. (અનુભવ સંજીવની-૧૫૨૨)**

## તા. ૧-૧૧-૧૯૯૨, પત્રાંક - ૯૧૩
## પ્રવચન નં. ૪૨૨

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૯૧૩. બીજો Paragraph ચાલે છે. જ્ઞાનદશામાં તો અશાતાનો ઉદય આવતાં જ્ઞાનીપુરુષનો પુરુષાર્થ અને આત્મપ્રત્યયી પરિણામ વધારે ઉગ્રપણે ઉલ્લાસિત થઈને વિશેષ આત્મકલ્યાણ પ્રાપ્ત થાય, અધિક નિર્જરા થાય એ પ્રકારે પ્રવર્તે છે. ઉત્કૃષ્ટ મુમુક્ષુને પણ તદ્નુસાર જ પરિણામ વર્તે છે. જેને તીવ્ર દેહાત્મબુદ્ધિ છે એવા જીવને પરિણામ વધારે બગડે છે અને વધારે અશાતા ઉત્પન્ન થાય એવા નવા કર્મને એ બાંધે છે.

બીજી કોઈ પ્રતિકૂળતાનો ઉદય હોય તો જીવ કોઈને કોઈ રીતે સમાધાન કરી લે છે. નિર્ધનતા આવે તો કોઈ મદદ કરવાવાળું નીકળે એનાથી સમાધાન કરી લે. ભવિષ્યમાં પાછા ફરીને કમાઈ લઈશું એવી આશામાં સમાધાન કરી લે. બીજા કોઈ પ્રકારો જે કોઈ સ્વજન આદિના વિયોગના થાય છે એમાં પણ બીજા સંયોગના અવલંબને એને વિસ્મૃત કરવામાં આવે છે. કાંઈને કાંઈ સમાધાન મેળવી લેવામાં આવે છે.

અશાતાના ઉદયમાં તો પીડાની અંદર પરિણામો એટલા લાગેલા રહે છે કે એનું સમાધાન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો. એટલે વિચારવાન પુરુષોએ એ વિચાર્યું કે આનાથી તો છૂટી શકાતું નથી. વેદનાથી તો છૂટી શકાતું નથી અને એમાં કોઈ મદદ કરી શકતું નથી. પીડા થતી હોય ત્યાં સોનાની લગડીઓ લગાડી દેવામાં આવે કે ઝવેરાતથી શણગારવામાં આવે એટલે પીડા ઓછી થાય ? એનો કોઈ ઉપાય નથી. એ ભોગવ્યે છૂટકો થાય છે. એનાથી છૂટી શકાતું નથી એવી એક પરિસ્થિતિ ઉદયની હોય છે. ત્યારે વિચારવાન પુરુષોએ એ વિચાર્યું કે આનો પણ કોઈ એક ઉપાય તો શોધવો જોઈએ. અને એ ઉપાય આનંદ સાથે આશ્ચર્ય થાય એવો ઉપાય શોધ્યો કે ખરેખર તો આ પ્રસંગ જીવને વધારે આત્મશાંતિ અને આત્મશુદ્ધિનું કારણ થાય એવો છે. આ એક એમની શોધખોળે નવી જ વાત અંદરથી પ્રાપ્ત થઈ, ઉપલબ્ધ થઈ. તેથી જ્ઞાનીને અશાતાનો ભય નથી, આત્માર્થીને પણ અશાતાનો ભય નથી.

આ તપશ્ચર્યાના પરિણામમાં અશાતા થાય છે એ જ્ઞાનદશામાં તો ઉદીરણા કરીને અશાતા લાવવામાં આવે છે. અશાતા નથી થતી તો અશાતાને ઉત્પન્ન કરવામાં આવે છે. અને તે અશાતાની આકુળતા માટે નહિ પણ વધારે શાંતિ ઉત્પન્ન થાય એટલા માટે એ પ્રયોગ કરવામાં આવે છે. એ રીતે તપશ્ચર્યા, બાહ્ય તપશ્ચર્યાનો પ્રકાર છે એને એમ

ને એમ સમજ્યા વિના આકુળતા પરિણામે તપ કરે તો એને નિર્જરા થવાને બદલે અધિક બંધનના પરિણામ થાય.

હવે એમાં ગૃહસ્થને યોગ્ય જે અપવાદ છે એની વાત બે લીટીમાં કરી છે. '**કેટલાક કારણવિશેષને યોગે વ્યવહારદૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય ઔષધાદિ આત્મમર્યાદામાં રહી ગ્રહણ કરતા, પરંતુ મુખ્યપણે તે પરમ ઉપશમને જ સર્વોત્કૃષ્ટ ઔષધરૂપે ઉપાસતા.**' જે જ્ઞાનીઓ છે, મુનિને તો પ્રશ્ન જ નથી રહેતો, ઔષધ ગ્રહણ કરવાનો પ્રશ્ન મુનિને નથી. પછી મુનિરાજને કોઈ આહારમાં ઔષધ ભેળવી દ્યે એ બીજી વાત થઈ ગઈ.

મુમુક્ષુ :- ગૃહસ્થ પોતે બુદ્ધિપૂર્વક ભેળવે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગૃહસ્થ બુદ્ધિપૂર્વક ભેળવે. ગૃહસ્થ છે એ બુદ્ધિપૂર્વક ભેળવે. આહારનો એવો...

મુમુક્ષુ :- એમાં ઉદ્દેશિકપણું નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. ઉદ્દેશપણું નથી. કેમકે એના માટે ઔષધ લાવ્યા નથી ને. બનાવ્યું નથી, એના માટે લાવ્યા નથી. અને એમાં પણ ઉદ્દેશ એ છે કે મુનિરાજનું સ્વાસ્થ્ય સારું રહે તો એ સંયમને મોક્ષમાર્ગને, બાહ્ય સંયમને સારી રીતે પાલન કરી શકે અને એમનું સ્વાસ્થ્ય સારું હોય તો બીજા જીવોને એમના ઉપદેશનો યોગ મળે. સંક્ષેપમાં એ જીવંત મોક્ષમાર્ગ છે. એ જીવંત મોક્ષમાર્ગ અખંડપણે જીવંત મોક્ષમાર્ગ સારી સ્થિતિમાં રહે, મોક્ષમાર્ગ સદાય જીવંત રહે એ ભાવના છે એની પાછળ. દેહાત્મબુદ્ધિની કોઈ ભાવના નથી. એમ છે.

જ્ઞાનદશામાં ગૃહસ્થદશામાં કેટલાક કારણવિશેષના યોગે. કેટલાક કારણવિશેષના યોગે એટલે ? કે જે શરીર ઉપર જ્ઞાનીને પોતાને મમત્વ નથી હોતું એવા જે શરીર ઉપર એના પરિવારવાળાને મમત્વ વધારે હોય છે. એટલે કે જ્ઞાનીના શરીરનું સ્વાસ્થ્ય બગડે અને પરિણામ બગડે પરિવારવાળાના કે મુમુક્ષુઓના પણ બગડે. આમ ન થાય તો સારું, આમ ન હોય તો સારું. અને મુમુક્ષુઓને તો એ લોભ છે કે એમનાથી કોઈ આત્મલાભ થાય. પરિવારવાળાની વાત જુદી છે. એ તો સંસારિક મમત્વ હોય છે. આમને પારમાર્થિક મમત્વ હોય છે. બે પ્રકાર જુદાં જુદાં છે. પણ ઔષધ વગેરે ગ્રહણ કરવાનું દબાણ આવે છે કે આપે આ લેવું જ જોઈએ, આટલું તો તમે લ્યો જ.

એ કોઈ '**કેટલાક કારણવિશેષને યોગે વ્યવહારદૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય...**' પરમાર્થે તો ગ્રહણત્યાગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પણ '**વ્યવહારદૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય ઔષધાદિ...**' પાછા ગમે તે ઔષધ નહિ. ઔષધિમાં પણ ન લેવાય એવા

ઔષધો પણ હોય છે. એવા ઔષધને '**ગ્રહણ કરવા યોગ્ય ઔષધાદિ આત્મમર્યાદામાં...**' એટલે પોતાના પરિણામમાં ભિન્ન રહીને. પોતાની આત્માની મર્યાદામાં રહીને એનાથી લાભ છે, એનાથી મને ઠીક છે, અનુકૂળતા રહેશે એ બુદ્ધિ નથી જેની. એવી '**આત્મમર્યાદામાં રહી ગ્રહણ કરતાં, પરંતુ મુખ્યપણે તે પરમ ઉપશમને જ સર્વોત્કૃષ્ટ ઔષધરૂપે ઉપાસતા.**' એવા કાળમાં પણ પોતાના પરિણામ ઉપશમ પામે એટલે આત્મામાં સમાય એવા પ્રયત્નપૂર્વક જ એ ઔષધને, એ મુખ્ય ઔષધની એ ઉપાસના રહેતી. આ તો ગૌણપણે બાકીની ક્રિયા થાય. મુખ્યપણે તો પોતાના પુરુષાર્થમાં જ રહેતા. એવી એમની અશાતાના પ્રસંગમાં પ્રવર્તના હોય છે. જ્ઞાનીની પ્રવર્તના એ પ્રકારની હોય છે. એ વાત લીધી.

એ વાત જે મુમુક્ષુભાઈને પત્ર લખ્યો છે એના અનુસંધાનમાં, એના વેદનાના પ્રસંગના અનુસંધાનમાં લખ્યું છે. ત્યાર પછી આ જે Paragraph છે એ અધ્યાત્મનો સ્વરૂપ પ્રાપ્તિની વિધિને લગતો Paragraph છે. અને આખા ગ્રંથમાં આ એક Paragraph માં અધ્યાત્મનો વિષય વિશેષ કરીને સૂક્ષ્મ આવ્યો છે. 'કોબા'માં આ પત્ર લીધો હતો. 'કોબા'માં. તમે હતા ને ?

'**ઉપયોગ લક્ષણે સનાતન સ્ફુરિત એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી,...**' ભેદજ્ઞાનની શું વિધિ છે ? કેવી રીતે જુદો પાડવો ? કે ઉપયોગ લક્ષણથી જુદો પાડવો. જુદા પાડવાનું બીજું કોઈ સાધન નથી. જ્ઞાન જ સાધન છે અને જ્ઞાન સિવાય બીજું કોઈ ત્રણકાળમાં સાધન નથી. એ વાત પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ 'પરમાગમસાર'ના ૬૩૭ બોલમાં એ વાત લીધી છે. લક્ષ-લક્ષણની ચર્ચા ઉપરના પ્રવચનો છે. અને ત્રણે કાળે આત્માને ભિન્ન પાડવાનું અને ઓળખવાનું સાધન જ્ઞાન જ છે. બીજું કોઈ નથી. એ વાત ત્યાં લીધી છે.

'**ઉપયોગ લક્ષણે સનાતન સ્ફુરિત...**' સનાતન એટલે ત્રણે કાળે. સ્ફુરિત એટલે એમાંથી ઉપયોગ થયા જ કરે છે. આત્મામાં જ્ઞાનોપયોગનો ઉત્પાદ થયા જ કરે છે. એવો કોઈ સમય નથી કે જેમાં જ્ઞાનના ઉપયોગની ઉત્પત્તિ ન થઈ હોય એવો આત્માને વિષે કોઈ સમય નથી. ત્રણે કાળે '**ઉપયોગ લક્ષણે...**' સ્ફુરિત થતો. સ્ફુરિત થતો એ શબ્દ જરા માર્મિક વાપર્યો છે. ઉપયોગ થાય છે એનું ભાન નથી એમ નથી. સમયે સમયે ઉપયોગ થઈ રહ્યો છે એનું બેભાનપણું છે એમ નથી. મારો આત્મા સદાય ઉપયોગથી સ્ફુરિત થઈ રહ્યો છે. એની મને સ્ફુરણા થાય છે. ઉપયોગ લક્ષણથી મારા સ્વરૂપની સ્ફુરણા થાય છે. સ્ફુરણા થવી એટલે શું ? સાવધાની આવવી. નથી કહેતા ? સારું થયું આ ઓચિંતી વાત સ્ફુરણામાં આવી. આપણે આ કામ મહત્વનું કરવાનું હતું.

નહિતર બાકી રહી જાત. જો આ વાતની સ્ફુરણા ન થઈ હોત તો આ કામ કદાચ ચૂકાઈ જવાત અને ચૂકાઈ જવાત તો નુકસાન થાત. એવી પરિસ્થિતિમાં કોઈ કાર્યની સ્ફુરણા આવે છે ત્યારે કેવી રીતે માણસ અનુભવ કરે છે ? આ એવા ઉપયોગ લક્ષણથી આત્મા સ્ફુરિત થાય છે એમ કહે છે. મહત્ત્વનો પદાર્થ એવો આત્મા, કેવો ? મહા મહિમાવંત એવો આત્મા ઉપયોગ લક્ષણથી સ્ફુરિત થાય છે અને ત્રણે કાળે ઉપયોગ લક્ષણથી સ્ફુરિત થાય છે એવો છે.

**'એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી...'** તૈજસ અને કાર્મણ શરીર છે એ ઇન્દ્રિય જ્ઞાનનો વિષય નથી પણ શ્રુતજ્ઞાન દ્વારા સ્વીકારવામાં આવેલો સંયોગ છે. સર્વજ્ઞદેવની પરંપરામાં જે શ્રુતજ્ઞાન અત્યારે પ્રવર્તમાન છે એમાં તૈજસ અને કાર્મણ શરીરનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. આ દેહ છે એ ઇન્દ્રિયજ્ઞાન ગોચર છે. પણ ત્રણે દેહ છે. તૈજસના પરમાણુ, કાર્મણના પરમાણુ અને ઔદારિક પરમાણુ એ બધાને કર્મનો દેહ અને નોકર્મનો દેહ ગણવામાં આવે છે. સંયોગમાત્ર.

તેનાથી **'ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી,...'** જ્યાં ઉપયોગ લક્ષણથી નિજ સ્વરૂપની સ્ફુરણા થઈ ત્યાં સંયોગમાં રહેલા પુદ્ગલોથી ભિન્નપણે અનુભવ કરવો, અવલોકન કરવું એટલે અનુભવ કરવો એવો એક દૃષ્ટિકોણ સાધ્ય થાય છે. આ એક મહત્ત્વનો વિષય છે. કોઈપણ કાર્યમાં કયા દૃષ્ટિકોણથી તમે કામ કરો છો તેના ઉપર એ કાર્યનું મહત્ત્વ આધારિત છે. કાર્ય તો કાર્ય છે. પણ તમારો દૃષ્ટિકોણ શું છે આ મુખ્ય વાત છે. Doctor operation કરે છે અને દર્દી મરી જાય છે. ચાલુ Operation દર્દી મરી જાય છે. લોહીલુહાણ હાલતમાં હોય. શું દૃષ્ટિકોણ છે ત્યાં ? દર્દીને જીવાડવાના દૃષ્ટિકોણથી છરી ચલાવવામાં આવે છે. એના ઉપર ખૂન આરોપ લગાવી શકાતો નથી કે એને સજા કરવામાં આવતી નથી. આ તો બને છે કે નહિ ? ક્રિયા તો ક્રિયા છે. છરી ચલાવવાની ક્રિયા તો ક્રિયા છે. પણ આની અંદર દૃષ્ટિકોણ શું છે ? મારવાનો દૃષ્ટિકોણ નથી પણ બચાવવાનો દૃષ્ટિકોણ છે. એમ દૃષ્ટિકોણ ઉપર એ કાર્યનું મૂલ્યાંકદન થાય છે કે ખરેખર કાર્ય કેવી રીતે થાય છે.

એમ અહીંયાં ભિન્ન અનુભવ કરવાનો એક દૃષ્ટિકોણ સાધ્ય કરવામાં આવે છે, ભેદજ્ઞાનના પ્રયોગમાં. અને અસ્તિથી એનો ઉપાડ છે. ઉપયોગ લક્ષણે પોતાના આત્મસ્વરૂપની સ્ફુરણા થાય છે કે હું જ્ઞાનમય તત્ત્વ છું, હું જ્ઞાનમય સ્વરૂપે છું. એવા સ્વરૂપને જ્ઞાનમયપણે અનુભવતાં દેહાદિથી ભિન્નપણે અનુભવવાનો એક દૃષ્ટિકોણ છે એમાં સાધ્ય કરેલો હોય છે. આ દૃષ્ટિકોણપૂર્વક આ પ્રયોગ ચાલે છે. એમ ને એમ પ્રયોગ ચાલતો નથી. આ ઉપવાસ આદિ ઉદિરણા તો બીજા પણ કરે છે કે નહિ ?

પણ ત્યાં દષ્ટિકોણ ક્યાં છે ? ત્યાં દેહથી ભિન્ન આત્માને અવલોકવાનો દષ્ટિકોણ હોતો નથી. જેને ભેદજ્ઞાન કરવાની રીત, ભેદજ્ઞાન કરવાની કાર્યપદ્ધતિ હોય એનું આ કામ છે. નહિતર બીજાને એ કામ થતું નથી. બહુ વિધિનો વિષય લીધો છે એમણે.

'**ભિન્ન અવલોકવાની દષ્ટિ સાધ્ય કરી, તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી...**' જુઓ ! લીધું ? વેદકભાવ લીધોદ ? ભેદજ્ઞાનનો પ્રયોગ વ્યાપકતા અને વેદકતા વગર એ પ્રયોગ થતો નથી. '**તે ચૈતન્યાત્મકસ્વભાવ...**' જુઓ ! આત્મકસ્વભાવ એટલે શું લીધું ? સંયોગસ્વભાવ નહિ. ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા છે. તે '**નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી...**' નિરંતર એટલે નિગોદમાં પણ ? અજ્ઞાનીને પણ ? તો કહે, હા. નિરંતર વેદક સ્વભાવવાળો છે. ક્યારેય એનો વેદક સ્વભાવ છે એ મટી ગયો નથી.

વેદનમાં બીજાના વેદનની પહોંચ નથી. બીજાનું વેદન થાય, અશાતાનું વેદન થાય એ આત્મામાં સંભવિત નથી અને શક્ય પણ નથી. ઠીક ! શરીરની વેદના આત્મામાં થાય એ શક્ય જ નથી, એમ કહે છે. આવો વિષય છે. પછી જ્ઞાનીને વેદના ભોગવવી પડે એ વાત ક્યાં રહી ? લોકો એમ સમજે... મુનિરાજને પણ રોગ આવે છે. પૂર્વકર્મના પ્રારબ્ધ કર્મને હિસાબે મુનિદશા હોય, જ્ઞાનદશા હોય અને મહારોગની, મોટા રોગની ઉત્પત્તિ થઈ જાય. તોપણ બીજા એમ જોવે કે આમને અશાતાનો અને પાપનો ઉદય આવ્યો. ખરેખર એ ઉદયને એ પોતાનો માનતા નથી, અનુભવતા નથી. પોતાનો એમ અનુભવતા નથી. માટે બીજાનો આરોપ ત્યાં લાગુ પડતો નથી. પાપનો ઉદય કે પુણ્યનો ઉદય જ્ઞાનીને લાગુ પડતો નથી. કેમકે એ ઉદયથી ભિન્ન પડ્યા છે. જે ઉદયથી ભિન્ન પડ્યા છે એને એનો ઉદય છે એ વાત એના અનુભવ બહારની વાત છે. માટે એ વાત એમને લાગુ પડતી નથી. તો તો પછી દીક્ષા લે એને પાપનો ઉદય ગણવો પડે. કોઈ રાજાને પુણ્યનો ઉદય છે, રાજપાટ છોડે ત્યારે એને પાપનો ઉદય થયો ? ઉદય શબ્દ વાપરવો હોય તો એમને આત્માની પવિત્રતાનો ઉદય છે. શેનો ઉદય છે ? જો ઉદય શબ્દ જ વાપરવાનો આગ્રહ હોય તો પછી ઉદય શું ગણવો ? તો કહે છે, અંદરમાં જે પૂર્ણ પવિત્રતા ભરી છે, આત્મા પૂર્ણ શુદ્ધ છે, પૂર્ણ પવિત્ર છે એ પવિત્રતા પ્રગટ થવાનો ઉદય છે એમના પરિણામમાં. બીજો કાંઈ ઉદય નથી.

મુમુક્ષુ :- નિરાકુળતા એ પુણ્યનો ઉદય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેમકે કષાયની તીવ્રતા પાપનો ઉદય છે, કષાયની મંદતા પુણ્યનો ઉદય છે. એટલે એમાં આકુળતાની તીવ્રતા-મંદતા થાય છે. અહીં તો કહે છે કે પવિત્રતાનો ઉદય છે. આત્માને પવિત્રતાનો ઉદય છે. એટલે જ્ઞાનીને ઉદયવાળા ગણવા

ન જોઈએ, ઉદયવાળા જાણવા ન જોઈએ, સમજવા ન જોઈએ.

'**તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા નિરંતર વેદકસ્વભાવવાળો હોવાથી...**' જુઓ ! જ્ઞાનવેદન એ નિરંતર વેદાય એવો એનો સ્વભાવ હોવાથી, જ્ઞાનસામાન્યમાં જ્ઞાન વેદન નિરંતર ચાલતું હોવાથી, ક્યારે પણ બંધ નહિ રહેતું હોવાથી અને એ વેદન જ્ઞાનીને આવિર્ભુત થયેલું હોવાથી. '**અબંધ દશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી...**' કોઈપણ આત્મા જ્યાં સુધી અબંધ પરિણામને પ્રાપ્ત ન થાય એટલે રાગ અને પર સાથે, દેહ સાથે એકત્વભાવે પરિણમે છે ત્યાં સુધી એ વેદન અધ્યાસિત થઈને શાતા-અશાતાપણે વેદવામાં આવે છે. વેદાય છે જ્ઞાનવેદન અને મિથ્યા અનુભવ કરે છે કે હું અશાતાને વેદુ છું અને એ પીડામાંથી એ બહાર નીકળી શકતો નથી. એકાકાર થઈ જાય.

મુમુક્ષુ :- એ વખતે પણ જ્ઞાનસામાન્યમાં જ એ વેદન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વેદન તો જ્ઞાનસામાન્યમાં છે. કેમકે ત્યાં તો (અન્ય વેદન થઈ) શકતું જ નથી. ... સર્પનો અધ્યાસ છે એ ભયને ઉત્પન્ન કરે છે. દોરડી સર્પ થાતી નથી. એ ભય ખોટો છે એનો. એમ આનું આ દુઃખ છે એ કલ્પનાથી ઉત્પન્ન થયેલું દુઃખ છે.

'ગુરુદેવશ્રી' બહુ સમર્થ દૃષ્ટાંત આપતા હતા કે નરક યોનીમાં અથવા નારકીના જીવોને નારકીના સંયોગોનું દુઃખ નથી, નારકીની અશાતાનું દુઃખ નથી પણ 'આ બધું મને છે' એનું દુઃખ છે. જ્ઞાનીને તો ત્યાં અથવા ત્યાં જેને જ્ઞાન થાય છે, કોઈ જ્ઞાની ત્યાં જાય છે, પૂર્વ કર્મને કારણે પહેલાં આયુષ્ય બાંધી લીધું હોય તો અથવા કોઈ નવા જ્ઞાની ત્યાં ઉત્પન્ન થાય છે એને ત્યાં એ અશાતાનું દુઃખ વેદાતું નથી. એને તો અંતર સુખરસ ગટાગટી. એમ લીધું છે. કેમકે એ મુખ્ય પરિણતિ છે.

અશાતાની પીડા ઉત્પન્ન થાય શરીરમાં અને અશાતા ન વેદાય એનો આ ઉપાય છે, એમ કહે છે. ભલે અશાતાની પીડા ઉત્પન્ન થાય તોપણ મને એ અશાતાનું દુઃખ છે એવો અનુભવ થતો નથી. અશાતા જણાય છે ખરી, હોં ! અશાતા જણાય છે ખરી પણ એનું દુઃખ નથી થતું. આ એક વિચારણીય પ્રશ્ન છે. અશાતા-અશાતાપણે બરાબર હોય છે અને એ જણાય છે કે આ અશાતા મંદ છે અથવા અશાતા તીવ્ર છે એ જણાય છે ખરું. પણ એના દુઃખનો અનુભવ નથી થતો. એનાથી દુઃખ એવો અનુભવ નથી થતો.

મુમુક્ષુ :- મને થાય છે એવો અનુભવ નથી થતો.

પૂજ્ય ભાઈશ્રી :- મને થાય છે એવો અનુભવ નથી થતો. જાણનાર હું એનાથી

ભિન્ન છું એમ અનુભવ થાય છે. એ અશાતાથી જાણનારની સત્તામાં અશાતા નથી. લ્યો ! અશાતાની સત્તામાં જ્ઞાનતત્ત્વ નથી. જાણનાર ભાવ નથી. દ્રવ્ય તો નથી પણ ભાવ પણ નથી.

આમના Accident વખતે એ વિષય લીધો હતો, Ambulance માં ને Hospitalમાં ને બધે. આખી રાત. જુઓ ! અશાતાની સત્તામાં ચૈતન્ય નથી અને ચૈતન્યની સત્તામાં અશાતા નથી. દેહાદિથી ભિન્ન, અશાતાની સત્તાથી ભિન્ન એકલો ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્યપણે જ આખો પ્રવાહ એનો ચાલે છે. એ સિવાય આત્મામાં કાંઈ છે નહિ.

શું કહે છે ? '**તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી...**' ભિન્ન વેદનને ગ્રહણ ન કરે, ભિન્ન વેદનને સંપ્રાપ્ત ન થાય. એ ભિન્ન વેદન કહો કે અબંધદશાની સંપ્રાપ્તિ કહો કે ભિન્ન વેદનની સંપ્રાપ્તિ કહો. '**ત્યાં સુધી શાતા અશાતારૂપ...**' ઐક્ય કરીને દુઃખનો અનુભવ વેદ્યા વિના રહેશે નહિ. એ દુઃખી થશે. નહિતર સુખી થશે. આત્માના વેદનમાં, ભિન્ન વેદનમાં સુખ થશે અને દેહાદિના અભિન્ન અશાતાના વેદનમાં દુઃખ થશે. આ સુખ-દુઃખની ઉત્પત્તિનું મૂળ કારણ આ છે. Route cause જેને કહેવામાં આવે.

દુઃખ નામનો રોગ છે એ ક્યાંથી ઉત્પન્ન થયો ? અશાતામાંથી ? ખોટી વાત છે. એ દેહ સાથે અભિન્નતા કરી એમાંથી ઉત્પન્ન થયો છે. વેદનાને કારણે દુઃખની ઉત્પત્તિ છે નહિ. બીજા સંયોગો તો એથી બધા દૂર છે. શરીરની વેદનાથી બીજી પ્રતિકૂળતાઓ તો દૂર છે પણ વેદના એક એવી છે કે જેનાથી સંસારી પ્રાણીને છૂટવું મુશ્કેલ છે. કહે છે કે એ વખતે પણ સુખનો અનુભવ થઈ શકે છે, બરાબર સુખનો અનુભવ થઈ શકે છે, ચોખ્ખો સુખનો અનુભવ થઈ શકે છે અને ભિન્ન રહીને વેદનાને માત્ર જાણે. પરજ્ઞેય તરીકે જાણે. શરીરની અશાતા પર્યાય તરીકે, પરજ્ઞેય તરીકે જાણે એમ બરાબર અનુભવ થઈ શકે છે.

મુમુક્ષુ :- આટલી સારી ચર્ચા ચાલ્યા પછી સ્મૃતિમાં નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એનું કારણ છે કે ત્યારે તો ઘણી પ્રકિયા તમારા ઉપર ચાલતી હતી. એક તો આ Accident ની તો કેટલીક અસર તો પહોંચે. અબુદ્ધિપૂર્વકની તો પહોંચે, થોડી બુદ્ધિપૂર્વકની પહોંચે. એ સિવાય ઘેનના બહુ ભારે Injection દેવામાં આવતા હતા. સોઈ અડાડે ત્યાં જાગૃતિમાંથી Out થઈ જાય. સીધો નિંદ્રામાં આવે. એમની સ્થિતિ એવી હતી કે એમને કોઈ Injection લાગુ નહોતા પડતા. ફૂલેરામાં પણ આપેલું, ત્યાં 'જયપુર'માં પણ આપ્યું હતું અને ઓલા બાટલા ચડાવ્યા એમાં પણ

Mix કર્યું હતું. લાગુ જ નહોતુ પડતું. અને એક ન્યાયે એમના માટે એ સારી વાત હતી. બરાબર થોડીક સુરતિ હતી કે વાત સાંભળી શકે. એ સાંભળીને એનું Action આવતું હતું. પ્રસન્ન ચિત્તથી એ સાંભળતા હતા. એટલું સાંભળવાનું Reaction હતું. એટલું સારું હતું. ભલે ઘેન ન ચડ્યું તો કાંઈ નહિ. એમ હતું. એટલે સ્મૃતિ ન રહે એ વખતે તો. પછી તો થોડો પુરુષાર્થ જોઈએ. પણ પછી શું થયું કે બીજા જ દિવસથી Treatment લાગુ પડી. તબિયત ઠીક થઈ એટલે બીજા દિવસથી લોકો એટલા મળવા આવતા કે મારી સાથે વાત કરવાનો સમય ઘટી ગયો. હવે એને પ્રતિકૂળતા ગણવી કે અનુકૂળતા ગણવી ? Accident થયો ત્યારે સાંજના સાત વાગ્યાથી પરોઢિયાના ચાર વાગ્યા સુધી. નવ કલાક એકધારો સંગ રહ્યો. અને જ્યાં તબિયત સારી થઈ એટલે પાંચ-દસ Minute પણ વાત કરવાનો Time ન રહ્યો. એટલા માણસો આવે એની સાથે જોડાય જાય. વાત કરતા હોય તો છૂટી જાય. હું બેઠો હોય તો પછી ઓલા આવતા હોય એની સાથે જોડાય જાય. એ વખતે વિચાર આવે કે આ તો આને પ્રતિકૂળતા થઈ કે અનુકૂળતા થઈ ? આમાં ગણવું શું આનું હવે ? હિસાબ કેવો મૂકવો ? કઈ રીતે મૂકવો હવે ? આના કરતા તો કાલ સારુ હતું કે કોઈને ત્યાં આવવા જ નહોતા દેતા. Ward માં મને એક જણને જવા દેતા હતા. એક જણ આવો. તમારું નામ લે છે માટે તમે આવો. બીજા પચાસ જણા બહાર ઊભા હતા. કોઈને અંદર નહોતા આવવા દેતા. પછી પ્રતિકૂળતા એ શરૂ થઈ. પછી ભૂલી જ જાય ને. પછી ક્યાંથી યાદ રહે ? બીજે જ દિવસે ભૂલી ગયા હતા. અત્યારે શું યાદ રહે ? પછી તરત જ બધું ભૂલી ગયા હતા. એવું છે.

એ વખતનું જે મૂલ્ય છે, એ વખતની વિચારધારા સારી એવી ચાલી હોય... વિચારધારા બહુ નહોતી ચાલતી. ઘેનના Injection અને Accident નો જે પરિણામ ઉપર પ્રકાર હતો કે વિચારદશા બહુ વિચારી શકવાની પરિસ્થિતિ નહોતી. પણ એ સાંભળતા હતા એનું Reaction સારું હતું. એટલું જ હતું. જો એ વખતે વિચારદશા વિશેષ હોય તો વિસ્મૃત ન થાય. તો એ વખતે થોડો પુરુષાર્થ વધારે ચાલે. કોઈવાર તો નહિ ધારેલું કામ થઈ જાય. એ બધા એવા અનુકૂળતાના પ્રસંગ છે. કહેવાતા પ્રતિકૂળતાના પ્રસંગ એ એવા અનુકૂળતાના પ્રસંગ છે કે કોઈવાર નહિ ધારેલું કામ થઈ જાય. ... એ જાતની તૈયારી અને યોગ્યતા હોવી જોઈએ.

મુમુક્ષુ :- તૈયારીનો અભ્યાસ આમ હોય તો જ એ વખતે..

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે આત્મા ગમે ત્યારે તૈયાર થાય ને પછી એને વાર નથી. અંદરમાં અનંત શક્તિનો મોટો Atombomb છે. બહુ શક્તિ ભરી છે. એટલી

બધી બેસુમાર શક્તિ ભરી છે કે એક વખત તૈયાર થાય ને તો પછી એને વાર નથી. મૂળ તૈયાર થતો નથી ત્યાં જ બધું અટક્યું છે. એને પોતાને તૈયાર થવાની જરૂર છે કે કર્યે છૂટકો છે. કર્યા વગર રહેવું નથી ને કર્યે જ છૂટકો છે. પછી બધું સુગમ સરળ થઈ પડે છે. નહિતર કઠણ છે.

**'એમ નિશ્ચય કરી,...'** એવું વિચારીને, એવો નિર્ણય કરીને. આ બધું વિચારમાં લઈ લેવું કે જ્યાં સુધી આ આત્મા પોતાના જ્ઞાનવેદનમાં વેદ્યવેદકભાવે પોતાને નહિ વેદે ત્યાં સુધી એને અશાતાની વેદનામાંથી કોઈ છોડાવનાર નથી. દેહની પીડામાંથી કોઈ છોડાવનાર નથી. એને છોડવા માટે આ એક જ ચીજ છે. આ એક જ દવા છે અને એક જ ઔષધી છે. આવો નિર્ણય કરીને... હવે કોને અશાતાની પીડા જોઈએ છે એ કહો. થોડી કે જાજી પીડા કોઈને જોઈએ છે ? કે કોઈ જીવ સંમત કરે નહિ, કોઈ ભોગે સંમત કરે નહિ. કહે છે કે છે, એની એક દવા છે. આખા જગતમાં આ એક જ એની ઔષધિ છે, બીજી કોઈ ઔષધિ નથી. પછી ગમે તે પીડા સામે એ વિજય મેળવી લ્યે. સાતમી નારકીની પીડાને ઉલ્લંઘન કરીને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે. એથી આગળ તો કોઈ પીડા છે જ નહિ.

**'એમ નિશ્ચય કરી,...'** હવે પ્રયોગ કરવો એમ કહે છે. પહેલો આ નિર્ણય કરવો. પછી **'નિશ્ચય કરી, જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે...'** શાતા અને અશાતા એ દેહની પર્યાય છે અને આ જીવ એનો અશુભ પરિણામ વડે સંબંધ કરે છે. મંદ કષાયથી સંબંધ કરે તો શુભ કહેવાય અને તીવ્ર કષાયથી સંબંધ કરે તો અશુભ કહેવાય. શાતાના કાળમાં મંદ કષાયથી સંબંધ કરે છે, અશાતાના કાળમાં તીવ્ર કષાયથી સંબંધ કરે છે.

**'જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે...'** સંબંધ કરનાર તો પરિણામ છે. શાતા-અશાતા આત્મામાં આવતી નથી. એ તો શરીરની પર્યાય છે. એ પરમાણુની પર્યાય પરમાણુમાં હોય છે. જીવ જે શુભાશુભ પરિણામ કરે છે એનાથી એની સાથે એ સંબંધ જોડે છે. **'તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ,...'** શું કહે છે ? ત્યાંથી કાપો. શાતા-અશાતાને ન અડવું હોય તો એને એનો સંપર્ક કરનાર જે રાગાદિ પરિણામ છે એ રાગથી ભિન્ન થઈ જાવ, સીત જ્ઞાનમાં રાગ નથી અને રાગમાં જ્ઞાન નથી. બસ, આ ભેદજ્ઞાનનો પ્રયોગ છે એ બરાબર ઉપયોગ લક્ષણથી વેદનને પકડીને ભિન્ન પડવું જોઈએ.

કહે છે કે એના **'પ્રત્યે ઉદાસીન થઈ,...'** ગૌણ કરીને, શુભાશુભ પરિણામને ગૌણ કરીને, એનાથી ઉપેક્ષિત થઈને. હવે જુઓ આમાં જરા વધારે સૂક્ષ્મતાથી

વિચારીએ તો. જીવના પરિણામમાં જ્ઞાન અને જ્ઞાનવેદન છે. જીવના પરિણામમાં રાગ પણ છે. એક ચારિત્રગુણની પર્યાય છે, એક જ્ઞાનગુણની પર્યાય છે. આ બે ધારાવાહીપણે પરિણામની બે ધારા ચાલે છે. આ પરિણામધારામાં ઊલટો પ્રયોગ જે ચાલે છે એ રાગની અપેક્ષાવૃત્તિએ જ્ઞાનવેદનની ઉપેક્ષાવૃત્તિથી ઊલટો પ્રયોગ ચાલી રહ્યો છે. અવલોકન કરીને નક્કી કરવું. આ વિચારથી કહ્યું. નક્કી કરવું અવલોકન કરીને.

'સુવિધિ'માં એ વાત અમુક જગ્યાએ લીધી છે કે આ વાત અવલોકનથી નિર્ણય કરવો, આ વાત અવલોકનથી સમજવી, આ વાત અવલોકનથી સમજવી. વિચારથી નહિ. વિચારથી તો તરત જ ખ્યાલમાં આવી જશે કે જ્ઞાન ઉપયોગરૂપે પરિણમે છે, જ્ઞાનગુણ છે એ જ્ઞાનશક્તિ છે. ચારિત્રશક્તિ છે એ રાગાદિપણે ધારાવાહી સંસારીક જીવને બે ધારા તો ચાલુ જ છે. હવે આ જીવ રાગની અપેક્ષામાં એવો પડેલો છે કે એને જ્ઞાનની ઉપેક્ષા, જ્ઞાનવેદનની સરાસર ઉપેક્ષા વર્તે છે. કેવી ? પૂરેપૂરી ઉપેક્ષા વર્તે છે.

હવે એમ કહે છે કે પૂરેપૂરો રાગથી ઉપેક્ષિત થઈને, જે જ્ઞાનવેદન છે એ તો નિર્વિકલ્પ જ્ઞાનવેદના છે, લ્યો ઠીક ! એ નિર્વિકલ્પ જ્ઞાનવેદના છે, રાગની અપેક્ષા છોડીને જો વેદવામાં આવે તો શાંતિના ફૂવારા છૂટે એવું છે. આનંદના એમાંથી ફૂવારા છૂટે એવું છે. આ 'ગુરુદેવ'નું વચનામૃત છે 'પરમાગમસાર'માં. આપણે કોઈ કોઈવાર એનો આધાર લીધો છે. ૧૦૦૨ નંબરનું વચનામૃત છે. '**વિકલ્પ વિનાની જ્ઞાનની વેદના...**' શું કહે છે ? કેમકે વેદનમાં વિકલ્પ ન હોય. જે જ્ઞેયાકાર જ્ઞાન છે ત્યાંથી વિકલ્પનો ઉદ્‌ભવ થાય છે. પણ જે જ્ઞાનસામાન્ય છે, જ્ઞાન વેદનારૂપ જે જ્ઞાન છે ત્યાં વિકલ્પને ઉત્પન્ન થવાનો અવકાશ નથી. અવકાશ છે એ સાકાર જ્ઞાનમાં છે, જ્યાં આકૃતિ ઉત્પન્ન થાય છે ત્યાંથી.

અહીંયાં કહે છે કે '**વિકલ્પ વિનાની જ્ઞાનની વેદના કેવી છે, તેનું અંતર્લક્ષ કરવું...**' કેમકે એ અંતરંગ છે. પરિણામનું એ અંતરંગ છે. જે જ્ઞાનાકાર છે એ પરિણામનું જ્ઞાનનું બહિર્‌અંગ છે અને આ જ્ઞાનનુ અંતરંગ છે. '**તેનું અંતર્લક્ષ કરવું...**' લક્ષ કરવું એમ ન લીધું. '**તેનું અંતર્લક્ષ કરવું...**' એટલે શું છે કે જે જ્ઞાનવિશેષમાં જ્ઞેયાકાર થતો હતો ને એ જ જ્ઞાનવિશેષ આ બાજુ આવ્યું. પોતા ઉપર ને પોતા ઉપર આવ્યું. જ્ઞાનસામાન્ય ઉપર આવ્યું. તો જ આવિર્ભાવ થાય ને ? નહિતર આવિર્ભાવ કેવી રીતે થાય ? પડ્યું પડ્યું તો કાંઈ થાય નહિ. '**તેનું અંતર્લક્ષ કરવું તેનું નામ ભાવશ્રુતનું લક્ષ છે.**' એ લક્ષને અહીં ભાવશ્રુતનું લક્ષ કહ્યું છે. લ્યો ઠીક !

મુમુક્ષુ :- જ્ઞાન સામાન્ય અને જ્ઞાનાકાર બેમાં શું ફેર ?

પૂજ્ય ભાઈશ્રી :- એક જ. જ્ઞેયાકારમાં અને જ્ઞાન સામાન્યમાં ફેર છે. એ

જ્ઞાનવિશેષ છે. બાકી જ્ઞાનાકાર કહો કે જ્ઞાનસામાન્ય કહો કે જ્ઞાનવેદના કહો એ શબ્દ જ જુદાં જુદાં છે. એક જ ભાવનું નામ છે આ બધું. અહીંયાં જ્ઞાનવેદના શબ્દ વાપર્યો છે. એ જ્ઞાનવેદનની વાત છે. વેદના એટલે પરિણામની ચાલતી ક્રિયા.

સૂચના કરે છે 'ગુરુદેવ'. જે આપણે ચાલતો વિષય હતો. અહીંયાં આપણે આ Reference to context છે. રાગની અપેક્ષા છોડીને અહીંયાં કીધું શુભાશુભ ધારાથી ઉદાસીન થઈને. એ જે વાત કરી 'કૃપાળુદેવે' એ વાત હવે 'ગુરુદેવ' અહીંયાં કરે છે. આ બધા જ્ઞાનીઓ એક જ વાત કરે છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- રાગની અપેક્ષા છોડીને ભાવમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- એ ઉપેક્ષિત થાય છે. દુર્લક્ષ કરે છે. આમાં શું છે ? તમે બે વ્યક્તિ છો. હું તમારી વાત સાંભળું છું ત્યારે આમને દુર્લક્ષ કરું છું. તમારી બાજુમાં જ ભાઈ બેઠા છે. પણ તમે મને પ્રશ્ન પૂછ્યો. તમારા પ્રશ્ન ઉપર મારુ લક્ષ ગયું એટલે એમના ઉપર દુર્લક્ષ થયું કે નહિ ? એમ રાગ સાથે જ છે. જોડે જોડે જ પરિણમે છે. જ્ઞાન અને રાગ એકસાથે એક પર્યાયમાં પરિણમે છે. હવે જ્યારે જીવનું રાગ ઉપર લક્ષ છે ત્યારે જ્ઞાનનું દુર્લક્ષ છે. જ્ઞાન ઉપર લક્ષ જાય છે ત્યારે રાગનું દુર્લક્ષ જાય છે. બે ઉપર લક્ષ રાખવું હોય તો રહે એમ નથી. પરિસ્થિતિ એવી છે કે એક ઉપર લક્ષ રહે. હવે કર પસંદગી તું. કોના ઉપર લક્ષ રાખવા જેવું છે.

કહે છે કે '**રાગની અપેક્ષા છોડીને સ્વનું લક્ષ કરતાં...**' હવે જ્ઞાન શબ્દ ન લીધો. સ્વનું લક્ષ કરતાં. કેમકે એ પોતે છે. વેદનામાં બીજો કોણ આવે ? પોતે જ છે. '**સ્વનું લક્ષ કરતાં ભાવશ્રુત ખીલે છે...**' આવિર્ભાવ થવા માંડે છે, સ્વસંવેદનની તારતમ્ય વિશેષ થાય છે. એ સ્વસંવેદન કેવળજ્ઞાનમાં હોય છે. તારતમ્યતા અનંતગુણી છે ત્યાં, એટલો જ ફેર છે. બાકી જાત એ જ છે. તે '**ભાવશ્રુત ખીલે છે ને તે ભાવશ્રુતમાં આનંદના ફૂવારા છે.**' લ્યો ! આ 'ગુરુદેવે' ઈ વાત નાખી છે ત્યાં. આ ભાવશ્રુતમાં આનંદના ફૂવારા છે. આ પહેલું-વહેલું ક્યાંકથી પસંદ કરીને, ક્યાંથી પસંદ કર્યું છે એ ખ્યાલ નથી પણ ક્યાંકથી પસંદ કરીને નાખ્યું હતું આમાં-'અધ્યાત્મપરાગ'માં નાખ્યું હતું. 'અધ્યાત્મપરાગ'માં નાખ્યું હતું. 'ગુરુદેવ'ના હાથમાં 'અધ્યાત્મપરાગ' આવ્યું હતું. આ તો 'ગુરુદેવ'ના સ્વર્ગવાસ પછી સંકલન થયું છે. 'અધ્યાત્મપરાગ' વખતે આ વાંચ્યું, બહુ પ્રસન્ન થયા હતા. ભારે પકડ્યું છે ! પોતે વાંચીને પોતાના વચનામૃત ઉપર પોતે પ્રસન્ન થયા હતા ! ઠીક ! સરસ, બહુ સારુ વચનામૃત આવી ગયું છે આમાં. આત્મામાંથી કાઢેલી વાત છે ને ? પોતે આત્મામાંથી કાઢેલી વાત છે.

મુમુક્ષુ :- વિચાર અને અવલોકનમાં ફેર શું ?

પૂજ્ય ભાઈશ્રી :- ઘણો ફેર છે. વિચાર છે એ તર્કણા છે. ફેરમાં એક દિશાનો ફેર છે. મોટો ફેર તો દિશાનો છે. વિચાર પરલક્ષી જ્ઞાનમાં થઈ શકે છે. અવલોકનમાં એને દિશા બદલવી પડે છે. પોતા ઉપર આવવું પડે છે કે મારામાં શું ચાલે છે ? મને શું અનુભવ થાય છે ?

મુમુક્ષુ :- અવલોકન એ વિચારની જ એક જાત છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. અવલોકન વિચાર ઉપરાંત એક જેમાં અનુભવને સાથે ભેળવવામાં આવે છે એવી જ્ઞાનની પ્રક્રિયા છે. વિચારમાં અનુભવનો વિષય બાદ રહી જાય છે. જ્યારે અવલોકનમાં અનુભવની પદ્ધતિ શરૂ થાય છે. અવલોકન પદ્ધતિમાં. એટલે આ આત્મજ્ઞાન અનુભવરૂપજ્ઞાન હોવાથી, આત્મજ્ઞાન વિચારરૂપજ્ઞાન નથી, આત્માના અનુભવને આત્મજ્ઞાન કહ્યું છે. આત્માના વિચારને આત્મજ્ઞાન નથી કહ્યું. એ અનુભવજ્ઞાન હોવાથી તે અનુભવ પદ્ધતિથી સાધ્ય છે. વિચારપદ્ધતિથી સાધ્ય જ નથી. વિચારપદ્ધતિ ટૂંકી પડે છે. એને ઓછી પડે છે, ત્યાં અનુભવ સુધી એની પહોંચ નથી.

મુમુક્ષુ :- અજ્ઞાનીને તો અનુભવ છે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- અજ્ઞાનીને અનુભવ નથી પણ આ જ્ઞાનસામાન્યમાં જ્ઞાનવેદન છે. અને એને અનુભવ નથી એમ કહેવું હવે વ્યાજબી નથી, ૧૭-૧૮ ગાથા વાંચ્યા પછી. હવે એ વાત છોડી દેવા જેવી છે. અત્યાર સુધી ભલે એ પકડ્યું હોય. ૧૭-૧૮ ગાથા વાંચ્યા પછી તો એ વાત જ છોડી દેવા જેવી છે. કેમકે એમાં તો આચાર્ય મહારાજનું ફરમાન છે. ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ'નું એ ફરમાન છે કે આબાળગોપાળને અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા નિરંતર અનુભવમાં આવી રહ્યો છે. એટલે એ વાત છોડી દેવા જેવી છે કે અજ્ઞાનીને અનુભવ નથી. અજ્ઞાનીને અનુભવ છે. પડકાર કર્યો છે ત્યાં કે અજ્ઞાનીને અનુભવ છે. એનું લક્ષ નથી ત્યાં. બસ.

મુમુક્ષુ :- અહીંયાં પણ નિરંતર વેદકસ્વભાવવાળો કહ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં પણ નિરંતર વેદકસ્વભાવવાળો લીધો જ છે ને. બીજી જ લીટીમાં લીધું છે. '**તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી...**' કોના વેદક સ્વભાવવાળો છે ? કે જેનું વેદન છે એના વેદકસ્વભાવાળો છે. વેદ્ય-વેદક અભેદભાવે છે. છ કારકમાંથી આ બે કારક તો અહીંયાં નીકળે છે. વેદક પણ જ્ઞાનનો પર્યાય, વેદન કરનારો પણ જ્ઞાનનો પર્યાય અને વેદાવામાં આવતો ભાવ પણ જ્ઞાનનો જ પર્યાય છે. બે કારક તો અહીં નીકળે છે. ત્રીજું વચ્ચે સાધન નહિ હોવાથી પોતે સાધન થઈ જાય છે. ચોથો કોઈનો આધાર નહિ હોવાથી એ જ પોતે આધાર થઈ જાય છે. પછી કોઈ બીજાને વેદન દે છે અને બીજો કોઈ લ્યે છે ? એ

છએ છ કારક આવી ગયા એમાં.

મુમુક્ષુ :- થાય છે જ્ઞાનવેદન અને માને છે કે મને પરનું વેદન થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પરનું વેદન છે એ ભ્રાંતિ છે અને અધ્યાસ છે. શરીરની અશાતાનું વેદન છે એ જીવનો અધ્યાસ છે. નિતાંત ભ્રમ છે. વાતમાં કાંઈ માલ નથી.

આનંદ આવે એવો વિષય તો એ છે કે, હેં ! આવું મારામાં છે ! મને અત્યાર સુધી ખબર નહોતી. જેમ કોઈ ગરીબ માણસને (થાય કે) એમ ! મારા ઘરમાં લખલુટ લક્ષ્મી પડી છે ! તો એને કેટલો આનંદ થાય ? આ એના જેવી વાત છે. નહિતર મૂંઝાય. નિર્વિકલ્પ દશા કેવી રીતે કરવી ? નિર્વિકલ્પ દશા કેવી રીતે થાય ? અરે..! નિર્વિકલ્પ વેદન તારામાં સતત ધારાવાહી ચાલે છે. કરવી કરવીનો ક્યાં પ્રશ્ન છે ? છે જ. ફક્ત તારું લક્ષ્ય ફર્યું... તને રાગની અપેક્ષા છે, તેની ઉપેક્ષા કરીને, તારા વેદનની અપેક્ષામાં આવ. બસ, આ એક પ્રયોગ કરવા જેવો છે. આ પરિણમનના પ્રયોગમાં આવતા સુગમ અને સરળપણે કાર્યસિદ્ધિ થાય છે. કોઈ વિટંબણા ત્યાં નથી. ત્યાંથી બધી વિટંબણા દૂર જ રહે છે. આની નજીક કોઈ વિટંબણા આવી શકતી નથી.

મુમુક્ષુ :- પ્રયોગમાં આવતાં જ નિકાકુળતા થવા લાગે.

પૂજ્ય ભાઈશ્રી : અરે..! અંદર વાતાવરણ બધું ફરી જાય. પ્રયોગમાં આવે એટલે. અંદરનું આખું વાતાવરણ જ ફરી જાય. જાણે બીજી દુનિયામાં પ્રવેશ થઈ ગયો એનો. એવું છે. પણ પોતાનો લાભ સમજીને લાગી પડવું જોઈએ. લાગી પડવું જોઈએ. જેમ કોઈ માણસ હાથ ધોઈને કોઈની પાછળ લાગી જાય છે એમ લાગી પડવું જોઈએ. ઓહો..! મારા ચાર ગતિના ભ્રમણના છૂટકારાની વાત છે ! આવી સરસ અને સહેલી વાત છે અને કોઈ સાધન વગર મારામાં જ હું કરી શકું. કોઈની જરૂર વગર મારામાં હું કરી શકું ! બહુ સરસ વાત છે.

મુમુક્ષુ :- ..શુદ્ધઉપયોગને અનુભવ સમજી લ્યે. પછી આ ચાલતા અનુભવની વાત...

પૂજ્ય ભાઈશ્રી :- ભલે શુદ્ધ ઉપયોગને અનુભવ સમજે. ચાલો. પણ એનું મૂળિયું તો ગોતવું જોઈએ કે નહિ ? એ તો એક Resulted-એક પરિણામ આવેલી પરિસ્થિતિ છે. પણ ક્યા કારણથી તે કાર્ય થયું એ તો શોધવું જોઈએ કે નહિ ? આ તો એક સૌભાગ્ય છે કે જ્ઞાનીઓએ બધું ખુલ્લું મૂકી દીધું છે. પોતાનું પેટ ખુલ્લું મૂકી દીધું છે. ઓલા 'હનુમાનજી'એ છાતી ચીરીને 'રામ'ને દેખાડ્યાને ? એમ આ છાતી ચીરીને રામ દેખાડે છે. આત્મારામ દેખાડે છે. સીધી વાત એ છે. અધ્યાત્મમાં એ લોકો એમ જ ઉતારી છે કે 'હનુમાન' રૂપી સાધક છે એ પોતાના હૃદયમાં 'રામ'ને બિરાજમાન

કર્યા છે એ દેખાડે છે. એને .. કે શ્રદ્ધા જ્ઞાન કહો, એક જ વાત છે.

મુમુક્ષુ :- અંદરમાં જ્ઞાનસામાન્ય અને જ્ઞાનવિશેષ બે ધારા તો ધારાપ્રવાહ રૂપે ચાલે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુસ્થિતિ છે આ તો. અનિવાર્ય વસ્તુસ્થિતિ છે. એક ખેંચાણ સુખબુદ્ધિએ, કલ્પનાએ જીવ ઊંધા નિર્ણયથી બહારમાં સુખનો, રાગમાં અને રાગના વિષયમાં સુખનો નિશ્ચય છે એ ગમે તેમ કરીને એ નિશ્ચય બદલવો જોઈએ. ગમે તેમ કરીને એટલે સત્શ્રુતથી સમજણ કરીને, અનુભવાંશે પ્રયોગ કરીને એ નિશ્ચય બદલવો જોઈએ. એકવાર નિશ્ચય બદલાય એટલે એની દુનિયા આખી બદલાય ગઈ. કેમકે એ નિશ્ચય બદલવાની સાથે સાથે આ આખા જગતની કિંમત ઊડી જશે. 'જગત ઈષ્ટ નહિ આત્મથી, મધ્યપાત્ર મહાભાગ્ય.' આખું જગત મને ઈષ્ટ નથી. મને મારો આત્મા જ ઈષ્ટ છે અને મારા આત્માથી કોઈ આગળની વાત નથી. સૌથી પહેલો મારો આત્મા, પછી બીજા બધા. આખું જગત પછી. પછી વારો આવે છે. એ જે મૂલ્યાંકન બદલાઈ જાય છે એટલે વજન આખું ઓછું થઈ જાય છે. એક જ બાજુ વજન બધું જાય છે. બીજું બધું વજન છૂટી જાય છે. પછી અવરોધ શેનો ? પછી શેનો અવરોધ ? અવરોધ તો બીજી બાજુના વજનને લઈને પોતાના જ પરિણામનો હતો અને પોતાના જ અભિપ્રાયનો અવરોધ હતો. એ અવરોધ ખલાસ થઈ ગયો. પછી કોઈ રોકાણ થવાનું કારણ નથી રહેતું.

મુમુક્ષુ :- પછી તો ઊલટાનું વારંવાર ખેંચાણ થયા કરે.

પૂજ્ય ભાઈશ્રી :- પછી તો ખેંચાણ આવે. ઉદયથી બીજે જાય તોપણ છટકીને આ બાજુ આવે. છટકી છટકીને આ બાજુ આવે કે, અરે..! હું આવો ત્રણ લોકનો નાથ 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આ મારી પરિસ્થિતિ છે ને, હું તો આવો જ છું ને. અને પોતે મહાપૂર્ણ પવિત્રતાનો પિંડ.

જે જ્ઞાનની પર્યાયમાં પોતાનું પૂર્ણ પવિત્ર સિદ્ધપદનું દર્શન થાય એ જ જ્ઞાનની પર્યાયની જોડે મલિન રાગાંશ ચાલતો હોય એ મલિનતા કોને પોસાય એ તો કહો ? ગંદકીથી તો રસ્તા ઉપર ચાલે તોય દૂર ચાલે છે. ક્યાંય રસ્તા ઉપર ગંદકીનો ઢગલો હોય તો તરીને ચાલે કે નજીકથી ચાલે ? એની તરવાની એક પ્રક્રિયા ચાલુ જ થઈ જાય. ભાવમાં તરવાની પ્રક્રિયા એની ચાલુ જ થઈ જાય. બહુ સહજ થઈ જાય. કેમકે પોતે એટલો પરિપૂર્ણ પવિત્ર છે તો પછી સાથે સાથે એની અવસ્થામાં હજી રાગાંશ ઊભો છે. આ વિધિ-નિષેધ ચાલુ થઈ ગયો. એનો નિષેધ અને પોતાના સ્વરૂપનું વિધાયકપણું.

મુમુક્ષુ :- વ્યવસ્થિત વસ્તુમાં ગેરવ્યવસ્થા ઊભી કરી.

પૂજ્ય ભાઈશ્રી :- પોતે જ ગેરવ્યવસ્થા ઊભી કરીને આખો સંસાર માંડ્યો.

અનુભવપ્રકાશકારે તો એવો એક દાખલો આપ્યો છે કે આકાશને ગાંસડીમાં બાંધ્યું. આકાશનો ક્યાંય દશે દિશામાં જ્યાં ક્યાંય અંત આવતો નથી એની ગાંસડી બાંધી લીધી. એમ આ અનંત.. અનંત.. અનંત.. સામર્થ્યનો ધણી, એને એક સમયની રાગની પર્યાયમાં બાંધ્યો. આકાશની ગાંસડી બાંધી દીધી. આવી અવ્યવસ્થા કરી છે. થોડી અવ્યવસ્થા નથી કરી પણ આવડી મોટી અવ્યવસ્થા કરી છે. જ્ઞાનીઓએ કેટલીક વાતો તો કેવી રીતે કરી છે ! આકાશની ગાંસડી બાંધી. એ તો ઢુંઢારીમાં તો બહુ સરસ ભાષા એ લોકોની આવે છે. ગઠરી-ગઠરી. .. મીઠાશ પણ બહુ સારી છે, હોં! ઢુંઢારીમાં.

અહીંયાં એ કહે છે કે જે શુભાશુભ પરિણામધારાથી એ સંપર્ક કરે છે, શાતા-અશાતારૂપ શરીરપર્યાયનો સંપર્ક કરે છે એનાથી ઉદાસીન થઈને. એ પરિણામધારાથી જ, શુભાશુભ પરિણામધારાની પરિણતિથી ઉદાસીન થઈને. **'દેહાદિથી ભિન્ન...'** **'તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ, દેહાદિથી ભિન્ન અને સ્વરૂપમર્યાદામાં રહેલા તે આત્મામાં...'** દેહથી ભિન્ન છે અને પોતાના સ્વરૂપની મર્યાદામાં જ પોતે રહેલો છે. **'તે આત્મામાં...'** હજી એક બીજો Factor કહે છે. **'જે ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે...'** એક સમયનો ઉત્પાદ-વ્યય છે. શુભાશુભ ને શુદ્ધ-અશુદ્ધ કાંઈ નથી જોવું એમાં. એમાં શુભ પણ નથી જોવું, અશુભ પણ નથી જોવું અને શુદ્ધ પણ નથી જોવું.

**'ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી;...'** એક સમયની પર્યાયથી ભિન્ન થવાની વાત અહીંયાં કરી છે. આ જે 'સોગાનીજી' વાત કરે છે એ વાત એમણે અહીંયાં ૯૧૩માં કરી છે. આત્યાંતિક વિયોગ કરવો. એટલે એનું અવલંબન અત્યંત છોડી દેવું. એક સમયની જ્ઞાનની પર્યાયનું, ઉપયોગની પર્યાયનું પણ અવલંબન છોડીને, એમ કહે છે. આત્યંતિક વિયોગ.

મુમુક્ષુ :- લખાણની શૈલી એવી છે કે જે આચાર્ય ભગવાનની ગાથા વાંચતા હોય એવું લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ બહુ સારી વાત આવી છે. આખા ગ્રંથમાં આ એક જ પત્રમાં, આ એક જ Paragraph માં આ વાત આવી છે એવી ક્યાંય નથી આવી. અહીંયાં બહુ ચોખ્ખી કરીને મૂકી છે એમણે. સ્વરૂપ પ્રાપ્તિની વિધિ છે એ સ્પષ્ટ કરી છે.

**'જે ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી,...'** તેનાથી પણ ઉન્મુખ થઈને, અત્યંત ઉન્મુખ થઈને, એકદમ તેનું અવલંબન છોડી દઈને. એને સન્માર્ગ કીધો. એ સન્માર્ગ છે-સત્‌નો માર્ગ એ છે.

ત્રિકાળી સત્‌નો માર્ગ એ છે. '**સન્માર્ગ ગ્રહણ કરી, પરમ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા...**' જુઓ ! અહીંયાં પ્રકાશ લીધો. આત્મામાં છે ને પ્રકાશશક્તિ ? વિશદ્ સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ. શું લીધું છે ? ત્યાં સ્વસંવેદન લીધું છે. ત્યાં વિષદનો અર્થ કરવો છે-પ્રત્યક્ષ. વિષદનો અર્થ કરવો છે ત્યાં-પ્રત્યક્ષ. પ્રકાશ છે એમાં પરોક્ષપણું નથી. વેદન છે એમાં પરોક્ષપણું નથી. અને પોતાને પોતાનું વેદન છે એમાં વચ્ચે કોઈ નિમિત્ત નહિ હોવાથી ત્યાં પરોક્ષપણું નથી. અહીં તો કહે છે કે એ '**પરમ શુદ્ધ...**' એટલે ભેળસેળ વિનાનો એકલો ચૈતન્યસ્વભાવ એમ લેવું છે. એ રૂપ '**પ્રકાશમય તે આત્મા...**' છે. અનંત પ્રત્યક્ષતાનો પિંડ છે.

મુમુક્ષુ :- મય શબ્દ વાપર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મય શબ્દ છે. વાળો નહિ, મય છે. તન્મય છે. પ્રકાશમય છે.

'ગુરુદેવ' બહુ સરસ ભાવ કાઢતા હતા. આ આત્મા તો ચૈતન્યના નુરનું પૂર છે. નુર શબ્દ છે એ ઉર્દુ શબ્દ છે. આ લોકો કહે છે ને અલનુર. ખુદાનું તેજ. એ લોકોના કુરાનમાં આવે છે. અલનુર. ખુદાનું તેજ. નુર ઊર્દુ શબ્દ છે. ગુજરાતી ભાષામાં તો પારસી, ઉર્દુ ઘણા શબ્દો આવી ગયા છે. એમ આ ચૈતન્યના નુરનું પૂર છે. અનંત... અનંત.. અનંત... પ્રત્યક્ષપણું અંદર ભરેલું છે. જેને પોતાની અનંત પ્રત્યક્ષતાનું જે જ્ઞાનને દર્શન થાય એ જ્ઞાનમાં પ્રત્યક્ષતા આવ્યા વિના રહે કેવી રીતે ? જોકે વેદન પ્રત્યક્ષતા તો છે જ ત્યાં પણ એની તિરોભૂતતા ક્યાંથી રહી શકે ? એમ વાત છે.

એક બાજુથી વસ્તુ અનંત પ્રત્યક્ષ છે. બીજી બાજુ એને વેદનથી, એને વેદનથી જાણનાર, વેદનથી એને ગ્રહણ કરનાર, જાણનાર તો હજી જુદો જાણે છે એમ નહિ, એને સ્વસ્વરૂપે ગ્રહણ કરનાર વેદનમયપણે એ પ્રત્યક્ષ અંશ છે, અનુભવ અંશ છે. પછી પરોક્ષતા કેવી રીતે ટકવાની હતી ? બાકી જે રહેલી પરોક્ષતા ક્યાંથી ટકવાની હતી ? આ નિર્વિકલ્પ સ્વસંવેદન અનુભવ જે ઉત્પન્ન થાય છે એમાં આટલું બધું બળ હોય છે એટલે ઉત્પન્ન થાય છે. ઘણું બળ આવે છે ત્યાં. અનંત પ્રત્યક્ષતાનું અવલંબન સ્વરૂપમાં.

'**પરમ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ પ્રકાશમય...**' એટલે અનંત પ્રત્યક્ષ એવો પોતે '**તે આત્મા કર્મયોગથી...**' કર્મ બાજુ ઢળી જવાથી, ઉદય બાજુ ઢળી જવાથી. '**સકલંક પરિણામ દર્શાવે છે...**' તેનાથી ઉપરામ થઈને, થાકી જઈને. એ વિકલ્પનો થાક લાગી જવો જોઈએ. કેટલી વાતો વણી છે એમણે ! એક વાત કહેવામાં. વિકલ્પની બાજુ આમ થાય છે, આ બાજુ આમ થાય છે, સ્વરૂપ આમ છે. આ છદ્મસ્થની વાણી છે એટલે આટલો ક્રમ પડે છે. દિવ્યધ્વનિમાં ન પડે, બધું એકસાથે આવે. એમ છે.

મુમુક્ષુ :- આચાર્ય ભગવાન જેવું જ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહુ જ સારું. અને એ તો એવું છે કે જ્યારે આચાર્ય હોય કે જ્ઞાની હોય વિષય તો બધાનો એક છે. અનુભવ બધાનો એક છે. આત્મા બધાનો એક જાતિનો છે. અનુભવ એક જાતિનો છે. બીજું કેવી રીતે આવે ?

**'જેમ ઉપશમિત થવાય,. તે ઉપયોગમાં અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવા યોગ્ય છે. મહાત્માઓની...'** આચાર્યોની, તીર્થંકરોની '**વારંવાર એ જ શિક્ષા છે.**' આમ છે. આટલો વિસ્તાર લઈશું. Time થયો છે.

**જિનાગમમાં મોક્ષમાર્ગ વ્યવસ્થિતપણે ગુણસ્થાન અનુસાર પ્રતિપાદન કર્યો છે, પરંતુ તેટલું વ્યવસ્થિત મુમુક્ષુપણું નથી કર્યું. કેમકે તે ભૂમિકામાં યોગ્યતા-અયોગ્યતાના અનેક પ્રકાર છે, જેને લીધે ઉપદેશ પણ અનેકવિધ પ્રકારે પ્રવર્ત્યો છે. પહેલા ગુણસ્થાનમાં મુમુક્ષુને સત્પુરુષના યોગ વિના મુંઝાવુ પડે, તેવો અનુભવ માર્ગના શોધક મુમુક્ષુઓને અવશ્ય થાય છે, કારણકે ઉન્નતિક્રમનું નિયત પ્રતિપાદન ઉપલબ્ધ નથી. તેથી શ્રી જિને તેનો સુગમ ઉપાય એ બતાવ્યો છે કે ''એક સત્પુરુષને શોધ અને સર્વભાવ તેને અર્પણ કરી દઈ વર્ત્યો જા.''**

**સ્વચ્છંદનો ત્યાગ કરીને સર્વ ભાવે સત્પુરુષની આજ્ઞા આધિનપણે વર્તવાનો દઢ નિશ્ચય અને અભિપ્રાય થતાં જીવ જ્ઞાનીની આજ્ઞાએ, જ્ઞાનીના માર્ગે ચાલવા તત્પર થાય છે, તેથી તે સુગમપણે સંસાર તરી જઈ શકે છે.**

**જો કોઈપણ રીતે જીવમાં આટલો વિવેક ઉત્પન્ન થાય તો, તે વિવેક સંપન્નતા સ્વયં જીવના દર્શનમોહને ગાળી, આત્મહિતની અપૂર્વ સૂઝને ઉત્પન્ન કરે છે. અને મહાત્માઓએ જે ક્રમને અનેક પ્રકારે બોધ્યો છે, તેનું પોતાને વિષે અનુસંધાન કરી શકે છે અને પાત્રતા વર્ધમાન થઈ, માર્ગ પ્રવેશ થાય છે. જ્ઞાનમાર્ગે પાત્રતા સંભવિત છે, તથાપિ સ્વચ્છંદ થવાનો અવકાશ (સંભાવના) ઘણો છે.**

**(અનુભવ સંજીવની-૧૫૨૫)**

## તા. ૬-૧૧-૧૯૯૨, પત્રાંક - ૯૧૩
## પ્રવચન નં. ૪૨૩

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૯૧૩, પાનું-૬૪૫થી ફરીને. Paragraph થોડો ચાલ્યો છે. ફરીથી લઈએ. આ સ્થળે આ પત્રમાં સ્વરૂપનો અનુભવ કરવાની વિધિ બતાવી છે, વિધિને દર્શાવી છે. સ્વરૂપમાં કેવી રીતે ઉપયોગ સ્થિર થાય. પરિણામમાં અચલ સ્વભાવના આશ્રયે પરિણામમાં પણ ચંચળતાનો અભાવ થાય અને સર્વ ગુણોના પરિણામ સ્વરૂપને વિષે એકાગ્ર થાય એ કઈ વિધિએ થાય એ વાત અહીંયાં દર્શાવી છે. ક્યાંથી શરૂ કરવાનું છે ?

'**ઉપયોગ લક્ષણે સનાતનસ્ફુરિત...**' કેવો છે આત્મા ? સનાતનસ્ફુરિત છે. સનાતન એટલે ત્રણે કાળે. કોઈ કાળ એવો બાકી નથી, કોઈ સમય એવો બાકી નથી કે જે ઉપયોગ લક્ષણે આત્મા સ્ફુરાયમાન ન થતો હોય, પ્રગટ ન થતો હોય. ઉપયોગલક્ષણ દ્વારા આ આત્મા સદાય પોતાને સ્ફુરિત થાય છે કે હું આત્મા છું. લક્ષ હોય તો. લક્ષ ન હોય તો એને પોતાને ઉપયોગ શું ? આત્મા શું ? એ કાંઈ પત્તો લાગતો નથી. પોતાનું અવલોકન કરવાની દૃષ્ટિ સાધ્ય કરીને વાત છે.

મુમુક્ષુ :- ચેતન અનુવિધાયી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ છે. એ ચર્ચા આપણે ચાલી હતી. ત્રણ દિવસ પહેલા વાંચ્યું ત્યારે.

ચૈતન્ય એટલે આત્માનું સ્વરૂપ-આત્માનો સ્વભાવ. એને અનુસરીને રચાતો. વિધાયી એટલે રચાતો. જે પરિણામ છે એને ઉપયોગ કહેવામાં આવે છે. 'ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ' આવી ઉપયોગની પરિભાષા છે. ઉપયોગ કોને કહેવો ? કે જે ચૈતન્યને અનુસરીને જે વિધાયક થઈને પરિણમન થતું હોય એને ઉપયોગ કહેવો.

મુમુક્ષુ :- ઉપયોગ તે જ આત્મા એમ કહેવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ટૂંકું એમ છે. 'અનુભવપ્રકાશ'માં તો અનુભવ કરાવવા અર્થે એવી સીધી વાત લીધી છે કે જ્યાં જ્યાં જ્ઞાન, ત્યાં ત્યાં હું. એવો દૃઢભાવ તે સમ્યક્ત્વ છે. ઠીક ! જ્યાં જ્યાં જ્ઞાન, ત્યાં ત્યાં હું. બસ. એટલે જ્ઞાનથી જ્ઞાનમાં અસ્તિત્વ ગ્રહણ કરી લેવાની વાત છે. બહુ ટૂંકું કરી નાખ્યું છે. ટૂંકું એટલે શું ? કે આરાધનાનો વિષય તો સંક્ષેપમાં છે. આરાધનાનો જે વિષય છે એમાં તો લાંબા વિકલ્પ, લાંબાચોડા વિકલ્પ થાય તો તો કાંઈ આરાધના થાય નહિ.

મુમુક્ષુ :- ઉપયોગ લક્ષણ કીધું એ આ જ વાત ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપયોગલક્ષણ આ જ વાત છે. ઉપયોગલક્ષણે સદાય સ્ફુરિત. એ એમ લીધું છે. મૂળ શબ્દોમાં લઈએ તો. મારું જ્ઞાન એ જ હું છું. મારું જ્ઞાન તે જ હું છું. પરવિકાર પર છે. પર અને વિકાર એ બંને પર છે. પરપદાર્થ પણ પર છે અને વિકાર પણ પર છે. જ્યાં જ્યાં જાણપણું છે. હવે અહીંયાં સીધું લેવામાં આવે છે. વિચાર નહિ. હવે પરિણમનને પકડાવે છે કે જો ! જ્યાં જ્યાં જાણપણું છે તારા પરિણમનમાં ત્યાં ત્યાં હું. ત્યાં ત્યાં હું. એવો દૃઢભાવ તે સમ્યક્ત્વ છે. લ્યો, આ સમ્યક્ત્વ આથી વધારે કાંઈ નથી. જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું એવો દૃઢભાવ તે સમ્યક્ત્વ છે. કેટલો સંક્ષેપ કરી લીધો છે એકદમ !

મુમુક્ષુ :- જાણનાર તે હું.

પૂજ્ય ભાઈશ્રી :- જાણનાર તે હું.

મારા અસ્તિત્વમાં કોઈનું અસ્તિત્વ નથી. મારા અસ્તિત્વમાં કોઈનું અસ્તિત્વ નથી. ક્યાંય અવકાશ નથી. કોઈનો પ્રવેશ થવાનો, સ્પર્શ થવાનો, આવવાનો કોઈ અવકાશ નથી. અને નિરાબાધ ચૈતન્ય હું છું. કેવો છું હું ? કે નિરાબાધ ચૈતન્ય છું. મારા ચૈતન્યસ્વરૂપને કોઈ બાધા પહોંચે, કોઈ બાધા આવે એ શક્ય નથી. કેમકે હું સદાય મારા ચૈતન્યસ્વરૂપથી અચલિતપણે રહેનારું મારું સ્વરૂપ છે. મારા ચૈતન્યસ્વરૂપથી ચલાયમાન થઈ જવાય, ચલિત થઈ જવાય એવું મારું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- એવો દૃઢભાવ લખ્યું છે આમાં.

પૂજ્ય ભાઈશ્રી : હા એવો દૃઢભાવ પરિણામમાં આવે છે. એવો શ્રદ્ધા-જ્ઞાનમાં દૃઢભાવ થાય ત્યારે પરિણામમાં તે સમ્યક્ત્વરૂપે (પરિણમે છે). સમ્યક્પણું એને કહેવામાં આવ્યું છે. ત્યાં સમ્યક્પણું છે.

મુમુક્ષુ :- જાણનાર તે હું, જણાનાર પણ હું,

પૂજ્ય ભાઈશ્રી :- હા. જણાનાર પણ હું. જાણનાર હું છું અને મારે તો કોઈને જાણવાનું પ્રયોજન નથી. કોઈને જાણવું એવું મારું પ્રયોજન નથી. પરને સ્વપણે ભૂલથી અનાદિથી જાણી લીધું છે તેથી એ પરને પર તરીકે જાણવું એટલું પ્રયોજન છે. જાણવાનું મારે કાંઈ પ્રયોજન નથી. પણ એક અનાદિથી પરિસ્થિતિ શું ઊલટી ભજી છે ? કે પરને સ્વ તરીકે જાણી લીધું છે. તો ત્યાં પરને પર તરીકે જાણવું બાકી રહે છે. એટલું મારે કરવું જરૂરી છે. પરને સ્વ તરીકે જાણવું અને સ્વને સ્વ તરીકે જાણવું એમ તો બનવાનું નથી. એટલે ઊલટી પરિસ્થિતિ અનાદિની છે એને મટાડતા સુલટી પરિસ્થિતિ છે. અથવા સુલટી પરિસ્થિતિ ઊભી કરતાં ઊલટી પરિસ્થિતિનો અભાવ થાય છે.

કથનમાં ગમે તે બાજુથી લ્યો પણ છે બંને એકસાથે, વારાફરતી નથી. એક જ સમયમાં એકસાથે છે.

મુમુક્ષુ :- ...અનુસરીને થતાં પરિણામ...

પૂજ્ય ભાઈશ્રી :- તે ઉપયોગ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ ચૈતન્યને અનુસરીને થતો ઉપયોગ નથી. માટે એને અનુપયોગ કહેવામાં આવે છે. પરપદાર્થને અનુસરીને થતો ઉપયોગ તે ચૈતન્ય અનુવિધાયી ન રહ્યો. તે ચૈતન્ય અનુવિધાયી ન રહ્યો માટે એને ઉપયોગ કહીએ નહિ.

મુમુક્ષુ :- એને ઇન્દ્રિયજ્ઞાન કહીએ.

પૂજ્ય ભાઈશ્રી :- એને ઇન્દ્રિયજ્ઞાન કહો, અનુપયોગ કહો, એને જડ કહો, એને જ્ઞાનનો વિકાર-વિભાવ કહો. જેમ પર પર છે એમ વિકાર પણ પર જ છે. એ જ્ઞાનનો વિકાર છે.

મુમુક્ષુ :- પરને જાણવાનું માધ્યમ તો જ્ઞાન છે. તો માધ્યમ પહેલા જણાય કે જ્ઞેય પહેલા જણાય ?

પૂજ્ય ભાઈશ્રી :- માધ્યમ ન જણાય અને જ્ઞેય જણાય ઈ કેવી રીતે બને ? સાધન તો એ છે. સાધન પોતે છે. અને પરપદાર્થનો તો પ્રતિભાસ આવે છે, પ્રતિબિંબ આવે છે. એથી વધારે પરપદાર્થ સાથે કાંઈ સંબંધ કે લેવા-દેવા છે નહિ. પર તો પર જ રહે છે. એ પર પર તરીકે રહેવું જોઈએ. એ સ્વ તરીકે રહેવાની જે ભૂલ થઈ છે એ ભૂલનો નિષેધ કરે છે. એ ભૂલ મટાડવાની છે.

મુમુક્ષુ :- આટલી વાત જો બરાબર લક્ષમાં આવી જાય...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ એટલું બધું ટૂંકું કરીને ઓછામાં ઓછા ઉઘાડવાળાને પણ ઘડ બેસી જાય એવી વાત કરી છે. જો ! જ્યાં જ્યાં જાણપણું છે. તારામાં જાણપણું છે. જ્યાં જ્યાં જાણપણું છે. હવે પકડ. તારી ભૂમિને પકડ. કઈ ભૂમિકામાં છો ? કે જાણપણાની ભૂમિકામાં હું છું. તો કહે જ્યાં જ્યાં જાણપણું છે ત્યાં હું છું, એ જાણપણામાં હું છું. બસ ! આટલું દઢ કર તો સમ્યક્ છે. કેટલું બધું સંક્ષેપમાં લીધું છે ! લ્યો, આરાધનનો વિષય તો આટલો જ છે. કેમકે આ તો વિકલ્પ વધારવાનો માર્ગ નથી. વિકલ્પને શાંત કરવાનો માર્ગ છે. તો જ્યાં જ્યાં જાણપણું છે ત્યાં હું છું એમ કહેવામાં ભલે વિકલ્પ જાય પણ એમ પરિણમવામાં વિકલ્પની જરૂર પડતી નથી. ત્યાં તો સીધું જાણપણામાં હુંપણું અભેદ થઈ જાય છે. જાણપણું પોતે જ છે અને એમાં હુંપણાનો ભાવ અભેદ થઈ જાય છે. ત્યાં કોઈ વચ્ચે વિકલ્પની ઉત્પત્તિ થતી નથી. એ

સમ્યક્ત્વ છે. બહુ સંક્ષેપમાં પ્રયોગાત્મક પદ્ધતિ છે. આ એમની લખવાની જે પદ્ધતિ છે એ પ્રયોગાત્મક પદ્ધતિ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ એમણે લીધું છે.

જ્ઞાન દર્શન ઉપયોગ દ્વારમાં સ્વરૂપશક્તિને દેખવી. જેમ અગ્નિના તિખારામાં, અગ્નિના એક કણિયામાં આખું ઘર બાળે, આખી દુનિયા બાળે એટલી શક્તિ દેખાઈ જાય છે. એમ એક કણ છે, જ્ઞાનનો એક કણ છે એક સમયમાં, ઉપયોગ છે એમાં સ્વરૂપની શક્તિને જોવી. એ સ્વરૂપની શક્તિને જોવી એનું નામ આત્માના દર્શન છે. શક્તિરૂપ આત્મા છે. આત્મા શક્તિનો પિંડ હોવાથી શક્તિરૂપ તે આત્મા છે. એટલે એમ કહ્યું કે ઉપયોગમાં સનાતન સ્ફુરિત છે, આત્મા પ્રગટ છે. શક્તિ એમાં પ્રગટ હોવાથી, ઉપયોગમાં શક્તિ પ્રગટ હોવાથી આત્મા એમાં પ્રગટ છે. ક્યારે પ્રગટ છે ? ત્રણે કાળે પ્રગટ છે. જાવ ! સનાતન. કોઈ કાળે નથી એમ નહિ.

ત્રણે કાળે સ્ફુરિત '**એવા આત્માને...**' શું કહે છે હવે ? ભિન્ન પાડવો છે ને ? કે '**દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી...**' એટલે ત્રણે પ્રકારના પુદ્‌ગલો. એટલે સર્વ પુદ્‌ગલોથી. દ્રવ્યકર્મ અને નોકર્મ બંને આવી ગયા. એવા '**શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી,...**' ભિન્ન વિચારવાની એટલું ન લીધું. ભિન્ન અવલોકવો. ભિન્ન છે એને ભિન્ન જોવો. છે તો ભિન્ન જ પણ અભિન્ન અવલોકે છે એના બદલે ભિન્ન અવલોકે એમ કહે છે.

'**ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી,...**' એટલે અહીં સુધી નથી આવ્યો. વિચાર સુધી આવ્યો છે. દેહથી આત્મા ભિન્ન છે એવો વિચાર કરે છે. પણ દેહથી આત્મા જ્ઞાનલક્ષણથી, જ્ઞાનસ્વરૂપી ભિન્ન છે એમ અંતર અવલોકન કરતો નથી. એ દૃષ્ટિકોણ સાધ્ય કરવો જોઈએ. દૃષ્ટિકોણ સાધ્ય કરવો એમ કેમ કહ્યું ? કે એવું અવલોકન કોઈ એક ચોક્કસ ઉદ્દેશથી કરવામાં આવે છે. ભિન્ન છે એને ભિન્ન જોવાનો ઉદ્દેશ રાખીને ભિન્ન જોવો છે. તો ભિન્ન જણાય છે. કેમકે અનાદિથી અભિન્નતા એટલી બધી ગાઢ થઈ ગઈ છે કે જ્યાં સુધી એવો દૃષ્ટિકોણ સાધ્ય ન કરે ત્યાં સુધી ભિન્ન હોવા છતાં પણ ભિન્ન જણાતો નથી. છે ભિન્ન છતાં ભિન્ન જણાતો નથી.

મુમુક્ષુ :- આમ તો એવું જ લાગે કે પરને પર... પુસ્તકને પુસ્તક જાણે છે...

પૂજ્ય ભાઈશ્રી :- પુસ્તકને પુસ્તક જાણે છે ત્યારે જાણનાર તે હું એમ બરાબર રહે છે ? રહે છે કે નથી રહેતું ? તો બે પરિસ્થિતિ છે. કાં તો જાણનાર તે હું એમ હુંપણુ આવે અને એમ હુંપણું ન આવે તો જણાનાર તે હું એમ હુંપણુ આવ્યા વિના

રહે નહિ. બે જગ્યાએ હુંપણું થાય. કેમકે ત્રીજું કોઈ સ્થાન નથી. સ્વ અને પર એવા બે વિભાગ છે. એમાં ત્રીજો કોઈ વિભાગ નથી. કાં સ્વમાં હુંપણું થાય. જો સ્વમાં હુંપણું ન થાય તો અનાદિથી પરમાં હુંપણું ચાલુ છે એ થઈ રહ્યું છે. એટલું સહજ થઈ ગયું છે કે એની સહજતા આડે એ કેમ આમ થઈ રહ્યું છે એનું વિશ્લેષણ જુદું પડતું નથી. એ કેવી રીતે આમ ઊલટું થઈ રહ્યું છે એ સમજવામાં નથી આવતું. એટલું બધું સહજ આકારે થઈ રહ્યું છે. વિભાવ પણ સહજ સ્વભાવે જાણે થઈ ગયો છે.

દરેક વિભાવમાં જીવને આકુળતા અને દુઃખ થાય છે. લ્યો ! લાગે છે દુઃખ ? પુસ્તકને પુસ્તક જાણ્યું એમાં શું દુઃખ લાગે ? એમ લાગેને કે એમાં શું દુઃખ લાગે ? પણ પોતાની શાંતિ જેણે જોઈ નથી એને (દુઃખ લાગતું નથી). ઉપયોગ દેવાદિ પ્રત્યે પણ જાય તો ભઠ્ઠી જેવું દુઃખ લાગે છે. કોને ? કે જેણે પોતાની શાંતિ જોવે છે એને. 'ગુરુદેવે' એમાંથી એ કાઢ્યું કે જેને આત્મશાંતિનો અનુભવ છે એને અશાંતિનો એક કણ પણ અશાંત જ લાગે છે. અને જેણે શાંતિ જોઈ નથી એ અશાંતિથી એવો ટેવાઈ ગયો છે કે એને ત્યાં બધું સામાન્ય લાગે છે. સામાન્ય પરિસ્થિતિ લાગે છે. જેમ કોઈ ગંદકીમાં રહેવા ટેવાઈ ગયેલો છે. આ ગટર જ્યાં ખાલી થતી હોય ત્યાં રહે છે. તો એને સામાન્ય લાગે છે. એને કાંઈ દુર્ગંધ આવતી જ નથી. બીજો માણસ ત્યાં એક Minute ઊભો ન રહી શકે. ત્યાં એ ચોવીસ કલાક રહે તો એને કાંઈ નથી.

મુમુક્ષુ :- અગ્નિકાયના જીવ અગ્નિ વગર જીવી શકે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- પાણીનો જીવ પાણીમાં મૂંઝાય ? ન મૂંઝાય. અગ્નિનો જીવ અગ્નિમાં બળે નહિ. પાણીનો જીવ પાણી મૂંઝાય નહિ. વાયરાના જીવને વાયુની ઝાપટ લાગે નહિ. કેમકે એ એને સહજ થઈ જાય છે. એમ જે વિશેષ આકુળતા કરતા હોય એને આકુળતા વગર ન ફાવે.

અમારે એક પાડોશી હતા. એ આખી જિંદગી 'મુંબઈ'માં રહેલા. પછી દેશમાં મકાન બનાવ્યું. પંદર દિવસ અહીં આવ તો કહે, ભાઈ સાહેબ ! મારો અહીં Time જાતો નથી. અહીં તો જાણે કોઈ છે જ નહિ. બધું સાવ ઠંડું શાંત-શાંત કાંઈ હલચલ કાંઈ અવાજ નહિ, કાંઈ નહિ. આમાં તો અમે થાકી જઈએ એવું છે. પંદર દિવસ તો માંડ કાઢે. ભાગી જાય પાછા. અંતે મકાન વેચી નાખ્યું. કેમકે ત્યાં ગમતું નથી. દેશમાં આવીએ છીએ તો ગમતું નથી. જે ધમાલમાં રહ્યા છે એને પછી એ ધમાલિયું જીવન ફાવે છે પછી. એને આકુળતા જ ગમે છે. એમ જીવ ટેવાઈ જાય છે. દરેક પરિસ્થિતિમાં જીવ એવો ટેવાઈ જાય છે... એવો ટેવાઈ જાય છે કે એને એ સિવાયની બીજી પરિસ્થિતિ પછી ફાવતી નથી. એટલે એને પર્યાયબુદ્ધિ કીધો છે. જે અવસ્થામાં, જે

પર્યાયમાં તે રહે છે ત્યાં એવી બુદ્ધિ કરે છે કે મને આવું જ હો, બીજી રીતે મને હો નહિ.

મનુષ્ય મટીને છાણનો, વિષ્ટાનો કીડો થાય ત્યાંથી એને કોઈ કહે કે ચાલ તને સ્વર્ગમાં લઈ જાઉં. તો કહે, ના. અહીંથી ન નીકળાય હવે. અહીંથી મારે છૂટવું નથી. અહીંયાં પણ એવું જ છે. અત્યારે મનુષ્યપણું છોડાવીને કોઈ એમ કહે કે ચાલો સ્વર્ગમાં લઈ જઈએ. તો કહે ના હો. આ મારું કુટુંબ-પરિવાર છોડીને, આ બધું છોડીને, કુટુંબ-પરિવાર એટલે શું ? આ બધું છોડીને મને ક્યાંય આવવું ગમે નહિ. તમે કહો તો બધાને સાથે લઈને આવું. તો હું તૈયાર છું. બાકી આ બધું છોડીને કહો તો મારે આ બધું જોઈએ છે. પર્યાયબુદ્ધિમાં આ પરિસ્થિતિ છે. અને એ જ જીવને પરિભ્રમણનું કારણ છે. એ જ એને ચોર્યાશી લાખ (યોનિમાં) જન્મ-મરણનું કારણ છે.

મુમુક્ષુ :- ખરેખર તો આ બધું સાથે જ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપાધિમાં. ઉપાધિ લઈને જાય છે. એટલે એવું સહજ થઈ ગયું છે. બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- આવી પરિસ્થિતિ હોય તો પછી જીવને...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એમાં શું છે કે બહુ ઓછા જીવોને એ પરિસ્થિતિમાંથી છૂટવાનો ભાવ થાય છે. જેટલાને થાય છે એ બધાને અંતરથી થતો નથી, મોટા ભાગનાને ઉપર ઉપરથી થાય છે. એટલે એની સંખ્યા, સાધક જીવોની સંખ્યા બહુ અલ્પ છે એનું કારણ આ છે. એમ તો જે ધર્મના ક્ષેત્રમાં આવે એ એમ કહે છે કે અમે તો છૂટવા માટે જ આવીએ છીએ. પણ ખરેખર અંતરથી એ વાત બધાને હોતી નથી. એટલા માટે એની દુર્લભતા છે, એની સંખ્યા ઓછી છે. પણ એ તો સંખ્યાનો વિચાર તો કોણ કરે ? જે પોતાનો વિચાર ન કરે તે. પોતાનો વિચાર કરે એને બીજી સંખ્યા સાથે શું લેવા દેવા છે ?

મુમુક્ષુ :- બીજી સંખ્યામાં અમારો નંબર છે.

પૂજ્ય ભાઈશ્રી :- મારે આ દુઃખમાંથી, સંસારમાંથી છૂટવું છે. સંસારભય મને પસંદ નથી, સંસારના દુઃખો મને પસંદ નથી. પોતાને છૂટવું હોય એ બીજાની સામું જોતો નથી. કોણ કરે છે ? કેટલા કરે છે ? અને આ કેટલું અઘરું છે એ કાંઈ નહિ. શક્ય છે. મારાથી થઈ શકે એવું છે. તો હું શા માટે ન કરી છૂટું ? મારે છૂટવું હોય તો મને શું વાંધો ?

મુમુક્ષુ :- છૂટવાની વાત .. લાગવું જોઈએ ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. લાગતું નથી તો પછી લહેર કરે. એનો ક્યાં સવાલ છે. જેને દુઃખ લાગતું નથી એની દોડ તો મટવાની નથી. સંસાર તરફની એની દોડ છે એ

મટવાની નથી. થાક્યો હોય એની વાત છે. થાક લાગે તો આરામ લેવા, વિરામ લેવા હેઠો બેસે. થાક ન લાગે તો દોડવાનો છે, ઉત્સાહ છે એને. સંસારના રાગ-દ્વેષ કરવાનો એને ઉત્સાહ છે, જન્મ-મરણ કરવાનો ઉત્સાહ છે, પરિભ્રમણનો ઉત્સાહ છે એ તો. એને તો કોઈ ઉપાય નથી.

એ તો વિચારવાનું છે. જીવને પૂછવાનું છે. જીવ પોતે જ પોતાને પૂછે કે ભાઈ ! તને થાક લાગ્યો છે ? તારે છૂટવું છે ? છૂટવું છે એમ નહિ, ખરેખરે છૂટવું છે ? આટલું થોડુંક પૂછી લેવું જોઈએ. પછી અંતરથી છૂટવાનો અવાજ આવે એને કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળમાં બાંધી શકતું નથી. જેને છૂટવું છે એને કોઈ બાંધનાર નથી. જેને બંધાવું છે એને તીર્થંકર પણ છોડાવનાર નથી. આ સીધી વાત છે.

મુમુક્ષુ :- સીત્તેર લાખની વસ્તીમાં હું એકલો સુખી છું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. છૂટવું હતું એમને. એ 'કલકત્તા' આવ્યા એટલે કોઈ સંસાર વધારવા આવ્યા નહોતા. ન છૂટકે આવવું પડ્યું. પોતાનું વતન છોડીને, કુટુંબ છોડીને ન છૂટકે આવવું પડ્યું. કોઈ લખપતિ, કરોડપતિ, અબજપતિ બનવા માટે આવ્યા નહોતા. એ તો જરાક છોકરાવ થોડાક ધારે એમ કામ કરતા થયા એટલે એમને તો એક તો અરુચિ હતી. Automatic એમની હાજરી ઘટી ગઈ. હાજરી ઓછી કરી નાખી હતી. એ દિવસોમાં-છેલ્લા દિવસોમાં પોતે હાજરી ઓછી કરી નાખી હતી. એવું છે.

સાવધાની નથી. એનો અર્થ શું છે ? જ્ઞાનીને સંયોગની સાવધાની નથી. અને નહિતર નિવૃત્ત થયો હોય તોપણ છોકરાનું ધ્યાન રાખ્યા કરે. બરાબર છે ને ? તને ક્યાંય તકલીફ નથી ને ? ક્યાંય તું ફસાતો નથી ને ? ક્યાંય તને વાંધો આવે એવું નથી ને ? તારું જરા હજી મારે ધ્યાન રાખવું પડે એવું છે. તું ભલે એમ માન કે હું ગમે તેમ બહુ કામ કરી શકું છું. પણ હજી તારું ધ્યાન રાખવું પડે એમ છે. એ મારે એની સાવધાની રાખવી એ અંદરથી જાય નહિ. બસ, એ ત્યાં સુધી પોતે પ્રવૃત્તિમાં છે. ખરેખર એણે નિવૃત્તિ લીધી નથી પણ પોતે પ્રવૃત્તિમાં છે. ત્યારે ઓલા શું છે ? નાની-મોટી વાત હશે તો પૂછી લેશે. એને જરૂર લાગશે તો પૂછી લેશે. નહિતર જેમ થાવું હોય એમ થાય. હું મારા કામે બરાબર લાગેલો છું. એટલે ઉપેક્ષા આવે છે. સાવધાની છૂટીને ઉપેક્ષા આવે છે. કેમકે એ પારકું થઈ ગયું છે. દુનિયાની બીજાની કોઈ ચિંતા કરે છે ? પોતાના સંયોગોની ચિંતા કરે છે. બીજાની કરે છે ? બસ, એ જે પોતાપણું કર્યું છે એ જ મિથ્યાત્વ છે, એ જ બંધન છે અને એ એને છૂટવા દેતું નથી. સીધી વાત એ છે. પારકું કેમ લાગતું નથી ? એનો અભ્યાસ કરવો જોઈએ કે પારકું છે અને મને પારકુ કેમ લાગતું નથી ? મારું નથી ઈ મારું કેમ લાગે છે ? આ અભ્યાસ કરવાનો છે અંદરમાં.

મુમુક્ષુ :- આવ્યું સરસ....

પૂજ્ય ભાઈશ્રી :- આત્મામાંથી કાઢી છે એ તો. લાવ્યા ક્યાંથી શું, અંદરમાંથી કાઢી છે, અનુભવમાંથી કાઢી છે.

'**ઉપયોગ લક્ષણે સનાતનસ્ફુરિત...**' એટલે જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું. એમ છે. એને ઉપયોગ લક્ષણે સનાતનસ્ફુરિત છે. '**એવા આત્માને...**' સંયોગમાં રહેલા દેહાદિથી, શરીરથી ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરીને ભિન્ન અવલોકવો છે. ભિન્ન છે એનું ભિન્નપણે અવલોકન કરવું છે. કેમકે વિચાર તો અનુપસ્થિત પદાર્થનો કરવાનો હોય. ઉપસ્થિત પદાર્થનો વિચાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. આત્મા પણ સ્વપણે વિદ્યમાન છે. શરીરાદિ પણ વિદ્યમાન છે પરપણે. તો બસ જોવાનું છે. સ્વને સ્વપણે, પરને પરપણે અવલોકવાનું છે. પછી એનો વિચાર શું કરવાનો હોય ? એક તો એ દૃષ્ટિ સાધ્ય કરવાની છે. અને એ દૃષ્ટિ સાધ્ય કરીને એની Practice ચાલવી જોઈએ.

એ ઉપરાંત નિશ્ચય કરવાની વાત કરે છે કે '**તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા...**' આત્મા એટલે શું ? કે જેનો ચૈતન્યાત્મક સ્વભાવ છે તે આત્મા છે. એ સિવાય આત્મા નથી. એકલું ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય ધારાવાહી ચૈતન્યાત્મકપણું છે તે આત્મા છે. '**નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી...**' કેવો છે ? વેદવું એ એનો નિરંતર સ્વભાવ છે. એ '**નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધદશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી...**' એટલે કે પરવેદનમાંથી ન છૂટે ત્યાં સુધી '**શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી...**' શું કરવા એ વાત મૂકે છે ? કે આ જે શરીરની પીડા છે એ પીડામાંથી જીવ કેમ છૂટતો નથી ? એને શરીરની પીડા ભોગવવી જ પડે એવું શા માટે ? કે જ્યાં સુધી અબંધ પરિણામે ન પરિણમે ત્યાં સુધી. એટલે જ્ઞાન જ્ઞાનને વેદે તે અબંધ પરિણામ છે. જ્ઞાન જ્ઞાનને ન વેદે તો જ્ઞાન શાતા-અશાતાને વેદ્યા વિના રહે નહિ. ભલે અધ્યાસે કરીને અને ભ્રાંતિએ કરીને. પણ એ દુઃખ એને અનુભવ કર્યા વિના છૂટકો નથી. એ દુઃખમાંથી એને છૂટવું હોય. એટલે પીડાના કાળમાં પણ એને પીડા (ન ભોગવવી) હોય તો એને નિર્વિકલ્પ જ્ઞાનવેદનામાં રહેવું જોઈએ. જ્ઞાનવેદના નિર્વિકલ્પ છે. જોકે પરવેદના પણ નિર્વિકલ્પ છે. વેદનામાત્ર નિર્વિકલ્પ છે. પણ નિર્વિકલ્પ જ્ઞાનવેદના કહેતા એ વખતે નિરાકુળ અનુભવન છે. અને શાતા-અશાતાની નિર્વિકલ્પ વેદનામાં આકુળતાનું અનુભવન છે. આમ બે વચ્ચે શાંતિ-અશાંતિનો ઊલટો-સુલટો ફેર છે. એટલે જ્યાં સુધી પોતે પોતાના સ્વયંના વેદનમાં ન આવે, એમ કહેવું છે. અબંધદશાને પ્રાપ્ત ન કરે એટલે શું ? કે સ્વંયના વેદનમાં ન આવે ત્યાં સુધી એને શાતા-અશાતા વેદવી જ પડે. એવી પરિસ્થિતિ હોવાથી આ પ્રકારનો

નિશ્ચય કરીને એટલે કે પોતાને પોતામાં વેદન કરવા યોગ્ય છે એવો નિર્ણય કરીને. જુઓ ! નિર્ણયના કાળમાં અનુભવાંશ લીધો છે ને ? અહીંયાં વેદનથી નિર્ણય કરાવે છે. વિચારથી નિર્ણય નથી કરાવતા પણ વેદનથી નિશ્ચય કરાવ્યો છે.

મુમુક્ષુ :- ... વેદન નિર્વિકલ્પ ?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈપણ વેદન નિર્વિકલ્પ જ હોય. વેદન સવિકલ્પ ન હોય. તમને Doctor પૂછે કે, ભાઈ ! તમને દુઃખાવો થાય છે, વેદના એટલે દુઃખાવો થાય છે તો કેવો થાય છે ? તો કહે કેવી રીતે તમને સમજાવું ? એમ કહે. પછી પૂછે. ખાસ કરીને હોમિયોપેથીવાળા છે એ વધારે પૂછે કે તમને વીંછી કરડે છે એવી વેદના થાય છે ? કે કોઈ તમને મારે છે એવી વેદના થાય છે ? કે તમને તમારું માથું ફાટતું હોય એવી વેદના થાય છે ? એ લોકોએ જેટલા બુદ્ધિગમ્ય એના ભેદ પાડી શકાય એવા ભેદ પાડી પાડીને એ લોકો પૂછે છે કે તમને વેદના ક્યા પ્રકારની થાય છે ? પછી ઓલો અવલોકન કરીને (કહે). કારણ કે આમ સીધા વિકલ્પવાળી તો વેદના છે નહિ. એટલે પોતાની વેદનાનું અવલોકન કરે કે મને કઈ Type ની વેદના થાય છે. મને તો અંદર તણખા ઝરતા હોય એવું લાગે છે. શું કહે ? વેદના થાય છે ત્યારે અંદર કાંઈક તણખા ઝરતા હોય એવું લાગે છે. હવે તણખા ઝરે એમાં કાંઈ વિકલ્પ છે ? એને કહેવા માટે વિકલ્પ કરવો પડે પણ વેદના તો નિર્વિકલ્પ જ હોય. શાતા-અશાતાની વેદના પણ (નિર્વિકલ્પ છે). માણસને એય..! શાતા છે. તો હવે વિકલ્પ શું છે ? નિર્વિકલ્પ વેદના છે. વેદનાનો સ્વભાવ જ નિર્વિકલ્પ છે.

એમ અહીંયાં જે જ્ઞાનમાં જ્ઞાનની વેદના છે એ પણ નિર્વિકલ્પ વેદના છે. પણ એમાં શાંતિ છે. એમાં શાંતિ છે. શાંતિ છે એટલું જ નહિ, ઊંડો ઉતરે તો શાંતિનો સમુદ્ર છે. એવી શાંતિ છે. એ શાંતિનો અનુભવ ન કરે, નિરાકુળ શાંત જ્ઞાનવેદનનો અનુભવન ન કરે તો શાતા-અશાતાની આકુળતાને વેદ્યા વિના રહે નહિ. કેમકે વેદવાનો એનો સ્વભાવ છે. કાં તો આ વેદ અને કાં તો આ વેદે. પરને વેદી શકતો નથી એટલે આકુળતા થાય છે. આકુળતા થવાનું કારણ એ છે કે વેદી શકાતું નથી. અને વેદાતું હોવાનો એને અધ્યાસ છે. એ ભ્રમને લઈને...

... કારણ કે શરીરની શાતા-અશાતાનું તો વેદન થાય જ છે. તો એ પોતાના અવલોકનથી સમજવાનો વિષય છે.

મુમુક્ષુ :- શાતા થાય છે જ્ઞાનનું વેદન છે... એ જાણનારા ...

પૂજ્ય ભાઈશ્રી :- શાતા-અશાતામાં ખરેખર તો જ્ઞાનમાં તો જ્ઞાન સિવાય બીજું વેદન થઈ શકતું જ નથી. પણ પોતે ભ્રાંતિથી ભૂલે છે એ વાતને અથવા એનાથી

અજાણ છે ભ્રાંતિને લઈને ત્યારે એ અભેદતા સાધે છે. અશાતાના વેદન સાથે અભેદતા ન થઈ શકતી હોવા છતાં ભાવમાં અભેદતા સાધે છે એટલે આકુળતાની ઉત્પત્તિ થાય છે. એમ થાય છે. એટલે વેદના છે એ વેદીને જ્ઞાન કરવાનો (વિષય છે), વિચારીને જ્ઞાન કરવાનો વિષય નથી. નિર્વિકલ્પ વેદના હોવાથી વિકલ્પથી એને નિર્ણય કરવાનો વિષય નથી. કેમકે એ તો વેદનાનો અનુભવ જ વેદનાને સમજાવે.

બહુ વેદના હોય ત્યારે માણસ નથી કહેતા ? કે મારો જીવ ઊંડો-ઊંડો ઉતરી જાય છે. હવે ઊંડો એટલે શું ? ત્યાં કાંઈ પાણીનું ઊંડાણ છે ? કે નીચેનું ઊંડાણ છે ? પણ ઉપયોગ ઘેરાઈ જાય. બેશુદ્ધ થાય એ પહેલાં ઉપયોગ ઘેરાવા માંડે. અને જો સાધ હોય તો શું કહે ? કે, મારો ઉપયોગ અંદરમાં ઊંડો.. ઊંડો... ઊંડો... ઊતરવા માંડ્યો છે હવે. પછી એમાંથી મૃત્યુનો ભય લાગે છે. કાં તો બેભાન થઈ જાય અને કાં તો છૂટી જાય. હવે એને કહેવા માટે શબ્દો છે, બાકી એ તો અનુભવ જ જાણે છે. કેમકે એ વેદન તો અનુભવનો વિષય છે. વિકલ્પનો, વિચારનો કે કથનનો વિષય નથી. સંકેતમાત્રપણે કહેવાય. બાકી તો એ અનુભવનો વિષય અનુભવથી જ સમજાય. અનુભવના અવલોકન વિના એ સમજાય નહિ. એટલે અવલોકનની Practice છે એ અનુભવને સમજવાની Practice છે. પછી ઉલટો કે સૂલટો પછી. પહેલા ઉલટો સમજે, પછી સૂલટો સમજે. કેમકે ઉલટો સ્થુળ છે અને સૂલટો સૂક્ષ્મ છે. ઉલટો છે એ પરિચિત છે અને સૂલટો હજી અપરિચિત છે. એટલે અવલોકન કરે તો એ અનુભવને સમજવા માટેનો એક એનો પ્રયોગ ચાલે છે. એટલા માટે અવલોકનની Practice કરવી જોઈએ. તો અનુભવમાં શું શું આવે છે એ સમજાય. અને અનુભવના વિષયમાં ઊંડો ઊતરી શકે, સમજી શકે. નહિતર વિચારે છે ઘણું પણ જ્યાં અનુભવની અને વેદનની વાત આવે ત્યાં એમ થાય કે આ વળી શું વાત ચાલે છે ? કેવી રીતે ચાલે છે ? એટલે એ અવલોકન માગે છે. અનુભવને સમજવા માટે અવલોકનની આવશ્યકતા છે.

મુમુક્ષુ :- એમ લખ્યું કે વેદન વાણીમાં ન આવી શકે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વેદન વાણીમાં આવે એવો વિષય નથી એટલે એને અવક્તવ્ય કહે છે. છતાં વેદન એટલો શબ્દ કહેવાય છે એના કો'ક કો'ક શબ્દો ઉપમાથી પણ એને દર્શાવાય છે. કે કેવી વેદના છે ? વીંછી કરડે એવી વેદના છે. તો એ બહુ જ સંકેતમાત્ર વક્તવ્ય છે. એટલે નહિવત્ વક્તવ્ય હોવાથી એને અવક્તવ્ય કહેવામાં આવે છે.

જેમકે આનંદ છે. આત્માનો આનંદ કેવો હોય ? તો કહે, વચનાતીત છે. પણ આનંદ શબ્દ તો તમે વચનમાં કહ્યું. તો કહે, એટલું જ વચનમાં આવે છે. એટલું માત્ર સંકેતમાત્ર વચનમાં આવે છે. એમાં આકુળતા (થાય) ? કહે નહિ. આકુળતાનો અભાવ

હોય છે. પણ એ બે-ચાર વાત છે એ સંકેતમાત્ર છે. એની પાસે અનુભવનાર એમ કહે છે કે અનુભવમાં એટલું બધું આવે છે કે અમારે એમ કહેવું પડે છે કે અવક્તવ્ય છે. એટલું બધું વેદનનો વિષય, અનુભવનો વિષય બાકી રહી જાય છે.

એ તો 'ગુરુદેવ' બહુ દૃષ્ટાંત આપતા હતા. ખાસ કરીને સ્વાદનો વિષય કહેતા હતા કે સ્વાદનો વિષય કહી શકાય એવો નથી. ઘી કેવું છે સ્વાદમાં ? તો કહે, મોળું છે. બહુ સારું હોય તો મીઠું છે એમ કહે. ઘી ગળ્યું છે ? પણ Quality સારી છે એટલે મીઠું કહેવામાં આવે છે. મોળું છે એટલે કેવું છે ? કે બદામ-કાજુ ખાઈએ એવું મોળું છે ? કાકડી ખાઈએ એવું મોળું છે ? નહિ. કાકડી ખાઈએ એવું મોળું છે ? મોળું મરચું ખાઈએ એવું મોળું છે ? તો એ બધાની મોળાશ જુદી જુદી છે.

'ગુરુદેવ' તો દૃષ્ટાંત આપતા કે મરચું તીખું હોય અને મરી તીખા હોય. બે વચ્ચેનો તફાવત સમજાવો. શું કહે ? મરચું તીખું લાગે અને મરી પણ તીખા લાગે. હવે બે વચ્ચેની તીખાશમાં તફાવત શું છે એ શબ્દમાં સમજાવો જોઈ. કેવી રીતે સમજાવશો ? નહિ, એ સમજાવવાનો કથનનો વિષય નથી. એ ખાઈને એનો તફાવત તમે નક્કી કરો. કેમકે એ અનુભવજ્ઞાનનો વિષય છે. વેદનજ્ઞાનનો વિષય છે એ શબ્દજ્ઞાનનો વિષય થતો નથી. એ દૃષ્ટાંત આપતા 'ગુરુદેવ'.

એમ આત્માનો જે વેદક સ્વભાવ છે એ કાં તો પોતાના સ્વરૂપમાં તન્મય થઈને અબંધ દશા પ્રાપ્ત કરે, સ્વરૂપને વેદીને. અને એમ ન થાય તો એ શાત-અશાતાની આકુળતાને વેદ્યા વિના રહે નહિ. એવો નિર્ણય કરીને, એમ નિશ્ચય કરીને. વેદનાથી છૂટવું હોય તો. **'જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે...'** જોયું ! હવે શાતા-અશાતાને વેદે છે એમ ન કહ્યું. એ શુભાશુભ પરિણામની શાતા હોય ત્યારે કષાયની મંદતા તે શુભ છે, અશાતા હોય ત્યારે કષાય તીવ્ર થાય તે અશુભ પરિણામ છે. એ પરિણામથી શાતા-અશાતા જે શરીરની પર્યાય છે એનો સંબંધ કરે છે. એને અવલંબે છે. અવલંબવા માટેનો પ્રયત્ન કરે છે.

**'તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ,...'** એને એકદમ ગૌણ કરવાની જરૂર છે. શુભાશુભભાવ છે એ શાતા-અશાતાની વેદનાને ઉપજાવનારો છે. એને એકદમ ગૌણ કરીને, એનાથી ઉપેક્ષિત થઈને. એટલા માટે લીધું છે કે જીવને નહિતર એની અપેક્ષા છે. નહિતર એની અપેક્ષા છે. કાં અપેક્ષા હોય, કાં ઉપેક્ષા હોય. શાતા-અશાતા એવી જે શરીરની અવસ્થા એ શરીરની પર્યાયની કાં જીવને અપેક્ષા છે અને કાં જીવને ઉપેક્ષા છે. જો ઉપેક્ષા નથી તો અપેક્ષામાં અનાદિનો ઊભો છે એમાં કાંઈ ફેર નથી. કોઈ એમ કહે કે ના, ના. અમને કાંઈ શરીરની અપેક્ષા નથી. તો કહે ઉપેક્ષા છે ? તપાસી લે. જો

ઉપેક્ષા ન હોય તો અપેક્ષામાં જ છો તું.

જ્યાં જ્યાં આ જીવને અપેક્ષા છે, જેની જેની અપેક્ષા છે તે તરફનું વલણ, તે તરફની દિશાથી આ જીવ બીજી દિશામાં પરિણમન કરી શકે નહિ. જો શરીરાદિ બાહ્ય શાતા-અશાતાની અપેક્ષા છે કે મને શાતા હો અને અશાતા ન હો. તો શરીર પ્રત્યેના જે પરિણમનની બાહ્ય દિશા છે એ બાહ્ય દિશામાંથી અંતર્મુખ થઈ શકાય નહિ. કેમકે અપેક્ષાવૃત્તિ એને આકર્ષણ કરે છે, ખેંચે છે. પરિણામને બાહ્ય તરફ ખેંચે છે. એ ખેંચાણમાંથી એ બહાર આવતો નથી. એ ખેંચાણની Degree વધી જાય ત્યારે માણસ એમ કહે છે કે હવે Tension લાગે છે. શું કહે છે ? Tension લાગે છે.

કોઈ માણસને તબિયત બગડે ત્યારે માનસિક નબળાઈ ઉત્પન્ન થાય છે કે નહિ ? ઓચિંતું કાંઈક થઈ જાય. આ Attack આવે છે કે નહિ ? ત્યારે માનસિક નબળાઈ પણ ઉત્પન્ન થાય છે. તો એને એકલી શરીરની અશાતા નથી પણ સાથે સાથે એને Tension પણ છે. ખેંચાણ છે. એને શરીર તરફનું એટલું બધું જોરદાર ખેંચાણ છે કે શરીર તે હું. હવે મારું શું થાશે ? હવે મને શું થાશે ? હવે મારું શું થાશે ? એટલા બધા ખેંચાણમાં રહે છે કે એને એકલા શારીરિક રોગની દવા નથી કરવી પડતી, માનસિક રોગની પણ Treatment કરવી પડે છે. આ દશા ઊભી થાય છે માટે.

મુમુક્ષુ :- આમાંથી બચવું હોય તો શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- એનાથી બચવું હોય તો એનાથી ભિન્નપણું અવલોકન કરવું. એનાથી બચવું હોય તો ભિન્નપણાનું અવલોકન કરવું. ભિન્ન છે એને (ભિન્ન જોવું). પારકાને પારકું જાણો પછી ચિંતા ખરી ? બીજાના શરીરનું કેમ Tension આવતું નથી ? હા. મમત્વ હોય તો આવે. કુટુંબ, પરિવારના સભ્ય હોય અને તીવ્ર મમત્વ હોય તો Tension આવે. પણ બાકી ગામના દર્દીઓનું કાંઈ Tension આવતું નથી. Hopital આખી ભરાયેલી રહે છે. જગ્યા નથી મળતી. એનું Tension આવે છે ? એમ કહે મારે શું ? એમાં શું છે ? કે મારે શું ? એમ આ શરીરમાં કાંઈ થાય તો મારે શું ?

'ગુરુદેવ' તો વ્યાખ્યાન કોઈ વાર એવી રીતે કરતા. બહુ અસરકારક વ્યાખ્યાન ચાલે. આ શરીર છે એ માટીનો પિંડ છે. માટી છે, આ ધૂળ છે. શું કહેતા ? આ માટી છે, આ ધૂળનું ઢીંગલુ છે. અંદરમાં ચૈતન્ય કોઈક જુદો બિરાજે છે. બોલતા પણ આમ ભિન્ન પડીને બોલેને ? એટલે એનો Tone જુદો હોય આખો. એવું એને પરપણું, પારકાપણું ન આવે તો ઉપાધિ આવ્યા વિના રહે નહિ. એને Tension આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :- શાતા-અશાતા .. સાથે શુભાશુભ પરિણામને સંબંધ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શાતા સાથે શુભ પરિણામ મંદ કષાય સંબંધ કરે છે,

અશાતા સાથે અશુભ પરિણામ–આકુળતાના પરિણામ સંબંધ કરે છે. અશાતાની પર્યાય અશાતામાં છે, આત્મા આત્મામાં છે. બે વચ્ચે સંબંધ ક્યાંથી થયો ? કે શુભાશુભ પરિણામથી સંબંધ થયો. તો કહે છે, એને વચ્ચેથી કાપો. એ જે સંબંધ કરનાર વચ્ચે છે એ વચલી કડીને કાપી નાખો.

મુમુક્ષુ :– એ વખતે આત્મામાં આકુળતા થાય છે કે આકુળતાનું જ્ઞાન થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હવે જો ભિન્ન પડે તો આકુળતાનું જ્ઞાન થાય અને નહિતર અભિન્નતામાં તો એને કાંઈ જ્ઞાન થાય છે એ ખબર નથી. જ્ઞાન થાતું હોય તો એને જ્ઞાન થાય છે ઈ ખબર નથી. એ તો તન્મય થઈ જાય છે. હા. જ્ઞાની એમ કહે છે, કે જો ભાઈ ! તને તો જ્ઞાન થાય છે. સિવાય કાંઈ થાતું નથી. તારામાં કાંઈ આવતું નથી, તારામાં કાંઈ પ્રવેશતું નથી. જ્ઞાન સિવાય તને કાંઈ થતું નથી. એ જ્ઞાની જાણે છે અને જ્ઞાની કહે છે. પણ એને તો ડૂબી જાય છે. એ બિચારો તો દુઃખમાં, આકુળતામાં ડૂબી જાય છે. એને ખબર નથી.

એવા શુભાશુભ ભાવ પ્રત્યે ઉદાસીન થઈને, ઉપેક્ષિત થઈને '**દેહાદિથી ભિન્ન અને સ્વરૂપમર્યાદામાં રહેલા તે આત્મામાં...**' જ્ઞાન-દર્શનમય ખરે. સ્વરૂપમર્યાદા એટલે પોતાના જ્ઞાનદર્શનમય સ્વભાવમાં રહેલો તે આત્મા છે એ મર્યાદાનું ઉલ્લંઘન કરી શકતો નથી. તે આત્મામાં દેહાદિથી ભિન્ન છે. '**તે આત્મામાં જે ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે...**' જે ચલ સ્વભાવરૂપ પરિણામધારા છે. એક બીજી વાત લીધી હવે. એ આત્મામાં એક ચલાયમાન અંગ છે. સમયે સમયે ઊપજે એવું છે. સમયે સમયે ઉત્પાદ-વ્યય.. ઉત્પાદ-વ્યય.. ઉત્પાદ-વ્યય.. થયા કરે છે.

મુમુક્ષુ :– શુદ્ધ પર્યાય ?

પૂજ્ય ભાઈશ્રી :– ગમે તે પર્યાય. કોઈપણ પર્યાય. શુદ્ધપર્યાય, અશુદ્ધપર્યાય. અહીં શુદ્ધ-અશુદ્ધનો ભેદ જ નથી પાડવો. એ ચલપણું છે, ચલિતપણું છે '**તેનો પણ આત્યાંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી,...**' જુઓ ! અહીંયાં સન્માર્ગ લીધો. એનો અત્યંત વિયોગ લીધો. યોગ ન લીધો પણ અત્યંત વિયોગ. એનું દુર્લક્ષ કરી નાખે. એકદમ એનું દુર્લક્ષ કરી નાખ. મારા પરિણામ કેવા થાય છે એ પરિણામને જોવાનું બંધ કર, એમ કહે છે. અંદરમાં તારો ભગવાન જોવા જેવો છે એમ કહે છે. અદ્‌ભુતથી અદ્‌ભુત જે સ્વરૂપ છે એ આત્માનું છે એને જો અને પરિણામને ન જો. એમ કહે છે. કેમકે એ ચલિત પરિણામ છે. ચલિત અંગ છે.

મુમુક્ષુ :– 'સોગાનીજી'ની શૈલી આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ બધા જ્ઞાનીઓની શૈલી મૂળમાં તો એક જ છે ને.

'સોગાનીજી' કહો કે કોઈપણ કહો. એક જ્ઞાની કહે છે તે સર્વ જ્ઞાની કહે છે. સર્વ જ્ઞાની કહે છે તે પ્રત્યેક જ્ઞાની કહે છે. એનું નામ જ સર્વ જ્ઞાની કહે છે. મને આ જ્ઞાનીની વાત ફાવે છે અને મને આ જ્ઞાનીની વાત ફાવતી નથી. તો કહે તને એકની નથી ફાવતી એનો અર્થ કે તને કોઈની ફાવતી નથી. ના, ના પણ આ જ્ઞાની તો ફાવે છે. ખોટી વાત છે. એ વાત તારી સાચી નથી. કેમકે બધાનો સૂર, બધાનો ધ્વનિ, બધાનો આશય, બધાનું તત્ત્વ એક જ છે. પછી ફાવવા, નહિ ફાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અને બધામાં ચૈતન્યની શાંતિનો પડઘો છે. બધાની વાણીમાં, બધા જ્ઞાનીની વાણીમાં આત્માની શાંતિનો પડઘો પડે છે. જેને આત્માની શાંતિ રુચે છે એને એનો પડઘો ન ગમે એમ બને નહિ.

મુમુક્ષુ :- ગમ્યા વગર રહે નહિ એને.

પૂજ્ય ભાઈશ્રી :- રહે જ નહિ એને. એને એ વાણી પણ પ્રિય લાગે છે. કેમકે એમાં એ વાણી સામે જોતો નથી પણ એનું જે વાચ્ય છે ત્યાં સુધી એને પહોંચવાનું એ વાણી નિમિત્ત થાય છે. માટે વાચ્ય સુધી પહોંચવામાં નિમિત્ત થાય (તેથી) વાચ્યને તો નમસ્કાર કરે પણ વાચ્યના નિમિત્તને પણ નમસ્કાર કરવામાં આવે છે.

વાણી પૂજ્ય કીધી છે કે નહિ ? ભગવાનની જિનવાણીને પૂજનીય કીધી છે કે નહિ ? 'રાજમલજી'એ બીજા કળશમાં પ્રશ્ન ઉઠાવ્યો કે પહેલાં કળશમાં તો આપે એમ કહ્યું કે છ દ્રવ્ય છે એ જાણવા યોગ્ય નથી. કેમકે એને જાણનારને સુખ નથી અને જણાવનારને પણ સુખ નથી. એને જાણનારને સુખ નથી. જુઓ ! એને જાણનારને સુખ નથી એમ લીધું. છ દ્રવ્યને જાણનારને સુખ નથી અને એ છ દ્રવ્યમાં પોતાનું સુખ નથી. પછી અહીંયાં બીજા કળશમાં વાણીને શું કરવા પૂજ્ય કહો છો ? કેમકે પોતે જ પોતાનો પૂજ્ય છે. બીજો તો કોઈ પોતાનો પૂજ્ય નથી. તો કહે છે, સર્વજ્ઞ અનુસારીણી છે ને ! વાણી પણ આ સર્વજ્ઞસ્વભાવને સ્પર્શીને ઉત્પન્ન થયેલી વાણી છે. એ સર્વજ્ઞસ્વભાવ અનુસારીની વાણી હોવાથી એ પણ વ્યવહારે પૂજ્ય છે. અપેક્ષામાં એમાં વ્યવહારની છે. પરમાં તો વ્યવહારની જ અપેક્ષા લાગે. પણ એ પણ પૂજ્ય છે. વ્યવહારે એ અપૂજ્ય નથી. વ્યવહારે પૂજ્ય છે.

ક્યારેક ક્યારેક જ્ઞાનીઓ જ્ઞાની માટે સજ્જન શબ્દ વાપરે છે. 'બહેનશ્રીના વચનામૃત'માં આવે છે. 'ગુરુદેવ' મળ્યા, સજ્જનનો સાથ મળ્યો એમ કરીને લખ્યું છે. જુઓ ! પછી એક પદ છે. આપણા જે ભક્તિના પદ છે એમાં 'પ્રભુજી મન મંદિરમાં આવ્યા...' એમાં 'સજ્જન તુમ મિલ જાઓ...' એમ કરીને આવે છે. તેનો અર્થ શું છે ? લોકોત્તર સજ્જનતાનો સવાલ નથી. લૌકિક સજ્જનતાનો સવાલ નથી. લોકોત્તર સજ્જનતા એ છે.

મુમુક્ષુ :- સજ્જનની સંધિ છૂટી પાડે તો સત્‌જન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સત્‌જન છે. સત્‌જન છે. ત નો જ થયો છે. સંધિ થતા ત નો જ થયો છે. બાકી સત્‌જન છે ખરેખર. એમ છે. સત્‌જન કહો કે સંતજન કહો. પછી એકાર્થ છે એ બધું. એટલે એ સત્ સ્વરૂપને દર્શાવનારી વાણીને પણ વંદન કરવામાં આવે છે. એ મંગળિકનો કળશ જ છે ને ? એટલે આચાર્ય મહારાજ પોતે પણ એ જિનવાણીને નમસ્કાર કરે છે.

જે આત્મામાં ચલ સ્વભાવરૂપ પરિણામધારા છે તેનો આત્યાંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરીને એટલે એનું અવલંબન બિલકુલ છોડી દઈને, જરાપણ એનું અવલંબન નહિ રાખીને કે બિલકુલ એનો આશ્રય છોડીને. એવો '**સન્માર્ગ ગ્રહણ કરી, પરમ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા...**' કેવો છે આત્મા ? પરમ શુદ્ધ છે, જેમાં કોઈ ભેળસેળ નથી. ચૈતન્યસ્વભાવ, એકલો ચૈતન્યસ્વભાવ પ્રકાશમય છે. જેમ દીવો પ્રકાશે છે એમ આત્મા પોતાના સ્વરૂપને પ્રકાશે છે. એવો જે પ્રકાશમય આત્મા છે-સ્વસંવેદનમય આત્મા છે. '**તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે...**' કર્મના ઉદયમાં જોડાય ત્યારે એના પરિણામમાં મલિનતા-કલંકની ઉત્પત્તિ થાય છે. મેલાપણું ઉત્પન્ન થાય છે. '**તેથી ઉપરામ થઈ...**' તેનાથી શાંત થવું. ઉપરામ થવું એટલે વિરામ પામવું. એ આકુળતાનું અને થાક લાગવાનું કારણ છે. તેનાથી '**ઉપરામ થઈ...**' એટલે પાછો વળી જઈને. એનાથી પાછો વળી જઈને '**જેમ ઉપશમિત થવાય,...**' જેમ અંતર્મુખ થવાય. ઉપશમિત થવું એટલે અહીંયાં જેમ અંતર્મુખ થવાય '**તે ઉપયોગમાં...**' તેવી સાવધાનીમાં, તેવા પ્રયત્નમાં '**અને તે સ્વરૂપમાં સ્થિર થવાય,...**' તે સ્વરૂપના આશ્રયે '**અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામ સ્વભાવરૂપ કરવા યોગ્ય છે.**' જે વિભાવમાં સહજતા થઈ ગઈ છે ને ? એ આટલા બધા પ્રકારના પરિણામથી એ સહજ થઈ જવા યોગ્ય છે. મોક્ષમાર્ગમાં કેવું સહજ થાય છે ? કે અનેક પ્રકારના ઉદયમાં પણ એ સહજ પરિણામધારા છૂટતી નથી. ગમે તેટલા ચારિત્રના ઝંઝાવાત ઊભા થાય તોપણ એ પરિણામધારા છૂટતી નથી. એવી ને એવી અંદરમાં ધારા ચાલુ રહે છે. એમાં ફેર પડતો નથી. ઠીક ! એમાં કાંઈ ફેર પડતો નથી.

મુમુક્ષુ : એક Paragraph માં આટલી વિધિ આવી.

પૂજ્ય ભાઈશ્રી : હા. એક Paragraphમાં આટલી વિધિ લઈ લીધી. બહુ સરસ લીધું છે. આખા ગ્રંથમાં આવો Paragraph ક્યાંય નથી આવ્યો. વિધિવિષયક આવો

Paragraph ક્યાંય નથી આવ્યો. બહુ સરસ-સુંદર વાત લઈ લીધી છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. આખું પરમાગમ આવી જાય છે. 'સમયસાર' આદિ આખું (પરમાગમ આવી જાય છે). 'સમયસાર', 'નિયમસાર' આદિ અધ્યાત્મનું પરમાગમ આખું આવી જાય. એ તો વિધિમાં શું બાકી રહે ? અને અનુભવીને જે વિધિ કહે એ અનુભવવાણીમાં શું બાકી રહે ?

પોતે બહુ સમર્થ છે. જે વાત વ્યક્ત કરવી છે એ વ્યક્ત કરવામાં પણ પોતે ઘણા સમર્થ છે. કહેવું એક વાત છે, લખવું બીજી વાત છે. કહેવું સહેલું છે. લખવું એટલું સહેલું નથી. આ તો લખાણમાં મૂકી દીધું છે. દસ્તાવેજ કરીને ગયા છે. આ વિધિ છે. સ્વરૂપ પ્રાપ્તિની આ વિધિ છે. ચૈત્ર વદ ચોથ. બરાબર એક વર્ષ બાકી રહ્યું છે. ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમે દેહ છોડ્યો છે. આ ૧૯૫૬ના ચૈત્ર વદ ચોથે આ કાગળ લખ્યો છે. નસીબદાર છે. જેને લખ્યો છે એ નસીબદાર છે. આ 'ઈડર' પાસેનું એક ગામડું છે. 'વનમાળીદાસ ...' 'ગોધાવી'.

મુમુક્ષુ :- 'ધર્મપુર'થી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'ધર્મપુર' આવ્યા છે ને. તબિયત બગડી છે અને મહિનોદાડો 'ધર્મપુર'માં રહ્યા છે. જે મુમુક્ષુ છે એને ત્યાં રહે છે. આ 'ભગવાનદાસ રણછોડદાસ' એમના વેવાઈ છે. ભગવાનદાસ એમના જમાઈ છે. ઝવલબહેનના પતિ. એટલે રણછોડદાસભાઈ ત્યાં Government engineer કાંઈક Government engineer છે. Government ના Deparment માં engineer તરીકે Service કરે છે. ત્યાં એની 'ધર્મપુર'માં બદલી થયેલી છે. આ 'ધર્મપુર' એમને ત્યાં એક મહિનો રોકાણા છે. એ વખતે આ 'ભગવાનદાસ'ને મળ્યા હશે. ત્યારપછી આ સંબંધ કર્યો છે એમણે. એ એમણે એક પુસ્તક બહાર પાડ્યું છે એમાં એ લોકોએ લખ્યું છે. ૩૩મા વર્ષે 'ધર્મપુર' આવેલા. ત્યારે એક મહિનો રોકાણા હતા. ત્યાં પરિચય થયો. એ કુટુંબ સાથે સારો પરિચય રહ્યો. તબિયતને હિસાબે હવાફેર માટે રોકાણા હતા.

**'મહાત્માઓની વાંરવાર એ જ શિક્ષા છે.'** સર્વ મહાત્માઓએ, મહાપુરુષોએ આ રીતે જ મોક્ષમાર્ગ ચીંધ્યો છે, આ જ રીતે મોક્ષમાર્ગ દર્શાવ્યો છે, આવો જ ઉપદેશ કર્યો છે. તીર્થંકરની વાણીમાં પણ આ ઉપદેશ આવ્યો છે. આચાર્યોની વાણીમાં, ગણધર આદિની વાણીમાં પણ આ જ ઉપદેશ આવ્યો છે. અહીં સુધી રાખીએ...

## તા. ૭-૧૧-૧૯૯૨, પત્રાંક-૯૧૩ થી ૯૧૫
## પ્રવચન નં. ૪૨૪

પત્રાંક-૯૧૩. પાનું-૬૪૫. બીજો Paragraph. **'તે સન્માર્ગને ગવેષતા, પ્રતીત કરવા ઇચ્છતા, તેને સંપ્રાપ્ત કરવા ઇચ્છતા એવા આત્માર્થી જનને પરમવીતરાગસ્વરૂપ દેવ, સ્વરૂપનૈષ્ઠિક નિસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ, પરમદયામૂળ ધર્મવ્યવહાર અને પરમશાંત રસ રહસ્યવાક્યમય સત્શાસ્ત્ર, સન્માર્ગની સંપૂર્ણતા થતાં સુધી પરમભક્તિ વડે ઉપાસવા યોગ્ય છે; જે આત્માના કલ્યાણનાં પરમ કારણો છે.'**

મુમુક્ષુ :- દિગંબર શાસ્ત્ર...

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ગ્રંથગુરુ લીધા ને ? **'સ્વરૂપનૈષ્ઠિક નિસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ,...'** એ આગળ પણ આવી ગયો છે.

**'તે સન્માર્ગને ગવેષતા,...'** સાડી ત્રણ લીટીનું એક જ વાક્ય છે. ઉપર કહ્યો એવો જે શુદ્ધાત્માનુભવનો સન્માર્ગ છે-સત્ય માર્ગ છે એને ગવેષતા એટલે એની ખોજમાં પડેલા એ માર્ગના ખોજ માટે ઊંડાણમાં જવાવાળા, એને ગવેષણા કહે છે. તેને **'પ્રતીત કરવા ઇચ્છતા,...'** એટલે એ જ સત્ય છે એવી જેની ઇચ્છા છે અને તે માર્ગની પ્રાપ્તિ કરવાને ઇચ્છતા **'એવા આત્માર્થી જનને...'** આત્માર્થીજન આવા હોય. આત્માર્થીજનનું આ વિશેષણ લીધું છે કે આત્માર્થી એ છે કે શુદ્ધાત્મ પ્રાપ્તિના માર્ગને ગવેષે. એની પ્રતીત એને અંતરમાં હોય અને એ પ્રાપ્તિની ભાવનામાં હોય એ આત્માર્થી છે.

**'એવા આત્માર્થી જનને...'** બહારની અંદર કલ્યાણના પરમ કારણો કેટલા છે એ કહે છે. આ બાહ્ય કારણો છે. અંતરંગ કારણ તો પોતાની યોગ્યતા આત્માર્થીપણું છે પણ એ આત્માર્થીને બહારમાં તે માર્ગને પ્રાપ્ત થવામાં અનુકૂળ નિમિત્તો કેટલા છે ? કે **'પરમવીતરાગસ્વરૂપ દેવ,...'** છે. સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્ર પરમાત્મા છે એની ભક્તિ, એમણે જે આત્મગુણોને પરિપૂર્ણ પ્રગટ કર્યા છે તેથી તેમના પ્રત્યે જેમને બહુમાન છે અને જે બહુમાનને કારણે આત્મગુણ પ્રગટ થવા યોગ્ય પરિસ્થિતિ એ બહુમાનના ભાવ કરનારને અંદરમાં ઉત્પન્ન થાય છે એ કારણ છે. ભક્તિ ભક્તિના કારણે નથી પણ ભક્તિ પોતાની યોગ્યતા વિશેષ થવા અર્થે છે. ભક્તિનો બીજો અર્થ જ એ છે કે જેને ગુણ જિજ્ઞાસા છે અથવા આત્મગુણો પ્રગટ કરવાની જેને ઘણી ગરજ છે તેને ગુણવાન પ્રત્યેનું બહુમાન, અતિ બહુમાન થયા વિના રહે નહિ.

એવા '**પરમ વીતરાગસ્વરૂપ દેવ,...**' છે. '**સ્વરૂપનૈષ્ઠિક...**' જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર દ્વારા સ્વરૂપમાં સ્થિર છે. જે '**નિસ્પૃહ...**' છે. કોઈનું કાંઈ પણ લેવા માટે જેની કોઈ તૈયારી નથી. નવ કોટીએ પચ્ચખાણ છે. કૃત-કારીત-અનુમોદના, મન-વચન અને કાયા. એવા જે '**નિસ્પૃહ નિગ્રંથરૂપ ગુરુ,...**' છે. જેને અંતરબાહ્ય ગ્રંથી નથી તેને નિર્ગ્રંથ કહે છે. બહારમાં પરિગ્રહની પક્કડરૂપ ગ્રંથી નથી. અંદરમાં વિષયકષાયના પરિણામની મિથ્યાત્વ, અજ્ઞાનની ગ્રંથી નથી એવા નિર્ગ્રંથરૂપ ગુરુ, '**પરમદયામૂળ ધર્મવ્યવહાર...**' જેના વ્યવહારની અંદર ઝીણામાં ઝીણી એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય જીવો પ્રત્યેના કોઈને દુઃખ ન પહોંચે એવો જેનો વ્યવહાર છે.

'**અને પરમશાંત રસ રહસ્યવાક્યમય સત્શાસ્ત્ર,...**' સત્શાસ્ત્રની પરિભાષા કેવી કરી છે ! જેમાં પરમશાંતરસના રહસ્યમય વાક્યો હોય. કેવા વચનો હોય જેની અંદર ? કે આત્માની શાંતિ પ્રગટ કરવાનું રહસ્ય જે વચનોમાં ભર્યું હોય અને જે વાંચતા આત્માને શાંતિ ઊપજે, જેના નિમિત્તે આત્માને આત્મશાંતિ ઊપજે એવા વચનો જેમાં ભરેલા છે તેવા સત્શાસ્ત્રો, તે સન્માર્ગની સંપૂર્ણતા થતા સુધી એટલે પ્રાપ્તિથી તે પૂર્ણતા સુધી. આખા મોક્ષમાર્ગમાં તે સાધક ધર્માત્માને '**પરમભક્તિ વડે ઉપાસવા યોગ્ય છે;...**' અહીંયાં દેવ-ગુર-શાસ્ત્ર એટલા લીધા છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને ઉપાસનાના અર્થે બાહ્ય વ્યવહાર. દયામય બાહ્ય વ્યવહાર. એ '**પરમભક્તિ વડે ઉપાસવા યોગ્ય છે;...**' પરમ બહુમાનથી ઉપાસવા યોગ્ય છે અને તે આત્માના કલ્યાણના પરમ કારણો છે. એ આત્માને કલ્યાણ થવામાં બહુ અનુકૂળ છે. અથવા એટલા માટે એને નિમિત્ત ગણવામાં આવે છે કે એમનું બહુમાન થતાં અહીંયાં ઉપાદાનમાં ગુણ પ્રગટવાની જગ્યા-અવકાશ ઉત્પન્ન થાય છે. જેની ભક્તિ અને બહુમાનથી પોતાને ગુણ પ્રગટવાનો અવકાશ થાય છે માટે એને નિમિત્ત કહેવામાં આવે છે. એ પોતાના કારણે છે.

મુમુક્ષુ :- પરમભક્તિ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પૂજ્ય ભાવ છે. એમના પ્રત્યેનો પૂજ્ય ભાવ છે એ ભક્તિ છે. ભક્તિ એટલે માત્ર પદ બોલવું એમાં ભક્તિ પૂરી નથી થતી. એમનું સ્વરૂપ જ્ઞાનમાં રહેવું અને એમના ગુણવાન સ્વરૂપને લઈને એમના પ્રત્યે બહુમાનનો ભાવ રહેવો. અભિપ્રાયપૂર્વક નિરંતર બહુમાન રહેવું એ એમની ભક્તિ છે. આપણે તો ભક્તિનો અર્થ જ જ્ઞાન કરીએ છીએ. રાગ નથી કરતાં. જેને જ્ઞાનમાં બહુમાન પ્રગટ્યું છે, મહાપુરુષોનું મૂલ્ય થયું છે એ જ્ઞાન જ ભક્તિરૂપ છે અને પોતાને જે ગુણ પ્રગટવાની ગરજ છે, ગુણ પ્રગટાવાની જે ગરજ છે, આત્મગુણની જે ગરજ છે એ ગરજનું બીજું નામ ભક્તિ છે અને એ પાત્રતા છે. આત્માર્થીજનની એ પાત્રતા છે.

મુમુક્ષુ :- તત્ત્વ અભ્યાસ વગર સાચી ભક્તિ આવી શકે ?

પૂજ્ય ભાઈશ્રી :- તત્ત્વ અભ્યાસ વગર ? વગર ન આવે. તત્ત્વનો અભ્યાસ ન હોય તો ન આવે. કેમકે એનું સ્વરૂપ તત્ત્વ અભ્યાસ વગર કેવી રીસે સમજાશે ? ગુણનું સ્વરૂપ કેવી રીતે સમજાશે ? અથવા ગુણ-દોષની તુલના કેવી રીતે કરે ? એ તત્ત્વ અભ્યાસ વગર થાય નહિ. અથવા તો અશુભને દોષ માને, શુભને ગણ માને એવી જે અનાદિની પરિપાટી છે એવું ગુણ-દોષનું ઓઘે ઓઘે જાણવું થાય. તત્ત્વ અભ્યાસમાં શુદ્ધિ-અશુદ્ધિનો વિષય આવે છે કે આત્માના પરિણામમાં શુદ્ધિ શું અને અશુદ્ધિ શું ? એટલે તત્ત્વ અભ્યાસ તો અનિવાર્ય છે. જૈનદર્શનનો પાયો જ તત્ત્વ અભ્યાસથી છે.

પ્રથમ તો તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતાં પોતાના સ્વરૂપનો નિશ્ચય થાય એ પ્રકારના પ્રયત્નમાં એને રહેવું જોઈએ. સ્વરૂપનિશ્ચય થાય તો સ્વરૂપાનુભવ થાય. એટલે શાસ્ત્ર સ્વાધ્યાય સ્વરૂપ નિશ્ચય માટે છે. પણ એ સ્વરૂપ નિશ્ચય થવા અર્થે જેટલી યોગ્યતા પોતાને કેળવવી ઘટે એટલી યોગ્યતા આત્માર્થીપણાની પોતે કેળવી હોય તો જ સ્વરૂપ નિશ્ચય થાય. નહિતર માત્ર બુદ્ધિની પહોંચથી કોઈ તત્ત્વ અભ્યાસથી સ્વરૂપનિશ્ચય થાય એવું બનતું નથી. તત્ત્વ અભ્યાસ આમ તો મુખ્યપણે બુદ્ધિનો વ્યવસાય છે. તોપણ કેવળ બુદ્ધિનો વ્યવસાય નથી, એને આનુસંગિક પાત્રતાના ગુણો બધા, આત્માર્થીપણાના ગુણો એ તત્ત્વ અભ્યાસ કરવામાં ઉત્પન્ન થવા જોઈએ. અથવા આત્મકલ્યાણ કરવાની પૂરી ગરજ થઈને પછી સ્વરૂપનિશ્ચય કરવા લાગે તો એ આત્માર્થી થઈને સ્વરૂપનિશ્ચય કરશે અને એનો એ પ્રયત્ન સફળ થશે. એમ છે. એટલે એ ગરજ છે એને અહીંયાં ભક્તિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...ઓળખાણ વગર ભક્તિ આવશે ?

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખાણ વગર તો કોઈના પ્રત્યે બહુમાન થવું એ પ્રશ્ન કેવી રીતે થાય ? મૂલ્ય જ કેવી રીતે થાય ? સમજણ વગર મૂલ્ય કેવી રીતે થાય ?

મુમુક્ષુ :- ત્યાં સુધી ભક્તિનું કાંઈ ફળ ખરું ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. શુભભાવ. ભક્તિનું ફળ શુભભાવ. કષાય મંદ થાય તો શુભભાવ. અને કષાય મંદ થાય એમાં અહંમભાવ થાય તો મિથ્યાત્વ. તો મિથ્યાત્વ. અને એને એ શુભરાગને, ઓઘભક્તિને આત્મકલ્યાણનો માર્ગ માને તો ગૃહીત મિથ્યાત્વ છે. કેવો ? તો ગૃહીત મિથ્યાત્વ. એટલે ધર્મનું ક્ષેત્ર ઘણું જવાબદારીવાળું છે. કોઈપણ ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ કરે એની જવાબદારી દુનિયાદારીના કાર્યો કરતા વિશેષ છે.

દુનિયામાં જેમ માણસોની જવાબદારી હોય છે ને ? પિતાની પિતાની જગ્યાએ, પુત્રની પુત્રની જગ્યાએ. ઘરના દરેક સભ્યની પોત પોતાના સ્થાને જવાબદારી હોય છે

કે નહિ ? પણ સૌથી વધારે જવાબદારી ધર્મ કરનારની છે. કેમકે એ સર્વથી વધારે મૂલ્યવાન ચીજ છે. જેની કિંમત વધારે એના વેપારની જવાબદારી પણ વધારે. શાકભાજીમાં ખોટ કેટલી જાય ? બસ્સો રૂપિયાનું શાક લઈને લારી ફેરવવા નીકળ્યો હોય એને બસ્સોમાં કાંઈ ચારસોની ખોટ જાય ? બસ્સોમાં એને ચારસોની ખોટ ન જાય. બસ્સોમાં પચાસનો વેપાર થશે તો શાક બગડી ગયું તો દોઢસોનું બગડશે. બસ્સોમાં સવા બસ્સોનું નહિ બગડે. પણ હીરાના વેપારમાં તો સહેજ જોવા ફેર થાય અને કિંમત આંકવામાં ફેર થાય તો મોટો ફેર પડે, લાખોનો ફેર પડે, હજારોનો ફેર પડે. મોટો વેપાર છે. એમ આ મોટો કિંમતી વેપાર છે. ગમે તેમ ચાલવા જેવો વેપાર નથી. જિજ્ઞાસુ રહેવું જોઈએ. વિશેષપણે આત્માર્થીએ જિજ્ઞાસુ રહેવું જોઈએ. એકદમ અભિપ્રાય આપવાની ઉતાવળ નહિ કરવી. કેમકે વિષય ઊંડાણવાળો ઘણો છે, છિછરો વિષય નથી. એટલે ઉપરછલ્લે છિછરી બુદ્ધિથી અભિપ્રાય આપી દે તો નુકસાન પોતાને થાય, બીજાને ન થાય.

**'અત્ર એક સ્મરણ સંપ્રાપ્ત થયેલી ગાથા લખી અહીં આ પત્ર સંક્ષેપીએ છીએ.'** છેલ્લી ગાથા લખે છે. એ ગાથા લખીને આ પત્ર પૂરો કરે છે.

**भीसण नरयगईए, तिरियगईए कुदगेवमणुयगईए;**
**पत्तोसि तिव्व दुःखं, भावहि जिणभावणा जीव।।**

**'ભયંકર નરકગતિમાં, તિર્યંચગતિમાં અને માઠી દેવ તથા મનુષ્યગતિમાં હે જીવ ! તું તીવ્ર દુઃખને પામ્યો,...'** ક્યાંની છે ? 'ભાવપાહુડ'ની ગાથા છે. 'અષ્ટપાહુડ'. 'કુંદકુંદાચાર્યદેવ'ની ગાથા છે. **'ભયંકર નરગતિમાં, તિર્યંચગતિમાં અને માઠી દેવ તથા મનુષ્યગતિમાં...'** ચારેય ગતિમાં. કારણ કે ઉપલી બે ગતિ તો આવે નહિ. નીચેની માઠી દેવગતિ આવે. **'તથા મનુષ્યગતિમાં હે જીવ ! તું તીવ્ર દુઃખને પામ્યો,...'** તને ઘણું દુઃખ ચારે ગતિમાં થયું છે. **'માટે હવે તો જિનભાવના...'** ભાવ. **'માટે હવે તો જિનભાવના (જિન ભગવાન જે પરમશાંત રસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમશાંતસ્વરૂપ ચિંતવના)...'** એવા પરમશાંતરસને ઉત્પન્ન કરવાની ચિંતવના, ભાવના, એને **'ભાવ-ચિંતવ (કે જેથી તેવા અનંત દુઃખોનો આત્યંતિક વિયોગ થઈ પરમ અવ્યાબાધ સુખસંપત્તિ સંપ્રાપ્ત થાય.)'** 'કુંદકુંદાચાર્ય'ની ગાથા છે.

ચારેય ગતિમાં છૂટવાની ભાવના ભાવ. આ આત્માર્થીજનની ભાવના છે ને ? આત્માર્થીની શું ભાવના છે ? કે ચારેય ગતિના જન્મ-મરણથી મારે છૂટવું છે. મનુષ્ય થઈને કોઈ પુણ્યના સંયોગો મેળવવા નથી, દેવલોકના સ્વર્ગમાં જઈને પણ કોઈ સ્વર્ગના

ભોગ-ઉપભોગ મેળવવા નથી. ચારેય ગતિથી છૂટીને આત્મશાંતિમાં જેને લીન થવું છે. જેવા જિનેશ્વર પરમાત્મા થયા એવા. એવી ભાવના ભાવતા સર્વ દુઃખોનો, અનંત દુઃખોનો આત્યાંતિક ક્ષય થાય અને અવ્યાબાધ સુખની, શાશ્વત સુખની પ્રાપ્તિ થાય. એ ભાવના ભાવવી. એ ભાવના નહિ ભાવવામાં કોઈ કારણ ખરું ? આવી ભાવના નહિ ભાવવાનું શું કારણ છે ? આમાં શું આપત્તિ છે ? આ તો પરમશાંતિમાં શાશ્વત રહેવા માટેની ભાવના છે. એ ભાવના સમજ્યા પછી કોને ન હોય ? એમ કહે છે. ન સમજતો હોય ત્યાં સુધી જુદી વાત છે. સમજ્યા પછી એવી ભાવના કોને ન થાય ? કે હું કાયમ માટે શાશ્વત શાંતિમાં રહું. '**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**' આ ૯૧૩ પત્ર અહીંયાં પૂરો થાય છે. ૯૧૪મો પત્ર છે 'મુનિશ્રી લલ્લુજી' ઉપરનો.

મુમુક્ષુ :- છેલ્લા પત્રો બધા ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ પત્ર વધારે વિશેષ સારો આવી ગયો છે. બાકી તો કોઈ કોઈ પત્રો આખા ગ્રંથમાં લગભગ ૪૦-૪૫ પત્રો બહુ સારા છે.

મુમુક્ષુ :- માઠી દેવગતિ શબ્દ વાપર્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. માઠી દેવગતિ. અને આ ભૂતડા-બુતડામાં ગયો છે ને ઘણી વાર વ્યંતર વગેરે થયો છે. બહુ આકુળતા હોય છે. એ વ્યંતર દેવો ઘણા દુઃખી હોય છે. બહુ આકુળતા હોય છે.

મુમુક્ષુ :- દેવગતિમાં બધા જીવો...

પૂજ્ય ભાઈશ્રી : હા. જેટલા મિથ્યાદૃષ્ટિ દેવ છે એ બધા ત્યાં દુઃખી છે. જેટલા દેવો છે એ પોતાથી વિશેષ પુણ્યવાન દેવોની ગુલામગિરી કરે છે. શું કરે છે ? એની ગુલામગિરી કરવી પડે છે. એના નોકરચાકર તરીકે એની સાથે એને ચાલવું પડે. ઉપરના દેવો સાથે. જેમ અહીંયાં Governmentનો Officer હોય એ પટ્ટાવાળા ઉપર રૂઆબ કરે, પણ એનો ઉપરી અધિકારી આવે ત્યારે એ પટ્ટાવાળાની જેમ વાત કરવા માંડે. આ એવી પરિસ્થિતિ ત્યાં છે. પટ્ટાવાળા કરતા Officer ના પુણ્ય વધારે અને એના કરતા એના ઉપરીના પુણ્ય વધારે, એના કરતાં પ્રધાનના પુણ્ય વધારે. તો એવી રીતે જેમ નીચે એને ચાકરી ને સેવા કરવી પડે છે, એમ ત્યાં પણ એ જ પરિસ્થિતિ છે સંસારમાં. એ પણ સંસાર જ છે ને બીજું શું છે ? ત્યાં હિનાધિક પુણ્યવાળા એક દેવલોકના વિમાનમાં હિનાધિક પુણ્યવાળા દેવો હોય છે અને એને ઈર્ષ્યા થાય છે. અહીંયાં જેમ ઈર્ષ્યા થાય છે. નીચે ચાલતો હોય, પગે ચાલતો હોય એને મોટરવાળાની ઈર્ષ્યા થાય છે. એમ ત્યાં પણ વિશેષ પુણ્યવાળાની ઈર્ષ્યા થાય છે. ત્યાં વધારે ઈર્ષ્યા થાય છે. એટલી બધી આકુળતા, ઈર્ષ્યાની અગ્નિમાં એ સળગે છે અને બહુ લાંબા કાળ સુધી એ

સળગે છે. અને એવા માઠા પરિણામથી પાછા એકેન્દ્રિયાદિમાં જાય છે. એ દુર્ગતિ થાય છે પાછી. અધોગતિમાં ચાલ્યા જાય છે.

મુમુક્ષુ :- જેમ માણસ મૂંઝાય એમ છ મહિના તો બહુ ઝુરી ઝુરીને મરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં પણ હજી Investigation માં જાય ને.

મુમુક્ષુ :- Cancer છે એમ કહે...

પૂજ્ય ભાઈશ્રી :- Cancer કહે એમ નહિ, હજી Biopsy નો નમુનો લીધો હોય ને Sample કે જરા Biopsy માં એમને લઈ જવા પડશે. Report આવતા પહેલા ખાવાની ભૂખ ઊડી જાય ને ઊંઘ ઉડી જાય. બધી પરિસ્થિતિ અહીંયાં ઊભી થાય છે. અહીંયાં તો હજી એવા સંયોગો નથી. ત્યાં તો સંયોગો જરા સારા છે એટલે એને વધારે મમત્વ થયેલું હોય છે, રસ વધારે ચડેલો હોય છે. એ રસ વિરૂદ્ધ પરિસ્થિતિ થવાની છે એમ ખ્યાલ આવી જાય એટલે એના દુઃખનો પાર રહેતો નથી. બહુ દુઃખી થાય.

જેટલો રસ લીધો છે, એનો સીધો સિદ્ધાંતિક અર્થ એ છે કે આ જીવે જેટલો સંયોગની અનુકૂળતાનો રસ લીધો છે. અનુકૂળતા નથી તો અનુકૂળતા કરવા માટે અને અનુકૂળતા થઈ તો અનુકૂળતા મને થઈ એનો જે રસ લીધો છે એટલું એણે ઝેર ખાધું છે. એટલો દુઃખી થવાનો છે. બીજું કાંઈ નથી. એ રસ લીધો એ જ ઝેર ખાધું છે. એટલે જાગૃતિ ત્યાં રાખવાની છે. સંયોગોનો રસ લેતા જાગૃતિ રાખવાની. એવું જ પ્રતિકૂળતાનું છે. એ પ્રતિકૂળતાનો જેટલો અણગમો થાય એટલો એને અનુકૂળતાનો રસ છે. ત્યાં પણ એ ઝેર ખાય છે. અનુકૂળતામાં પણ ઝેર ખાય અને પ્રતિકૂળતામાં પણ ઝેર ખાય. પછી અધોગતિમાં ન જાય તો જાય ક્યાં ? એ પછી અધોગિતમાં જાય. એટલે નિગોદનું પેટ બહુ મોટું છે. તિર્યંચગતિનું પેટ બહુ મોટું. અનંતા અનંત અનંત જીવો એમાં સમાઈ જાય છે. ગતિમાં સૌથી વધારે સંખ્યા હોય તો તિર્યંચગતિમાં છે. સૌથી ઓછી સંખ્યા હોય તો મનુષ્યગતિમાં છે.

## પત્રાંક-૯૧૪

**ધર્મપુર ચૈત્ર વદ ૫, ગુરુ, ૧૯૫૬**

**જનવૃત્તિ જ્યાં સંકુચિત ન સંભવતી હોય અને નિવૃત્તિને યોગ્ય વિશેષ કારણો જ્યાં હોય તેવાં ક્ષેત્રે મહત્ પુરુષોએ વિહાર, ચાતુર્માસરૂપ સ્થિતિ કર્તવ્ય છે. શાંતિઃ**

૯૧૪ છે 'મુનિશ્રી લલ્લુજી' ઉપરનો. **'જનવૃત્તિ જ્યાં સંકુચિત ન સંભવતી હોય અને નિવૃત્તિને યોગ્ય વિશેષ કારણો જ્યાં હોય તેવાં ક્ષેત્રે મહત્ પુરુષોએ વિહાર, ચાતુર્માસરૂપ સ્થિતિ કર્તવ્ય છે.'** આ પહેલેથી સૂચના આપે છે કે જ્યાં સંકુચિત મનવાળા મનુષ્યો ન હોય. સંપ્રદાય બુદ્ધિવાળા. સંકુચિત મનવાળા એટલે સંપ્રદાય બુદ્ધિવાળા. સંપ્રદાય બુદ્ધિમાં સંકુચિતતાનો જન્મ થાય છે. એને એ વિશાળતા છે એ છૂટી જાય છે. અને જે કોઈ પરંપરા જે સંપ્રદાયમાં ચાલતી હોય એ પરંપરા માટે, પરંપરા નિભાવવા માટે જ બધું કરવામાં આવે છે.

'ટોડરમલજી'એ તો પહેલાં અધિકારમાં વક્તાનું સ્વરૂપ લખતા એ વાત લખી છે કે શાસ્ત્ર વાંચન પણ પરંપરા ચલાવવા માટે ન કરવું. ઠીક ! શાસ્ત્ર વાંચન પણ પરંપરા ચલાવવા માટે વક્તા ન થાવું. એ હદ સુધી વક્તાના લક્ષણોમાં એ વાત લઈ લીધી છે.

મુમુક્ષુ :- એ પરંપરાનો અર્થ શું ?

પૂજ્ય ભાઈશ્રી :- પરંપરા એટલે શું છે કે સંપ્રદાયબુદ્ધિએ જે ક્રિયા થતી હોય એ ક્રિયા એમ ને એમ ચાલુ (રાખવી). અને એમાં ફેરફાર કરવામાં કોઈ ગુણપ્રાપ્તિનું કારણ હોય તોપણ ન વિચારવું. અવગુણ થતો હોય તોપણ ન વિચારવો. અને આપણે ત્યાં તો આમ જ થાય છે. બીજી રીતે થતું નથી માટે આપણે એમ જ કરવું. એ કેવી બુદ્ધિનો દરવાજો બંધ થાય છે ?

એક દૃષ્ટાંત આવે છે ને ? કોઈના ઘરે લગ્નપ્રસંગ હતો. એમાં કાળી બિલાડી નીકળી. ડોશી હશે એને એમ થયું, એ તો નવરા અને અશક્ત હોય એટલે ઘરમાં એકકોર બેસી રહે, બિલાડીને જોઈને એમ થયું કે આ બધા કામમાં વ્યસ્ત છે અને આ દૂધપાકના તપેલાને જો બોટી જાશે તો આ બધું જમણ બગડી જાશે. પછી કાંઈ દૂધ ખવાય નહિ. કેમકે એણે તો ઉંદર ખાધા હોય. એ મોઢું દૂધમાં નાખે એ દૂધ પછી કાંઈ ખાવા જેવું રહે નહિ. એટલે એણે શું કર્યું ? એને બાંધી અને એના ઉપર ટોપલો ઢાંકી દીધો. બાંધી એટલે ક્યાંય છૂટી ફરે નહિ. ફરે તો વળી ગમે ત્યારે કોઈનું ધ્યાન ન રહે અને આવી ચડે. અને ટોપલો ઢાંકી દીધો એટલે કોઈને ખબર ન પડે કે આની નીચે મીંદડી છે. એ એક વહુ જોઈ ગઈ. એના દીકરાની, ચાર-પાંચ દીકરાની કોઈક વહુ હશે એ જોઈ ગઈ. એને એમ થયું કે, આપણે ત્યાં લગન હોય ત્યારે કાળી બિલાડીને બાંધીને ટોપલા નીચે ઢાંકવામાં આવે છે. માજી તો મરી ગયા. અને બીજા લગ્નનો પ્રસંગ આવ્યો તો કહે, કાળી બિલાડી મગાવો, એને બાંધીને ટોપલા નીચે ઢાંકો. કેમ ? તો કહે, માજી એમ કરતા હતા. મેં જોયું છે ને. નજરોનજર જોયું છે. આપણે ત્યાં જે થતું હોય એ બધું આપણે કરવું જોઈએ. આ એવું છે પરંપરામાં.

આપણી વાત લેવી છે ? જેમકે આપણે ત્યાં 'ગુરુદેવશ્રી' છે એમણે ઉપદેશ આપ્યો. એ તો તીર્થંકર પુરુષ હતા, મહાપુરુષ હતા. તો પછી આપણે પાટે બેસીને ઉપદેશક થવાય કે ન થવાય ? હવે આપણા ગુરુએ કર્યું એમ કરાય કે ન કરાય ? તો ન કરાય. એટલે એ પરંપરા જે સ્વાધ્યાયની પરંપરા છે એમાં આપણે ફેર કરવો જોઈએ. મુમુક્ષુ છે એ કોઈ ઉપદેશક નથી. જ્ઞાની ઉપદેશક થતા નથી. ગૃહસ્થ જ્ઞાની હોય તો જ્ઞાની પોતે ઉપદેશક થતા નથી. એણે શું કરવું ? સત્સંગ અર્થે બધાએ મળવું. ગુણ જિજ્ઞાસા અર્થે, આત્મપ્રાપ્તિ અર્થે વિચાર, વિનિમય અને વિમર્શ કરવો. પરસ્પર એકબીજાના વિચારોની આપ-લે કરવી.

લ્યો ! 'મલાડ'ના પંચકલ્યાણકમાં આવી થોડી વાત કરી તો ખળભળાટ થઈ ગયો કે આ વળી શું ચીજ છે ? અત્યાર સુધી તો આપણે આમ ચાલતું હતું કે બધા વ્યાખ્યાન આપે. આજે ફલાણા પંડિતનું વ્યાખ્યાન થશે, આજે ફલાણાનું પ્રવચન થાશે. આપણે ત્યાં પ્રવચન કહેવાય છે. આજે ફલાણા-ફણાલા ભાઈ પ્રવચન કરશે. એમનું પ્રવચન ગોઠવ્યું છે, આમનું પ્રવચન છે. પ્રવચનનો પ્રશ્ન હોય શકે નહિ. સત્સંગ કરવા અર્થે, સામૂહિક સત્સંગ એટલા માટે કરવો કે મહત્પુરુષના વચનો, એમણે જે કાંઈ ઉપદેશ આપ્યો તેનો પરસ્પર વિચાર કરવો.

વક્તા તો ઉપદેશક થઈ જાય છે. બહુભાગ તો શ્રોતા ઉપદેશક થઈ જાય છે પછી. એ પરંપરામાં ફેરફાર કરવો એ માથું ઉતારવા જેવી વાત થઈ જાય. પણ ગુણ-દોષનો વિચાર કરીને યોગ્ય ફેરફાર કરવો જોઈએ. એવો વિષય છે.

સત્સંગની પદ્ધતિ ઉપદેશકની પદ્ધતિ નથી. સત્સંગની પદ્ધતિ એ ઉપદેશકની પદ્ધતિ નથી. એમાં મુખ્યપણે ગુણ-દોષનો વિચાર કરવામાં આવે છે. અને એમાં પણ મુમુક્ષુની ભૂમિકામાં, આત્માર્થીની ભૂમિકામાં જે પ્રકારના દોષ રહી જતા હોય, થઈ જતા હોય એવા દોષની ચર્ચા અને ત્યાં કેવા કેવા ગુણની એ ભૂમિકામાં પ્રાપ્તિ થવી ઘટે તો એને પાત્રતા અને યોગ્યતા કહેવાય, એની ચર્ચા, એ તો ગુણ-દોષ તો આપસમાં પ્રતિપક્ષ છે ને, એ બંને પડખાની ચર્ચા થવી જોઈએ. એથી વધારે સરળતા હોય તો પોતાના દોષનું નિવેદન પણ થવું જોઈએ. એટલી સરળતા હોય તો પોતાના દોષનું નિવેદન કરે. અને પોતાના દોષનું નિવેદન કરતાં જેની પાસે નિવેદન કરે એ નિવેદન કરવા યોગ્ય એક સ્થાન-પાત્ર મળ્યું એમ જાણીને એને ઉપકારી જાણે કે ચાલો, આ એક મને વાત કરવાનું તો ઠેકાણું છે. મારા દોષ જણાવવાનું તો ઠેકાણું છે. એ એને ઉપકારી જાણે. છે. અને એ એને ઉપકારી જાણે એટલું જ નહિ, આ સિવાય તમને કાંઈ મારામાં દોષ દેખાતો હોય તો મારા ઉપકારી થઈને તમે મને બતાવશો તો હું તમને

વધારે વિશેષ ઉપકારી જાણીશ. એમ નિર્દોષ જેને થવું છે અને નિર્દોષતાનો માર્ગ જેને ગ્રહણ કરવો છે એની પદ્ધતિ આખી ગુણ-દોષને મુખ્ય કરવાની, એ વિષયને-ગુણ-દોષના વિષયને મુખ્ય કરવાની પદ્ધતિ હોવી જોઈએ. તો ઘણો ફેર પડે છે.

અહીંયાં તો 'લલ્લુજી'ને સૂચના આપી છે. સંકુચિતતા ન હોય. જ્યાં જનવૃત્તિ સંકુચિત ન હોય, જે સમાજમાં તીવ્ર સંપ્રદાયબુદ્ધિ ન હોય તેવા ખુલ્લા મનવાળા મનુષ્ય હોય.

મુમુક્ષુ :- આવું કઈ જગ્યાએ હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો પછી એમાં પણ ઓછા-વત્તાપણું હોય ને ? એમ પસંદ કરવું પડે. બીજું શું થાય ? એને બને એટલો લોકસંપર્ક ઓછો કરવો જોઈએ. એક-કે બે ભલે પણ સાચા જિજ્ઞાસુ અને પરમાર્થમાર્ગના અભ્યાસી ભાવનાવાળા, રસવાળા પરમાર્થના, આત્મ-રસવાળા ભલે બે-ચાર જણા હોય તોપણ બહુ મોટી વાત છે. એવું નથી કે મોટું ટોળુ ભેગું થાય તો વધારે ધર્મ થાય. એવું કાંઈ આમાં નથી. આમાં તો રસિકજન જોઈએ. તત્ત્વના રસિકજન જોઈએ. તો પરસ્પર એકબીજાને રસ આવે. અને એ આત્મરસ કેળવવા જેવો છે.

એટલે '**નિવૃત્તિને યોગ્ય વિશેષ કારણો જ્યાં હોય...**' એટલે બહુ વસ્તીવાળા ક્ષેત્રમાં પણ ચાતુર્માસ કરવા જવું નહિ. એટલે સંપ્રદાયના ચાતુર્માસ કરવા હોય તો આટલો વિવેક રાખવો. એમ કહે છે.

મુમુક્ષુ :- ઝઘડા વધારે...

પૂજ્ય ભાઈશ્રી :- ઝઘડા વધારે અને કાં સંપ્રદાયબુદ્ધિનું પોષણ થાય વધારે. સંપ્રદાયબુદ્ધિનું વધારે પોષણ થાય.

**પત્રાંક-૯૧૫**

**ધર્મપુર, ચૈત્ર વદ ૬, શુક્ર, ૧૯૫૬**

**ૐ નમઃ**

**મુમુક્ષુઓ,**

**તમે લખેલો કાગળ મુંબઈ મળ્યો હતો. અત્ર વીસ દિવસ થયાં સ્થિતિ છે. કાગળમાં તમે બે પશ્નોનું સમાધાન જાણવાની જિજ્ઞાસા દર્શાવી હતી તે બે પ્રશ્નોનું સમાધાન અત્રે સંક્ષેપમાં લખ્યું છે.**

**૧. ઉપશમશ્રેણિમાં મુખ્યપણે 'ઉપશમસમ્યક્ત્વ' સંભવે છે.**

૨. ચાર ઘનઘાતી કર્મનો ક્ષય થતાં અંતરાય કર્મની પ્રકૃતિનો પણ ક્ષય થાય છે, અને તેથી દાનાંતરાય, લાભાંતરાય, વીર્યાંતરાય, ભોગાંતરાય અને ઉપભોગાંતરાય એ પાંચ પ્રકારના અંતરાય ક્ષય થઈ અનંતદાનલબ્ધિ, અનંતલાભલબ્ધિ, અનંતવીર્યલબ્ધિ અને અનંત ભોગઉપભોગલબ્ધિ સંપ્રાપ્ત થાય છે. જેથી તે અંતરાયકર્મ ક્ષય થયું છે એવા પરમપુરુષ અનંત દાનાદિ આપવાને સંપૂર્ણ સમર્થ છે, તથાપિ પુદ્ગલ દ્રવ્યરૂપે એ દાનાદિ લબ્ધિની પરમપુરુષ પ્રવૃત્તિ કરતા નથી. મુખ્યપણે તો તે લબ્ધિની સંપ્રાપ્તિ પણ આત્માની સ્વરૂપભૂત છે, કેમકે ક્ષાયિકભાવે તે સંપ્રાપ્તિ છે, ઉદયિક ભાવે નથી, તેથી આત્મસ્વભાવ સ્વરૂપભૂત છે, અને જે અનંત સામર્થ્ય આત્મામાં અનાદિથી શક્તિરૂપે હતું તે વ્યક્ત થઈ આત્મા નિજસ્વરૂપમાં આવી શકે છે, તદ્રૂપ શુદ્ધ સ્વચ્છ ભાવે એક સ્વભાવે પરિણમાવી શકે છે; તે અનંતદાનલબ્ધિ કહેવા યોગ્ય છે. તેમજ અનંત આત્મસામર્થ્યની સંપ્રાપ્તિમાં કિંચિત્‌માત્ર વિયોગનું કારણ રહ્યું નથી તેથી અનંતલાભલબ્ધિ કહેવા યોગ્ય છે. વળી, અંત આત્મસામર્થ્યની સંપ્રાપ્તિ સંપૂર્ણપણે પરમાનંદસ્વરૂપે અનુભવાય છે, તેમાં પણ કિંચિત્‌માત્ર પણ વિયોગનું કારણ રહ્યું નથી, તેથી અનંત ભોગઉપભોગલબ્ધિ કહેવા યોગ્ય છે, તેમ જ અનંત આત્મસામર્થ્યની સંપ્રાપ્તિ સંપૂર્ણપણે થયા છતાં તે સામર્થ્યના અનુભવથી આત્મશક્તિ થાકે કે તેનું સામર્થ્ય ઝીલી ન શકે, વહન ન કરી શકે અથવા તે સામર્થ્યને કોઈ પણ પ્રકારના દેશકાળની અસર થઈ કિંચિત્‌માત્ર પણ ન્યૂનાધિકપણું કરાવે એવું કશું રહ્યું જ નહીં, તે સ્વભાવમાં રહેવાનું સંપૂર્ણ સામર્થ્ય ત્રિકાળ સંપૂર્ણ બળસહિત રહેવાનું છે, તે અનંતવીર્યલબ્ધિ કહેવા યોગ્ય છે.

ક્ષાયિકભાવની દૃષ્ટિથી જોતાં ઉપર કહ્યા પ્રમાણે તે લબ્ધિનો પરમ પુરુષને ઉપયોગ છે. વળી એ પાંચ લબ્ધિ હેતુવિશેષથી સમજાવા અર્થે જુદી પાડી છે, નહીં તો અનંતવીર્યલબ્ધિમાં પણ તે પાંચેનો સમાવેશ થઈ શકે છે. આત્મા સંપૂર્ણ વીર્યને સંપ્રાપ્ત થવાથી એ પાંચે લબ્ધિનો ઉપયોગ પુદ્ગલ દ્રવ્યરૂપે કરે તો તેવું સામર્થ્ય તેમાં વર્તે છે, તથાપિ કૃતકૃત્ય એવા પરમપુરુષમાં સંપૂર્ણ વીતરાગસ્વભાવ હોવાથી તે ઉપયોગનો તેથી સંભવ નથી; અને

**ઉપદેશાદિના દાનરૂપે જે તે કૃતકૃત્ય પરમ પુરુષની પ્રવૃત્તિ છે તે યોગાશ્રિત પૂર્વબંધના ઉદયમાનપણાથી છે, આત્માના સ્વભાવના કિંચિત્ પણ વિકૃતભાવથી નથી.**

**એ પ્રમાણે સંક્ષેપમાં ઉત્તર જાણશો. નિવૃત્તિવાળો અવસર સંપ્રાપ્ત કરી અધિક-અધિક મનન કરવાથી વિશેષ સમાધાન અને નિર્જરા સંપ્રાપ્ત થશે. સઉલ્લાસ ચિત્તથી જ્ઞાનની અનુપ્રેક્ષા કરતાં અનંત કર્મનો ક્ષય થાય છે.**

૯૧૫. એ પણ 'લલ્લુજીમુનિ' ઉપરનો છે. '**તમે લખેલો કાગળ મુંબઈ મળ્યો હતો. અત્ર વીસ દિવસ થયાં સ્થિતિ છે.**' ચૈત્ર વદ છઠે. વીસ દિવસ એટલે ચૈત્ર મહિનાના પ્રારંભમાં જ આવ્યા છે. '**વીસ દિવસ થયાં સ્થિતિ છે. કાગળમાં તમે બે પ્રશ્નોનું સમાધાન જાણવાની જિજ્ઞાસા દર્શાવી હતી તે બે પ્રશ્નોનું સમાધાન અત્રે સંક્ષેપમાં લખ્યું છે. ૧. ઉપશમશ્રેણિમાં મુખ્યપણે 'ઉપશમસમ્યક્ત્વ' સંભવે છે.**' ઉપશમ શ્રેણી માંડે છે એને મુખ્યપણે ઉપશમસમ્યક્ત્વ સંભવે છે. મુખ્યપણે. ગૌણપણે કોઈને હોય તો પાછા એ ક્ષાયિક શ્રેણીમાં આવી જાય. ઉપશમ શ્રેણીમાંથી પાછા વળીને પાછા ક્ષપક શ્રેણીમાં આવી જાય.

'**૨. ચાર ઘનઘાતી કર્મનો ક્ષય થતાં અંતરાય કર્મની પ્રકૃતિનો પણ ક્ષય થાય છે, અને તેથી દાનાંતરાય, લાભાંતરાય, વીર્યાંતરાય, ભોગાંતરાય અને ઉપભોગાંતરાય એ પાંચ પ્રકારના અંતરાયનો ક્ષય થઈ અનંતદાનલબ્ધિ, અનંતલાભલબ્ધિ, અનંતવીર્યલબ્ધિ અને અનંત ભોગઉપભોગલબ્ધિ સંપ્રાપ્ત થાય છે.**' એ સ્વરૂપની જ, હોં ! સ્વરૂપનું દાન, સ્વરૂપનો લાભ. એવી રીતે લેવું. કોઈ બહારના ભોગ-ઉપભોગનો સવાલ નથી. અનંત આનંદનો ભોગ. એ વાત છે. અનંત સુખનો ભોગ એ સંપ્રાપ્ત થાય છે.

'**જેથી તે અંતરાયકર્મ ક્ષય થયું છે એવા પરમપુરુષ અનંત દાનાદિ આપવાને સંપૂર્ણ સમર્થ છે,...**' એવા પરમપુરુષ અનંત દાનાદિ આપવાને સંપૂર્ણ સમર્થ છે. '**તથાપિ પુદ્‌ગલ દ્રવ્યરૂપે એ દાનાદિ લબ્ધિની પરમપુરુષ પ્રવૃત્તિ કરતા નથી.**' બધી લબ્ધિ એના ઘરમાં વસે છે છતાં કોઈ પુદ્‌ગલનું દાન એ કરતા નથી.

મુમુક્ષુ :- લેવા-દેવાની પ્રવૃત્તિ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં લેવા-દેવાની કોઈ પ્રવૃત્તિ નથી. કોઈ લબ્ધિ એમને બાકી નથી. જેટલી લબ્ધિ હોય એમાંથી કોઈ લબ્ધિ એમને બાકી નથી. પણ કોઈ લબ્ધિનો

એ પ્રયોગ કરતા નથી. અને ત્યાં જો બધી લબ્ધિ ન હોય તો પછી હવે ક્યાં રહેવાની વાત છે ? જ્યાં પૂર્ણ પવિત્રતા પ્રગટી અને પૂર્ણ પુણ્ય પ્રગટ થયા ત્યાં જો લબ્ધિ ન હોય તો પછી ક્યાં હવે એને રહેવાનું ઠેકાણુ શું છે પછી એથી વધારે સારું ?

**'મુખ્યપણે તો તે લબ્ધિની સંપ્રાપ્તિ પણ આત્માની સ્વરૂપભૂત છે,...'** એટલે અનંત દાનલબ્ધિ, અનંત લાભલબ્ધિ આત્માના સ્વરૂપભૂત છે. **'કેમકે ક્ષાયિકભાવે તે સંપ્રાપ્તિ છે,...'** એટલે રાગનો તો ત્યાં સદ્ભાવ નથી. રાગનો તો ક્ષય થઈ ગયો છે. **'ક્ષાયિકભાવે તેની સંપ્રાપ્તિ છે. ઉદયિકભાવે નથી,...'** એ પાંચેય પ્રકારની લબ્ધિ છે એમાં ઉદયિકભાવે એ વાત નથી, ક્ષાયિકભાવે એ વાત છે. અંતરાયકર્મના ક્ષયે ઉત્પન્ન થયેલી વાત છે.

**'તેથી આત્મસ્વભાવ સ્વરૂપભૂત છે, અને જે અનંત સામર્થ્ય આત્મામાં અનાદિથી શક્તિરૂપે હતું તે વ્યક્ત થઈ આત્મા નિજસ્વરૂપમાં આવી શકે છે,...'** અનંત સામર્થ્ય આત્મામાં અનાદિથી શક્તિ રૂપે હતું તે પ્રગટ થઈને આત્મા નિજસ્વરૂપમાં આવી શકે છે. **'તદ્રૂપ શુદ્ધ સ્વચ્છ ભાવે એક સ્વભાવે પરિણમાવી શકે છે;...'** અને જેવું સ્વરૂપ છે તદ્રૂપ થઈને શુદ્ધ-નિર્મળ ભાવે એક સ્વભાવે, એકરૂપપણે તે પરિણમાવી શકે છે. એવું પુરુષાર્થ, એવું વીર્ય પ્રગટ થાય છે એમ કહે છે.

**'તેથી અનંતદાનલબ્ધિ કહેવા યોગ્ય છે.'** આ અનંત દાનલબ્ધિની વ્યાખ્યા કરી. આત્મામાં જેવું સામર્થ્ય છે તેવું જ સામર્થ્યને પરિણમાવી શકે. એટલે પોતાના સ્વરૂપનું દાન દે છે. સામર્થ્યનું દાન દે છે. તે અનંત દાનલબ્ધિ છે. અનંત સામર્થ્યનું દાન દે છે. **'તેમજ અનંત આત્મસામર્થ્યની સંપ્રાપ્તિમાં કિંચિત્‌માત્ર વિયોગનું કારણ રહ્યું નથી તેથી અનંતલાભલબ્ધિ કહેવા યોગ્ય છે.'** અને જે સ્વરૂપપ્રાપ્તિ છે-અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સુખ, એમાં ક્યાંય પણ હવે ઓછાપણું થવાનું નથી. એ લાભ કાયમ રહેવાનો છે માટે એને અનંત લાભલબ્ધિ પણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ૪૭ શક્તિમાં એક શક્તિ આવે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સંપ્રદાનશક્તિ, સંપ્રદાનશક્તિ. છ કારકની શક્તિ છે ને ? એમાં સંપ્રદાનશક્તિ એ અનંતદાન દેવાની વાત છે. અને અપાદાનમાં લાભ લેવાની વાત છે. દે છે પણ પોતે અને લે છે પણ પોતે. એ ચોથી અને પાંચમી વિભક્તિ છે, વ્યાકરણની દૃષ્ટિએ.

**'તેથી અનંતલાભલબ્ધિ કહેવા યોગ્ય છે. વળી, અનંત આત્મસામર્થ્યની સંપ્રાપ્તિ સંપૂર્ણપણે પરમાનંદસ્વરૂપે અનુભવાય છે, તેમાં પણ કિંચિત્‌માત્ર પણ**

**વિયોગનું કારણ રહ્યું નથી, તેથી અનંત ભોગઉપભોગલબ્ધિ કહેવા યોગ્ય છે,...'** અનંત આનંદને ભોગવે છે. અને વારંવાર અનંત આનંદને ભોગવે છે માટે એને ભોગઉપભોગ લબ્ધિ પણ કહેવાયોગ્ય છે. '**તેમજ અનંત આત્મસામર્થ્યની સંપ્રાપ્તિ સંપૂર્ણપણે થયા છતાં તે સામર્થ્યના અનુભવથી આત્મશક્તિ થાકે કે તેનું સામર્થ્ય ઝીલી ન શકે, વહન ન કરી શકે અથવા તે સામર્થ્યને કોઈ પણ પ્રકારના દેશકાળની અસર થઈ કિંચિત્‌માત્ર પણ ન્યૂનાધિકપણું કરાવે એવું કશું રહ્યું જ નહીં, તે સ્વભાવમાં રહેવાનું સંપૂર્ણ સામર્થ્ય ત્રિકાળ સંપૂર્ણ બળસહિત રહેવાનું છે, તે અનંતવીર્યલબ્ધિ કહેવા યોગ્ય છે.**' હવે કહે છે કે આ અરિહંતનું સ્વરૂપ નહોતા જાણતા. કોઈક આપણાવાળાએ ચોપાનિયું કાઢ્યું હતું ને ? કે 'શ્રીમદ્'ને અરિહંતના સ્વરૂપની ખબર નહોતી.

મુમુક્ષુ :- આ સ્વરૂપ આવી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- કેવું સ્વરૂપ લખ્યું છે જુઓ ! એક અંતરાયકર્મના ક્ષયે પાંચ લબ્ધિ સ્વરૂપની પ્રગટે છે એનું વર્ણન કર્યું છે. કેવું ચોખ્ખું કર્યું છે ! કાઢી દ્યો. શાસ્ત્રમાંથી કાઢી દ્યો. કેવી પાછી મૌલિક પોતાના શબ્દોમાં કરી છે. શાસ્ત્રોમાં કોઈ સંક્ષેપમાં ક્યાંય વ્યાખ્યા આવતી હોય. આ તો રીતસર અનંતવીર્યલબ્ધિમાં તો કેટલું લખ્યું, જુઓ !

ફરીથી. '**તેમ જ અનંત સામર્થ્યની સંપ્રાપ્તિ સંપૂર્ણપણે થયા છતાં તે સામર્થ્યના અનુભવથી આત્મશક્તિ થાકે...**' પરિણમતા-પરિણમતા થાક લાગે એવું બને કે ન બને ? એ સ્વભાવના પરિણમનમાં થાક લાગતો નથી. ભક્તિ કરતાં કરતાં થાકી જાય, સ્વાધ્યાય કરતાં કરતાં થાકી જાય, ચિંતવન કરતાં કરતાં થાકી જાય, રટણ કરતાં કરતાં થાકી જાય. એમ અરિહંત પરમાત્માને સંપૂર્ણ પરિણમન થયા પછી થાક લાગતો હશે કે નહિ ? નહિ. થાક ન લાગે. અનંત સામર્થ્ય પરિણમે છે એટલે એને ઝીલી ન શકે એવું કાંઈ થાય ખરું ? એમ ન થાય. પછી અનંતકાળ સુધી એને વહન ન કરી શકે-એને નિભાવી ન શકે એમ થાય ખરું ? એમ પણ ન થાય. કેટલા બોલ કાઢ્યા છે !

'**અથવા તે સામર્થ્યને કોઈ પણ પ્રકારના દેશકાળની અસર થઈ...**' જૂનું થાય, Depreciation ઊભું થાય, ઘસારો લાગે, જૂનાપણું થાય, કોઈ ઋતુની અસર થાય કે ભાઈ અત્યારે પ્રલય થાય એવો મોટો ઝંઝાવાત થયો. દુનિયામાં જળબંબાકાર થઈ ગયું અથવા દાવાનળ લાગ્યો. દરિયો સળગે છે. એને વડવાગ્નિ કહે છે. દરિયો સળગે. પાણીમાં લાય લાગે, બોલો ! વનસ્પતિ અને ઝાડ તો સળગે પણ પાણી સળગે. પેટ્રોલ સળગે એવી રીતે પાણી સળગે. એવી રીતે પ્રલય થાય. તો એને દેશકાળની કાંઈ અસર

થાય કે ન થાય ?

**'કિંચિત્‌માત્ર પણ ન્યૂનાધિકપણું કરાવે એવું કશું રહ્યું જ નહીં, તે સ્વભાવમાં રહેવાનું સંપૂર્ણ સામર્થ્ય ત્રિકાળ સંપૂર્ણ બળસહિત રહેવાનું છે, તે અનંતવીર્યલબ્ધિ કહેવા યોગ્ય છે.'** વીર્યલબ્ધિમાં એટલી શક્તિ છે. એ અંતરાય કર્મના ક્ષયે આવી પાંચ લબ્ધિ અરિહંત પરમાત્માને પ્રગટ થાય છે. બે-ત્રણ જગ્યાએ આવું વર્ણન આવે છે, હોં ! આ અંતરાય કર્મના ક્ષયે આવ્યું છે. બીજી જગ્યાએ બીજું આવે છે. ૪૮૨ છે. બનતા સુધી યાદ છે ત્યાં સુધી તો. પાનું-૩૯૦.

**'હાલ વિશેષપણે કરી લખવાનું થતું નથી તેમાં, ઉપાધિ કરતાં ચિત્તનું સંક્ષેપપણું વિશેષ કારણરૂપે છે. (ચિત્તનું ઇચ્છારૂપમાં કંઈ પ્રવર્તન થવું સંક્ષેપ પામે, ન્યૂન થાય તે સંક્ષેપપણું અત્રે લખ્યું છે.) અમે એમ વેદ્યું છે કે, જ્યાં કંઈ પણ પ્રમત્તદશા હોય છે ત્યાં જગતપ્રત્યયી કામનો આત્માને વિષે અવકાશ ઘટે છે. જ્યાં કેવળ અપ્રમત્તા વર્તે છે, ત્યાં આત્મા સિવાય બીજા કોઈ પણ ભાવનો અવકાશ વર્તે નહીં; જોકે તીર્થંકરાદિક, સંપૂર્ણ એવું જ્ઞાન પામ્યા પછી,...'** હવે જુઓ ! આ કેવળીનું વર્ણન છે અહીંયાં. ઓલાની સામે છે. ઓલો અધૂરો કાગળ છે ને ? એની સામે આ અભિપ્રાય છે.

**'સંપૂર્ણ એવું જ્ઞાન પામ્યા પછી, કોઈ જાતની દેહક્રિયાએ સહિત દેખાવાનું બન્યું છે,...'** એટલે શું છે કે વિહાર કરે છે. વાણીમાં વચન-વ્યવહાર છે. એ **'દેહક્રિયાએ સહિત દેખાવાનું બન્યું છે, તથાપિ આત્મા, એ ક્રિયાનો અવકાશ પામે તો જ કરી શકે એવી ક્રિયા કોઈ તે જ્ઞાન પછી હોઈ શકે નહીં;...'** એટલે આત્માને વિકલ્પ કરવો પડે અને ક્રિયા થાય એવી કોઈ ક્રિયા એ તીર્થંકરને વિષે હોઈ શકે નહિ. **'અને તો જ ત્યાં સંપૂર્ણજ્ઞાન ટકે;...'** એ તો એમનું પ્રસિદ્ધ વચન તો એ છે કે જ્યાં સંપૂર્ણ વીતરાગતા છે ત્યાં જ સંપૂર્ણ જ્ઞાન છે. જ્યાં સંપૂર્ણ જ્ઞાન છે ત્યાં જ સંપૂર્ણ વીતરાગતા છે અને સંપૂર્ણ ત્યાગ ઘટે છે. સંપૂર્ણ ત્યાગ ક્યાં ઘટે ? સંપૂર્ણ જ્ઞાન હોય ત્યાં. સંપૂર્ણ ત્યાગ હોય ત્યાં સંપૂર્ણ જ્ઞાન હોવું જોઈએ એમ કહે છે. એ તો એમનું પ્રસિદ્ધ વચન છે.

**'તો જ ત્યાં સંપૂર્ણ જ્ઞાન ટકે; એવો અસંદેહ જ્ઞાનીપુરુષોનો નિર્ધાર છે, એમ અમને લાગે છે. જ્વરાદિ રોગમાં કંઈ સ્નેહ જેમ ચિત્તને નથી થતો તેમ આ ભાવોને વિષે પણ વર્તે છે, લગભગ સ્પષ્ટ વર્તે છે, અને તે પ્રતિબંધના...'** એ તો પોતાની અંગત વાત કરી છે. પછી એ તો એમણે પોતાની દશાની વાત કરી છે. પણ ઓલી (વાત) છે એ સંપૂર્ણ જ્ઞાન છે એમાં દેહાદિ ક્રિયાસહિત દેખાય તોપણ ક્રિયાનો અવકાશ

આત્મા પામે તો એ ક્રિયા થાય એવી ક્રિયા એટલે આત્મા કરે તો એ ક્રિયા થાય, આત્માની પ્રેરણાથી ક્રિયા એવી કોઈ ક્રિયા તીર્થંકરાદિ પૂર્ણજ્ઞાનવાળા કરે નહિ. અહીંયાં એમ કહેવું છે. એટલે બધું પાછું બીજું ને ત્રીજું લીધું છે ને ? તો કહે નહિ. સિદ્ધાંત એ છે કે આત્માની પ્રેરણા કે વિકલ્પ કે રાગ કાંઈ થાય અને ક્રિયા કરવી પડે, એવી કોઈ ક્રિયા સંપૂર્ણ જ્ઞાન ઉત્પન્ન થયા પછી હોઈ શકે જ નહિ. આ સિદ્ધાંત છે એનો.

મુમુક્ષુ :– લખવાની શક્તિ...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો 'ગુરુદેવ' કહેતા કે છેલ્લા સેંકડાઓમાં આવો કોઈ પુરુષ થયો નથી. છેલ્લા સેંકડો વર્ષમાં આવો કોઈ પુરુષ ગૃહસ્થમાં થયો નથી. કેમકે લઈને બહુ આવ્યા છે. આરાધકપણું પૂર્વભવમાં લઈને ઘણું આવ્યા છે. એ તો જગતના જેટલા ભાગ્ય એટલું રહી ગયું. અને જેના ભાગ્ય એને વળી પ્રત્યક્ષ પરિચય થયો. બાકી તો એ એના રસ્તે ચાલ્યા ગયા. જેની એ કાળમાં ઉપસ્થિતિ હતી અને પ્રત્યક્ષ પરિચય ન કર્યો તો ગુમાવવાનું કોણે ? જગત ન ઓળખે તો ગુમાવવાનું કોને ? જગતને ગુમાવવાનું છે. જ્ઞાનીને કાંઈ ગુમાવવાનું નથી. એ તો સિદ્ધાલયમાં પહોંચી જશે.

મુમુક્ષુ :– ...તો રૂબરૂમાં કેટલા..!

પૂજ્ય ભાઈશ્રી :– હા. કેટલા ખુલાસા કરતા હશે !

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી : હા. 'પોપટલાલ મોહકમચંદભાઈ'ને લખ્યું છે. આની પાસે ગામ છે ને ? આપણે 'સિદ્ધપુર' બાજુ. 'અંબાલા'થી જતાં પરુ છે ને ? 'સિદ્ધપુર'થી પછી આગળનું પરુ છે.

મુમુક્ષુ :– સરખેજ.

પૂજ્ય ભાઈશ્રી :– 'સરખેજ' તો આપણી બાજુ આવ્યું. આ તો 'રખિયાલ' બાજુ, 'દહેગામ' બાજુ આવે છે. ત્યાં એક વખત રોકાયેલા છે. 'અમદાવાદ'ને અડીને જ છે, 'સિદ્ધપુર' પછી. ત્યાં રાત્રે ઉપદેશ થયો હતો તે જો તમારા સ્મરણમાં હોય તો લખી રાખજો. રાત્રિ ચર્ચામાં કોઈ વાત એવી નીકળી ગઈ છે તો આ માણસનું કદાચ ધ્યાન ગયું હશે એ તમે લખી રાખજો. એ ફરી ફરીને વિચારવા જેવી વાત છે. એમ રૂબરૂમાં ઘણી વાતો થઈ છે. પણ એ વસ્તુ તો કાંઈ મળે નહિ. લખાણમાં હોય એટલું રહી ગયું.

અમે 'ઈડર'માં એ 'પોપટભાઈ'ની ડાયરી જોઈ હતી. લગભગ ૧૫૦૦-૧૭૦૦ વચનો એમણે લખ્યા છે. વિચારવાનું સારું છે એ દેખાય આવે છે. ઘણી વાતો લખી છે, ઘણી વાતો લખી છે. એવું દેખાય છે કે એમની યોગ્યતા સારી હતી. નહિતર છેલ્લા

ત્રણેક વર્ષ પરિચયમાં રહ્યા છે ખાસ તો. વધારે નથી રહ્યા. ૧૯૫૪-૫૫થી પરિચયમાં આવ્યા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એક શ્લોક વાંચતા અમને હજારો શાસ્ત્રોનું ભાન થઈને તેમાં ઉપયોગ ફરી વળે છે. આ શ્રુતની લબ્ધિ છે એમને. એક શ્લોક વાંચતા અમને હજારો શાસ્ત્રોનું ભાન થઈને એમાં અમારો ઉપયોગ ફરી વળે છે.

મુમુક્ષુ :- આજે જ આવ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આજે જ આવ્યું છે. પણ આમાં તો ચોખ્ખું લખ્યું છે. હવે આવી જેની શ્રુતલબ્ધિ છે કે એક શ્લોક વાંચતા હજારો શાસ્ત્રોમાં ઉપયોગ ફરી વળે. અહીંયાં ઠેકાણું ન હોય એ એનું Judgement બાંધે કે આમની આ ભૂલ થઈ, આને આમ થયું, આમને ખબર નહોતી પડી. આ શ્વેતાંબર-દિગંબરની પણ એમને ખબર નહોતી પડી. શું કહે ? એમને તો દિગંબર-શ્વેતાંબરની ખબર નહોતી. એક શ્લોક વાંચતા હજારો શાસ્ત્રોમાં ઉપયોગ ફરે. એ માપ કાઢવું મુશ્કેલ પડે એવું છે. પણ જેને વિશ્વાસ આવ્યો છે ને એ તો ત્યાં તો એમને ભગવાન જ કહે છે. ભગવાનપુરુષ છે કોઈ ! એમ કહે છે. જેને બહુમાન થયું છે એને એવું બહુમાન થયું છે.

આ 'સોભાગભાઈ' તરી ગયા કે નહિ ? સીધી વાત એ છે. એને વળગ્યા, એવા વળગ્યા, એવા વળગ્યા કે તરી ગયા. એણે તો અનંત ભવનો છેડો ફાડી નાખ્યો. આથી શું જોઈએ પછી બીજું ? એમ છે. બાકી દુનિયા દુનિયાનું જાણે.

મુમુક્ષુ :- ગોતે એને મળે..

પૂજ્ય ભાઈશ્રી :- ગોતે એને મળી જાય એવું છે. એ ગોતતા હતા.

**'ક્ષાયિકભાવની દૃષ્ટિથી જોતાં ઉપર કહ્યા પ્રમાણે તે લબ્ધિનો પરમ પુરુષને ઉપયોગ છે.'** ક્ષાયિકભાવની દૃષ્ટિથી જોતાં ઉપર કહ્યા પ્રમાણે પાંચ લબ્ધિ જે સ્વરૂપભૂત છે, એ સ્વરૂપભૂત લબ્ધિનું એમને પરિણમન નામ ઉપયોગ છે. સદુપયોગ છે. પરમપુરુષ નામ પરમાત્માને. તેરમે ગુણસ્થાને. **'વળી એ પાંચ લબ્ધિ હેતુ વિશેષથી સમજાવવા અર્થે જુદી પાડી છે,...'** ખરેખર તો એ પાંચ લબ્ધિને હેતુ વિશેષથી સમજાવવા માટે જુદી જુદી એ પાડી છે. એના કારણો. હેતુ એટલે કારણવિશેષોને સમજાવવા માટે જુદી પાડે છે. **'નહીં તો અનંતવીર્યલબ્ધિમાં પણ તે પાંચેનો સમાવેશ થઈ શકે છે.'** એને ભેદાભેદનું જ્ઞાન પણ કેટલું છે ! વીસ વર્ષની ઉંમરે તો ઓલા 'મનસુખરામ સૂરિરામ' સાથે તત્ત્વચર્ચા કરે છે. વેદાંતના પ્રખર વિદ્વાન છે. વીસ વર્ષની ઉંમરે તો એની સાથે જે તત્ત્વચર્ચાનો પત્રવ્યવહાર ચાલ્યો છે.. Capacity

કેટલી છે !

મુમુક્ષુ :- ચૌદ વર્ષની ઉંમરે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'વવાણિયા'ના દરબારને માનપત્ર આપ્યું. 'મોરબી-મોરબી'ના. 'વાઘજી ઠાકર' 'મોરબી' તાબામાં હતું ને 'વવાણિયા'નું. એ વાંચે તો અત્યારના વડાપ્રધાનને સમજવા જેવી વાત છે. હિન્દુસ્તાનના Prime minister ને એમાંથી શિક્ષા મળે એવી વાતો લખી છે. ચૌદ વર્ષની ઉંમરે ! એટલો ઉઘાડ લઈને આવ્યા છે. જે વિષય હાથમાં લ્યે, ચારે બાજુથી એમનો ઉપયોગ ફરી વળે છે. એવી તો બહુ પ્રતીતિ થાય છે ઘણા વિષયોમાં. બહુ ઉપયોગ કામ કરે છે.

**'એ પાંચ લબ્ધિ હેતુવિશેષથી સમજાવવા અર્થે જુદી પાડી છે, નહીં તો અનંતવીર્યલબ્ધિમાં પણ તે પાંચેનો સમાવેશ થઈ શકે છે. આત્મા સંપૂર્ણ વીર્યને સંપ્રાપ્ત થવાથી એ પાંચે લબ્ધિનો ઉપયોગ પુદ્ગલ દ્રવ્યરૂપે કરે તો તેવું સામર્થ્ય તેમાં વર્તે છે,...'** નિમિત્ત-નૈમિત્તિક સંબંધે, હોં ! **'તથાપિ કૃતકૃત્ય એવા પરમપુરુષમાં સંપૂર્ણ વીતરાગસ્વભાવ હોવાથી તે ઉપયોગનો તેથી સંભવ નથી;...'** એટલે જગતના જે ચમત્કારો રિદ્ધિ-સિદ્ધિ લબ્ધિના છે તે પરમપુરુષ કરવા ધારે તો થઈ શકે એવી એમની લબ્ધિની પ્રાપ્તિ છે. પણ સંપૂર્ણ વીતરાગતાને લઈને એ કાંઈ કરતા નથી, એમ કહે છે. કાંઈ નથી કરતા. છે બધું. અને ત્યાં ન હોય તો પછી એથી સારું ઠેકાણું બીજું ક્યાં છે ? કે બીજે હોય ને ત્યાં ન હોય. એથી સારુ ક્યું ઠેકાણું છે ?

એક જગ્યાએ એમણે પ્રશ્ન કર્યો છે કે જેને સંપૂર્ણ વીતરાગતા અને સંપૂર્ણ પવિત્રતા પ્રગટ થઈ ત્યાં જો બધી લબ્ધિ સમાતી હોય તો એથી બીજું કયુ સારું ઠેકાણું છે કે ત્યાં ન હોય ને બીજે હોય ? એ પ્રશ્ન કર્યો છે. એટલે તર્કશક્તિ પણ ઘણી હતી. બાકી તો આગળ આવશે કદાચ. એક સ્વાનુભવમાં સ્વાનુભૂતિ સંપન્ન પુરુષને, શુદ્ધોપયોગવાળાને એના ચરણમાં બધી રિદ્ધિ-સિદ્ધિ આળોટે છે. એના ચરણોમાં બધી રિદ્ધિ-સિદ્ધિ આળોટે છે એમ કહે છે. પણ એ સામું જોતા નથી. આવો શુદ્ધોપયોગનો આટલો મહિમા છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વ્રત, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ લબ્ધિ, સિદ્ધિ બધું જ એમાં સમાય છે. આ એક શુદ્ધોપયોગનો એટલો મહિમા છે.

મુમુક્ષુ :- સ્વભાવમાં નિરાકુળતા હોય, બહારમાં આકુળતા કેમ હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- એકલો શુદ્ધોપયોગનો મહિમા ગાયો છે. આવશે હજી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં કાંઈ નહિ. 'ગુરુદેવે' પછી એ ક્ષયોપશમમાં નાખી દેતા. એ ક્ષયોપશમની વાત છે. કારણ કે એક વખત એ ચર્ચામાં હું હતો. બહુ પક્કડ

કરી તો ભૂલ તો ખરીને, પણ ભૂલ તો ખરી ને. એ ક્ષયોપશમની ભૂલ ગણવી. પ્રયોજનભૂત નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પ્રશ્ન બહુ વારેઘડીએ સામો આવતો હતો.

**'અને ઉપદેશાદિના દાનરૂપે જે તે કૃતકૃત્ય પરમ પુરુષની પ્રવૃત્તિ છે તે યોગાશ્રિત પૂર્વબંધના ઉદયમાનપણાથી છે,...'** રાગાશ્રિત નથી. કંપનના યોગાશ્રિત છે. **'આત્માના સ્વભાવના કિંચિત્ પણ વિકૃતભાવથી નથી.'** અરિહંતનું સ્વરૂપ ચોખ્ખું તો કર્યું છે. **'એ પ્રમાણે સંક્ષેપમાં ઉત્તર જાણશો. નિવૃત્તિવાળો અવસર સંપ્રાપ્ત કરી અધિક-અધિક મનન કરવાથી વિશેષ સમાધાન અને નિર્જરા સંપ્રાપ્ત થશે.'** અરિહંતનું સ્વરૂપ છે ને ? એને ઓળખો. એમ કહે છે. એને અધિક મનન કરીને સમાધાન કરશો તો નિર્જરા સુધી પહોંચી જશો. **'સઉલ્લાસ ચિત્તથી જ્ઞાનની અનુપ્રેક્ષા કરતાં...'** ઉલ્લાસિત ચિત્તે જ્ઞાનની અનુપ્રેક્ષા કરતાં. જ્ઞાન કહો કે આત્મા કહો. **'અનંત કર્મનો ક્ષય થાય છે.'** એ પુરુષાર્થ. ઉલ્લાસ ચિત્તે એટલે પુરુષાર્થ દ્વારા. **'ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ'**

**પરમતત્ત્વ અને સ્વાનુભૂતિ મનાતીત અને વચનાતીત હોવાથી, વચન અગોચર છે, બહુ જ અલ્પ માત્રામાં તેનું કથન આવે છે. પરંતુ તે ધર્માત્મા જ્ઞાનીપુરુષના જ્ઞાનગોચર છે. તેથી ભલે તે વિષયમાં પૂરું ન કહેવાય, તોપણ કહેતાં કહેતાં જ્ઞાનીનું પરિણમન પ્રદર્શિત થઈ જાય છે, તે આત્મભાવોનું દર્શન છે અને એ જ જ્ઞાનીનું દર્શન છે, જે ભાષાથી પાર છે. ભાષાથી પણ અધિક રહસ્ય તેમની ચેષ્ટામાં પ્રદર્શિત થાય છે. જ્ઞાનીના પ્રત્યક્ષ યોગની આ અપૂર્વ ઘટના અપૂર્વ લાભનું કારણ છે. (અનુભવ સંજીવની-૧૫૬૪)**

પત્રાંક-૯૧૬

ધર્મપુર, ચૈત્ર વદ ૧૩, શુક્ર, ૧૯૫૬

ૐ

કૃપાળુ મુનિવરોનો યથાવિધિ વિનય ઇચ્છીએ છીએ.

બળવાન નિવૃત્તિનો હેતુભૂત ક્ષેત્રે ચાતુર્માસ કર્તવ્ય છે. નડિયાદ, વસો આદિ જે સાનુકૂળ હોય તે, એક સ્થળને બદલે બે સ્થળે થાય તેમાં વિક્ષિપ્તતાનો હેતુ સંભવિત નથી, અસત્સમાગમનો યોગ મેળવીને જો વહેંચણ કરે તો તે વિષે સમયાનુસાર જેમ યોગ્ય લાગે તેમ, તેમને જણાવી તે કારણની નિવૃત્તિ કરી સત્સમાગમરૂપ સ્થિતિ કરવી યોગ્ય છે.

અત્ર સ્થિતિનો સંભવ વૈશાખ સુદ ૨ થી ૫.

સમાગમ વિષે અનિશ્ચિત.

પરમશાંતિઃ

## તા. ૮-૧૧-૧૯૯૨, પત્રાંક - ૯૧૬ થી ૯૧૮
## પ્રવચન નં. ૪૨૫

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૯૧૬, પાનું-૬૪૬. 'લલ્લુજીમુનિ' ઉપરનો પત્ર છે. **'કૃપાળુ મુનિવરોનો યથાવધિ વિનય ઇચ્છીએ છીએ. બળવાન નિવૃત્તિના હેતુભૂત ક્ષેત્રે ચાતુર્માસ કર્તવ્ય છે.'** હવે પછીનો જે આગામી ચાતુર્માસ છે એના વિષે પોતાનો અભિપ્રાય આપ્યો છે. નિવૃત્તિ ક્ષેત્ર હોય, પ્રવૃત્તિ ઓછી હોય એવા ક્ષેત્રમાં ચાતુર્માસ કરવો. એટલે નાના ગામમાં. **'નડિયાદ, વસો આદિ જે સાનુકૂળ હોય તે, એક સ્થળને બદલે બે સ્થળે થાય તેમાં વિક્ષિપ્તતાનો હેતુ સંભવિત નથી,...'** લ્યો ઠીક ! એકના બદલે બે સ્થળે જુદાં જુદાં વહેંચાય જતા હોય. સાથે હોય ને એ બધા બે સ્થળમાં વહેંચાય જાય. એ રીતે.

**'અસત્સમાગમનો યોગ મેળવીને જો વહેંચણ કરે તો તે વિષે સમયાનુસાર જેમ યોગ્ય લાગે તેમ, તેમને જણાવી તે કારણની નિવૃત્તિ કરી સત્સમાગમરૂપ સ્થિતિ કરવી યોગ્ય છે.'** અસત્સમાગમનો યોગ મેળવીને જો વહેંચણ કરે એટલે કોઈ સંપ્રદાયિક

એવી પરિસ્થિતિ એવી હોય કે અસત્સમાગમ વધારે રહે એવી કોઈ પરિસ્થિતિ ઊભી કરે. વહેંચણ કરે એટલે તમારે સ્થાનવાસીમાં શું કરતા હશે ? ખબર નહિ. કોઈ એવું Function ગોઠવતા હશે. ગમે તે હોય. અસત્સમાગમનો યોગ મેળવીને એને યોગ્ય લાગે તેમ જણાવીને તમારે તો એ અસત્સમાગમમાં નહિ રહેતા સત્સમાગમમાં રહેવું. એટલી સલાહ આપી છે. એટલે કે જેનો સમાગમ કરવા યોગ્ય નથી તેનો સમાગમ કોઈપણ પ્રકારે ઈચ્છનીય નથી, કરવાયોગ્ય નથી. ભલે એ ધર્મના ક્ષેત્રમાં આવેલા લોકો છે, ઉપાશ્રયમાં આવતા હોય તો એનો અર્થ એ નથી કે ઉપાશ્રયમાં કે મંદિરમાં આવે એટલે એ બધા સત્સમાગમ કરવા યોગ્ય હોય છે એવું કાંઈ નથી હોતું. એટલે.

**'અત્ર સ્થિતિનો સંભવ વૈશાખ સુદ ૨ થી ૫.'** 'ધર્મપુર'થી પછી વૈશાખ સુદ પાંચમે નીકળી જવાના છે. ત્યાં સુધી રોકાવાના છે. એક મહિનો બરાબર ધર્મપુર રોકાણા છે. **'સમાગમ વિષે અનિશ્ચિત.'** અને ક્યાંય મળવાનું કાંઈ નક્કી થઈ શકે એવું નથી. **'પરમશાંતિ.'** નિવૃત્તિમાં રહ્યા છે. 'ધર્મપુર' નાનું એવું ગામ છે. અહીં 'બોચાસણ' પાસે છે. 'સ્વામિનારાયણ'નું 'બોચાસણ' છે ને ? એની પાસે 'ધર્મપુર' આવેલું છે.

**પત્રાંક-૯૧૭**

**અમદાવાદ, ભીમનાથ, વૈ.સુદ ૬, ૧૯૫૬**

**આજે દશાઆદિ સંબંધી જે જણાવ્યું છે અને બીજ વાવ્યું છે તેને ખોતરશો નહીં. તે સફળ થશે.**

**'ચતુરંગુલ હૈ દગસેં મિલ હૈં'[1] એ આગળ પર સમજાશે.**

**એક શ્લોક વાંચતા અમને હજારો શાસ્ત્રનું ભાન થઈ તેમાં ઉપયોગ ફરી વળે છે.**

**૧. જુઓ આંક ૨૬૫નું પદ ૭મું.**

૯૧૭મો પણ 'લલ્લુજીમુનિ' ઉપરનો છે. **'આજે દશાઆદિ સંબંધી જે જણાવ્યું છે અને બીજ વાવ્યું છે તેને ખોતરશો નહીં. તે સફળ થશે.'** ઠીક ! કોઈ વાત કહી હશે, લખી હશે તો (કહે છે) એને બરાબર સંભાળજો. ખોતરશો નહિ એટલે એની બરાબર યત્ના કરશો, જતના કરશો. ખોતરશો નહિ તમારે હિન્દીમાં નહિ આવતું હોય. જેમકે બી વાવ્યું હોય તો જમીનને બરાબર પોચી કરીને વાવી દીધું હોય. પછી એ જમીનને ખોદવી કે એની અંદર કોઈ બીજી પ્રક્રિયા ન કરવી. એટલે જે કાંઈ તમને કહ્યું છે એ

જ્ઞાનના બીજભૂત છે અને એને બરાબર સંભાળજો. એને સંભાળવાથી એની સફળતા થશે. પણ બીજા વિક્ષેપવાળા કોઈ અંદર તર્ક-વિતર્ક નહિ કરતા. બહુ ગૂઢ ભાષામાં લખવાની એમની પદ્ધતિ છે. ઘણી વાતો એવી ગૂઢ ભાષામાં લખે છે.

મુમુક્ષુ :- બીજ વાવ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજ વાવ્યું છે. સફળ થશે. ખોતરશો નહિ તમે. ભક્તિ સારી હતી ને. 'લલ્લુજી'ની બહુ ભક્તિ હતી.

મુમુક્ષુ :- બીજજ્ઞાનની વાત હશે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- વાત ખોલી નથી એટલે શું ખબર પડે ? વાત તો એવી કોઈ રહસ્યભૂત વાત થઈ હશે.

''**ચતુરંગુલ હૈ દગસેં મિલ હૈં' એ આગળ પર સમજાશે.**' જે આ '**યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લિયો.**' એમાં સાતમી કડી છે. ''**ચતુરંગુલ હૈ દગસેં મિલ હૈં...**'' એ ઉપર ઘણાં પ્રશ્નો કરે છે. ચતુરંગલ એટલે ચાર આંગળ અને દગ એટલે દૃષ્ટિ. વસ્તુ સ્વરૂપ શુદ્ધાત્મા છે તે એ દૃષ્ટિથી કેટલો દૂર છે ? કે ચાર આંગળ છે. એટલે અંતર જ નથી. એનો અર્થ એમ કે અંતર જ નથી. દૂરની ચીજ ન દેખાય. પણ ચાર આંગળ છેટી હોય એ ન દેખાય એની ક્યાં વાત છે ? પણ ત્યાં એમણે એમ કહ્યું છે ''ચતુરંગુલ હૈ દગસેં મિલહે, વહ વાત રહી સુગુરુ ગમકી'' ગુરુગમ વગર એ વાત આટલી નજીક-સમીપ, આટલું સમીપ હોવા છતાં ગુરુગમ વગર એ સમજાતું નથી. એ વાત કહી છે એમણે ત્યાં.

'**એક શ્લોક વાંચતાં અમને હજારો શાસ્ત્રોનું ભાન થઈ તેમાં ઉપયોગ ફરી વળે છે.**' પૂર્વના શાસ્ત્રો પણ સ્મૃતિમાં છે. આ ૩૨-૩૩ વર્ષની ઉંમરે પણ કેટલા શાસ્ત્રો વાંચી નાખ્યા છે. એટલી સ્મૃતિ છે. કોઈ એક શ્લોક વાંચતા હજારો શાસ્ત્રોની સંધિ લાગે છે. અનુસંધાન થાય છે અને પછી કહેવાય છે. એટલે ક્યારેક એ લખતા અટક્યા છે એનું કારણ એ છે કે એટલું બધું અનુસંધાન કેવી રીતે લખાણમાં દર્શાવવું ? અને લખવા જાય તો ક્રમ પડે. અનુસંધાન એકસાથે થાય છે. બધું અનુસંધાન હજારો શાસ્ત્રોનું એકસાથે થાય છે.

જેમ કેવળજ્ઞાનમાં બધું એકસાથે જણાય. આ કેવળજ્ઞાનની જાતિનું શ્રુતજ્ઞાન છે એટલે હજારો શાસ્ત્રોનું, અનેક નયોનું અનુસંધાન એકસાથે થઈ જાય છે. કહેવા જતા કે લખવા જતા ક્રમ પડે છે. એટલે જે પ્રકારે જ્ઞાનમાં આવે છે એ પ્રકારે બહારમાં લખાણમાં-વાણીમાં વ્યક્ત થઈ શકતું નથી. એટલે (વાંચનારને) એનો યથાર્થ ભાવ ન ભાસે અથવા બરાબર ન સમજાય એટલે લખતા અટકી ગયા છે. ઘણી જગ્યાએ પત્રમાં

નથી લખતા. એનું કારણ એ છે કે તમને વાત સમજાશે નહિ. ઘણી વાતો સાથે કહેવી પડે છે, સાથે સમજવાની હોય છે. લખાણમાં એ પરિસ્થિતિ સંભવિત નથી. પણ એવો એમનો ઉપયોગ હતો.

મુમુક્ષુ :- દરેક જ્ઞાનીના વચનો સંધિ લઈને...

પૂજ્ય ભાઈશ્રી :- લઈને જ આવે છે. પણ એમાં શું છે કે અભેદતા ઘણી છે. અને એ અભેદ ઉપર ઓલું અભેદનું ઊંડાણ એમને અનુભવગોચર છે. આમને તો એ અભેદના ભેદોની સ્પષ્ટતા ઘણી છે. જ્ઞાન સ્પષ્ટ ઘણું છે ને. એટલે અભેદમાં પણ કેવા કેવા ભેદો છે એ બધું પણ એમને ઘણું સ્પષ્ટ છે.

મુમુક્ષુ :- કહે છે ને કે જ્ઞાનીના એક શબ્દમાં અનંત આગમ રહ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનંત આગમ એ પોતે જ કહ્યું છે. જ્ઞાનીના એક શબ્દમાં અનંત આગમ ભરેલા છે. 'ગુરુદેવશ્રી' એકવાર રાત્રિ ચર્ચામાં એવું કાંઈક કહેવા જતા હતા. તો એમને 'શ્રીમદ્જી'નું આ વચન યાદ નહોતું. પણ કહેવા એ જ માગતા હતા. એટલે હું વચ્ચે બોલી ગયો કે એક શબ્દમાં અનંત આગમ ભર્યા છે. તો બહુ ઉલ્લાસથી હા પાડી. એમ જ છે કહે. એક શબ્દમાં અનંત આગમ ભરેલા છે, હોં ! અનેક શબ્દોને આગમ કહેવું કે ન કહેવું ? એક શબ્દમાં અનંત આગમ છે. તો આ તો આટલા બધા વચનો છે. શબ્દો નહિ, આટલા શબ્દો અને આટલા વચનો છે.

મુમુક્ષુ :- ... જ્ઞાનીના વચન જ નય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનીનું વચન જ નય છે. એ જ નય છે. એ તો શબ્દનય તો એ જ છે. એમનું જ્ઞાન છે એ નય છે. એ તો પ્રમાણજ્ઞાન છે, એનો અવયવ છે. પછી તો પ્રમાણની બહાર તો અપ્રમાણ તો છે નહિ. પછી એમનું જ્ઞાન છે, એમનું વચન છે એ બધું નય જ છે. જ્ઞાનીનું વચન જ નય છે. નયની પરિભાષા કરી છે, વ્યાખ્યા કરી છે. નય કોને કહેવો ? કે જ્ઞાનીનું વચન તે નય. જાવ. ક્યા આચાર્યનું છે ઈ ? એ આમાં લીધું છે, જિનેન્દ્રવર્ણીજીએ લીધું છે. 'જિનેન્દ્ર સિદ્ધાંત કોષ'માં એ વાત લીધી છે. જ્ઞાનીના વચન.. નયનો જ્યાં વિષય ચાલ્યો છે ત્યાં જ્ઞાનીના વચનને નય કહ્યું છે. એમાં હોવું જોઈએ. બીજા ભાગમાં હોવું જોઈએ. ત્રીજામાં તો ય આવી જાય છે. શાસ્ત્રના આધાર આપ્યા છે ને એમણે ?

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'ની વાણી છે એ જિનેશ્વરની વાણી સમજજો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. (એક મુમુક્ષુએ) એમની ચર્ચામાં લખેલું છે. 'ગુરુદેવ'ની વાણીને જિનેશ્વરની વાણી સમજજો. પણ બહેનશ્રીના વચનામૃતના વ્યાખ્યાન કરતાં વખતે એમ કહ્યું છે કે આ જિનવાણી છે. 'બહેનશ્રી'ની વાણી નથી, આ જિનવાણી છે

એમ કહ્યું છે. એ તો જિન થયા છે ને એટલે જિનવાણી કહ્યું.

મુમુક્ષુ :- ધવલમાં હશે

પૂજ્ય ભાઈશ્રી :- ધવલમાં છે ?

**'સમ્યક્‌જ્ઞાન કો પ્રમાણ કહતે હૈં ઔર જ્ઞાતા કે અભિપ્રાય કો નય કહતે હૈં.'** વચનને નથી કહ્યું. જ્ઞાતા કે અભિપ્રાય કો નય કહતે હૈં. 'લઘિયસ્ત્રય, કા-૫૨. લઘિયસ્ત્રય સ્વ વૃત્તિ, કા-૩૦, પ્રમાણ સંગ્રહ શ્લોક-૮૬'. એક વચન માટે આટલા આધાર દીધા છે. અને ક. પા. કરીને કષાય પાહુડ, એના પહેલા ભાગમાં ૧૩-૧૪ ગાથા. અને ૧૬૮ શ્લોકમાં ૭૫ ગાથા, ૨૦૦ મું પાનું. ધવલામાં ૩ / ૧, ૧૫ / ૧૮, ધવલા ૯ / ૪, ૪૫ / ૧૬૨. કેટલા ! એક જ વચન માટે એટલા આધાર આપ્યા છે. 'પંચાસ્તિકાય' તાત્પર્ય વૃત્તિ ૪૩, ૮૬, ૧૨. આટલા શાસ્ત્રોના આધાર આપ્યા છે. સમ્યક્‌જ્ઞાન, જે જ્ઞાતાનો અભિપ્રાય છે એને જ નય કહેવામાં આવે છે. આ નયની વ્યાખ્યા છે.

**ज्ञानं प्रमाणमित्याहुरुपायो न्यास उच्यते।**
**नयो ज्ञातुरभिप्रायो युक्तितोऽर्थ परिग्रह।।११।।**

આટલું સંસ્કૃત છે.

**'અનેકાંતાત્મક વસ્તુ મેં વિરોધ કે બિના હેતુ કી મુખ્યતાસે સાધ્યવિશેષકી યથાર્થતાકો પ્રાપ્ત કરાનેમેં સમર્થ પ્રયોગ કો નય કહતે હૈં.'** યથાર્થતાને પ્રાપ્ત કરાવવા માટે. જુઓ ! એવો એ સમર્થ જ્ઞાનનો પ્રયોગ (છે) એને નય કહેવામાં આવે છે. ઘણી ઘણી વાતો લખી છે.

મુમુક્ષુ :- ૬૪૭ પાને સાતમી લીટીમાં લખ્યું છે 'સત્પુરુષની વાણી સર્વ નયાત્મક વર્તે છે.'

પૂજ્ય ભાઈશ્રી :- હા, હવે એ જ આવે છે ને. એ જ આવશે.

૯૧૭ તો પૂરો થયો.

## પત્રાંક-૯૧૮

**વવાણિયા, વૈશાખ, ૧૯૫૬**

**તમે કેટલાંક પ્રશ્નો લખ્યાં તે પ્રશ્નોનું સમાધાન સમાગમમાં સમજવું વિશેષ ઉપકારરૂપ જાણું છું. તો પણ કિંચિત્ સમાધાન અર્થે યથામતિ સંક્ષેપમાં તેના ઉત્તર અત્ર લખું છું.**

સત્પુરુષની યથાર્થ જ્ઞાનદશા, સમ્યક્ત્વદશા, ઉપશમદશા તે તો જે યથાર્થ મુમુક્ષુ જીવ સત્પુરુષના સમાગમમાં આવે તે જાણે કેમકે પ્રત્યક્ષ તે ત્રણે દશાનો લાભ શ્રી સત્પુરુષના ઉપદેશથી કેટલાક અંશે થાય છે. જેમના ઉપદેશે તેવી દશાના અંશો પ્રગટે તેમની પોતાની દશામાં તે ગુણ કેવા ઉત્કૃષ્ટ રહ્યા હોવા જોઈએ તે વિચારવું સુગમ છે; અને એકાંત નયાત્મક જેમનો ઉપદેશ હોય તેથી તેવી એક પણ દશા પ્રાપ્ત થવી સંભવતી નથી તે પણ પ્રત્યક્ષ સમજાશે. સત્પુરુષની વાણી સર્વ નયાત્મક વર્તે છે.

બીજા પ્રશ્નોના ઉત્તર :

પ્ર. જિનઆજ્ઞાઆરાધક સ્વાધ્યાય ધ્યાનથી મોક્ષ છે કે શી રીતે ?

ઉ. તથારૂપ પ્રત્યક્ષ સદ્‌ગુરુને યોગે અથવા કોઈ પૂર્વના દઢ આરાધનથી જિનાજ્ઞા યથાર્થ સમજાય, યથાર્થ પ્રતીત થાય, અને યથાર્થ આરાધાય તો મોક્ષ થાય એમાં સંદેહ નથી.

પ્ર.જ્ઞાનપ્રજ્ઞાએ સર્વ વસ્તુ જાણેલી પ્રત્યાખ્યાનપ્રજ્ઞાએ પચ્ચખે તે પંડિત કહ્યા છે.

ઉ.તે યથાર્થ છે. જે જ્ઞાને રીને પરભાવ પ્રત્યેનો મોહ ઉપશમ અથવા ક્ષય ન થયો, તે જ્ઞાન 'અજ્ઞાન' કહેવા યોગ્ય છે અર્થાત્ જ્ઞાનનું લક્ષણ પરભાવ પ્રત્યે ઉદાસીન થવું તે છે.

પ્ર. એકાંત ક્રિયા માને તેને મિથ્યાત્વી કહ્યા છે.

ઉ. તે યથાર્થ છે.

પ્ર. ચાર કારણ મોક્ષ જવાને કહ્યાં છે. તે ચારમાંથી એક્કે કારણ તોડીને મોક્ષે જાય કે ચાર કારણ સંયુક્તથી ?

ઉ. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચાર કારણ મોક્ષના કહ્યાં છે, તે એક બીજાં અવિરોધપણે પ્રાપ્ત થયે મોક્ષ થાય.

પ્ર. સમકિત અધ્યાત્મની શૈલી શી રીતે છે ?

ઉ. યથાર્થ સમજાયે પરભાવથી આત્યંતિક નિવૃત્તિ કરવી તે અધ્યાત્મ માર્ગ છે. જેટલી જેટલી નિવૃત્તિ થાય તેટલા તેટલા સમ્યક્ અંશ છે.

પ્ર. 'પુદ્‌ગલસેં રાતો રહે' છે, ઈ.

ઉ. પુદ્ગલમાં રક્તમાનપણું તે મિથ્યાત્વભાવ છે.

પ્ર. 'અંતરાત્મા પરમાત્માને ધ્યાવે'ઈ.

ઉ. અંતાત્મપણે પરમાત્મસ્વરૂપ ધ્યાવે તો પરમાત્મા થાય.

પ્ર. અને હાલ ધ્યાન શું વર્તે છે ? ઈ.

ઉ. સદ્ગુરુનાં વચનને વારંવાર વિચારી, અનુપ્રેક્ષીને પરભાવથી આત્માને અસંગ કરવો તે.

પ્ર. મિથ્યાત્વ(?) અધ્યાત્મની પ્રરૂપણા વગેરે તમે લખીને પૂછ્યું કે તે યથાર્થ કહે છે કે કેમ ? અર્થાત્ સમકિતી નામ ધરાવી વિષયાદની આકાંક્ષાને, પુદ્ગલભાવને સેવવામાં કંઈ બાધ સમજતા નથી અને અમને બંધ નથી એમ કહે છે તે યથાર્થ કહે છે કે કેમ ?

ઉ.જ્ઞાનીના માર્ગની દૃષ્ટિએ જોતાં તે માત્ર મિથ્યાત્વ જ કથે છે. પુદ્ગલભાવે ભોગવે અને આત્માને કર્મ લાગતાં નથી એમ કહે તે જ્ઞાનીની દૃષ્ટિનું વચન નથી, વાચાજ્ઞાનીનું વચન છે.

પ્ર. જૈન પુદ્ગલભાવ ઓછો થયે આત્મધ્યાન પરિણમશે એમ કહે છે તે કેમ ?

ઉ. તે યથાર્થ કહે છે.

પ્ર. સ્વભાવદશા શો ગુણ આપે ?

ઉ. તથારૂપ સંપૂર્ણ હોય તો મોક્ષ થાય.

પ્ર. વિભાવદશા શું ફળ આપે ?

ઉ. જન્મ, જરા, મરણાદિ સંસાર.

પ્ર. વીતરાગની આજ્ઞાથી પોરસીની સ્વાધ્યાય કરે તો શો ગુણ થાય ?

ઉ. તથારૂપ હોય તો યાવત્ મોક્ષ થાય.

આ પ્રમાણે તમારા પ્રશ્નોના સંક્ષેપમાં ઉત્તર લખું છું. લૌકિકભાવ છોડી દઈ, વાચાજ્ઞાન તજી દઈ, કલ્પિત વિધિનિષેધ તજી દઈ જે જીવ પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞાને આરાધી, તથારૂપ ઉપદેશ પામી, તથારૂપ આત્માર્થે પ્રવર્તે તેનું અવશ્ય કલ્યાણ થાય.

નિજકલ્પનાએ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિનું સ્વરૂપ ગમે તેમ સમજી લઈને

**અથવા નિશ્ચયનયાત્મક બોલો શીખી લઈને સદ્‌વ્યવહાર લોપવામાં જે પ્રવર્તે તેથી આત્માનું કલ્યાણ થવું સંભવતું નથી; અથવા કલ્પિત વ્યવહારના દુરાગ્રહમાં રોકાઈ રહીને પ્રવર્તતાં પણ જીવને કલ્યાણ થવું સંભવતું નથી.**

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.**

**'આત્મસિદ્ધિશાસ્ત્ર'**

**એકાંત ક્રિયાજડત્વમાં અથવા એકાંત શુષ્કજ્ઞાનથી જીવનું કલ્યાણ ન થાય.**

૯૧૮. 'વવાણિયા' આવી ગયા છે. વૈશાખ મહિનામાં 'અમદાવાદ' થઈને 'વવાણિયા' આવી ગયા છે. '**તમે કેટલાંક પ્રશ્નો લખ્યાં તે પ્રશ્નોનું સમાધાન સમાગમમાં સમજવું વિશેષ ઉપકારરૂપ જાણું છું. તો પણ કિંચિત્ સમાધાન અર્થે યથામતિ...**' ઠીક ! મારી જેટલી મતિ છે એટલી, મારી બુદ્ધિ છે એટલી. '**યથામતિ સંક્ષેપમાં તેના ઉત્તર અત્ર લખું છું.**' આ એક મહાનપુરુષો એમાં પણ વિશેષ પ્રજ્ઞાવંત પુરુષો હોય છે એની આ એક નમ્રતા હોય છે. એ 'ટોડરમલજી' પણ એમ લખે છે. મારી બુદ્ધિ અનુસાર જવાબ આપું છું તમને. હું તો અલ્પબુદ્ધિ છું. બીજા કરતાં બહુ આગળ છે. એમની સાથે કો'ક જ આવી શકે એવું હોય અથવા લગભગ એમના કાળમાં કોઈ ન આવી શકે એવું હોય, તો કહે, મારી અલ્પબુદ્ધિ પ્રમાણે ઉત્તર લખું છું.

'**સત્પુરુષની યથાર્થ જ્ઞાનદશા, સમ્યક્ત્વદશા, ઉપશમદશા તે તો જે યથાર્થ મુમુક્ષુ જીવ સત્પુરુષના સમાગમમાં આવે તે જાણે કેમકે પ્રત્યક્ષ તે ત્રણે દશાનો લાભ શ્રી સત્પુરુષના ઉપદેશથી કેટલાક અંશે થાય છે.**' લ્યો ! આ ઓળખાણના મુદ્દા લીધા એમણે. '**યથાર્થ મુમુક્ષુ જીવ...**' છે. મુમુક્ષુજીવ એકલું ન લીધું. '**યથાર્થ મુમુક્ષુ જીવ સત્પુરુષના સમાગમમાં...**' એટલે પરિચયમાં આવે છે ત્યારે એની અંતરંગ જ્ઞાનદશા, સમ્યક્ત્વ દશા અને ઉપશમદશા. ત્રણ લીધી. દર્શન-જ્ઞાન અને ચારિત્ર ત્રણે લઈ લીધા. જ્ઞાનદશામાં સમ્યક્જ્ઞાનની દશા, સમ્યક્ત્વદશા સમ્યગ્દર્શનની દશા અને ચારિત્રમાં કષાયરસ જેનો ઉપશમિત થઈ ગયો છે. જુઓ ! ઉપશમને કષાયરસમાં લેવો છે. એટલે કે રાગ-દ્વેષ હોવા છતાં રસ વગરના-નીરસ છે-લુખ્ખા છે એવા જેના પરિણામ છે '**તે જાણે કેમકે પ્રત્યક્ષ તે ત્રણે દશાનો લાભ...**' પ્રત્યક્ષ એને જોવા મળે છે. એ એમના ઉપદેશથી કેટલાક અંશે થાય છે. મુમુક્ષુ છે ને એટલે કેટલાક અંશે થાય છે. સર્વાંશે થાય

છે એમ ન લીધું. યથાર્થ મુમુક્ષુ હોય તો એને કેટલાક અંશે થઈને એ અંશ ઉપરથી પ્રતીતિ આવે છે કે આ સત્પુરુષ છે. વિશ્વાસ આવે છે. અને પ્રતીતિ આવતાં એમના પ્રત્યે સ્વચ્છંદ નિરોધપણે ભક્તિ થાય છે. સ્વચ્છંદ નિરોધપણે.

૭૫૧માં લીધું ને કે બીજરુચિરૂપ સમકિત જેને કહે છે. એ એવી રુચિ પ્રગટે છે. બહુ સારાં શબ્દો વાપર્યા છે. આપ્તપુરુષ કરીને લીધું છે ને ? ૫૭૦ પાનું. એમાં એકડો કર્યો છે ત્યાંથી. **'આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ,...'** એક તો એમના વચનમાં વિશ્વાસ છે, ખાતરી છે. ક્યારે પણ એને શંકા પડે નહિ. ગુરુનું વચન એટલે બ્રહ્મ વાક્ય. ગુરુનું વચન એટલે બ્રહ્મ વાક્ય. ખલાસ ! વાત પૂરી થઈ ગઈ. ચર્ચા અને વિવાદનો વિષય ત્યાં પૂરો થઈ ગયો. ખલાસ થઈ ગઈ.

**'આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ,...'** એમનું વચન પડ્યું કે ઝીલી લેવાનું છે. અપૂર્વ આજ્ઞાની રુચિ છે. એવી એની રુચિ છે. અને **'સ્વચ્છંદનિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ,...'** સ્વચ્છંદ વગરની ભક્તિ. ભક્તિ હોય અને સ્વચ્છંદ પણ હોય એમ નહિ. સ્વચ્છંદનિરોધપણે ભક્તિ. **'એ પ્રથમ સમકિત કહ્યું છે.'** અથવા પરમાર્થ સમ્યગ્દર્શનનું આ પ્રત્યક્ષ બીજ છે, પ્રત્યક્ષ કારણ છે, બીજભૂત પ્રત્યક્ષ કારણ છે. એ 'આત્મસિદ્ધિ'માં લીધું. પ્રત્યક્ષ શબ્દ વાપરીને. **'કારણ ગણી પ્રત્યક્ષ'**

**સ્વચ્છંદ મત આગ્રહ ત્યજી વર્તે સદ્‌ગુરુ લક્ષ,**
**સમકિત તેને ભાખ્યું કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭.**

'આત્મસિદ્ધિ'ની ૧૭મી ગાથા છે. એ અહીંયાં ૭૫૧માં લીધું છે. 'સોભાગભાઈ'ને 'આત્મસિદ્ધિ' વાંચીને ત્રણ પ્રકારના સમકિતનો ખ્યાલ ગયો છે. તો કહે છે, એનો વિસ્તાર કરી દ્યો મને. થોડું વિશેષ સમજાવો. શું કીધું ? 'સોભાગભાઈ' ઉપરનો પત્ર છે ને ? **'આત્મસિદ્ધિ'માં કહેલા સમકિતના પ્રકારનો વિશેષાર્થ જાણવાની જિજ્ઞાસાનો કાગળ મળ્યો છે.'** વાંચી લીધું નહિ, 'આત્મસિદ્ધિ' વાંચ્યા પછી Home work કર્યું છે એમ કહે છે. સાંભળી લે અને વાંચી લે એમ નથી. જે વાત આવે છે એના ઉપર પોતે Research કરે છે.

મુમુક્ષુ :- કેટલી વખત ગાયું.

પૂજ્ય ભાઈશ્રી :- અરે..! આ ગ્રંથ વાંચી ગયા પછી ઘણાને ખબર નથી કે 'આત્મસિદ્ધિ'ની અને શાસ્ત્રની ગાથામાં કઈ ગાથામાં કયુ સમકિત કીધું છે એ નથી ખબર હજી. વિદ્વાનો થઈ ગયા પછી, હોં ! સાધારણને ખ્યાલ ન હોય. પણ વાંચી

વાંચીને વિદ્વાનો થઈ ગયા એમાં કઈ ગાથામાં કયુ સમકિત કીધું છે એ ખબર નથી. પ્રશ્ન તો પોતાની મેળે ઉઠ્યો નથી કે આમાં કેટલા સમકિત કીધા છે. એ 'સોભાગભાઈ'ને પ્રશ્ન ઉઠ્યો. જુઓ ! આ એમની ભૂમિકાની નિર્મળતા બતાવે છે. ફાગણ મહિનો છે ને ? જેઠ મહિને તો સમકિત થયું છે. જેઠ સુદમાં. આ જ ૩૦માં વર્ષમાં એમને જેઠ મહિનામાં તો સમ્યગ્દર્શન નિર્વિકલ્પ પ્રાપ્ત થયું છે. આ ફાગણ તો પૂરો થવા આવ્યો. ચૈત્ર-વૈશાખ બે મહિના બાકી છે સમ્યગ્દર્શન થવાની પૂર્વભૂમિકામાં આવ્યા છે. તો 'આત્મસિદ્ધિ' વાંચ્યા પછી એમાં સમકિતના પ્રકાર છે એ વિશેષ મારે જાણવા છે. ખુલાસાવાર લખો. તો પદ્ધતિસર, Systematically એક, બે, ત્રણ કરીને લખ્યા છે.

હવે બીજું તો બહુ જ સંક્ષેપમાં લખ્યું છે. પહેલાંમાં તો હજી આટલા પણ શબ્દો વાપર્યા છે. બીજા સમકિતમાં તો એમણે '**પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ...**' ચાર જ શબ્દ વાપર્યા છે. '**તે સમકિતનો બીજો પ્રકાર છે.**' ચાર શબ્દમાં બીજું સમકિત લીધું છે. એ 'સોભાગભાઈ' સમજી ગયા છે. બીજા સમજે કે ન સમજે, 'સોભાગભાઈ' સમજી ગયા છે. એવી નિર્મળતા હતી. ભણતર નહોતું. શાસ્ત્રનું ભણતર નહોતું, બીજું લૌકિક ભણતર નહોતું. એ જમાનામાં તો ભણતર જ ક્યાં હતું. પણ એ કહેનારનો આશય, મર્મ સમજતા હતા.

મુમુક્ષુ :- લગની લાગે તો જ વચન ઉપર લક્ષ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નહિતર જાય જ નહિ. અધ્ધરથી જ જાય, અદ્ધરથી જ જાય. એ તો ખ્યાલ આવે છે ને. અધ્ધરથી જાય છે એ ખ્યાલ આવે છે.

મુમુક્ષુ :- સમકિતના ત્રણ પ્રકાર છે એ ક્યાં ખબર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ક્યાં ખબર છે ? આ વખતે 'કલકત્તા'માં આ લીધું હતું. ભારે વાત છે ! આવી બધી વાતો છે. આપણે આટલી બધી ચર્ચાઓ કરી અને આટલા બધા શાસ્ત્રો વાંચ્યા પણ હજી આપણને ખબર નથી એવી વાતો છે. આગમમાં આવું જુદું પાડીને ક્યાંથી દેખાડે ?

એટલે 'સોભાગભાઈ'એ પણ મુમુક્ષુ સમાજ ઉપર ઘણો ઉપકાર કર્યો છે. 'શ્રીમદ્જી'ને તો ઉપકાર છે, એમાં કાંઈ પ્રશ્ન નથી. આ 'સોભાગભાઈ'નો ઉપકાર છે કે આ બધી વાતો ખેંચી ખેંચીને બહાર કાઢી છે. કઢાવી છે પોતા માટે. પણ સમાજને પણ એ જિજ્ઞાસુજીવ હોય એને કામમાં આવી જાય એવી વસ્તુ છે. આ બધી મૂળની વાતો છે.

'**જેમના ઉપદેશે તેવી દશાના અંશો પ્રગટે...**' જે સત્પુરુષના ઉપદેશથી એવી પાત્રતા પ્રગટે '**તેમની પોતાની દશામાં તે ગુણ કેવા ઉત્કૃષ્ટ રહ્યા હોવા જોઈએ તે**

**વિચારવું સુગમ છે;...'** શું કહે છે ? એમ કરીને સત્પુરુષનો મહિમા કર્યો. જે **'સત્પુરુષના ઉપદેશથી તેવી દશાના અંશો પ્રગટે...'** કે સત્પુરુષની જ્ઞાનદશા, સમ્યક્ત્વદશા મિથ્યાત્વમાં પણ પકડી લે. હજી સમ્યગ્દૃષ્ટિ નથી થયો. મુમુક્ષુ હજી સમ્યગ્દૃષ્ટિ નથી થયો. પણ મિથ્યાદૃષ્ટિ રહ્યો છતાં જ્ઞાનીને પકડી લે. જેના ઉપદેશે એવી દશાના અંશો પ્રગટે એ ઉપદેશ કરનારની દશા કેવી હશે ! એમ કહે છે.

આપણે આમાંથી એ જ કાઢ્યું છે ને ? 'સોગાનીજી'માંથી એ જ કાઢ્યું છે. 'ગુરુ ગરિમા'માં. જે ગુરુના એક પ્રવચનથી સમ્યગ્દર્શન પ્રગટે અને એકભવતારીપણું પ્રગટે એ ગુરુની દશા કેવી હશે એ જોવાનું છે. જેના એક પ્રવચનથી સમ્યગ્દર્શન પ્રગટે એ ઉપદેશ દેનારની દશા કેવી હશે એ વિચારવાનો વિષય છે.

મુમુક્ષુ :- તીર્થંકર પ્રકૃતિ બાંધી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હજી તો બાંધી નથી એ પહેલાં આ બધું ઊભું થઈ ગયું છે. ભલે તીર્થંકર પ્રકૃતિ ન બાંધી હોય પણ એવા બધા પ્રકારો અગાઉથી ઉદયમાં આવી જાય છે. એવા બધા પ્રકારો (અગાઉથી ઉદયમાં આવી જાય). આ માણસની ઘણી વાર ઘડપણમાં બુદ્ધિ નથી બગડી જતી ? એનો અર્થ શું છે ? કે દુર્ગતિ, તિર્યંચગતિમાં જવાના હોય. પછી એ બધી પ્રકૃતિનો થોડો થોડો અહીંયાં અણસાર આવવા માંડે. એવી પરિસ્થિતિ થાય છે કે નહિ ?

એમ સારી શુભ પ્રકૃતિ, અશુભ પ્રકૃતિ તીવ્ર થાય ત્યારે એની પહેલાંના બધા લક્ષણો અગાઉથી આવવા માંડે. સૂરજ ઊગ્યા પહેલા અજવાળું થઈ જાય છે કે નહિ ? ઊગે અને અજવાળું થાય એમાં ક્યાં પ્રશ્ન છે ? ઊગ્યા પહેલા અજવાળું થવા માંડે.

**'તેમની પોતાની દશામાં તે ગુણ કેવા ઉત્કૃષ્ટ રહ્યા હોવા જોઈએ તે વિચારવું સુગમ છે;...'** નિમિત્તથી ઉપાદાનને સમજી લ્યો એમ કહે છે. જેના નિમિત્તે આ પ્રગટ થયું એના ઉપાદાનને સમજી લ્યો કે જેમાં આ નિમિત્ત પડ્યા. નિમિત્તના ઉપાદાનને સમજો એમ કહે છે. **'અને એકાંત નયાત્મક જેમનો ઉપદેશ હોય...'** એકાંત નયાત્મક જેમનો ઉપદેશ હોય **'તેથી તેવી એક પણ દશા પ્રાપ્ત થવી સંભવતી નથી. તે પણ પ્રત્યક્ષ સમજાશે.'** અને જે કોઈ ઉપદેશ એકાંતે આપતા હોય એમને તો આવી એક પણ દશા ઉત્પન્ન ન થા એ પ્રત્યક્ષ સમજી શકાય એવી વાત છે.

**'સત્પુરુષની વાણી સર્વ નયાત્મક વર્તે છે.'** એક વચનમાં, એક નયમાં બીજા નયની સંધિ લાગેલી હોય છે. અર્પિત અનર્પિત સિદ્ધેઃ. મોક્ષ શાસ્ત્રમાં 'ઉમાસ્વામી'નું છે ને ? અર્પિત અનર્પિત સિદ્ધેઃ અર્પિત એટલે જે કહ્યું છે. એમાં નથી કહ્યું એની જે સંધિ લાગે છે એનાથી વસ્તુનું સ્વરૂપ સિદ્ધ થઈ જાય છે. એમ કહે છે. વસ્તુ છે એને

એમ કહે કે વસ્તુના આ ઉત્પાદ-વ્યય છે એમ કહેતા ધ્રુવ સિદ્ધ થાય છે અને ધ્રુવ કહેતા ઉત્પાદ-વ્યય સિદ્ધ થાય છે એમ કહે છે. ભલે ન કહ્યું હોય તોપણ બીજું પડખું સિદ્ધ થઈ જાય છે. દ્રવ્ય કહેતા પર્યાય સિદ્ધ થાય છે અને પર્યાય કહેતા દ્રવ્ય સિદ્ધ થાય છે. કેમકે દ્રવ્ય વિનાની હોતી નથી. અને દ્રવ્ય હોય ને એનું પરિણમન ન હોય, એની દશા ન હોય, દશા વગરનું દ્રવ્ય હોય એવું કોઈ દિવસ બને નહિ. એટલે વગર કીધે પણ એ સિદ્ધિ થઈ જ જાય છે.

'**સત્પુરુષની વાણી સર્વ નયાત્મક વર્તે છે.**' લ્યો ! બધા નયો ગર્ભિત છે એમની વાણીમાં. એટલે ક્યાંય એકાંત એમની વાણીમાં થતું જ નથી. અથવા થાય છે એવી કલ્પના કદી પણ કરવા જેવી નથી. એવી કલ્પના પણ કરવા જેવી નથી કે એકાંત છે. ભલે કોઈ વાત એવી જોરથી કહી હોય કે જે એકાંત જેવી લાગે તોપણ એમાં એકાંતપણાની કલ્પના કરવા જેવી નથી.

મુમુક્ષુ :- આમાં કહ્યું કે એકાંત નયાત્મક જેમનો ઉપદેશ હોય ...

પૂજ્ય ભાઈશ્રી :- એકાંત નયાત્મક એટલે શું છે, કોઈ એકાંત કરતું હોય, એક નયનું એકાંત કરી લેતું હોય. એવો જેનો ઉપદેશ હોય. તેથી તેવી એક પણ દશા પ્રાપ્ત થવી. એક પણ એટલે સમ્યક્ત્વ, જ્ઞાન અને ઉપશમ કાંઈ પ્રાપ્ત થાય નહિ. એકાંતમાં ન થાય. એ તો ગૃહીત થઈ જાય છે ને ? એટલે.

'**બીજા પ્રશ્નોના ઉત્તર :**' હવે એ પ્રશ્ન અને ઉત્તર બંને પોતે લખ્યા છે. '**પ્ર. જિનઆજ્ઞાઆરાધક સ્વાધ્યાય ધ્યાનથી મોક્ષ છે કે શી રીતે** ?' જિનઆજ્ઞાનો આરાધક હોય એને સ્વાધ્યાય ધ્યાનથી મોક્ષ છે કે નહિ ? કેવી રીતે છે ? '**ઉ. તથારૂપ પ્રત્યક્ષ સદ્‌ગુરુને યોગે...**' તથારૂપ પ્રત્યક્ષ સદ્‌ગુરુને યોગે '**અથવા કોઈ પૂર્વના દૃઢ આરાધનથી...**' એટલે સંસ્કાર લઈને આવેલો હોય તો. '**જિનાજ્ઞા યથાર્થ સમજાય, યથાર્થ પ્રતીત થાય, અને યથાર્થ આરાધાય તો મોક્ષ થાય એમાં સંદેહ નથી.**' મોક્ષ થાય ક્યારે ? કે પ્રત્યક્ષ સદ્‌ગુરુનો યોગ હોય તો. ન હોય તો પૂર્વ સંસ્કાર લઈને આવ્યો હોય. એ સદ્‌ગુરુના યોગે પાછો. પ્રત્યક્ષ સદ્‌ગુરુના યોગે કાં સંસ્કાર લઈને ભૂતકાળમાંથી અહીંયાં આવ્યો હોય અને કાં અત્યારે હોય અને એ યથાર્થ જિનાજ્ઞાને સમજે, સમજે અને એને પ્રતીત આવે અને એનું આરાધન-આચરણ થાય તો અવશ્ય મોક્ષ થાય એમાં સંદેહ નથી.

જિન આજ્ઞાનાને યથાર્થપણે પ્રતીત કરે, સમજે અને આરાધે અને મોક્ષ ન થાય એમ કેમ બને ? પણ એવું ક્યારે થાય ? કે પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ હોય તો થાય અને કાં એ યોગથી સંસ્કાર પ્રાપ્ત હોય તો થાય. આ શરત છે, પૂર્વશરત છે. એમ ને એમ

સીધું કોઈને જિનાજ્ઞા સમજાય છે કે એની પ્રતીતિ આવી જાય છે એમ બનતું નથી. એમ ને એમ અધ્ધરથી નથી બનતું.

... છે એમ પ્રશ્ન પૂછ્યો છે. '**પ્ર. જ્ઞાનપ્રજ્ઞાએ સર્વ વસ્તુ જાણેલી પ્રત્યાખ્યાનપ્રજ્ઞાએ પચ્ચખે...**' અને પછી એનું પચ્ચખાણ કરે. તો તેને '**પંડિત કહ્યા છે.**' આ Confirmatory question જેને કહેવાય. પોતાની વાતને Confirm કરાવે છે કે આ પંડિત બરાબર ? આને પંડિત કહીએ તે બરાબર છે ? આ વાતને Confirm કરો. '**ઉ. તે યથાર્થ છે.**' સીધો જવાબ પહેલો એ આપ્યો છે કે '**તે યથાર્થ છે.**' એને પંડિત કહો તો તે યથાર્થ છે.

'**જે જ્ઞાને કરીને પરભાવ પ્રત્યેનો મોહ ઉપશમ અથવા ક્ષય ન થયો, તે જ્ઞાન 'અજ્ઞાન' કહેવા યોગ્ય છે...**' જાવ. એ જાણપણું છે. એનાથી મોહ ઉપશમ પામતો નથી. એટલે દર્શનમોહનો રસ ક્ષય પામતો નથી અથવા ઉપશમતો નથી, સમાતો નથી. તે જ્ઞાનને જ્ઞાન શું કહેવું ? તે ખરેખર અજ્ઞાન છે. પંડિત હોય તોપણ એ પંડિતના જ્ઞાનને અજ્ઞાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અજ્ઞાન છે. ભૂલ ક્યાં થાય છે ? કે કોઈ જીવને શાસ્ત્રજ્ઞાન સાથે ત્યાગ વધે છે. કોઈ જીવ એવા છે કે જેને શાસ્ત્ર અનુસારનું શાસ્ત્રજ્ઞાન પણ બરાબર છે અને એ પચ્ચખાણ પણ કરે છે અને ત્યાગી પણ હોય છે. તો એ જ્ઞાની ખરા કે નહિ ? તો કહે છે, એ બાહ્ય લક્ષણ છે. એ બંને બાહ્ય લક્ષણ છે. એની યથાર્થ જ્ઞાનદશા, આત્મજ્ઞાનદશા, આત્મભાન દશા યથાર્થ સમ્યક્ત્વ દશા અને મોહનો ઉપશમ યથાર્થ સમ્યક્ પ્રકારે આત્માભિમુખ થઈ (થયો હોય) અથવા ક્ષય થયો હોય તો એમ કહેવાય. તો એ પંડિત છે. '**અર્થાત્ જ્ઞાનનું લક્ષણ પરભાવ પ્રત્યે ઉદાસીન થવું તે છે.**' એ નાસ્તિ અપેક્ષાએ લીધું.

મુમુક્ષુ :- જ્ઞાનનું લક્ષણ બાંધી લીધું.

પૂજ્ય ભાઈશ્રી : હા. અસ્તિથી જ્ઞાનનું લક્ષણ સ્વભાવ પ્રત્યે ઉલ્લસિત થવું તે છે અને નાસ્તિથી જ્ઞાનનું લક્ષણ પરભાવ પ્રત્યે ઉદાસીન થવું તે છે. એક બાજુથી ઉદાસીન થાય, બીજી બાજુ ઉલ્લસિત થાય. બે જ વસ્તુ છે, ત્રીજી વસ્તુ છે નહિ.

કેમ પણ ઉદાસીન થવાતું નથી ? જાણ્યા છતાં ! તો કહે છે, જાણ્યું તે પરપદાર્થમાં, પરવસ્તુમાં સુખ નથી. પણ અનુભવકાળે પરવસ્તુમાંથી સુખનો અનુભવ ભ્રાંતિપણે કરી રહ્યો છે. પરવસ્તુ જણાતા સુખરહિત જણાય, સુખથી ખાલી જણાય, સુખથી શૂન્ય જણાય તો ઉદાસીનતા આવે. કેમકે સુખ દેખાય તો રસ આવે અને સુખ

ન દેખાય તો રસ આવે નહિ. એ જીવનો સ્વભાવ છે. જીવનો સ્વભાવ તો સુખબુદ્ધિએ રસ લેવાનો છે. સુખ ન હોય ત્યાં એને રસ લેવાનો એનો સ્વભાવ જ નથી. લેવો હોય તો ન લઈ શકે, લેવો હોય તો ન લઈ શકે.

જે લાડવામાં, જે મીઠાઈમાં સુખ માન્યું હતું એ ખાતા ખાતા કલ્પના ખલાસ થઈ કે નહિ ? થોડું ખાધા પછી, જેટલી Capacity છે એટલું ખવાઈ ગયું પછી કલ્પના ખલાસ થઈ કે નહિ ? હવે એ સુખબુદ્ધિ ક્યાં રહી ? નહિ. હવે તકલીફ થઈ જશે. હવે નહિ ખવાય. હવે તકલીફ થાશે. હવે એ તકલીફનું કારણ દેખાય છે. સુખનું કારણ નહિ પણ એ દુઃખનું કારણ દેખાય છે. આમ છે.

આ રાગ હોય એના ઉપર દ્વેષ થાય ત્યારે શું થાય છે ? પોતાના કુટુંબના સ્વજન, પ્રિયજન હોય છે એના ઉપર રાગ ઘણો હોય છે. સુખનું કારણ છે. એની સાથે કલેશ થાય, ખરોખરો કલેશ થાય અને તીવ્ર દ્વેષ થાય. પછી એ એને જોતાં કેવું લાગે ? જેને જોતાં અડધો-અડધો થઈ જતો હતો એને જોતાં ઝેર જેવું લાગે. આંખમાં સીધું ઝેર ભરાઈ જાય. આ એક કષાય બીજા કષાયને આમ ફેરવે છે. ત્યારે આ તો યથાર્થ જ્ઞાન છે કે જ્યાં સુખ નથી, ત્યાં સુખ નથી એમ દેખાય છે. .. છે. ત્યાં ઉદાસીનતા આવ્યા વગર રહે નહિ. ઓલો દ્વેષ છે. એ ઉદાસીનતા નથી પણ એ દ્વેષ છે અને આ ઉદાસીનતા છે. અહીં સુખ નથી. મારું ક્યાંય એમાં મારાપણું નથી. મારાથી ખાલી છે, મારા સુખથી ખાલી અને શૂન્ય છે.

મુમુક્ષુ :- આ ઉપરથી એમ લાગે છે કે અજ્ઞાનીનો ત્યાગ દ્વેષ છે. જ્ઞાનીનો ત્યાગ ઉદાસીનતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉદાસીનતા છે. 'અધ્યાત્મકી જનની હૈ અકેલી ઉદાસીનતા.' 'બનારસીદાસે' ગાયું છે. ખરેખર તો અધ્યાત્મના આધારે ઉદાસીનતા ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- ...તપાસી લેવું.

પૂજ્ય ભાઈશ્રી :- તપાસી લેવું. રસને સમજવો હોય તો સુખની કલ્પનાને વિચારી લેવી. સુખની કલ્પનાને વિચારતા કલ્પના વિલય પામી જશે. કલ્પના કલ્પના તરીકે ઊભી નહિ રહી શકે. આ અવલોકન અથવા તપાસણી જે છે, અવલોકન પહેલાં જે તપાસણી છે એમાં જ આ બધું ખતમ થવા માંડે છે. અવલોકનમાં તો થાય જ, પણ અવલોકન ન આવે ત્યાં એની કલ્પના સુખની ઊડી જાય એવું છે. બસ, સુખની કલ્પના ઊડી જાય એટલે એને રસ આવે નહિ. આ સીધી વાત છે.

મુમુક્ષુ :- સ્વભાવ પ્રત્યે ઉલ્લસીત થાય ત્યારે શું શું થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવ પ્રત્યે ઉલ્લસીત થાય એટલે તીવ્રપણે સ્વભાવ રુચે.

સ્વભાવની અનન્ય રુચિ પ્રગટે. એનાથી અન્યપણે રહેવાનો વિકલ્પ છે એ પોસાય નહિ. વચ્ચેનો વિકલ્પ ન પોસાય. એનો ને એનો વિકલ્પ ન પોસાય. એનું નામ અનન્યપણું છે. કેમકે વિકલ્પમાં ભેદ પડે છે, અન્યપણું થઈ જાય છે.

'**પ્ર. એકાંત જ્ઞાન માને તેને મિથ્યાત્વી કહ્યા છે.**' આ પણ Confirmatory question છે. '**ઉ. તે યથાર્થ છે.**' '**પ્ર. એકાંત ક્રિયા માને તેને મિથ્યાત્વી કહ્યા છે.**' તો કહે છે, '**તે યથાર્થ છે.**'

મુમુક્ષુ :- એટલે શું કહેવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એકાંત જ્ઞાન માને એટલે બસ, આ જેટલું વાંચીને જ્ઞાન જેટલું વધે. સાંભળે, વાંચે અને જેટલું જ્ઞાન વધે એનાથી આત્મકલ્યાણ થઈ જાય એ એકાંત જ્ઞાની છે. એ મિથ્યાદૃષ્ટિ છે. પછી ક્રિયા કરે, એકલો ત્યાગ કરે. કાંઈ સમજે નહિ. બધું છોડો-છોડો બધું છોડો. દીક્ષા લઈ લ્યો. દિગંબર થઈ જાવ. એ એકાંત ક્રિયાથી માને, એકાંત ક્રિયાને માનનારા છે તે પણ મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. તે યથાર્થ છે.

'**પ્ર. ચાર કારણ મોક્ષ જવાને કહ્યા છે. તે ચારમાંથી એકકે કારણ તોડીને મોક્ષે જાય કે ચાર કારણ સંયુક્તથી ?**' '**ઉ. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચાર કારણ મોક્ષના કહ્યાં છે,...**' પ્રશ્ન કરનારે ચાર કારણના નામ નથી આપ્યા. ઉત્તરમાં પોતે નામ આપ્યા છે. ચાર કારણથી મોક્ષે જાય એમાંથી એક ઓછું હોય તો જાય કે ન જાય ? તો કહે છે, દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ એ ચારે કારણ મોક્ષના છે. '**તે એકબીજાં અવિરોધપણે પ્રાપ્ત થયે મોક્ષ થાય.**'

મુમુક્ષુ :- એક ન હોય તો ?

પૂજ્ય ભાઈશ્રી :- એક ન હોય તો ન થાય. મોક્ષ ન થાય. દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય પણ તપ ન હોય. તપ એટલે વિશેષ લીન થવું. શ્રેણી માંડે એને તપ કહે છે. વિશેષ લીનતા થવી.

મુમુક્ષુ :- અવિરોધપણે એટલે એકસાથે હોય છે.

પૂજ્ય ભાઈશ્રી : હા. અવિરોધપણે એકસાથે જ હોય છે. ચારેય કારણો એકસાથે અવિરોધપણે હોય. વિરોધ હોય તો એકાદું ન હોય. જેનો વિરોધ હોય તે ન હોય. આ જુઓને ! ઘડીક માણસ વિરોધીના ઓલામાં નથી જતા ને ? શું કરે છે ? એ બધું કરે છે, આપણે એમાં નહિ જઈએ. એ તો એ કરે છે. આપણે નહિ જઈએ. બધી જગ્યાએ એમ જ છે ને ? એ સાથે ન હોય. વિરોધ હોય તો સાથે ન હોય.

'**પ્ર. સમકિત અધ્યાત્મ શૈલી શી રીતે છે ?**' એટલે અધ્યાત્મ પદ્ધતિએ સમકિત બતાવો એમ કહે છે. શું પ્રશ્ન કર્યો છે ? અધ્યાત્મના દૃષ્ટિકોણથી સમકિતને કહો,

સમજાવો. '**૩. યથાર્થ સમજાયે પરભાવથી આત્યંતિક નિવૃત્તિ કરવી તે અધ્યાત્મ માર્ગ છે. જેટલી જેટલી નિવૃત્તિ થાય તેટલા તેટલા સમ્યક્ અંશ છે.**' યથાર્થ જ્ઞાન, જ્ઞાનપૂર્વક પ્રતીતિ આવે એટલે એને પરભાવથી આત્યંતિક નિવૃત્તિ કરવી. પરભાવ છૂટી જવા. જે જે વિભાવો છૂટ્યા તેટલો તેટલો એ મોક્ષમાર્ગમાં જીવ આગળ વધ્યો છે. આ પાંચમું ગુણસ્થાન તો એ બતાવવા માટે. એમાં અગિયાર પ્રતિમા છે ને ? તો જેટલી જેટલી સ્વભાવની સ્થિરતા અને જેટલે અંશે વીતરાગતા વધી એટલે પરભાવની નિવૃત્તિ થઈ તેટલી પ્રતિમા ત્યાં ગણવામાં આવે છે. એટલે એ ભાવનો બુદ્ધિપૂર્વકનો અભાવ થઈ જાય છે. પછી અબુદ્ધિપૂર્વક ઉપર ઉપરના ગુણસ્થાને જાય છે. પણ બુદ્ધિપૂર્વકનો વિકલ્પ ત્યાં ઉત્પન્ન થતો અટકી જાય છે. એ સ્વભાવ સ્થિરતાનું કારણ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલા સમ્યક્ અંશ છે, તેટલા વીતરાગતાના અંશ છે. સમ્યક્ એટલે સમ્યક્ વીતરાગતા. એમ. નહિતર તો માણસ શું છે, પહેલું ગુણસ્થાન હોય ને દીક્ષા લઈ લે. પણ ઈ નિવૃત્તિ કરી કે નહિ પરભાવથી ? તો કહે છે, નહિ. ચતુર્થ ગુણસ્થાન હોય ને દિગંબર દીક્ષા લઈ લે. તોપણ એટલા અંશે નથી. યથા ગુણસ્થાને એટલા અંશે છે. એટલે તો એ ચૌદ ગુણસ્થાન એ સમ્યક્ અંશો બતાવવા છે. એ ચૌદે ગુણસ્થાનની અંદર સમ્યક્ અંશો બતાવવા છે. બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વકના પરભાવોનો ક્ષય થાય છે ત્યાં. અભાવ થઈ જાય છે.

મુમુક્ષુ :- જેટલો રાગનો અંશ ગયો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલી વીતરાગતા થઈ. એટલે વીતરાગતાના સદ્ભાવમાં રાગનો અભાવ લેવો અને તે સમ્યક્ છે. નહિતર કોઈ શું કહે છે ? ઓલા ભાઈ આવતા ને ? એ વાત કરતા. પહેલા હું બીડી પીતો હતો. બીડી વગર મારે ચાલતુ નહોતું. પછી બંધ કરી દીધી. હવે એટલી બધી દઢતા આવી ગઈ છે કે બીડીનો વિચાર જ નથી આવતો. તો આવી રીતે થઈ શકે છે. ત્યાગ આવો થઈ શકે છે. તો કહે છે, સમ્યક્ નથી. શું કીધું ? એ સમ્યક્ નથી. સમ્યક્ ક્યારે કહેવાય ? કે સ્વરૂપ સ્થિરતામાં અભાવ થાય એને સમ્યક્ અંશ કહેવામાં આવે છે. અને એ અંશે અંશે થાય. ચારિત્ર તો અંશે અંશે જ થાય છે ને ? એમ લેવું.

મુમુક્ષુ :- અભાવનો સદ્ભાવ ક્યારે થઈ જાય એ ખબર નહિ પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને ખબર નહિ પડે. એને ખબર નહિ પડે. પણ અત્યારે એને એવું દઢ લાગતું હોય, એટલી બધી દઢતા લાગે કે મારી દઢતા છૂટે એવું નથી. કોઈ રીતે હવે મારી દઢતા નહિ છૂટે. એવી દઢતા આવી ગઈ છે. તારી દઢતાને આધાર

કોનો છે ? તારી દઢતાને આધાર રાગનો છે. બીજો કાંઈ છે નહિ. અને આ તો ધ્રુવ પરમાત્માના આધારે અભાવ કર્યો છે. જેમાં અભાવ છે એવો જે પરમાત્મા એના આધારે અભાવ થયો છે એ સમ્યક્ છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- એના દર્શન કરતો જાય...

પૂજ્ય ભાઈશ્રી :- હા એના અવલંબને જ છે એ વાત. એનું અવલંબન કરીને એ અભાવ કર્યો છે. એ સમ્યક્ છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- અધ્યાત્મ માર્ગની જે પદ્ધતિ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અધ્યાત્મની શૈલી છે. આત્માના આધારે થાય તેટલું અધ્યાત્મ એમ કહેવું છે. જેટલું આત્માના આધારે થાય એટલું અધ્યાત્મ.

સમ્યગ્દર્શનની વ્યાખ્યા નથી. એમાં સમ્યક્ ચારિત્ર લીધું છે એમણે. ઉત્તરમાં સમ્યક્ ચારિત્ર લીધું છે. પૂછનારે સમકિત શબ્દ વાપર્યો છે. એમણે સમ્યક્ અંશ કરીને સમ્યક્ ચારિત્ર લીધું છે. કારણથી લીધું હોય. પૂછનારનો ખ્યાલ હોયને એટલે એને સમજીને જ ઉત્તર આપે છે. પ્રશ્ન ગમે ઈ કરે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો એ ત્રીજા માણસને ન ખ્યાલ આવે. પણ જેને ઉત્તર આપ્યો છે એને સમજીને આપ્યો છે. આ એક જ્ઞાનીની વિશેષતા છે. સામાને એ સમજે છે. ઉપર બેઠા છે ને ? એ નીચેવાળો ક્યાં ઊભો છે એને સમજે છે. એટલે એને જે ઉત્તરની જરૂર છે એ ઉત્તર એને આપે છે. શાસ્ત્ર પદ્ધતિએ આ ઉત્તર દેવો જોઈએ એમ ઉત્તર નથી દેતા. કેમકે વ્યક્તિગત વાત ચાલે છે.

આવું એક બનેલું. એક મુમુક્ષુએ ભેદજ્ઞાનનો કોઈ પ્રશ્ન 'પૂજ્ય બહેનશ્રી'ને પૂછેલો. પોતે અમુક પોતાની વિચારપદ્ધતિથી પ્રશ્ન પૂછેલો કે સ્વરૂપ સંશોધન કરતાં કરતાં કેવી રીતે ભેદજ્ઞાનમાં જવાય ? એવું કાંઈક પૂછેલું. તો એમ કહ્યું, પૂછતાવેંત ખ્યાલ આવી જાય છે, જ્ઞાનીપુરુષને એ ખ્યાલ આવી જાય છે કે આને શું તકલીફ છે ? આ પ્રશ્ન ક્યાંથી આવ્યો છે ? કઈ તકલીફમાંથી ઉત્પન્ન થયો છે ? અને એને શું કહીએ તો ઉપકારી થાય ? કયો જવાબ દેતા એ જીવને અત્યારે ઉપકારી થાય એવી એની યોગ્યતા છે ? તો એને ઉત્તર આપ્યો રાગથી ભિન્ન થવાનો. એને અપેક્ષિત ઉત્તર નહોતો મળ્યો. આમાં જે અપેક્ષા લઈને ગયા હોય કે આવો ઉત્તર આપશે. જાણપણું તો થઈ ગયું હોય. પણ પોતાના જાણપણાને પુષ્ટ કરવા માટે ઘણીવાર Confirm કરાવવા માટે, મારું જાણપણું બરાબર છે એ Confirm કરાવવા માટે પ્રશ્ન પૂછે. Confirmatory question. પદ્ધતિ બરાબર નથી. જિજ્ઞાસાથી પૂછવું. મારી વાત સાચી છે એમ

Confirm કરવા જતાં તો એ વાત ઉપર વજન વધી જશે અને નુકસાન થાશે.

મુમુક્ષુ :- પોતાનું જાણપણું ચોક્કસ છે કે અચોક્કસ એ જાણવા માટે પ્રશ્ન પૂછે તો ?

પૂજ્ય ભાઈશ્રી :- એ અંદરથી પ્રતીત લેવી. અંદરથી ચોક્કસ કરવું સારું. એ એમની પાસેથી ચોક્કસ કરાવવા કરતાં અંદરથી પોતાના આત્માથી ચોક્કસ થાય એ વધારે સારું. અને એવું ન થાય ત્યાં સુધી એ વિષયની પણ જિજ્ઞાસામાં રહેવું.

મુમુક્ષુ :- એ વધારે પ્રયાસ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં કઈ Side થી નુકસાન થાય છે એ ખબર નથી પડતી. કેમકે બહુભાગ વાતો પર્યાયાશ્રિત હોય છે અને એ પર્યાય ઉપર વજન હોય એ વજન, બહુભાગે તો એ વજન વધી જાય એમાંથી પ્રશ્ન નીકળે છે. એટલે એનો ઉત્તર આપે બરાબર ઈ કહે એ પ્રમાણે એટલે એને તો બરાબર બુચ લાગી જાય. એ માણસ ત્યાં પૂરાઈ જાય. લગભગ એવી બાબતમાં જ્ઞાનીઓ બીજી જ રીતે જવાબ આપે છે. એણે કલ્પેલો, એણે માનેલો, એણે વિચારેલો જવાબ નથી દેતા. બીજી રીતે જવાબ દે છે. એવી પદ્ધતિ લગભગ જોવામાં આવે છે. એ યથાર્થ છે.

એટલે એને ત્યાં જવાબ બીજો મળ્યો એટલે પછી ચર્ચા થઈ અમારી કે આનો ઉત્તર તો આમ આપવાને બદલે આમ કેમ આપ્યો ? મેં કહ્યું, તમારી યોગ્યતામાં એ વાતની જરૂરત દેખાણી છે. પણ તમે એક પોતાના અપેક્ષિત ઉત્તરની પ્રતિક્ષામાં ઊભેલા હતા. એટલે એમણે જે બીજો ઉત્તર આપ્યો એ તમને સંમત ન થયો. એટલે એ ઉત્તરથી જે તમને ઉપકાર થવો જોઈએ એ ન થયો. નુકસાન આ થયું. એના બદલે ખુલ્લું-Open minded ગયા હોય, ખુલ્લા મનથી, ખુલ્લા માનસથી કે જે કાંઈ કહેશે તે મને જરૂરિયાત હશે એ જ કહેશે. માટે હું એ વિચારણામાં, એ જિજ્ઞાસામાં રહીને સાંભળું. તો જુદો જ લાભ થાય. આમ ધ્યાન નથી ગયું. આવી રીતે પ્રશ્ન કરવાની પદ્ધતિ અને આવી રીતે સત્સંગ કરવાની પદ્ધતિ એ લાભનું કારણ થતી નથી. આવી બધી ચર્ચાઓ ચાલે. કેવો પ્રશ્ન થવો જોઈએ ? કેવી રીતે પૂછવું જોઈએ ? કેવી રીતે જિજ્ઞાસામાં રહેવું જોઈએ ? નહિતર લાભ ન થાય. કેમકે ધ્યાન ન રહે. મારી ઈચ્છા પ્રમાણે જવાબ ન મળ્યો. આમ કેમ જવાબ આપ્યો ? અહીંયાં તો આવો જ જવાબ મળવા જોઈતો હતો. અહીંયાં તો સમકિતનો જ જવાબ મળવો જોઈતો હતો. અહીંયાં આમ કેમ જવાબ ચારિત્રનો આપ્યો ? એ કહેવાની જરૂર હતી. એ ધ્યાન ન જાય અને તને વિક્ષેપ થાય. સખળડખળ થઈ જાય ત્યાં. પછી તર્ક-વિતર્ક થાય. આમ કેમ ? આમ કેમ ? આમ કેમ ? આ ગડબડ થાય પછી.

મુમુક્ષુ :- પૂર્ણતાના લક્ષે શરૂઆત, એમ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ અપેક્ષા લઈને જાય કે .. અહીંયાં ? તો 'ગુરુદેવ' ના પાડે. અહીંયાં ત્રિકાળી સ્વભાવ નહિ. અહીંયાં પૂર્ણ દશાની વાત છે. પર્યાયની વાત કેમ લે છે ? દ્રવ્યની વાત લેવી જોઈએ ને. પર્યાયની વાત કેમ લે છે ? પણ એ સમજીને લે છે. એ પર્યાયની વાત કહે તોપણ સમજીને કહે છે અને દ્રવ્યની વાત કહે તોપણ સમજીને કહે છે. આવું છે. એટલે એટલા અંશે સમ્યક્ લીધું છે.

'**પ્ર. 'પુદ્‌ગલસેં રાતો રહે' છે, ઈ.**' કોઈ પદ છે. '**પુદ્‌ગલસેં રાતો રહે.**' '**ઉ. પુદ્‌ગલમાં રક્તમાનપણું તે મિથ્યાત્વભાવ છે.**' રાતો એટલે રક્ત, રસ આવવો. પુદ્‌ગલમાં રસ આવવો, સુખબુદ્ધિએ રસ આવવો તે મિથ્યાત્વભાવ છે. આમ શું છે કે પરપદાર્થ અને પરવિષયમાં સુખના પરિણામને મોટાભાગે ચારિત્રના દોષમાં આપણે લોકો લઈ જાય છે. પણ સુખબુદ્ધિ છે એ મિથ્યાત્વનો દોષ છે. અને મિથ્યાત્વ સહિતનો ત્યાં ચારિત્રનો દોષ છે. કેમકે વિષયકષાય તો ઉપરના ગુણસ્થાને છૂટે છે. ચોથા ગુણસ્થાને તો અવિરતિ રહે છે સમ્યગ્દૃષ્ટિ. એને તો કાંઈ વિષય કષાય છૂટ્યા નથી અને છતાં સમ્યગ્દર્શન છે. માટે વિષયકષાયનો દોષ ચારિત્રમાં લઈ જાવ. સુખબુદ્ધિ છે એ મિથ્યાત્વનો દોષ છે, એ અજ્ઞાનનો દોષ છે.

મુમુક્ષુ :- રક્ત...

પૂજ્ય ભાઈશ્રી :- રક્ત એટલે રસ આવવો. રક્ત થઈ જવું. રસથી લીન થવું એને રક્ત થયો એમ કહેવામાં આવે છે. એ રક્તમાનપણું એટલે રસથી લીન થઈ ગયો. એ સુખબુદ્ધિ વગર થાય નહિ એવું.

'**પ્ર.'અંતરાત્મા પરમાત્માને ધ્યાવે'--ઈ. ઉ. અંતરાત્મપણે પરમાત્મસ્વરૂપ ધ્યાવે તો પરમાત્મા થાય.**' અંતરાત્મપણે એટલે અંતર્મુખ થઈને નિજ પરમાત્મસ્વરૂપનું ધ્યાન કરે તો એ ધ્યાન કરતા કરતા પરમાત્મા થઈ જાય. એમ કહેવું છે. કોઈ પદની વચ્ચેની કડી છે. એના ઉપરના પ્રશ્નો પૂછ્યા છે. '**પ્ર. અને હાલ ધ્યાન શું વર્તે છે ? ઈ. ઉ. સદ્‌ગુરુનાં વચનને વારંવાર વિચારી, અનુપ્રેક્ષીને પરભાવથી આત્માને અસંગ કરવો તે.**' સદ્‌ગુરુના વચનને વારંવાર વિચારવા. અનુપ્રેક્ષા કરવી એટલે એને ભાવનાપૂર્વક વિચારવા અને પરભાવને મોળા પાડીને આત્માને ભિન્ન કરવો. અસંગ કરવો એટલે ભિન્ન કરવો. તે ધ્યાન કરવા જેવું છે. ધ્યાન તે કરવા જેવું છે.

'**પ્ર. મિથ્યાત્વ(?) અધ્યાત્મની પ્રરૂપણા વગેરે તમે લખીને પૂછ્યું કે તે યથાર્થ કહે છે કે કેમ ? અર્થાત્ સમકિતી નામ ધરાવી વિષયાદિની આકાંક્ષાને, પુદ્‌ગલભાવને સેવવામાં કાંઈ બાધ સમજતા નથી અને એ બંધ નથી એમ કહે છે તે યથાર્થ કહે છે કે**

**કેમ ?'** પોતે પ્રશ્ન કર્યો છે. એ પ્રશ્ન બરાબર નથી કર્યો. '**મિથ્યાત્વ અધ્યાત્મની પ્રરૂપણા...**' એટલે મિથ્યાત્વપૂર્વક. પૂર્વક શબ્દ રહી ગયો લાગે છે. અધ્યાત્મની પ્રરૂપણા વગેરે કરે. એટલે પોતે પછી એ પ્રશ્નને સ્પષ્ટ કર્યો છે કે સમકિતી નામ ધરાવે. વિષયાદિની આકાંક્ષા અંદરમાં હોય અને પુદ્‌ગલભાવને પ્રીતિથી, રસથી, રુચિથી, સુખબુદ્ધિએ સેવે અને અમને કાંઈ બાધ નથી. કેમકે અમે સમકિતી થઈ ગયા છીએ. અને અમને બંધ નથી. સમકિતીને બંધ હોય નહિ. એમ કહે છે તે યથાર્થ કહે છે કે કેમ ? એવો પ્રશ્ન કર્યો છે. એટલે આ શુષ્કજ્ઞાનીની વાત લીધી છે.

મુમુક્ષુ :- એ ટાઈમે પણ આવા જીવો હશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધે ટાઈમે બધી જાતના જીવો હોય જ છે. દરેક જ્ઞાનીના ઉદયકાળમાં બધી જાતના એમનો વિરોધ કરનારા, સ્વચ્છંદી, આવા શુષ્કજ્ઞાની બધા હોય છે ખરા. બધી જાતના હોય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ કોઈ કોઈ નીકળી જાય આવા. કોઈ કોઈ આવા શાસ્ત્ર વાંચીને પણ એવા બની ગયા હોય.

મુમુક્ષુ :- એને સમકિત થઈ ગયું કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી : ના. જરાય નહિને.

મુમુક્ષુ :- ઉત્તર આવે છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- ઉત્તર આપે છે ને.

આ તો હજી પ્રશ્ન છે કે '**જ્ઞાનીના માર્ગની દૃષ્ટિએ જોતા તે માત્ર મિથ્યાત્વ જ કથે છે.**' મિથ્યાત્વ જ કથે છે. એ સાચું બોલતો જ નથી. ભલે શાસ્ત્રની વાત કહેતો હોય તોપણ એનું બધું મિથ્યા છે, ખોટું છે, સદંતર ખોટું છે. એક અક્ષર એનો સાચો નથી એમ કહેવું છે. '**પુદ્‌ગલભાવે ભોગવે અને આત્માને કર્મ લાગતાં નથી એમ કહે...**' પુદ્‌ગલભાવે એટલે પુદ્‌ગલ જેવો થઈને ભોગવે અને આત્માને કર્મ લાગતા નથી એમ કહે '**તે જ્ઞાનીની દૃષ્ટિનું વચન નથી, વાચાજ્ઞાનીનું વચન છે.**' જોયું ! ધડાક દઈને ઉત્તર આપ્યો છે. છે, બીજા પ્રશ્ન તો છે, ઘણા છે. વિશેષ લઈશું...

## તા. ૯-૧૧-૧૯૯૨, પત્રાંક-૯૧૭ થી ૯૨૧
## પ્રવચન નં. ૪૨૬

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, આંક-૯૧૮, પાનું-૬૪૭. છેલ્લો પ્રશ્ન. '**પ્ર. જૈન પુદ્‌ગલભાવ ઓછો થયે આત્મધ્યાન પરિણમશે એમ કહે છે તે કેમ ?**' જૈન એટલે જૈનો. અથવા જૈન ધર્મમાં પુદ્‌ગલભાવ ઓછો થયે આત્મધ્યાન પરિણમે એમ કહેવામાં આવે છે તે બરાબર છે ? ઉત્તર આપ્યો છે કે '**તે યથાર્થ કહે છે.**' એટલે શું ? પુદ્‌ગલભાવ એટલે પુદ્‌ગલમાં પોતાપણાનો ભાવ. પોતે જીવ હોવા છતાં પુદ્‌ગલપણે પોતે પોતાને શરીરાદિરૂપે અનુભવે છે. તે પુદ્‌ગલભાવ ઘટે તો આત્માનું ધ્યાન થાય, આત્માનું ધ્યાન થાય અને એ ભાવ ઘટે. તે યથાર્થ છે. કેમકે આત્માને આત્મભાવ થવામાં કોઈ પ્રતિબંધ હોય તો પુદ્‌ગલ પ્રત્યેના પોતાપણાના, મમત્વપણાના, એકપણાના પરિણામ છે એ જ છે. બીજો કોઈ એને પ્રતિબંધ નથી.

પછી કેટલાક પ્રશ્નોના બહુ સંક્ષેપમાં ઉત્તર છે. પ્રશ્ન છે કે '**સ્વભાવદશા શો ગુણ આપે ?**' '**ઉ. તથારૂપ સંપૂર્ણ હોય તો મોક્ષ થાય.**' નિર્વાણપદ આપે. સ્વભાવદશાથી શું લાભ થાય ? ગુણ એટલે અહીંયાં લાભ. કેટલો લાભ થાય ? કે સંપૂર્ણ સ્વભાવદશા હોય તો મોક્ષની-નિર્વાણપદની પ્રાપ્તિ થાય.

મુમુક્ષુ :- સ્વભાવ દશા...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવદશા એટલે જેવો સ્વભાવ છે એવી જ દશા. એને સ્વભાવદશા કહીએ. સ્વભાવ છે એ રૂપ દશા, તદ્રૂપ દશા. એનો લાભ નિર્વાણપદ છે.

'**વિભાવદશા શું ફળ આપે ?**' કે '**ઉ. જન્મ, જરા, મરણાદિ સંસાર.**' વિભાવ ... એના જન્મનું, મરણનું દુઃખ, વૃદ્ધાવસ્થાનું દુઃખ વગેરે અનેક પ્રકારના સંસારના આધિ-વ્યાધિ અને ઉપાધિના બધા દુઃખ એમાં વિભાવના કારણે છે. '**પ્ર. વીતરાગની આજ્ઞાથી પોરસીની સ્વાધ્યાય કરે તો શો ગુણ થાય ?**' પોરસી એટલે એક પહોર ને ? પોરસી એટલે એક પહોર. વીતરાગની આજ્ઞાથી એટલે વીતરાગે જેવો કહ્યો તેવો. એવો સ્વાધ્યાય કરે. ખરેખર સ્વાધ્યાયનો વ્યુત્પત્તિ અર્થ એ છે, શબ્દ અર્થ એ થાય છે કે સ્વ એટલે પોતામાં, અધિ એટલે .. આ એટલે આવવું. પોતાના સ્વરૂપના આધારે પરિણમન આવવું એને ખરેખર નિશ્ચય સ્વાધ્યાય કહેવામાં આવે છે. અને તે નિશ્ચય તપ છે. અંતરંગ તપ છે અને નિશ્ચયતપ છે એ. એમાં બધા તપ સમાઈ જાય છે. બાહ્ય બધા તપ એમાં સમાય જાય છે. અનશન, ઔમદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ

બધા એમાં સમાઈ જાય છે.

**'વીતરાગની આજ્ઞાથી પોરસીનું...'** એટલે એક ઘડી સ્વરૂપમાં આવે તો શું ગુણ થાય ? શું લાભ થાય ? શું ફળ મળે ? **'ઉ. તથારૂપ હોય તો યાવત્ મોક્ષ થાય.'** સ્વરૂપમાં લીન થાય તો મોક્ષની પ્રાપ્તિ થઈ જાય. સ્વાધ્યાયનું ફળ મોક્ષ કહ્યું. પણ કયો ? આ રાગ, શાસ્ત્ર વાંચવાનો કે શ્રવણ કરવાનો રાગ એ સ્વાધ્યાય નહિ. એ સ્વાધ્યાયને તો અંદરમાં, સ્વરૂપમાં આવવામાં નિમિત્ત ગણીને સ્વાધ્યાય કહ્યો છે. ખરેખર સ્વાધ્યાય નથી.

મુમુક્ષુ :- નિશ્ચય ધ્યાન...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિશ્ચય ધ્યાન કહ્યું છે. નિશ્ચય ધ્યાન કહો, સ્વરૂપની સ્થિરતા, લીનતા, એકાગ્રતા અને તપ કહો. એ આચરણ કહો. સ્વરૂપાચરણ, ચારિત્ર કહો. શુદ્ધ ચારિત્ર કહો એ બધું એકાર્થ છે.

**'પ્ર. વીતરાગની આજ્ઞાથી પોરસીનું ધ્યાન કરે તો શો ગુણ થાય ?'** એ સ્વાધ્યાયને બદલે પછી ધ્યાન શબ્દ લીધો. **'વીતરાગની આજ્ઞાથી...'** એટલે વીતરાગે તો સ્વરૂપમાં લીન થવાની આજ્ઞા કહી છે. એ આજ્ઞાથી શું ગુણ થાય ? કે એવો પણ એક પહોર જો સ્વરૂપમાં લીન થાય તોપણ મોક્ષ થાય. શબ્દ બદલાણો છે. સ્વાધ્યાય કહો કે ધ્યાન કહો બંને એક જ વાત છે. વીતરાગની આજ્ઞા તો વીતરાગ થવાની છે, વીતરાગભાવ કરવાની છે. વીતરાગની આજ્ઞા રાગભાવ કરવાની નથી. રાગનો અભાવ કરવાની વીતરાગની આજ્ઞા છે. પછી એ વીતરાગની આજ્ઞાને શબ્દ ધ્યાન આપો, સ્વાધ્યાય આપો, તપ આપો ગમે તે આપો. મોક્ષ થાય.

**'આ પ્રમાણે તમારા પ્રશ્નોના સંક્ષેપમાં ઉત્તર લખું છું. લૌકિકભાવ છોડી દઈ, વાચાજ્ઞાન તજી દઈ, કલ્પિત વિધિનિષેધ તજી દઈ જે જીવ પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞાને આરાધી, તથારૂપ ઉપદેશ પામી, તથારૂપ આત્માર્થે પ્રવર્તે તેનું અવશ્ય કલ્યાણ થાય.'** તેનું કદાચિત્ થાય અને કદાચિત્ ન થાય એમ ન લીધું. એના ભાગ્યમાં કલ્યાણ થવાનું હોય તો થાય અને નહિતર ન થાય એમ ન લીધું. થાય જ, અવશ્ય થાય. Guarantee વાત છે. આ જિનેશ્વરદેવની Guarantee છે. દસ્તાવેજ કરી દીધો છે. આ એમના અધિકૃત આડતિયા છે. અધિકૃત Agent જેને કહેવામાં આવે છે. જ્ઞાનીઓ છે, સાચા આચાર્યો, મુનિઓ છે એ એમના અધિકારથી એ વાત કરે છે.

મુમુક્ષુ :- માતાજીએ ઘણી Guarantee આપી છે.

પૂજ્ય ભાઈશ્રી : હા. એમની પણ પદ્ધતિ એવી છે. આમ થાય તો આમ થાય જ. ન થાય એ વાત નથી. બહુ સ્પષ્ટ વાત છે. અને પોતે અનુભવથી વાત કરે છે.

**'આ પ્રમાણે તમારા પ્રશ્નોના સંક્ષેપમાં ઉત્તર લખું છું. લૌકિકભાવ છોડી દઈ,...'** લૌકિકભાવ એટલે શું ? સમાજનો ભાવ. આ જ એક જગ્યાએ બહુભાગ માણસોની ભૂલ થાય છે. જૈન સમાજ, દિગંબર સમાજ કે શ્વેતાંબર સમાજ અને ધર્મ એક નથી. જેમ એક દરજીની જ્ઞાતિ છે, એક સુતારની જ્ઞાતિ છે, એમ એક આ જ્ઞાતિ છે. જેમાં અંદરોઅંદર બેટા-બેટીનો વ્યવહાર કરવામાં આવે છે. નાત-સમાજ-જાત અને ધર્મ એક નથી. આ જગ્યાએ ભૂલ થાય છે કે આપણે બધા જૈનો. પણ જૈનની નાત-જાત છે એ કાંઈ જૈન ધર્મ નથી. જૈન ધર્મનું તત્ત્વ સાવ જુદું છે. અને એ જૈન ધર્મના તત્ત્વમાં નાત-જાતનો કોઈ ભેદભાવ નથી. એ બહુ વિશાળ છે. જૈન ધર્મનું તત્ત્વ છે એ બહુ વિશાળ છે. ભગવાન ગૌતમસ્વામી બ્રાહ્મણ હતા. કેવા હતા ? બ્રાહ્મણ હતા અને વેદાંતી હતા. જૈનના જાતમાં-કુળમાં જન્મ્યા નહોતા.

મુમુક્ષુ :- જૈનની સામે વિરોધમાં હતા.

પૂજ્ય ભાઈશ્રી :- ઉલટાના વિરોધમાં હતા. પણ ભગવાનના એ મુખ્ય ગણધર, પટ શિષ્ય થયા એ. મહાવીર સ્વામીના એ પટ શિષ્ય થયા. ત્યાં નાત-જાતનો પ્રશ્ન લાગુ પડતો નથી.

એ ભૂલ કરે છે લોકો. એક વાડો બાંધીને બેસી જાય છે કે અમારા જે જૈનમાં બધા જન્મ્યા એટલાને અમારો આ બધો અધિકાર છે. બાકીનાને.. એમાં શું કરે છે કે મંદિર હોય, બીજા મકાનો જેને Estate કહેવામાં આવે છે, ધાર્મિક સંસ્થાની મિલ્કતો કહેવામાં આવે છે. સ્થાવર-જંગમ મિલ્કતો. હવે એમાં નવાને ભેળવે તો પછી કાંઈક અધિકાર જમાવી દે તો ? આ એક બીકે વાડો બાંધી લે છે. બીજાને નહિ આવવા દઈએ. સભ્ય તરીકે અમે તમને લેશું નહિ. જેમ નાત-જાતમાં કહે ને, ભાઈ ! અમારી નાતમાં તમે નથી. તમે અમારી નાતમાં નથી. અમારી નાતનું લ્હાણું તમને નહિ મળે. લ્હાણું એટલે લાભ. લ્હાણું નહિ મળે. ઠીક ! આ એવું નથી. એ લૌકિકભાવનો આ ધર્મ નથી. આ ધર્મથી ઊલટાનો લૌકિકભાવ વિરૂદ્ધ હોવાથી એને છોડી દેવાની અહીંયાં વાત છે. એ વાતને છોડી દેવાની વાત છે.

'સોનગઢ'માં પ્રતિષ્ઠા હતી ત્યારે અમારે આ વાત કરવી પડતી હતી. (દિગંબર લોકો) આવ્યા. તમે દિગંબર છો એટલે તમારી નાત-જાતને હિસાબે કાંઈ વાત કરતા હોય તો કાંઈક સમજણફેર છે તમારી. આ ધર્મ એવો નથી. દિગંબર સંપ્રદાય જેને કહેવામાં આવે છે એ દિગંબરમાં જે પૂર્વાચાર્યો થયા એમણે જે તત્ત્વ કહ્યું એ વીતરાગદેવનું તત્ત્વ કહ્યું છે. અને એ તત્ત્વ ગ્રહણ કરવાનો જગતના કોઈપણ પ્રાણીને અધિકાર છે. એમાં એકલા દિગંબરોનો કોઈ અધિકાર છે અને એવા કોઈ દૃષ્ટિકોણથી

વાતચીત કરતા હોય તો કાંઈક સમજણફેર છે આમાં.

મુમુક્ષુ :- ..તિર્યંચને પણ અધિકાર છે...

પૂજ્ય ભાઈશ્રી :- તિર્યંચને અધિકાર છે. મનુષ્યમાં તો કોઈ જાતિનો પ્રશ્ન રહેતો નથી પણ ભગવાન તીર્થંકરદેવના સમવસરણમાં તો (તિર્યંચ) આવે છે. સાપ અને નોળિયો બાજુમાં બેસી બેસીને સાંભળે છે. નહિતર જાતિ વિરોધ છે. ઉંદર-બિલાડીને જેમ જાતિ વિરોધ છે, એમ સાપ-નોળિયાને જાતિ વિરોધ છે. પણ એ ભગવાનના સમવસરણમાં હોય, ભગવાનની દિવ્યધ્વનિ બંધ થાય એટલો વખત પાછા લડે નહિ. સાંભળે ત્યારે તો બધાનું ધ્યાન સાંભળવામાં હોય પણ એ વાણી બંધ થાય ત્યારે પાછા લડે નહિ. ત્યારે એ સાથે રમે, સાથે ખેલે. એવું છે. એવો આ ધર્મ છે કે જાતિ તો ભૂલી જાય પણ જાતિના વેર-વિરોધ પણ ભૂલી જાય. અને એ સંસ્કાર કુદરતી હોય છે. એ સંસ્કાર તો એને કુદરતી હોય છે કે એ નોળિયાને જોવે ત્યાં એને ગુસ્સો અને ક્રોધ આવે. સર્પને ક્રોધ આવી જાય નોળિયાને જોવે ત્યાં. પણ એ સમવસરણમાં નહિ, હોં ! એટલો ભગવાનનો અતિશય ત્યાં સમવસરણમાં છે. પોતે શાંતમૂર્તિ છે ને ! તો એટલી શાંતિ વ્યાપે છે સમવસરણમાં. તો મનુષ્યને અંદરમાં અંદર વેર-વિરોધ કરવાનો તો પ્રશ્ન જ રહેતો નથી. આવું છે.

ખરેખર તો જૈનધર્મ આવો છે કે જાતિ વેર તો ન હોય પણ બીજા નવા વેર હોય એ તો પછી પ્રશ્ન જ ક્યાં રહે છે ? એ તો તાજા જન્મેલા છે. ઓલા તો પૂર્વ ભવના લઈને આવેલા છે. એ ટળી જાય છે તો અત્યારે નવા ઊભા કરેલાના મૂળિયા ક્યાં હજી ઊંડા ગયા છે ? એ તો તરત જ મટી જવા જોઈએ. એવો ભગવાનનો માર્ગ છે. વીતરાગદેવનો જિનેશ્વર પરમાત્માનો એવો માર્ગ છે.

માટે '**લૌકિકભાવ છોડી દઈ, વાચાજ્ઞાન તજી દઈ,...**' માત્ર બોલે. એના ભાવમાં કાંઈ લેવા કે દેવા કાંઈ હોય નહિ. લુખ્ખો હોય. જે કાંઈ કહે, ધાર્મિક વાત કરે એ સંબંધીના ધર્મભાવની ઓળખાણ ન હોય અને એ સંબંધીના ધર્મભાવનું કાંઈ નામનિશાન અંદર ભાવમાં ન હોય, માત્ર વાણી હોય એને વાચાજ્ઞાન કહેવામાં આવે છે. જે મુખપાઠે કર્યું હોય એ શાસ્ત્રની વાતો બોલી જાય.

મુમુક્ષુ :- લૌકિકભાવમાં વાડાબંધી કરી ઘણા વંચિત રહી ગયા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પંચમકાળમાં હુંડાવસર્પિણી પંચમકાળ છે. નહિતર આવા મહાપુરુષ ઉત્પન્ન થાય ત્યારે તો આખા દેશના દેશ બધા પલટાઈ જાય. મૂળ ધર્મમાં આવી જાય, જૈનધર્મમાં આવી જાય. એના બદલે જ્યાં દિગંબરોની વસ્તી છે એવા મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશમાં તો એક ગામમાં આપણું મંડળ હોય તો એક ટકામાં આવે,

બે ટકામાં આવે. ૯૮ ટકા બીજા હોય. દિગંબરો. એવી પરિસ્થિતિ નબળી છે.

મુમુક્ષુ :- વાડાબંધીના લૌકિકભાવ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. વાડાબંધીમાં. અમારા તમને ભળવા દઈએ નહિ. અને જો અમારામાં ભળવું હોય તો અમારી આટલી શરત છે. અમે કહીએ એટલું માનો. એટલે કે અમારામાં જેટલી વિકૃતિ આવી છે એ બધી વિકૃતિ તમે સ્વીકારી લ્યો. તો પછી આ અન્યમત શું ખોટો ? સ્થાનવાસી શું ખોટો હતો પછી ? મૂળ માર્ગ શું છે એ સિદ્ધાંતની અંદર ક્યાંય પણ બાંધછોડ હોય, એની અંદર બીજા સિદ્ધાંતની અંદર કોઈ શ્રદ્ધા-જ્ઞાનમાં ફેરફાર કરાય તે મૂળ માર્ગમાં નથી. એમાંથી તો બીજા (વાડા થયા). જૈનમાં જે વાડા થયા એનું કારણ એ છે. સિદ્ધાંતને પકડી શક્યા નહિ, પકડી રાખી શક્યા નહિ, જાળવી શક્યા નહિ, સિદ્ધાંતને સંભાળી શક્યા નહિ, સિદ્ધાંતોનું જતન કરી શક્યા નહિ. એ ખોઈ બેઠા. સિદ્ધાંતોનું જતન ન કર્યું એટલે ખોઈ બેઠા. પછી તો એક પગથિયું ચૂકે એટલે ક્યાં વાત જાય એ કહેવાનો પછી હિસાબ રહેતો નથી.

મુમુક્ષુ :- આવી ઊંચી તત્ત્વની વાત 'ગુરુદેવશ્રી' કરે છે... વિચાર ક્યાં કરે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સાચી વાત છે. એ વાત છે. બીજા લોકો હોય તો એમ જ કહે કે, ભાઈ ! આ તો બહુ ઊંચી વાતો કરે છે પણ અંદરોઅંદર તો કાંઈ ઠેકાણું નથી. એટલે જે પરિસ્થિતિ હતી એ ખુલ્લી થઈ. 'ગુરુદેવશ્રી' ધર્મપિતા હતા ત્યાં સુધી એક ઢાંકણ હતું. કોઈ ઊંચા અવાજે, સ્વચ્છંદે.. મનમાં ગમે તે ભાવ થતા હોય, બહાર ન વ્યક્ત કરી શકે. જેમ તીર્થંકરની સામે ન કરી શકે. ગયા પછી ખુલ્લું (થઈ ગયું). પરિસ્થિતિ જે હતી એ બહાર આવી ગઈ. આ પરિસ્થિતિ થઈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઘણીવાર એવું બને છે, ભાઈ ! કે બુદ્ધિશાળી માણસો ભૂલે ત્યારે ભીંત ભૂલે છે.

એક લૌકિક દૃષ્ટાંત આપું. વેપારી કોમ બુદ્ધિશાળી ખરી ને વાણિયાની કોમ ? હિસાબ-કિતાબ પાય પાયનો માંડવાવાળા તો ખરા ને ? સાંજે મેળ મેળવે. પાયે પાઈનો હિસાબ મેળવે. બરાબર છે ? હવે એમાં Unity એટલે એક્તા કેટલી ? કે એને ત્યાં મજૂર લોકો જે કામ કરે છે એટલી નથી. કેટલી ? જેના ઘરમાં ત્રણ દિવસનું અનાજ નથી એવા મજૂર લોકો જે એને ત્યાં કામ કરે છે એની જેટલો સંપ બધા બુદ્ધિશાળી વેપારી જેના ઘરમાં ત્રણ-ત્રણ વર્ષના અનાજના દાણા ભર્યા હોય એની પાસે નથી એટલી બુદ્ધિ. એટલો સંપ કરીને એ લોકો રહી શકે. જો એટલો સંપ એ કરે તો આજે શાસન એ લોકોના હાથમાં હોય. એની પાસે એટલી બુદ્ધિ અને એટલી

શક્તિ છે. પૈસા એટલા છે. જેને લૌકિક દૃષ્ટિએ શક્તિ કહેવામાં આવે છે અને બુદ્ધિ પણ એટલી છે. એટલે ખરેખર એ બુદ્ધિ નથી પણ એ બુદ્ધિનું દેવાળું છે. શું છે ? બુદ્ધિ નથી પણ બુદ્ધિનું દેવાળુ છે ખરેખર તો. એમ છે. એ પરિસ્થિતિ થાય છે. વિનાશ કાળે વિપરીત બુદ્ધિ. એવું જ બને છે.

એ તો જ્યારથી ફાટા પડ્યા. ભગવાન 'મહાવીરસ્વામી' પછી પાંચસો વર્ષે ફાટા પડ્યા એ સિદ્ધાંત તૂટ્યો ત્યાંથી ફાટા પડ્યા. કેમ ? કે જેને સિદ્ધાંતનું જતન કરવું છે એ તો બાંધછોડ કરશે નહિ. જેને એ સિદ્ધાંતનું જતન કરવાની, પાળવાની, પાલન કરવાની શક્તિ નથી અને છતાં જગતમાં પોતાનું, સમાજમાં પોતાનું વર્ચસ્વ રાખવું છે, સત્તા રાખવી છે તો એ આમ ચાલવું જોઈએ, આમ જ ચાલવું જોઈએ. આમ કેમ ન ચાલે ? એમ ચાલે, અત્યારે એમ ચાલે, દેશકાળ પ્રમાણે એમ જ ચાલે. ગમે તે બહાને ચલાવે.

મુમુક્ષુ :- આ ...

પૂજ્ય ભાઈશ્રી :- વ્યક્તિગત વાત છે. આમાં શું હોય છે કે સામાન્ય માણસોનો એટલો દોષ નથી એટલો સૂત્રધારોનો દોષ હોય છે આની અંદર. સામાન્ય માણસો એક Inferiority of complex માં હોય છે. ભાઈ ! આપણે સાધારણ માણસ. આ મોટા મોટા આવું બધું કરે ત્યાં આપણું શું ચાલે ? આ બધા આગળ પડતા માણસો આવું બધું કરે છે ત્યાં આપણે શું કરી શકીએ ? એ બિચારા ઠંડા રહે છે.

જેમ અત્યારે લોકો કહે છે કે અત્યારે રાજ છે એ ગુંડાઓના હાથમાં છે. એમ નથી કહેતા ? Public છાપાઓ કહે છે કે નહિ ? અને ખૂનામરકી થાય છે કે નહિ ? તો એ લોકોનો દોષ છે, જે રાજકર્તાઓનો દોષ છે એના કરતા એમ કહેવાય છે કે સજ્જન માણસોનો વધારે દોષ છે. આ એક વિચારણીય પ્રશ્ન છે જરા. એ લોકોનો દોષ છે એના કરતાં સજ્જન માણસોનો વધારે એટલા માટે દોષ છે કે એ લોકો નિષ્ક્રિય રહે છે. નિષ્ક્રિય રહે છે એનો દોષ વધારે છે.

એમ સમાજમાં પણ હલકા માણસો, નિચી વૃત્તિના માણસો મુખ્ય થઈ જાય ત્યારે એનો દોષ પ્રગટ દેખાય. પણ ખરેખર એમ નથી. એ નિર્દોષ છે છતાં નિષ્ક્રિય રહે છે એની પણ જવાબદારી છે અને એ જવાબદારી અદા નથી કરતા એ પણ એક બહુ મોટો દોષ છે એની અંદર. અને એના કારણે એ લોકો ફાવે છે. આ પડખું જે વિચારમાં નથી આવતું એ વિચારવા જેવો વિષય છે. અને એનું કારણ મુખ્યપણે ભીરૂતા હોય છે. એ ભીરૂતા છે એ જ સમાજને કહો કે શાસનને કહો ભરખી જાય છે. એ ભીરૂતા જ ભરખી જાય છે. આવી પરિસ્થિતિ છે. એ પણ લૌકિકભાવ જ છે. જેમ

સમાજમાં મુખ્ય થવું એ લૌકિકભાવ છે. એમ સમાજમાં આપણું કાંઈ ચાલે નહિ અને આપણા પરિણામ બગડી જાય, આપણે કાંઈ કરવું નથી, આપણે આપણા ઘર જાલીને બેસી રહો. એ બધો જે ભીરૂતાનો ભાવ છે એ પણ લૌકિક ભાવ જ છે. એમાં કાંઈ વીતરાગભાવ છે કે મધ્યસ્થભાવ છે એવું કાંઈ વિચારવા જેવું નથી. અને એનો પુરાવો શું ? કે વ્યક્તિગત રીતે એ જ જીવનું જો કાંઈ અપમાન થયું હોય કે એના કોઈ પ્રિયજનનું અપમાન થયું હોય તો એ સહન નહિ કરે. દેવ-ગુરુ-શાસ્ત્રનું સહન કરશે, ગુરુનું સહન કરશે પણ પોતાનું નહિ સહન કરે. તો એ ૧૦ વર્ષ સુધી એ વાતને મુકશે નહિ. વીસ વર્ષ સુધી નહિ મૂકે, કોઈવાર જીવે ત્યાં સુધી નહિ મૂકે. પણ ગુરુનું અપમાન થયું હશે તો આપણે જાણે કાંઈ લેવાદેવા નથી. એ પરિસ્થિતિ થાય છે. એ તો દેશકાળ પ્રમાણે પછી... અત્યારે તો કાળ જ હીણો છે ત્યાં શું થાય ?

શું કહે છે અહીંયાં ? કે '**લૌકિકભાવ છોડી દઈ, વાચાજ્ઞાન તજી દઈ, કલ્પિત વિધિનિષેધ તજી દઈ...**' આ ક્રિયાકાંડ. આમ કરાય અને આમ ન કરાય. આપણા સંપ્રદાયમાં આમ કરાય અને આપણા સંપ્રદાયમાં આમ ન કરાય. આપણા સંપ્રદાયમાં આ વિધિ છે, બીજી વિધિ નથી. એવો વિધિ-વિષેધ કલ્પિત છે એ ત્યજી દઈને. એટલે ગુણ-દોષનો વિચાર કર્યા વિનાના વિધિ નિષેધ. એ બધા કલ્પિત વિધિ નિષેધ છે. એને તજી દઈ '**કલ્પિત વિધિનિષેધ તજી દઈ જે જીવ પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞાને આરાધી,...**' બસ ! બચવું હોય તો મુમુક્ષુને આ એક જગ્યાએ છે. બીજું કાંઈ એને ભાન નથી. જ્ઞાનીની આજ્ઞાને આરાધે, જ્ઞાનીની આજ્ઞામાં રહે. '**તથારૂપ ઉપદેશ પામી,...**' એની આજ્ઞામાં અને એના ઉપદેશને અંગીકાર કરે. '**તથારૂપ આત્માર્થે પ્રવર્તે...**' અને એ ઉપદેશ અનુસાર આત્મહિત થાય તે રીતે પ્રવર્તે. '**તેનું અવશ્ય કલ્યાણ થાય.**' તેનું કલ્યાણ થાય, થાય ને થાય જ. ન થાય એ વાત નથી. અનંત જ્ઞાનીઓની આ Guarantee છે. અનંત તીર્થંકરોની આ Guarantee છે.

મુમુક્ષુ :- ત્રણ પ્રકારની આજ્ઞા કરી.

પૂજ્ય ભાઈશ્રી :- ત્રણ પ્રકારની આજ્ઞા કરી છે. લૌકિકભાવ છોડી દેવો, વાચાજ્ઞાનથી દૂર રહેવું અને કલ્પિત વિધિ નિષેધમાં પકડાય જાવું નહિ. ... આ નાસ્તિ કરી. હવે અહીંયાં કહે છે કે ઓલા ત્રણે તજી દઈ છોડી દેવાની વાત કરી. તો કરવું શું ? તું જ્ઞાનીની આજ્ઞામાં રહે એમાં બધું તારું આવી ગયું, જા. ક્યાંય પછી ભૂલાવાનો તારે પ્રશ્ન રહેતો નથી. એ તને બચાવી લેશે. તરવું હોય, નદી કે સમુદ્રમાં તરવું હોય તોપણ કાંઈ ભાંગલા વહાણમાં બેસે કોઈ ? જર્જરીત વહાણમાં બેસે ? સારું મજાનું હોય, ડૂબે એવું ન હોય એમાં બેસે. તો કહે છે, જ્ઞાનીના વહાણમાં બેસ. પછી તરી જઈશ. પછી

વાંધો નથી. અજ્ઞાનીના વહાણમાં બેઠો તો બૂડી જઈશ. આ સીધી વાત છે. એ વહાણ જ તારું સાવ અંદરથી ખવાઈ ગયેલું છે, ખલાસ છે. અજ્ઞાનીના વહાણમાં બેસીશ તો બુડીશ, જ્ઞાનીના વહાણમાં બેસીશ તો તરીશ. બહુ સીધી સાદી વાત છે.

**'નિજકલ્પનાએ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિનું સ્વરૂપ ગમે તેમ સમજી લઈને અથવા નિશ્ચયનયાત્મક બોલો શીખી લઈને...'** નિજકલ્પનાએ જ્ઞાન-દર્શન-ચારિત્ર જે મોક્ષમાર્ગ છે એનું પણ સ્વરૂપ પોતાની કલ્પનાએ ગમે તેમ સમજી લે અને નિશ્ચયાત્મક બોલ-નિશ્ચયનયના જે વચનો છે એને માત્ર શીખી લે અને બોલવા માંડે. એમ કરીને '**સદ્વ્યવહાર લોપવામાં જે પ્રવર્તે...**' છે. સામાન્ય આચરણનું પણ પછી જ્યાં ઠેકાણું રહેતું નથી. '**તેથી આત્માનું કલ્યાણ થવું સંભવતું નથી.**' એ રીતે કોઈ આત્મકલ્યાણ થઈ જાય એ વાતમાં કાંઈ માલ નથી.

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે આચરે, આત્માર્થી જન એહ.**

'આત્મસિદ્ધિ શાસ્ત્ર' આ પોતે શબ્દ વાપર્યો છે. 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' શાસ્ત્ર શબ્દ વાપર્યો છે ને ? પત્રની અંદર પોતે લખ્યું છે 'આત્મસિદ્ધિ શાસ્ત્ર.'

છેલ્લી લીટી બાકી રહી ગઈ. '**અથવા કલ્પિત વ્યવહારના દુરાગ્રહમાં રોકાઈ રહીને...**' સદ્વ્યવહાર કાં તો લોપે, કાં તો સંપ્રદાયનો કલ્પિત વ્યવહાર છે એનો દુરાગ્રહ, એનો આગ્રહ કરી લે. એમાં રોકાઈ રહીને. અમારા સંપ્રદાયમાં તો આમ જ હોય. એ જે વ્યવહાર નક્કી થયો હોય એનો આગ્રહ (રાખે). એમાં કાંઈ ફેરફાર ન થવો જોઈએ. ગુણસ્થાન અનુસાર ક્યાં શું થાય એ કાંઈ ખબર હોય નહિ. પણ આપણે ત્યાં જે પદ્ધતિ અને રૂઢિ થઈ ગઈ એ તો બરાબર જળવાવી જોઈએ. એના '**દુરાગ્રહમાં રોકાઈ રહીને પ્રવર્તતાં પણ...**' ભલે પછી એ વ્યવહારની અંદર ગમે તે હિંસા આદિનું લક્ષ હોય, ગમે તે હોય. તોપણ એમાં '**કલ્યાણ થવું સંભવતું નથી.**' આત્મકલ્યાણનો માર્ગ જ્ઞાનીની આજ્ઞાએ કોઈ જુદો છે એ સમજ્યા વગર ગમે તેમ પોતાની મતિ કલ્પનાએ ચાલે તો એથી કાંઈ આત્મકલ્યાણ થઈ જાય નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનીની આજ્ઞાએ ...

પૂજ્ય ભાઈશ્રી :- થાય, થાય ને થાય જ. કેમકે પોતે અજાણ્યો છે. પોતે અજાણ્યો છે. અને વાતો અનેક છે. ધર્મના ક્ષેત્રમાં કાર્ય કરવાની અનેક વાતો છે. કોઈ કહે શાસ્ત્ર વાંચો, કોઈ કહે ઉપવાસ કરો, કોઈ કહે દાન દો, કોઈ કહે યાત્રા કરી આવો. બાહ્ય પદ્ધતિ તો અનેક જાતની છે. કોઈ કહે ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો, તપ કરો. એ જ્ઞાનીની આજ્ઞા સિવાય ક્યાંય આરોવારો નથી. આ સીધી વાત છે. પોતે

અજાણ્યો છે. અજાણ્યો છે અને આંધળો છે. બેય વાત ભેગી છે. એને જ્ઞાનીની આજ્ઞા સિવાય આ સંસારમાંથી છૂટવાનો કોઈ માર્ગ મળે, ઉપાય મળે એ કોઈ રીતે, જે છૂટ્યા છે એણે અનુભવ કરીને કહ્યું છે કે બીજો કોઈ ઉપાય નથી. અમે જે રીતે છૂટ્યા એ તને કહીએ છીએ. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજું કાંઈ શોધમાં. એ તો કહ્યું છે. આત્માને શોધમાં કહે છે. નહિ પત્તો ખાય તને. આત્માને શોધવા જઈશ તો એમ પત્તો નહિ ખાય. કેમકે તારા જે ભાવો છે એમાં તને આત્મભાવ ગોતવાનો પત્તો નહિ લાગે. એવો ઘેરાયેલો છે. અંદરનું રાગમય વાતાવરણ છે. અંદરનું વાતાવરણ કેવું છે ? રાગમય જે શરીર અવસ્થા કર્મના ફળરૂપે છે એવો ને એવો છું એ જે વાતાવરણ છે, હું મનુષ્ય છું, હું ફલાણો છો કે ફલાણી છું કે જે કાંઈ એના ફળ પ્રમાણે શરીર છે. કર્મનું ફળ છે ને એ તો ? એમાંથી એને બીજો ભાવ આવવો જ મુશ્કેલ છે. હું આત્મા છું એ ભાવ આવવો મુશ્કેલ છે. એ ભાવ છૂટી શકે નહિ. એટલા દૃઢ સંસ્કારે તો આ પુદ્‌ગલમાં ફળ આવ્યું છે એનું. જેમ કોઈ બહુ ક્રોધાદિ કરે અને રોગ થાય, બહુ જ .. એ અજાણ્યા આંધળા જીવને દેખતાનો સહારો, ચાલે પોતે પણ એને દિશા સૂચન કરનાર તો જોઈએ. એ વગર બીજો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- બહુ સરસ વાત કરી.

પૂજ્ય ભાઈશ્રી :- હા ઘણી સારી વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. લૌકિકપણું છોડી દેવું, વાચાજ્ઞાન છોડી દેવું, કલ્પિત વિધિ નિષેધ છોડી દેવો

મુમુક્ષુ :- અરસપરસની પદ્ધતિથી વાતાવરણ...

પૂજ્ય ભાઈશ્રી :- પોતે પોતાને માટે વિચારવું હોય તો એટલો ખ્યાલ રાખવો જોઈએ કે પોતે જે કહે છે એ ભાવનો કોઈ આપણે એ સંબંધી પ્રયત્ન છે કે નહિ ? ભાવ ન હોય તો ભાવ સંબંધી પ્રયત્ન છે કે નહિ ? પ્રમાણિકપણે એ પ્રયત્ન છે કે નહિ ? તો એ નિર્દોષ છે. નહિતર વાચાજ્ઞાનમાં આવી જાય.

ખાસ કરીને વાચાજ્ઞાનમાં જીવ ક્યાં આવે છે ? નિશ્ચયની વાત પકડીને વાચાજ્ઞાનમાં આવે છે. વ્યવહારમાં તો સહેજે આચરણ ઠીક રહે છે વ્યવહારાભાસીનું. અવિરત સમ્યગ્દૃષ્ટિની ચારે ગતિમાં દશા જુદી જુદી હોય છે. પોતાના દોષનું રક્ષણ કરવું હોય, બચાવ કરવો હોય. જ્ઞાનીને આમ હોય છે... જ્ઞાનીને આમ હોય છે... એ

બધું થવા માંડે છે. એ વાચાજ્ઞાનમાં આવી જાય છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વ અવસ્થામાં ઘણું મોટું નુકસાન થાય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અસ્તિ-નાસ્તિથી બધું વિચારવા જેવું છે. લોકને, સમાજને સામે રાખવા જાય અને સિદ્ધાંતને કે યથાર્થ વાતને એ નિમિત્તે ગૌણ કરે એટલે એ લૌકિકભાવ થઈ ગયો. બીજું કાંઈ નથી.

**'એકાંત ક્રિયાજડત્વમાં અથવા એકાંત શુષ્કજ્ઞાનથી જીવનું કલ્યાણ ન થાય.'** કોઈ કહે કે અમારે એકાંત બેમાંથી એકેય નથી. અમે તો પૂજા-ભક્તિની ક્રિયા પણ કરીએ છીએ અને અમે તો શાસ્ત્ર પણ વાંચીએ છીએ. એકાંત શાસ્ત્ર વાંચતા હોય અને પૂજા-ભક્તિ ન કરતા હોય તો તમે અમને એમ કહો કે આ શુષ્કજ્ઞાની લાગે છે. અથવા એકલી પૂજા-ભક્તિમાં પડ્યા હોય અને શાસ્ત્ર ન વાંચતા હોય તો તમે એકાંત કહો. પણ અમારે તો બેય છે. માટે અનેકાંત ખરું કે નહિ ? એમાં પણ યથાર્થતા છે એટલો જ લાભ છે. અયાર્થતા છે એટલું નુકસાન છે.

મુમુક્ષુ :- જ્ઞાની પણ પૂજા, ભક્તિ, યાત્રા બધું કરે...

પૂજ્ય ભાઈશ્રી :- એના ચાળા પાડવાના છે કાંઈ ? જ્ઞાની કરે એમ કરો એટલે ? એ જે ભાવ કરે છે એ ભાવ જોવે નહિ. અંદરમાં શું ભાવ કરે છે એ ભાવ તો જોવે નહિ. એ બહારમાં શું ક્રિયા કરે છે ? શાસ્ત્ર વાંચે છે તો આપણે પણ વાંચો. પૂજા-ભક્તિ કરે છે તો આપણે કરો, ઉપવાસ કરે છે તો આપણે કરો, તપ કરે છે તો આપણે પણ કરો. એમ કાંઈ નકલ કરવાથી તો કાંઈ અસલ ફાયદો થાય નહિ. સમજવાનું એ છે કે ક્યા ભાવના આધારે એ બધું થાય છે ? ક્યા સ્વરૂપના આધારે એ થાય છે ? એનો આશય શું છે ? એમ કરતાં કરતાં એનો આશય, અંદરનો આશય શું છે ? એ સમજ્યા વિના એમ ને એમ બહારથી કરે તો નકલ કરવા જેવું થાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ જ્ઞાનીનો જે ભાવ છે એ ભાવ અનુસાર પોતાનો ભાવ ઉત્પન્ન થવો જોઈએ ને એ ક્રિયા વખતે.

જેમ કે આપણે એક દૃષ્ટાંત લઈએ. જ્ઞાની જિન પ્રતિમાના-ભગવાનના દર્શન કરે છે. દેરાસરજીમાં આવીને દર્શન કરે છે. એ તો ત્યાં વીતરાગતાના દર્શન કરે છે. કોના દર્શન કરે છે ? પ્રતિમાના દર્શન નથી કરતા પણ વીતરાગતાના દર્શન કરે છે. એમાં જે અરિહંતદેવને કેવળજ્ઞાન વખતે અનંત સ્વસંવેદન પ્રગટ હોય છે એ સ્વસંવેદનને લક્ષમાં લઈને પોતાના સ્વસંવેદનને સંભારે છે. એ વખતે પોતાના સ્વસંવેદનને સંભારે છે. જ્ઞાની તો દર્શન કરે છે માટે હું પણ કરું છું. પણ જ્ઞાની અંદરમાં શું કરે છે એ વિચારવાનું છે.

મુમુક્ષુ :- જિનપૂજા તે નિજપૂજા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જિનપૂજના તે નિજ પૂજના છે. એવી રીતે બધા વ્યવહારમાં અંદરખાને સ્વરૂપના અવલંબને શું પરિણામ થાય છે એ સાથે સાથે જોવાનું છે.

મુમુક્ષુ :- એના માટે જ્ઞાની કરે એમ નહિ પણ કહે એમ ચાલવું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એની આજ્ઞાએ ચાલવું એમ કહે છે ને ? કરવામાં તો એવું છે કે બહારમાં જે ક્રિયા થાય છે એ તને દેખાશે. અંદરની ક્રિયા દેખાશે નહિ. તો તું કેવી રીતે... બહારની ક્રિયાનું અનુસરણ કરીશ અનંદરની વાતને છોડી દઈશ. ખરેખર અનુસરણ કરવા જેવી તો અંદરની વાત છે. એમ છે. અને બહારના પરિણામનો તો એમને નિષેધ છે. જેનો નિષેધ છે એનો તું આદર કરીશ. એમને રાગાદિનો નિષેધ છે તો એનો તું આદર કરીશ. કેવી રીતે અનુસરણ કરવું. માટે એમની આજ્ઞાએ ચાલવું.

મુમુક્ષુ :- કોને પત્ર લખ્યો એ નામ નથી લખ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- ના. એ નામ નથી. પણ બહુ સારો પત્ર છે. પ્રશ્ન કોઈએ ઘણા કાઢ્યા છે. સારા પ્રશ્નો કાઢ્યા છે. ઉત્તર પણ બહુ સારા આવ્યા છે. છેલ્લે માર્ગદર્શન પણ બહુ સરસ આપ્યું છે. કોઈ કોઈ વાતો તો બહુ સારી આવી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. એને એ જરૂરી હશે એ માની લીધું હશે કાંઈક. એટલે કહી છે એ વાત. શાસ્ત્રજ્ઞાનને જ્ઞાન માને, મંદ કષાયને આચરણ માને. અમારે તો જ્ઞાન પણ છે અને આચરણ પણ છે. અમે કાંઈ એકાંતે કાંઈ કરતા નથી અને 'ज्ञानक्रियाभ्यां मोक्षः' આ તો સીધી વાત છે. આવી રીતે જે કલ્પિત ભાવમાં આવી જાય છે એને દેખાડે છે કે, ભાઈ ! આત્મામાં અંતર્મુખ થતાં શ્રદ્ધાના, જ્ઞાનના, આચરણના સર્વ ગુણોના પરિણામ અંતર્મુખ થતાં જેટલું અંતર્મુખપણું થયું એ સમ્યક્‌પણું છે. ત્યાંથી સમ્યક્ શરૂ થાય છે. એ પહેલાં સમ્યક્ શરૂ થતું નથી. એ વિષય જયાં સુધી સ્વભાવ ન સમજાય ત્યાં સુધી સમ્યક્ પરિણમન ન સમજાય. સમ્યક્ પરિણમન ન સમજાય ત્યાં સુધી સમ્યક્ સ્વભાવ ન સમજાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એકાંત ક્રિયા જડત્વમાં અથવા એકાંત શુષ્કજ્ઞાનથી જીવનું કલ્યાણ ન થાય. અને એ જેટલું ક્રિયા જડત્વ કે શુષ્કજ્ઞાન છે એ જેટલું છે એટલું એકાંત જ છે. એમાં અનેકાંત નથી. એકાંતમાં અનેકાંત નથી. મિથ્યાત્વમાં સમ્યક્ નથી. કેમકે જાતિ વિરુદ્ધ છે એ તો.

**પત્રાંક-૯૧૯**

**વવાણિયા, વૈશાખ વદ ૮, મંગળ, ૧૯૫૬**

**ૐ**

**પ્રમત્ત-પ્રમત્ત એવા વર્તમાન જીવો છે, અને પરમ પુરુષોએ અપ્રમત્તમાં સહજ આત્મશુદ્ધિ કહી છે, માટે તે વિરોધ શાંત થવા પરમ પુરુષનો સમાગમ, ચરણનો યોગ જ પરમ હિતકારી છે.**

૯૧૯મો પત્ર છે 'અંબાલાલભાઈ' ઉપરનો. '**પ્રમત્ત-પ્રમત્ત એવા વર્તમાન જીવો છે, અને પરમ પુરુષોએ અપ્રમત્તમાં સહજ આત્મશુદ્ધિ કહી છે, માટે તે વિરોધ શાંત થવા પરમ પુરુષનો સમાગમ, ચરણનો યોગ જ પરમ હિતકારી છે.**' એ તો ફેરવી ફેરવીને એ વાત લે છે. અત્યારના જીવો છે એ પ્રમત્ત-પ્રમત્ત છે. ખાલી પ્રમત્ત ન લીધા પણ પ્રમત્ત-પ્રમત્ત છે. એટલે કે આત્મકાર્ય છોડીને અન્ય કાર્યમાં તીવ્ર રસથી લાગેલા છે. પ્રમત્ત-પ્રમત્ત એટલે તીવ્ર રસથી લાગેલા છે. અન્ય ભાવમાં પ્રવર્તવું તે પ્રમત્તપણું, આત્મામાં પ્રવર્તવું તે અપ્રમત્તપણું. બસ.

'**પ્રમત્ત-પ્રમત્ત એવા વર્તમાન જીવો છે, અને પરમ પુરુષોએ અપ્રમત્તમાં સહજ આત્મશુદ્ધિ કહી છે,...**' અને આત્મપરિણામમાં આત્મશુદ્ધિ પરમપુરુષોએ કહી છે. અપ્રમત્ત એટલે આત્મપરિણામમાં આત્મશુદ્ધિ કહી છે. પરપરિણામમાં, રાગ પરિણામમાં આત્મશુદ્ધિ નથી. એ તો મલિનભાવ છે. '**માટે તે વિરોધ શાંત થવા પરમ પુરુષનો સમાગમ,...**' પરમ પુરુષનો સમાગમ. સમાગમનો બીજો અર્થ ચરણનો યોગ લીધો છે. એટલે જેને આત્મકલ્યાણની અતિશય ભાવના છે, અતિશય ગરજ છે અને જે સમાગમમાં જાય છે એને ચરણનો યોગ કહેવામાં આવે છે. એ '**પરમ હિતકારી છે.**' એ આત્માને એક જ કલ્યાણકારક છે. એ બહુ સહેલામાં સહેલું સાધન એમણે આપી દીધું છે, બતાવી દીધું છે કે બચવું હોય તો બહુ સહેલું સાધન અત્યારે આ છે. એ સિવાઈ બીજું આથી સહેલું કોઈ નથી. એ ૯૧૯ થયો. ૯૨૦.

મુમુક્ષુ :- આ આખા શાસ્ત્રમાં... એક જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ છે. આ તો પહેલાં વિચાર આવ્યો હતો કે ગ્રંથનું નામ રાખ્યું છે 'શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ'. કર્તાનું નામ છે એ જ ગ્રંથનું નામ રાખ્યું છે. પણ ગુણવાચક તરીકે નામ લે. આ વ્યક્તિવાચક નામ થઈ ગયું ગ્રંથનું. ગુણવાચક લઈએ તો સત્પુરુષનો મહિમા અથવા સત્પુરુષના મહત્ત્વ દર્શક કોઈ નામ રાખ્યું હોત તો એ

ગુણવાચક નામ થઈ જાત. કેમકે વિષય એ ફેરવી ફેરવીને પોતે લે છે. એટલા માટે એમણે એ વિષય વિશેષ ઉપકારી સમજાવ્યો છે કે પોતે પૂર્વભવમાં સત્પુરુષના યોગ વિના ઘણો પરિશ્રમ કર્યો છે. ઘણો એટલે અત્યારે કોઈ ન કરે એટલો બધો ઘણો પરિશ્રમ કર્યો છે અને બધો પરિશ્રમ વ્યર્થ ગયો છે. પામી નથી શક્યા.

કોઈ એક સત્પુરુષ મળતા.. જેમ ચપટી વગાડે કર્યો કોયડો કોડીનો નહિ. જેમ કોયડો કોઈ હાથમાં આવી જાય એવી રીતે એ પોતે આત્માની સાધાનામાં, આત્માની આરાધનામાં આવી ગયા છે. આત્મસહિત સાધ્યું છે અને એ ભૂલ એમને સમજાણી છે. એટલે મુમુક્ષુઓમાં પણ આ ભૂલ રહી જાય છે. એક તો સત્સંગનું મહત્ત્વ પ્રત્યક્ષ સત્પુરુષની ખોજ, એનો સત્સમાગમ, એ વિષયનું મહત્ત્વ આવ્યું જ નથી. અનંત કાળમાં નથી આવ્યું ને. ક્યારે પણ નથી આવ્યું. એકવાર પણ સરખી રીતે આવ્યું જ નથી. અને આ જગ્યાએ ભૂલ થઈ છે. આ જીવ બધું કરી ચૂક્યો છે. 'યમ, નિયલ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લિયો.' એક આ જગ્યાએ જ ભૂલ્યો છે. અને આ નિમિત્તમાં ભૂલ્યો છે. ઉપાદાનનો એને ક્યાંથી વિવેક આવ્યો હોય ? વિવેકનો વિષય ઉપાદાનના વિષય કરતાં સ્થૂળ છે. અથવા તો નિમિત્ત કરતાં ઉપાદાનનો વિષય સૂક્ષ્મ છે. હવે જેને નિમિત્તનો વિવેક જ આવ્યો નથી. સ્થૂળ વિષયમાં વિવેક નથી એને સૂક્ષ્મ વિવેક ક્યાંથી પ્રગટ્યો હોય ? સવાલ જ ઊભો નથી થતો. અને આવી સ્થૂળ ભૂલ અનંત કાળથી ચાલી આવી છે, ચાલી રહી છે. એના ઉપર એમણે ફેરવી ફેરવીને ધ્યાન ખેંચ્યું છે. અનંત કરુણા કરીને એ વાત કરી છે એમણે. લક્ષ જાય તો છૂટકો થઈ જાય એવું છે અને છતાંય લક્ષ ન જાય તો છૂટકો થાય એવું નથી. એ વાત નક્કી છે. આટલું આટલું કહેવા છતાં પણ જો લક્ષ ન જાય તો કોઈ રીતે છૂટવાનો આરોવારો નથી. અને લક્ષ જાય તો એનું હોનહાર સારું છે. છૂટી ગયો એમ સમજી લેવું. આવી વાત છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'નો દાખલો છે જ ને. કેટલી જેહમત લીધી, અંતે સત્પુરુષ મળ્યા ત્યારે..

પૂજ્ય ભાઈશ્રી :- હા. જહેમત એટલે પ્રાણ છૂટી જાય એવી દશામાં આવ્યા હતા. કાંઈ બાકી નહોતી રાખી. હઠયોગ. હઠયોગ સાધ્યો હતો. છ છ કલાકની પૂજા, પ્રાણાયામ, યોગસાધના, શાસ્ત્ર વાંચન. ધંધો છોડીને શાસ્ત્ર વાંચન. ધંધો એટલે દુકાન બંધ કરવાનો વારો આવ્યો. તાળું મારવાનો વારો આવ્યો. દુકાન ઊઠી ગઈ ત્યાં સુધી શાસ્ત્ર વાંચ્યા. બહાર મુંઢો નાખીને બેસતા. દુકાનની બહાર ઓટલો હતો. જોયું છે ત્યાં 'અજમેર'થી નીકળ્યા હતા. (એમના દીકરાએ) બતાવ્યું હતું. આ બાબુજીની દુકાન

હતી. બહાર ઓટલો છે. મુંઢો નાખીને બેસે. શાસ્ત્ર લઈને. અંદર માણસ ઘરાકની સાથે વેપાર કરી લયે. શું કરે કાંઈ નહિ. આ એની ધૂનમાં એટલા પડ્યા હોય કે ઘરાકે માલ લીધો, ન લીધો, સાચવ્યો, ન સાચવ્યો કાંઈ નહિ. એ વાંચવામાંથી માથું જ ઊંચુ ન કરે. ધૂની બહુ હતા ને. પત્તો નથી લાગ્યો. અને 'ગુરુદેવ'ના એક વચને ગોળી વાગી સીધી. જ્ઞાન અને રાગ જુદા છે. પિસ્તોલમાંથી બુલેટ છૂટી એ તો. અંદરમાં રસ્તો હાથમાં આવી ગયો. 'ગુરુદેવ'ને ઓળખ્યા, પરમેશ્વરબુદ્ધિ થઈ. અરે..! પરમેશ્વરથી અધિક બુદ્ધિ થઈ. પરમેશ્વરબુદ્ધિ તો સમબુદ્ધિ કરી છે. એમણે તો અધિકતા કરી છે એની. પરમેશ્વર સમાન નથી રાખ્યા, અધિક રાખ્યા છે. અનંત તીર્થંકરોથી અધિક.

મુમુક્ષુ :- એનું જીવંત પ્રેરણા...

પૂજ્ય ભાઈશ્રી :- દાખલો તો જીવંત દૃષ્ટાંત છે આપણી સામે તો. જીવતો દાખલો છે.

મુમુક્ષુ :- જ્ઞાનીનો ઉપકાર વર્તે છે આપણી ઉપર.

પૂજ્ય ભાઈશ્રી :- એવી વાત છે.

**પત્રાંક-૯૨૦**

**વવાણિયા, વૈશાખ વદ ૮, મંગળ, ૧૯૫૬**

**ૐ**

**ભાઈ છગનલાલનું અને તમારું લખેલું એમ બે પત્ર મળ્યાં. વીરમગામ કરતાં અત્ર પ્રથમ સહજ પ્રકૃતિ નરમ રહી હતી. હાલ સહજ પણ વધતી આરોગ્યતા પર હશે એમ જણાય છે.**

**ૐ પરમશાંતિઃ**

'સુખલાલ છગનલાલ' 'વિરમગામ' ઉપરનો પત્ર છે. '**ભાઈ છગનલાલનું અને તમારું લખેલું એમ બે પત્ર મળ્યાં. વિરમગામ કરતાં અત્ર પ્રથમ સહજ પ્રકૃતિ નરમ રહી હતી.**' 'વવાણિયા' આવ્યા પછી. 'વિરમગામ' ઉપર થઈને આવ્યા હશે ત્યારે અહીંયાં થોડી વધારે તબિયત નબળી થઈ છે. '**હાલ સહજ પણ વધતી આરોગ્યતા પર હશે એમ જણાય છે.**' શરીરમાં થોડી આરોગ્યતા વધી હશે એવું લાગે છે. એ માત્ર શારીરિક સમાચાર પૂરતો પત્ર છે.

પત્રાંક-૯૨૧

વવાણિયા, વૈશાખ વદિ ૯, બુધ, ૧૯૫૬

ૐ

**'મોક્ષમાળા'માં શબ્દાંતર અથવા પ્રસંગવિશેષમાં કોઈ વાક્યાંતર કરવાની વૃત્તિ થાય તે કરશો. ઉપોદ્ઘાત આદિ લખવાની વૃત્તિ હોય તે લખશો. જીવનચરિત્રની વૃત્તિ ઉપશાંત કરશો.**

**ઉપોદ્ઘાતથી વાચકને, શ્રોતાને અલ્પ અલ્પ મતાંતરની વૃત્તિ વિસ્મરણ થઈ જ્ઞાનીપુરુષોના આત્મસ્વભાવરૂપ પરમ ધર્મનો વિચાર કરવાની સ્ફુરણા થાય એવો લક્ષ સામાન્યપણે રાખશો. સહજ સૂચના છે. શાંતિઃ**

૯૨૧મો છે 'મનસુખલાલ કીરતચંદ' 'મોરબી'ના મુમુક્ષુ છે. સાક્ષર છે.

મુમુક્ષુ :- .. પરમશાંતિ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૐ પરમશાંતિઃ. આત્મા તો શાંતિમાં છે ને. એમાં પણ Tone એવો છે. **'સહજ પણ વધતી આરોગ્યતા પર હશે...'** શું ? પ્રકૃતિ. આત્મા નહિ. શરીરની પ્રકૃતિ થોડીક વધારે આરોગ્યતા ઉપર હશે એમ જણાય છે. આત્માને તો ખાલી જણાય છે કે આ નરમ છે કે આ ગરમ છે. બાકી કાંઈ (છે નહિ). પોતે તો શાંતિમાં છે. એની સાથે સંબંધ નથી.

મુમુક્ષુ :- ૐ શાંતિ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. છેલ્લે છેલ્લે ૐ શાંતિઃ શાતિઃ શાંતિઃ શબ્દ વધારે વાપરે છે. ઠરતા જાય છે. ઠરતા જાય છે, અંદરમાં ઠરતા જાય છે.

**'મોક્ષમાળામાં શબ્દાંતર અથવા પ્રસંગવિશેષમાં કોઈ વાક્યાંતર કરવાની વૃત્તિ થાય તે કરશો.'** આ સાક્ષર હતા. 'મોક્ષમાળા' ફરીને છપાવવી હતી એટલે એમને તપાસવા આપી હતી કે જરાક જોઈ જજો તમે. કોઈ વખત તમને એમ લાગે કે અહીંયાં શબ્દ ફેરવવો છે કે અહીંયાં વાક્યરચના ફેરવવી છે એવો તમને વિકલ્પ આવે તો તમને છૂટ છે એમ કહ્યું. 'મનસુખલાલભાઈ' ઉપર એટલો વિશ્વાસ હતો. સાક્ષર હતા અને ઠીક ઠીક પરિચયમાં આવેલા હતા. એમનો અભિપ્રાય બરાબર જાણતા હતા.

**'ઉપોદ્ઘાત આદિ લખવાની વૃત્તિ હોય તે લખશો.'** અને તમારે 'મોક્ષમાળા'નો ઉપોદ્ઘાત લખવો હોય તોપણ લખશો. **'જીવનચરિત્રની વૃત્તિ ઉપશાંત કરશો.'** મારું જીવનચરિત્ર લખવાની તમારે જરૂર નથી. એમણે પૂછાવ્યું હશે. આ બધી વાતો પૂછાવી

હશે. વાંચ્યું છે અને મને એટલો વિચાર આવ્યો છે કે ક્યાંક શબ્દ ફેરવીએ, ક્યાંક વાક્યરચના પણ ફેરવવી. કેમકે સાક્ષર હોય એ વધારે સારી વાક્યરચના સમજતા હોય. એ જાતના વિદ્વાન છે ને. સાક્ષર એટલે ભાષાના વિદ્વાન છે. ઉપોદ્‌ઘાત લખવો હોય તોપણ લખજો. એટલે વિષય ઉપરનો ઉપોદ્‌ઘાત કે આમાં આવો આવો વિષય છે. એટલે એ વાંચતા પહેલાં પણ માણસનું લક્ષ જાય કે આમાં દૃષ્ટિકોણ શું અપનાવ્યો છે. પણ મારું જીવનચરિત્ર લખવાની મનાઈ કરી છે. જીવનચરિત્ર લખવાની કાંઈ જરૂર નથી. કેમકે એ પ્રસિદ્ધિનું કારણ થાય છે ને. '**જીવનચરિત્રની વૃત્તિ ઉપશાંત કરશો. ઉપોદ્‌ઘાતથી વાચકને, શ્રોતાને અલ્પ અલ્પ મતાંતરની વૃત્તિ વિસ્મરણ થઈ જ્ઞાનીપુરુષોના આત્મસ્વભાવરૂપ પરમ ધર્મનો વિચાર કરવાની સ્ફુરણા થાય એવો લક્ષ સામાન્યપણે રાખશો. સહજ સૂચના છે.**' ઠીક !

ઉપોદ્‌ઘાત તમારે કઈ વાતને લક્ષમાં રાખીને, ધ્યાનમાં રાખીને, અભિપ્રાય તમારો શું હોવો જોઈએ એ પૂર્વક એમને સૂચના આપી છે. એ ઉપોદ્‌ઘાત વાંચનારને નાની-મોટી વાતમાં મતમતાંતરની વૃત્તિ વિસ્મરણ થઈ જાય એવું રાખજો તમે. મતમતાંતર વધે એવી કોઈ વાત નહિ લેતા એમ કહે છે. એ વાત ઉપર એમનું વજન વધારે હતું. એટલા માટે એમણે ક્યાંય પણ સંપ્રદાયની ચર્ચા નથી કરી. દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી, બીજા, ત્રીજા કોઈ સંપ્રદાયની ચર્ચા નથી કરી. કેમકે એ વિષય ઉપર એમનો પોતાનો અભિપ્રાય એવો છે કે મુમુક્ષુની ભૂમિકામાં મુમુક્ષુ પહેલાં આ બાજુ ન વળવો જોઈએ. અને એ બાજુ વળી જાય તો કોઈ વિશેષ લાભનું એને કારણ નથી. માટે મતમતાંતર બાજુ એની શક્તિ ખરચશે તો નુકસાન થવાનો Chance વધારે છે એમ સમજીને એ દિશા એમણે બંધ રાખી છે. ખોલી નથી, એ દિશા ખોલી નથી. એ સમજણથી એમણે એ વાત લીધી છે.

'**મતાંતરની વૃત્તિ વિસ્મરણ થઈ જ્ઞાનીપુરુષનો આત્મસ્વભાવરૂપ પરમ ધર્મ...**' કેવો ધર્મ છે ? જે જૈન ધર્મ છે એ આત્મસ્વભાવરૂપ ધર્મ છે. '**જિન સોહિ હૈ આત્મા...**' આત્મા છે એ પોતે જ જિનસ્વરૂપ છે, એનો સ્વભાવ પોતે જિનસ્વરૂપ છે અને એ રૂપ પરિણમન થાય એ ધર્મ છે. વચ્ચે બીજી વાત નહિ લાવતા એમ કહે (છે). સીધે સીધું આ વાતનું નિરૂપણ થાય એવો વિચાર અને એવા '**વિચાર કરવાની સ્ફુરણા થાય...**' વાંચનરને '**આત્મસ્વભાવરૂપ પરમ ધર્મનો વિચાર કરવાની સ્ફુરણા થાય એવો લક્ષ સામાન્યપણે...**' ઉપોદ્‌ઘાત લખવાની અંદર તમે રાખજો. આ 'મોક્ષમાળા'નો ઉપોદ્‌ઘાત લખવા માટે રજા આપી. સાથે સાથે એમણે આટલી સૂચના કરી છે એ પણ બહુ સુંદર છે.

એ કોઈવાર પત્રમાં પણ એવી ભાષા વાપરે છે કે આ આત્મભાવ છે અને આ અન્યભાવ છે. પોતાના પરિણામોને અવલોકન કરીને ભેદજ્ઞાન ઉપર ચડવું હોય તો કેવી રીતે ચડવું ? તો શાસ્ત્ર પરિભાષા નથી વાપરી, ભેદજ્ઞાન શબ્દ નથી વાપર્યો, સ્વભાવ-વિભાવ શબ્દ નથી વાપર્યો. આ આત્મભાવ છે એટલે મને મારાપણું શેમાં લાગે છે ? મારું અસ્તિત્વ શેમાં માલુમ પડે છે ? તે આત્મભાવ છે. મારું અસ્તિત્વ માલુમ પડે તે આત્મભાવ છે. બાકી બધો અન્યભાવ છે. આમ જુદું પાડવું. એવી શૈલીથી કોઈ કોઈ પત્ર લખ્યા છે. એકદમ Practical side લીધી છે.

મુમુક્ષુ :- ઉત્પાદ-વ્યય ન લખ્યું ને ચલ પરિણામ લખ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- ચલ પરિણામ લખ્યું. સીધું ખ્યાલમાં આવી જાય.

મુમુક્ષુ :- શાસ્ત્રભાષા ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- શાસ્ત્રભાષા ઓછી છે.

લક્ષ છે એ પરલક્ષ છૂટે, બાહ્ય લક્ષ છૂટે, સ્વલક્ષ અને અંતર લક્ષ થાય એ પ્રકારની લખાણની અંદર વિશેષતા છે. એ પ્રકારની વિશેષતા વિશેષ છે. અથવા શુષ્કજ્ઞાનમાં કે ક્રિયાકાંડમાં નહિ જતા એમના વચનો વાંચીને જીવ એકદમ આત્માર્થી થાય, આત્માર્થતા કેળવાય એ લખાણની અંદર વિશેષ જોગ છે એ વાત ઉપરનો, વલણ એ વાત ઉપરનું છે એમનું વિશેષપણે.

મુમુક્ષુ :- 'ટોડરમલજી'એ ..

પૂજ્ય ભાઈશ્રી :- એ શું છે કે દેશકાળ જોઈને જ્ઞાનીને વિકલ્પ આવે છે કે અત્યારે આ કહેવાની જરૂર છે. એટલે એમ કહે છે. શું છે, વર્તમાન સામાજિક સમાજની અંદર જે પ્રકારના જીવોની યોગ્યતા (હોય છે) એ યોગ્યતાનો એમને અભ્યાસ થાય છે અને એ યોગ્યતા અનુસાર સમાજને અત્યારે શું કહેવું જોઈએ એના ઉપર એ ગ્રંથ રચના કરે છે. પછી પરિણામ તો જે આવવું હોય એ આવે. સામાન્ય રીતે દરેક જ્ઞાનીઓનો આ એક અભિગમ હોય છે.

જેમકે 'ગુરુદેવશ્રી'નો દૃષ્ટાંત લઈએ. 'ગુરુદેવશ્રી'નો ઉદય થયો ત્યારે ક્રિયાકાંડનું જોર બહુ હતું. સ્થાનકવાસી, દેરાવાસી અને દિગંબર. ત્રણેમાં ક્રિયાકાંડનું જોર ઘણું. પછી દરેક સંપ્રદાયમાં પોતપોતાની માનેલી ક્રિયા (કરતા હતા). કોઈ ઉપવાસમાં વધારે લાગ્યા તો ઉપવાસમાં, કોઈ પૂજા-ભક્તિમાં લાગ્યા તો પૂજા-ભક્તિમાં. એવી રીતે. પણ ક્રિયાકાંડનું જોર ઘણું હતું. તો 'ગુરુદેવે' જ્ઞાનમાર્ગ ઉપર બહુ વજન દીધું. ક્રિયાકાંડનો નિષેધ કરીને, પ્રહાર કરીને જ્ઞાન ઉપર ઘણું વજન દીધું. જ્ઞાનાભ્યાસ, સ્વાધ્યાય એના ઉપર ઘણું કહ્યું.

હવે માનો કે ત્યારપછી એમ ને એમ ચાલતા-ચાલતા શુષ્કજ્ઞાનીઓ વધી જાય. કારણ કે બધી જગ્યાએ કોઈને કોઈ વિકૃતિ આવવાની સંભાવના છે. તો એમાંથી એ વિકૃતિ આવે કે જો જ્ઞાનની શુષ્કતા વધી જાય તો કોઈ જ્ઞાની થાય ત્યારે એ શુષ્કજ્ઞાન ઉપર પ્રહાર કરે. જુઓ, શુષ્કજ્ઞાનમાં નહિ જતા. શુષ્કજ્ઞાનમાં નહિ જતા. એ વાત એમને વારંવાર કહેવી પડે. કેમકે વર્તમાન સ્થિતિ એવી હોય. તો એ વખતે એ પ્રકારના વચનયોગ આવે. એવું થાય છે આની અંદર. જ્યારે જે જ્ઞાનીનો ઉદય હોય એ વખતે સમાજની અંદર ધાર્મિક વિકૃતિ જે પ્રકારની આવી હોય એ વિકૃતિ ન હોવી જોઈએ અને ન થવી જોઈએ એના ઉપર મુખ્યપણે એમનું વક્તવ્ય અથવા ગ્રંથરચના હોય છે.

મુમુક્ષુ :- ... પાછળ કેટલો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમણે તો જૈનાભાસીઓને ક્યાં છોડ્યા છે ? ખાસ કરીને એવું નહોતું કે અન્યમતનું જ લખવું. આ તો હજી શરૂઆત હતી. આઠ અધિકાર સુધી તો પીઠીકા ચાલી છે. નવમા અધિકારથી ગ્રંથ શરૂ કર્યો છે એમ કહીએ તો ચાલે. અને નવમો અધિકાર પૂરો થયો ત્યાં આગળ લખવાની પરિસ્થિતિ ન રહી. એટલે એમને તો ઘણું ઘણું લખવું હતું. અધ્યાત્મનો વિષય તો લગભગ બાકી રહી ગયો છે એવી પરિસ્થિતિ થઈ છે. અનુભવનો વિષય બહુ નથી આવ્યો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં ક્યાં સવાલ છે ? જેટલું કહ્યું એટલું સત્ય જ છે, એમાં કાંઈ પ્રશ્ન જ નથી. મૂળ તો શું છે કે જ્ઞાનીઓ જેટલું કહે છે એટલું બધું સત્ય હોય છે. પણ આ જીવને પોતાને કેટલું ઉપયોગી છે ? એટલું એને લેવાનું છે. આખા Medical store ની બધી દવા પીવે તો મરી જાય. તો દર્દી મરી જાય. આ સત્પુરુષનો યોગ એટલા માટે લે છે કે કયા વખતે કઈ દવાનો કેટલો Doze દેવો એ સત્પુરુષ જાણે છે. જ્યારે દર્દી પોતે હાથે દવા કરવા જાય તો ગમે તે દવા ગમે તેટલી લઈ લે અને ગમે ત્યારે લઈ લે. આ ભૂલ થાય. એટલે એને કોઈ રીતે એનો રોગ મટે નહિ. એટલે એ રીતે વિચારવાનું છે.

જ્ઞાની ન હોય ત્યારે આ જીવને, મારા જીવને કઈ વાત ઉપયોગી છે અને કેટલી અંશે ઉપયોગી છે અને કઈ રીતે આરાધન ઉપર ચડવાનું છે ? એટલું વિચારવું જોઈએ. ગંભીરપણે એટલું વિચારવું જોઈએ. એમાં જરાય ઉપેક્ષા કે જરાય એમાં ગફલતમાં રહેવું એ નહિ થવું જોઈએ. તો હિત થાય. નહિતર હિત થવું સહેલું નથી. આત્માનું અનંત કાળથી હિત થયું નથી. એ આત્મહિત થવું એટલું સરળ અને સહેલું નથી. Time થયો છે.

પત્રાંક-૬૮૦

મુંબઈ, ચૈત્ર સુદ ૧૩, ૧૯૫૨

ૐ

જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઈચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઈચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો ?

હે કૃપાળુ ! તારા અભેદ સ્વરૂપમાં જ મારો નિવાસ છે ત્યાં હવે તો લેવા દેવાની પણ કડાકૂટથી છૂટા થયા છીએ અને એ જ અમારો પરમાનંદ છે.

કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો, પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી, વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતા જાણી નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.

વર્તમાને વિદ્યમાન વીરને ભૂલી જઈ, ભૂતકાળની ભ્રમણામાં વીરને શોધવા માટે અથડાતા જીવોને શ્રી મહાવીરનું દર્શન ક્યાંથી થાય ?

ઓ દુષમકાળના દુર્ભાગી જીવો ! ભૂતકાળની ભ્રમણાને છોડીને વર્તમાને વિદ્યમાન એવા મહાવીરને શરણે આવો એટલે તમારું શ્રેય જ છે.

સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઈચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવોની ત્રિવિધ તાપાગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ.

મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવાને માટે અમે કલ્પવૃક્ષ જ છીએ.

વધારે શું કહેવું ? આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.

આ અંતર અનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદ્‌ભવેલો લખ્યો નથી, પણ કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે.

ૐ શ્રી મહાવીર અંગત

## તા. ૧૦-૧૧-૧૯૯૨, પત્રાંક - ૬૮૦
## પ્રવચન નં. ૪૨૭

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૬૮૦. આજે 'પરમ કૃપાળુદેવ'નો ૧૨૬મો જન્મદિવસ છે. ૧૨૫ વર્ષ પહેલા 'મોરબી' તાબાના 'વવાણિયા' ગામમાં એમનો જન્મ થયો છે. 'મોરબી'થી ૩૦ કે ૩૨ કિલોમીટર દૂર છે. પૂર્વ ભવના સ્વભાવના સંસ્કાર લઈને તેઓ આવ્યા છે. ઘણું કરીને તો પૂર્વ ભવનું આરાધકપણું પણ એમને વર્તે છે. પૂર્વ ભવમાં મોક્ષમાર્ગને આરાધ્યો હોય, સારી રીતે આરાધ્યો હોય અને એ આરાધના અને પૂર્વ ભવના પ્રસંગો જાતિસ્મરણ જ્ઞાન દ્વારા એમને સ્મરણમાં પણ છે. શ્રુતની ઉપાસના ઘણી કરી હોવાથી, દ્રવ્યશ્રુતની ઉપાસના ઘણી કરી હોવાથી જ્ઞાનની નિર્મળતા પણ ઘણી છે એમને. બાહ્ય જ્ઞાનનો ઉઘાડ હોવો એક વાત છે, નિર્મળતા થવી, તેવો નિર્મળભાવ હોવો એક બીજી વાત છે.

એ રીતે બહુ જ નાની ઉંમરથી જે કેટલીક વિસ્મયકારી વિશેષતાઓ એમના જીવનમાં નજરે પડે છે એનું કારણ એ પૂર્વ ભવની એમની મૂડી લઈને આવ્યા છે. એટલું સંપાદન, એ સંપત્તિ એમણે આગળના ભવમાં કરેલી છે. આ ભવમાં પણ એમણે ફરીને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરીને, મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરીને ગૃહસ્થદશા હોવા છતાં પણ ગૃહસ્થદશામાં એટલું આરાધન કર્યું છે કે આ કાળમાં કોઈ સાધકજીવ છેલ્લી હદે કરી શકે એટલું કર્યું છે. કેમકે આ કાળમાં કોઈ સાધકજીવ સદેહે મોક્ષ જાય, તેરમા ગુણસ્થાને અરિહંતદશાને પ્રાપ્ત થાય એ સંભવિત નથી. અને એ દેવલોકનો દેવ ભવ કરીને બીજા મનુષ્યભવમાં મુક્તિએ જાય. એટલા પૂર્વકર્મને નિર્જરાવ્યા છે. એટલું કામ એમણે અહીંયાં કરી લીધું છે. ઉપર દેવલોકમાં અત્યારે બિરાજે છે. ત્યાંથી મનુષ્ય થઈને ચરમશરીર ધારણ કરીને બહુ અલ્પ કાળમાં નિર્વાણપદને પ્રાપ્ત થશે.

એવા આ મહાપુરુષોના વચનામૃતો એમના પરિચયમાં આવેલા મુમુક્ષુઓ ઉપર અનેકવિધ પ્રકારે મુમુક્ષુઓને માર્ગદર્શન આપતા અને મોક્ષમાર્ગ ઉપર પ્રકાશ કરતા વચનો રહી ગયા છે. અનેક જીવોનું હિત થવાનું કોઈ કારણ એ રહી ગયું છે. હિત થાય છે એટલે અહીંયાં થોડું હિત નથી થતું, પરમહિત થાય છે. જન્મ-મરણનો નાશ થઈ જાય છે. એવું એક જ્ઞાનીપુરુષોના વચનામૃતમાં સાતિશયપણું હોય છે કે એમના વચનયોગથી બીજા જીવોને પણ ભવભ્રમણનો અંત આવે એવું પરમ કલ્યાણ થઈ જાય છે.

આ પત્રમાં એમણે પોતાની દશાથી બીજા જીવોને કેટલી હદે લાભ થવા યોગ્ય છે એનો એક ચિતાર પરમ કારુણ્યવૃત્તિથી આપ્યો છે. શા કારણથી લખ્યું છે ? છેલ્લેથી બીજી લીટી છે. '**કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે. ૐ શ્રી મહાવીર**' એટલા માટે ત્યાં ભગવાનને યાદ કર્યા છે કે મહાવીર ભગવાનનો જન્મકલ્યાણક દિવસ છે. ચૈત્ર સુદ તેરશ, ૧૯૫૨ના દિવસે પોતાની અંગત નોંધમાં એમણે પોતાની અંગત વાત ટપકાવી છે.

મુમુક્ષુ :- સત્પુરુષની કેટલી કરુણા હોય એ આ બે લીટીમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. લૌકિકમાં પણ કોઈ પોતાની અંગત વાત કોઈને કરતા નથી. અને ક્યાં કરે ? કે જ્યાં Most confidential જેને કહેવાય, ઘણી જ વિશ્વસનીયતા હોય, જેના ઉપર ઘણો વિશ્વાસ હોય એને માણસ પોતાની અંગત વાત કરે.

'કૃપાળુદેવ'ના પરિચયમાં પણ એવા વિશ્વસનીય પાત્ર જીવો આવેલા, 'સોભાગ્યભાઈ' જેવા, એટલે એમણે પોતાની અંતરંગ દશાની, શુદ્ધતાની દશાની, પુરુષાર્થ દશાની, જ્ઞાન દશાની અને કેટલાક પોતાના અસ્થિરતાને લઈને થતા દોષોની દશાની વાત પણ એમણે કરી છે. નિઃસંકોચપણે કરી છે, એકદમ સરળતાથી કરી છે.

આ પત્રના વચનામૃતોમાં કોઈને એવો આભાસ થાય કે કાંઈક અભિમાનથી આવું લખ્યું હશે તો ? એટલે એમણે એ વાતનો ખુલાસો કર્યો છે કે આ વાત અમે કોઈ અભિમાનથી ઉદ્ભવીને, અભિમાનનો ઉદ્ભવ થઈને લખેલી નથી. પણ બીજા જીવોને દુઃખી થતાં જોઈને, તેમનું દુઃખ મટાડવાની નિષ્કારણ કરુણા. નિષ્કારણ કરુણા એટલે દુઃખ મટાડીને, Doctor જેમ દવા કે ઉપચાર કરીને પૈસા-Fee લે છે એને નિષ્કારણ કહેવાતી વાત નથી. એ તો એની સામે પોતાને ઠીક લાગે એટલા પૈસા વસુલ કરી લે છે. જ્ઞાનીપુરુષો ભવરોગને મટાડે છે. અનંત કાળના જૂના થયેલા ભવરોગને મટાડનાર વૈદ છે તો પણ એ એક પણ પાઈની અપેક્ષા રાખ્યા વગર નિષ્કારણ કરુણાપણે નિસ્પૃહ વૃત્તિથી કેવળ સામા જીવનું કલ્યાણ થાય એટલી જ કારુણ્યવૃત્તિથી એના દુઃખને મટાડવા માટેનો ઉપાય દર્શાવી દે છે.

એ પોતાની વાત શરૂ કરે છે કે '**જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી...**' જ્યારે પોતે આ મુમુક્ષુની ભૂમિકામાં પ્રારંભ કર્યો ત્યારે એમને મોક્ષની ઇચ્છા થયેલી. શું આવ્યું ? પરમ શુદ્ધિ કહો, પરમ પૂર્ણતા કહો, પૂર્ણતા કહો કે

મોક્ષ કહો, એવી શરૂઆતથી અમે આ માર્ગે વળ્યા. આ માર્ગે શું કરવા વળ્યા અમે ? એક મોક્ષ સિવાય બીજી કોઈ ઈચ્છા નથી. એક મોક્ષની ઈચ્છા હતી, મોક્ષની સ્પૃહા હતી, સિવાય આ જગતના કોઈ પદાર્થની સ્પૃહા નહોતી. ત્યારે અમને આ માર્ગ મળ્યો. બોધ શું ગ્રહણ કરવાનો છે ? કે કોઈપણ જીવને વીતરાગમાર્ગ, જિનમાર્ગમાં પ્રવેશ કરવો હોય તો એક મોક્ષ પ્રાપ્તિ સિવાય બીજી કોઈ પણ અભિલાષા ન હોય એને જ માર્ગ મળશે, બીજાને માર્ગ નહિ મળે.

એટલે '**જેની મોક્ષ સિવાય...**' જેની એટલે પોતાની '**જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઈચ્છા કે સ્પૃહા નહોતી...**' કેટલી જગ્યાએથી નીકળે છે આ. પૂર્ણતાને લક્ષે શરૂઆત જે 'ગુરુદેવ'નું સૂત્ર છે એ 'કૃપાળુદેવ'ના જીવનમાં તો કેટલી જગ્યાએથી નીકળે છે. 'આત્મસિદ્ધિ'માં પણ લીધું છે ને. માત્ર મોક્ષ અભિલાષ. '**અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી...**' અને અત્યારે તો અમારા અખંડ સ્વરૂપમાં રમણતા થઈ જવાથી. તે '**મોક્ષની ઈચ્છા પણ નિવૃત્તિ થઈ છે,...**' હવે મોક્ષની સ્પૃહા રહી નથી. હવે મોક્ષની તમા નથી, મોક્ષની દરકાર નથી. મોક્ષ થયા પહેલા મોક્ષની દરકાર છૂટી જાય છે. કેમકે પર્યાય છે ને ? દ્રવ્યદૃષ્ટિ થઈ એટલે સર્વ પર્યાયોની ઉપેક્ષા થઈ. વર્તમાન પર્યાયની અને ભાવિ પૂર્ણ પર્યાયની પણ ઉપેક્ષા એમાં થઈ જાય છે.

'**અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઈચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ !**' આજે મહાવીર ભગવાનનો દિવસ છે ને એટલે યાદ કર્યા છે. '**તેને હે નાથ ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો** ?' કદાચ તને મારા ઉપર પ્રસન્નતા થાય કે બહુ લાયક જીવ છે પણ મોક્ષ સિવાય બીજી ઉત્કૃષ્ટ ચીજ તો છે નહિ જગતમાં. વધુમાં વધુ આપીને તું શું આપ ? પણ મારે એની સ્પૃહા રહી નથી. આ એવું તત્ત્વ દૃષ્ટિમાં આવી ગયું છે, કબજામાં આવ્યું છે કે જે મોક્ષદશા કરતા પણ અનંતગુણ સમૃદ્ધ છે. અનંતગુણ વિશિષ્ટ છે એવું જે નિજસ્વરૂપ છે એ પ્રાપ્ત થઈ ગયું છે. એટલે હવે મોક્ષની અમને જરૂર નથી. માણસ નથી કહેતા ? કે, ભાઈ ! અમે એટલું બધું ખાઈ-પી લીધું છે કે હવે કાંઈ અમને ભોગવવાની અબળખા નથી. એમ નથી કહેતા ? સંસારમાં પણ લોકો કહે છે કે નહિ ? ભાઈ ! અમારે બધું થઈ ગયું છે. હવે અમને કાંઈ ઈચ્છા નથી. ધરાઈ ગયા જેને કહે. તૃપ્ત થઈ ગયા. એમ દૃષ્ટિએ અપેક્ષાએ છે આ.

મુમુક્ષુ :- મુમુક્ષુદશામાં જે મોક્ષની ભાવનાથી ચાલ્યા એ જ્યાં અનુભવ થયો ત્યાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાવના રહે છે પણ સ્પૃહા નથી રહેતી, ઈચ્છા નથી રહેતી, ઈચ્છા નથી રહેતી, રાગ નથી રહેતો, પર્યાયનો રાગ નથી રહેતો એમ કહેવું છે.

ભાવના તો એક પુરુષાર્થ સહિતની પરિણામની તે દિશામાં ગતિ છે એ ચાલુ રહે છે. પુરુષાર્થ સહિતની મોક્ષ પ્રત્યેની પરિણામની જે ગતિ છે એ ચાલુ રહે છે અને એને ભાવના પણ કહેવામાં આવે છે. પણ જેને રાગ કહીએ, ઈચ્છા કહીએ તે પર્યાયનો રાગ નથી. જ્ઞાનીને કોઈ રાગ નથી પછી પર્યાયના રાગનો ક્યાં પ્રશ્ન છે ? વીતરાગસ્વરૂપ પોતે છે એવું દૃષ્ટિમાં અને અનુભવમાં આવ્યું છે એને રાગ પરદ્રવ્યમાં અને પરભાવમાં ગયો છે, પરના પડખે ગયો છે. એટલે એનો નથી ને એને નથી. સ્વભાવમાં નથી, પોતાના સ્વરૂપમાં નથી અને એ સ્વભાવ દૃષ્ટિવંતને નથી. રાગ પર્યાયદૃષ્ટિમાં છે. આપણે અઠવાડિયા પહેલા કીધું હતું. રાગ પર્યાયદૃષ્ટિમાં છે, દ્રવ્યદૃષ્ટિમાં રાગ નથી અને દ્રવ્યદૃષ્ટિવંતને રાગ નથી. એ બેને રાગ નથી. 'ગુરુદેવે' કેટલીક વાત તો સૂત્રો જેવી આપી છે.

તેથી કહે છે કે '**તેને હે નાથ ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો ?**'

'**હે કૃપાળુ !**' હવે પોતાના સ્વરૂપને કહે છે. કોને ? કૃપાળુ પોતાનું પરમાત્મસ્વરૂપ. કારણપરમાત્મા કે જેણે પોતાની પર્યાય ઉપર કૃપા કરી. કારણપરમાત્માએ પોતાની પર્યાય ઉપર કૃપા કરી. '**હે કૃપાળુ ! તારા અભેદ સ્વરૂપમાં જ મારો નિવાસ છે...**' જે અભેદ સ્વરૂપે તું બિરાજી રહ્યો છે એ તો મારું સ્વરૂપ છે. એમાં જ હું વસુ છું. ત્યાંથી હું કાંઈ દૂર નથી. '**ત્યાં હવે તો લેવા દેવાની પણ કડાકૂટથી છૂટા થયા છીએ...**' હવે આ દશા લેવી અને અમુક દશા છોડવી, રાગને છોડવો ને વીતરાગતા ગ્રહણ કરવી એ સ્વરૂપમાં નથી, સ્વભાવમાં એ વાત નથી. એવા સ્વભાવમાં હવે અમે નિવાસ કર્યો છે. દૃષ્ટિએ અસ્તિત્વ સ્થાપ્યું છે ને ? એટલે નિવાસ કર્યો છે. સ્વરૂપનિવાસ. ભલે એ સ્વરૂપ નિવાસનો લાભ પર્યાય લ્યે છે. કેમકે પર્યાયમાં એ ભાવનો અભાવ હતો. એ ભાવનો સદ્ભાવ પર્યાયમાં થયો. સ્વભાવ તો સ્વરૂપ તો હતું ત્યાં ને ત્યાં જ હતું અને ત્યાં ને ત્યાં જ રહ્યું છે. એટલે હું કાંઈ આઘોપાછો થઈને ઉત્પન્ન થયો નથી. એટલે એ મારા સ્વરૂપમાં તો કાંઈ લેવા-દેવાની પણ કડાકૂટ નથી. એ વિકલ્પથી પણ અમે છૂટા થઈ ગયા છીએ.

'**અને એ જ અમારો પરમાનંદ છે.**' જ્યાં કાંઈ લેવા-દેવાની ઉપાધિ નથી. લેવા-દેવાની ઉપાધિ વ્યવહારમાં છે. બહારમાં પણ વ્યવહારમાં લેવું-દેવું છે ને ? અને અમે વ્યવહારથી મુક્ત થઈ ગયા છીએ. કોઈ કદાચ એમ કહેશે કે હવે આ ભાઈ વ્યવહારમાં રહ્યા નથી. વ્યવહાર બહાર વયા ગયા છે. શું કહે ? હવે વ્યવહારમાં રહેતા નથી. વ્યવહાર બહાર વયા ગયા છે. એમ કરીને કદાચ આંક ઓછો મૂકે. તોપણ એમને એ

સ્વીકાર્ય છે. એ વાત એમને સ્વીકાર્ય છે. '**એ જ અમારો પરમાનંદ છે.**' એ જ પરમ આનંદ છે કે હવે કોઈ ઉપાધિ રહી નથી.

મુમુક્ષુ :- જ્ઞાની ધર્માત્માને રુચિપૂર્વકનો વ્યવહાર તો હોતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. નહિ. ઉપરછલ્લો વ્યવહાર હોય છે. એ વખતે વિકલ્પનો સ્વકાળ છે એમ જાણે છે. શું જાણે છે ? તે કાળે તે પ્રકારના વિકલ્પનો સ્વકાળ છે. મારે લેવા-દેવા એની સાથે પણ નથી. જાવ ! એની સાથે મારે લેવા-દેવા નથી. એ વિકલ્પ સાથે લેવા-દેવા નથી, પછી વિકલ્પ જેની સાથે સંબંધ ધરાવે છે એની સાથે શું સંબંધ છે ? કે કાંઈ નહિ. જાવ !

મુમુક્ષુ :- આ જ મારો પરમાનંદ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અને એ જ મારો પરમાનંદ છે. કેમકે ક્યાંય ઉપાધિ નથી. વિકલ્પ નથી ઉઠતો કે કોઈ શું કહેશે અમને. અમારા માટે કેવો અભિપ્રાય બાંધશે એની ચિંતા હવે અમે રાખતા નથી. જગતને જે અભિપ્રાય બાંધવો હોય તે બાંધો, અમારે કાંઈ એની સાથે નિસ્બત નથી.

'**કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો,...**' હવે તે દિવસે શું થયું છે ? કે ભગવાનની રથયાત્રા નીકળી છે. મહાવીર ભગવાનના જન્મ દિવસે આપણે રથયાત્રા કાઢે છે. મોટા ભાગે 'મુંબઈ'માં પણ ઝવેરી બજારમાં રથયાત્રા નીકળેલી. અને ધમાલ રથયાત્રામાં તો બેન્ડવાજા ને પડઘમ ને બધું વાગતું હોય. લોકો જય મહાવીર.. જય મહાવીર... જય મહાવીર... ભગવાનનો જય જયકાર કરતા હોય ને ? ત્યારે એમને કરુણા આવી છે કે આ બિચારા શું કરવા કરે છે ? ભલે નાચે છે, ઠેકડા મારે છે, કંઈ પણ કરે છે. ધમાલ કરે છે ને ? શું કરવા કરે છે ? કે આમ કરતાં કાંઈક ભગવાન મહાવીરની કૃપા થાશે, એમનો જન્મકલ્યાણક દિવસ છે અને આપણે કાંઈક તરી જાશું. એના પ્રત્યે સંબોધન છે.

'**કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો, પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી,...**' આ તકલીફ થાય છે. અનાદિનો મતિ વિપર્યાસ ચાલુ રહેવાથી ધર્મના ક્ષેત્રમાં આવીને પણ પોતાની બુદ્ધિ અનુસાર મોક્ષમાર્ગની કલ્પના કરીને અને યથાર્થ મોક્ષમાર્ગ છે, કલ્યાણનો માર્ગ છે, આત્માનું નિશ્ચય સ્વરૂપ છે, પરમાર્થ સ્વરૂપ એટલે ? નિશ્ચય સ્વરૂપ છે તેને '**યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો, પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી, વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતાં છતાં...**' ઘણો ઉપાય કરે છે, અનેક પ્રકારે. કોઈ કાંઈ ઉપાય કરે છે... કોઈ કાંઈ ઉપાય કરે છે... કોઈ કાંઈ ઉપાય કરે છે.

**'વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતાં છતાં મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતા જાણી...'** હવે એ કારણ શું થાય છે ? ઉલટાનું સંસાર પરિભ્રમણનું કારણ થાય છે. મોક્ષનું કારણ નથી થતું પણ એ ઉલટાનું સંસાર પરિભ્રમણનું કારણ છે.

એક પત્ર કાલે જોયો. ૫૧૧ છે ઘણું કરીને. પાનું-૪૧૧ છે. પત્ર ૫૧૧ છે. 'સોભાગભાઈ' ઉપરનો જ પત્ર છે. **'જે જે સાધન આ જીવે પૂર્વ કાળે કર્યા...'** ધર્મ પામવા માટે. **'જે જે સાધન આ જીવે પૂર્વ કાળે કર્યા છે, તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયાં જણાતા નથી,...'** પૂજા કરી, ભક્તિ કરી, શાસ્ત્રો વાંચ્યા, ઉપદેશ દીધો, ઉપદેશ લીધો, ત્યાગ કર્યો, દાન દીધા, જાત્રા કરી, જપ-તપ કર્યા બધા. એ **'જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયાં જણાતા નથી,...'** એની આજ્ઞામાં રહીને એમણે કહ્યું એ રીતે નથી કર્યાં. પોતાના સ્વચ્છંદે ઠીક લાગે એ રીતે કર્યા છે. **'એ વાત અંદેશારહિત લાગે છે.'** એમાં મને શંકા લાગતી નથી.

**'જો એમ થયું હોત તો...'** એટલે કે જ્ઞાનીપુરુષની આજ્ઞાએ થયું હોત તો **'જીવને સંસાર પરિભ્રમણ હોય નહિ.'** આમ વાત લીધી છે. જીવને સંસારનું પરિભ્રમણ રહે નહિ. કેમ ? કેમકે **'જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે,...'** એને ભવમાં દાખલ ન થવા દે. એના શિષ્યનો એ ભવ બગડવા ન દે અને બીજા ભવમાં એને જાવા ન દે. આડા ઊભા રહે. નહિ જવા દઉં તને. હવે તને રખડવા નહિ દઉં. હવે દુઃખી નહિ થવા દઉં એમ કહે છે.

મુમુક્ષુ :- અનાદિથી આ જીવ એક સમયમાત્ર પણ જ્ઞાનીની... ચાલ્યો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ચાલ્યો જ નથી ને. ઊંધો જ ચાલ્યો છે.

મુમુક્ષુ :- તો અહીં ક્યાંથી હોત ?

પૂજ્ય ભાઈશ્રી :- તો અહીંયાં હોત નહિ. એમ જ છે. બહુ મહત્ત્વના મુદ્દા ઉપર ધ્યાન ખેંચ્યું છે એમણે. બધા સાધન કર્યા છે. આ જગ્યાએ જીવ ભૂલ્યો છે. આ એક જ જગ્યાએ ભૂલ્યો છે. બાકી બધા સાધન કર્યા છે. કોઈ બાકી નથી રાખી.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગી મુનિ થયો.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યલિંગી મુનિ થયો, અગિયાર અંગ નવ પૂર્વનો પાઠી. બે વાત અનંત વાર કરી છે. લાખ, કરોડ, અબજ વાર નહિ પણ અનંત વાર કરી ચૂક્યો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ છે. એવી વાત છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' મળી ગયા એ કેવું મહાભાગ્ય !

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવી વાત છે. એક જ વાત ઉપર 'ગુરુદેવે' તો વજન આપ્યું છે કે તું યથાર્થ વસ્તુનુ સ્વરૂપ સમજ, યથાર્થ મોક્ષમાર્ગ સમજ. નહિતર બધું આ અનંત વાર પાણીમાં ગયું છે, આ ફરીને બધું પાણીમાં જાશે તારું. 'ગુરુદેવ'નો ઉપકાર તો હજી જેમ જેમ સમય જશે એમ લોકોને ખ્યાલમાં આવશે. વખત જાશે ને એમ ખબર પડશે કે આ કેવી કિંમતી વાતો કરી ગયા છે.

શું કહે છે ? કે '**જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે, કારણ...**' શા કારણે એમ છે ? અંધશ્રદ્ધાથી વાત નથી, હોં ! બહુ સ્પષ્ટ વાત છે. '**કારણ જેને આત્માર્થ સિવાય બીજો કોઈ અર્થ નથી,...**' અર્થ નામ પ્રયોજન. લખવાની શૈલી તો બહુ સુંદર છે એમની. '**આત્માર્થ સિવાય બીજો કોઈ અર્થ નથી,...**' એક આત્માનું હિત થાય એ સિવાય બીજું જેને કાંઈ પ્રયોજન નથી. કાંઈ કોઈની સાથે લેવા-દેવા, કાંઈ સંબંધ, કાંઈ લેવું-દેવું, કાંઈ સ્પૃહા કોઈ જાતની નથી.

'**જેને આત્માર્થ સિવાય બીજો કોઈ અર્થ નથી, અને આત્માર્થ પણ સાધી...**' લીધો છે. પોતે પણ આત્માર્થ તો સાધી લીધો છે. '**આત્માર્થ પણ સાધી પ્રારબ્ધવશાત્ જેનો દેહ છે,...**' હવે જે આયુષ્ય રહ્યું છે એ તો પ્રારબ્ધ ભોગવવા રહ્યું છે. પૂર્વ કર્મને ખલાસ કરવા માટે. નવું બાંધવાની વાત છે નહિ. જૂનું છે એ દેવું ચૂકતા કરી દેવાની વાત છે. જૂનું દેવું વ્યાજસહિત, ચક્રવર્તી વ્યાજ સહિત દઈ દેવાની વાત છે. કાંઈ લેવા-દેવા નથી.

મુમુક્ષુ :- દેહ, મન-વચન અને વાણી..

પૂજ્ય ભાઈશ્રી :- હા. દેહ, મન-વચન અને વાણી. જે કાંઈ છે એ પ્રારબ્ધવશાત્ છે. અત્યારે તો એનાથી ભિન્ન પડી ગયા છે. જે છે એ પ્રારબ્ધને કારણે છે. હવે અમારા કારણે નથી. કેમકે હવે અમે એની સાથે સંબંધ પૂરો કર્યો છે.

'**આત્માર્થ પણ સાધી પ્રારબ્ધવશાત્ જેનો દેહ છે, એવા જ્ઞાનીપુરુષની આજ્ઞા તે ફક્ત આત્માર્થમાં જ સામા જીવને પ્રેરે છે;...**' એ સામા જીવને પ્રેરણા આપે છે તો કેવળ આત્માર્થે આપે છે. આત્માર્થ સિવાય એ બીજી કોઈ એમને વાત છે નહિ. એનું હિત કેમ થાય, આત્મકલ્યાણ કેમ થાય અને અકલ્યાણ ન થાય એટલું જ જોવે છે. આ સિવાય એમને બીજાની સામે જોવાનું કોઈ કારણ રહેતું નથી.

મુમુક્ષુ :- જ્ઞાનીની વાણી રાગની પ્રેરણારૂપ હોય જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હોય જ નહિ. રાગની પ્રેરણારૂપ નહિ, દોષની પ્રેરણારૂપ નહિ. પૂર્ણ નિર્દોષતાથી શરૂઆત કરાવે છે. તું આવ્યો છો મારી પાસે, મુમુક્ષુ થઈને આવ્યો છો, પૂર્ણ શુદ્ધિની તારી તૈયારી છે ? પૂર્ણતાને લક્ષે ચાલવું છે ? તો ચાલ ચાલ્યો આવ

તું. પૂર્ણતાને લક્ષે નથી ચાલવું ? તારું કામ નથી અહીંયાં. પાછો વળી જા. તારું અહીંયાં કામ નથી. સીધી વાત ઈ છે. 'ગુરુદેવે' પહેલી શરત જ એ મૂકી છે. પૂર્ણતાના લક્ષે શરૂઆત થાશે. બાકી નહિ થાય.

મુમુક્ષુ :- તીર્થંકર પ્રત્યેની ભક્તિનો ભાવ ... છે, એવું કહેનાર

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ બધી શાસ્ત્રની બહારની વાતો છે. જ્ઞાનીઓની વાતો પોતે જ શાસ્ત્ર છે. એ પોતે જ આગમ છે અને એ પોતે જ શાસ્ત્ર છે. પોતે તો લખે છે ને. અમે આ જે વાત લખી છે તે શાસ્ત્રમાંથી મળશે. શાસ્ત્રમાંથી ન મળે તો તે આગમ જ છે એમ જાણજો. હવે એ કહે છે કે મારી વાત આગમ છે. ઓલા કહે છે કે હું તમારી વાતને આગમ ન માનું. ઊંધું ચાલવું હોય એને કોણ પહોંચે ? સત્પુરુષની આજ્ઞા માનવી ન હોય એને કોણ પહોંચે ? અને તીર્થંકરની સભામાં આ જીવે એમ જ કર્યું છે. તમારું નહિ માનું. તીર્થંકરની સામે બેસીને શું કર્યું છે એણે ? કે તમારું નહિ માનું. મને ઠીક લાગશે એમ કરીશ પણ હું તમારું નહિ માનું. આ અનંત કાળ રખડવાનું કારણ આ છે, બીજું કોઈ કારણ નથી. જીવનો સ્વચ્છંદરૂપી મહાદોષ છે.

**'એવા જ્ઞાનીપુરુષની આજ્ઞા તે ફક્ત આત્માર્થમાં જ સામા જીવને પ્રેરે છે; અને આ જીવે તો પૂર્વ કાળે કંઈ આત્માર્થ જાણ્યો નથી;...'** ભૂતકાળમાં આ જીવે આત્માના હિતરૂપ પ્રયોજનને જાણ્યું નથી. ઊલટો આત્માર્થ વિસ્મરણપણે ચાલ્યો આવ્યો છે. ભૂલી ગયો છે. આત્મકલ્યાણ કેમ થાય એ રસ્તો જ ભૂલી ગયો છે. આત્મા જાણ્યો તો નથી.

મુમુક્ષુ :- .. જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. **'ઊલટો આત્માર્થ વિસ્મરણપણે ચાલ્યો આવ્યો છે. તે પોતાની કલ્પના કરી સાધન કરે...'** પોતે ઇચ્છે એ પ્રમાણે વિચારે અને પોતાની કલ્પનાએ સાધન કરે **'તેથી આત્માર્થ ન થાય, અને ઊલટું આત્માર્થ સાધું છું એવું દુષ્ટ અભિમાન ઉત્પન્ન થાય,...'** શું થાય ? આત્માર્થ તો ન થાય પણ હું આ ધાર્મિક ક્ષેત્રમાં જે મારી પ્રવૃત્તિ કરું છું એનાથી હું આત્મકલ્યાણ સાધુ છું એવું દુષ્ટ અભિમાન ઉત્પન્ન થાય અને એ દુષ્ટ અભિમાન જ **'જીવને સંસારનો મુખ્ય હેતુ છે.'** લ્યો ! આ ખાવુ, પીવું, ગૃહસ્થી એ સંસારનો મુખ્ય હેતુ નથી. શું કીધું ? પૂર્વ કર્મને હિસાબે જે સંયોગમાં રાગ-દ્વેષ સહિત પ્રવર્તે છે એ સંસારનો મુખ્ય હેતુ નથી. ધર્મના ક્ષેત્રમાં આવીને ગડબડ કરે છે એ સંસારનો મુખ્ય હેતુ છે, એમ કહે છે. પોતાની કલ્પનાએ સાધન કરે છે, અકલ્યાણ કરે છે અને માને છે કે કલ્યાણ થયું એ સંસારનો મુખ્ય હેતુ છે.

મુમુક્ષુ :- માને એને મનાવે.

પૂજ્ય ભાઈશ્રી :- માને એને મનાવે એ સંસારનો મુખ્ય હેતુ છે. આ વાત આપણે ચાલુ પત્રની અંદર લાગુ પડી કે કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહિ સમજનારા અજ્ઞાની જીવો પોતાની મતિકલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરે છે અને એ કરવા છતાં મોક્ષ પામવાને બદલે સંસારનું પરિભ્રમણ વધારે છે.

એમ '**જાણીને નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.**' જુઓ ! આ જ્ઞાનીઓની કરુણા ! અરે..રે..! બિચારા ત્યાગ કરે છે, ઉપવાસ કરે છે, ઘરબાર છોડે છે, તપશ્ચર્યાઓ કરે છે અને (કલ્યાણ થયું એમ માને છે. એ જોઈને) અમારું નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય છે એ રડે છે. આટલી વેદના થાય છે. આ બીજાના દુઃખે દુઃખી છે જ્ઞાની. પોતાના દુઃખે દુઃખી નથી. બીજાના દુઃખે એટલા દુઃખી થાય છે.

મુમુક્ષુ :- રાગ થવાથી દુઃખી નથી, કરુણાભાવથી દુઃખી છે.

પૂજ્ય ભાઈશ્રી :- રાગભાવથી દુઃખી નથી. નિષ્કારણ કરુણા છે. એ તો શબ્દ વાપર્યો છે ને. નિષ્કારણ કરુણાશીલ. અમારું હૃદય છે, અંતરની લાગણી છે એનો સ્વભાવ એવો છે. શીલ એટલે સ્વભાવ. એવો સ્વભાવ થઈ ગયો છે કે અરે..રે..! કોઈ જીવો ધર્મ પામવા માટે પ્રયત્ન કરે અને ઊલટો અધર્મ કરે છે. અર..ર..! આ તો બિચારો મિથ્યાત્વમાં અને ગૃહિત મિથ્યાત્વમાં ઊલટો મરાય જશે આ તો. એનું એને દુઃખ થાય છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ના પ્રવચનમાં કેટલી કરુણા હતી !

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેટલી કરુણા હતી. એ તો કહેતા, કોઈ જીવ દુઃખી થાય એ કેમ ઇચ્છીએ ? એ કેમ ઇચ્છીએ ? એમ કહેતા. એમ કેમ ઇચ્છા થાય ? એ દુઃખી થાય એમ કેમ ઇચ્છા થાય ? કોઈ ઊલટા ચાલે ને ? અરે..રે..! બિચારા દુઃખી થશે એમ કહે. એની ઊલટી પ્રવૃત્તિથી બિચારા દુઃખી થશે. એ દુઃખી થાય એમ પણ કેમ ઇચ્છીએ ? એટલે કે સવળા થાય તો સારું. નિષ્કારણ કરુણા છે ને.

હવે એમ કહે છે કે '**વર્તમાને વિદ્યમાન વીરને ભૂલી જઈ, ભૂતકાળની ભ્રમણામાં વીરને શોધવા માટે અથડાતા જીવોને શ્રી મહાવીરનું દર્શન ક્યાંથી થાય ?**' ચૈત્ર સુદ તેરશ છે ને. 'મહાવીર' ભગવાનનો જોર જોરથી જય જયકાર કરે છે. એને કહે છે કે એ ભૂતકાળના 'મહાવીર' છે. અને હું વર્તમાનનો 'મહાવીર' છું એમ કહે છે. ઠીક ! એમ કહીને શું કહેવું છે ? કે ભગવાન 'મહાવીર' એ તીર્થંકર હતા અને તીર્થંકર તરીકે તરવાનું એમનામાં નિમિતત્ત્વ જે હતું-નિમિત્તપણું હતું એ નિમિત્તપણું અત્યારે અમારામાં વિદ્યમાન છે એમ કહેવું છે.

સત્પુરુષ ચતુર્થ ગુણસ્થાનવર્તી હોય, સદ્ગુરુ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી હોય કે અરિહંત પરમાત્મા તેરમા ગુણસ્થાનવર્તી હોય. બીજા જીવને, સંસારી જીવને તરવા માટેનું નિમિત્તપણું ત્રણેમાં એકસરખું હોય છે. ઓછું-વત્તું નથી હોતું. આ એટલા માટે સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિનું કારણ એ આવે છે. બહુ કુદરતી છે, Practical છે એ વાત. એમ જ થાય, બીજું ન થાય. એણે જોયું કે હું તરી ગયો આનાથી. ભગવાનથી તરવાનો હતો અને આનાથી તર્યો, તરવામાં મને શું ફરક પડ્યો ? જે ફરક છે એ એમના ઉપાદાનપણામાં છે. પણ એમનું ઉપાદાનપણું એમને કામનું છે, મારા માટે તો એમનું નિમિત્તપણું કામનું છે. આ હિસાબ-કિતાબ જુદી જાતનો છે. મારા માટે એમનું ઉપાદાનપણું જોવાનું કામ નથી. મારે તો એમનું નિમિત્તપણું જોવાનું છે. કેમકે એના નિમિત્તત્વ સાથે મારે સંબંધ થવાનો છે. અને એ તો ત્રણેમાં સરખું છે.

નદીના પૂરમાં એવી રીતે કોઈ ડૂબતો માણસ હોય અને એને કોઈ પાટીયું મળી જાય કે જે પકડી રાખે તો કાંઠે પહોંચી જાય અને ડૂબતો બચે. એ કદી કોઈ એવી મૂર્ખામી કરે કે સ્ટીમર આવે તો મારે તરવું છે નહિતર ભલે ડૂબી જાવ. સારું વહાણ આવે તો બેસી જાવ. બાકી પાટિયા-બાટિયાને આપણે પકડીએ નહિ. ભલે બૂડી જઈએ. પાગલ થઈ ગયો હોય તો જુદી વાત છે.

મુમુક્ષુ :- એક જણાએ ઝાડ ઉપર લટકતા સર્પની પૂંછડી પકડી લીધી. પૂરમાં તણાતો હતો.

પૂજ્ય ભાઈશ્રી :- શું કરે ? ઠીક ! પાટિયું શું સર્પ આવે તો સર્પને પકડે. ડૂબતો તણખલાને ઝાલે. શું કહે છે ? આપણે ગુજરાતીમાં તો કહેવત છે ને કે 'ડૂબતો હોય એ તણખલાને પકડે.' એનું નામ એ ખરેખર ડૂબે છે.

એમ વર્તમાન સત્પુરુષ હોય, સત્પુરુષ મળે અને એમ કહે કે તીર્થંકર ક્યાં છે ? આ તો ચોથા ગુણસ્થાનવર્તી છે, એને કાંઈ પગે-બગે લગાય નહિ. એ બિચારો ડૂબે છે એની એને ખબર નથી. ભવસમુદ્રમાં સમુદ્રની અધવચ ગળકા ખાય છે એની એને ખબર નથી કે આ હું મરી ગયો, હવે મરી જઈશ, ઘડીકમાં ડૂબી જઈશ. આયુષ્ય પૂરું થતા વાર લાગશે નહિ. એવી વાત છે. એટલે એના માટે એને તો ઘોર અજ્ઞાન વર્તે છે. કેવું ? ઘોર વિપરીત જ્ઞાન વર્તે છે.

મુમુક્ષુ :- તીર્થંકરને પહેલાં સમ્યગ્દષ્ટિપણે ઓળખ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૫૦૪માં કીધું છે. એ તો બહુ ગંભીર વાત લીધી છે એમણે. તારું બુતું નથી કે તું કેવળજ્ઞાનને સમજી શકે. એમાં તો એમ કહેવું છે. પાનું-૪૦૬ અને પત્ર ૫૦૪. બીજો Paragraph.

‘**કોઈ પ્રગટ કારણને અવલંબી,...**’ પ્રગટ કારણ બે છે. એક જિનપ્રતિમા છે અને એક વીતરાગી સત્શાસ્ત્ર છે. એ બે પ્રગટ કારણ છે. ‘**કોઈ પ્રગટ કારણને અવલંબી...**’ વિચારીને. ‘**પરોક્ષ ચાલ્યા આવતા સર્વજ્ઞ પુરુષને માત્ર સમ્યગ્દૃષ્ટિપણે પણ ઓળખાય તો તેનું મહત્ ફળ છે;...**’ મહત્ ફળ એટલે એનું ફળ નિર્વાણપદ છે. ‘**અને તેમ ન હોય તો સર્વજ્ઞને સર્વજ્ઞ કહેવાનું કંઈ આત્મા સંબંધી ફળ નથી એમ અનુભવમાં આવે છે.**’ ઠીક ! ભલે સર્વજ્ઞ સર્વજ્ઞની માળા ભજ્યા કરે. હું સહજાત્મસ્વરૂપ, સર્વજ્ઞદેવ, પરમગુરુ ધૂન લગાવે. આત્મા સંબંધી કાંઈ ફળ નથી, કહે છે. ઠીક ! એના કેવળજ્ઞાનને ઓળખવાની તો તારી શક્તિ નથી પણ સમ્યગ્દૃષ્ટિપણે ઓળખી શકે એમ છો ? તો નિર્વાણપદ થઈ જાય.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિપણે ઓળખે એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે શું છે કે એમનું જે સમ્યક્‌પણું છે એટલું ઓળખાય છે ? એમની પ્રતિમા છે અથવા જિનદેવનું વર્ણન જે શાસ્ત્રમાં આવે છે એના ઉપરથી એમનો સમ્યક્ સ્વભાવ ઓળખાય છે ? સમ્યક્‌પણું ઓળખાય છે ? સમ્યગ્દર્શનનું સ્વરૂપ તને ઓળખાય છે એનાથી ? એમ કહે છે. તો એ સમ્યગ્દર્શનના વિષયભૂત આખો આત્મા તને ઓળખાઈ જશે. એનું ફળ કેવળજ્ઞાન છે, નિર્વાણપદ છે. અને નહિતર સર્વજ્ઞ.. સર્વજ્ઞ.. સર્વજ્ઞ.. કર્યા જ કરને. તીર્થંકરદેવની માળા જપ્યા કરને. કાંઈ તને આત્મા પ્રત્યયી ફળ આવવાનું નથી.

મુમુક્ષુ :- દાદા ભલું કરજો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દાદા ભલુ કરજો. દાદા એવા નવરા નથી.

મુમુક્ષુ :- કરુણતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ દશા છે. શું કહે છે ? એ તો પગલે પગલે ‘ગુરુદેવ’નો ઉપકાર યાદ આવે એવું છે. નીકળી ગયા બહાર. નહિતર એ બધી ધમાલમાં જ હોત. જય મહાવીર.. જય મહાવીર... શું કહે છે ?

‘**વર્તમાને વિદ્યમાન વીરને ભૂલી જઈ,...**’ એટલે પ્રત્યક્ષ સત્પુરુષને અવગણીને, એને ગૌણ કરીને, એની ઉપેક્ષા કરીને ‘**ભૂતકાળની ભ્રમણામાં વીરને શોધવા માટે...**’ ભૂતકાળના ‘મહાવીર’ને યાદ કરે છે એ ‘**અથડાતા જીવોને શ્રી મહાવીરનું દર્શન ક્યાંથી થાય ?**’ એને ‘મહાવીર’ કેવા છે એ ખબરેય ક્યાંથી પડશે ? તીર્થંકરદેવ કેવા હોય, સર્વજ્ઞ કેવા હોય, અરિહંત-સિદ્ધ કેવા હોય, પંચ પરમેષ્ઠી કેવા હોય ? એનું સ્વરૂપ પણ તું ક્યાંથી સમજીશ ? તારી મેળે ક્યાંથી સમજીશ ? જે વિષયથી તું અજાણ્યો છો એ વિષયને ક્યાંથી સમજીશ ?

**'ઓ દુષમકાળના દુર્ભાગી જીવો !'** શું કહે છે ? ઓ દુષમકાળના, વર્તમાન દુષમકાળ છે ને ? **'ઓ દુષમકાળના દુર્ભાગી જીવો ! ભૂતકાળની ભ્રમણાને છોડીને...'** એ ભૂતકાળના 'મહાવીર'ને શોધવાની ભ્રમણાને છોડીને **'વર્તમાને વિદ્યમાન એવા મહાવીરને શરણે આવો એટલે તમારું શ્રેય જ છે.'** આ અમે 'મહાવીર' તરીકે બેઠા છીએ. 'મહાવીર'ને શરણે આવો તો તમારું કલ્યાણ થાય. પણ વિદ્યમાન 'મહાવીર'ને શરણે આવો. ભૂતકાળના 'મહાવીર'ને ગોતવા જાશો તો પત્તો લાગવાનો નથી. એ તો સિદ્ધાલયમાં વયા ગયા છે. એના સ્વરૂપની તમને સમજણ નથી. શ્રેય એટલે કલ્યાણ.

**'સંસારના તાપથી ત્રાસ પામેલા...'** આ શરત છે, હોં ! **'સંસારના તાપથી ત્રાસ પામેલા...'** હજી સંસારમાં જેને રસ છે, મીઠાશ છે અને સ્પષ્ટ રુચિથી જેને સંસાર ભોગવવો છે, સ્પષ્ટ રુચિપણે, એને આ ઉપદેશ કે એને આ વાત સાંભળવી ગમશે નહિ. જે **'સંસારના તાપથી ત્રાસ પામે અને કર્મબંધનથી મુક્ત થવા ઈચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવો...'** છે. આટલા વિશેષણ અને આટલી શરત વાત છે. જે કર્મબંધનથી મુક્ત થવા એટલે એ કેવળ આત્મકલ્યાણ કરવા ઈચ્છતા છે. પરમાર્થ એટલે કલ્યાણના પ્રેમી છે, જિજ્ઞાસુ છે, ભાવનાવાળા છે.

એવા **'જીવોની ત્રિવિધ તાપાગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ.'** ઠીક ! એવા જીવોના ત્રિવિધ તાપને. આધિ-વ્યાધિ અને ઉપાધિની બધા તાપને, તાપરૂપી અગ્નિમાં શેકાય છે, બળે છે એ બળબળતા જીવોને શાંત કરવા માટે અમે પોતે અમૃતના સાગર છીએ. અમૃતનો ઘડો નથી, અમૃતનો પ્યાલો નથી પણ અમૃતનો સાગર છે. અહીંયાં ખૂટે એવું નથી. અમારું અમૃત ખૂટે એવું નથી. જેમ દઈએ એમ વધે, જેમ દઈએ એમ વધે. જ્ઞાનામૃત તો એવું છે. જ્ઞાની જેમ જેમ ઉપદેશ કરે એમ એમનું જ્ઞાન ખીલતું જાય. જે લબ્ધમાં પડ્યું છે એનો ઉપયોગ થતો જાય. જેમ જેમ ઉપદેશનો કાળ વધારે એમ જ્ઞાન વિશેષ ખીલે છે. અને એ 'ગુરુદેવ'ના પ્રવચનો પહેલાં અને છેલ્લા જુઓ તો એમાં એ ફેર દેખાશે.

આ ૧૪૩ ખાસ પ્રવચનો જેના ઉપર અત્યારે પુસ્તક છપાય છે એ પ્રવચનો તો બધા થઈ ગયા હતા, એની Tape પણ ઉતરી ગઈ હતી. તો 'ગુરુદેવે' એમ કેમ ન કીધું કે હું કહુ એટલી ગાથા લખી લ્યો અને Tapeમાંથી પછી એ પુસ્તકો બનાવી નાખજો. પોતે ફરીને કેમ પ્રવચન કર્યા ? એક એક વાતમાં ગંભીરતા છે. એ બધા પ્રવચન થઈ ગયા હતા. જેટલા વિષય હતા એ બધા વિષય ઉપરના પ્રવચનો તો Tapeમાં આવી ગયા હતા. Tape ઉપરથી લખીને પુસ્તક બનાવી નાખો એમ કેમ ન કીધું ? પોતે ફરીને

પ્રવચન કર્યા. એટલું વિશેષ જ્ઞાન ખીલેલું હોય છે. ભૂતકાળ કરતા જેમ જેમ કાળ જાય એમ જ્ઞાન સૂક્ષ્મ થઈને વધારે વિકાસ પામતું જાય છે.

મુમુક્ષુ :- શુદ્ધિની વૃદ્ધિ...

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધિની વૃદ્ધિ થાય એટલે નિર્મળતા વધે છે. અનેક પડખાઓ ખૂલી જાય છે. એની સ્પષ્ટતા અર્થે અનેક પડખાઓ ખૂલી જાય છે. પોતાનો પુરુષાર્થ જેટલો વધ્યો છે એટલો Tone પણ ઉપસીને, વાણીમાં પણ એટલો આંતરધ્વનિ ઉપસીને બહાર આવે છે. અને અપૂર્વ અપૂર્વ ભાવો નીકળે છે. કેવા ભાવો નીકળે છે ? અપૂર્વ ભાવો નીકળે છે. એ ખ્યાલમાં ફરીને પ્રવચન કર્યા છે. એ અત્યારે કાળ પાક્યો છે તો અત્યારે મુહૂર્ત આવ્યું એમનું. અમની ભાવના તો એમની હયાતીમાં એ બહાર પડે એવી હતી. ૧૯૭૮ની સાલમાં આ પ્રવચનો કર્યા છે. બે-ત્રણ વર્ષ સુધી કાંઈ કામ હાથમાં લેવાણું નથી. ત્યારપછી બીજા દસ-બાર વર્ષ ગયા. તેર વર્ષ ગયા. ૭૮ + ૧૩ = ૯૧. હવે આ અત્યારે છપાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પ્રવચનો તો પાંચ ભાગમાં પહેલા છપાયેલા જ હતા ને. પાંચ ભાગમાં જે ગાથાઓ આવી એના પ્રવચનો તો પહેલા છપાયેલા છે.

મુમુક્ષુ :- છતાં Special

પૂજ્ય ભાઈશ્રી :- છતાં પોતે ફરીને પ્રવચન શું કરવા કર્યા ? આ સવાલ છે. કેટલાક પ્રવચનો છપાયેલા છે, કેટલાક પ્રવચનો Tapeમાં આવી ગયા છે. બાકીના બધા તો Tapeમાં આવી ગયા છે. છતાં ફરીને શું કરવા કર્યા ? પોતાને ખ્યાલ છે કે અત્યારે જે ભાવ નીકળશે એ આગળથી વધારે નિર્મળ થઈને, સ્પષ્ટ થઈને નીકળશે. એટલી નિષ્કારણ કરુણા કરી છે. નહિતર એ અરસામાં તો સ્વાસ્થ્ય ઘણું કમજોર ચાલ્યું છે અને કેટલાક પ્રવચનો તો પોણી કલાક કર્યા છે. કલાકને બદલે પોણી કલાક કર્યા છે. એટલી શારીરિક શક્તિ મંદ પડી ગઈ છે.

મુમુક્ષુ :- અમુક પ્રવચનમાં ગુરુદેવ પોતે એમ બોલ્યા છે, કાલે જે પ્રવચન આવ્યું એનાથી જુદી જાતનું...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવા કો'ક કો'ક પ્રવચનો આવ્યા. આ પ્રવચન કાલે થયું, આખી જીંદગીમાં થયું નથી એવું અપૂર્વ પ્રવચન થયું છે. પ્રવચનો તો બહુ સારા છપાણા છે. બહુ સારા આવ્યા છે.

મુમુક્ષુ :- સમયસારના ૧૯મી વખતના પ્રવચનો એના માટે ગુરુદેવ અવારનવાર કહેતા, આ જુદી રીતે ખુલાસો થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિશેષ. જુદી રીતે ખુલાસો છે. અને આ તો એમની પોતાની ભાવના, બોલો ! મુમુક્ષુજીવોનું કલ્યાણ થાય એમના માટેની એમની પોતાની ભાવના. અને છતાં એમાં આટલી કાળજી નથી લેવાણી ઈ નથી લેવાણી, હકીકત છે.

મુમુક્ષુ :- અહીંથી છપાય છે કે સોનગઢથી છપાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- અહીંથી આપણે વીતરાગ ટ્રસ્ટ તરફથી છપાય છે.

મુમુક્ષુ :- બહુ ગંભીર વાત મૂકી દીધી. ભૂતકાળના 'મહાવીર' કામ નહિ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભૂતકાળના 'મહાવીર' કામ નહિ આવે. ભલે તેરમે ગુણસ્થાને હતા અને અત્યારે સિદ્ધાલયમાં બિરાજે છે. પણ એ તમારે નિમિત્ત પડશે નહિ, એમ કહે છે. નિમિત્ત તો વર્તમાન પડશે એમ કહેવું છે.

મુમુક્ષુ :- એકલી અમૃતની સચોડી નાળિયેરી છે એ એમનામાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમનામાં જ છે. અહીં તો અમૃતની સચોડી નાળિયેરી છે. સાકરનું શ્રીફળ સૌએ વખાણી માર્યુ છે પણ અહીં તો અમૃતની સચોડી નાળિયેરી છે.

મુમુક્ષુ : એક પુસ્તક દિવાળીને દિવસે 'ગુરુદેવ' રૂમમાંથી બહાર નીકળીને પાટ ઉપર બેઠા અને પહેલો શબ્દ કહ્યો. સવારના...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. અહીં તો સચોડી નાળિયેરી છે. 'ગુરુદેવ'નું અંતર ઘોલન એવું જ હતું. એવું જ હતું. એ તો અંતરદષ્ટિથી જેણે જોયા હોય એને બધો ખ્યાલ આવે કે અંદર શું હતું ઈ.

કહે છે કે અમે સંસારના તાપથી મુક્ત કરવાને માટે અમૃતસાગર છીએ. '**મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવાને માટે અમે કલ્પવૃક્ષ જ છીએ.**' કલ્પવૃક્ષમાં જેમ ઈચ્છે અને ફળ મળે. મહેલ થઈ જાવ તો મહેલ થઈ જાય. સોનાની પાટ તો સોનાની પાટ આવે. ઠીક ! એ બધા ધૂળધાણી છે એમ કહે છે. એના કરતા પણ અહીંયાં આત્મા પરમાનંદને પામે, પરમાત્માને સીધો ભેટે, સાક્ષાત્કાર કરી લ્યે આ એવું કલ્પવૃક્ષ છે. પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે એવું કલ્પવૃક્ષ છે.

'**વધારે શું કહેવું ? આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અને બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્માસ્વરૂપ થયા છીએ.**' આ તો 'અમૃતચંદ્રાચાર્યે' 'સમયસાર'ની ૧૪૩ ગાથાની ટીકામાં કહ્યું છે. પક્ષાતિક્રાંત થયો તે પરમાત્મા થયો. આ પોતે કહે છે કે અમે પરમાત્મા થયા છીએ. કેમકે અમારું જે પરમાત્મસ્વરૂપ છે એ પ્રત્યક્ષપણે અમને અનુભવગોચર વર્તે છે. અમને પોતાને અમે અમારી જાતને પરમાત્મરૂપે અનુભવી રહ્યા છીએ. પછી કેમ પરમાત્મા નથી થયા ? કે થયા જ છીએ. એ તો નક્કી વાત છે.

મુમુક્ષુ :- આ હું પ્રતાપવંત ઊભો રહ્યો. આચાર્ય બોલ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ હું મોક્ષમાર્ગનો પ્રણેતા પ્રત્યક્ષ ઊભો છું. પ્રતાપવંત એવો હું ઊભો છું. એ બધું પોતાને કહેવાની પણ શક્તિ જોઈએ એવું 'ગુરુદેવ' કહેતા હતા. આ 'સૂર્યકીર્તિ' ભગવાનનો વિરોધ ચાલ્યો ને ત્યારે કહ્યું હતું કે હું તીર્થંકર છું એમ 'ગુરુદેવે' જે પોતે કહ્યું છે એ કોઈ રેંગીફેંગીના કામ નથી કે એવું બોલી શકે કે હું તીર્થંકર છું. જેવો તેવો ન બોલી શકે. એ હોય એ બોલી શકે એમ કહેવું છે. ઈ સાધારણ પ્રાણીનું કામ નથી કે એવું બોલી શકે કે હું તીર્થંકર થવાનો છું અને હું તીર્થંકર છું. એમ ન બોલી શકે. એટલે એમ કે એ સ્વીકારી લ્યો તમે. એનો અસ્વીકાર તમે ન કરો એમ કહેવું છે.

મુમુક્ષુ :- આ જીવે અનંત કાળમાં ક્યાં સ્વીકાર્યું છે કે હું ભગવાન છું.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- ... છે. હું મહાવીર જ છું, કલ્પવૃક્ષ છું. જો આમાં કોઈ ઉલટું કે સુલટું ઠરાવે તો એ આચાર્યને ધક્કો લાગે. અને આચાર્ય પણ એમ જ બોલ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ બોલ્યા છે. પરમાત્મા જ થયા છે એ. અને પરમાત્મારૂપે થયા છીએ એમ એમણે સ્પષ્ટ કહ્યું છે. અને એ કોઈ ઊંધો અર્થ ન કરે એટલા માટે એમણે છેલ્લે ત્રણ લીટી લખી છે કે '**આ અંતર અનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદ્ભવેલો લખ્યો નથી,...**' શું કીધું છે ? આ વાત કોઈ અંતર અનુભવમાં પરમાત્મપણાની માન્યતા કરી લીધી માટે પરમાત્મા થયા છીએ એમ અભિમાનથી ઉદ્ભવ નથી થયો. '**પણ કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે.**' અમારી કારુણ્યવૃત્તિની પ્રેરણાથી આ વાત લખાય ગઈ છે. બહુ કારુણ્યવૃત્તિમાં આવીને આ વાત એમણે લખી છે. ઘણી કરુણામાં આવીને લખી છે.

એટલે જે કોઈ લાયક અને સુપાત્ર જીવ હોય એને તો આવા વચનો એકદમ શ્રદ્ધામાં દૃઢતા થઈ જવાનું કારણ બને છે.

'ગુરુદેવે' પહેલા એ વાત છુપાવી હતી. જ્યારે 'બહેનશ્રી'ના જ્ઞાનમાં આવ્યું. પોતાને અંદરથી આવતું હતું. બહાર કહેતા નહોતા. 'બહેનશ્રી'ના જાતિસ્મરણમાં આવ્યું, છુપાવ્યું. પછી એક તબક્કે ખુલ્લુ મૂક્યું એનું શું કારણ ? પહેલાં ન કહ્યું અને પછી કહ્યું એનું શું કારણ ? કે પહેલાં કહ્યું હોત તો આથી ખરાબ પરિસ્થિતિ થઈ હોત. એટલો વિરોધ જાગ્યો હોત. પછી જોયું કે કદાચ કોઈને વિરોધ થશે પણ કેટલાક જીવોને

એકદમ શ્રદ્ધાનું કારણ થશે. અને જેને દઢ શ્રદ્ધાનું કારણ થશે એને તો ઘણું કલ્યાણનું નિમિત્ત થશે. જેને નુકસાન થશે એની યોગ્યતાથી થશે પણ જેને લાભ થશે એમાં નિમિત્ત પડશે. આ લાભનું નિમિત્ત છે. નુકસાનનું નિમિત્ત નથી. કેમકે નુકસાનનું નિમિતત્ત્વ એનામાં નથી. તીર્થંકરની વાણીમાં નરકે જવાનું નિમિત્તત્વ નથી. પણ કોઈ જાય તો એની યોગ્યતાથી જાય છે. બીજો કોઈ એમાં ઉપાય નથી. એ જાણીને બીજાનું કલ્યાણ થવાના નિમિત્તે એ વાત કરી છે. પરમ કારુણ્યવૃત્તિથી આવી વાત આવે ત્યારે લાયક જીવને તો પોતાના સૌભાગ્ય ઉપર પણ વિશેષ ભાવ આવે છે કે આપણે ભાગ્યશાળી છીએ કે આવા સીધા વચનો આપણને મહાપુરુષના મળે છે. નહિતર આવી વાત કરે કોણ પોતની ? કોઈ કરે નહિ એવી વાત. એ રીતે છે. અહીં સુધી રાખીએ...

**પૂર્ણતાનું લક્ષ થયા પછી, મોક્ષાર્થીજીવ નિજાવલોકનમાં આવે છે, ત્યારે પ્રથમ તો પોતાના દોષને અપક્ષપાતપણે જોવે છે. આ પ્રકારના અભ્યાસથી અવલોકન સૂક્ષ્મ થતું જાય છે; ત્યારે પોતાના કાર્યક્ષેત્રની મર્યાદાનો અનુભવ સમજાય છે, તે એવી રીતે કે, હું માત્ર ભાવરૂપી કાર્ય કરું છું, મારું કાર્યક્ષેત્ર અહીં સમાપ્ત થાય છે. પર પદાર્થના કાર્ય કરવાનો ઉદય ભાવ થાય છે. પરંતુ મારી પહોંચ તે પરમાં નથી. તેથી પરનું કાર્ય કરવું અશક્ય દેખાય છે, તેથી તે ઉદય ભાવનું જોર તૂટી જાય છે. આ પ્રકારના અભ્યાસથી પરની કર્તાબુદ્ધિ, ભોક્તાબુદ્ધિ મોળી પડતી જાય છે, દેહના કાર્યોમાં પણ એવો જ અનુભવ થતો દેખાવાથી દેહાત્મબુદ્ધિ પણ મંદ પડતી જાય છે, સુખબુદ્ધિ અને આધારબુદ્ધિ પણ મોળી પડવાથી, દર્શનમોહનો અનુભાગ સારા પ્રમાણમાં ઘટતો જાય છે એકત્વ પાતળું પડતું જાય છે. (અનુભવ સંજીવની–૧૫૬૩)**

પત્રાંક-૪૦૮

મુંબઈ, ભાદરવા વદ ૮, બુધ, ૧૯૪૮

ૐ નમસ્કાર

જે જે કાળે જે જે પ્રારબ્ધ ઉદય આવે તે તે વેદન કરવું એ જ્ઞાનીપુરુષોનું સનાતન આચરણ છે, અને તે જ આચરણ અમને ઉદયપણે વર્તે છે; અર્થાત્ જે સંસારમાં સ્નેહ રહ્યો નથી, તે સંસારના કાર્યની પ્રવૃત્તિનો ઉદય છે, અને ઉદય અનુક્રમે વેદન થયા કરે છે. એ ઉદયના ક્રમમાં કોઈ પણ પ્રકારની હાનિ-વૃદ્ધિ કરવાની ઈચ્છા ઉત્પન્ન થતી નથી; અને એમ જાણીએ છીએ કે જ્ઞાનીપુરુષોનું પણ તે સનાતન આચરણ છે; તથાપિ જેમાં સ્નેહ રહ્યો નથી, અથવા સ્નેહ રાખવાની ઈચ્છા નિવૃત્ત થઈ છે, અથવા નિવૃત્ત થવા આવી છે, તેવા આ સંસારમાં કાર્યપણે-કારણપણે પ્રવર્તવાની ઈચ્છા રહી નથી, તેનાથી નિવૃત્તપણું જ આત્માને વિષે વર્તે છે, તેમ છતાં પણ તેના અનેક પ્રકારના સંગ-પ્રસંગમાં પ્રવર્તવું પડે એવું પૂર્વે કોઈ પ્રારબ્ધ ઉપાર્જન કર્યું છે, જે સમપરિણામે વેદન કરીએ છીએ, તથાપિ હજુ પણ તે કેટલાક વખત સુધી ઉદયજોગ છે, એમ જાણી ક્વચિત્ ખેદ પામીએ છીએ, ક્વચિત્ વિશેષ ખેદ પામીએ છીએ; અને તે ખેદનું કારણ વિચારી જોતાં તો પરાનુકંપારૂપ જણાય છે. હાલ તો તે પ્રારબ્ધ સ્વાભાવિક ઉદય પ્રમાણે વેદન કર્યા સિવાય અન્ય ઈચ્છા ઉત્પન્ન થતી નથી, તથાપિ તે ઉદયમાં બીજા કોઈને સુખ, દુઃખ, રાગ, દ્વેષ, લાભ, અલાભના કારણરૂપે બીજાને ભાસીએ છીએ. તે ભાસવાને વિષે લોક પ્રસંગની વિચિત્ર ભ્રાંતિ જોઈ ખેદ થાય છે. જે સંસારને વિષે સાક્ષી કર્ત્તા તરીકે મનાય છે, તે સંસારમાં તે સાક્ષીએ સાક્ષીરૂપે રહેવું, અને કર્ત્તા તરીકે ભાસ્યમાન થવું તે બેધારી તરવાર ઉપર ચાલવા બરાબર છે.

એમ છતાં પણ કોઈને ખેદ, દુઃખ, અલાભનું કારણ તે સાક્ષીપુરુષ ભ્રાંતિગત લોકોને ન ભાસે તો તે પ્રસંગમાં તે સાક્ષીપુરુષનું અત્યંત વિકટપણું નથી. અમને તો અત્યંત અત્યંત વિકટપણાના પ્રસંગનો ઉદય છે. એમાં પણ ઉદાસીનપણું એ જ સનાતન ધર્મ જ્ઞાનીનો છે. ('ધર્મ' શબ્દ આચરણને બદલે છે.)

**એક વાર એક તણખલાના બે ભાગ કરવાની ક્રિયા કરી શકવાની શક્તિ પણ ઉપશમ થાય ત્યારે જે ઈશ્વરેચ્છા હશે તે થશે.**

## તા. ૧૦-૧૧-૧૯૯૨, પત્રાંક - ૪૦૮
## પ્રવચન નં. ૪૨૮

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૪૦૮, પાનું-૩૫૨. 'સોભાગ્યભાઈ' ઉપરનો પત્ર છે. આ પત્રમાં ઘણું તત્ત્વ ભરી દીધું છે. ધર્મના ક્ષેત્રમાં જાણ્યે-અજાણ્યે એવો ખ્યાલ હોય છે કે ગૃહસ્થ માણસ આવા ઊંચી કોટીના તત્ત્વજ્ઞાન અને ધર્મને કેવી રીતે પ્રાપ્ત કરી શકે. ઘણો ત્યાગ કર્યો હોય એનું આ કામ છે, ત્યાગીનું કામ છે. ધર્મ કરવો એ તો ત્યાગીનું કામ છે.

'રામચંદ્રજી' જેવા પ્રખર ધાર્મિક પુરુષો થયા. તીર્થંકરો તો છે જ. પણ એમનો ત્યાગ પણ પ્રસિદ્ધ છે. પણ 'રામચંદ્રજી'નો ત્યાગ પ્રસિદ્ધ નથી. એ લોકોમાં તો ત્યાગનું મહત્ત્વ એટલું નથી ને. છતાં એમ તો નહિ કહી શકાય કે ધર્મી નહોતા, ધર્માત્મા નહોતા. એવો બે મત એમના માટે નથી. હજારો વર્ષ અયોધ્યાની ગાદી ઉપર રહીને, રાજપાટ કરવા છતાં તે ધર્માત્મા નહોતા એવું કહેવાની કોઈ હિંમત કરે એવું નથી. કેમકે એમના માટે બે મત નથી. જૈનોમાં કે અજૈનોમાં. એટલે ધર્મ કરવો છે એ એવા પૂર્વગ્રહમાં હોય કે ત્યાગી થઈએ તો ધર્મ થાય અને જ્યાં સુધી આપણે ત્યાગી ન હોઈએ અને ગૃહસ્થમાં હોઈએ ત્યાં સુધી ધર્મ ક્યાંથી થાય ? ધર્મની તો બહુ ઊંચી કોટીની વાત છે.

આ પત્રમાં એ મુદ્દા ઉપર જરા વિશેષ વિચાર કરી શકાય એવો વિષય લીધો છે એમણે. શું કહે છે ? જુઓ ! '**જે જે કાળે જે જે પ્રારબ્ધ ઉદય આવે તે તે વેદન કરવું એ જ્ઞાનીપુરુષોનું સનાતન આચરણ છે,...**' જે કાળે પ્રારબ્ધ ઉદય આવે એ કાળે એ પ્રારબ્ધનો ત્યાગ ન કરવો ? એને વેદન કરવું એનો અર્થ શું ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ થઈ ગયો ને એનો અર્થ તો.

એમ કરવું એ જ્ઞાનીપુરુષોનું સનાતન આચરણ છે એટલે સર્વ જ્ઞાનીપુરુષોએ, ત્રણે કાળના જ્ઞાનીપુરુષોએ એવું જ આચરણ કર્યું છે એમ કહેવું છે. 'રામચંદ્રજી'નો દૃષ્ટાંત તો બરાબર બંધ બેસે છે. એનો અર્થ એ થયો કે કોઈપણ મુમુક્ષુજીવ જે-તે સ્થિતિમાં

હોય એ સ્થિતિમાં એ ધર્મ કરી શકે છે. પછી એ નોકરિયાત હોય કે દુકાનદાર હોય, વેપારી હોય કે કોઈપણ હોય. અથવા જેને જે ઉદય હોય તે. પુરુષોને પુરુષ યોગ્ય વ્યવસાયનો ઉદય છે, સ્ત્રીઓને-બહેનોને એના યોગ્ય વ્યવસાય અને ઉદય ઘરકામ આદિનો, રસોઈ વગેરેનો હોય છે. જેને જે પ્રકારનો જેટલો હોય તેવો. એ પૂર્વપ્રારબ્ધ અનુસાર છે. હવે વેદન કરવું એટલે શું ? આ એક સમસ્યા છે. જે કાંઈ સમસ્યા છે એ આ જાતની છે.

સામાન્ય રીતે વેદન કરવાનો અર્થ ભોગવવું થાય છે. ભોગવવું, વેદવું, અનુભવવું આ બધા એકાર્થ છે. અને એમાં જ્ઞાની અને અજ્ઞાની તદ્દન જુદાં પડે છે. અહીંયાં જ્ઞાનીપુરુષોના આચરણની વાત કરી છે અને એના ઉપરથી પોતે એવું આચરણ કરવું જોઈએ એ શિક્ષા લેવાની છે. કેમકે પ્રારબ્ધ ભોગવતાં આ જીવ જે-તે ઉદયના સંયોગમાં તીવ્ર રસથી રાગ-દ્વેષ પણ કરે છે, જ્યારે જ્ઞાનીઓ એમ કરતા નથી. અહીંયાં એક શબ્દ અધ્યાહાર છે. એ એમણે પાછળથી વાપર્યો છે. એ અહીંયાં પણ લઈ લેવો જોઈએ. સમ્યક્ પ્રકારે વેદન કરવું. એ શબ્દ એમણે નીચે વાપર્યો છે.

સમ્યક્ પ્રકારે વેદન કરવું. સમપરિણામે વેદન કરીએ છીએ. નીચે નવમી લીટીમાં છે. '**તેમ છતાં પણ તેના અનેક પ્રકારના સંગ-પ્રસંગમાં પ્રવર્તવું પડે એવું પૂર્વે કોઈ પ્રારબ્ધ ઉપાર્જન કર્યું છે, જે સમપરિણામે વેદન કરીએ છીએ,...**' એટલે પ્રારબ્ધને ભોગવીએ છીએ પણ સમપરિણામથી ભોગવીએ છીએ એટલે કે વિષમ પરિણામથી ભોગવતા નથી. રાગ કરવો તો વિષમ પરિણામ છે, દ્વેષ કરવો તે વિષમ પરિણામ છે. ગમે તે વિષમ પરિણામ છે અને અણગમો થાય તે પણ વિષમ પરિણામ છે. વિષમ પરિણામે ભોગવે છે તે નવા કર્મ બાંધે છે. જ્ઞાનીપુરુષો એ રીતે પ્રારબ્ધને ભોગવતા નથી પણ સમપરિણામે ભોગવે છે. સમપરિણામ કહો, રાગ-દ્વેષ વિનાના પરિણામ કહો અથવા સમ્યક્ પ્રકારનું વેદન અનુભવન કહો એ બધું એકાર્થમાં છે. હવે લઈએ ફરીથી.

મુમુક્ષુ :- આમાં વેદન એટલે જાણવું ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. વેદન કરવું એટલે વેદી લેવું. વેદી લેવું એટલે ભોગવી લેવું. હવે ભોગવી લેવામાં સામાન્ય અર્થ તો ભોગવતા રસ ઊપજે એમ થાય. ગમો-અણગમો થાય. એ વાત અહીંયાં નથી લેવી. સમપરિણામે વેદન કરવું. એ નીચે ચોખવટ એમણે કરી દીધી છે. સમપરિણામે વેદન કરવું. એટલે પ્રારબ્ધનો ઉદય છે એને ફેરવવાનો કોઈ આત્માનો અધિકાર નથી. ચાહે જ્ઞાની હો કે ચાહે અજ્ઞાની હો. સંયોગોને ફેરવવાનો તો કોઈનો અધિકાર નથી. કેમકે પરદ્રવ્યના પર્યાયમાં હસ્તક્ષેપ કરવાનો કોઈનો

અધિકાર નથી. એટલે આ જીવે પણ જે પ્રારબ્ધ પૂર્વે ઉપાર્જન કર્યું છે એ જ એને સંયોગો-વિયોગો બધા એ જ થવાના છે. સંયોગ વિયોગ તો બધા પૂર્વ પ્રારબ્ધ અનુસાર થવાના છે. તો કરવાનું શું રહ્યું ? કે પરિણામમાં સમપરિણામે રહેવું એટલું કરવાનું રહ્યું. વિષમ પરિણામ ન થાય એ કરવાનું છે. પછી વાંધો નથી.

મુમુક્ષુ :- સમપરિણામે એટલે કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- સમપરિણામે એટલે જ્ઞાતાપણે રહીને. માત્ર જાણે. માત્ર જાણવા સિવાય (બીજું નહિ). માત્ર જાણવું તે સ્વભાવ છે અને માત્ર જાણવું એમ ન રહેતા કાંઈક ઈષ્ટ અનિષ્ટ થવું તે વિભાવ છે. માત્ર જાણવું એ એનો સ્વભાવ છે. પછી જે પ્રકારનો ઉદય હોય એને એ પ્રકારે જાણે. લોકો આ ઉદયને પ્રતિકૂળ કહે છે. મારે પ્રતિકૂળ તરીકે એ ઉદયને ભોગવવાનો નથી. લોકો આ પ્રકારને પુણ્યનો અનુકૂળ ઉદય કહે છે પણ મારે એ પ્રકારે ભોગવવાનો નથી. આ સીધી વાત છે. એનો પ્રકાર ગમે તે હોય. એ પ્રકારને તે પ્રકારે જાણે. પણ એ અનુકૂળ-પ્રતિકૂળ એમ ન જાણે. સુંગધને સુગંધ જાણે, દુર્ગંધને દુર્ગંધ જાણે. કાંઈ દુર્ગંધને સુગંધ જાણે અને સુગંધને દુર્ગંધ જાણે એમ કહેવું નથી. પણ સુગંધ સારી એમ જાણવાનું નથી. દુર્ગંધ નહિ સારી એમ જાણવાનું નથી. એ વિભાવ છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- વસ્તુને જેમ છે તેમ જાણવી એનું નામ સમભાવ ?

પૂજ્ય ભાઈશ્રી :- એનું નામ સમભાવ છે. પદાર્થ જેવો છે એને જેવો છે એવો જણાય. અને એ તો એનો જ્ઞાનનો સ્વભાવ છે જાણવાનો. પદાર્થ જેવો છે એવો જ્ઞાનમાં જણાઈ જાય એમાં જ્ઞાનને કાંઈ દોષ નથી. એમાં ઠીક-અઠીક કરવું એ ભૂલ છે, એ દોષ છે. જાણવું એ દોષ નથી.

'**જે જે કાળે જે જે પ્રારબ્ધ ઉદય આવે તે તે વેદન કરવું...**' એટલે સમપરિણામે વેદન કરવું '**એ જ્ઞાનીપુરુષોનું સનાતન આચરણ છે, અને તે જ આચરણ અને ઉદયપણે વર્તે છે;...**' એટલે એમ કહેવા માગે છે... પચ્ચીસમું વર્ષ છે ને ? પચ્ચીસમું વર્ષ એટલે પચ્ચીસ વર્ષનો યુવાન માણસ અત્યારે હોય એ પચ્ચીસમું વર્ષ સમજી લેવું. આજકાલ જે પચ્ચીસ વર્ષનો યુવાન માણસ હોય એ સ્થિતિમાં એમને સમજી લેવા. એ પ્રારબ્ધને સમપરિણામે વેદે છે. અત્યારે આ 'મુંબઈ'થી પત્ર લખે છે. અને છેલ્લા પાંચેક વર્ષથી એ વ્યવસાયમાં જોડાયને 'મુંબઈ' ખાતે રહેતા હતા. વેપાર-ધંધાને હિસાબે. અને એ એમનું પ્રારબ્ધ હતું. પણ એ પ્રારબ્ધને ભોગવતા વિષમ પરિણામ એમને થતા નહોતા. આ એક વિશેષતા હતી.

એ પોતે સ્પષ્ટ લખે છે કે '**તે જ આચરણ અમને ઉદયપણે વર્તે છે;...**' અમારું

આચરણ કેવું ઉદયમાન છે ? સમપરિણામે અમારું આચરણ છે. વિષમ પરિણામ અમને થતાં નથી. અને એ વિષમ પરિણામ નહિ થવાનું કારણ કે જે વ્યવસાયમાં એ ઊભા છે, જે સંયોગોમાં ઊભા છે એમાંથી એમને પોતાપણાની બુદ્ધિ છૂટી ગઈ છે. શું થયું છે ? આ મારો વેપાર છે, આ મારો ધંધો છે, મારી દુકાન છે એ વાત છૂટી ગઈ છે. આમ છે. જાય છે ખરા, ફરજ નિભાવે છે ખરા.

મુમુક્ષુ :- ધંધો-વેપાર કરે છે ખરા.

પૂજ્ય ભાઈશ્રી :- કરતા દેખાય છે. વેપાર કરતા દેખાય છે ખરા.

મુમુક્ષુ :- બીજાને એમ લાગે કે ભોગ-વિલાસ કરતા હોય એવું લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું લાગે. જુઓ ! ધંધો બે રીતે થાય છે. અને બે રીતે ધંધો કરતા માણસ જોવાય છે. એક ધણી ધંધો કરે છે. કોણ ? જેને નફો-નુકસાન પોતાને આવવાનું છે એવો ધણી પોતે ધંધો કરે છે અને એ ધંધાનો માલિક છે એનો મેનેજર પણ ધંધો કરે છે. એ આખો ધંધો Manage કરે છે. માલિક ન હોય તો ચાલે. પણ Manager ન હોય તો ન ચાલે. કેમકે એને બધી વ્યવસ્થા એવી સંભાળી હોય છે કે માલિક Manager વગર પાંગળો થઈ જાય. ત્યારે Manager ને માલિક ન હોય તો એમ કહે કે તમતમારે જાવ પંદર દિ', મહિનો ફરી આવો. હું બધું સંભાળું છું. એને કાંઈ વિષમ પરિણામ થાય ? કાંઈક ઓચિંતુ નુકસાન થયું. એને ફાળ પડે કાંઈ ? માલિકને ફાળ પડે. એને પડે ? મારે તો Manage કરવાનું હતું. મેં તો Well manage કર્યું છે. જે કર્યું છે એ બરાબર સારી રીતે Manage કર્યું છે. પછી આમ થવાનું હશે એ તો કોને ખબર પડે ? એ તો કોઈને ખબર પડતી નથી કે ઘડીક પછી શું થવાનું છે. ભાવ ઘટી જવાના એ Manager ના હાથની વાત છે ?

જે દુકાનમાં માલ ખરીદવાનો હોય છે એ ખરીદવાનો હોય છે. એની સામે એની ઘરાગી ઊભેલી હોય છે. હવે માલ ખરીદ્યો અને ભાવ બેસી ગયા માલ વેચાણા પહેલાં. એમાં એ Manager શું કરે કહો ? અને Manager ને શું એમાં સ્નાનસૂતક આવે ઈ કહો ? એનો પગાર કપાય જાય કાંઈ ? ભાવ ઘટી ગયા હોય તો Manager નો પગાર કપાઈ જાય ? કે આ વખતે ભાવ ઘટી ગયા છે માટે તમારો પગાર કાપી લેશું. એને તો ખબર છે કે મારું તો જે મહેનતાણું છે, પરિશ્રમ મારો છે એ પ્રમાણે મને તો મળવાનું જ છે.

ધંધો ધણી થઈને કરવો નહિ. એનો અર્થ શું થયો ? કેવી રીતે કરવો ? ધણી થઈને ધંધો કરવાનો નહિ. આ જે વ્યવસાય કરતા હોય એને. નોકર થઈ જવું. પ્રારબ્ધના નોકર થઈ જવું. પ્રારબ્ધ માલિક છે આનો તો. આનો માલિક કોણ છે ?

પ્રારબ્ધ છે. આપણે તો શુદ્ધ બુદ્ધિથી પ્રમાણિકપણે આપણી ફરજ બજાવીએ. આથી વધારે કાંઈ લેવા દેવા નથી. જાય તોપણ કો'કનું અને આવે તોપણ કો'કનું. એટલે આવે તો હરખાવું નહિ અને જાય તો ખેદાવું નહિ. ઠીક ! પારકુ કરી નાખ્યા પછી વાંધો નથી. પોતાપણું રાખો તો ઉપાધિ અને Tension આવ્યા વગર રહે નહિ. આ સીધી વાત છે. લ્યો, આ શું કરવું એ વાત છે. કેમ કરવું હવે ? અમારે કાંઈ ત્યાગી થઈ જવું ? ધર્મ કરવો હોય તો ધંધો છોડી દેવો ? ઘર છોડી દેવું ? બૈરા-છોકરા છોડી દેવા ? શું કરવું ? અહીંયાં એ પ્રશ્ન નથી. અંદરથી મારાપણું છોડી દેવાની વાત છે. જે વાત છે એ આટલી છે. બાકી ત્યાગ્યા પછી પણ મેં મારું ત્યાગ્યું એણે ત્યાગ્યું જ નથી. એણે મારું રાખ્યું છે હજી. મારું હતું અને મારું ઘર મેં છોડ્યું. મારી દુકાન હતી અને મારી દુકાન મેં છોડી. એણે છોડી નથી એણે રાખી છે હજી. અંદર રાખી છે. બહારમાં છોડી છે ને અંદરમાં રાખી લીધી છે.

મુમુક્ષુ :- એવું સનાતન આચરણ ઉદયમાં વર્તે છે. ખરેખર તો વર્તમાન પુરુષાર્થથી ભિન્ન પડીને સમભાવે વેદે છે. એ તો અનુદય પરિણામ થઈ ગયા. અહીંયાં ઉદયપણે કેમ લખ્યું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ આચરણનો તો ઉદય છે ને ? કોઈપણ પરિણામનું ઉત્પન્ન થવું એનું નામ ઉદય છે. ઉદય શબ્દનો અર્થ ઓલો નથી, જોડાવું એમ નથી અહીંયાં. ઉદય એટલે સૂર્યોદય. તો સૂર્ય બહાર આવ્યો એમ કહે છે. એમ આચરણનો ઉદય થયો, સમ્યગ્દર્શનનો ઉદય થયો એમ કહેવાય છે. સમ્યગ્જ્ઞાનનો ઉદય થયો, સમ્યક્ આચરણનો ઉદય થયો એમ કહેવું છે. શબ્દનો અર્થ એક જ સરખો થાય નહિ બધે. આચરણ ઉદયપણે વર્તે છે એટલે એમ કે બીજા જેમ ઉદયના આચરણમાં જોડાય છે એમ નથી કહેવું અહીંયાં. જ્ઞાનીપુરુષોનું જે આચરણ છે તે જ આચરણ એટલે સમપરિણામવાળું આચરણ અમને ઉદિત થયું છે, સમ્યક્ આચરણ અમને ઉદિત થયું છે, વીતરાગી આચરણ અમને ઉદય થયું છે, એમ કહેવું છે. અર્થ કરે છે એનો તો હવે. એ આચરણનો ઉદય શબ્દ વાપર્યો છે એટલે અર્થ કર્યો છે. અર્થ કરવાની એમને જરૂર લાગી કે આમાં આચરણનો ઉદય ઓલો લઈ લેશે, ખાવું-પીવું એ.

'**અર્થાત્...**' '**ઉદયપણે વર્તે છે; અર્થાત્ જે સંસારમાં સ્નેહ રહ્યો નથી,...**' એમાં અમને અમારાપણું લાગતું નથી. આ કુટુંબ અમારું નથી, દુકાન અમારી નથી. બે અમારું નથી. જે કુટુંબમાં ભરણપોષણ માટે વ્યવસાય છે એ કુટુંબ જ અમારું નથી. અને જે વ્યવસાય છે એ પણ અમારો નથી. અમે તો કો'ક માલિક છે એના નોકર થઈને અત્યારે પ્રારબ્ધ અમને જોડે છે. જેમ ઓલો ઘાંચી બળદિયાને જોડે તો એને ઘાણી ફરવી જ

રહી, બીજો ઉપાય શું એને ? એવું પ્રારબ્ધ લઈને આવ્યો છે કે એણે બળદિયાને નાખ્યો છે. ઘાંચી જોડે છે તો એને ફરવું પડે છે. આ પ્રારબ્ધ છે આ જોડે છે તો જોડાય છે. બાકી પરાણે વાત છે. જેમ બળદિયો પરાણે જોડાય છે એમ આ પણ પરાણે જોડાય છે. બીજું કાંઈ નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ નથી નાખતા. સ્નેહ રહ્યો નથી અમને. ડોક નાખે એ તો સ્નેહથી નાખે છે. આ ના પાડે છે કે અમને સ્નેહ નથી એનો. અમને આ સંસારમાં કોઈ સ્નેહ નથી.

મુમુક્ષુ :- કરોડો રૂપિયાનો ધંધો કરતા હોય એમાં સ્નેહ નથી...

પૂજ્ય ભાઈશ્રી :- નથી. આવું છે. એ તો કરોડોનો ધંધો કરતા હતા. બરાબર છે ? એક કરતા વધારે Office 'મુંબઈ'માં કરેલી હતી. જુદી-જુદી બે ત્રણ Officeનો તો ખ્યાલ આવે છે એમના પત્ર વ્યવહાર ઉપરથી. ત્રણ જગ્યાએ એમની Office હતી. જુદાં જુદાં કામકાજ હતા. એક ઝવેરી બજારની હતી, એક Commission agent ની હતી. લગભગ ૨૮, ૨૯, ૩૦ વર્ષે એમણે ચાલતા ધિકતા ધંધામાં એમ કીધું કે, મારો ભાગ કાઢી નાખો. જો એમને પ્રીતિ હોત, પૈસાનો પ્રેમ હોત અને ધંધો સારો એવો વધી ગયો હતો. પરદેશ સુધી ધંધો કરતા હતા. એ જમાનામાં Foreign trade કરતા હતા અને 'મુંબઈ' જેવું Centre હતું. ભાગીદારોનું આખું જૂથ હતું. Group of partners જેવું હતું. મને છૂટો કરી દ્યો. અને એ તો ખરેખર આ ચોવીસ-પચ્ચીસમાં વર્ષે એટલો એમને છૂટવાનો વૈરાગ્ય આવ્યો છે. ૨૫મા વર્ષના પત્રો એવા છે કે વ્યવસાય છોડવાનું એમને મન થયું.

૨૫ વર્ષની ભર યુવાન વયે ધંધો છોડી દેવાના ૨૫મા વર્ષથી એમના ચાલુ થઈ ગયા. ૨૮-૩૦ વર્ષે તો એમણે Notice આપી દીધી. મારો ભાગ કાઢી નાખો. હું હવે આવવા માગતો નથી. પરાણે રહ્યા છે, પછી જે એક-બે વર્ષ રહ્યા છે એ પેલા લોકોના દબાણથી રહ્યા છે. એ બતાવે છે કે પહેલેથી નહોતું. બહારમાં છૂટતા ભલે વાર લાગી છે. બીજા પાંચ વર્ષ નીકળી ગયા. પણ છૂટવું તો પાંચ વર્ષથી છૂટવું-છૂટવું થઈ ગયું છે એમને. ત્યારે છૂટી શક્યા છે. અને એ તો વ્યવહારમાં છૂટવામાં ક્રમ પડે એ સ્વભાવિક છે.

મુમુક્ષુ :- અંતરથી તો ૨૪મા વર્ષે છૂટી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- ૨૪મા વર્ષથી છૂટી ગયા એ તો. આ ૨૫મા વર્ષે તો ભાદરવા મહિનામાં 'સોભાગભાઈ'ને કાગળ લખ્યો છે. 'સોભાગભાઈ' તો એવું એક એમનું

સમીપનું પાત્ર છે કે એમણે એમનું હૃદય ખોલીને બધી વાત કરી છે. એમાં કહી દીધું કે અમને આ સંસારમાં સ્નેહ રહ્યો નથી.

(જે) **'સંસારમાં સ્નેહ રહ્યો નથી, તે સંસારના કાર્યની પ્રવૃત્તિનો ઉદય છે,...'** આ ઉદય છે એ બહારમાં ઉદય છે. પૂર્વકર્મનો ઉદય છે. અમને સ્નેહ નથી. ઉદય રહી ગયો છે. **'અને ઉદય અનુક્રમે વેદન થયા કરે છે.'** અને એક પછી એક જે પૂર્વ કર્મ છે એનો ઉદય આવે છે એ સમપરિણામે વેદન થયા કરે છે. તે સમપરિણામે વેદન થયા કરે છે તો ક્યાં સુધી સમપરિણામ કેળવ્યા છે ? કે **'ઉદયના ક્રમમાં કોઈપણ પ્રકારની હાનિ-વૃદ્ધિ કરવાની ઇચ્છા ઉત્પન્ન થતી નથી;...'** અહીંયાં ફરીને વિચારવા જેવું છે. તો પછી એમણે ઉદય ત્યાગ ન કરવો ને ? વૃદ્ધિ નથી કરવી... વૈરાગ્ય છે એટલે ઉદય વધારવો નથી. જોકે ત્યારપછી દુકાનો તો વધી છે. પણ એ કાંઈ વધારી વધે નહિ, ઘટાડી ઘટે નહિ. વૃદ્ધિ તો નથી કરવી પણ હાનિ શું કરવા નથી કરવી ? આ પ્રશ્ન કરવા જેવો છે. જો વૈરાગ્ય છે તો ઉદયમાં હાનિ શું કરવા નથી કરવી ? વૃદ્ધિ નથી કરવી. તો કહે છે, વૃદ્ધિ કરવી એ એક જેમ રાગ છે, એમ હાનિ કરવી એ દ્વેષ છે. આ અમારું સમપરિણામ છે એમ કહે છે.

પહેલોવહેલો પત્ર વાંચ્યો ત્યારે આ બધા પ્રશ્નો મનમાં ને મનમાં કર્યા છે. પહેલો આ પત્ર વાંચ્યો ત્યારે આ પ્રશ્નો કર્યા છે કે આ કેમ ત્યાગની વાત કરતા નથી કાંઈ ? ઉદયના ક્રમમાં હાનિ-વૃદ્ધિ નથી કરવી તો વૃદ્ધિ ભલે એમને ન કરવી હોય પણ હાનિ કરવાની શું કરવા ના પાડે છે ? આમ કેમ છે ? તો પછી અંદરખાને કાંઈક ભલે રહ્યું એમ હશે ? તો એમ નથી અંદરખાને. પણ એ વિચાર બહુ કર્યા છે તે દિ'.

મુમુક્ષુ :- વૃદ્ધિ કે હાનિ કાંઈ કરી શકાય ખરી ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. કરી શકાય પણ નહિ. કરી શકાય પણ નહિ અને હાનિ-વૃદ્ધિ કરવાની એમની ઇચ્છા પણ નથી. વસ્તુનું સ્વરૂપ પણ એવું છે કે કરી શકાય નહિ અને સ્વરૂપ એમ હોવાથી કરવાની ઇચ્છા પણ નથી. જે આવે એ. સમપરિણામ રાખો. જ્ઞાતા-દૃષ્ટા થઈને જોયા કરો. થાય એ બધું જોયા કરો. કાંઈ વધારવું નથી અને કાંઈ ઘટાડવું પણ નથી.

મુમુક્ષુ :- એ પછી વિદેશમાં બે Branch થઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'રંગુન'માં એક Branch કરેલી હતી.

મુમુક્ષુ :- માલદીવમાં.

પૂજ્ય ભાઈશ્રી :- 'માલદીવ'માં કરી હતી. બરાબર છે. 'માલદીવ'માં કરી હતી. 'મુંબઈ'ની બજારમાં તો એમનું નામ હતું. એટલે એક ભાગીદાર વચ્ચે મોતીનો નિકાલ

કરવા 'પેરિસ' ગયા તો કહે આ લોકોએ 'પેરિસ'માં બ્રાંચ કરી છે. 'ફ્રાંસ'ની અંદર. પછી લખ્યું છે કે અહીં વાયકા ચાલી છે. લોકો એવી વાતો કરતા થયા છે. ખરેખર તો આપણો ભાગીદાર ત્યાં માલનો નિકાલ કરવા ગયા છે. આપણે કાંઈ ત્યાં શાખા ખોલી નથી. ત્યાં કાંઈ પેઢી ખોલી નથી. પણ એ જાતની બજારમાં હવા તો ચાલે ને. એમનું નામ ઘણું હતું. નામ હતું એમને જ અંદર લેવા-દેવા નહોતી. ગમે તેટલું થયું તોપણ એમને અંદરમાં કાંઈ લેવા-દેવા નહોતી. એ તો અંદર ભાવના ભાવતા હતા. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.' અંદરમાં ઈ એમ હતા, છૂટી જવાના ઓલામાં.

**'એ ઉદયના ક્રમમાં કોઈ પણ પ્રાકરની હાનિ-વૃદ્ધિ કરવાની ઈચ્છા ઉત્પન્ન થતી નથી; અને એમ જાણીએ છીએ કે જ્ઞાનીપુરુષોનું પણ તે સનાતન આચરણ છે;...'** એ હાનિવૃદ્ધિ કરવાની ઈચ્છા ન થાય એ જ જ્ઞાનીપુરુષોનું સનાતન આચરણ છે. ફરીને લીધું એ. **'તથાપિ જેમાં સ્નેહ રહ્યો નથી,...'** અત્યારે સ્નેહ થયો નથી અને હવે ક્યારે પણ સ્નેહ રાખવાની ઈચ્છા છે નહિ. નિવૃત્ત થઈ છે. **'સ્નેહ રાખવાની ઈચ્છા નિવૃત્ત થઈ છે,...'** હવે સ્નેહ કરવો પણ નથી. રહ્યો પણ નથી અને કરવો પણ નથી. હવે રહી (વાત) ચારિત્રની અસ્થિરતાની. તો કહે છે, એ પણ નિવૃત્ત થવા આવી છે. થોડી જે અલ્પ છે એ પણ નિવૃત્ત થવા આવી છે.

મુમુક્ષુ :- ૨૫મા વર્ષે નિવૃત્તિમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહુ સારી દશા છે. ૨૫૫ માં તો જુઓને કેવી દશાની વાત કરી છે એમણે ! ચોવીશમા વર્ષમાં હજી તો. સાત-આઠ મહિના થયા છે. વૈશાખ મહિના કાગળ છે ઘણું કરીને. ૨૫૫ છે ને ? એટલે ૨૪ મા વર્ષનો કાગળ છે. ૨૯૦ પાને છે. અષાડ મહિનો છે. અષાડ સુદ તેરશ. એમની દશાને આઠ મહિના થયા છે.

કહે છે કે **'અમે દેહધારી છીએ...'** બીજા Paragraph માં ચોથી લીટી. **'અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ.'** ઠીક ! શરીરને ભૂલી જતા હતા. એટલી આત્મામય દશા જેને કહેવાય છે, ચૈતન્યમય દશા જેને કહેવાય એ એવી પ્રગાઢ દશા હતી. પ્રારંભથી. શરીરને ભૂલી જતા હતા. આ તો એ ૨૫મું વર્ષ છે. એક વર્ષ પછીની વાત છે. પછી ક્યાંથી સ્નેહ રહે ? રાગ બધો ખતમ કરી નાખ્યો હતો.

મુમુક્ષુ :- પરિણતિ કેવી હશે !

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ગજબની પરિણતિ છે. એકાવતારી કહે કોને પણ ? જેવી-તેવી વાત છે ? હાથવેંતમાં જેને સિદ્ધપદ છે એ કાંઈ જેવી-તેવી વાત હોય છે કાંઈ ? અને અમથા જ્ઞાનીઓ પણ જ્ઞાનીઓને વંદન કરે છે એ અમથા કરે છે કાંઈ ? એની દશા જોઈને કરે છે.

મુમુક્ષુ :- ૩૫૨મો પત્ર.

પૂજ્ય ભાઈશ્રી :- ૩૫૨ પત્ર ? ૩૨૪ પાને છે.

**'તમને હાલમાં બધાથી કંટાળો આવી ગયા વિષે લખ્યું તે વાંચી ખેદ થયો.'** આ 'શુભોપમાયોગ્ય મહેતા શ્રી ૫ ચત્રભુજ બેચર,...' આ એમના બનેવી હતા. 'ચત્રભુજભાઈ'. એમને પત્ર લખ્યો એટલે 'મહેતા શ્રી ૫' એમ લખ્યું છે ને ? એ રીતે. **'મારો વિચાર તો એવો રહે છે કે જેમ બને તેમ તેવી જાતનો કંટાળો શમાવવો અને સહન કરવો. કોઈ કોઈ દુઃખના પ્રસંગોમાં તેવું થઈ આવે છે અન તેને લીધે વૈરાગ્ય પણ રહે છે, પણ જીવનું ખરું કલ્યાણ અને સુખ તો એમ જણાય છે કે તે બધું કંટાળાનું કારણ આપણું ઉપાર્જન કરેલું પ્રારબ્ધ છે, તે ભોગવ્યા વિના નિવૃત્ત થાય નહીં, અને તે સમતાએ કરી ભોગવવું યોગ્ય છે.'** દ્વેષ કરીને નહિ. દ્વેષ કરીને છોડી દેવાની વાત નથી. સમતાએ કરીને ભોગવવા યોગ્ય છે. **'માટે મનનો કંટાળો જેમ બને તેમ શમાવવો અને ઉપાર્જન કર્યા ન હોય એવાં કર્મ ભોગવવામાં આવે નહીં,..'** એટલે આપણા જ કરેલા આવ્યા છે ભોગવવામાં **'એમ જાણી બીજા કોઈના પ્રત્યે દોષદૃષ્ટિ કર્યાની વૃત્તિ...'** આણે આમ કર્યું અને આણે આમ કર્યું એ છોડી દઈને. મારો ઉદય એવો છે. **'જેમ બને તેમ શમાવી સમતાએ વર્તવું એ યોગ્ય લાગે છે, અને એ જ જીવને કર્તવ્ય છે.'** આ એમના બનેવીને સલાહ લખી છે. પ્રસંગ એવો બન્યો છે અને કંટાળો આવ્યો છે. તો કહે છે, કંટાળો નહિ લાવો. સમતાએ ભોગવો. જે બને એ સમતાએ ભોગવી લ્યો, એમ કહે છે. એ તો ગમે ત્યાંથી લે તો સિદ્ધાંત તો એક સરખો જ આવે ને.

તેવા આ સંસારમાં. જેમાં સ્નેહ નથી, સ્નેહ રાખવાની ઇચ્છા પણ નથી. **'તેવા આ સંસારમાં કાર્યપણે-કારણપણે પ્રવર્તવાની ઇચ્છા રહી નથી,...'** કોઈ એવા સંસારમાં અમુક કારણે અમુક કાર્ય કરવું કે કોઈ કારણ ઊભા થયા છે માટે કાર્ય કરવું ? એકેયમાં પોતાની જાતને ભેળવવી નહિ. ન કારણમાં ભેળવવી, ન કારણના કાર્યમાં ભેળવવી. એ રીતે પ્રવર્તવાની ઇચ્છા રહી નથી. **'તેનાથી નિવૃત્તપણું જ આત્માને વિષે વર્તે છે,..'** જુઓ ! આ ભિન્ન પડી ગયા છે એનું સ્પષ્ટ લખાણ છે. **'તેનાથી નિવૃત્તપણું જ આત્માને વિષે વર્તે છે, તેમ છતાં પણ તેના અનેક પ્રકારના સંગ-પ્રસંગમાં પ્રવર્તવું પડે એવું પૂર્વે કોઈ પ્રારબ્ધ ઉપાર્જન કર્યું છે, જે સમપરિણામે વેદન કરીએ છીએ,...'** એવું કોઈ પ્રારબ્ધ ઉપાર્જન કર્યું છે કે એ સંગ-પ્રસંગની વચ્ચે પોતાએ ઉપસ્થિત રહેવું પડે. એવું પોતાનું જ પ્રારબ્ધ ઉપાર્જન કરેલું છે. પણ

સમપરિણામે રહીએ છીએ, વિષમ પરિણામ કરતા નથી.

મુમુક્ષુ :- સમપરિણામે. ખેદ-ખિન્ન થયા વગર.

પૂજ્ય ભાઈશ્રી :- ખેદ-ખિન્ન થયા વગર. ન રાગ કરે, ન ખેદ કરે. ન અભિલાષા કરે કે આમ થાય તો ઠીક અને આમ થાય તો ઠીક. અને કાંઈ ગડબડ થઈ હોય તો એ કાંઈ નહિ. જે થયું તે. થવાયોગ્ય હતું તે થયું. એવું કાંઈ નહિ. એ એમ જ થવા યોગ્ય હતું અને એમ થયું છે. એમાં પોતાપણું લઈને જે રાગ-દ્વેષ થાય એ પોતાપણાને કારણે રાગ-દ્વેષ ન થાય. જે થયું એ કો'કનું થયું છે, મારું થયું નથી. ઠીક ! ઓલા ભાગીદારો ઉકળી જતા હતા. આ સાવ શાંત હોય અને ઓલા ઉકળી જાય. આમને કાંઈ લાગતું નથી. આપણને લાગે છે ને. એ તો ઉપાધિ જેટલી પોતાપણું કરે એટલી જ આવે. એ તો સીધી વાત છે.

આમ તો જીવની જે પરિસ્થિતિ છે એમાં એકદમ વિરૂદ્ધ પરિસ્થિતિ છે. એટલે થોડી કઠણ પડે એવી લાગે છે, અઘરી લાગે એવી છે. પણ જ્ઞાનદશામાં એ વાત એટલી અઘરી નથી. જેટલી મિથ્યાત્વ અવસ્થામાં એ કઠણ અને અઘરી લાગે. મારાપણું છોડવું, પોતાપણું છોડવું, પોતાનું પ્રારબ્ધયોગે પોતાનું મનાતું હોય અને કહેવાતું હોય એમાં પોતાપણું છોડવું એ તો આત્માનો ત્યાગ કરવા જેવો છે એકવાર. કેમકે એ તો આત્મા થઈ પડ્યો છે. એ જ એનો આત્મા છે ખરેખર તો. એટલે અઘરું તો લાગે એવું છે. પણ અશક્ય નથી.

વસ્તુનો સ્વરૂપ વિચાર કરે અને ભિન્ન પડવાના પ્રયોગથી આત્માને કેળવે અને ભિન્ન અનુભૂતિમાં આવે તો પછી એ સહજમાત્રમાં સુગમપણે, સહજમાત્રપણે એમ રહી શકાય છે, અનંત જ્ઞાનીઓ એમ રહ્યા છે. 'રામચંદ્રજી'એ સત્તર હજાર વર્ષ રાજ કર્યું છે. પદ્મપુરાણ એમ બોલે છે કે રાવણની સાથે લડાઈ કર્યા પછી સીતાજીને લઈને અયોધ્યામાં પ્રવેશ કર્યા પછી સત્તર હજાર વર્ષ સુધી રાજગાદીએ એમણે રાજ કર્યું છે. પછી મુનિદશામાં આવી અને ચરમશરીર હતી. અત્યારે સિદ્ધાલયમાં બિરાજે છે. પણ સત્તર હજાર વર્ષ સુધી રાજગાદીએ રહ્યા, ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ છે, ચરમશરીરી છે. સત્તર-સત્તર હજાર વર્ષ સુધી રાજગાદીએ બેઠા છે. એ લોકોનું આંતરિક જીવન બહુ જુદું હોય છે. એવા મહાત્માઓનું આંતરિક જીવન બહુ જુદું હોય છે. એ બીજા રાજાઓની જેમ રાગ-દ્વેષ કરે. ભલેને લડાઈના પ્રસંગો એમને પણ હોય છે, રાજકાજના પ્રસંગો એમને પણ હોય છે પણ બીજા રાજાની જેમ ચીકણા તન્મય પરિણામથી કાંઈ થતું નથી. બધું ઉપરછલ્લા પરિણામથી. પૂર્વકર્મને દેણું છે એ દેણું રાજીખુશીથી દઈ દેવું. દ્વેષ કરીને નહિ. લેણદાર ઉપર દ્વેષ કરીને નહિ. કેમ લેણું લેવા આવ્યો છે ? એમ નહિ. ભાઈ !

તારું લેણું છે. આ દૂધે ધોઈને વ્યાજશીખે તું લેતો જા. હું હવે એટલો શ્રીમંત છું, સમર્થ છું કે મને દેણું દેવામાં કાંઈ લાગે-વળગે, કાંઈ મને અસર થાય એવું નથી. ઠીક !

શ્રીમંત માણસને શું અસર થાય ? કોઈના પાંચ હજાર, દસ હજાર જમે રહી ગયા હોય. લેવા આવે તો ખુશીથી લઈ જાવ. અહીંયાં લાખો પડ્યા છે. તમારા વ્યાજ ગણીને, ચક્રવૃદ્ધિ વ્યાજ ગણીને જેવી રીતે લઈ જવા હોય એ રીતે ખુશીથી લઈ જાવ. એને દુઃખ થાય કાંઈ ? જરાય ન થાય. ખુશી થાય કે એટલું મારા માથેથી દેણું ઓછું થયું ને. સારું થયું. હું તો તમને ગોતતો હતો. તમે જડતા નહોતા. કાંઈક વયા ગયા હતા ? કે હા ભાઈ ! હું પરદેશ ગયો હતો. હું તો તમને ગોતતો હતો. સારું થયું તમે આવ્યા, નહિતર ગમે ત્યાંથી ગોતીને મારે પહોંચાડવા પડત. શું કરે ? ગોતીને આપી દે. ઉદીરણા કરીને આપી દે. કર્મને કેવી રીતે ખેરવે છે ? ઉદીરણા કરે છે કે નહિ જ્ઞાની ? એવી રીતે. એ તો એમાં એને કોઈ તકલીફ છે નહિ. પ્રારબ્ધને ભોગવવામાં જ્ઞાનીને કોઈપણ પ્રકારની ઉપાધિ નથી, કોઈપણ પ્રકારની એને વિષમતા થતી નથી. એમ છે, લ્યો !

**'અનેક પ્રકારના સંગ-પ્રસંગમાં પ્રવર્તવું પડે એવું પૂર્વે કોઈ પ્રારબ્ધ ઉપાર્જન કર્યું છે, જે સમપરિણામે વેદન કરીએ છીએ, તથાપિ હજુ પણ તે કેટલાક વખત સુધી ઉદયજોગ છે,...'** હજી આ લંબાશે એમ લાગે છે. છૂટવું છે તે હજી નહિ છૂટાય એવું લાગતા **'એમ જાણી ક્વચિત્ ખેદ પામીએ છીએ,...'** આ આમ ને આમ કેટલુંક લંબાશે ? આ મારે છોડવું છે અને છૂટે એવું દેખાતું નથી. લંબાય એવું દેખાય છે. તો એ વાત એમને પસંદ નથી. એટલે કે હોંશથી કોઈ પ્રારબ્ધને ભોગવે છે એ વાત તો છે જ નહિ.

**'ક્વચિત્ ખેદ પામીએ છીએ, ક્વચિત્ વિશેષ ખેદ પામીએ છીએ;...'** એ પ્રારબ્ધનો નહિ. પોતાને ભિન્ન પડવું છે એ પ્રસંગ આવતો નથી એ જોઈને. **'અને તે ખેદનું કારણ વિચારી જોતાં...'** આ કેમ ખેદ થાય છે ? આત્માને પોતાપણું નથી તો પછી છોડવામાં એને વાંધો શું ? તો કહે છે, **'પરાનુકંપારૂપ જણાય છે.'** બીજાની અનુકંપા આવી જાય છે એ વખતે. એમાં શું હતું કે એક તો એમના પરિવારમાં સૌથી મોટા એ હતા. બંને ભાઈમાં. એટલે કુટુંબનો આર્થિક બોજો એમના ઉપર આવી ગયો. એટલે એમાં પણ કુટુંબની અનુકંપા, કુટુંબના સભ્યોની અનુકંપાનો સવાલ ઊભો થતો હતો. બીજો પ્રશ્ન એ હતો કે એમની વિચિક્ષણતા જોઈને જે Financing partner હતા. જેની મૂડી રોકાતી હતી એ લોકોએ સાહસ કરેલું. હવે જો આ છોડી દે તો ઓલા બધાના તો મોતિયા જ મરી જાય કે આપણે આને હિસાબે બધું મંડાણ કર્યું. હવે આ તો આના વહાણમાં બેઠા પછી આ તો આપણને મધદરિયે ડૂબાડવા બેઠા. શું કહે ?

આ તો વહાણ બેઠા, દરિયામાં લઈ ગયા હવે અડધે દરિયે એમ કહે છે કે હું તો નીકળી જાવ છું. આપણું વહાણ ડૂબાડવાની વાત થઈ જાય. એના તો પરિણામ એટલા બધા બગડી જાય કે જેની સીમા રહે નહિ. એની અનુકંપા દેખાય છે. અને સંભવ છે, નુકસાની જવાનો સંભવ પણ હતો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ વાત પણ સાચી છે. પણ એટલી સમજણ નહોતી. ભાગીદારોમાં એમાં ખાસ કરીને જેનાથી જોડાણા હતા એમાં એમના જે કાકાજી સસરા હતા. એમને સંયોગની અને પૈસાની પક્કડ ઘણી હતી. એમના દેહાંત પછી તો Court માં ગયા છે. છૂટા પડવામાં Court ગયા છે. એટલું બધું થયું. ઘણું સામે સામે એકબીજાને મનદુઃખ થઈ ગયા છે. એ લોકોની સંયોગ ઉપર પક્કડ ઘણી હતી. એટલે એને તો એટલો બધો દ્વેષ થઈ જાય. જો આ અધવચ્ચ મૂકે દ્યે તો. એટલો બધો દ્વેષ થઈ જાય.. એટલો બધો દ્વેષ થઈ જાય કે આણે આપણને પાયમાલ કરી નાખ્યા. આપણી જિંદગી આખી બગાડી નાખી. આખી જિંદગીમાં જેટલું ભેગુ કર્યું હતું આને હિસાબે ટળી ગયું બધું. એને એમ લાગે. અતિશય દ્વેષ થઈ જાય. એક સત્પુરુષ ઉપર સામાન્ય દ્વેષ પણ કરવા યોગ્ય નથી, એને પૂરેપૂરો દ્વેષ, દુશ્મન જેટલો દ્વેષ થઈ જાય. એટલે એની તો અનુકંપા કરી છે એમણે.

**'પરાનુકંપારૂપ જણાય છે. હાલ તો તે પ્રારબ્ધ...'** બીજું, વ્યવહારિક પ્રમાણિકતા પણ એ હતી કે એના હિસાબે ઓલા લોકો જોડાણા હતા. એટલે એને તો નિભાવે જ છૂટકો પછી તો. પછી તો એક માણસ પગાર લઈને કામ ન કરે એના જેવું થાય એ તો પછી. પગાર લેવો છે અને કામ કરવું નથી. એ વાત પ્રમાણિક તો નથી. એના જેવું થઈ જાય.

મુમુક્ષુ :- ધંધાના પ્રેરક પોતે હતા.

પૂજ્ય ભાઈશ્રી : હા. પોતે જ હતા. કોઈ કોઈ Line તો એમણે બતાવેલી હતી. આ ધંધો નહિ ને આ ધંધો કરવા જેવો છે. આ કામ નહિ ને આ કામ કરવા જેવું છે. ઉઘાડ બહુ હતો ને એ તો. એટલે એ તો બીજા કરતા વધારે સમજી શકતા હતા કે આમ નહિ ને આમ કરવું જોઈએ.. આમ નહિ ને આમ કરવું જોઈએ. બહુ ઉઘાડ હતો. એમનો એક દસ્તાવેજ વાંચ્યો હતો. Commission agent તરીકેનો. Terms & condition નો. 'વવાણિયા'માં. ઉઘાડ જ બહુ હતો એમનો તો. ઘણો ઉઘાડ હતો. એને ત્યાં કામ કરે એ બીજે જાય નહિ. એટલી બધી સામાને પ્રતીતિ થઈ જાય. આપણને ઘરાક તરીકે આવો કોઈ વેપારી મળે નહિ એવું લાગે એને. આડતિયો મળે

નહિ. એટલી બધી વિચિક્ષણતા હતી. ખરીદી આવી રીતે કરીએ છીએ, વેચારણ આવી રીતે કરીએ છીએ. આટલું ધ્યાન રાખીએ છીએ. ખર્ચમાં આ રીતે ધ્યાન રાખીએ છીએ. ઓછો ખર્ચ આવી રીતે લાગે. કેટલો એનો ક્ષયોપશમ. એક વિષય હાથમાં આવે તો એટલો બધો ઉઘાડ હતો. ચારે બાજુ ઝીણામાં ઝીણી વાત ઉપર બહુ જાણકારી કરી શકતા હતા. એ તો અસાધારણ માણસ હોય એ જ એવું કરી શકે. એવી વાત હતી.

'**હાલ તો તે પ્રારબ્ધ સ્વાભાવિક ઉદય પ્રમાણે વેદન કર્યા સિવાય અન્ય ઇચ્છા ઉત્પન્ન થતી નથી, તથાપિ તે ઉદયમાં બીજા કોઈને સુખ, દુઃખ,...**'નું કારણરૂપે ભાસીએ છીએ. કોઈને '**રાગ, દ્વેષ,...**'ના કારણરૂપે ભાસીએ છીએ. કોઈને '**લાભ,...**' નુકસાનના '**કારણરૂપે બીજાને ભાસીએ છીએ.**' આવી પણ એક પરિસ્થિતિ બને છે. અને એ પરિસ્થિતિ વગર કારણે બને છે એટલે થોડું દુઃખ થાય છે કે અમે તો જ્ઞાતા-દ્રષ્ટા છીએ અને બીજા અમને કારણ-કાર્યમાં લઈ જાય છે.

'**તે ભાસવાને વિષે લોક પ્રસંગની વિચિત્ર ભ્રાંતિ જોઈ ખેદ થાય છે.**' આ તો શું છે કે કોઈપણ પરિસ્થિતિમાં ધર્મ કરી શકાય છે એ મુદ્દો બહુ સારો નીકળે છે આખા પત્રમાંથી. કોઈપણ પ્રકારનું, કોઈપણ જીવને પૂર્વ પ્રારબ્ધ હોય તોપણ એ જીવ પોતે ધર્મ પ્રાપ્ત કરી શકે છે. એને પોતાને ભિન્નપણું થવું જોઈએ. માલિકીપણું છૂટવું જોઈએ. પછી વાંધો નથી. એ પોતાની દશાથી એમણે દર્શાવી દીધું છે. '**તે ભાસવાને વિષે લોક પ્રસંગની વિચિત્ર ભ્રાંતિ જોઈ ખેદ થાય છે.**' કેમ ખેદ થાય છે ?

'**જે સંસારને વિષે સાક્ષી કર્તા તરીકે મનાય છે, તે સંસારમાં તે સાક્ષીએ સાક્ષીરૂપે રહેવું, અને કર્તા તરીકે ભાસ્યમાન થવું એ બેધારી તરવાર ઉપર ચાલવા બરાબર છે.**' હવે પોતે સાક્ષી થઈ ગયા, જ્ઞાતા-દ્રષ્ટા થઈ ગયા. સાક્ષી કહો, કે જ્ઞાતા-દ્રષ્ટા કહો કે સમપરિણામ કહો, એ બધી એક જ વાત છે. તો કહે છે, અમે તો સાક્ષી થઈ ગયા છીએ. અને અમે સાક્ષી હોવા છતાં બીજા એને કર્તા માને છે. કર્તા માનીને કોઈ રાગ કરે છે તો કોઈ દ્વેષ કરે છે. કોઈ લાભનું કારણ માને છે, કોઈ નુકસાનનું નિમિત્ત સમજે છે. કોઈને એમ લાગે છે કે આ અમને સુખ આપે છે, તો કોઈ સમજે છે કે આ જ અમને દુઃખ આપે છે. સાક્ષી તરીકે રહેવું અને કર્તા તરીકે મનાવું, ભાસ્યમાન થવું. આ વાત જરા (અઘરી છે). અહીંયાં સમતોલપણું જાળવવું, આ જગ્યાએ સમતોલપણું જાળવવું એ વેપારમાં જ્ઞાતા-દ્રષ્ટા રહેવું એના કરતા વધારે કઠણ છે. વેપારમાં તો જ્ઞાતા-દ્રષ્ટા રહી ગયા પણ હવે જ્યારે કોઈ આરોપ કરવા માંડે ત્યારે જ્ઞાતા-દ્રષ્ટાપણે રહેવું, આ જરા બેધારી તરવાર ઉપર ચાલવા બરાબર છે.

'**એમ છતાં પણ કોઈને ખેદ, દુઃખ, અલાભનું કારણ તે...**' પ્રતિકૂળતા. કેવા

બોલ લીધા ? ઓલા અનુકૂળતાના છોડી દીધા. **'એમ છતાં કોઈને ખેદ, દુઃખ, અલાભ...'** એટલે નુકસાનનું કારણ **'તે સાક્ષીપુરુષ ભ્રાંતિગત લોકોને ન ભાસે તો તે પ્રસંગમાં તે સાક્ષીપુરુષનું અત્યંત વિકટપણું નથી.'** કોઈને લાભનું કારણ દેખાય ત્યાં સુધી તો કાંઈ વિકટપણું નથી પણ નુકસાનનું કારણ દેખાય ત્યારે થોડું વિકટપણું થઈ જાય છે. એના ઉપર આરોપ આવી જાય છે કે આ તમે અમને આમ કરાવ્યું, આ તમે અમને નુકસાન કરાવ્યું. આ નુકસાન તમારે હિસાબે અમારે થયું છે. એવું જ્યારે સાક્ષીપુરુષને વિષે ભાસે છે ત્યારે **'તે સાક્ષીપુરુષનું અત્યંત વિકટપણું નથી.'** તેવા પ્રસંગમાં તે સાક્ષીપુરુષનું અત્યંત વિકટપણું નથી.

**'અમને તો અત્યંત અત્યંત વિકટપણાના પ્રસંગનો ઉદય છે.'** લોકોને પ્રતિકૂળતાનું કારણ ન ભાસે ત્યાં સુધી વિકટપણું નથી પણ અહીં તો ભાસે છે. લોકો અમને કહે છે કે તમે આમ અમને કર્યું, અને અમને આવું નુકસાન કરાવ્યું. એવો ઉદય ઘણો છે. આ વખતે બીજા લોકોને રોષ થાય, દ્વેષ થાય, દુઃખનું નિમિત્ત ભાસે એવો ઉદય બહુ છે એમ કહે છે. અત્યંત છે એમ લખે છે. **'અમને તો અત્યંત અત્યંત વિકટપણાના પ્રસંગનો ઉદય છે. એમાં પણ ઉદાસીનપણું...'** અમારું તો છે. ઠીક ! **'એમાં પણ ઉદાસીનપણું એ જ સનાતન ધર્મ જ્ઞાનીનો છે.'** એ પ્રસંગ પણ પૂર્વપ્રારબ્ધમાં જ સરવાળે તો સમાય છે. એ પ્રસંગ પણ કાંઈ પ્રારબ્ધ બહારનો તો નથી જ. માટે એમાં પણ ઉદાસ થવું, એ પણ મારું નથી. એમ કોઈ આરોપ લગાવે તોપણ આ આત્માને કાંઈ લેવા-દેવા નથી. એનાથી પણ ભિન્નપણું અનુભવ કરવું અને ઉદાસ થઈ જવું. એ જ સનાતન ધર્મ જ્ઞાનીનો છે. ધર્મનો અર્થ અહીંયાં આચરણ લેવો. એ જ ધર્મનો અર્થ પોતે કૌંસમાં કર્યો છે કે ધર્મ એટલે આચરણ.

સિદ્ધાંત શું અમે ગ્રહણ કર્યો છે ? છેલ્લી વાત સિદ્ધાંતની લીધી. **'એક વાર એક તણખલાના બે ભાગ કરવની ક્રિયા કરી શકવાની શક્તિ પણ ઉપશમ થાય...'** ભિન્નપણું જાણીને એનો રસ તૂટી જાય કે આ આત્મા એક તણખલાના બે કટકા કરી શકે એવું નથી. પછી જોર ન આવે એનું. કોઈ કામ કરવાનું જોર ન આવે. કરી શકતો નથી ને પછી ક્યાંથી આવે ? કેડ ભાંગી ગઈ હોય. શું કરે ? ભાઈ ! આપણે કાંઈ કરી શકીએ એમ નથી. મૂકો વાત પડતી. આપણાથી કાંઈ થાય એવું નથી. થવું હોય એ થાય, ન થવું હોય એ ન થાય. આપણે કાંઈ કરી શકવાના નથી. આ એવી રીતે આત્માને પરપદાર્થના ઉદયના કાર્યોમાં પાંગળો જોવે છે.

**'ત્યારે જે ઈશ્વરેચ્છા હશે...'** એટલે જેમ થવાનું કુદરતના ક્રમમાં થવાનું હશે એમ

થશે. જે થવાનું હશે એમાં મારે કાંઈ લેવા દેવા નથી. એમ પોતાપણું છોડીને વાત છે, હોં ! પોતાપણું રાખીને જેમ થવાનું હશે એ વાત નથી પણ પોતાપણું છોડીને જેમ થવાનું હશે તેમ થશે.

એ રીતે આખા પત્રમાં એમણે એક સિદ્ધાંતિક રીતે જોઈએ તો પરપદાર્થની ભિન્નતા પણ લઈ લીધી છે અને સિદ્ધાંતિક રીતે જોઈએ તો ક્રમબદ્ધપર્યાય પણ લઈ લીધી છે કે જે જે કાળે, જે જે પ્રારબ્ધ ઉદય આવે તે તે કાળે એમાં હાનિવૃદ્ધિ કરવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે કરી શકાતી નથી. એટલે ક્રમબદ્ધ પણ આવી જાય છે, ભિન્નપણું પણ આવી જાય છે, ભિન્નપણાના ફળ સ્વરૂપે જ્ઞાતા-દ્રષ્ટાપણું છે એ પણ આવી જાય છે. એમ અધ્યાત્મના બહુ સુંદર સિદ્ધાંતો એક પત્રમાં આવ્યા છે.

'સોગાનીજી'ને આ પત્ર દેખાડ્યો હતો. મને તો આ પત્રમાં બહુ રસ હતો. પહેલેથી જ અહીંથી જ વધારે પ્રશ્ન ઉઠેલા. પછી આ પત્ર એમને વંચાવ્યો. પુસ્તક ખોલીને આપ્યું ઠવણી ઉપર મૂકીને. જરા વાંચો જોઈ. મનમાં વાંચી ગયેલા. આખો પત્ર પહેલા મનમાં વાંચી ગયેલા. પછી બહુ પ્રશંસા કરી. એ આપણે લખ્યું છે. યાદ આવ્યું એ જ લખ્યું છે.

મુમુક્ષુ :- એમની પણ એ જ સ્થિતિ હતી ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બિલકુલ એ જ સ્થિતિ હતી. એની પોતાની પણ આ જ સ્થિતિ હતી. ક્યા તત્ત્વ ભર દિયા હૈ ઈસમેં ! કિતના તત્ત્વ રખ દિયા ઈસમેં ! એક પત્રની અંદર ઘણું તત્ત્વ ભર્યું છે. નજર પડે ને. એ તો પોતાનો અનુભવ છે. પત્રની ઉપર કોઈ ચર્ચા-વિશ્લેષણ કરવાની જરૂર ન પડે. વાંચ્યા પછી એનો અભિપ્રાય જે નીકળે એમાં બધું આવી જાય. બહુ પ્રમોદથી વાત કરતા હતા. એક આવા પત્રની અંદર કેટલું તત્ત્વ ભરી દીધું છે ! ગુજરાતી તો વાંચી શકતા હતા ને. એટલે બરાબર વાંચી શકતા હતા, સમજી શકતા હતા.

મુમુક્ષુ :- અભ્યાસ ઘણો હતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અને એ રીતે જેને જે કામમાં રસ પડે છે એ કામ પછી શીખવામાં વાંધો નથી આવતો. રસ પડે ત્યાં શીખવામાં તકલીફ નથી પડતી. જ્યાં રસ ન હોય ત્યાં પછી તકલીફ ઊભી થાય છે.

મુમુક્ષુ :- હાથનું લખેલ વાંચતા હતા ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે. અહીં સુધી રાખીએ.

**પત્રાંક-૯૨૨**

**વવાણિયા, વૈશાખ વદ ૯, બુધ, ૧૯૫૬**

**ૐ**

**સાણંદથી મુનિશ્રીએ શ્રી અંબાલાલ પ્રત્યે લખાવેલું પત્ર સ્તંભતીર્થથી આજે અત્રે મળ્યું.**

**નડિયાદ અને વસો ક્ષેત્રે ચાતુર્માસ ત્રણ ત્રણ મુનિઓની સ્થિતિરૂપે હોય તોપણ શ્રેયસ્કર જ છે.**

**ૐ પરમ શાંતિઃ**

## તા. ૧૧-૧૧-૧૯૯૨, પત્રાંક-૯૨૨ થી ૯૨૮
## પ્રવચન નં. ૪૨૯

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૯૨૨. પાનું-૬૪૮. 'લલ્લુજીમુનિ' ઉપરનો પત્ર છે. '**સાણંદથી મુનિશ્રીએ શ્રી અંબાલાલ પ્રત્યે લખાવેલું પત્ર સ્તંભતીર્થથી આજે અત્રે મળ્યું.**' 'લલ્લુજી'એ જે પત્ર 'અંબાલાલભાઈ'ને લખેલો તેની પહોંચ લખી છે કે 'ખંભાત' થઈને 'અંબાલાલભાઈ'એ એ પત્ર અહીંયાં 'વવાણિયા' મોકલી આપ્યો છે. એની પહોંચ લખી છે એમણે. '**નડિયાદ અને વસો ક્ષેત્રે ચાતુર્માસ ત્રણ ત્રણ મુનિઓએ સ્થિતિરૂપે હોય તોપણ શ્રેયસ્કર જ છે.**' આગળ પણ બે ભાગમાં વહેંચાઈ જવાની વાત લખી છે. એ વાત સ્પષ્ટ કરી છે. એક Post card માં ખાલી એટલી વાત છે. '**ૐ પરમ શાંતિઃ**'

**પત્રાંક-૯૨૩**

**વવાણિયા, વૈશાખ વદ ૯, બુધ, ૧૯૫૬**

**ૐ**

**આજે પત્ર સંપ્રાપ્ત થયું.**

**સાથેના પત્રનો ઉત્તર-પત્રાનુસાર ક્ષેત્રે આજે ગયો છે. શરીર પ્રકૃતિ ઉદયાનુસાર-સહજ આરોગ્યતા પર. શાંતિઃ**

પછી ૯૨૩મા પત્રમાં પણ એક લીટીનો પત્ર છે. 'અંબાલાલભાઈ' ઉપરનો.

**‘આજે પત્ર સંપ્રાપ્ત થયું. સાથેના પત્રનો ઉત્તર-પત્રાનુસાર ક્ષેત્રે આજે ગયો છે. શરીર પ્રકૃતિ ઉદયાનુસાર-સહજ આરોગ્યતા પર.’** એ વખતની શરીરની સ્થિતિ થોડી નરમ-ગરમ ચાલે છે. અત્યારે કાંઈક ઠીક છે એમ કહેવું છે. એનો કોઈ પત્ર છે. જેના ઉપર લખ્યો છે એને મોકલી આપ્યો છે. એની એક નકલ આપી છે. ‘**સાથેના પત્રનો ઉત્તર**’ પત્ર જે આવ્યો છે એ પત્ર મોકલ્યો છે. ઉત્તર પોતે સીધો લખી નાખ્યો છે. ‘અંબાલાલભાઈ’ બધા પત્રો રાખતા હતા. એટલે એમને મોકલી આપ્યો છે.

**પત્રાંક-૯૨૪**

**વવાણિયા, વૈશાખ વદ ૧૩, શનિ, ૧૯૫૬**

**ૐ**

**આર્ય મુનિવરોના ચરણકમળમાં યથાવિધિ નમસ્કાર પ્રાપ્ત થાય. વૈશાખ વદી ૭ સોમવારનું લખેલું પત્ર સંપ્રાપ્ત થયું.**

**નડિયાદ, નરોડા અને વસો તથા તે સિવાય બીજું કોઈ ક્ષેત્ર જે નિવૃત્તિને અનુકૂળ તથા આહારાદિ સંબંધી સંકોચ વિશેષવાળું ન હોય તેવા ક્ષેત્રમાં ત્રણ ત્રણ મુનિઓએ ચાતુર્માસ કરતાં શ્રેય જ છે.**

**આ વર્ષ જ્યાં તે વેષધારીઓની સ્થિતિ હોય તે ક્ષેત્રે ચાતુર્માસ કરવું યોગ્ય નથી. નરોડામાં આરજાઓનું ચાતુર્માસ તે લોકો તરફનું હોય તે છતાં તમને ચાતુર્માસ કરવું ત્યાં અનુકૂળ દેખાતું હોય તો પણ અડચણ નથી; પરંતુ વેષધારીની સમીપના ક્ષેત્રમાં પણ હાલ બનતા સુધી ચાતુર્માસ ન થાય તો સારું.**

**એવું કોઈ યોગ્ય ક્ષેત્ર દેખાતું હોય કે જ્યાં છયે મુનિઓ ચાતુર્માસ રહેતાં આહારાદિનો સંકોચ વિશેષ ન હોઈ શકે તો તે ક્ષેત્રે ચાતુર્માસ છયે મુનિઓએ કરવામાં અડચણ નથી, પણ જ્યાં સુધી બને ત્યાં સુધી ત્રણ ત્રણ મુનિઓએ ચાતુર્માસ કરવું યોગ્ય છે.**

**જ્યાં ઘણા વિરોધી ગૃહવાસી જન કે તે લોકોના રાગદૃષ્ટિવાળા હોય ત્યાં અથવા જ્યાં આહારાદિનો જનસમૂહનો સંકોચભાવ રહેતો હો ત્યાં ચાતુર્માસ યોગ્ય નથી. બાકી સર્વ ક્ષેત્રે શ્રેયકારી જ છે.**

**આત્માર્થીને વિક્ષેપનો હેતુ શું હોય ? તેને બધું સમાન જ છે. આત્મતાએ વિચરતા એવા આર્ય પુરુષોને ધન્ય છે ! ૐ શાંતિઃ**

૯૨૪મો પત્ર છે 'લલ્લુજીમુનિ' ઉપરનો. **'આર્ય મુનિવરોના ચરણકમળમાં યથાવિધિ નમસ્કાર પ્રાપ્ત થાય. વૈશાખ વદ ૭ સોમવારનું લખેલું પત્ર સંપ્રાપ્ત થયું.'** તેરશે જવાબ આપે છે ને ? સાતમનું પત્ર મળી ગયું છે. **'નડિયાદ, નરોડા અને વસો...'** 'નરોડા' લ્યો ! 'નરોડા'માં કોઈ સારી રાત્રિ ચર્ચા થઈ હતી. એ બાબતમાં ઉલ્લેખ કરેલો 'મનસુખલાલ કિરતચંદભાઈ'ને. જરા વિશેષ ખ્યાલમાં રાખી લેજો. 'નરોડા' છે 'અમદાવાદ' પાસે. રખિયાલ. અત્યારે તો પરુ થઈ ગયું છે. પહેલા નાનું ગામ હતું. અત્યારે તો 'અમદાવાદ'ના પરામાં આવી ગયું છે. 'નરોડા'માં છે, ત્યાં અત્યારે 'શ્રીમદ્ રાજચંદ્ર'ની સંસ્થા એક સ્થપાયેલી છે.

**'નડિયાદ, નરોડા અને વસો તથા તે સિવાય બીજું કોઈ ક્ષેત્ર જે નિવૃત્તિને અનુકૂળ તથા આહારાદિ સંબંધી સંકોચ વિશેષવાળું ન હોય તેવા ક્ષેત્રમાં ત્રણ ત્રણ મુનિઓએ ચાતુર્માસ કરતાં શ્રેય જ છે.'** એક સાથે છ જણાએ જવું એના કરતા બે ગામમાં ત્રણ-ત્રણ જો વહેંચાય જાય તો સમાજ ઉપર એટલું ભારણ ન આવે. **'આ વર્ષ જ્યાં તે વેષધારીઓની સ્થિતિ હોય...'** સાધુ ન કીધા. **'આ વર્ષ જ્યાં તે વેષધારીઓની સ્થિતિ હોય તે ક્ષેત્રે ચાતુર્માસ કરવું યોગ્ય નથી.'** સામે સામા. કારણકે પછી કેટલાક માણસો તો ત્યાંની વાત ત્યાં અને ત્યાંની વાત ત્યાં લઈ જાય. એટલે જ્યાં એ લોકો હોય ત્યાં તમારે ચાતુર્માસ ન કરવો. ન હોય એવા ગામમાં ચાતુર્માસ કરવો.

**'આરજાઓનું ચાતુર્માસ તે લોકો તરફનું હોય તે છતાં તમને ચાતુર્માસ કરવું ત્યાં અનુકૂળ દેખાતું હોય તો પણ અડચણ નથી; પરંતુ વેષધારીની સમીપના ક્ષેત્રમાં પણ હાલ બનતા સુધી ચાતુર્માસ ન થાય તો સારું.'** નજીકના ગામમાં હોય તોપણ માણસો બે-પાંચ માઈલ, દસ માઈલમાં આવાગમન કરે છે. બે દિ' અહીંયાં આવે, બે દિ' ત્યાં જાય. પછી ત્યાંની વાત અહીંયાં મૂકે, અહીંની વાત ત્યાં મૂકે. ક્લેશનું કારણ થાય.

મુમુક્ષુ :- ચાર-ચાર, પાંચ-પાંચ મહિના ચાતુર્માસ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. વૈશાખ, જેઠ. એ બે મહિના જ આમ તો બાકી રહ્યા ને.

મુમુક્ષુ :- ચૈત્રમાં આવી ગયા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચૈત્રમાં આવી ગયા છે. બે-ત્રણ મહિના અગાઉ ચર્ચા કરી લીધી છે. વાતાવરણ જરાક ડહોળાયેલું હશે. એ દિવસોમાં વાતાવરણ ડહોળાયેલું હશે એટલે અગાઉથી જ વિચાર કરવો પડે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પહેલાં એવું હતું. ચાર-પાંચ ગાઉ સુધી તો માણસ ચાતુર્માસ કરવા કોઈ સાધુ આવ્યા હોય તો સાંભળવા જાય. બરાબર છે.

'**એવું કોઈ યોગ્ય ક્ષેત્ર દેખાતું હોય કે જ્યાં છયે મુનિઓ ચાતુર્માસ રહેતા આહારાદિનો સંકોચ વિશેષ ન હોઈ શકે તો તે ક્ષેત્રે ચાતુર્માસ છયે મુનિઓએ કરવામાં પણ અડચણ નથી. પણ જ્યાં સુધી બને ત્યાં સુધી ત્રણ-ત્રણ મુનિઓએ ચાતુર્માસ કરવું યોગ્ય છે.**' એટલે સમાજ ઉપર છ જણાનો આહારનો બોજો ન આવે. '**જ્યાં ઘણા વિરોધી ગૃહસ્થ...**' નાનું ગામ હોય પાછું. ઘર થોડા હોય. '**જ્યાં ઘણા વિરોધી ગૃહવાસી જન કે તે લોકોના રાગદૃષ્ટિવાળા હોય ત્યાં અથવા જ્યાં આહારાદિનો જનસમૂહનો સંકોચભાવ રહેતો હયો ત્યાં ચાતુર્માસ યોગ્ય નથી.**' એ લોકોના રાગવાળા હોય અને તમારા વિરોધી હોય ત્યાં પણ ન કરવો. અને જ્યાં આહારનો સંકોચ હોય એવા લોકો હોય, ભલે પક્ષપાતી ન હોય ત્યાં પણ ન કરવો. '**બાકી સર્વ ક્ષેત્રે શ્રેયકારી જ છે.**' આટલી એક સૂચના આપી છે.

મુમુક્ષુ :- કેટલી સૂચના આપી છે !

પૂજ્ય ભાઈશ્રી :- હા. નાનામાં નાની બાબતમાં. ઓલા લોકોનું પણ એવું હતું. એકદમ આજ્ઞાએ ચાલવા માગતા હતા. આપની આજ્ઞા હોય એ પ્રમાણે અક્ષરશઃ ચાલવું છે. એટલે અગાઉથી પૂછાવે એ બાબતમાં.

'**આત્માર્થીને વિક્ષેપનો હેતુ શું હોય ? તેને બધું સમાન જ છે. આત્મતાએ વિચરતા એવા આર્ય પુરુષોને ધન્ય છે !**' જે આત્માર્થી છે એ તો એવા પ્રયોગમાં લાગેલો છે કે ગમે તે પરિસ્થિતિને રાગ-દ્વેષનું નિમિત્ત હોય તોપણ એને જ્ઞાતાભાવે જોવાનો પ્રયત્ન કરે છે. એટલે એને વિક્ષેપનો શું હેતુ હોય ? એ તો એમ વિચારે કે પૂર્વકર્મ કોઈ એવું હશે અત્યારે. એ પ્રકારનું કોઈ પૂર્વકર્મ હશે તો કોઈને આમ સૂઝ્યું, કોઈને આમ સૂઝ્યું. એનો અપરાધ એને. પણ અહીંયાં તો માત્ર પૂર્વકર્મ સિવાય અને ભિન્નતા સિવાય બીજું કાંઈ વિચારવાનું રહેતું નથી. '**ૐ શાંતિઃ**' તત્ત્વનો વિષય નથી ચાલ્યો. આ રીતે બહારની સૂચનાઓનો વિષય ચાલ્યો છે.

## પત્રાંક-૯૨૫

**વવાણિયા, વૈશાખ વદ ૦)), સોમ, ૧૯૫૬**

**ૐ**

**આર્ય મુનિવરોને અર્થે અવિક્ષેપપણું સંભવિત છે. વિનયભક્તિ એ**

**મુમુક્ષુઓનો ધર્મ છે.**

**અનાદિથી ચપળ એવું મન સ્થિર કરવું. પ્રથમ અત્યંતપણે સામું થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી. ક્રમે કરી તે મનને મહાત્માઓએ સ્થિર કર્યું છે, શમાવ્યું-ક્ષય કર્યું એ ખરેખર આશ્ચર્યકારક છે.**

૯૨૫. 'મુનિશ્રી લલ્લુજી'. **'આર્ય મુનિવરોને અર્થે અવિક્ષેપપણું સંભવિત છે. વિનયભક્તિ એ મુમુક્ષુઓનો ધર્મ છે.'** મુનિવરોને અવિક્ષેપપણું એટલે ક્યાંય હવે વાતાવરણ ગમે તેવું હોય તોપણ બહુ વિક્ષેપ, માનસિક વિક્ષેપમાં રહેવા યોગ્ય નથી. **'વિનયભક્તિ એ મુમુક્ષુઓનો ધર્મ છે.'** વિનય અને ભક્તિ આ તો મુમુક્ષુઓને ઓછામાં ઓછા હોવા જોઈએ. **'અનાદિથી ચપળ એવું મન સ્થિર કરવું.'** બહુ ચંચળતા ન રાખવી. **'પ્રથમ અત્યંતપણે સામું થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી.'** અને એ મનને સ્થિર કરવા જતા એ સામું થાય એ બનવાજોગ છે. અને એ તો જે પ્રયોગે ચડે છે એને પોતાના જે જે પ્રકારના વિભાવો ઘર કરી ગયા છે એ બધા સામે આવીને ઊભા રહે. જે જે માન્યતા થઈ ગઈ છે, જે જે અભિપ્રાય બંધાઈ ગયા છે એ બધા સામે આવીને ઊભા રહે. અને એને તોડવા માટે આત્માર્થીનું તે ભૂમિકાનું બળ ત્યાં પ્રયોગ થાય છે. બળનો પ્રયોગ ત્યાં થાય છે. તો એ મટે છે. બળનો પ્રયોગ ન થાય તો એ જોર કરી જાય છે.

**'અનાદિથી ચપળ એવું મન સ્થિર કરવું. પ્રથમ અત્યંતપણે સામું થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી. ક્રમે કરીને તે મનને મહાત્માઓએ સ્થિર કર્યું છે, શમાવ્યું-ક્ષય કર્યું એ ખરેખર આશ્ચર્યકારક છે.'** સરવાળે પુરુષાર્થ કરીને મહાત્માઓએ તે મન ઉપર પણ વિજય મેળવ્યો છે અને એ આશ્ચર્યકારક છે. કેમકે મન એટલું ચંચળ અને ચપળ છે કે એને રોકવાનો વિચાર થાય એ પહેલાં તો એ ઘણું આગળ નીકળી ગયું હોય છે. એવી પરિસ્થિતિ હોય છે.

મુમુક્ષુ :- મન ખરેખર તો આત્માનું પોતાનું પરિણમન છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ આત્માનું પરિણમન જ છે. પાંચ ઇન્દ્રિય સિવાયનું મન સાથેના જોડાણવાળું. દ્રવ્યમન સાથેના જોડાણવાળો આત્માનો જ્ઞાન અને આચરણનો, વીર્યનો, પુરુષાર્થનો જે ક્ષયોપશમભાવ છે, ક્ષયોપશમભાવે એ પર્યાય છે. એમાં મુખ્ય કરીને જ્ઞાન છે. એ પુરુષાર્થની ઊંધી દિશા છે અને આચરણ છે. ચારિત્રનો પણ ક્ષયોપશમ છે, જ્ઞાનનો પણ ક્ષયોપશમ છે અને વીર્યનો પણ ક્ષયોપશમ છે.

મુમુક્ષુ :- પરિણતિ પ્રમાણે મન...

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ પ્રમાણે પણ હોય છે. બહુભાગ તો પરિણતિ અનુસાર જ જાય છે. પણ એ જે કાર્ય કરે છે એ પરિણતિને વધારે મજબૂત કરે છે. એ પરિણતિ અને ઉપયોગ એકબીજાના પૂરક થાય છે. એટલે ભેદજ્ઞાનનો પ્રયોગ કરતા હોય, રાગથી ભિન્ન જ્ઞાનમય આત્માનો જે પ્રયોગ ચાલતો હોય ત્યાં મનનો જય થવો સંભવિત છે. બહુ સારી એવી Practice થઈ હોય તેને. પ્રારંભમાં તો એ વાત થોડી કઠણ લાગે પણ જો સારી એવી ભેદજ્ઞાનની Practice ચાલતી હોય તો મનનો જય થવો સંભવિત છે. એવું નથી કે મન કાબુમાં ન જ આવે અને ન જ રહે. એવું કાંઈ નથી. એટલો આત્માનો પુરુષાર્થ. ૯૨૫ થયો.

**પત્રાંક-૯૨૬**

**વવાણિયા, વૈશાખ વદ ૦)), સોમ, ૧૯૫૬**

**ૐ**

**મુનિઓને અર્થે અવિક્ષેપપણું જ સંભવિત છે. મુમુક્ષુઓએ વિનય કર્તવ્ય છે.**

**'ક્ષયોપશમિક અસંખ્ય, ક્ષાયિક એક અનન્ય'**

**(અધ્યાત્મ ગીતા)**

**મનન અને નિદિધ્યાસન કરતાં આ વાક્યથી જે પરમાર્થ અંતરાત્મવૃત્તિમાં પ્રતિભાસે તે યથાશક્તિ લખવો યોગ્ય છે.**

**શાંતિઃ**

૯૨૬મો પત્ર 'સુખલાલ છગનલાલ' 'વીરમગામ'ના મુમુક્ષુ ઉપરનો છે. '**મુનિઓને અર્થે અવિક્ષેપપણું જ સંભવિત છે. મુમુક્ષુઓએ વિનય કર્તવ્ય છે.**' ત્યાગી હોય એના પ્રત્યે અમુક વિનય તો રાખવો જોઈએ. જે ગૃહસ્થો મુનિઓની સામે ગમે તેમ વ્યવહાર કરતા હોય તો એ તો યોગ્ય નથી. એ તો એની મુમુક્ષુની સામાન્ય ભૂમિકાને પણ યોગ્ય નથી. એટલે એ દિવસોમાં કોઈ મુમુક્ષુઓ, કહેવાતા ધાર્મિકજનો, મુમુક્ષુ એટલે એ પણ પોતાની મર્યાદા છોડીને, વિનય વગેરેની મર્યાદા છોડીને વર્તતા હશે. '**ક્ષાયોપશમિક અસંખ્ય, ક્ષાયિક એક અનન્ય.**' 'અધ્યાત્મગીતા'નું કોઈ પદ લાગે છે.

મુમુક્ષુ :- 'દેવચંદજી'નું છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'દેવચંદજી'નું છે ? ઠીક ! સંખ્યાનું માપ કોઈ પદમાં લીધું લાગે છે. ક્ષયોપશમના અસંખ્ય હોય છે, ક્ષાયિકમાં કોઈ એક અનન્ય હોય છે. એટલી બધી સંખ્યાનો મોક્ષમાર્ગની અંદર તો ક્ષયોપશમ અને ક્ષાયિકમાં અંતર લાગે છે.

**'મનન અને નિદિધ્યાસન કરતાં આ વાક્યથી જે પરમાર્થ અંતરાત્મવૃત્તિમાં પ્રતિભાસે તે યથાશક્તિ લખવો યોગ્ય છે.'** લ્યો ! પ્રશ્ન પૂછ્યો હોય એવી રીતે આ એક પંક્તિ લખી અને એના મનન અને નિદિધ્યાસનપૂર્વક જે આત્મકલ્યાણના હેતુભૂત એવી અંતરાત્મ વૃત્તિમાં જે કાંઈ પ્રતિભાસે. પરમાર્થ એટલે આત્મકલ્યાણના દૃષ્ટિકોણપૂર્વક અંતરાત્મ વૃત્તિમાં એનો જે અર્થ પ્રતિભાસે તે યથાશક્તિ તમે લખજો. આ એમની વિચારની ભૂમિકાની પરીક્ષા થઈ જાય એવો વિષય એમને માટે મૂક્યો છે. એટલે કોઈ કોઈ મુમુક્ષુઓને એવી રીતે માપતા કે આ વાત ઉપરનો વિચાર કેમ ચાલે છે ? કેટલું વિચારી શકે છે ? કેટલું સમજી શકે છે ? એટલી વાત એમણે આ મુમુક્ષુઓને પૂછાવી છે. ... દિગંબર શાસ્ત્ર એની પાસેથી મંગાવતા હતા ને ? 'સુખલાલભાઈ' પાસેથી દિગંબર શાસ્ત્ર મંગાવતા હતા. આખા પદના અનુસંધાનમાં...

મુમુક્ષુ :- નિદિધ્યાસનનો શું અર્થ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. મનન અને નિદિધ્યાસન. નિદિધ્યાસન એટલે એકાગ્રતાપૂર્વકનું ચિંતવન. એને નિદિધ્યાસન કહે છે. ખાસ કરીને વેદાંતમાં એ શબ્દ વધારે વપરાય છે. નિદિધ્યાસન શબ્દ. એ લોકો તો પછી ધ્યાનના કોઈ Stage ને પણ નિદિધ્યાસન કહે છે. પણ એ બધું વિકલ્પ જ હોય છે. મનન અને ચિંતવનનો વિકલ્પ જ હોય છે.

મુમુક્ષુ :- અખંડ ચિંતવન એવો અર્થ કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ચિંતવનનો જ એક પ્રકાર છે.

મુમુક્ષુ :- વિકલ્પવાળો ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિકલ્પ તો હોય ને. ચિંતવન હોય એમાં વિકલ્પ હોય છે. એ તો મનન સાથે જ લીધું છે ને ? મનન અને ચિંતવન. એમ.

## પત્રાંક-૯૨૭

**વવાણિયા, વૈશાખ વદ ૦)), ૧૯૫૬**

**ૐ**

**પત્ર સંપ્રાપ્ત થયું.**

**યથાર્થ જોઈએ તો શરીર એ જ વેદનાની મૂર્તિ છે. સમયે સમયે જીવ તે**

**દ્વારા એ વેદના જ વેદે છે. ક્વચિત્ શાતા અને પ્રાયે અશાતા જ વેદે છે. માનસિક અશાતાનું મુખ્યપણું છતાં તે સૂક્ષ્મ સમ્યગ્દષ્ટિવાનને જણાય છે. શારીરિક અશાતાનું મુખ્યપણું સ્થૂળ દષ્ટિવાનને પણ જણાય છે. જે વેદના પૂર્વે સુદઢ બંધથી જીવે બંધન કરી છે, તે વેદના ઉદય સંપ્રાપ્ત થતાં ઈન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્ર કે જિનેન્દ્ર પણ રોકવાને સમર્થ નથી. તેનો ઉદય જીવે વેદવો જ જોઈએ. અજ્ઞાનદષ્ટિ જીવો ખેદથી વેદે તોપણ કંઈ તે વેદના ઘટતી નથી કે જતી રહેતી નથી. સત્યદષ્ટિવાન જીવો શાંત ભાવે વેદે તો તેથી તે વેદના વધી જતી નથી, પણ નવીન બંધનો હેતુ થતી નથી. પૂર્વની બળવાન નિર્જરા થાય છે. આત્માર્થીને એ જ કર્તવ્ય છે.**

**'હું શરીર નથી, પણ તેથી ભિન્ન એવો જ્ઞાયક આત્મા છું, તેમ નિત્ય શાશ્વત છું. આ વેદના માત્ર પૂર્વકર્મની છે, પણ મારું સ્વરૂપ નાશ કરવાને તે સમર્થ નથી, માટે મારે ખેદ કર્તવ્ય જ નથી' એમ આત્માર્થીનું અનુપ્રેક્ષણ હોય છે.**

૯૨૭. 'કુંવરજી મગનલાલ' 'કલોલ'ના એક મુમુક્ષુ છે એના ઉપરનો પત્ર છે. **'પત્ર સંપ્રાપ્ત થયું. યથાર્થ જોઈએ તો શરીર એ જ વેદનાની મૂર્તિ છે.'** ખરેખર જોઈએ તો, યથાર્થ જોઈએ તો શરીર એક ગુમડું છે. આત્માને શરીર એક ગુમડું જ છે. જેમ ગુમડું વેદના આપ્યા કરે એમ આ શરીરમાં કાંઈકને કાંઈક, કાંઈકને કાંઈક સખળડખળ રહ્યા જ કરતું હોય છે. **'યથાર્થ જોઈએ તો શરીર એ જ વેદનાની મૂર્તિ છે. સમયે સમયે જીવ તે દ્વારાએ વેદના જ વેદે છે.'** શરીર મારફત બીજું કાંઈ મોટાભાગે થાતું નથી. મોટાભાગે તો શરીર મારફત વેદના વેદવાનું કાર્ય થાય છે. એમાં પણ અશાતા વેદના વેદવાનું જ કાર્ય લગભગ ચાલતું હોય છે. **'ક્વચિત્ શાતા...'** શાતા તો ક્યારેક જ. **'ક્વચિત શાતા અને પ્રાયે...'** એટલે બહુભાગ તો **'અશાતા જ વેદે છે.'** જીવ.

મુમુક્ષુ :- અશુભભાવ વધારે કરે છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વેદનીમાં તો એ જાય છે વધારે. અશુભ વધારે હોય એ.

**'માનસિક અશાતાનું મુખ્યપણું છતાં તે સૂક્ષ્મ સમ્યગ્દષ્ટિવાનને જણાય છે.'** આમ તો શું છે કે શારીરિક અશાતા કરતા આ જીવને જે સંયોગોની ચિંતા છે એ મુખ્ય છે અને એ વધારે છે. પણ એ વાત તો જેનું અંતર અવલોકન છે એને જણાય છે કે આ જીવના માનસિક પરિણામોમાં કેટલી આકુળતા છે ? કેટલું બધું દુઃખ વેદે છે ?

ક્યાં ક્યાં ભય વેદે છે ? અને સમ્યગ્દૃષ્ટિને એ મુખ્યપણે જણાય છે. કેમકે એમને તો સહજ જ અંતર અવલોકન હોય છે.

જ્યારે '**શારીરિક અશાતાનું મુખ્યપણું સ્થૂળ દૃષ્ટિવાનને પણ જણાય છે.**' એને તો દરદ વધે એટલે સ્થૂળ દૃષ્ટિવાળાને પણ ખબર પડે કે આ પીડા થઈ. પણ માનસિક અશાતા જીવ કેટલી વેદે છે એ બહુ ઓછાને ખ્યાલમાં આવે છે. અને એટલા માટે એનો ખ્યાલ નહિ હોવાથી એની એવી માનસિક અશાતાની એવી પરિણતિ થઈ જાય છે કે એમાં ને એમાં જિંદગી નીકળી જાય છે.

'**જે વેદના પૂર્વે સુદૃઢ બંધથી જીવે બંધન કરી છે, તે વેદના ઉદય સંપ્રાપ્ત થતાં ઈન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્ર કે જિનેન્દ્ર પણ રોકવાને સમર્થ નથી.**' તીવ્ર અશાતાનો બંધ કર્યો હોય અને એની પીડા પણ તીવ્ર જ થાય. એ પીડાથી છોડાવવા માટે, ઉદય આવ્યા પછી છોડાવવા માટે જગતમાં કોઈ સમર્થ નથી. આ પુણ્યવંત બધા લીધા. '**ઈન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્ર કે જિનેન્દ્ર...**' કોઈ સમર્થ નથી. કેમકે ઉદય આવ્યો પછી ખલાસ. ઉદયાવળીમાં જે કર્મ આવી ગયા એમાં ફેરફાર નથી થતો. જે કાંઈ તીવ્ર-મંદપણું, સ્થિતિ વધ-ઘટપણું, પ્રકૃતિનું સંક્રમણપણું એ બધું જે કાંઈ કર્મના ફેરફારો સત્તામાં થાય છે એ ઉદયાવળીમાં આવ્યા પહેલાં થાય છે. પછી તો એને રોકવા કોઈ સમર્થ નથી. અને અંદરની ખબર તો કેવળજ્ઞાની સિવાય કોઈને પડતી નથી. સત્તામાં કેવા-કેવા કર્મો પડ્યા છે એની તો છદ્મસ્થને ખબર પડતી નથી. એને તો ઉદય આવ્યે જ ખબર પડે છે. ઉદય આવ્યે એને ખબર પડે અને એ વખતે એ નકાર કરે તો શું કામ આવે ?

આ અન્યમતી જાય છે ને ? બહુ તકલીફ હોય. અત્યારે તો જૈનો પણ જાય છે. આ બધે મોવડી, બીજે-ત્રીજે, ઘંટાકર્ણ ને અહીંયાં ને ત્યાં. બહુ ઉદય આકરો આવ્યો છે. હે ભગવાન ! તમે છોડાવો અમને. હે ભગવાન ! છોડાવો, કોઈ રીતે છોડાવો. પણ ઉદયમાં આવેલાને કોઈ ઈન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્ર, જિનેન્દ્ર કોઈ છોડાવી શકે એવું નથી. એ તો ભોગવ્યે જ છૂટકો છે. આ છોડાવવા માટે જ જાય છે ને ? એમાં શું ફેરફાર થાય?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ..માં જ થઈ ગયા છે. બરાબર છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. કાંઈક હતું. ગુજરાત સમાચારમાં હતું. બરાબર.

મુમુક્ષુ :- ઘંટાકર્ણ મહાવીરને હિસાબે...

પૂજ્ય ભાઈશ્રી :- ઘંટાકર્ણ મહાવીરને હિસાબે બચી ગયા. આ બસનો Accident થયો ને 'ધંધુકા' પાસે. ચૌદ જણા મરી ગયા છે. એમાં એક ભાઈ એ તો

બારણા પાસે જ હતા. Accident તો Off side માં થયેલો છે. પોતાની Side માં નથી થયો. દરવાજા પાસે હતા એટલે સહેજે બચી ગયા. એ તો કુદરતી જ બચવાની સ્થિતિ હતી. એને એમ કે ઘંટાકર્ણ મહાવીરને હિસાબે બચી ગયા. એના એ ભક્ત હતા, બહુ માનતા હતા એટલે જુઓ એ બચી ગયા. ઠીક !

મુમુક્ષુ :- ઓલા ધાર્મિક કામ માટે જતા હતા ને મરી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા એ ધાર્મિક.. એ 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' માટે જતા હતા. છે ને ઓલું 'ગાંધીનગર'માં ત્યાં. છાપાવાળા પણ એનો ધંધો ચલાવવા માટે ગૃહીત મિથ્યાત્વને કેવી રીતે પોષે છે. આ દેરાવાસી જૈન છે. ગુજરાત સમાચારવાળો છે એ દેરાવાસી જૈન છે. 'શાંતિલાલ શાહ' છે. હવે એનું છાપું પાંચ-પચ્ચીસ-પચાસ કે બસ્સો-પાંચસો-હજાર માણસ વાંચે તો કરોડપતિ માણસો હોય છે. એમાંથી મળવાના છે એને નફો ગણો તો બસ્સો-પાંચસો રૂપિયાથી વધારે નહિ હોય. પણ કેવા ગૃહીત મિથ્યાત્વને અનુમોદન આપે છે અને પોષે છે.

મુમુક્ષુ :- પોતે ઘંટાકર્ણને માનતા હશે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ હશે. અરે..! આ મુસલમાનનું પણ છાપે છે. ઘંટાકર્ણની ક્યાં વાત કરો છો. આ છાપાવાળા ધંધો ચલાવવા માટે તાજિયાના ફોટા ને બીજું ત્રીજું વધારીને નથી લખતા ? વધાર કરીને. હિન્દુ-મુસલમાન એકતા ને ફલાણું ને બધા બહુ માને છે ને ચમત્કાર થયો, આ થયું ને તે થયું. ચમત્કારના પ્રસંગો તો લોકોને બહુ ગમે. કુતૂહલ વૃત્તિ છે. પોતાનું છાપુ ચલાવવા માટે એવા ગૃહીત મિથ્યાત્વને પોષે... એવા ગૃહીત મિથ્યાત્વને પોષે. અત્યારે થોડાક રૂપિયા આવે એ સારાં લાગે પણ ક્યાં જઈશ એની ખબર નથી એને. એના ફળમાં ક્યાં જઈશ એ ખબર નથી એને. આવા ખોટા ધંધા લઈને બેસી જાય. ઠીક છે.

આ તો સ્થૂળ વિચાર આવ્યો કે ઉદયને તો રોકવા સમર્થ નથી. ગૃહીત મિથ્યાદષ્ટિઓ એમ માને છે કે અમારા આરાધ્ય દેવ છે એ અમને બચાવી લે છે. વાતમાં કાંઈ માલ નથી. એકલું પાખંડ ચાલે છે. આ બધું જગતમાં એકલું પાખંડ ચાલે છે.

મુમુક્ષુ :- ગૃહીત મિથ્યાત્વની સમજણ જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમજણ જ નથી. મૂળ તો દર્શનમોહની સમજણ જ હજી આપણે 'ગુરુદેવે' આટલા આટલા ઢોલ ટીપ્યા તો આપણા ઠેકાણા નથી, એ બિચારાની શું દયા ખાવી આપણે ? ૪૫-૪૫ વર્ષ સુધી દર્શનમોહ અને એનો પ્રતિપક્ષ, દર્શનમોહ અને એનો પ્રતિપક્ષ. હજારો પડખેથી 'ગુરુદેવે' ખુલ્લું કર્યું તોપણ હજી અહીંયાં એવી બધી ગડબડ ચાલે છે.

એક ભાઈએ કહ્યું હતું ને. 'ગુરુદેવ'ની શતાબ્દી વખતે લગભગ ૩૫-૪૦ ગાડીઓ લઈને 'મુંબઈ'થી નીકળ્યા હતા. એમાંથી ઘણી ગાડીઓમાં 'જલારામ'નો ફોટો, 'સાંઈબાબા'નો ફોટો અને લક્ષ્મીજી અને બીજા-ત્રીજા માતાજીના બધા કુદેવના ફોટાવાળી ગાડીઓ હતી આપણા લોકોની. આ હાલત તો હજી આપણી છે. આટલું 'ગુરુદેવે' પોકારી-પોકારીને કીધા પછી.

મુમુક્ષુ :- Office માં પણ રાખે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. Office માં રાખે. Office માં પણ રાખે. જીવને સંયોગની અનુકૂળતામાં સુખ છે એ સંસ્કાર છોડવા બહુ તકલીફ પડે છે. આ એમાંથી બધું ગૃહીત ઊભું થાય છે. આ તો અગૃહીત છે. સંયોગમાં સુખ છે એ તો અનાદિનું અગૃહીત છે. પછી એ અગૃહીત મિથ્યાત્વ તીવ્ર થાય છે એ તો પછી અગૃહીતમાંથી ગૃહીતમાં વયો જાય છે જીવ.

મુમુક્ષુ :- સ્થાનવાસીને...

પૂજ્ય ભાઈશ્રી :- જાજા તો સ્થાનકવાસી છે. પણ અત્યારે તો દેરાવાસીમાં પણ એટલું ગરી ગયું છે અને દિગંબરોમાં પણ એટલું ગરી ગયું છે. એમ લખ્યું છે કે વર્તમાનમાં મુમુક્ષુઓનું અને મુનિઓનું સ્વરૂપ જોઈને અમને આશ્ચર્ય થાય છે. એમ એક પત્રમાં લખ્યું છે. અત્યારના જે મુમુક્ષુઓ કહેવાય અને અત્યારના જે સાધુઓ કહેવાય, એનું સ્વરૂપ જોઈને અમને તો એ લોકોને જોઈને જ આશ્ચર્ય થાય છે. આવા છે ! એમ થાય છે. ઠીક ! એવું લખ્યું છે.

એને કોઈ '**રોકવાને સમર્થ નથી. તેનો ઉદય જીવે વેદવો જ જોઈએ.**' એ તો એને વેદે જ છૂટકો છે. '**અજ્ઞાનદૃષ્ટિ જીવો ખેદથી વેદે તોપણ કંઈ તે વેદના ઘટતી નથી કે જતી રહેતી નથી.**' એ વખતે ઘણા દુઃખી થઈને વેદે, એનો નકાર કરીને વેદે. આ ન જોઈએ, મારે આ ન જોઈએ, તોપણ એ કાંઈ ઘટી જાય એને લઈને, કે એને લઈને એનો અભાવ થાય એવું કાંઈ બને નહિ. અને '**સત્યદૃષ્ટિવાન જીવો શાંત ભાવે વેદે તો તેથી તે વેદના વધી જતી નથી,...**' અને સમ્યગ્દૃષ્ટિ જીવો એને સમપરિણામે વેદે, શાંત ભાવે વેદે એટલે સમપરિણામે વેદે તો એથી કાંઈ એ વેદના એને વધી જવાની નથી. વેદના તો જે ઉદય આવ્યો એ પ્રમાણે જ ઉત્પન્ન થવાની છે. વર્તમાનમાં કેવી રીતે એને અનુભવવી, વેદવી, ભોગવવી એ પોતાના સ્વતંત્ર પુરુષાર્થ ઉપર આધારિત છે.

મુમુક્ષુ :- સમપરિણામે એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- સમપરિણામે એટલે દુઃખી થયા વગર, જ્ઞાતા રહીને. વિષમ પરિણામે નહિ, ખેદ કરીને નહિ. જ્ઞાતા રહીને ભોગવાય જાય.

મુમુક્ષુ :- જ્ઞાતાપણે એટલે શુદ્ધોપયોગ થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. શુદ્ધોપયોગ ન થાય તોપણ જ્ઞાતાપણે. સવિકલ્પદશામાં પણ જ્ઞાતાપણું પ્રગટ છે જ્ઞાનીને. શુદ્ધોપયોગ છે એટલી જ જ્ઞાનદશા નથી અથવા એટલી જ સમ્યક્ત્વ દશા નથી. સમ્યગ્દર્શનને શુદ્ધોપયોગમાં અને અશુદ્ધોપયોગમાં સમવ્યાપ્તિ છે. આ ' પંચાધ્યાયી' નું વિધાન છે. સમ્યગ્દર્શનને શુદ્ધોપયોગમાં અને અશુદ્ધોપયોગમાં સમવ્યાપ્તિ છે. વિષમ વ્યાપ્તિ નથી. એ સમ્યગ્દર્શન શુદ્ધોપયોગમાં પણ વ્યાપે છે અને અશુદ્ધોપયોગમાં પણ સમ્યગ્દર્શન વ્યાપે છે.

મુમુક્ષુ :- જ્ઞાતા-દૃષ્ટા.

પૂજ્ય ભાઈશ્રી :- હા જ્ઞાતા-દૃષ્ટા રહી શકે છે.

એ જ્ઞાતા-દૃષ્ટા રહે તેથી કાંઈ વેદના વધી જાય એમ નથી બનતું. '**પણ નવીન બંધનો હેતુ થતી નથી.**' જ્યારે ખેદખિન્ન થઈને વેદે તો એ નવીન અશાતા બંધનો હેતુ થાય છે. મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીને નવું અશાતા બાંધવાનું નિમિત્ત પડે છે. જ્યારે સાચી દૃષ્ટિમાં એટલે ભિન્ન પડેલા પરિણમનમાં તે નવીન બંધનું કારણ થતું નથી.

મુમુક્ષુ :- મુમુક્ષુ સમપરિણામે રહી શકે કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુ જેટલો પ્રયત્ન કરે, ભલે સમપરિણામ ન થાય પણ સમપરિણામ રહેવાનો જે પ્રયત્ન છે એ મુમુક્ષુને કર્તવ્ય છે. વસ્તુ પ્રયત્ન સાધ્ય છે. સમભાવની દશા એ પ્રયત્ન સાધ્ય છે. જે સમપરિણામે સમ્યગ્દૃષ્ટિ થયાં એ ક્યાંથી થયા ? કે પહેલાં એણે પુરુષાર્થ અને પ્રયત્ન કર્યો હતો એના ફળ સ્વરૂપે છે.

આપણી મુમુક્ષુદશામાં જે ભેદજ્ઞાન લઈએ છીએ એ એ જ વાત છે. ભેદજ્ઞાન છે એ પુરુષાર્થ અને પ્રયોગ છે. અને જે સમ્યગ્દૃષ્ટિને એના ફળમાં શુદ્ધોપયોગ થઈને ભેદજ્ઞાન ચાલુ થયું એ પૂર્વ પ્રયોગનું ફળ છે. બંનેનું નામ એક દેવાય છે. એક પ્રયત્નદશા છે એક એની ફળદશા છે. ફળમાં પણ નવો પ્રયત્ન, આગળનો પ્રયત્ન ચાલુ હોય છે. જેના ફળમાં ઉત્કૃષ્ટ દશા આવે છે. આગળ-આગળની દશા ઉત્પન્ન થાય. એમ છે. એટલે એ તો જ્ઞાનીને હોય અને અમારે ન હોય એમ માથેથી કાઢી નાખવાનું નથી. સમપરિણામ તો જ્ઞાનીને થાય, સત્યદૃષ્ટિવાનની વાત લીધી તો સમ્યગ્દૃષ્ટિની વાત લીધી છે. અમારે ક્યાં જ્ઞાન છે અને અમારે ક્યાં સમ્યગ્દર્શન છે ? માટે અમને સમપરિણામ ક્યાંથી થાય ? અમને તો રાગ-દ્વેષ જ થાય ને. એમ નથી લેવાનું. પોતે પણ પુરુષાર્થ કરવાનો છે. જ્યારે જ્યારે અશાતાનો ઉદય આવે ત્યારે વિશેષે કરીને ભેદજ્ઞાનનો પ્રયોગ કરવાનો અવસર એ હોય છે. અને એ વખતે જો પુરુષાર્થ કરવામાં આવે તો એ પુરુષાર્થ... એને ભેદજ્ઞાન થાય. માટે સંસારમાં તો પ્રતિકૂળતા આવવી એ જ જીવને

તરવા બરાબર છે. એ જે લખે છે એ બરાબર છે. એ પુરષાર્થનો કાળ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનનું જે કારણ લખ્યું ... ભાવના, સત્પુરુષનો યોગ એ લાગુ પડે ?

પૂજ્ય ભાઈશ્રી :- બધા પછી આનુષંગિક પરિણામ (હોય છે). ભાવના વગર તો પ્રયોગ થાય નહિ. સત્પુરુષનો યોગ તો પોતે અજાણ્યો છે એટલે ચાહે જ, એમાં તો કાંઈ પ્રશ્ન રહેતો નથી. પોતે અજાણ્યો હોય અને સત્પુરુષનો યોગ ન ચાહે તો એને ખરેખર તો તરવાની ભાવના જ નથી. એ એમ બતાવે છે કે એને હજી ખરેખર તરવાની ઈચ્છા થઈ નથી. હજી એને રખડવું છે. એનો અર્થ એમ થાય છે.

'**નવીન બંધનો હેતુ થતી નથી.**' નિર્જરા. પણ પૂર્વ જે કર્મનો ઉદય છે એમાં '**બળવાન નિર્જરા થાય છે.**' એટલે શું થાય છે ? કે જે સત્તામાં રહેલા કર્મો છે એ જો પુરુષાર્થ કરે તો એની સ્થિતિ એકદમ ટૂંકાઈને એ ખરી જવામાં આવી જાય છે. જો ઉદયકાળે પુરુષાર્થ હોય તો ઉદયમાં આવ્યા એટલા જ ખરે એમ નથી. બળવાન નિર્જરાનું કારણ એ લખે છે. જે ઉદયમાં ન આવ્યા હોય એ ઉદયમાં આવીને ખરી જાય. ઝડપથી ઉદયમાં આવીને ખરી જાય. એની સ્થિતિ એકદમ ટૂંકાઈ જાય. એટલે એવી રીતે પુરુષાર્થ છે એ ઉદયમાન અને ન ઉદયમાં આવ્યા હોય એને, એવા ઘણાં કર્મોને નિર્જરવાનું કારણ બને છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન વગર પણ નિર્જરા તો થાય છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- નિર્જરા તો ઉદયમાં આવ્યા એની સવિપાક નિર્જરા તો બધાને ચાલુ જ છે. પણ જે પુરુષાર્થમાં આવે એને થોડી વધારે નિર્જરા થાય છે. પણ એ કેવળીગમ્ય છે. સમ્યગ્દર્શન પહેલાંની કેટલી થાય ? સમ્યગ્દર્શનમાં કેટલી થાય ? પછી પાંચમે કેટલી થાય એ બધું કેવળીગમ્ય છે. થાય છે એ વાત જરૂર છે. પુરુષાર્થની સામે પુરુષાર્થનું ફળ રોકડું છે. પ્રયોગનું અને પુરુષાર્થનું ફળ રોકડું છે. અને જે આત્માઓ પુરુષાર્થે ચડ્યા, પ્રયોગે ચડ્યા એ તો છોડે નહિ પછી એને. કેમકે એને તો રોકડું ફળ મળવા માંડ્યું. એક માણસ વેપાર કરે અને રોજ સાંજે નફો દેખાવા માંડે, એ બીજે દિવસે કેટલો હોંશથી દુકાન ખોલે ? આજે દુકાન ખોલી અને આજે રોકડો વેપાર થયો. અને રોકડો નફો આજે આવી ગયો પેટીમાં-તિજોરીમાં. એને કાલે હોંશ ચડે એ તો સીધી વાત છે.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ લાભની અગત્યતા છે, પરોક્ષ લાભની અગત્યતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રત્યક્ષ લાભ છે એ પ્રત્યક્ષ લાભ જીવને વધારે પ્રેરિત કરે છે. વધારે લાભ લેવા માટે પ્રેરિત કરે છે. એ જીવનો સ્વભાવ છે. લાભ લેવો એ જીવનો

સ્વભાવ છે. દ્રવ્ય આત્મલાભ પારિણામિકઃ. દ્રવ્ય પોતે જ આત્મલાભસ્વરૂપ છે. એટલે લાભ તો એનું સ્વરૂપ છે. એ સ્વરૂપ બાજુ તો એને દોડવાનો ઢાળ મળે. એવી વાત છે.

મુમુક્ષુ :- અહીં ... બળવાન નિર્જરા થાય છે. તે વખતે સમતાભાવે મહા ઊંચા પુણ્યનો બંધ પડે છે એવું પણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું બને. એટલે એ વખતે જે કષાયની મંદતા છે એમાંથી વિશેષ ઊંચા પુણ્યનો બંધ પડે છે. જેટલા ભાગે. સમ્યગ્દૃષ્ટિને તો મિશ્ર ધર્મ છે ને ? વીતરાગતા છે અને સમપરિણામ છે એટલી નિર્જરા થાય છે.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિને સમતાભાવે વેદવા હોય તો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને ઊંચા બંધ, એને પુણ્યનો બંધ પડે છે. એને વિશેષે કરીને પુરુષાર્થના કાળમાં કષાયની મંદતા વિશેષ થાય છે. કેમકે એને સમ્યક્ પુરુષાર્થ હજી નથી. સમ્યક્ પુરુષાર્થ નથી એટલે એને કષાયની મંદતા વિશિષ્ટ પ્રકારની છે. સન્મુખતાના પુરુષાર્થમાં જે કષાયની મંદતા છે એનો પ્રકાર બહુ ઊંચો છે. એને બહુ ઊંચા પ્રકારના પુણ્યબંધ થાય છે. મુખ્યપણે એમ લેવું.

મુમુક્ષુ :- .. દૃષ્ટાંતમાં આ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર. પણ આત્માર્થી જીવ સન્મુખતાના પુરુષાર્થવાળો એવા પુણ્યને પણ ઇચ્છતો નથી કે ચાહતો નથી. એ એની વિશિષ્ટતા છે.

મુમુક્ષુ :- ઇચ્છે તો પછી ક્યાં એની લાયકાત રહી.

પૂજ્ય ભાઈશ્રી :- તો આત્માર્થી ન રહે. તો આત્માર્થી ન રહે.

એટલે '**આત્માર્થીને એ જ કર્તવ્ય છે.**' એટલે એવો પ્રકાર છે. એવો પ્રકાર આત્માર્થીએ કર્તવ્ય છે. બીજો પ્રકાર કર્તવ્ય નથી. એમ લેવું. આ Line ઉપર આત્માર્થીએ જાવું. અશાતાની વેદના આવે ત્યારે આ Line ઉપર જાવું.

મુમુક્ષુ :- આત્માર્થીએ સમભાવે વેદવું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમભાવે વેદવું અથવા સમભાવે વેદવાનો પુરુષાર્થ કર્તવ્ય છે, પ્રયોગ કર્તવ્ય છે.

મુમુક્ષુ :- કેટલી ઝીણામાં ઝીણી GuidLine આપી છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ. બહુ જ સૂક્ષ્મ પરિણામો અને મુમુક્ષુને જે થતા પરિણામો એના ઉપર માર્ગદર્શનનો તો અસાધારણ ગ્રંથ છે ! આપણે જે ઓલા પાંચેક સંકલન બહાર પાડ્યા છે એમાં માર્ગદર્શનનું જે સંકલન છે એને 'પથપ્રકાશ' નામ આપ્યું છે. 'પથપ્રકાશ'. એમાં 'ગુરુદેવ'ના વચનામૃતોમાંથી, 'બહેનશ્રી'ના, 'સોગાનીજી'ના અને 'શ્રીમદ્જી'ના. એમાં વધારે સંખ્યા 'શ્રીમદ્જી'ના મળ્યા છે એમાં. એ વર્ગના વચનામૃતો

વધારે સંખ્યામાં એમના મળ્યા છે. ચારેયમાં. એ વિષય ઘણો આવ્યો છે. એમની વાણીમાં એ વિષય વધારે આવ્યો છે, પ્રમાણમાં.

એ આત્મભાવનાનો Paragraph અઢી લીટી છે પણ બહુ સારી છે. '**હું શરીર નથી, પણ તેથી ભિન્‍ન એવો જ્ઞાયક આત્મા છું,...**' જુઓ ! જ્ઞાયક શબ્દનો અહીંયાં પ્રયોગ કર્યો છે. '**હું શરીર નથી, પણ તેથી ભિન્‍ન એવો જ્ઞાયક આત્મા છું, તેમ નિત્ય શાશ્વત છું.**' જ્ઞાયક એવો હું નિત્ય શાશ્વત છું. આ વેદનાનો ઉદય છે એ તો '**માત્ર પૂર્વ કર્મની છે,...**' આ વેદના તો માત્ર પૂર્વકર્મની છે. '**પણ મારું સ્વરૂપ નાશ કરવાને તે સમર્થ નથી,...**' અથવા મારા અવ્યાબાધ સ્વરૂપને બાધા પહોંચાડવા પણ તે સમર્થ નથી. '**માટે મારે ખેદ કર્તવ્ય જ નથી...**' માટે એનું દુઃખ મારે કરવા યોગ્ય નથી. એનો નકાર મારે કરવા યોગ્ય નથી. '**એમ આત્માર્થીનું અનુપ્રેક્ષણ હોય છે.**' જુઓ ! આ પ્રેક્ષા એટલે અવલોકન કરવું. To Observe. પ્રેક્ષ એટલે Observe કરવું-અવલોકન. એવું અનુપ્રેક્ષણ આત્માર્થીનું હોય છે. છે ? અવલોકનનો વિષય આવે છે ? એવા વિચાર હોય છે એમ ન લીધું અહીંયાં. નહિતર વિચાર શબ્દનો પ્રયોગ તો એ ઘણો કરે છે. છતાં અહીંયાં અનુપ્રેક્ષણ શબ્દ લીધો છે. કેમકે ઉદય છે ને ? વર્તમાન ઉદય છે તો ઉદયની સામે અનુપ્રેક્ષા છે એને, એમ કહે છે.

હું ભિન્‍ન જ્ઞાયક છું, શાશ્વત છું, નિરાબાધ ચૈતન્ય છું. મારા ચૈતન્યને કોઈ બાધા પહોંચાડે એ પ્રશ્ન નથી. વેદનાની સત્તા જ નથી ને. મારા ચૈતન્ય સ્વરૂપમાં વેદનાની સત્તા જ નથી ને. અને વેદનાની સત્તામાં મારું ચૈતન્ય નથી ને. બંને એકબીજાની સત્તામાં બિલકુલ સદંતર નથી ને. એવું અવલોકન હોય છે. એમ છે. એમ જોવે છે. એમ છે એમ જોવે છે. અરે..! મને વેદના થઈ, એ પોતામાં વેદનાને જોવે છે. નહિ હોવા છતાં. અજ્ઞાનીને પણ ચૈતન્યમાં વેદનાનું અસ્તિત્વ નહિ હોવા છતાં એ પોતામાં જોઈને દુઃખી થાય છે. જ્ઞાની નથી એને નથી એમ જોવે છે. આત્માર્થી નથી એને નથી જોવાનો પ્રયાસ કરે છે. જે અનાદિથી ઊંધા સંસ્કાર છે કે મારામાં વેદના છે એનો અભાવ કરવાનો પ્રયત્ન કરે છે. જેવો પ્રયત્ન કરે એવું ફળ મળે એ તો સીધી વાત છે.

મુમુક્ષુ :- તીવ્ર વેદનાની રામબાણ દવા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રયોગ માટે બહુ સારામાં સારો અવસર છે. વેદનાનો પ્રયોગ શીખવો હોય એમને તો આમના પત્રોમાંથી કોઈ કોઈ જગ્યાએ બહુ સારું માર્ગદર્શન મળે છે. ઘણું સારું માર્ગદર્શન મળે છે, પ્રેરણા મળે છે. બહુ સારો વિષય છે.

'**હું શરીર નથી, પણ તેથી ભિન્‍ન એવો જ્ઞાયક આત્મા છું, તેમ નિત્ય શાશ્વત છું. આ વેદના માત્ર પૂર્વ કર્મની છે,...**' એટલે આત્માની નથી અને '**મારું સ્વરૂપ નાશ**

**કરવાને તે સમર્થ નથી,...'** અચલિત ચૈતન્ય છે. મારા ચૈતન્યસ્વભાવમાંથી ચલિત કરવા વેદના સમર્થ નથી. **'માટે મારે ખેદ કર્તવ્ય જ નથી...'** માટે એનો નકાર કરવો, એનો અણગમો કરવો એ કાંઈ જરૂર નથી. માત્ર જ્ઞાતાભાવે રહી જવું. આ પ્રકારનો પુરુષાર્થ કરવા યોગ્ય છે. જ્ઞાન છે એનો સ્વભાવ ધર્મ જ્ઞાતાપણે રહેવાનો છે. અને જ્ઞાતાપણે રહેવું એ મારું સ્વરૂપ હોવાથી હું એમ રહું. ન રહેવાય તો એમ રહેવાનો પ્રયત્ન કરું. બસ ! આટલું ટૂંકું ને ટચ છે.

કોઈ પણ ઉદયના પ્રસંગમાં, આ તો અશાતા વેદની લીધી, કોઈપણ ઉદયના પ્રસંગમાં માત્ર જ્ઞાતા રહેવું એમ પુરુષાર્થ કરે તો કોણ એને રોકે છે ? કરવા ચાહે, કરવા ધારે અને કરે તો એને કોણ રોકે ? પોતે કરતો નથી, કરવા ધારતો નથી માટે થાતું નથી. આ સીધી વાત છે, લ્યો. પુરુષાર્થ કરે તો એને કોણ રોકે ? આવું અનુપ્રેક્ષણ હોય છે. આવો પ્રયોગ છે આ. અને એટલા માટે ક્યારે પણ અશાતા વેદનીનો ગભરાટ ક્યાંય થોડો પણ લાવવા જેવો નથી. અશાતા વેદની આવો તો ભલે આવો. આવો તો ભલે આવો. નહિ આવે તો અમે ઉદીરણા કરશું. નહિ આવે તો અમે ઉદીરણા કરશું. પણ આ ભિન્ન રહેવાનો પ્રયોગ કરવો છે એ એ વખતે વધારે સારી રીતે કરી શકાય છે. એવો પ્રયોગ છે. એ ૯૨૭ થયો.

## પત્રાંક-૯૨૮

**વવાણિયા, જયેષ્ઠ સુદ ૧૧, ૧૯૫૬**

**આર્ય ત્રિભુવને અલ્પસમયમાં શાંતવૃત્તિથી દેહોત્સર્ગ કર્યાના ખબર શ્રુત થયા. સુશીલ મુમુક્ષુએ અન્ય સ્થાન ગ્રહણ કર્યું.**

**જીવનાં વિવિધ પ્રકારનાં મુખ્ય સ્થાનક છે. દેવલોકમાં ઈન્દ્ર તથા સામાન્ય ત્રાયસ્ત્રિંશદાદિકનાં સ્થાન છે. મનુષ્યમાં ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ તથા માંડલિકાદિકનાં સ્થાન છે. તિર્યંચમાં પણ ક્યાંએક ઈષ્ટ ભોગભૂમ્યાદિક સ્થાન છે. તે સર્વ સ્થાનને જીવ છાંડશે એ નિઃસંદેહ છે. જ્ઞાતિ, ગોત્રી અને બંધુ આદિક એ સર્વનો અશાશ્વત અનિત્ય એવો આ વાસ છે.**

**શાંતિઃ**

૯૨૮. **'આર્ય ત્રિભુવને અલ્પસમયમાં શાંતવૃત્તિથી દેહોત્સર્ગ કર્યાના ખબર શ્રુત થયા.'** જુઓ ! આ તો 'કૃપાળુદેવ'ની હયાતીમાં કેટલાક ચાલતા થઈ ગયા છે. 'ખંભાત'ના 'ત્રિભુવનભાઈ'. 'અંબાલાલભાઈ', 'ત્રિભુવનભાઈ' એ તો બે ખાસ હતા.

'ત્રિભુવનભાઈ' તો આ ૩૩મું વર્ષ થયું, એમની પહેલા વયા ગયા છે. જુઓ !

મુમુક્ષુ :- 'અંબાલાલભાઈ' એમની હાજરીમાં જ ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. 'અંબાલાલભાઈ' ત્યારપછી ચાર વર્ષ. ચાર વર્ષ રહ્યા હશે. ચાર વર્ષ.

'**અલ્પસમયમાં શાંતવૃત્તિથી...**' જુઓ ! આ સત્સમાગમનો ફાયદો છે. '**દેહોત્સર્ગ કર્યાના ખબર શ્રુત થયા. સુશીલ મુમુક્ષુએ અન્ય સ્થાન ગ્રહણ કર્યું.**' કેવો શબ્દ વાપર્યો છે ! આ સ્થાન છોડીને બીજું સ્થાન એણે પકડ્યું. એ કુદરતના ક્રમમાં બીજો કોઈ ફેરફાર થઈ શકે એવું નથી. સુશીલ બહુ સારાં મુમુક્ષુ હતા. મુમુક્ષુ તરીકે બહુ યોગ્ય મુમુક્ષુ હતા. આ સ્થાન છોડી દીધું. બીજું સ્થાન અત્યારે ગ્રહણ કર્યું છે.

મુમુક્ષુ :- શાંતવૃત્તિથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. શાંતવૃત્તિથી એટલે... એમ તો આપણા મુમુક્ષુઓમાં પણ જેને કાંઈ પરિચય થયો છે, કાંઈક રુચિથી સાંભળ્યું છે એને દેહાંત સારો થાય છે. શાંતિથી. એ વખતે હું મરી જઈશ, મરી જવાનો ભય અને આકુળતા થાય એ આકુળતા એને ન થાય. એ વખતે એ પુરુષાર્થ કરવાનો પ્રયત્ન કરે. જે એણે સાંભળ્યું છે, વિચાર્યું છે, એના લક્ષમાં આવ્યુ છે એને એ લક્ષમાં વધારે લ્યે. જેટલી મૂડી હોય એટલો વેપાર થાય. એ તો સીધી વાત છે. અને કોઈક તો વધારે પણ કરી શકે છે. આ તો અંદર મૂડી છે એને બહાર કાઢે કોઈ તો. પ્રયત્ન કરે એટલો થાય એવું છે. એ કાળની યોગ્યતા અનુસાર પરિણમન હોય છે.

'**જીવનાં વિવિધ પ્રકારના મુખ્ય સ્થાનક છે.**' અનેક પ્રકારના. વિવિધ પ્રકારના એટલે અનેક પ્રકારના મુખ્ય સ્થાનક છે. '**દેવલોકમાં ઈન્દ્ર તથા સામાન્ય ત્રાયસ્ત્રિંશદાદિકનાં સ્થાન છે.**' ત્રાયસ્ત્રિંશદાદિકનો અર્થ કર્યો છે પાછળ ? ૩૩. ત્રાયસ્ત્રિંશ એટલે આમ તો ૩૩ છે. આદિકના સ્થાન છે. ૩૩ સ્થાનો. શાસ્ત્રોમાં કોઈ ૩૩નું.. ૩૩ સાગર બરાબર છે. મુખ્યપણે. '**દેવલોકમાં ઈન્દ્ર તથા સામાન્ય ત્રાયસ્ત્રિંશદાદિકના સ્થાન છે.**' ત્રાયસ્ત્રિંશનો અર્થ તો ૩૩ જ થાય છે. ત્રાયંસ્ત્રિંશ એટલે ત્રણ અને ત્રીશ. એટલે ૩૩ થયા ને ? ૩ + ૩૦. સંસ્કૃતમાં એ પદ્ધતિ છે. અષ્ટ શત એટલે ૧૦૮. ૮ + ૧૦૦. અષ્ટ સહસ્ત્ર એટલે ૧૦૦૮. નથી આવતા ? ભગવાનના અષ્ટ સહસ્ત્ર નામ છે. ૧૦૦૮ નામ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : હા. એવો ભેદ હશે. મનુષ્યમાં... દેવલોકમાં આટલા લીધા.

'**મનુષ્યમાં ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ થા માંડલિકાદિકના સ્થાન છે.**' આ

પુણ્યના મુખ્ય સ્થાનો. **'તિર્યંચમાં પણ ક્યાંએક ઇષ્ટ ભોગ્યભૂમ્યાદિક સ્થાન છે.'** આ પુણ્યવંત જે હોય છે. ભોગભૂમિના તિર્યંચો થાય છે. બહુ પુણ્યવંત હોય છે એને અશાતા નથી થતી. પછી આ નાગેન્દ્ર હોય છે નીચે. **'તે સર્વ સ્થાનને જીવ છાંડશે એ નિઃસંદેહ છે.'** આ જગતમાં જેટલી પુણ્યની પદવી છે એ બધી અસ્થિર છે. એને છોડ્યે છૂટકો છે. એ કોઈ શાશ્વતપદ જીવનું નથી કે ચક્રવર્તી થયો એટલે કાયમ ચક્રવર્તી રહેવાનો છે અને ૩૩ સાગરનો દેવ થયો એટલે કાયમ ત્યાં દેવપણે રહેવાનો. ઇન્દ્ર થયો એટલે ઇન્દ્ર રહેવાનો છે એમ કાંઈ નથી. એને છોડ્યે છૂટશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો શું ખબર પડે ? પણ એમ કે ભલે કોઈ એમને પ્રતિકૂળતા નહિ હોય. પણ આથી મોટા-મોટા પુણ્યવંતને છોડવાનું છે તો પછી આણે છોડ્યું એમાં શું ? કદાચ કોઈ બહારમાં અનુકૂળતાવાળા હશે. તો કહે છે, આથી પણ મોટા મોટા પુણ્યવંતોને એની પદવી છોડવી પડે છે. આપણે નથી કહેતા ? વડાપ્રધાનને ખુરશી ઉપરથી હેઠા ઉતરી જવું પડે છે. પછી બીજાનું શું ?

મુમુક્ષુ :- જ્યારથી બેઠો ત્યારથી જ હાલકડોલક થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેવો કાળ આવ્યો છે પણ જુઓને ! કેવો કાળ આવ્યો છે ! બહુ વિપરીત જબરજસ્ત કાળ છે. જીવોના પરિણામ કાંઈ મલિન થાય છે. રાજકારણ તો હદ છે. બહુ ખરાબ કાળ છે.

મુમુક્ષુ :- છેલ્લા પચ્ચીસો વર્ષમાં આવું ખરાબ નહિ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અત્યારે છેલ્લા દસ વર્ષમાં તો બહુ ઝડપી ગડબડ થવા માંડે છે.

મુમુક્ષુ :- પંચમ આરો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૬૩ શલાકા. એ મનુષ્યમાં. ૬૩ શલાકા છે એ મનુષ્યમાં. આ પાછી દેવલોકની પુણ્યપદવી જુદી. નીચે આ તિર્યંચની જુદી.

મુમુક્ષુ :- સો ઇન્દ્રોમાં બધા આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- સો ઇન્દ્રોમાં બધા આવી જાય છે. ત્રણે લોકન. સો ઇન્દ્રોમાં બધા આવી જાય છે.

**'તે સર્વ સ્થાનને જીવ છાંડશે...'** પણ એના સ્થાન જ નથી. એ જીવના સ્થાન નથી. એ સ્વભાવના સ્થાન નથી, વિભાવના ફળ છે બધા. સ્વભાવના ફળ નથી પણ વિભાવના ફળ છે અને એ કાંઈ જીવને રહેવાયોગ્ય સ્થાન પણ નથી. ભલે ગમે એટલા મીઠા લાગતા હોય, સારા લાગતા હોય પણ રહેવા યોગ્ય નથી. આ તો સમર્થ દૃષ્ટાંત

એટલા માટે જ્ઞાનીપુરુષો આપે છે કે તારી પાસે શું છે હવે ? આ ચક્રવર્તી અને દેવલોકના ઇન્દ્ર પાસે તો તું ભિખારી જેવો છે. એની અપેક્ષાએ તો તારી પાસે ફાટેલી ગોદડી પણ નથી. અને આટલી મમતા કરીને શું પડ્યો છો ? એમ કહે છે. જ્યારે આવા સંયોગોવાળાને એના સ્થાન છોડવા પડશે ત્યારે તારે હવે મમતા કરીને શું કરી લેવાનું છે એ તો કહે ? મમતા કરી કરીને શું સાધવું છે તારે ? દુર્ગતિ સાધવી છે ? એમ પૂછે છે. એ મમતા કરીને તારે શું દુર્ગતિ સાધવી છે ? શું કરવું છે તારે ? હવે વિચાર તો કર જરાક, એમ કહે છે. એ કાંઈ મમતા કરવા યોગ્ય સંયોગો છે નહિ.

અત્યારે તો બહુ વિચિત્ર પરસ્થિતિ છે. પહેલા તો કુટુંબ, ભાઈ એટલે તો એમ લાગતું હતું કે ભાઈ એટલે ખરેખર ભાઈ જ હોય. એ ભાઈનું નામ જ એને એવી રીતે આપ્યું છે. એ ભાઈ જ રહે કાયમ માટે. કુટુંબ એટલે બધાનો એક સંપ હોય એનું નામ કુટુંબ કહેવાય. અત્યારે તો કુટુંબ હોય સંપ ન હોય અને ભાઈ હોય તો મેળ ન હોય ને. મુમુક્ષુનું કુટુંબ હોય તો એમાં સંપ ન હોય ને. બધું એકદમ એકલું ઊંધુ જ ચાલ્યું છે. નામ જ રહી ગયા છે. બાકી વાતમાં કાંઈ માલ છે નહિ. તોપણ આ જીવ મમતા કરે છે પાછો. એક તો પરિસ્થિતિ બિલકુલ નામને અનુકૂળ નથી. તોપણ આ જીવ પાછો મમતા કરીને મરે છે અને જાય છે અધોગતિમાં. મારું ઘર, મારુ કુટુંબ, મારું ફલાણું, મારું ફલાણું. કુદરતે મમતા કરવા યોગ્ય પરિસ્થિતિ નથી. અનુકૂળ ચાલે બધા ત્યારે તો માણસને દેખાય નહિ ને એમ લાગે કે મારા છે તો મને અનુકૂળ ચાલે છે. મારે કેવી રીતે છોડાય એને ? પણ હવે કોઈ અનુકૂળ છે નહિ. આખું જગત તારાથી પ્રતિકૂળ ચાલે છે. શું તારે મમતા કરીને કામ છે ? એવું છે.

એટલે '**તે સર્વ સ્થાનને જીવ છાંડશે એ નિઃસંદેહ છે.**' આ તો બધા એવા પુણ્યવંત છે કે એને બધું અનુકૂળ હોય. તોપણ એ મમતા કરતા નથી. જ્ઞાની હોય એ. અજ્ઞાની ગમે તે કરે, જ્ઞાની હોય એ મમતા કરતા નથી. ચક્રવ્રર્તી, ઇન્દ્રાદિ. '**જ્ઞાતિ, ગોત્રી અને બંધુ આદિક એ સર્વનો અશાશ્વત અનિત્ય એવો આ વાસ છે.**' અનુકૂળ હોય એવી જ્ઞાતિ, ગોત્ર અને ભાઈઓ-બંધવ આદિક જે કુટુંબ પરિવાર બધું, એ ગમે તેટલું અનુકૂળ હોય તોપણ એનો અશાશ્વત અને અનિત્ય એવો વાસ છે. અત્યારે તો મમતા કરવા જેવું રહ્યું જ નથી. અમસ્તા પણ મમતા કરવા જેવું રહ્યું નથી કાંઈ.

મુમુક્ષુ :- પોતાનો દિકરો પૂરેપુરી ભારોભાર અવગણના કરતો હોય. પછી એને દીકરા થાય એને બમણી મમતાથી પ્રેમ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે જીવને પોતાના હિતનો વિચાર નથી. એનો અર્થ શું છે ? કે જીવને પોતાના હિતનો થોડોક પણ વિચાર નથી. જીવને થોડોક વિચાર પણ

નથી. એવી પરિસ્થિતિ થઈ છે.

મુમુક્ષુ :- આશ્વાસનનો પત્ર લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. છે ને આ 'ત્રિભુવનભાઈ'નો દેહાંત (થયો) છે ને. 'ત્રિભુવનભાઈ'નો દેહ છૂટ્યો છે એના અનુસંધાનમાં એ લખાણ લખ્યું છે.

મુમુક્ષુ :- 'ત્રિભુવનભાઈ' માટે સામેના પાને લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- સામેના પાને ? 'આર્ય ત્રિભોવનને...' હા. ઠીક આ ૯૩૦માં. સામે પાને. 'સુખલાલ છગનલાલ' ઉપરનો છે. **'આર્ય ત્રિભોવનને દેહોત્સર્ગ કર્યાના ખબર તમને મળ્યા, તેથી ખેદ થયો તે યથાર્થ છે. આવા કાળમાં આર્ય ત્રિભુવન જેવા મુમુક્ષુઓ વિરલ છે.'** એ બહુ યોગ્ય જીવ છે, પાત્ર જીવ છે. **'દિનપ્રતિદિન શાંતાવસ્થાએ કરી તેનો આત્મા સ્વરૂપલક્ષિત થતો હતો.'** ઠીક ! સ્વરૂપલક્ષ થાય એવી એની યોગ્યતા થઈ હતી. **'કર્મતત્ત્વને સમ્યક્પણે વિચારી, નિદિધ્યાસન કરી આત્માને તદ્નુયાયી પરિણતિનો નિરોધ થાય એ તેનો મુખ્ય લક્ષ હતો. વિશેષ આયુષ્ય હોત તો તે મુમુક્ષુ ચારિત્રમોહને ક્ષીણ કરવા પ્રત્યે અવશ્ય પ્રવર્તત.'** દર્શનમોહનો તો અનુભાગ તોડતા જતા હતા. આ તો ચારિત્રમોહ સુધી જાય એવો આ જીવ હતો. કેટલો અંદાજ બાંધ્યો છે ! બહુ સારો અંદાજ બાંધ્યો છે. ઘણું સારું લખાણ કર્યું છે. ભવિષ્ય પણ એ હિસાબે એ આત્માનું ઉજ્વળ છે. એમ એમના જ્ઞાન ઉપરથી લાગે છે કે એ મુમુક્ષુનું ભવિષ્ય કાંઈક ઉજ્વળ હશે એવું લાગે છે.

મુમુક્ષુ :- એના અનુસંધાનમાં આ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ બનવાજોગ છે. કોઈ સારા ઉચ્ચ પુણ્યની પદવીમાં ગયા હોય. એ પણ બનવા જોગ છે. કારણ કે એવી વાત કરી છે.

મુમુક્ષુ :- મનુષ્યમાંથી મનુષ્ય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કાંઈ કહેવાય નહિ. જીવનું સામર્થ્ય એટલું છે કે એક ઘડીમાં સાતમી નારકીનો ટાંકો બાંધે અને એક ઘડીમાં ઊંચા દેવલોકનો ટાંકો બાંધે. એના વિભાવમાં આટલી શક્તિ છે. સ્વભાવમાં કેટલી હશે એ તો વિચાર કરી લ્યો. એક Second માં સિદ્ધપદનો ટાંકો બાંધે. એવી વાત છે. એટલે અનંત અનંત સામર્થ્યનો મોટો Atom bomb અંદર ભર્યો છે. સામર્થ્યનો કોઈ પાર નથી, શક્તિનો કોઈ પાર નથી. એવી ચીજ અંદરમાં મોજૂદ છે. સંભાળે એટલી વાર છે. પોતાના ભાનમાં આવે કે હું સામર્થ્યવાળો છું, કાંઈ દીન અને રાંકો નથી કે હું દીન-હિનપણે જીવન વિતાવું એ કોઈ મારું સ્વરૂપ નથી. એણે પોતાને સંભાળવું જોઈએ. પોતાનું સામર્થ્ય છે એને ભાનમાં આવીને સંભાળવા જેવું છે. તો એનું ફળ બહુ મોટું છે. એ બધાનું તાત્પર્ય તો

એ જ નીકળે છે. સ્વરૂપની સંભાળ લેવી એ તાત્પર્ય નીકળે છે.

મુમુક્ષુ :- .. સંસ્કૃત કે વ્યાકરણનો અભ્યાસ તો ખાસ નહિ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- તે દિ' ક્યાં હતું ? તે દિ' ક્યાં હતું ?

મુમુક્ષુ :- છતાં એમની શબ્દરચના...

પૂજ્ય ભાઈશ્રી :- મૌલિક એકદમ ! એ તો મેં વાત કરીને તમને, ભાઈ ! 'રાજકોટ'માં 'શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર'માં એક ભાઈ આવતા હતા. બે વર્ષથી જ મુમુક્ષુ આ બાજુ વળેલા હતા. પણ ગુજરાતી ભાષામાં Doctorate થયેલા હતા. અને ત્યાંની Collage માં ગુજરાતી ભાષાના Professor હતા. આમ પટેલ હતા. ડૉ. ઘનશ્યામ પટેલ કરીને એના લેખ આવે છે. દિવ્યધ્વનિ માસિકમાં આવે છે. બહુ નવા મુમુક્ષુ છે પણ એના લેખની પ્રશંસા પણ ઘણી કરે છે. અને ઈનામ કાઢે તો પહેલા બધા ઈનામ એ લઈ જાય છે. બહુ ક્ષયોપશમવાળો માણસ છે. બહુ નાની ઉંમર છે. ૪૦-૪૫ વર્ષની ઉંમર છે. પટેલ એટલે કણબી જ કહેવાય ને. બ્રહ્મચર્ય લઈ લીધું છે. ઘરે એના Misses છે એ પણ ભણેલાગણેલા છે. એ Educated બાઈ છે. કુટુંબ આખું ભણેલું છે. પોતે એટલો બધો ભાવનાવાળો છે કે એક દિવસ એને ક્ષમાપના બોલવાનું કીધું કે તમે ક્ષમાપના બોલો તો... ભાઈ હતા, બધાની આંખમાંથી આંસુ નીકળી ગયા. એટલો ભાવનાવાળો. બોલે તો એનો અવાજ એવો. મેં કીધું, તમને ભાષાનું આટલું બધું જ્ઞાન છે. તમે આટલું બધું વાંચ્યું છે. રાત્રે ચર્ચા કરવા હું ઉતર્યો ત્યાં આવતો હતો. રાતના બાર બાર વાગ્યા સુધી (બેસે). બહુ રસિયો માણસ છે.

તમને ગુજરાતી સાહિત્યમાં વધારેમાં વધારે સાહિત્ય કોનું સારું લાગ્યું ? 'રવિન્દ્રનાથ ટાગોર'ની સાથે કોઈ ન આવે. પછી બીજો પ્રશ્ન કર્યો. હવે 'કૃપાળુદેવ'ની ભાષા અને 'રવિન્દ્રનાથ ટાગોર'ની ભાષા ગુજરાતી ભાષામાં તમે મેળવણી કરો, સરખામણી કરો તો કેમ લાગે છે ? મને કહે, 'કૃપાળુદેવ' પાસે 'રવિન્દ્રનાથ' કાંઈ નથી. શું કીધું એણે ? એને આંક ન આપ્યા, Mark ન આપ્યા. કાંઈ નથી, મને કહે. આ તો ગજબની કોઈ વાત. એમની શૈલી અને એમની કોઈ શબ્દરચના, શબ્દને ઈ જોડે છે એ શબ્દકોષની બહાર જાવું પડે છે અમારા લોકોને. ભાષાના સાક્ષર લોકોને શબ્દકોષની બહાર જાવું પડે એવું છે કહે. એટલા તો એમના સંયોજન છે. શબ્દસંયોજન છે, વાક્ય સંયોજન એવા છે. એની આગળ તો ટાગોર-ફાગોર કાંઈ નથી. આવું બોલ્યો માણસ. એવું છે. ભલે સાત ચોપડી ભણ્યા હતા, ઉઘાડમાં તો અસાધારણ ! અલૌકિક ઉઘાડ લઈને આવ્યા છે ને એ પોતે !!

**પત્રાંક-૯૨૯**

**વવાણિયા, જયેષ્ઠ સુદ ૧૩, સોમ, ૧૯૫૬**

**ૐ**

**પરમ કૃપાળુ મુનિવરોને રોમાંચિત ભક્તિથી નમસ્કાર હો !**

**પત્ર સંપ્રાપ્ત થયું.**

**ચાતુર્માસ સંબંધી મુનિઓને ક્યાંથી વિકલ્પ હોય ?**

**નિર્ગ્રંથો ક્ષેત્રે કયે છેડે બાંધે ? તે છેડાનો સંબંધ નથી.**

**નિર્ગ્રંથ મહાત્માઓનાં દર્શન અને સમાગમ મુક્તિની સમ્યક્ પ્રતીતિ કરાવે છે.**

**તથારૂપ મહાત્માના એક આર્ય વચનનું સમ્યક્ પ્રકારે અવધારણ થવાથી યાવત્ મોક્ષ થાય એમ શ્રીમાન તીર્થંકરે કહ્યું છે તે યથાર્થ છે. આ જીવમાં તથારૂપ યોગ્યતા જોઈએ.**

**પરમ કૃપાળુ મુનિવરોને ફરી નમસ્કાર કરીએ છીએ.**

**શાંતિઃ**

## તા. ૧૩-૧૧-૧૯૯૨, પત્રાંક-૯૨૯ થી ૯૩૬
## પ્રવચન નં. ૪૩૦

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૯૨૯. પાનું-૬૫૦. 'લલ્લુજી મુનિ' ઉપરનો પત્ર છે. '**પરમ કૃપાળુ મુનિવરોને રોમાંચિત ભક્તિથી નમસ્કાર હો ! પત્ર સંપ્રાપ્ત થયું. ચાતુર્માસ સંબંધી મુનિઓને ક્યાંથી વિકલ્પ હોય ?**' શું કહ્યું ? મુનિઓ તો એમ કે કોઈ સ્થાન તો નક્કી કરતા નથી. પહેલાં બધી ચર્ચા ચાલી ગઈને. .. એ વિકલ્પ હોતો નથી. ગમે ત્યાં કોઈપણ ક્ષેત્રે વિહાર થઈ જાય. પોતે અગાઉથી વિકલ્પ અને વિચારની ગોઠવણ કર્યા વિના. '**નિર્ગ્રંથો ક્ષેત્રને કયે છેડે બાંધે ?**' જે પોતે નિર્ગ્રંથ છે એ ક્ષેત્રને કયા છેડા સાથે ગાંઠ વાળી દે કે આ ક્ષેત્ર મારું, અહીંયાં મારો અડ્ડો. એ પ્રશ્ન નથી. એવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ભાષા કેવી લીધી છે ! '**નિર્ગ્રંથો ક્ષેત્રને કયે છેડે બાંધે ?**' અહીંયાંથી એમ લેવાનું છે કે જેને નિર્ગ્રંથ થવું છે એવા મુમુક્ષુ ક્ષેત્રને કયા છેડે બાંધે ? કે

આ ક્ષેત્ર મારા માટે સારું છે. કાંઈ નહિ.

મુમુક્ષુ :- બે મહિના સુધી ચાતુર્માસ સંબંધી પત્રોમાં ચર્ચા ચાલી. અહીંયાં કરો, વસો કરો, નડિયાદ કરો, ... પણ છેલ્લે એનો સરવાળો આમાં મારી દીધો કે ક્યા છેડે બાંધે.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યા છેડે બાંધે ? આટલી આટલી સૂચના આપ્યા પછી એમ કહ્યું કે ખરેખર તો વાત આ છે. કોઈ ક્ષેત્ર પ્રત્યે અનુકૂળતા છે એમ સમજીને મમત્વ કરવા જેવું નથી. કેમકે આ માર્ગ તો અનુકૂળતા અને પ્રતિકૂળતાથી પર પોતાની જાતને રાખીને માર્ગ ઉપર ચાલવાની વાત છે.

**'નિર્ગ્રંથ મહાત્માઓનાં દર્શન અને સમાગમ મુક્તિની સમ્યક્ પ્રતીતિ કરાવે છે.'** નિર્ગ્રંથ મહાત્માઓના દર્શન અને સમાગમથી મુક્તિની સમ્યક્ પ્રકારે પ્રતીતિ આવી જાય છે. એવા નિર્ગ્રંથ મહાત્માઓ હોય છે કે જેના દર્શન કરતાં, જેનો સમાગમ કરતાં પૂર્ણ શુદ્ધ, શુદ્ધતા કેવી હોય ? પૂર્ણ શુદ્ધિ, પૂર્ણ પવિત્રદશાની પ્રતીતિ (આવી જાય છે). અંશ પવિત્રતા ઉપરથી પૂર્ણ પવિત્રતાની પ્રતીતિ આવી જાય છે. અંશ શાંતિ ઉપરથી પૂર્ણ શાંતિની પ્રતીતિ આવી જાય છે. નમુનો ચાખે અને આખી ચીજનો અંદાજ આવી જાય એવી રીતે.

**'તથારૂપ મહાત્માના એક આર્ય વચનનું સમ્યક્ પ્રકારે અવધારણ થવાથી યાવત્ મોક્ષ થાય એમ શ્રીમાન તીર્થંકરે કહ્યું છે તે યથાર્થ છે.'** એવા મહાત્માના, તથારૂપ એટલે નિર્ગ્રંથ **'મહાત્માના એક આર્ય વચનનું...'** એક સુંદર વચનનું **'સમ્યક્ પ્રકારે અવધારણ થવાથી...'** આત્માભિમુખ થઈને આત્મામાં એને ધારણ કરવામાં આવે. અવધારણ કરવું એટલે આત્મામાં ધારણ કરવામાં આવે તો મોક્ષ થઈ જાય એમ કહે છે. એવું તીર્થંકરદેવે કહ્યું છે તે યથાર્થ છે. **'આ જીવમાં તથારૂપ યોગ્યતા જોઈએ.'** આ જીવને તો એની યોગ્યતા જોઈએ. તો એક વચન કાફી છે એના માટે. કેટલું ? આવા નિર્ગ્રંથ મહાત્માઓનું એક જ વચન એને મુક્તિ સુધી લઈ જાય એવું છે.

મુમુક્ષુ :- સત્પુરુષના એક વચનમાં અનંત આગમ ભર્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અનંત આગમ ભર્યા છે એનું કારણ એ છે. એવી જ વાત છે.

**'પરમ કૃપાળુ મુનિવરોને ફરી નમસ્કાર કરીએ છીએ.'** કહેતા જાય છે અને નમસ્કાર કરતા જાય છે. એવું છે.

પત્રાંક-૯૩૦

વવાણિયા, જયેષ્ઠ સુદ ૧૩, સોમ, ૧૯૫૬

ૐ

**પત્ર અને 'સમયસાર'ની પ્રત સંપ્રાપ્ત થઈ.**

**કુંદકુંદાચાર્યકૃત 'સમયસાર' ગ્રંથ જુદો છે. આ ગ્રંથકર્તા જુદા છે, અને ગ્રંથનો વિષય પણ જુદો છે. ગ્રંથ ઉત્તમ છે.**

**આર્ય ત્રિભુવને દેહોત્સર્ગ કર્યાના ખબર તમને મળ્યા, તેથી ખેદ થયો તે યથાર્થ છે. આવા કાળમાં આર્ય ત્રિભુવન જેવા મુમુક્ષુઓ વિરલ છે. દિનપ્રતિદિન શાંતાવસ્થાએ કરી તેનો આત્મા સ્વરૂપલક્ષિત થતો હતો. કર્મતત્ત્વને સૂક્ષ્મપણે વિચારી, નિદિધ્યાસન કરી આત્માને તદ્નુયાયી પરિણતિનો નિરોધ થાય એ તેનો મુખ્ય લક્ષ હતો. વિશેષ આયુષ્ય હોત તો તે મુમુક્ષુ ચારિત્રમોહને ક્ષીણ કરવા પ્રત્યે અવશ્ય પ્રવર્તત.**

**શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

૯૩૦મો પત્ર 'સુખલાલ છગનલાલ' 'વીરમગામ' ઉપરનો છે. '**પત્ર અને 'સમયસાર'ની પ્રત સંપ્રાપ્ત થઈ.**' પત્ર પણ મળ્યો છે. 'સમયસાર'ની પ્રત પણ મળી છે. '**કુંદકુદાચાર્યકૃત 'સમયસાર' ગ્રંથ જુદો છે.**' જે 'સમયસાર' નામનો ગ્રંથ મોકલ્યો છે એ કોઈ બીજો જ ગ્રંથ મોકલ્યો છે. '**કુંદકુંદાચાર્યકૃત 'સમયસાર' ગ્રંથ જુદો છે. આ ગ્રંથકર્તા જુદા છે, અને ગ્રંથનો વિષય પણ જુદો છે.**' એક જ નામનો ગ્રંથ છે. '**ગ્રંથ ઉત્તમ છે.**' એમ કહ્યું છે. ગ્રંથ છે એ ઉત્તમ છે. હશે કોઈ જૈન ગ્રંથ. કેમકે 'સમયસાર' એ અન્ય સંપ્રદાયની ભાષાનો શબ્દ નથી. જૈન પરિભાષા સિવાય અન્ય આગમમાં એ 'સમયસાર' શબ્દ (નથી). 'સમય' શબ્દનો આ જે પદાર્થ અર્થ થાય છે એ ત્યાં છે નહિ. આમ તો લૌકિક શબ્દમાં સમય એટલે વખત એમ કહે છે. અહીંયાં એવો કોઈ રૂઢિગત અર્થ નથી.

'**આર્ય ત્રિભુવને દેહોત્સર્ગ કર્યાના ખબર તમને મળ્યા, તેથી ખેદ થયો તે યથાર્થ છે.**' કેમકે એવા એક ઉત્તમ મુમુક્ષુનો વિયોગ થયો. એટલે ખેદ થાય છે. ખેદ થવાનું કારણ એ છે કે એવા એક સત્સંગ કરવા યોગ્ય મુમુક્ષુનો વિયોગ થયો એટલે ખેદ થાય છે. '**આવા કાળમાં આર્ય ત્રિભુવન જેવા મુમુક્ષુઓ વિરલ છે.**' આવા કાળમાં

'ત્રિભુવનભાઈ' જેવા મુમુક્ષુઓ ભાગ્યે જ જોવા મળે. **'દિનપ્રતિદિન શાંતાવસ્થાએ કરી તેનો આત્મા સ્વરૂપલક્ષિત થતો હતો.'** એટલે એની Line યથાર્થ હતી એમ કહેવું છે. **'દિનપ્રતિદિન...'** આગળદ્ય જેમ જેમ દિવસો જતા હતા એ સ્વરૂપલક્ષ બાજુ વળતા જતા હતા. એ બહુ સારી યોગ્ય Line હતી. ઠીક ! આ તો ચાલ્યા ગયા પછી એની યોગ્યતા સ્પષ્ટ કરી છે.

**'કર્મતત્ત્વને સૂક્ષ્મપણે વિચારી, નિદિધ્યાસન કરી આત્માને તદ્નુયાયી પરિણિનો નિરોધ થાય એ તેનો મુખ્ય લક્ષ હતો.'** એટલે કે વિભાવભાવોને વિચારીને, એ સંબંધીનું ઊંડું ચિંતવન કરીને આત્માને કર્મ બાજુની, તદ્નુયાયી એટલે કર્મ તરફની પરિણતિ અટકી જાય એવો એમનો મુખ્ય લક્ષ હતો. એટલે બંધ પરિણામોને અટકવા અને અબંધ પરિણામો થાય એ એમનો મુખ્ય લક્ષ હતો. એટલે એ રાગાદિ વિભાવથી બચવા માટે એમનો લક્ષ હતો, પ્રયત્નશીલ હતા એમ કહ્યું છે.

**'વિશેષ આયુષ્ય હોત તો તે મુમુક્ષુ ચારિત્રમોહને ક્ષીણ કરવા પ્રત્યે અવશ્ય પ્રવર્તત.'** જો એમનું આયુષ્ય લાંબુ હોત તો દર્શનમોહનો અભાવ કરીને ચારિત્રમોહનો અભાવ કરવા બાજુનો એમનો પુરુષાર્થ ચાલત. ત્યાં સુધીની યોગ્યતા 'ત્રિભુવનભાઈ'ની જોઈ છે એમણે. વર્તમાન યોગ્યતા ઉપરથી ભવિષ્યનો અંદાજ મૂકી દીધો છે. એટલે એમના પરિચયમાં આવેલા મુમુક્ષુઓ આવી લાયકાતવાળા હતા એ સ્પષ્ટ થાય છે. 'ત્રિભુવનભાઈ'ના પત્રો આપણને ત્યાં 'વવાણિયા'માં જોવા નથી મળ્યા. 'ત્રિભુવનભાઈ'ના પત્ર નથી મળ્યા. નહિતર આ એમના વર્ણન ઉપરથી એમના જો પત્રો હોય તો એ પણ મુમુક્ષુએ અભ્યાસ કરવા જેવા ગણવા જોઈએ. ૯૩૦ થયો.

## પત્રાંક-૯૩૧

**વવાણિયા, જેઠ વદ ૯, ગુરુ, ૧૯૫૬**

**શુભોપમાલાયક મહેતા ચત્રભુજ બેચર, મોરબી.**

**આજે તમારો કાગળ એક ટપાલમાં મળ્યો.**

**પૂજ્યશ્રીને અત્રે આવવાનું જણાવશો. તેમણે પોતાનું વજન વધારવું પોતાના હાથમાં છે. અન્ન, વસ્ત્ર કે મનની કંઈ તાણ નથી. ફક્ત તેમના સમજ્યા ફેર થાય છે તેથી અમસ્તો રોષ કરે છે, તેથી ઊલટું તેમનું વજન ઘટે પણ વધે નહીં. તેમનું વજન વધે અને તે પોતાના આત્માને શાંત રાખી કાંઈ**

**પણ ઉપાધિમાં ન પડતાં આ દેહ મળ્યાનું સાર્થક કરે એટલી જ અમારી વિનંતિ છે. બેઉ વ્યસન તેમણે કબજે રાખવા જોઈએ. વ્યસન વધાર્યા વધે છે અને નિયમમાં રાખ્યાં નિયમમાં રહે છે. તેમણે વ્યસન થોડા વખતમાં ત્રણ ગણું કરી નાખ્યું તો તે વિષે તેમને ઠપકો દેવાનો હેતુ એટલો જ છે કે આથી તમારી કાયાને ઘણું નુકસાન થતું જાય છે, તથા મન પરવશ થતું જાય છે, જેથી આ લોક અને પરલોકનું કલ્યાણ ચૂકી જવાય છે. દિવસ પ્રમાણે માણસની પ્રકૃતિ ન હોય તો માણસનું વજન પડે નહીં અને વજન વગરનો મનખો આ જગતમાં નકામો છે. માટે તેમનું વજન રહે એમ વર્તવાની અમારી ભલામણ છે. સહેજ વાતમાં વચ્ચે આવવાથી વજન રહેતું નથી પણ ઘટે છે, તે ધ્યાન રાખવું જોઈએ. હવે તો થોડો વખત રહ્યો છે તો જેમ વજન વધે તેમ વર્તવું જોઈએ.**

**પોતાને મળેલા મનુષ્યદેહ ભગવાનની ભક્તિ અને સારા કામમાં ગાળવો જોઈએ.**

**પૂજ્યશ્રીને આજ રાતની ટ્રેનમાં મોકલશો.**

૯૩૧. **'શુભોપમાલાયક મહેતા ચત્રભુજ બેચર, મોરબી.'** આ એમના બનેવી છે ને ? બનેવી છે એના ઉપરનો પત્ર છે. શરૂઆતમાં એમના ઉપરના પત્રો આવેલા.

મુમુક્ષુ : એમના બનેવી છે ?

પૂજ્ય ભાઈશ્રી : એમના બનેવી છે 'ચત્રભુજ મહેતા' પહેલાં આગળ જે આવ્યું 'મહેતા શ્રી ૫ ચત્રભુજ બેચર' મહેતાશ્રી ૫ લખ્યું છે એ બનેવી છે એટલે લખ્યું છે. **'આજે તમારો કાગળ એક ટપાલમાં મળ્યો. પૂજ્યશ્રીને અત્રે આવવાનું જણાવશો.'** એટલે આમના કોઈ વડીલ હશે. એમના પિતાશ્રી હશે. એમને અહીંયાં એટલે 'વવાણિયા' મોકલજો.

**'તેમણે પોતાનું વજન વધારવું પોતાના હાથમાં છે.'** વૃદ્ધાવસ્થામાં શરીરનું વજન ઘટી ગયું હશે પણ પ્રકૃતિ કાંઈ એવી હશે કે ગમે તેવું ખાય તો બળી જાય. ગરમ પ્રકૃતિ હોય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ના. એમના નથી. કારણ કે 'વવાણિયા' તો પોતે છે જ.

'વવાણિયા' તો પોતે છે. એમના પિતાશ્રી હોય તો ઘરે હોય.

**'વસ્ત્ર કે મનની કંઈ તાણ નથી. ફક્ત તેમના સમજ્યા ફેર થાય છે તેથી અમસ્તો રોષ કરે છે. તેથી ઊલટું તેમનું વજન ઘટે પણ વધે નહીં.'** ગુસ્સાવાળી પ્રકૃતિ છે. **'તેમનું વજન વધે અને તે પોતાના આત્માને શાંત રાખી કાંઈ પણ ઉપાધિમાં ન પડતાં આ દેહ મળ્યાનું સાર્થક કરે એટલી જ અમારી વિનંતિ છે. બેઉ વ્યસન તેમણે કબજે રાખવાં જોઈએ.'** કાંઈક હોકલી-બોકલીનું એવું વ્યસન થઈ ગયું હશે.

મુમુક્ષુ :- જૂના માણસને હોય જ તે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ જમાનામાં તો.. એમાં શું નવા માણસોમાં અત્યારે બીડી, સિગારેટ, તમાકુ ને જુઓને.

**'વ્યસન વધાર્યા વધે છે અને નિયમમાં રાખ્યાં નિયમમાં રહે છે.'** ભલે છોડી ન દે પણ એમ કે ઓછાનો નિયમ તો કરી નાખે. **'તેમણે વ્યસન થોડા વખતમાં ત્રણ ગણું કરી નાખ્યું તો તે વિષે તેમને ઠપકો દેવાનો હેતુ એટલો જ છે કે આથી તમારી કાયાને ઘણું નુકસાન થતું જાય છે.'** આ એટલા માટે ઠપકો દીધો. **'તથા મન પરવશ થતું જાય છે.'** એ તો મન નબળું પડે ત્યારે જ વ્યસન બાજુ જાય. નહિતર કોઈ માણસ ગમે તેવો હિંમતવાળો દેખાતો હોય, ગમે તેવો મોટો વાઘ જેવો દેખાતો હોય પણ એ બીડી કે સિગરેટ પીવે એટલે સમજી લેવું કે આનું મન નબળું છે. એને કાંઈ વ્યસન હોય એટલે સમજી લેવું કે આ માણસ મનનો નબળો થઈ ગયો છે. આ બહુ સ્પષ્ટ વાત છે.

**'મન પરવશ થતું જાય છે, જેથી આ લોક અને પરલોકનું કલ્યાણ ચૂકી જવાય છે.'** પછી મન જ કાબુમાં ન હોય તો પછી વર્તમાન સુધારી શકે નહિ, ભવિષ્ય તો બગડે જ, સીધી વાત છે. **'દિવસ પ્રમાણે માણસની પ્રકૃતિ ન હોય તો માણસનું વજન પડે નહીં...'** દિવસ પ્રમાણે એટલે ઉંમર પ્રમાણે. ઉંમર પ્રમાણે જો માણસ ગંભીર ન હોય, મોટી ઉંમર હોવા છતાં ઉંમરમાં પીઢ થાય પણ એના વર્તનમાં, વાણીમાં પીઢ ન થાય અથવા પ્રકૃતિમાં પીઢતા ન હોય તો માણસનું વજન ન પડે. તો એ ઘરમાં મુખ્ય માણસ હોય તોપણ એનું કોઈ વજન ન પડે. કોઈ એને ગાંઠે નહિ.

**'અને વજન વગરનો મનખો આ જગતમાં નકામો છે.'** એક તો ઘરમાં મુખ્ય માણસ હોય અને કોઈ એને ગણકારે નહિ. એને એમ થાય કે હું હવે નકામો થઈ ગયો. હવે હું નકામો થઈ ગયો. **'માટે તેમનું વજન રહે...'** ઠીક ! આ પછી ઓલું વજન, હોં ! શરીરનું વજન નહિ. **'તેમનું વજન રહે એમ વર્તવાની અમારી ભલામણ છે.'** એટલે

એ પોતે માપમાં રહે એ વધારે સારું છે. આ વૃદ્ધ ઉંમરમાં માણસની થોડી પ્રકૃતિ બગડે છે. પછી ઘરના સભ્યોને પણ ખ્યાલ આવી જાય કે હવે આમની પ્રકૃતિ બગડી ગઈ છે. પછી કોઈ ગણે નહિ એને. ગણી શકે પણ નહિ. એની પ્રકૃતિને ગણી શકે એવી ઘરના માણસોની પછી યોગ્યતા હોય નહિ કે એ કહે એટલું કરી શકાય. એ તો કર્યા કરે, બોલ્યા કરશે આપણે કરતા હોય એમ કરો.

મુમુક્ષુ :- બધું જાણવા છતાં સંબોધન પૂજ્ય તરીકે લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વડીલ છે ને. વડીલ હશે. ઉંમરમાં મોટા હોય તો પછી પૂજ્યશ્રી જ લખે ને.

'**સહેજ વાતમાં વચ્ચે આવવાથી વજન રહેતું નથી.**' નાની નાની વાતમાં કૂદી પડે એમાં વજન રહેતું નથી. '**પણ ઘટે છે, તે ધ્યાન રાખવું જોઈએ. હવે તો થોડો વખત રહ્યો છે તો જેમ વજન વધે તેમ વર્તવું જોઈએ. પોતાને મળેલો મનુષ્યદેહ ભગવાનની ભક્તિ અને સારા કામમાં ગાળવો જોઈએ.**' બીજું તો કાંઈ એને તત્ત્વજ્ઞાન સમજાય એવી પરિસ્થિતિ હોય નહિ. એટલે એમ કહે છે, ભગવાનની ભક્તિ કરે, માળા ફેરવે તો મન તો શાંત રહે. '**પૂજ્યશ્રીને આજ રાતની ટ્રેનમાં મોકલશો.**' 'વવાણિયા-મોરબી' વચ્ચે Train છે ને ? બહુ જૂના વખતથી Train છે ત્યાં. વ્યવહારિક એમના બનેવીને પત્ર લખેલો :ત.

મુમુક્ષુ :- આવી બાબતમાં કેટલું સુંદર માર્ગદર્શન આપ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- મોટી ઉંમરનાને કોઈને એવો પ્રસંગ હોય તો એને તો ઉપદેશ મળી જાય એવું છે.

૯૩૨. એ તો આ માર્ગ જ એવો છે કે આત્માનું સુખ તો મળે. લેવા જાય તો. આત્માના સુખનો પ્રયત્ન કરે તો એ સુખ તો મળે પણ વ્યવહારિક જીવનમાં પણ એને ઘણી શાંતિ મળે.

**પત્રાંક-૯૩૨**

**વવાણિયા, જ્યેષ્ઠ વદિ ૧૦, ૧૯૫૬**

**ૐ**

**પત્ર સંપ્રાપ્ત થયાં. શરીર પ્રકૃતિ સ્વસ્થાસ્વસ્થ વર્તે છે, વિક્ષેપ કર્તવ્ય નથી.**

**હે આર્ય ! અંતર્મુખ થવાનો અભ્યાસ કરો.**

**શાંતિઃ**

૯૩૨ છે એ 'સુખલાલ છગનલાલ' ઉપરનો છે. '**પત્ર સંપ્રાપ્ત થયા. શરીર પ્રકૃતિ સ્વસ્થાસ્વસ્થ વર્તે છે, વિક્ષેપ કર્તવ્ય નથી.**' પોતાની શરીરની પ્રકૃતિ બરાબર રહેતી નથી. સ્વસ્થાસ્વસ્થ વર્તે છે એટલે અસ્વસ્થ વર્તે છે એમ લેવાના બદલે સ્વસ્થ-અસ્વસ્થ. નરમગરમ આપણે જેને કહીએ. સાદી ભાષામાં શું કહીએ કે તબિયત જરા નરમગરમ રહે છે. પણ '**વિક્ષેપ કર્તવ્ય નથી.**' પણ એના માટે કોઈ મનનો વિક્ષેપ કરવાયોગ્ય નથી. ચાલ્યા કરે, શરીરધર્મ છે.

'**હે આર્ય ! અંતર્મુખ થવાનો અભ્યાસ કરો.**' ઠીક ! આ જીવ બાહ્ય પરિણામે બધું કરી ચૂક્યો, હવે અંતર્મુખ થવાનો અભ્યાસ કરો. એ એક કર્તવ્ય છે, એ એક બાકી છે. એક Post card માં એક લીટીમાં મુદ્દાની વાત એ કરી નાખી છે કે અંતર્મુખ થવાનો અભ્યાસ કરો.

**પત્રાંક-૯૩૩**

**ૐ નમઃ**

**અપૂર્વ શાંતિ અને સમાધિ અચળપણે વર્તે છે. કુંભક, રેચક પાંચે વાયુ સર્વોત્તમ ગતિને આરોગ્યબળ સહિત આપે છે.**

૯૩૩. '**અપૂર્વ શાંતિ અને સમાધિ અચળપણે વર્તે છે.**' પોતાની વાત લખી છે કે '**અપૂર્વ શાંતિ અને સમાધિ અચળપણે વર્તે છે.**' ૯૩૩ લીધો છે ? એમની પોતાની દશાની વાત છે. છે. '**અપૂર્વ શાંતિ અને સમાધિ...**' એમની દશાનું છેલ્લું એ જ વચન છે. ૩૩માં વર્ષમાં, હોં ! પછી ૩૪માં અભ્યંતર પરિણામ અવલોકનના વચનો છે. આ છેલ્લી દશાનો ઉલ્લેખ અહીંયાં છે. ૩૩મા વર્ષમાં જેઠ વદ પછીનો પત્ર છે. આમાં મિતિ નથી નાખી પણ પછી અમાસનો પત્ર છે. એટલે છેલ્લા દિવસનો પત્ર છે કોઈ. એમાં ઉલ્લેખ કર્યો છે.

'**અપૂર્વ શાંતિ અને સમાધિ અચળપણે વર્તે છે. કુંભક, રેચક પાંચે વાયુ સર્વોત્તમ ગતિને આરોગ્યબળ સહિત આપે છે.**' એ તો એ શરીરનું વિજ્ઞાન જાણતા હશે. આ યોગનો વિષય છે. કુંભક, રેચક પાંચ પ્રકારના વાયુ છે. ઉદાન વાયુ, અપાન વાયુ એવા બધા પાંચ પ્રકારના મુખ્ય વાયુ છે. એ આરોગ્યના વિષયને લગતો વિષય છે. એનો ઉલ્લેખ કર્યો છે. આપણે તો એ વિષયથી અજાણ્યા છીએ. આ વાત-પિત્ત ને કફ છે ને. એનો વિષય છે. એમાં આ કુંભક, રેચક તો યોગનો પાછો વિષય છે. પ્રાણાયામ વગેરે કરે ત્યારે.

મુમુક્ષુ :- ૩૪મે વર્ષે તો બહુ બિમાર હતા ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ દિવસોમાં તબિયત બગડી છે. તબિયત સારી નથી રહી આ દિવસોમાં.

**પત્રાંક-૯૩૪**

**વવાણિયા, જયેષ્ઠ વદિ ૦)), બુધ, ૧૯૫૬**

**ૐ**

**પરમ પુરુષને અભિમત એવા અભ્યંતર અને બાહ્ય બન્ને સંયમને ઉલ્લાસિત ભક્તિએ નમસ્કાર.**

**'મોક્ષમાળા' વિષે જેમ તમને સુખ થાય તેમ પ્રવર્તો.**

**મનુષ્યપણું આર્યતા, જ્ઞાનીનાં વચનોનું શ્રવણ, તે પ્રત્યે આસ્તિક્યપણું, સંયમ, તે પ્રત્યે વીર્યપ્રવૃત્તિ, પ્રતિકૂળ યોગોએ પણ સ્થિતિ, અંતપર્યંત સંપૂર્ણ માર્ગરૂપ સમુદ્ર તરી જવો એ ઉત્તરોત્ર દુર્લભ અને અત્યંત કઠણ છે, એ નિઃસંદેહ છે.**

**શરીરપ્રકૃતિ ક્વચિત્ ઠીક જોવામાં આવે છે, ક્વચિત્ તેથી વિપરીત જોવામાં આવે છે, કાંઈક અશાતા-મુખ્યપણું હમણાં જોવામાં આવે છે.**

**ૐ શાંતિઃ**

૯૩૪.

'**પરમ પુરુષને અભિમત એવા અભ્યંતર અને બાહ્ય બન્ને સંયમને ઉલ્લાસિત ભક્તિએ નમસ્કાર.**' સંયમ ઉપર જાય છે ને. વિશેષ ભાવના એમની સંયમ છે. બાહ્યાભ્યંતર બંને સંયમ લીધા છે. એકલું અંતરંગ સંયમ નથી લીધું પણ બાહ્યાભ્યંતર બન્ને સંયમને નમસ્કાર કર્યા છે. કેવો સંયમ ? કે પરમ પુરુષ એવા તીર્થંકરદેવને માન્ય છે એવી વાત છે. બધા પોતાની મતિ કલ્પનાએ ચાલે એમ નહિ. ''**મોક્ષમાળા' વિષે જેમ તમને સુખ થાય તેમ પ્રવર્તો.**' 'મોક્ષમાળા' ફરીને છપાવવા માટે કાંઈ સંશોધન કરે છે. કોઈ પ્રશ્ન કર્યા હશે. તો કહે છે, તમને ઠીક પડે એમ કરો.

'**મનુષ્યપણું, આર્યતા, જ્ઞાનીનાં વચનોનું શ્રવણ, તે પ્રત્યે આસ્તિક્યપણું, સંયમ, તે પ્રત્યે વીર્યપ્રવૃત્તિ,...**' એટલે પુરુષાર્થ. '**પ્રતિકૂળ યોગોએ પણ સ્થિતિ,...**' આત્મામાં સ્થિરતા અને '**અંત પર્યંત સંપૂર્ણ માર્ગરૂપ સમુદ્ર તરી જવો એ ઉત્તરોત્તર દુર્લભ અને અત્યંત કઠણ છે, એ નિઃસંદેહ છે.**' છેક મનુષ્યપણાથી માંડીને મોક્ષ

સુધીની વાત ઉત્તરોત્તર ઊર્ધ્વ શ્રેણીની વાત લીધી છે. મનુષ્યપણું દુર્લભ છે, એમાં પણ સજ્જનતા, આર્યતા છે એ વધારે દુર્લભ છે. એવા ઓછા હોય છે. જ્ઞાનીઓનાં વચનોનું શ્રવણ મળવું એ પણ વધારે દુર્લભ છે. એવો યોગ પણ બધા મનુષ્યોને મળતો નથી. તે પ્રત્યે શ્રવણ થયા પછી આસ્તિક્ય-આસ્થા આવે, માન્ય થાય એવી યોગ્યતા જીવની (આવે) એ વધારે દુર્લભ છે. શ્રદ્ધા થયા પછી સંયમમાં પ્રવર્તે એ તો એથી દુર્લભ છે. અને એ સંયમમાં પુરુષાર્થ વિશેષ પ્રગટ થાય એ એથી દુર્લભ છે.

પ્રતિકૂળ યોગોએ એટલે જે ઉપસર્ગ પરિષહમાં પણ સ્વરૂપ સ્થિરતા રહે એ એથી દુર્લભ છે. અને સંપૂર્ણ, અંત પર્યંત સંપૂર્ણ એવી વીતરાગતા રહે એવો માર્ગરૂપ સમુદ્ર તરી જવો એ અત્યંત ઉત્તરોત્તર દુર્લભ છે, અત્યંત કઠણ છે. એ દુર્લભ પણ છે અને ઉપર ઉપરનો વિષય વિશેષ વિશેષ પુરુષાર્થ આધીન છે. એટલે જેમ ઉપર જાવ એમ એ જીવોની સંખ્યા ઘટતી જાય છે. ચાર ગતિના જીવોમાં મનુષ્યોની સંખ્યા ઓછી છે. મનુષ્યોમાં સજ્જન મનુષ્યની સંખ્યા ઓછી છે. સજ્જન મનુષ્યોમાં જ્ઞાનીના સત્સમાગમમાં આવનારાઓની સંખ્યા ઓછી છે. સત્સમાગમમાં આવનારાઓમાં શ્રદ્ધા કરનારની સંખ્યા ઓછી છે. શ્રદ્ધા પ્રાપ્ત થાય એવા શ્રદ્ધાળુ જીવો સંયમમાં આવે એની સંખ્યા એથી ઓછી હોય છે. ઘટતી જ જાય છે. કેમકે વધારે પુરુષાર્થનું એ કારણ છે. એ રીતે ઉત્તરોત્તર દુર્લભપણું જાણવું અને સંખ્યા ઓછી છે તેમ તેનું મૂલ્ય પણ ઉત્તરોત્તર વિશેષ છે એમ જાણવું. એની કિંમત પણ ઉત્તરોત્તર ઘણી છે. '**એ નિઃસંદેહ છે.**'

'**શરીર પ્રકૃતિ...**'

મુમુક્ષુ :- આસ્તિક્યપણું એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- આસ્તિક્યપણું એટલે શ્રદ્ધા-આસ્થા. જ્ઞાનીના વચનોનું શ્રવણ અને તે પ્રત્યે આસ્થા-શ્રદ્ધા માન્ય કરે. એ પછા બધા નથી માન્ય કરતા એમ કહે છે. જ્ઞાનીના વચનોનું શ્રવણ મળે એ બધા નથી માનતા. કોઈ કોઈ માને છે અને કોઈ કોઈ નથી માનતા. એટલે એક તો સંખ્યા ઓછી છે. સત્સમાગમમાં આવનારા મનુષ્યની સંખ્યા ઓછી છે. 'ગુરુદેવ' તો આટલા પ્રસિદ્ધ હતા. પુણ્ય પ્રકૃતિ લઈને આવેલા. તો બહુ પ્રસિદ્ધ હતા. ત્રણે ફિરકામાં ખૂબ પ્રસિદ્ધ હતા. વિરોધને લઈને પણ પ્રસિદ્ધિ ઘણી થઈ ગઈ. છતાં આખા ત્રણે ફિરકાના જૈન સમાજમાં અને જૈનેતર સમાજમાં જ્યાં એમની પ્રસિદ્ધિ હતી એમાંથી સત્સમાગમમાં આવવાવાળા કેટલા ? બહુ અલ્પ સંખ્યા હોય. ૯૯% પરિચયમાં ન આવે. ૧% માંડ પરિચયમાં આવે. હવે એ ૧%માં જે પચ્ચીસ-પચાસ હજાર માણસો હોય, લાખ માણસો હોય. વધુમાં વધુ લાખ માણસો. એથી વધારે ક્યાંય નથી. બાકી બધી આ ચાર-પાંચ લાખની વાતું જ

છે. અમે તો હિન્દુસ્તાનના આંકડા મૂકી જોયા છે. શહેરે-શહેરના અને પ્રદેશે પ્રદેશના. પરિચયમાં આવનારા લાખ માણસો આસપાસ થાય. કે જેને આવ્યા પછી કોઈવાર ફરીને પરિચય કરવાનું મન થયું હોય. બાકી એમના ગામમાં ગયા હોય અને સાંભળવા આવી ગયા હોય એ જુદી વાત છે.આ મહારાજ સાંભળવા જેવા છે અને કોઈ ફરીને આવે. 'ગુરુદેવ'નો સત્સમાગમ કરવાનો ભાવ થયો હોય ફરીને એવા તો લાખ માણસ માંડ મળે. આખા હિન્દુસ્તાનમાં થઈને, હોં ! એ લાખ માણસમાં શ્રદ્ધા કેટલી કરે ? આ પુરુષ પરમ સત્ય વાત કરે છે એવી શ્રદ્ધા કેટલા કરે ? બહુ ઓછા જીવો કરે. અને એમાં સમ્યગ્દૃષ્ટિ કેટલા થાય ? કે આંગળીને વેઢે ગણાય એટલા. એક-બે-ત્રણ-ચાર.

આ તો સો વર્ષ પહેલાં પણ એ પરિસ્થિતિ હતી. આ 'ગુરુદેવ'ના વખતમાં તો વધારે કાળ હીણો થયો છે. પહેલાં પણ આંગળીના વેઢે ગણાય એવી જ પરિસ્થિતિ છેલ્લા સો-બસ્સો વર્ષમાં રહી છે. પછી સંયમમાં આવે, મુનિ થાય. એ તો લગભગ સેંકડો વર્ષથી કોઈ દેખાતા નથી. એ તો કોઈ ૫૦૦-૭૦૦ વર્ષથી દેખાતું નથી. અને પૂર્ણતાને પ્રાપ્ત થાય એ તો પદ જ વિચ્છેદ ગયું છે એવો હીણો કાળ આવ્યો છે. પણ એ ઉત્તરોત્તર દુર્લભ છે. એ દુર્લભતા નિઃસંદેહ છે.

'**શરીરપ્રકૃતિ ક્વચિત્ ઠીક જોવામાં આવે છે, ક્વચિત્ તેથી વિપરીત જોવામાં આવે છે,...**' અઠીક છે એમ ન લખ્યું. ક્વચિત્ સ્વાસ્થ્ય ઠીક જોવામાં આવે છે. ક્વચિત્ એનાથી વિપરીત જોવામાં આવે છે. '**કાંઈક અશાતા-મુખ્યપણું હમણાં જોવામાં આવે છે.**' હમણાં અશાતા વધી છે, મુખ્ય થઈ છે એવું જોવામાં આવે છે. એ જોયા કરે છે. એમ. એ જોવામાં આવે છે કે આમ થાય છે.

મુમુક્ષુ :- ગુરુદેવના બધા મંડળો મળીને ૫૦-૭૫ હશે.

પૂજ્ય ભાઈશ્રી :- હશે. કદાચ સોએક આસપાસ તો હશે. નાનામોટા થઈને. નાના નાના ગામ ઘણા છે. મધ્યપ્રદેશમાં ને એ બાજુ. અને સોએક મંડળ હશે.

મુમુક્ષુ :- ઝવેરી બજારમાંથી વીસ જણા... વીસની ... રેગ્યુલર 'ગુરુદેવ'ના અનુયાયી રુચિ વૃત્તિવાળા.

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો Function ઉપર વધીને સંખ્યા ત્રણેક હજારથી કોઈ વધતી નથી. ત્રણ-ચાર હજારથી કોઈ વધતી નથી. એ આવાગમન કરો. અને કેટલાક પાછા એ વખતે સંજોગોવશાત્ ન આવી શક્યા હોય એવા ગણો તો જે આવાગમન કરવાવાળા મુમુક્ષુઓ છે એ દસ હજાર આસપાસના છે. પછી હજાર ઓછા ગણો, હજાર વધારે ગણો. ઓછામાં ઓછા ગણો તો આઠ હજાર, વધુમાં વધુ ગણો તો બાર હજારથી વધારે આવાગમન કરવાવાળા નથી રહ્યા. આ પરિસ્થિતિ છે. કેમકે સારામાં

સારું Function હોય તો ચાર હજાર, પાંચ હજારથી વધારે ઉપસ્થિતિ નથી હોતી. હવે એમાં તો શું છે કે અમુક વિભાગ થઈ ગયા એટલે અમુક તો આવતા જ ન હોય. કે આમનું Function છે, 'સોનગઢ'નું Function છે તો 'જયપુર'વાળા આવતા જ નથી. 'જયપુર'નું Function છે તો 'સોનગઢ'વાળા જતા જ નથી. તો અડધું ગણો તો બાકીના Double ગણી નાખો બીજી બાજુ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે આઠ હજાર ગણીએ બાકી બે-ચાર હજાર ન આવ્યા ગણીએ તો બાર હજારથી વધારે આવાગમન નથી. આવાગમન કરતા મુમુક્ષુઓની સંખ્યા દસ-બાર હજારથી કોઈ વિશેષ નથી રહી.

મુમુક્ષુ :- રોજ વાંચન-પ્રવચનમાં હાજરી આપતા હોય..

પૂજ્ય ભાઈશ્રી :- એવા જો તમારે મૂકવા હોય તો એના ૫% મૂકી દેવા. Average. કેટલા ? બાર હજારના ૫%.

મુમુક્ષુ :- 'મુંબઈ'માં વીસની હાજરી થાય. Highest 'સોનગઢ' અને 'ભાવનગર' છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એ બધાનો સરવાળો ગણો તો ૬૦૦થી વધારે ન થાય. બધાય ગામનો સરવાળો મૂકો તો ૬૦૦થી વધારે નહિ થાય.

મુમુક્ષુ :- સો મંડળ કીધા ને. તો ૨૦ની Average ગણો તો ૨૦૦૦ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વીસ ઉપસ્થિત નથી થતા, ભાઈ ! એમાં એવું છે સો મંડળમાં વીસ મંડળમાં વાંચન છે, એંશી મંડળમાં વાંચન નથી.

મુમુક્ષુ :- જામનગરમાં મંડળ મોટું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આપણાં કરતાં જૂનું મંડળ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખરી વાત છે. એ તો આઠ થી દસ જણા તો Maximum. હું તો ત્યાં જાઉં ત્યારે પૂછું છું. તો કહે, અમે ચાર-પાંચ જણા હોઈએ છીએ Tape માં.

મુમુક્ષુ :- ... પુરુષોની સંખ્યા હોય અને પાંચ-સાત બૈરા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કોઈવાર તો એક-બે પુરુષ હોય અને બે-ત્રણ બહેનો હોય.

આપણા મંદિરો બંધ થતા જાય છે. 'મોટા આંકડિયા'નું બંધ થયું. 'મોટા આંકડિયા'નું મંદિર તો બંધ કરી દેવું પડ્યું. ત્યાંથી પ્રતિમાજી લઈ ગયા ને ? ફેરવી

નાખ્યા પ્રતિમાને.

મુમુક્ષુ :- 'પોરબંદર'નું પણ બંધ થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- 'પોરબંદર'નું થઈ ગયું બંધ એ ખબર નથી. પણ એ લગભગ એ જ પરિસ્થિતમાં છે. 'અમરેલી'માં ત્રણેક ઘર છે. 'રાણપુર'માં બે ઘર છે, 'લીંબડી'માં એકાદ ઘર છે. અત્યારે એક જ ઘર છે. 'લાઠી'માં ત્રણ-ચાર ઘર છે. કેટલા છે ? એવી પરિસ્થિતિ છે. 'વીંછીયા'માં પાંચ-છ ઘર છે. 'જસદણ'માં બે ઘર છે. અમુક તો સાત-આઠ મંદિરોની સ્થિતિ એવી છે કે પાંચ-દસ વર્ષ પછી એ મંદિરો ચાલુ રહેશે કે કેમ એ સવાલ છે. એટલે સ્વાધ્યાય તો લગભગ સો મંડળોમાંથી એંશી મંડળોમાં સ્વાધ્યાય નથી. 'જામનગર'માં સ્વાધ્યાય નથી. આપણા કરતાં જૂનું મંદિર અને જૂનું મંડળ છે. 'જામનગર'માં સ્વાધ્યાય નથી. સૌરાષ્ટ્રમાં તો આપણા 'ભાવનગર' કરતા જૂના તો 'સુરેન્દ્રનગર', 'વઢવાણ', 'લિંબડી', 'રાણપુર', 'બોટાદ' બધા જૂનાં છે. આપણે તો હમણાં નવા થયા. બધા જૂના મંડળોમાં ક્યાંય સ્વાધ્યાય નથી. એક 'રાજકોટ'માં ચાલે છે, 'ભાવનગર'માં ચાલે છે. 'બોટાદ' જેવા એકાદ મંડળમાં સામાન્ય...

મુમુક્ષુ :- બે-ત્રણ શહેર છે. 'ભાવનગર, રાજકોટ'...

પૂજ્ય ભાઈશ્રી :- બસ. 'મુંબઈ'માં ચાર મંદિર આપણા. એમાં સ્વાધ્યાયમાં એક મુંબાદેવી અને એક દાદર. મુમ્બાદેવીમાં (એક મુમુક્ષુ) વાંચે છે ને ? ઘાટકોપર અને મલાડમાં સ્વાધ્યાય નથી. ચારમાંથી બેમાં 'મુંબઈ' જેવામાં ત્યાં તો વસ્તીવાળો આપણો ૬૦ ટકા ગુજરાતી મુમુક્ષુ સમાજ છે. ૫૫-૬૦ % 'મુંબઈ'માં છે. છતાં ચારમાંથી બે જગ્યાએ સ્વાધ્યાય ચાલે છે, બે જગ્યાએ સ્વાધ્યાય નથી ચાલતા. ૫૦ ટકામાં તો ત્યાં કાપ છે. એવી પરિસ્થિતિ છે. એટલે સ્વાધ્યાય ઘટતો જાય છે. અંગત વાંચન, ઘરે શાસ્ત્ર વાંચન કરતા હોય, ત્રણ હજાર 'આત્મધર્મ' જતા હશે પણ ત્રણસો માણસ તો 'આત્મધર્મ' પૂરા નહિ વાંચતા હોય. ૨૭૦૦ એમ ને એમ મૂકી દેતા હશે. આ તો ઘરના વાંચનની આ પરિસ્થિતિ છે. પરિસ્થિતિ તો ઘણી નબળી છે અથવા Poor condition જેને દારિદ્ર કહીએ એવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- 'આત્મધર્મ'દ્વય ... તો 'ગુરુદેવ'ના .. પ્રચારોનું ...

પૂજ્ય ભાઈશ્રી : હા. કેમકે 'આત્મધર્મ' હિન્દી અને ગુજરાતી બેય મોકલાવ્યા ને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા પાંચ હજાર થયા. પાંચ હજાર ઘર. બાર પંચા સાંઈઠ. સાંઈઠ હજાર થયા ને ? જે કહીએ એ લાખની અંદર છે. આવાગમનવાળા તો દસ-

બાર હજાર હશે. બાકી નામથી કહીએ કે આ 'કાનજીસ્વામી'વાળા છે. એવા બહુ ગણો.. બહુ ગણો તો ૮૦ હજાર, લાખ, ૮૦ હજાર, લાખથી આખા હિન્દુસ્તાનમાં ક્યાંય થાય એવું નથી.

મુમુક્ષુ :- હિન્દી અને ગુજરાતી 'આત્મધર્મ' બંને મગાવતા હોય એવા પણ ઘણા હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણા હોય છે. પણ એવા હોય છે એ દસ-દસ, વીસ-વીસ વર્ષથી 'સોનગઢ' ન જોયું હોય એવા છે એમાંથી. હું 'નાઈરોબી' ગયો હતો. 'નાઈરોબી'માં આપણા મુમુક્ષુના ઘર છે એમાં કેટલાક તો કહે છે કે અમે તો 'સોનગઢ' જોયું જ નથી. એવા ઘણાં હતા. આ નંદિશ્વર જિનાલય વખતે ઘણાખરા આવ્યા. એમાં કેટલાક તો એવા હતા કે પહેલાવહેલા જિંદગીમાં 'સોનગઢ' આવ્યા હતા. ઠીક ! પહેલાં વહેલા 'સોનગઢ' જિંદગીમાં પહેલાં વહેલા 'સોનગઢ' આવ્યા હતા. એવા માણસો છે ત્યાં કે જેણે હજી 'સોનગઢ' નથી જોયું. કહેવાય આપણા અનુયાયી, આપણા મુમુક્ષુ એણે હજી 'સોનગઢ'ના દર્શન નથી કર્યા.

મુમુક્ષુ :- .. પણ આપણા ગુજરાતી સમાજ કરતા હિન્દી લોકો 'ગુરુદેવ'નું સાહિત્ય વધારે વાંચતા હશે.

પૂજ્ય ભાઈશ્રી :- હશે. વસતી મોટી જ છે ને ? હિન્દી ભાષીની વસ્તી પણ મોટી જ છે અને મધ્યપ્રદેશમાં તો ઘણા છે. નાના નાના ગામમાં પણ ઘણા મુમુક્ષુ છે. એક ભાઈ આવ્યો હતો. ક્યાં આપણે શિબિર કરવા માટે 'આગ્રા' આવ્યો હતો. કહે, અમારા ગામમાં સવાસો ઘર છે એ બધા આપણા 'સોનગઢ'વાળા છે. કોઈ વિરોધી જ નથી અમારા ગામમાં. નાનું ગામ હતું.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'મૌ-મૌ' 'મૌ'માં. 'મૌ' કરીને ગામ છે. 'આગ્રા' અને 'ગ્વાલિયર'ની વચ્ચે છે. એ બાજુમાં 'મૌ' કરીને છે. 'આગ્રા' પાસે 'મૌ' છે. કહે, ૧૨૫ ઘર છે આપણા મુમુક્ષુઓ અમારા ગામમાં દિગંબરના. પણ કોઈ વિરોધી નથી આખા ગામમાં. અમારે ત્યાં શિબિર કરવા જેવી છે. એવા કોઈ કોઈ નાના નાના ગામ છે. એટલે બધા ગણીને અંદાજ મૂકો તો ૮૦ હજાર લાખથી કોઈ વધે એવી પરિસ્થિતિ નથી. પણ એમાં ઘણાંએ તો 'સોનગઢ' જોયું જ નથી. આર્થિક સ્થિતિ સાધારણ હોય, એટલે બધે દૂરથી ખર્ચ કરીને આવવું-જવું, ઘણાની તો પરિસ્થિતિ જ એવી નથી કે આવી શકે. વિદ્વાન માણસો એવા છે (કે) દસ-વીશ વર્ષમાં 'સોનગઢ' આવ્યા હોય એવું નથી લાગતું. વિદ્વાન માણસો છે. આમ સારી આસ્થાવાળા છે. એ પરિસ્થિતિ ન

હોય, બહુ દૂર પડી જાય. કોઈ એવું આકર્ષણ ન રહ્યું. 'ગુરુદેવ' હતા ત્યાં સુધી માણસોને હજી આકર્ષણ હતું. આ આકર્ષણ ન રહ્યું.

મુમુક્ષુ :- એ ૬૦૦-૮૦૦માં પણ .. છે પાછા. ...

પૂજ્ય ભાઈશ્રી :- સાચી વાત છે. એ તો બહુ દુઃખ થાય એવો વિષય છે. એ બહુ દુઃખ થાય એવો વિષય છે.

**પત્રાંક-૯૩૫**

**વવાણિયા, જયેષ્ઠ વદિ ૦)), બુધ, ૧૯૫૬**

**ૐ**

**ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મમરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અદિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો !**

**જેમણે પ્રમાદનો જય કર્યો તેમણે પરમ પદનો જય કર્યો.**

**પત્ર સંપ્રાપ્ત થયું.**

**શરીરપ્રકૃતિ અમુક દિવસ સ્વસ્થ રહે છે અને અમુક દિવસ અસ્વસ્થ રહે છે. યોગ્ય સ્વસ્થતા પ્રત્યે હજુ ગમન કરતી નથી તથાપિ અવિક્ષેપતા કર્તવ્ય છે.**

**શરીરપ્રકૃતિના અનુકૂળ પ્રતિકૂળપણાને આધીન ઉપયોગ અકર્તવ્ય છે.**

**શાંતિઃ**

૯૩૫. 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે. '**ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મમરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો !**' કેવું વચન નાખ્યું છે ! પ્રેરણા આપવાની પણ એમની પદ્ધતિ છે. અંદરથી આત્મા ઊભો થઈ જાય એવી વાત છે. બેઠો થઈ જાય આત્મા. શું કહે છે ? કે મનુષ્યનો આયુષ્યનો એક સમય એટલે એક Second નો અબજમો ભાગ નહિ, અસંખ્યમો ભાગ ચક્રવર્તીના છ ખંડની સંપત્તિ કરતાં પણ વિશેષ મૂલ્યવાન છે. વધારે કિંમતી છે. ખરેખર તો એનું મૂલ્ય જ થાય એવું નથી. પણ લોકો બાહ્ય સંપત્તિના પૈસાના મૂલ્યને

સમજ્યા છે એટલે એની સાથે સરખાવી દ્યે છે. સરખામણી એટલે કરે છે.

એવો આ મનુષ્યપણાનો મૂલ્યવાન સમય અને એમાં પણ પરમાર્થને અનુકૂળ એવો યોગ પ્રાપ્ત થયો. આત્મકલ્યાણ કરી શકાય એવો જોગાનુજોગ બની ગયો. સાચો માર્ગ મળવો મુશ્કેલ છે એમ કહે છે. એટલા બધા ધર્મ અને સંપ્રદાય ફાલ્યા ફૂલ્યા છે. હજારોની સંખ્યામાં છે, હોં ! આપણને ખબર ન હોય. પણ એક આ માતાજીઓને માને છે ને એમાં નીચલા વર્ણમાં આપણે નામ ન સાંભળ્યા હોય એવા બધા માતીજીઓના સંપ્રદાયો ચાલે છે, હોં ! નામ પણ ન સાંભળ્યા હોય. એવા હજારો સંપ્રદાયમાં મનુષ્યો વહેંચાઈ ગયેલા છે. અને બધા એમ કહે છે કે અમારો માર્ગ છે એ સૌથી ઊંચો છે. શું કહે ? કોઈ એમ કહે કે અમારો માર્ગ નીચો છે ફલાણા કરતા, એમ કહે કોઈ ?

મુમુક્ષુ :- ... છાપામાં એક .. ફોટો જોયા છે. અત્યારે તો પાના ભરાય ભરાયને બાપુના જ ફોટા...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ગામડે ગામડે બાપુ છે. એ તમને નહિ ખબર હોય. હિન્દુસ્તાનમાં બે માઈલ અને ચાર માઈલ ઉપર એક ગામડું હોય ત્યાં એક બાપુ છે એવી રીતે. આ પરિસ્થિતિ છે અત્યારે તો. એટલે એમાં સાચું કોણ એ કાઢવું મુશ્કેલ પડે એવું છે. સાચું કોણ એ નક્કી કરવું મુશ્કેલ પડે એવું છે. અને ચોખ્ખી દુકાનદારી ચાલતી હોય તોય માણસની આંખ નથી ખુલતી કે આ હવે ચોખ્ખી દુકાનદારી અહીંયાં શરૂ થઈ ગઈ. માણસ જોઈ નથી શકતો. આવી પરિસ્થિતિ અંધશ્રદ્ધામાં ઉત્પન્ન થઈ જાય છે.

અહીં તો પરમસત્ય છે. આ વિષય તો પરમસત્ય મળ્યો છે. એવો પરમ કલ્યાણસ્વરૂપ, એવો અનુકૂળ યોગ સંપ્રાપ્ત થવા છતાં પણ '**જન્મમરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં...**' કેમકે એ ધ્યેય છે. જન્મ-મરણથી રહિત થવું તે ધ્યેય છે. એનું ધ્યાન ન રાખ્યું. એટલે એને અનુસરીને પરિણામની ચાલ ન થઈ. મુમુક્ષુતામાં હજી તો. પૂર્ણતાના લક્ષે શરૂઆત. એટલું જો ધ્યાન રહ્યું નહિ. એટલે પહેલું પગથિયું પણ તેં ન ભર્યું. શરૂઆત કરવા માટેનું પહેલું પગથિયું કે મારે જન્મ-મરણથી રહિત થવું જોઈએ. સંસાર તરવો છે એ જન્મ-મરણથી રહિત થવામાં છે. અને એ ધ્યેય બનાવવુ એટલું પણ ધ્યાન ન રહ્યું તો આ હવે મનુષ્યપણાને પ્રાપ્ત થયેલા એવા પોતાના આત્માને અનંતવાર ધિક્કાર છે. એકવાર નહિ પણ અનંતવાર ધિક્કાર છે. બહુ સરસ પ્રેરણા આપી છે. 'અંબાલાલભાઈ'ને આ જે વચન લખ્યું છે એ એકદમ પરમાર્થના માર્ગમાં પ્રવેશવા માટેનું ઉત્તમ વચન છે એમ કહીએ તો ચાલે.

**'જેમણે પ્રમાદનો જય કર્યો તેમણે પરમ પદનો જય કર્યો.'** પ્રમાદ છોડી દીધો. જે જાગૃત થયા, સ્વરૂપમાં જાગૃત થયા, આત્મકલ્યાણની જેને જાગૃતિ આવી એ પરમપદને અવશ્ય પ્રાપ્ત કરશે. **'પત્ર સંપ્રાપ્ત થયું.'** આટલું લખ્યા પછી પત્રની પહોંચ લખી છે. **'શરીરપ્રકૃતિ અમુક દિવસ સ્વસ્થ રહે છે અને અમુક દિવસ અસ્વસ્થ રહે છે. યોગ્ય સ્વસ્થતા પ્રત્યે હજુ ગમન કરતી નથી...'** જે તંદુરસ્તી આવવી જોઈએ એના પ્રત્યે શરીરની પ્રકૃતિનું વલણ જોવામાં આવતું નથી. **'તથાપિ અવિક્ષેપતા કર્તવ્ય છે.'** છતાં મનની અંદર કોઈ વિક્ષેપ લાવવા જેવું નથી. એટલે તમે ચિંતા નહિ કરતા. આપણે સાદી ભાષામાં એમ કહીએ કે તબિયત નરમગરમ રહે છે પણ ચિંતા કરવા જેવી નથી અથવા ચિંતા કરશો નહિ. મારી તબિયતની ચિંતા કરશો નહિ. એ પોતાની ભાષામાં લખે છે. **'અવિક્ષેપતા કર્તવ્ય છે.'** વિક્ષેપ થવો એટલે ચિંતા થવી.

**'શરીરપ્રકૃતિના અનુકૂળ પ્રતિકૂળપણાને આધીન ઉપયોગ અકર્તવ્ય છે.'** શરીર પ્રકૃતિ પ્રતિકૂળ જાય એટલે ઉપયોગ બગડે અને શરીર પ્રકૃતિ તંદુરસ્ત થાય એટલે ઉપયોગ ઠીક થાય એમ કરવા યોગ્ય નથી. ઉપયોગમાં તો એકધારુ સ્વરૂપનું આરાધન કરવા યોગ્ય છે. પ્રકૃતિ બગડે ત્યારે વિશેષ પ્રકારે કરવા યોગ્ય છે, ખરેખર તો એમ છે. એટલે ઉપયોગને અથવા આરાધનાને શરીરની અનુકૂળતા, પ્રકૃતિની અનુકૂળતા-પ્રતિકૂળતા સાથે કાંઈ સંબંધ નથી. એ એથી પર વિષય છે. સામાન્યપણે તો માણસનું મન ત્યાં જ ખેંચાય. પણ આ તો પોતે મોક્ષમાર્ગમાં એકદમ પુરુષાર્થવંત થયા છે એટલે એમની વિશેષ વાત છે.

### પત્રાંક-૯૩૬

**વવાણિયા, જયેષ્ઠ વદ ૦)), ૧૯૫૬**

**ચિંતિત જેનાથી પ્રાપ્ત થાય તે મણિને ચિંતામણિ કહ્યો છે; એ જ આ મનુષ્યદેહ છે કે જે દેહમાં, યોગમાં આત્યંતિક એવા સર્વ દુઃખના ક્ષયની ચિંતિતા ધારી તો પાર પડે છે.**

**અચિંત્ય જેનું માહાત્મ્ય છે એવું સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે જીવ દરિદ્ર રહે એમ બને તો આ જગતને વિષે તે અગિયારમું આશ્ચર્ય જ છે.**

૯૩૬. જેઠ વદ અમાસે કેટલા પત્ર લખ્યા છે ? ત્રણ પત્ર લખ્યા છે. ૯૩૪, ૯૩૫ અને ૯૩૬. ત્રણે એક જ દિવસે પત્ર લખ્યા છે. **'ચિંતિત જેનાથી પ્રાપ્ત થાય તે મણિને ચિંતામણિ કહ્યો છે; એ જ આ મનુષ્યદેહ છે કે જે દેહમાં, યોગમાં આત્યંતિક**

**એવા સર્વ દુઃખના ક્ષયની ચિંતિતા ધારી તો પાર પડે છે.**' મનુષ્યદેહને ચિંતામણિ રત્ન તુલ્ય કહ્યો છે. જોકે એથી વિશેષ છે. કેમકે ચિંતામણિ રત્ન કાંઈ મોક્ષમાર્ગ ન આપે. ચિંતામણિ રત્ન સોનાની સાત માળની હવેલી આપે. પણ કાંઈ મોક્ષમાર્ગ ન આપે. મનુષ્યદેહમાં તો મોક્ષમાર્ગ મળે એવું છે. બાહ્ય પદાર્થો, બાહ્ય વૈભવ ચિંતવે અને પ્રાપ્ત થાય એવા મણિને ચિંતામણિ કહેવામાં આવ્યો છે. એ બધા આ લબ્ધિ ને રિદ્ધિ-સિદ્ધિના યોગમાં પ્રાપ્ત થાય છે. એ કોઈ આવી રીતે ખાણમાંથી નીકળેલી ચીજ નથી.

અહીં તો એથી વિશેષ કહે છે કે એવા પદાર્થ મળે કે ચિંતિત પ્રાપ્ત થાય તો જીવને તરત લોભ થાય. એમ ! જેવું ઇચ્છીએ એવું મળી જાય ! જેની ઇચ્છા કરીએ ઈ મળી જાય ! તો કહે, હા મળી જાય. મારા હાથી ખાનામાં એક હજાર હાથી જોઈએ. તો એક હજાર હાથી મળે. ઠીક ! તો તો જીવને લોભ થઈ જાય. એવું હોય તો સારું. તો કહે છે, પણ ઈથી સારું તારી પાસે છે. ચિંતામણિ કરતા પણ અધિક મૂલ્યવાન એવો મનુષ્યદેહ તારી પાસે છે.

મુમુક્ષુ :- બહારમાં ઇચ્છા કરે એ દુર્ગતિના...

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો જેટલી બહારમાં ઇચ્છા કરે એ તો બધા દુર્ગતિના જ પરિણામ છે. પણ જીવને જે સુખના સાધનો છે એનો લોભ રહે છે, અનુકૂળતાનો લોભ રહે છે. જેવું ચિંતવે એવું થાય, જેવું ચિંતવે એવું થાય. બહુ સારું. પણ ઈથી સારુ છે તારી પાસે. આ મનુષ્યદેહ છે એ એથી પણ સારો છે એમ કહે છે. ચિંતામણિ રત્નથી પણ (વિશેષ મૂલ્યવાન).

જેના '**યોગમાં આત્યંતિક એવા સર્વ દુઃખના ક્ષયની ચિંતિતા...**' જો આ જીવ સર્વ દુઃખનો ક્ષય કરવાની ચિંતવના રાખે તો '**ધારી પાર પડે છે.**' આ જીવ કરવા ધારતો નથી. શું કહ્યું ? 'બહેનશ્રીના વચનામૃત'માં આવે છે ને. આ જીવ કરવા ધારતો નથી. નહિતર સુગમ અને સરળ છે. એમ '**સર્વ દુઃખના ક્ષયની ચિંતિતા ધારી તો પાર પડે છે.**' એવો આ મનુષ્યદેહ છે, જે ચિંતામણિ રત્નથી પણ વિશેષ મૂલ્યવાન છે.

'**અચિંત્ય જેનું માહાત્મ્ય છે...**' હવે એથી આગળ વાત કરે છે. '**અચિંત્ય જેનું માહાત્મ્ય છે...**' ઓલું તો ચિંતવે એટલું જ મળે. ચિંતવ્યા બહારનું ન મળે. હવે ચિંતવન બહારનું મળી જાય એવી વાત છે. '**અચિંત્ય જેનું માહાત્મ્ય છે એવું સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે જીવ દરિદ્ર રહે એમ બને તો આ જગતને વિષે તે અગિયારમું આશ્ચર્ય જ છે.**' ઠીક ! 'કૃપાળુદેવ'નું આ બહુ પ્રસિદ્ધ વચન છે. સત્પુરુષ મળે, સત્પુરુષનો યોગ મળે અને આ જીવને ધર્મ પ્રાપ્ત ન થાય અને ધર્મ દારિદ્રય ચાલુ રહે તો કહે છે, અગિયારમું આશ્ચર્ય સમજવું. જગતમાં દસ આશ્ચર્ય આ પિરામિડ,

ફલાણો ટાવર, તાજમહેલ, ઢીકણું. એની બરાબરીમાં કોઈ ન હોય એવા દસ આશ્ચર્ય ગણવામાં આવ્યા છે. સત્પુરુષ મળ્યા, સદ્ગુરુ મળ્યા, સત્સંગ મળ્યો અને તે આત્મકલ્યાણ ન કર્યું તો જગતમાં તારા જેવું આશ્ચર્ય બીજું કોઈ નથી. એમ કહે છે. ઠીક ! ઓલા દસ કરતા વધારાનું આ આશ્ચર્ય છે. ઠીક ! કેવી શૈલી કરી છે !

એમ કહે છે કે સત્પુરુષ મળે એટલે જીવનું કલ્યાણ થાય જ થાય. ન કેમ થાય ? ઊંધો ચાલ્યો હોય તો ન થાય. કેમ ન થાય ? ઊંધો ચાલ્યો હોય તો ન થાય. કાં ઉપેક્ષા કરી હોય. સત્પુરુષની વિદ્યમાનતામાં સત્પુરુષની ઉપેક્ષા કરી હોય તો પછી એ દરિદ્ર રહે એમાં કાંઈ નવાઈ નથી. એ જીવ દરિદ્રી જ રહે.

મુમુક્ષુ :- સત્પુરુષની વાણી સાંભળીએ અને વાણીનો ઉપયોગ ન કર્યો તો ઉપેક્ષા થઈ ને ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપેક્ષા જ છે. સીધી જ વાત છે. એમની આજ્ઞા છે કે તું ચાલ આ રસ્તે. આ પ્રેરણા તો આપે છે. તું તારા આત્મકલ્યાણના રસ્તે ચાલ. એક ડગલું તો ચાલ, પહેલું કદમ તો ઉઠાવ એમ કહે છે. લોકો કહે ને કે મારે તો આ કામ છે, મારે તો આમ છે, મારે તો આમ છે, તબિયત બરાબર નથી અને ઉપાધિ ઘણી છે. એ ઉપેક્ષા સિવાય બીજું કાંઈ નથી.

આત્મકલ્યાણથી અધિક શું છે જગતમાં ? એ તો કહો. આત્મકલ્યાણથી એવું અધિક શું છે કે જેને ગૌણ રાખીને બીજું મુખ્ય કરવું પડે ? એને મુખ્ય રાખીને બીજું ગૌણપણે થાય એમ કેમ નથી થતું ? મુખ્ય-ગૌણપણે તો બધા કાર્યો થાય છે. મુખ્ય ગૌણપણે બીજા કાર્યો જગતમાં નથી થતા ? થાય જ છે. તો પછી આમાં એક Platform આપી દે કે આ મુખ્ય. જેટલું થાય એટલું આ કરવું છે. બાકી બીજું થાય, ન થાય, ગૌણપણે, કાંઈ નહિ. જે થવું હોય તે થાશે. એ તો પ્રારબ્ધાધીન છે જ. એમ કરીને મુખ્યતા આપે તો એ પ્રયત્ન સાધ્ય છે, પુરુષાર્થ સાધ્ય છે. નથી સાધ્ય થયું એનો અર્થ એમ છે કે આ જીવે સરાસર એની ઉપેક્ષા કરી નાખી છે. અને એમ જ અનંત કાળ ગયો છે.

સત્સંગરૂપી કલ્પવૃક્ષનું માહાત્મ્ય અચિંત્ય છે એમ કહ્યું. કલ્પવૃક્ષમાં પણ એ જ છે કે એની નીચે બેસીને કલ્પના કરે એ મળી જાય. ઓલું ચિંતવે એ મળે. આ કલ્પે તે મળે. બે એક જ વાત છે. સરખી જ લબ્ધિ છે ઈ. અને એ ચિંતવે એટલું મળે. આ અચિંત્ય મળે એવું છે એમ કહે છે. અનુભવ છે તે અચિંત્ય છે, આત્મસ્વભાવ છે તે અચિંત્ય છે અને મોક્ષપદ છે એ પણ અચિંત્ય છે. એ બધું મળે એવું છે.

**'સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે જીવ દરિદ્ર રહે...'** કેમ બને એમ ? આ બહારમાં

રાજાનો અંતેવાસી હોય એ કાંઈ દરિદ્ર હોય ? મોટો કરોડપતિ-અબજપતિ હોય અને એની નજીકનો હોય એ કાંઈ દરિદ્ર હોય ? ન હોય. કેમકે એને તો સહેજે એના અંગેનો લાભ મળતો હોય. સત્સંગનો એટલે મહિમા છે કે જગતમાં એના બરાબર કોઈ મૂલ્યવાન ચીજ નથી એટલો મહિમા છે. તેમ છતાં આ જીવ ક્ષુદ્ર એવા પ્રસંગો અને ક્ષુદ્ર એવી વસ્તુઓને મુખ્ય કરીને આ અચિંત્ય જેનું માહાત્મ્ય છે એવા સત્સંગને ગૌણ કરે તો કેવળ મૂર્ખતા સિવાય બીજું તો કાંઈ એની અંદર હોઈ શકે નહિ. એને મૂલ્ય કરતા નથી આવડ્યું. એવી વાત છે.

મુમુક્ષુ :- સત્પુરુષની નજીક આવીને પણ ભાવથી દૂર જ રહ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાવથી દૂર રહ્યો છે. એને સત્સંગ ઉપાસ્યો ન કહેવાય. સત્સંગનો અર્થ માત્ર બાહ્ય સંયોગ નથી પણ આત્મકલ્યાણની ભાવનાથી ઉપાસના કરવી એને સત્સંગ કહેવામાં આવે છે અથવા સત્‌ની પ્રાપ્તિની દિશામાં કાંઈપણ પ્રયત્નશીલ થવું એને સત્સંગ કહેવામાં આવે છે. નહિતર યોગ તો અનંત વાર થયો પણ એ યોગ અયોગ રહ્યો છે. યોગ છે તે અયોગ રહ્યો છે.

એ પોતે સત્સંગનું મહાત્મ્ય તો અનેક પત્રોમાં કર્યું છે. અહીંયાં એક વિશેષ અગિયારમું આશ્ચર્ય અમે તો ગણીએ છીએ. સત્સંગ મળ્યો મુમુક્ષુને એ આત્મકલ્યાણ.. આ તો એક અગિયારમું આશ્ચર્ય છે. ન બને એવી વાત છે. ખરેખર તો એમને એમ કહેવું છે કે આ ન બને એવી વાત છે. એમ કરીને આત્મકલ્યાણમાં મુમુક્ષુજીવને અગ્રેસર કર્યા છે, મુખ્ય કર્યા છે. એમ કહીને ખરેખર તો આત્મકલ્યાણની મુખ્યતા કરાવી છે.

**પરમાર્થ માર્ગનું સ્તર અલૌકિક હોવાથી સર્વોપરી છે. તેની બરાબરી કે તુલના લૌકિક ન્યાય, નીતિ કે આદર્શ સાથે થઈ શકે નહિ. એટલું જ નહિ, નિજ પરમ તત્ત્વની ભાવનામાં ગુણભેદ અને નિર્મળ પર્યાયો (જે વસ્તુના અંગભૂત છે.) તે પણ અત્યંત ગૌણ થાય છે. અરે ! દૃષ્ટિ તો તેમને સ્વીકારતી પણ નથી, ત્યાં લૌકિક ન્યાય આદિની શી ગણના ? તેથી પરમાર્થ તત્ત્વના અભિલાષીએ ઉદય પ્રસંગે લૌકિક દૃષ્ટિકોણ છોડી દેવો જોઈએ અને તેથી પર થઈને વિચારવું કે પ્રવર્તવું જોઈએ. (અનુભવ સંજીવની-૧૫૬૮)**

**તા. ૨૬-૧૨-૧૯૯૨, પત્રાંક-૯૩૬ થી ૯૩૯**
**પ્રવચન નં. ૪૩૧ (હિન્દી)**

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક-૯૩૬. '**જિસસે ચિંતિત પ્રાપ્ત હો ઉસ મણિકો ચિંતામણિ કહા હૈ;...**' યે ચિંતામણિ કા દૃષ્ટાંત દિયા હૈ, એક ઉપમા હૈ. જો લબ્ધિયાં હોતી હૈ ઉસમેં કલ્પવૃક્ષ, ચિંતામણિ આદિ કા પ્રસંગ બનતા હૈ. જિસ મણિ કો પ્રાપ્ત કરકે ચિંતિત કી પ્રાપ્તિ કી જાતી હૈ. જિસ પદાર્થ કા ચિંતવન કરે વહ પદાર્થ મિલતા હૈ. પુદ્ગલ પદાર્થ. '**યહી વહ મનુષ્યદેહ જૈ કિ જિસ દેહમેં, યોગમેં સર્વ દુઃખકા આત્યંતિક ક્ષય કરનેકા નિશ્ચયચય કિયા તો અવશ્ય સફલ હોતા હૈ.**' ચિંતવન. યહાં નિશ્ચય લિયા. ચિંતવન કે સ્થાન મેં નિશ્ચય લિયા. યદિ કોઈ મનુષ્ય નિર્ધાર કરતા હૈ કિ મુજે કિંચિત્ માત્ર દુઃખ નહીં ચાહિયે. જૈસે-તૈસે ભી મુજે દુઃખ કા અભાવ કરના હી હૈ તો ઉસકો ઐસા સુખ પ્રાપ્તિ કા નિશ્ચય અવશ્ય સફલ હોતા હૈ. નિશ્ચય હૈ, નિશ્ચય કે સાથ ભાવના ભી હૈ. સચ્ચી ભાવના હૈ, શુદ્ધ અંતઃકરણવાલી ભાવના હૈ તો વહ ભાવના કદાપિ નિષ્ફલ નહીં જાતી. ભાવના કારણ હૈ ઔર ભાવના કી સફલતા વહ કાર્ય હૈ. કાર્ય કી સફલતા કા કારણ હી ભાવના હૈ. તો એક ન્યાય સે તો કારણ મેં કાર્ય ગર્ભિત હોતા હૈ.

પરિણામ કે બારે મેં બહુત-સી ઐસી બાત હૈ કિ પૂર્વ પરિણામ કારણ હોતે હૈં, ઉત્તર પરિણામ કાર્ય હોતે હૈં. તો જો પૂર્વ કે પરિણામ હૈં ઉસ પરિણામ કે સાથ આગે હોનેવાલી પર્યાય કા કાર્ય પ્રતિબદ્ધ હો જાતા હૈ. નિયમ સે. ઐસે મેં આત્મ કલ્યાણ કી જો ભાવના હૈ ઉસ ભાવના મેં આત્મકલ્યાણ નિશ્ચિતરૂપ સે આ જાતા હૈ. ભાવના સચ્ચી-સહી હૃદય સે હોની ચાહિયે. ઉતની બાત હૈ. ઔર નિશ્ચય-નિર્ધાર યે સબ આનુષંગિક પરિણામ હૈ. નિર્ધાર સચ્ચા હોતા હૈ તો ભાવના ઉસકી હૈ ઔર ભાવના નિર્ધાર સહિત હોતી હૈ, બિના નિર્ધાર નહીં હોતી હૈ. ઐસે એકસાથ હોનેવાલે યે પરિણામ હૈં.

કહતે હૈં કિ '**યહી યહ મનુષ્યદેહ હૈ કિ જિસ દેહમેં,...**' ઔર જિસ દેહ કે '**યોગમેં,...**' માને ઐસી યોગ્યતા મેં '**સર્વ દુઃખકા આત્યંતિક ક્ષય કરનેકા નિશ્ચય કિયા તો અવશ્ય સફલ હોતા હૈ.**' સફલ હોવે યા નહીં ભી હોવે, ઐસી અનિશ્ચિતતા નહીં હૈ. Guaranted બાત હૈ. સફલ હોવે હી હોવે. પૂજ્ય બહિનશ્રી કે વચનામૃત મેં ૨૧ નંબર કા યહ વચનામૃત હૈ કિ ભાવના કભી નિષ્ફલ નહીં જાતી. ભાવના કા ફલ દિખાતે હુએ ઉન્હોંને યહ કહા કિ ચૌદહ બ્રહ્માંડ કો બદલના પડે તો બદલ જાવે લેકિન ભાવના કા

ફલ બદલતા નહીં હૈ.

**'જિસકા આહાત્મ્ય અચિંત્ય હૈ,...'** મુમુક્ષુ કી ભૂમિકા મેં ભાવના તો કર સકતે કિ નહીં? નિર્ધાર તો કર સકતે કિ નહીં ? હમેં સમ્યગ્દર્શન નહીં હૈ, હમ ક્યા કરે ? હમેં જ્ઞાન પ્રાપ્તિ નહીં હુઈ હૈ, ક્યા કરે ? હમને આત્મા નહીં દેખા હૈ, ક્યા કરે ? આત્મા કો જાના નહીં તો ઉસકા કૈસે ચિંતવન કરે ? કૈસે કરે ? યે સબ પ્રકાર કે બહાને યહાં નિકલ જાતે હૈં.

મુમુક્ષુ :- રાસ્તા સરલ હો ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- એકદમ સરલ. કિતના સરલ. ભાવના કરને મેં ક્યા લગતા હૈ ? બતાઈયે ! ક્યા દેના પડતા હૈ ? ભાવના હોને મેં ક્યા ખર્ચ કરના પડતા હૈ ? કૌન-સી શક્તિ, કૌન-સા પુરુષાર્થ ? કુછ નહીં. જો ચાહિયે ઉસકી ભાવના હોતી હી હૈ. અગર સહી ભાવના નહીં હુઈ તો ઈસકા મતલબ કિ વહ ચાહતા નહીં હૈ. યહ બાત સાફ હો ગઈ કિ નહીં હુઈ ?

**'જિસકા માહાત્મ્ય અચિંત્ય નહીં હૈ, ઐસા સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત હોનેપર જીવ દરિદ્ર રહે, ઐસા હો તો ઈસ જગતમેં વહ ગ્યારહવાં આશ્ચર્ય હી હૈ.'** દેખો ! કૈસી કલમ ચલાઈ હૈ ! સત્સંગ કે વિષય મેં કૈસી કલમ ચલાઈ હૈ ! જીવ કો સત્સંગ પ્રાપ્ત હોવે ઔર ઉસકો ધર્મદારિદ્રય રહે, દારિદ્ર માને પૈસે કી બાત નહીં હૈ, ધાર્મિક વિષય મેં વહ કગાંલ રહે-દરિદ્ર રહે તો યહ સમજના ચાહિયે કિ ઉસને બહુત ઊલટી પરિણામ કી સ્થિતિ બનાઈ. કિતની ? બહુત ઊલટી બનાઈ હૈ. જૈસે કોઈ કિનારે પર છહ-આઠ Inch કા પાની (હોવે), ઈતના ગહરા પાની નહીં હોવે, છહ-આઠ Inch પાની હોવે, ઉસમેં કોઈ ડૂબ સકતા હૈ ક્યા ? ઉસમેં તો કોઈ આદમી ડૂબ નહીં સકતા. ફિર ભી ડૂબ જાવે તો ક્યા સમજના ? કિ ઉસને સર નીચે રખા હો ઔર પૈર ઉપર રખે હોં તો ડૂબ જાવે. પૂરા ઊલટા. મતલબ ક્યા ? પૂરા ઊલટા હોવે તો ડૂબ જાવે. ક્યોંકિ છહ Inch પાની મેં તો ડૂબને કી કોઈ ગુંજાઈશ નહીં હૈ. ફિર ભી ડૂબ ગયા યહ બાત સહી હૈ. તો યહ બતાતા હૈ કિ વહ પૂરા ઊલટા ચલતા થા, શિર્ષાસન કરકે ચલતા થા. ઐસે સત્સંગ મિલે ઔર જીવ ડૂબ જાવે, તિરે નહીં તો વહ પૂરા ઊલટા ચલતા હો તભી બનતા હૈ.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- હાં. સત્સંગ કે સામને ચલા હૈ વહ. જો પ્રાપ્ત સત્સંગ હૈ ઉસકે સામને વહ ચલા હૈ. ઊટલા ચલા માને ક્યા ? સાથ મેં નહીં ચલા. ઉસકે સામને Opposite હુઆ. ઐસે ચલા હૈ. ક્યા કરતા હૈ ? સત્પુરુષ કા અવર્ણવાદ કરતા હૈ, સત્પુરુષ મિલને પર ઉનકા નિષેધ કરતા હૈ, ઉનકા અવગુણ કરતા હૈ. ઐસી વિરૂદ્ધ-

ઊલટી પ્રવૃત્તિ કરતા હૈ. તો સત્સંગ તો ઉસકો મિલા ક્યા કહે ? લેકિન બાહ્ય પ્રવૃત્તિ સે વહ ઉસી માહોલ મેં હૈ ઈસલિયે કહતે હૈં કિ વહ સત્સંગ મેં હૈ ફિર ભી ઊલટા ચલતા હૈ.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- હાં. એક મુમુક્ષુ મિલે થે. જબ બાત કુછ સમજ મેં આયી ફિર ઐસા બોલને લગે કિ અબ તક તો હમને જય બુલાઈ હૈ, કુછ કિયા હી નહીં. બસ ! 'ગુરુદેવ' કી જય બોલો. કુછ નહીં સમજે. 'ગુરુદેવ' કી જય બોલો. ઐસી બાત હૈ, પતા હી નહીં ચલી કિ ઈસમેં ઐસી બાત હૈ. આત્મા કા પરમ કલ્યાણ હો જાય ઐસી બાત હૈ. યહ બાત ધ્યાન મેં હી નહીં આયી. બસ ! જય બુલાઓ. હમ તો જોર-જોર સે જય બુલાતે થે. દૂસરા કુછ નહીં સમજતે. ઐસે જય બુલાતે થે.

મુમુક્ષુ :- પ્રત્યેક પ્રસંગ મેં અગર જય બુલાને કા હી પરિણામ હૈ, તો ભી તીર જાવે.

પૂજ્ય ભાઈશ્રી :- ફિર તો અર્થઘટન કૈસે ભી કર સકતે હૈં.

મુમુક્ષુ :- સત્સંગ મેં લંબા કાલ જાવે તો ...

પૂજ્ય ભાઈશ્રી :- લંબા કાલ જાના તો નહીં ચાહિયે. ફિર ભી અપની યોગ્યતા હિન હો, હિન યોગ્યતા મેં લંબા કાલ જાતા હૈ. અચ્છી યોગ્યતા મેં લંબા કાલ નહીં જાતા. હિન યોગ્યતા તો હોતી હૈ તો લંબા કાલ જાતા હૈ. યહ પ્રશ્ન સત્સંગ મેં હમ કરતે હૈં, બાજાર મેં જાકર નહીં કરતે. ધંધા કરે ઔર પૈસા મિલને મેં કોઈ લંબા કાલ જાવે તો ? ભૂખ હી મર જાવે. ક્યા હોવે ? કમાઈ નહીં હોવે તો ? વહાં તો ઐસા જોર રહતા હૈ કિ જૈસે-તૈસે ભી હમકો કુછ કમાઈ કરની હી પડેગી. મજૂદૂરી કરની પડેગી તો મજદૂરી કર લેંગે. યહાં ઐસા ઢીલાપન ક્યોં ? ઐસા ઢીલાપન યહાં ક્યોં કરતે હૈં ?

સત્સંગ એક કલ્પવૃક્ષ હૈ કિ જિસસે જીવ અનંત સુખી હો જાતા હૈ. અજરઅમર હો જાતા હૈ. યહ એક પંક્તિ હૈ વહ બહુત જોરદાર નિકલ ગઈ હૈ. લિખા હૈ, કિસીકો Post card લિખા હૈ લેકિન એક પંક્તિ મેં તો બહુત ભર દિયા હૈ. સત્સંગ કા ઈતના માહાત્મ્ય ભર દિયા હૈ કિ જિસકો સત્સંગ કે લિયે અગર હમારે ગાંવ મેં નહીં મિલે તો કહીં ભી જાના પડે તો જાના ચાહિયે. કહીં ભી. દેશ-વિદેશ જાના પડે તો જાના. પૈસે કિ લિયે દેશ-વિદેશ જાતે હૈં કિ નહીં ? સત્સંગ કે લિયે ઈતના મહત્ત્વ હોના ચાહિયે કિ કુછ ભી (હો જાય), પ્રાણ કા ત્યાગ કરને કા યોગ હો જાય તો ભી સત્સંગ કી ઈતની મહિમા હોની ચાહિયે કિ યહ સબ ગૌણ હૈ, ઈસકે પાસ સબ ગૌણ હૈ. ઈતની મહિમા આની ચાહિયે. જબ હી સત્સંગ કા કુછ લાભ મિલતા હૈ. સત્સંગ મિલને પર દેર ક્યોં લગતી હૈ ? કિ ઉસકા મૂલ્યાંકન નહીં હુઆ ઈસલિયે. મૂલ્યાંકન હોવે તો ઉસકા સહી લાભ જીવ ઉઠાયે બિના રહતા નહીં. ૯૩૬ હુઆ.

પત્રાંક-૯૩૭

વવાણિયા, અસાડ સુદ ૧, ગુરુ, ૧૯૫૬

ૐ

પરમકૃપાળુ મુનિવરોને નમસ્કાર સંપ્રાપ્ત થાય.

નડિયાદથી લખાયેલું પત્ર આજે અત્ર સંપ્રાપ્ત થયું.

જ્યાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આદિની અનુકૂળતા દેખાતી હોય ત્યાં ચાતુર્માસ કરવામાં વિક્ષેપ આર્ય પુરુષોને હોતો નથી. બીજા ક્ષેત્ર કરતાં બોરસદ અનુકૂળ જણાય તો ત્યાં ચાતુર્માસની સ્થિતિ કર્તવ્ય છે.

બે વખત ઉપદેશ અને એક વખત આહારગ્રહણ તથા નિદ્રાસમય વિના બાકીનો અવકાશ મુખ્યપણે આત્મવિચારમાં, 'પદ્મનંદી' આદિ શાસ્ત્રાવલોકનમાં અને આત્મધ્યાનમાં વ્યતીત કરવા યોગ્ય છે. કોઈ બાઈ ભાઈ ક્યારેક કંઈ પ્રશ્નાદિ કરે તો તેનું ઘટતું સમાધાન કરવું, કે જેમ તેનો આત્મા શાંત થાય. અશુદ્ધ ક્રિયાના નિષેધક વચનો ઉપદેશરૂપે ન પ્રવર્તાવતાં શુદ્ધ ક્રિયામાં જેમ લોકોની રુચિ વધે તેમ ક્રિયા કરાવ્યે જવી.

ઉદાહરણ દાખલ કે જેમ કોઈ એક મનુષ્ય તેની રૂઢિ પ્રમાણે સામાયિક વ્રત કરે છે, તો તેનો નિષેધ નહીં કરતાં, તેનો તે વખત ઉપદેશના શ્રવણમાં કે સત્શાસ્ત્રઅધ્યયનમાં અથવા કાયોત્સર્ગમાં જાય તેમ તેને ઉપદેશવું. કિંચિત્માત્ર આભાસે પણ તેને સામાયિક વ્રતાદિનો નિષેધ હૃદયમાં પણ ન આવે એવી ગંભીરતાથી શુદ્ધ ક્રિયાની પ્રેરણા કરવી. ખુલ્લી પ્રેરણા કરવા જતાં પણ ક્રિયાથી રહિત થઈ ઉન્મત્ત થાય છે; અથવા તમારી આ ક્રિયા બરાબર નથી એટલું જણાવતાં પણ તમારા પ્રત્યે દોષ દઈ તે ક્રિયા છોડી દે એવો પ્રમત્ત જીવોનો સ્વભાવ છે, અને લોકોની દ્રષ્ટિમાં એમ કરતાં જેમ જેમ પર આત્માનું હિત થાય તેમ તેમ પ્રવર્તવું, અને જ્ઞાનીના માર્ગનું, જ્ઞાન ક્રિયાનું સમન્વિતપણું સ્થાપિત કરવું એ જ નિર્જરાનો સુંદર માર્ગ છે.

સ્વાત્મહિતમાં પ્રમાદ ન થાય અને પરને અવિક્ષેપપણે આસ્તિક્યવૃત્તિ બંધાય તેવું તેનું શ્રવણ થાય, ક્રિયાની વૃદ્ધિ થાય, છતાં કલ્પિત ભેદ વધે નહીં અને સ્વપર આત્માને શાંતિ થાય એમ પ્રવર્તવામાં ઉલ્લાસિત વૃત્તિ રાખજો, સત્શાસ્ત્ર પ્રત્યે રુચિ વધે તેમ કરજો.

આ પત્ર પરમકૃપાળુ શ્રી લલ્લુજીમુનિની સેવામાં પ્રાપ્ત થાય. ૐ શાંતિઃ

૯૩૭. '**પરમ કૃપાલુ મુનિવરોંકો નમસ્કાર પ્રાપ્ત હો.**' 'લલ્લુજી' આદિ મુનિ થે. ઉનકો પત્ર લિખા હૈ. '**નડિયાદસે લિખવાયા પત્ર આજ યહાં પ્રાપ્ત હુઆ.**' અભી 'વવાણિયા' મેં હૈં. આખિર કા સમય ચલ રહા હૈ.

'**જહાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભઆવ આદિકી અનુકૂલતા દિખાયી દેતી હો વહાં ચાતુર્માસ કરનેમેં આર્ય પુરુષોંકો વિક્ષેપ નહીં હોતા.**' યાની જહાં ઉપદ્રવ નહીં હો, વિરાધક જીવ નહીં હો વહાં ચાતુર્માસ કર લેના. '**દૂસરે ક્ષેત્રકી અપેક્ષા બોરસદ અનુકૂલ પ્રતીત હો તો વહાં ચાતુર્માસકી સ્થિતિ કર્તવ્ય હૈ.**' અપના સુઝાવ દિયા હૈ, 'બોરસદ' કે લિયે. 'બોરસદ' 'આણંદ' કે પાસ હૈ. 'પેટલાદ', 'બોરસદ' સબ 'આણંદ' કે પાસ હૈ.

'**દો બાર ઉપદેશ ઔર એક બાર આહાર ગ્રહમ તથા નિદ્રા–સમયકે સિવાય બાકીકા અવકાશ મુખ્યતઃ આત્મવિચારમેં, 'પદ્મનંદી' આદિ શાસ્ત્રાવલોકનમેં ઔર આત્મધ્યાનમેં વ્યતીત કરના યોગ્ય હૈ.**' યહ આષાઢ મહિના ચલ રહા હૈ ન ? પંદ્રહ દિન કે બાદ ચાતુર્માસ શુરૂ હો જાયેગા. ચાતુર્માસ મેં ક્યા કરના ? દો બાર ઉપદેશ માને દો બાર સત્સંગ. ઉપદેશ માને સત્સંગ. વહ મુનિ થે ઇસલિયે લોગ સુનને કો આતે થે. '**દો બાર ઉપદેશ ઔર એક બાર આહાર ગ્રહણ...**' ચાતુર્માસ મેં એક બાર આહાર ગ્રહણ. '**તથા નિદ્રા...**' ઉતના સમય છોડકરકે બાકીકા જો ભી સમય રહતા હૈ વહ મુખ્યતઃ આત્મવિચાર મેં, 'પદ્મનંદી' આદિ શાસ્ત્રાવલોકન મેં ઔર આત્મધ્યાન મેં વ્યતીત કરના યોગ્ય હૈ. યહ સૂચના કર દિ કી નિત્ય નિયમ મેં ક્યા રખના ? સારે દિન કી જો ક્રિયા હૈ ઉસમેં કૈસે–કૈસે સમય વ્યતીત કરના હૈ.

મુમુક્ષુ :– શાસ્ત્રાવલોકન.

પૂજ્ય ભાઈશ્રી :– શાસ્ત્ર વાંચન, શાસ્ત્ર અવલોકન ગહરાઈ સે. અવલોકન માને મિલાન કરતે જાના. જો–જો વાચક શબ્દ હૈ, જિસ ભાવ કા, જિસ વાચ્ય કા વહ વાચક હૈ ઉસકે સાથ મિલાન કરતે જાના. તબહી પહચાન હોગી.

'**કોઈ બહન યા ભાઈ કભી કુછ પ્રશ્ન આદિ કરે તો ઉસકા યોગ્ય સમાધાન કરના,...**' સ્વાધ્યાય મેં કોઈ–કોઈ પ્રશ્ન નિકલે તો ઉસકા યોગ્ય સમાધાન કરના. '**કિ જિસસે ઉસકા આત્મા શાંત હો.**' શાંતિ કી મુખ્યતા રખકર સમાધાન કરના. ક્યોંકિ ઉદ્દેશ તો યહી હૈ કિ હમેં આત્મશાંતિ ચાહિયે. '**અશુદ્ધ ક્રિયાકે નિષેધક વચન ઉપદેશરૂપસે ન કહતે હુએ, શુદ્ધ ક્રિયામેં જૈસે લોગોંકી રુચિ બઢે વૈસે ક્રિયા કરાતે જાયેં.**' ક્યા કહતે હૈં ? સંપ્રદાય મેં લોગ સુનને આયેંગે. સંપ્રદાય કે લોગ આયેંગે તો

વહ તો અશુદ્ધ ક્રિયા કરતે હૈં. આપ ઇસકા બાર-બાર નિષેધ કરેંગે તો ઉન લોગોં કો અચ્છા નહીં લગેગા, કિસીકો તો બુરા લગ જાયેગા કિ હમેં ઐસા કહતે હૈં ? ક્યા હમ ઐસી ફાલતુ ક્રિયા કરતે હૈં ક્યા ? તો ઐસી બાત બાર-બાર નહીં કહતે હુએ, ઐસે વચન કા જ્યાદા પ્રયોગ નહીં કરતે હુએ, માને Negative બાત જ્યાદા નહીં કરકે, Positive ક્રિયા કી રુચિ હોવે, સહી રૂપસે કૈસે ક્રિયા કરની, ભાવસમેત કૈસે ક્રિયા કરની ઐસે વચન બોલના. નિષેધ કા વચન બાર-બાર નહીં બોલના.

'**ઉદાહરણ કે લિયે...**' પ્રવચન કૈસે કરના વહ બાત કરતે હૈં. '**ઉદાહરણ કે લિયે, જૈસે કોઈ એક મનુષ્ય અપની રુચિકે અનુસાર સામાયિક વ્રત કરતા હૈ,...**' સામાયિક લેકર બૈઠ જાતા હૈ, વ્રત કી પ્રતિજ્ઞા લેકર બૈઠ જાતા હૈ. ઉસકા નિષેધ ન કરતે હુએ, યહ તુમ્હારા જૂઠા હૈ, ઇસસે કુછ નહીં મિલનેવાલા હૈ, યહ મિથ્યા હૈ ઉસકો છોડ દો, ઐસે મુખ્યતૌરસે ઉસકા નિષેધ ન કરતે હુએ, '**જીસ તરહ ઉસકા વહ સમય ઉપદેશકે શ્રવણમેં યા સત્શાસ્ત્રકે અધ્યયનમેં અથવા કાયોત્સર્ગમેં બીતે, ઉસ તરહ ઉસે ઉપદેશ કરે.**' ઉસ સમય મેં ઉસકા ઉપયોગ આત્મચિંતવન મેં કૈસે લગે, યા સહી પરિણામ ઉસકા કૈસે હો, ઐસા ઉપદેશ કરના કિ ક્રિયા કે સાથ ઐસા ભાવ હોના ચાહિયે. ભાવરહિત ક્રિયા શૂન્ય હૈ યા ઉદ્દેશ રહિત, ધ્યેય રહિત જો ક્રિયા હૈ વહ શૂન્ય હૈ. ઉસસે સિર્ફ અભિમાન બઢતા હૈ. તો ઉસકો સહી ભાવ કૈસે કરના યહ બતાતે રહેં. નિષેધ કી બાત મુખ્ય નહીં કરના.

મુમુક્ષુ :- કાયોત્સર્ગ માને ?

પૂજ્ય ભાઈશ્રી :- કાયોત્સર્ગ યાની ક્યા હૈ કિ ચંચલતા નહીં રખે, શરીર કો સ્થિર રખે. ફિર બૈઠે હો તો બૈઠને મેં ઔર ખડે હો તો ખડે રહને મેં. દો પ્રકારસે કાયોત્સર્ગ હોતા હૈ. નહીં કહતે ? અપને કાઉસગ્ગ કહતે હૈં. ક્યા કહતે હૈં ? સાદી ભાષા મેં ક્યા કહતે હૈં ? કાઉસગ્ગ કહતે હૈં. નહીં કહતે ? કાઉસગ્ગ કરકે સામાયિક કરની. અર્થાત્ ઉસ સમય શરીર કી ચંચલતા નહીં હોની ચાહિયે. કોઈ ખુજલી આયે, નજિર ઇધર-ઉધર કરે ઐસે નહીં. શરીર કી ચંચલતા, મન-વચન-કાયા કે યોગ કી ચંચલતા કમ હોવે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વહ સબ આતા તો હૈ. રટ લેતે હૈં, લેકિન ફિર ઉસકા અર્થ માલૂમ નહીં હોતા, તો ફિર ભાવ તો કહાં-સે માલૂમ હો ? ઐસા હૈ. ઐસા હૈ.

'**ઉસ તરહ ઉસે ઉપદેઈ કરે. ઉસકે હૃદયમેં ભી સામાયિક વ્રત આદિકે નિષેધકા કિંચિત્માત્ર આભાસ ભી ન હો ઐસી ગંભીરતાસે શુદ્ધ ક્રિયાકી પ્રેરણા દે.**' યહ શૈલી રખના. ઉસકો આભાસ ભી નહીં આયે કિ હમારી ક્રિયા કા નિષેધ કરતે હૈં. ક્યા હમ

સામાયિક છોડ દે ? ઉસકો ક્યા લગેગા સામાયિક કા નિષેધ કરનેસે ? ક્યા હમ સામાયિક છોડ દે ? ક્યા હમ વ્રતાદિ છોડ દે ક્યા ? ક્યા ઉપવાસ નહીં કરે ? પચ્ચખાણ નહીં લેવે ? ઉપવાસ હી નહીં કરના ? ઐસે ઉનકો નહીં કરના હૈ. ક્યોંકિ વહ તો સુનનેલ કો ભી બૈઠેગા નહીં. વહ ચલા જાયેગા. ચલો, યે તો બાત હી કોઈ ઉટપટાંગ કરતે હૈં, અપને કો સુનને કા નહીં જચતા. ઉનકી રુચિ ઐસી હૈ. ઈસલિયે વહ સુને ઈસતરહ ઉસકો અસ્તિ Side હૈ, નિષેધ કરકે વિધિ કો સ્થાપન કરકે. યથાર્થ વિધિ ઐસી હૈ. નિષેધ નહીં કરકે જો વિધિ હૈ ઉસ વિધિ કો ઉપદેશ મેં યથાર્થ રૂપસે નિરૂપણ કરે. ઉસમેં વહ બાત આ જાતી હૈ કિ ઈસ તરહસે કરના હૈ તો દૂસરી તરહસે નહીં કરના હૈ. ઉસમેં વહ સુનને કો બૈઠેગા કિ યથાર્થતા ક્યા હૈ. જો સુનને કો નહીં બૈઠેગા વહ અપની ક્રિયા કો ક્યા ઠીક કરેગા ?

**'ઉસકે હૃદયમેં ભી સામાયિક વ્રતઆદિકે નિષેધકા કિંચિત્‌માત્ર આભાસ ભી ન હો...'** ઉસકો લગે હી નહીં કુછ ભી કિ મેરી ક્રિયા કા નિષેધ હો રહા હૈ. ઐસી ગંભીરતા રખકરકે, બાત કો ઐસી ગંભીરતા મેં લે લેના. **'શુદ્ધ ક્રિયાકી પ્રેરણા દે. સ્પષ્ટ પ્રેરણા કરતે હુએ ભી વહ ક્રિયાસે રહિત હોકર ઉન્મત્ત હો જાતા હૈ, અથવા 'આપકી યહ ક્રિયા ઠીક નહીં હૈ' ઈતના કહનેસે ભી, આપકો દોષ દેકર વહ ક્રિયા છોડ દેતા હૈ ઐસા પ્રમત્ત જીવોંકા સ્વભાવ હૈ;...'** સામાન્ય યોગ્યતાવાલે કા, પ્રમત્ત માને સામાન્ય યોગ્યતાવાલે કી તો સ્વભાવિક યોગ્યતા ઐસી હૈ કિ આપ સ્પષ્ટ પ્રેરણા દેંગે તો ભી વહ ક્રિયાસે રહિત હોકર ઉન્મત્ત હો જાતા હૈ. તો ભી વહ ક્રિયા છોડ દેગા ઔર ફિર ધંધા-વ્યાપાર મેં લગ જાયેગા.

**'અથવા 'આપકી યહ ક્રિયા ઠીક નહીં હૈ' ઈતના કહનેસે ભી,...'** ક્રિયા તો વહ છોડ દેગા ઔર દોષ આપકો દેંગે કિ હમકો મહારાજને બોલા કિ ઉપવાસ નહીં કરના. ઉપવાસ મેં કુછ નહીં હૈ (ઈસલિયે) હમને તો છોડ દિયા. ઈસસે તો વહ સ્વચ્છંદ બઢાયેગા. ઐસા નહીં હોના ચાહિયે. **'ઔર લોગોંકી દૃષ્ટિમેં ઐસા આયેગા કિ આપને હી ક્રિયાકા નિષેધ કિયા હૈ.'** લોગ યે કહેંગે કિ યે મહારાજ તો ક્રિયા છુડાતે હૈં. હમ તો વહાં જાતે હૈં. છોડ દિયા સબ. અબ ખાતે-પીતે લડુ ખાના ઔર મોક્ષ મેં જાના. યહ બાત હો ગઈ.

યહ આરોપ શુરૂ મેં કરતે થે. સોનગઢ મેં તો ઐસા ચલતા હૈ કિ લડુ ખાના ઔર મોક્ષ મેં જાના. ઉપવાસ (આદિ) કરને કા વહાં કછુ નહીં હૈ. ઉપવાસ કરને કા ભાવ ઉતના બૈઠ ગયા હૈ કિ ઉસકે વિરૂદ્ધ કોઈ બાત લોગ સુનના ભી નહીં ચાહતે. ઐસી લોગોં કી માનસિક પરિસ્થિતિ હો વહાં ઉપદેશ થોડા સંભાલકર કામ કરના પડતા હૈ.

**'ઈસલિયે મતભેદસે દૂર રહકર, મધ્યસ્થવત્ રહકર,...'** દેખો ! મધ્યસ્થવત્ બોલા હૈ. સામને કો ઐસા લગે કિ યહ બહુત મધ્યસ્થ હૈ. અપની ક્રિયા કો ભી ઉડાતે નહીં ઔર દૂસરી બાત ભી અચ્છ કરતે હૈં. ઐસા લગે. **'ઈસલિયે મતભેદસે દૂર રહકર,...'** મતભેદ કી બાત કો મુખ્ય નહીં કરકે ઔર **'મધ્યસ્થવત્ રહકર, સ્વાત્માકા હિત કરતે હુએ,...'** દેખો ! ક્યા બોલે ? **'સ્વાત્માકા હિત કરતે હુએ, જ્યોં-જ્યોં પરમાત્માકા હિત હો ત્યોં ત્યોં પ્રવૃત્તિ કરના,...'** જિસપ્રકારસે અપના હિત હોવે, અપને હિત કે સાથ પર કા ભી હિત હોવે ઐસી પ્રવૃત્તિ કરના. સ્વ-પર ઉપકારક પ્રવૃત્તિ કરના. સ્વયં કા ભી નુકસાન હોવે ઔર દૂસરોં કા ભી નુકસાન હોવે ઐસી પ્રવૃત્તિ નહીં કરના. યહ તો 'લલ્લુજી, દેવકિરણજી' આદિ કો ઉપદેશ કા પ્રસંગ હૈ ઈસલિયે કહતે હૈં. લેકિન મુમુક્ષુઓં કો ભી અપને લિયે ઐસી પ્રવૃત્તિ કરની ચાહિયે કિ જિસસે અપને કો ભી નુકસાન ભી ન હો ઔર દૂસરે કો ભી નુકસાન ન હો. સ્વપર હિતકારક પ્રવૃત્તિ કરના, સ્વપર અહિતકારક પ્રવૃત્તિ નહીં કરની ચાહિયે.

**'ઔર જ્ઞાનીકે માર્ગકા, જ્ઞાન-ક્રિયાકા સમન્વય સ્થાપિત કરના,...'** ગુજરાતી મેં સમન્વય હી હૈ ? સમન્વિતપણું સ્થાપિત કરવું. **'જ્ઞાનીકે માર્ગ કા ઔર જ્ઞાન-ક્રિયાકા સમન્વય સ્થાપિત કરના, યહી નિર્જરાકા સુંદર માર્ગ હૈ.'** ઈસકા મતલબ યહ હુઆ કિ બાહ્યાભ્યંતર-અભ્યંતર મેં ભાવ કૈસે હો ઔર ઈસ ભાવ કે અનુકૂલ બાહ્ય ક્રિયા કૈસી હો ? દોનોં કા મેલ બૈઠાના, ઉસકો સમન્વિતપના કહતે હૈં, યહાં સમન્વય કરના કહતે હૈં. દોનોં કા મેલ બિઠાના. ભાવ કે યોગ્ય હી ક્રિયા હોની ચાહિયે. ક્રિયા કે યોગ્ય ભાવ હોના ચાહિયે. જૈસે ઉપવાસ તો કરે ઔર નીંદ લેને કો લગ જાય. નીંદ લેતે હૈં ન લોગ ? યહ તો ઠીક નહીં હૈ. યે તો સંપ્રદાય મેં બનતા હૈ. આજકલ તો ટીવી દેખને બૈઠ જાય યા કોઈ તાશ ખેલને કો બૈઠ જાય યા દુકાનપર ધંધે પર ચલા જાય. તો યહ બાત કોઈ મેલવાલી નહીં હૈ. **'જ્ઞાન-ક્રિયાકા...'** બીચ મેં ચિહ્ન રખા હૈ ન ? જ્ઞાની કે માર્ગ કા અર્થાત્ જ્ઞાન ઔર ક્રિયા કા **'સમન્વય સ્થાપિત કરના યહી નિર્જરાકા સુંદર માર્ગ હૈ.'** ઈસસે નિર્જરા હોતી હૈ. ભાવસહિત ક્રિયા હોવે તો નિર્જરા હોતી હૈ.

**'સ્વાત્મહિતમેં પ્રમાદ ન હો ઔર દૂસરેકો અવિક્ષેપતાસે આસ્તિક્યવૃત્તિ હો, વૈસા ઉન્હેં શ્રવણ હો,...'** સ્વ આત્મહિત મેં પ્રમાદ ન હો, યહ બાત ખાસ ધ્યાન દેને લાયક હૈ કિ મુખ્ય તો અપના આત્મહિત કરના હૈ. ઉપદેશ દેના યહ કોઈ મુખ્ય બાત હૈ નહીં. યહ તો કર્મોદય કા પ્રસંગ હૈ. કિસીકો સુનાના યહ તો કર્મોદય કા પ્રસંગ હૈ. કર્મ કા ઉદય ઈસપ્રકાર કા હૈ ઈસલિયે વહ પ્રસંગ બના હૈ. સબકો તો યહ પ્રસંગ નહીં બનતા. લેકિન જિસકો ભી સુનાને કા પ્રસંગ હો ઉસકો ઈસપ્રકાર કા કર્મ કા ઉદય ઉસ

વક્ત ચલતા હૈ. વહાં ક્યા કરના ? ઉદયસે હટકરકે, ઉદયસે ભિન્ન હોકરકે પહલે તો અપના આત્મહિત કરના. યાની કોઈ બાત સુનાને કી હૈ, આત્મા કી બાત સુનાને કી હૈ તો આત્મા કી બાત આત્મહિત કે પ્રયત્ન ઔર પુરુષાર્થ કે સાથ સુનાયે. ઐસે ઊપર-ઊપરસે કિસી કો નહીં સુનાયે. અપના ભી કુછ આત્મહિત કે વિષય મેં ઉસ વક્ત પ્રયાસ ચલના ચાહિયે.

આગે એક પત્ર મેં વે કહ ચુકે હૈં કિ નિશ્ચય કી બાત માને નિશ્ચય આત્મા કી બાત નિશ્ચય પ્રતિ કા જો પ્રયાસ હૈ-પુરુષાર્થ હૈ ઉસ સમેત કરના. બિના પુરુષાર્થ વહ બાત નહીં કરના. ઉસકા નિષેધ આ ગયા. ક્યા ? બિના પુરુષાર્થ ઐસી બાત નહીં કરના. ક્યોંકિ ઉસમેં નુકસાન હો જાયેગા. જીવ કા ઊલટા પુરુષાર્થ તો ચલતા હી હૈ. ઔર જો અસ્તિ કા વિષય આત્મા હૈ ઉસકા વિષય જબ આપ સામને રખતે હો યા મુખ્ય તૌરસે રખતે હો મન મેં, વચન મેં તો ઉસકે પ્રતિ પુરુષાર્થ કા ભાવ ભી ચલના ચાહિયે. કુછ ન કુછ રૂપ મેં, કુછ ન કુછ અંશ મેં ચલના હી ચાહિયે. જબ તો ઈસકી સાર્થકતા હૈ. વરના વહ નિરર્થક હો જાયેગા. યા તો જીવ અપરિણામી રહકર, જીવ અપરિણામી રહકર યદિ ઉપદેશ કરતા હૈ તો સ્વયં કે લિયે બહુત અનર્થકારક હોતા હૈ. વહ અપને લિયે અનર્થકારક હો જાતા હૈ. ઐસા નહીં હોના ચાહિયે. ઈસલિયે જો સુનાતા હૈ ઉસકી થોડી જિમ્મેદારી ઔર બઢતી હૈ.

મુમુક્ષુ :- બહુત ખતરા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ખતરા ભી હૈ, અગર સહી રૂપસે કરે તો લાભ ભી હૈ. ક્યોંકિ સુનનેવાલે કા તો ઇધર-ઉધર ઉપયોગ ચલા જાતા હૈ. લેકિન સુનાનેવાલે કો તો ઉપયોગ રખકરકે (બોલના પડતા હૈ). ... ઐસા નહીં કરે ઔર તોતે કે જૈસે રટન કર લે, કઈ બાત સુની હૈ (ઉસકા) રટન ચલતા હૈ ઉસપર બોલતે જાય ઔર અપના ઉપયોગ નહીં હોવે તો ઐસા તો નહીં હોના ચાહિયે.

**'સ્વાત્મહિતમેં પ્રમાદ ન હો ઔર દૂસરેકો અવિક્ષેપતાસે આસ્તિક્યવૃત્તિ હો, વૈસા ઉન્હેં શ્રવણ હો,...'** ઉસકો આસ્તિક્યવૃત્તિ હો, ધર્મ કે પ્રતિ શ્રદ્ધા બઢે. ઔર યે શ્રદ્ધા બઢાતે વક્ત કોઈ વિક્ષેપ ઉસકે ચિત્ત મેં નહીં હો જાવે. વિક્ષેપ નહીં હો મતલબ ક્યા ? કિ ઉનકો કોઈ આકુલતા હો જાવે ઐસી બાત મત કરતો તુમ. તુમ યે કરતે હો, ઐસા હૈ, વૈસા હૈ, બિલકુલ નિકમ્મા હૈ, તુમકો કુછ પતા હી નહીં પડતા હૈ, ક્યા હૈ ? તુમ મૂઢ હો, ઐસે હો, વૈસે હો, ઐસા નહીં લેના. સામને (વાલે કો) ચિત્ત મેં બાત સુહાતી નહીં હૈ ફિર ભી બોલતે જાઓ, કહતે જાઓ ઐસા નહીં હોના ચાહિયે. ઉસકા ચિત્ત વિક્ષિપ્ત હો જાયેગા તો ઉસકી શ્રદ્ધા જમેગી નહીં. ઉસકો ચિત્ત મેં અવિક્ષેપપના

હોવે ઔર ઉસકી ધર્મ કે પ્રતિ આસ્તિક્યવૃત્તિ હો, વૈસા માને ઉસી પ્રકાર સે **'ઉન્હેં શ્રવણ હો,...'** ઉસ પ્રકારસે આપ જો કુછ બાત બોલે તે ઐસા પ્રકાર રખે. કિસીકો ઉસકી ભાવના મેં કુછ ઠેસ પહુંચે ઐસા પ્રકાર નહીં હોના ચાહિયે.

**'ક્રિયાકી વૃદ્ધિ હો,...'** ક્રિયા કી કમી હો ઐસા નહીં હૈ લેકિન ક્રિયા કી વૃદ્ધિ હો, **'ફિર ભી કલ્પિત ભેદ ન બઢે...'** અપની કલ્પના કે મુતાબિક નહીં કરે, સહી રૂપસે હોવે. **'ઔર સ્વ-પર આત્માકો શાંતિ હો ઐસી પ્રવૃત્તિ કરનેમેં ઉલ્લાસિત વૃત્થિ રખિયે.'** દેખો ! યે 'લલ્લુજી' મુનિ કો ચાતુર્માસ મેં કૈસે ઉપદેશ દેના (ઉસકા માર્ગદર્શન દિયા હૈ). દેશકાલ અનુસાર જો પરિસ્થિતિ હૈ વહ અચ્છી તરહ જાનતે હૈં કિ સંપ્રદાય મેં જો ગડબડી હૈ ઉસકો કૈસે સંભાલના. લોગ તો સંપ્રદાય કે આયેંગે, દૂસરે સંપ્રદાયવાલે તો આયેંગે નહીં. તો ઉસકો કૈસે સંભાલના, કૈસે સહી રાસ્તેપર લે આના, ઐસા કરના.

**'જૈસે સત્શાસ્ત્રકે પ્રતિ રુચિ બઢે વૈસે કીજિયે.'** લોગોં કી શાસ્ત્ર સ્વાધ્યાય કી રુચિ બઢે ઐસા કરના. વહ બાત ખાસ હૈ. દૂસરી ક્રિયા કે બજાય વહ શાસ્ત્ર સ્વાધ્યાય કી ક્રિયા મેં ચલે વહ બાત મુખ્ય તૌરસે કરના. **'યહ પત્ર પરમ કૃપાલુશ્રી લલ્લુજી મુનિકી સેવામેં પ્રાપ્ત હો.'** ખાસ કરકે લલ્લુજી મુનિ કો ઈસકા સંબોધન કરતા હૂં. ઐસા કહતે હૈં. **'ૐ શાંતિ.'** ઈસ પત્ર મેં તો ચાતુર્માસ કહાં કરના ઔર કૈસે ઉપદેશ આદિ કી પ્રવૃત્તિ કરની, ઉસકી સૂચના દી હૈ.

મુમુક્ષુઓં કો તો ઈતના હી સંબંધ હૈ કિ હમેં ભી જો કુછ કરના હૈ તો સ્વપર ઉપકાર પ્રવૃત્તિ કરની હૈ, સ્વપર કલ્યાણક પ્રવૃત્તિ કરની હૈ. દૂસરોં કા અહિત હો ઔર અપના ભી અહિત હો ઐસા કિંચિત્‌માત્ર નહીં કરના ચાહિયે.

**પત્રાંક-૯૩૮**

**વવાણિયા, અસાડ સુદ ૧, ૧૯૫૬**

**'તે મટે ઊભા કર જોડી, જિનવર આગળ કહીએ રે,**
**સમયચરણ સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લહીએ રે.'**
**શ્રીમાન આનંદઘનજી**

**પત્રો સંપ્રાપ્ત થયાં. શરીરપ્રકૃતિ સ્વસ્થાસ્વસ્થ રહે છે; અર્થાત્‌ ક્વચિત્‌ ઠીક, ક્વચિત્‌ અશાતામુખ્ય રહે છે. મુમુક્ષુ ભાઈઓને, તે પણ લોકવિરુદ્ધ ન થાય તેમ, તીર્થાર્થે ગમન કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી.**

**ૐ શાંતિઃ**

૯૩૮.

તે માટે ઊભા કર જોડી, જિનવર આગળ કહીએ રે,
સમયચરણ સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લહીએ રે.

'આનંદઘનજી' કા એક પદ Heading મેં દોહરાયા હૈ. હમ તો ભગવાન કે પાસ પ્રાર્થના કરતે હૈં, હાથ જોડકર-કર જોડકર પ્રાર્થના કરતે હૈં, ખડે રહકર. કર જોડકર-હાથ જોડકર ખડે રહકર પ્રાર્થના કરતે હૈં. ભગવાન કે સામને ખડે રહકર-જિનવર આગે. હમકો '**સમયચરણ સેવા શુદ્ધ દેજો,...**' સમયચરણ-આત્મા કા ચરણ. સમય માને આત્મા. શુદ્ધ આત્મા કી જો સેવા હૈ, શુદ્ધ આત્મા કા અવલંબન હૈ ઐસા શુદ્ધ સમયચરણ હમકો દેના. હમ કુછ દૂસરી ચીજ માંગતે નહીં હૈ.

જૈસે 'કૃપાલુદેવ' 'આનંદઘનજી' પદ બાર-બાર દોહરાતે હૈં, ઐસા 'ગુરુદેવ' ભી 'આનંદઘનજી' કે પદ બાર-બાર દોહરાતે થે. ઉન્હોંને કભી યહ નહીં સોચા હૈ કિ યે તો શ્વેતાંબર કે મુનિ થે. 'આનંદઘનજી' શ્વેતાંબર કે મુનિ થે ઐસા વિચાર ક્યોં નહીં કિયા ? અગર હમારે મન મેં ઐસા વિચાર આયે તો યહ બાત સોચને લાયક હૈ. અગર હમેં કોઈ બાધા નહીં હો, વિક્ષેપ નહીં હો તો કોઈ આવશ્યકતા નહીં હૈ. લેકિન કોઈ સંપ્રદાયબુદ્ધિ સે ઐસી કોઈ બાત હમારે મન મેં વિક્ષેપરૂપ સે હો જાય કિ યે શ્વેતાંબર કે મુનિ કા પદ જ્ઞાની ક્યોં દોહરાતે હૈં ? મહાપુરુષ ઐસે પદ ક્યોં દોહરાતે હૈં ? તો ઇસકે લિયે હમેં સ્પષ્ટીકરણ આવશ્યક હૈ.

જ્ઞાની હૈ વે સંપ્રદાયબુદ્ધિ કભી નહીં રખતે. વે સંપ્રદાયબુદ્ધિ સે મુક્ત હો ગયે હૈં. ઉનકો સંપ્રદાયબુદ્ધિ નહીં હોતી. કોઈ ભી મત મેં, કોઈ અન્યમત મેં ભી તત્ત્વ કી કોઈ બાત હોતી હૈ તો ઉનકી નજર વહાં પડતી હૈ કિ યે સહી હૈ. સહી તત્ત્વ કી બાત હોતી હૈ તો સહી હૈ. પ્રશ્ન યહ હો સકતા હૈ કિ અન્યમત મેં તત્ત્વ કી સહી બાત કહાં-સે હો સકતી હૈ ? યે પ્રશ્ન અવશ્ય હો સકતા હૈ. તો કહતે હૈં કિ અન્યમત કહાં-સે નિકલે ? અન્યમત પૈદા કૈસે હુએ ? તીર્થંકર ભગવાન કી, તીર્થંકર દેવ કી વાણી સુનતે-સુનતે તો યે મત નિકલે. કહાં-સે પૈદા હુએ ? ભગવાન 'ઋષભદેવસ્વામી' જબ પહલે તીર્થંકર 'આદિનાથ' ભગવાન હુએ તો ઉસકે પહલે તો અન્ય મત નહીં થા, જૈનમત ભી નહીં થા. જબ જૈનમત ચાલુ હુઆ તો અન્યમત ભી સાથ મેં ચાલુ હો ગયા. કહાં-સે હુઆ ? વાણી સુનકર તત્ત્વ કી કોઈ બાત પકડકરકે થોડા ઉસમેં આગેપીછે કર દિયા તો અન્યમત હો ગયા. આગેપીછે જો બાત હુઈ ઉસકો કાટકર જો સહી બાત હૈ વહ તો તત્ત્વ કી હૈ, વહ તીર્થંકરદેવ કી બાત હૈ, વહ દૂસરોં કી બાત નહીં હૈ. જ્ઞાની કો યે કાટછાટ બરાબર આતી હૈ કિ અન્યમત મેં ભી યહ ભૂલ હૈ ઔર યહ બાત તો ભગવાન

કી જિનવાણી અનુસાર હૈ. જિનવાણીસે આભાસ ઈતના હો ગયા હૈ ઔર મૂલ ચીજ જિનવાણી કી તો ઈતની હૈ. કભી-કભી ઐસે માર્ગાનુસારી જીવ ભી અન્યમત મેં પૈદા હોતે હૈં કિ જિસકો મૂલ બાત પર ચોંટ રહતી હૈ, મૂલ બાત કો વહ પકડકરકે દૃઢ કરતે હૈં ઔર ઈનકી વાણી મેં મૂલ બાત બહુત આતી હૈ. યે જ્ઞાનીપુરુષ ઉસકો પકડ લેતે હૈં કિ યે સહી કહતે હૈં.

મુમુક્ષુ :- કબીર, નરસિંહ મહેતા, મીરાબાઈ...

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વે માર્ગાનુસારી થે.

મુમુક્ષુ :- ભવાંતર મેં Line મેં આ જાયેંગે ઐસા ?

પૂજ્ય ભાઈશ્રી :- હાં. આ સકતે હૈં. આગે જોકર વહ મૂલ મોક્ષમાર્ગ મેં પ્રવેશ કરેંગે. ઐસા બન સકતા હૈ. કબ કરેંગે ? વહ અપના વિષય નહીં હૈ. લેકિન હો સકતા હૈ કિ યે સંસ્કાર સહી હૈ તો યહ કામ હો સકતા હૈ.

'આનંદઘનજી' કી બાત તો બહુત સુંદર હૈ. 'શ્રીમદ્જી'ને તો વહાં તક કહા કિ, ભાષ્ય ઔર ચૂર્ણી શબ્દ ચૌબીસ તીર્થંકર કી સ્તુતિ મેં એક જગહ લગા હૈ, જો શ્વેતાંબર શાસ્ત્ર કી પરિભાષા હૈ, દિગંબર શાસ્ત્ર મેં વહ પરિભાષા નહીં હૈ. અગર ઈસ શબ્દ કા પ્રયોગ નહીં કરતે તો યે શ્વેતાંબર થે યા દિગંબર થે, પહચાનના મુશ્કિલ હો જાતા. અગર શ્વેતાંબર કી પરિભાષા કા શબ્દ યહાં નહીં આતા તો શ્વેતાંબર થે ઐસા કોઈ પહચાન નહીં સકતા. ઐસા મૂલ તત્ત્વ ઉનકે પદોં મેં બહુત આયા હૈ.

**'પત્ર પ્રાપ્ત હુએ. શરીરસ્થિતિ સ્વસ્થાસ્વસ્થ રહતી હૈ;...'** આષાઢ મહિના હૈ. આયુ નૌ મહિને બાકી રહા હૈ ઔર કુછ સમયસે શરીર કી અસ્વસ્થતા બઢતી જાતી હૈ. **'શરીરસ્થિતિ સ્વસ્થાસ્વસ્થ રહતી હૈ; અર્થાત્ ક્વચિત્ ઠીક, ક્વચિત્ અસાતા મુખ્ય રહતી હૈ.'** ક્વચિત્ શરીર કી સ્થિતિ ઠીક રહતી હૈ તો ક્વચિત્ અસાતા કી મુખ્યતાવાલી રહતી હૈ. કિસકી ? શરીર કી સ્થિતિ રહતી હૈ, મેરી સ્થિતિ નહીં. શરીરસ્થિતિ ઐસી રહતી હૈ.

**'મુમુક્ષુભાઈઓંકો, વહ ભી લોક વિરૂદ્ધ ન હો ઈસ ઢંગસે તીર્થયાત્રાકે લિયે જાનેમેં આજ્ઞાકા અતિક્રમ નહીં હૈ.'** કિસકો લિખા હૈ ? 'અંબાલાલભાઈ' કો લિખા હૈ. **'મુમુક્ષુભાઈઓંકો, વહ ભી લોક વિરૂદ્ધ ન હો ઈસ ઢંગસે...'** લોગોં કા વિરોધ નહીં બઢે ઈસ પ્રકાર ધ્યાન મેં રખકર તીર્થયાત્રા મેં જાના હો તો જાઈયે, ઉસમેં હમારી આજ્ઞા કી અતિક્રમ નહીં હૈ. ક્યોંકિ વે આજ્ઞા કે લેકરકે હી ઐસા ધાર્મિક જો ભી Praogramme બનાતે થે તો 'કૃપાલુદેવ' કી આજ્ઞા લેકરકે બનાતે થે. ઈસલિયે ઐસા પત્ર દિયા હૈ. **'ૐ શાંતિ.'** ૯૩૮ (પત્ર પૂરા) હુઆ.

પત્રાંક-૯૩૯

મોરબી, અસાડ વદિ ૯, શુક્ર, ૧૯૫૬

ૐ નમઃ

**સમ્યક્ પ્રકારે વેદના અહિયાસવારૂપ પરમધર્મ પરમ પુરુષોએ કહ્યો છે.**

**તીક્ષ્ણ વેદના અનુભવતાં સ્વરૂપભ્રંશવૃત્તિ ન થાય એ જ શુદ્ધ ચારિત્રનો માર્ગ છે.**

**ઉપશમ જ જે જ્ઞાનનું મૂળ છે તે જ્ઞાનમાં તીક્ષ્ણ વેદના પરમ નિર્જરા ભાસવા યોગ્ય છે.** ૐ શાંતિઃ

**'ૐ નમઃ' 'સમ્યક્ પ્રકારસે વેદના સહન કરનેરૂપ પરમ ધર્મ પરમ પુરુષોંને કહા હૈ.'** ઈન દિનોં મેં કોઈ શારીરિક વેદના બઢી હૈ. શારીરિક વેદના બઢનેસે-અસાતા વેદના બઢનેસે સમ્યક્ પ્રકારસે ઉસકો સહન કરના. સમ્યક્ પ્રકારસે માને ? આત્મા કે અવલંબન મેં રહકરકે અસાતાવેદની કા ભિન્નરૂપસે જ્ઞાન કરના, ઉસસે ભેદજ્ઞાન કરના વહી પરમ ધર્મ પરમ પુરુષોંને કહા હૈ. ઐસા નહીં કિ વેદના હોનેસે શરીર કી અસાતા મેં તન્મય હો જાવે ઐસા ઉચિત નહીં હૈ. અગર વેદની કી નિર્જરા કરની હૈ તો સમ્યક્ પ્રકાર સે વેદના કો સહન કરના ચાહિયે. દેખો ! યે એક મુમુક્ષુઓં કે લિયે ભી ઉપદેશ ગ્રહણ કરને યોગ્ય બાત હૈ. બાત તો લિખી હૈ અપને લિયે. ખુદ કો વેદના ચલી હૈ તો અપને લિયે બાત લિખી હૈ. પરમ પુરુષોં કા યહ પરમ ધર્મ હૈ તો યે પરમ ધર્મ કા મૈં સંભાલ કરતા હૂં, ઊસકો સંભાલતા હૂં, ઉસકા સ્મરણ કરતા હૂં ઔર ઉસી તરહ મૈં સમ્યક્ પ્રકારસે વેદના મેં રહતા હૂં.

મુમુક્ષુ :- વેદના..

પૂજ્ય ભાઈશ્રી :- અહિયાસવા યોગ્ય છે. ઉસકા હિન્દી શબ્દ નહીં મિલા હૈ. ઈસલિયે સહન કરના લિયા હૈ. **'સમ્યક્ પ્રકારે વેદના અહિયાસવારૂપ પરમધર્મ પરમ પુરુષોએ કહ્યો છે.'** વાક્ય તો ઐસા હૈ ન ? અહિયાસવું, ઈસકા અર્થ યહ હૈ કિ સહન કરને મેં તો દુઃખપૂર્વક લોગ સહન કરતે હૈં વહ પદ્ધતિ નહીં લેની હૈ. દુઃખ કે સાથ સહન કિયા જાતા હૈ. બહુત સહન કરતે હૈં, લેકિન અંદર મેં આકુલતા તો હોવે. બહુત સહન કરના પડતા હૈ, બહુત વેદના કો સહન કરની પડતી હૈ. ઐસે નહીં. અહિયાસવું માને ઉસસે ભિન્ન હોકર. સમ્યક્ પ્રકારસે અહિયાસના મતલબ ઉસસે ભિન્ન રહકરકે. ગુજરાતી મેં જો શબ્દ આતા હૈ વહ કભી હિન્દી મેં નહીં ભી મિલે. ઐસા હૈ.

મુમુક્ષુ :- પુરુષાર્થ..

પુજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ સમેત બાત હૈ. વેદના હૈ (ઉસ સમય) પુરુષાર્થ કે સાથ જ્ઞાનિયોં કા પુરુષાર્થ હોતા હૈ. બિના પુરુષાર્થ વેદના કો આકુલતાસે-આર્ત્તધ્યાનસે સહન કરે ઐસા નહીં. ધર્મધ્યાન મેં રહકર. આત્મા મેં વિશેષ પુરુષાર્થ કા પ્રયોગ કરકે વેદના કે કાલ મેં રહના હૈ. ઐસે વેદના કા સમય ગુજરના ચાહિયે.

દેખિયે ! '**તીક્ષ્ણ વેદનાકા અનુભવ કરતે હુએ...**' જબ વેદના બઢ જાતી હો, તીવ્ર વેદના હો જાવે તો '**તીક્ષ્ણ વેદનાકા અનુભવ કરતે હુએ સ્વરૂપભ્રંશવૃત્તિ ન હો યહી શુદ્ધ ચારિત્ર કા માર્ગ હૈ.**' સ્વરૂપસે ચ્યુત વૃત્તિ નહીં હોના. વેદના તીવ્ર હોનેસે આત્મા છૂટ જાવે ઐસા નહીં બનના ચાહિયે. સ્વરૂપસે ચ્યુતિ નહીં હો, હમારે પરિણામ કી ચ્યુતિ સ્વરૂપસે નહીં હોની ચાહિયે. સ્વરૂપ મેં પરિણામ લગા રહે. અગસ ઐસે હોવે તો યહી શુદ્ધ ચારિત્ર કા માર્ગ હૈ, યે સ્વરૂપાચરણ શુદ્ધ ચારિત્ર હૈ. યે સ્વરૂપ કા આચરણ હૈ. વેદના બઢતી હૈ તો પુરુષાર્થ બઢ જાના ચાહિયે. ઐસા કહતે હૈં. વેદના બઢનેસે પુરુષાર્થ બઢ જાના ચાહિયે. ઔર જ્ઞાની કો ઐસા હી હોતા હૈ.

જબ પ્રાણત્યાગ કા પ્રસંગ હૈ, ઉસકો મૃત્યુ કહતે હૈં, ઉસ વક્ત તો વેદના બહુત બઢતી હૈ. તીવ્ર વેદના બઢતે બઢતે પ્રાણત્યાગ હો જાતા હૈ. ઈતની બઢ જાતી હૈ. જ્ઞાની ઉસ વક્ત અધિક પુરુષાર્થસે સ્વરૂપ મેં સ્થિતિ કરને લગ જાતે હૈં. તીવ્ર પુરુષાર્થ ઉસકા હો જાતા હૈ. ઈસલિયે જ્ઞાની કે મૃત્યુ પ્રસંગ કો મૃત્યુ મહોત્સવ કહને મેં આતા હૈ. 'રત્નકરંડ શ્રાવકાચાર' મેં ક્યા કહા ? મૃત્યુ મહોત્સવ. યે મહોત્સવ હૈ. જ્ઞાની કે લિયે તો યહ (મહોત્સવ હૈ). જૈસે મહોત્સવ મેં આનંદ ઔર ખુશી બઢતી હૈ, વૈસે મૃત્યુ કે કાલ મેં જ્ઞાની કો આનંદ બઢ જાતા હૈ, શાંતિ બઢ જાતી હૈ. વેદના બઢતી હૈ તો દુઃખ બઢતા હૈ ઐસા નહીં હૈ. ઐસી બાત હૈ.

દેખો ! વેદના ચાલુ હુઈ ઔર વચન કૈસે નિકલે ! ચાલુ વેદના કે કાલ મેં કૈસે વચન નિકલે હૈં ! તીન પંક્તિ કા એક Post card લિખા હૈ. લેકિન બાત કૈસી લિખી હૈ. '**તીક્ષ્ણ વેદનાકા અનુભવ કરતે હુએ સ્વરૂપભ્રંશવૃત્તિ ન હો...**' દવાઈ મંવગાની યા નહીં મંગવાની ? Doctor કો બુલાના કિ નહીં બુલાના ? ન Doctor કી આવશ્યકતા હૈ, ન દવાઈ કી આવશ્યકતા હૈ. '**તીક્ષ્ણ વેદનાકા અનુભવ કરતે હુએ સ્વરૂપભ્રંશવૃત્તિ ન હો...**' ભ્રંશ માને ચ્યુત હોના. સ્વરૂપસે ચ્યુત વૃત્તિ ન હો '**યહી શુદ્ધ ચારિત્રકા માર્ગ હૈ.**' યહી શુદ્ધ ચારિત્રચરણ-આચરણ કા યહી માર્ગ હૈ. શુદ્ધ આચરણ ઉસકો કહતે હૈં, ઉસકો આત્મા કા આચરણ કહતે હૈં, સમ્યક્ ચારિત્ર ઉસકો કહતે હૈં. શુદ્ધ ચારિત્ર કહો યા સમ્યક્ ચારિત્ર કહો, એક હી બાત હૈ.

'**ઉપશમ હી જિસ જ્ઞાનકા મૂલ હૈ, ઉસ જ્ઞાનમેં તીક્ષ્ણ વેદના પરમ નિર્જરા રૂપ ભાસને યોગ્ય હૈ.**' દેખિયે ! વચન ભી શાંતરસ લેકર નિકલે હૈં. '**ઉપશમ હી જિસ**

**જ્ઞાન કા મૂલ હૈ,...'** ઉપશમ હી જિસ જ્ઞાન કા મૂલ હૈ. સમ્યગ્જ્ઞાન કા મૂલ કહાં પડા હૈ ? શાંતભાવ મેં પડા હૈ. આત્મા કો આત્મશાંતિ જહાં હૈ વહાંસે જો જ્ઞાન પૈદા હુઆ, આત્મશાંતિ મેં રહકરકે. ઉસ જ્ઞાન કા મૂલ શાંતિ લિયા. દેખો ! ઐસે તો જ્ઞાન કા ફલ શાંતિ હૈ.લ તો યહાં તો કહતે હૈં કિ જો શાંતિ હૈ ઉસકા ફલ જ્ઞાન હૈ. પ્રસંગ ઐસા હૈ ન. અપની વેદના બઢ ગઈ હૈ, શારીરિક વેદના બઢી હૈ, આયુષ્ય પૂર્ણ હોને કા કાલ આ રહા હૈ તો કહતે હૈં કિ હમારી તો શાંતિ બઢ રહી હૈ. પરમ શાંતિ કે પ્રતિ હમ ચલ રહે હૈં. ચાહે વદેના બઢો, નહીં બઢો. બઢે તો યહ નિર્જરા કરને કે લિયે આયી હૈ. પૂર્વ કે કુછ કર્મ થે, જો અપને અપરાધસે બંધે હુએ કર્મ થે, વહ નિર્જરા કરને કે લિયે આયે હૈં. હમ તો હમારી શાંતિ મેં બરાબર બૈઠે હૈં.

જૈસે કોઈ ધની હૈ, સમર્થ ધની હૈં ઉનકે પાસ કોઈ આતા હૈ કિ હમારા કુછ પૈસા હૈ. આપકે પિતાજી કો દે રખા થા. વહ હમકો વાપસ નહીં મિલા હૈ. આપ જરા પાંચ સાલ પહલે કા હમારા વહીખાતા નિકાલીયે. દેખતા હૈ, હાં, યહ બાત તો રહ ગઈ હૈ, બાત સહી હૈ. આપકો બ્યાજ સમેત ઉસકા સૂત ગિનકરકે દે દેતે હૈં. ઉસકો ઉસમેં દર્દ નહીં હોતા પૈસા દેને મેં. અચ્છા હુઆ આપને બોલા. હમારે ધ્યાન મેં આતા તો હમ ચલાકર આપકો દે દેતે.

ઐસે પૂર્વ કર્મ ઉદય મેં આતે હૈં તો ઉનકો પરમ નિર્જરા રૂપ ભાસતી હૈ. ચલો, યે ભી જાને કે લિયે આ ગયે. ઈસકા હિસાબકિતાબ ઈસ ખાતે કા સાફ હો ગયા. અબ હમેં કોઈ તકલીફ નહીં હૈ. વેદના કા ઉદય આતા હૈ, અસાતા વેદના કા ઉદય આતા હૈ તો જ્ઞાની કો અણગમા નહીં હોતા. અણગમા કો ક્યા કહતે હૈં ? ઉસકો અણગમા નહીં હોતા કિ ક્યોં ઐસા રોગ આયા ? ઐસી વેદના ક્યોં ચલતી હૈ ? વહ બાત નહીં હૈ. ઠીક હૈ. તીક્ષ્ણ વેદના હોવે તો પરમ નિર્જરા હો જાયેગી. વે ચાહતે હૈં કિ વેદના બઢે. હમેં કોઈ એતરાજ નહીં હૈ. ઐસે વે સમર્થ હૈં, બલવાન હૈં. વે વેદનાસે ગભરાતે નહીં હૈ.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- ઉદય ચલ રહા હૈ ન. ઉદય કે પ્રતિ જ્ઞાની કે કૈસે ભાવ થે ! જબ ઉદય ઐસા પ્રતિકૂલ ચલ રહા હૈ તો કૈસે કિસ પ્રકાર કે ભાવ આતે થે કિ જિસ કારણ જો ઉદય હૈ વહ નિર્જરારૂપ (હો જાતા હૈ). ઉદય ઉદયરૂપ નહીં ભાસતા. કર્મ કા ઉદય ઉદયરૂપ નહીં ભાસતા, નિર્જરારૂપ ભાસતા હૈ. ચલો, યે ખત્મ હોને કે લિયે આયા. અચ્છા હુઆ. ઈસકા હિસાબ ભી સાફ હો ગયા.

**'ૐ શાંતિ.'** ઐસા કરકે યે બાત લિખી હૈ. કભી–કભી છોટે વચનોં મેં ભી બહુત સાર ગર્ભિત બાતેં મિલ જાતી હૈ.

પત્રાંક-૯૪૦

મોરબી, અસાડ વદ ૯, શુક્ર, ૧૯૫૬

ૐ

પરમકૃપાનિધિ મુનિવરોનાં ચરણકમળમાં વિનયભક્તિ વડે નમસ્કાર પ્રાપ્ત થાય.

પત્ર સંપ્રાપ્ત થયાં.

શરીર પ્રત્યે અશાતા મુખ્યપણું ઉદયમાન વર્તે છે. તોપણ હાલ પ્રકૃતિ આરોગ્યતા પર જણાય છે.

અસાડ પૂર્ણિમા પર્યંતના ચાતુર્માસ સંબંધી આપશ્રી પ્રત્યે જે કિંચિત્ અપરાધ થયો હોય તે નમ્રતાથી ખમાવું છું.

ગચ્છવાસી પ્રત્યે પણ આ વર્ષ ક્ષમાપત્ર લખવામાં પ્રતિકૂળ લાગતું નથી.

પદ્મનંદી, ગોમ્મટસાર, આત્માનુશાસન, સમયસાર મૂળ એ આદિ પરમ શાંત શ્રુતનું અધ્યયન થતું હશે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ સંભારીએ છીએ.

ૐ શાંતિઃ

## તા. ૨-૧-૧૯૯૩, પત્રાંક-૯૪૦ થી ૯૪૮
## પ્રવચન નં. ૪૩૨

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૯૪૦. પાનું-૬૫૩. 'મુનિશ્રી લલ્લુજી' ઉપરનો પત્ર છે. '**ૐ પરમકૃપાનિધિ મુનિવરોનાં ચરણકમળમાં વિનયભક્તિ વડે નમસ્કાર પ્રાપ્ત થાય. પત્ર સંપ્રાપ્ત થયાં. શરીર પ્રત્યે અશાતા મુખ્યપણું ઉદયમાન વર્તે છે. તોપણ હાલ પ્રકૃતિ આરોગ્યતા પર જણાય છે.**' શરીરની અસ્વસ્થતા આ દિવસોમાં ઘણી રહી છે. ચડઉતર (થયા કરે છે). ઘડીક સારું, ઘડીક ખરાબ એવી તબિયત રહી છે. '**અસાડ પૂર્ણિમા પર્યંતના ચાતુર્માસ સંબંધી આપશ્રી પ્રત્યે જ કિંચિત્ અપરાધ થયો હોય તે નમ્રતાથી ખમાવું છું.**' અષાઢ મહિનામાં ક્ષમાપના

એટલા માટે લખી છે કે પોતાને આયુષ્યનો હવે બહુ ભરોસો નથી. એટલે અષાઢ મહિનાના ચાતુર્માસ સંબંધી એમ કરીને અષાઢ મહિને, ચાતુર્માસની શરૂઆત થઈ છે અષાઢ સુદ પૂનમે, પણ પોતે ક્ષમાપના લખી છે.

'**ગચ્છવાસી પ્રત્યે પણ આ વર્ષ ક્ષમાપત્ર લખવામાં પ્રતિકૂળ લાગતું નથી.**' સમાજને પણ ક્ષમાપના લખી નાખી છે. '**પદ્મનંદી, ગોમ્મટસાર, આત્માનુશાસન, સમયસારમૂળ એ આદિ પરમ શાંત શ્રુતનું અધ્યયન થતું હશે.**' આ ગ્રંથો વાંચવા માટે પોતે ભલામણ કરી છે કે આ શ્રુતનું અધ્યયન કરવું. '**આત્માનું શુદ્ધ સ્વરૂપ સંભારીએ છીએ.**' પોતાના માટે લખ્યું કે અમે આત્માનું શુદ્ધ સ્વરૂપ સ્મરણ કરીએ છીએ, સંભારીએ છીએ. મુખ્યપણે જે પરિણામ વર્તે છે એનો ઉલ્લેખ કર્યો છે. '**ૐ શાંતિઃ**' એ રીતે બહુ ટૂંકામાં પત્ર પૂરો કર્યો છે.

**પત્રાંક-૯૪૧**

**મોરબી, શ્રાવણ વદ ૪, મંગળ, ૧૯૫૬**

**ૐ**

**સંસ્કૃત અભ્યાસના યોગ વિષે લખ્યું, પણ જ્યાં સુધી આત્મા સુદૃઢ પ્રતિજ્ઞાથી વર્તે નહીં, ત્યાં સુધી આજ્ઞા કરવી ભયંકર છે.**

**જે નિયમોમાં અતિચારાદિ પ્રાપ્ત થયાં હોય તેનું યથાવિધિ કૃપાળુ મુનિશ્રીઓ પ્રત્યે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી આત્મશુદ્ધતા કરવી યોગ્ય છે, નહીં તો ભયંકર તીવ્ર બંધનો હેતુ છે. નિયમને વિષે સ્વેચ્છાચાર પ્રવર્તન કરતાં મરણ શ્રેય છે, એવી મહત્પુરુષોની આજ્ઞાનો કાંઈ વિચાર રાખ્યો નહીં; એવો પ્રમાદ આત્માને ભયંકર કેમ ન થાય ?**

**મુમુક્ષુ ઉમેદ આદિને ય.**

૯૪૧ મો પત્ર 'શ્રી મનુદાસ પ્રભુદાસ' ઉપરનો છે. એ શ્રાવણ વદ ચોથ એટલે લગભગ પોણા મહિના પછી લખેલો છે. ૨૫ દિવસે. '**સંસ્કૃત અભ્યાસના યોગ વિષે લખ્યું, પણ જ્યાં સુધી આત્મા સુદૃઢ પ્રતિજ્ઞાથી વર્તે નહીં, ત્યાં સુધી આજ્ઞા કરવી ભયંકર છે.**' કોઈ પ્રતિજ્ઞા લેવા માટે રજા માગી હશે. પણ પ્રતિજ્ઞા લેનારના પરિણામ અત્યંત દૃઢ ન હોય તો પ્રતિજ્ઞા માટે આજ્ઞા કરવી એ આજ્ઞા તોડવા માટે આજ્ઞા કરવા જેવું થાય છે. એ પ્રકારે પ્રતિજ્ઞા લેવા યોગ્ય નથી. પ્રતિજ્ઞા નહિ લેવા કરતા પ્રતિજ્ઞા

લઈને તોડવાનું પાપ વધારે છે. એટલે કોઈપણ સંજોગોમાં પોતાના પરિણામ બગડે નહિ અથવા પ્રતિકૂળ સંજોગો થતાં પરિણામમાં સુધાર થાય, બગડે તો નહિ પણ પરિણામમાં સુધાર થાય એવી યોગ્યતાવાન જીવે પ્રતિજ્ઞા લેવી યોગ્ય છે. એવી યોગ્યતા, પરિપક્વ યોગ્યતા ન હોય ત્યાં સુધી પ્રતિજ્ઞા લેવામાં જોખમ છે અને પુણ્ય કરવા જતા પાપમાં પડવાનો અવસર આવી જાય છે. એવો એની અંદર આશય છે.

**'જે નિયમોમાં અતિચારાદિ પ્રાપ્ત થયાં હોય તેનું યથાવિધિ કૃપાળુ મુનિશ્રીઓ પ્રત્યે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી આત્મશુદ્ધતા કરવી યોગ્ય છે,...'** હવે જે નિયમોમાં ફેર પડી ગયો હોય, નિયમ લીધો હોય છતાં પણ દોષ આવી ગયો હોય તો તમારે 'લલ્લુજી' પાસે જઈને પ્રાયશ્ચિત લઈ લેવું. **'નહીં તો ભયંકર તીવ્ર બંધનો હેતુ છે.'** જો એનું પ્રાયશ્ચિત ન લેવામાં આવે તો એ પાપ છે એનો આસ્રવ છે એ ચાલુ રહી જાય છે. કેમકે અભિપ્રાયનો દોષ લાગવાનો ત્યાં સંભવ છે. વાંધો નહિ, આટલું તો થાય, આટલો તો દોષ થઈ જાય એવો અભિપ્રાય, દોષનો અભિપ્રાય થાય એ વધારે ભયંકર છે.

**'નિયમને વિષે સ્વેચ્છાચાર પ્રવર્તન...'** એટલે સ્વેચ્છાચારનું પ્રવર્તન. એના **'કરતાં મરણ શ્રેય છે,...'** નિયમ લઈને પછી સ્વેચ્છાચારે પ્રવર્તવું એના કરતા તો મરવું સારું એમ કહે છે. **'એવી મહત્પુરુષોની આજ્ઞાનો કાંઈ વિચાર રાખ્યો નહીં;...'** મહાન પુરુષોની આજ્ઞા તો એવી છે કે નિયમ લઈને સ્વેચ્છાચાર કરવું એના કરતાં તો મરણ સારું. એવી જે મહાપુરુષોની આજ્ઞા છે. એનો કાંઈ આ જીવે વિચાર રાખ્યો નહિ **'એવો પ્રમાદ આત્માને ભયંકર કેમ ન હોય ?'** એટલો બધો પ્રમાદ કરે એ આત્માને કેમ અતિ દોષનું કારણ અને દુઃખનું કારણ ન થાય ? એ ઘણા મોટા પાપનું કારણ થાય છે.

મુમુક્ષુ :- પ્રાયશ્ચિત્ત ... કેટલું મહત્ત્વપૂર્ણ છે !

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલી વાત છે. એટલે જે પ્રતિજ્ઞા લઈને દોષ કરે છે એ કાચી ભૂમિકામાં જે નિયમ અને પ્રતિજ્ઞા અંગીકાર કરે છે એ ઘણું જોખમ લે છે એમ વિચારવા યોગ્ય છે.

મુમુક્ષુ :- અભિપ્રાયનો દોષ એમાં પ્રાયશ્ચિત ન લે તો...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રાયશ્ચિત્ત ન લે તો અભિપ્રાયનો દોષ ચાલુ રહે. કેમકે એને પ્રાયશ્ચિત્ત લેવાનો ભાવ કેમ ન આવ્યો ? કે એ વાતને એણે વધારે ગૌણ કરી. એ વાતને વધારે ગૌણ કરી તો એનું મહત્ત્વ સમજાવ્યું કે નિયમ લઈને તોડવો એના કરતા તો મરણ શ્રેય છે. એવી મહાપુરુષોની આજ્ઞા છે. એ આજ્ઞા ઉપર પગ દેતાં આ આત્માએ કેમ કાંઈ વિચાર ન કર્યો ? આ આત્માએ એટલો બધો પ્રમાદ કેમ સેવ્યો ?

એવો વિચાર ત્યાં આવવો જોઈએ અને પાછળથી ઘણો પશ્ચાતાપ થવો જોઈએ.

એ 'મનુદાસભાઈ' નાની ઉંમરના કોઈ મુમુક્ષુ છે. અને નાની ઉંમરમાં વ્રત અંગીકાર કરવા માટે અવાર નવાર પત્ર વ્યવહાર કરે છે. જુદી જુદી જાતના વ્રત લે છે. અમુક લીલોતરી ન ખાવી, આ ન કરવું, ફલાણું ન કરવું. એ જાતની વિચારધારાવાળા મુમુક્ષુ છે. એટલે એના માટે આ વાત કરે છે કે જે કરો એ આટલું સમજીને કરો. એમ ને એમ બહુ સહેલું છે, આપણે સહેલાઈથી કરી શકીએ એમ છીએ, કાંઈ વાંધો નથી અત્યારે, એમ નહિ. આગળ-પાછળનો બધો વિચાર કરવો અને એનું જે જોખમ છે, એની જે ગંભીરતા છે, એનું જે મહત્ત્વ છે એ બધું સમજાવું જોઈએ.

'**મુમુક્ષુ ઉમેદ આદિને યથાયોગ્ય.**' એ 'મોરબી'થી લખેલો પત્ર છે. આ 'મનુદાસભાઈ' 'સુણાવ'ના છે. અત્યારે 'મોરબી' આવી ગયા છે. 'વવાણિયા' અને 'મોરબી' વચ્ચે લગભગ છેલ્લો સમય ગયો છે.

**પત્રાંક-૯૪૨**

**મોરબી, શ્રાવણ વદ ૫, બુધ, ૧૯૫૬**

**ૐ**

**કદાપિ જો નિવૃત્તિ મુખ્ય સ્થળની સ્થિતિના ઉદયનો અંતરાય પ્રાપ્ત થયો તો હે આર્ય ! સદા સવિનય એવી પરમ નિવૃત્તિ, તે તમે શ્રાવણ વદ ૧૧થી ભાદ્રપદ સુદ પૂર્ણિમા પર્યંત એવી રીતે સેવજો કે સમાગમવાસી મુમુક્ષુઓને તમે વિશેષ ઉપકારક થાઓ અને તે સૌ નિવૃત્તિભૂત સદ્નિયમોને સેવતાં સત્શાસ્ત્ર અધ્યયનાદિમાં એકાગ્ર થાય, યથાશક્તિ વ્રત, નિયમ, ગુણના ગ્રહણકર્તા થાય.**

**શરીરપ્રકૃતિમાં સબળ અશાતાના ઉદયથી જો નિવૃત્તિ મુખ્ય સ્થળનો અંતરાય જણાશે તો અત્રેથી 'યોગશાસ્ત્ર'નું પુસ્તક તમારા અધ્યયન મનનાદિ અર્થે ઘણું કરી મોકલવાનું થશે; જેના ચાર પ્રકાશ બીજા મુમુક્ષુભાઈઓને પણ શ્રવણ કરાવતાં પરમ લાભનો સંભવ છે.**

**હે આર્ય ! અલ્પાયુષી દુષમકાળમાં પ્રમાદ કર્તવ્ય નથી; તથાપિ આરાધક જીવોનો તદ્વત્ સુઢ઼ ઉપયોગ વર્તે છે.**

**આત્મબલાધીનતાથી પત્ર લખાયું છે.**

**ૐ શાંતિઃ**

પછી ૯૪૨ 'અંબાલાલભાઈ'ને લખેલો પત્ર છે. '**કદાપિ જો નિવૃત્તિ મુખ્ય સ્થળની સ્થિતિના ઉદયનો અંતરાય પ્રાપ્ત થયો તો હે આર્ય ! સદા સવિનય એવી પરમ નિવૃત્તિ તે તમે શ્રાવણ વદ ૧૧ થી ભાદ્રપદ સુદ પૂર્ણિમા પર્યંત એવી રીતે સેવજો કે સમાગમવાસી મુમુક્ષુઓને તમે વિશેષ ઉપકારક થાઓ...**' પોતાને તબિયત તો અસ્વસ્થ રહી છે. હવે એ બાજુના આજુબાજુના ગામના જે મુમુક્ષુઓ છે એને સત્સમાગમમાં 'અંબાલાલભાઈ' મુખ્ય હતા. એટલે કદાચ એમ કે '**નિવૃત્તિ મુખ્ય સ્થળની સ્થિતિ...**' એટલે આ પર્યુષણના દિવસો છે. શ્વેતાંબર પર્યુષણ અને દિગંબર પર્યુષણ બંને આવી જાય છે. શ્રાવણ વદ અગ્યારશથી ભાદરવા સુદ પૂનમ સુધીના.

'**જો નિવૃત્તિમુખ્ય સ્થળ...**' એટલે કોઈ અંતરાય પડ્યો હોય કે ન જઈ શકાણું હોય તો નિવૃત્તિ ક્ષેત્રે ન જાવ તો તમે બધા મુમુક્ષુઓ આટલા દિવસો સુધી પરમ નિવૃત્તિ એટલે ભલે ત્યાં રહેવાનું થાય તોપણ વ્યવસાયમાં જોડાવું નહિ. એવી રીતે રહેવું. બહારના નિવૃત્તિ ક્ષેત્રમાં ન જવાય તો આ દિવસોમાં દુકાન-ધંધા-વેપારમાં લાગવું નહિ. એમ કહેવું છે. પર્યુષણ હોય. સવારે પૂજા, સ્વાધ્યાય, વ્યાખ્યાન બધું કરે, કોઈ ઉપવાસ કરે, બીજું, ત્રીજું. પાછા દુકાને જઈને બેસી જાય. એ બરાબર નથી.

ધાર્મિક પર્વના દિવસોમાં નિવૃત્તિ રાખવી જોઈએ. બારે મહિના પાપની પ્રવૃત્તિ તો ચાલતી જ હોય છે. આ દિવસમાં એટલું પાપ ઘટે એટલું તો ઓછામાં ઓછું થવું જોઈએ. એટલે પરમ નિવૃત્તિ સેવજો એમ કહ્યું છે. પરમ નિવૃત્તિ સેવજો એટલે કિંચિત્‌માત્ર પણ વ્યવસાય આદિની પ્રવૃત્તિ ન કરવી.

મુમુક્ષુ :- સવિનય એવી પરમ નિવૃત્તિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. '**સદા સવિનય એવી પરમ નિવૃત્તિ,...**' નિવૃત્તિ વિનય કરવાયોગ્ય છે. લ્યો ઠીક ! નિવૃત્તિ પણ વિનય કરવા જેવી છે. નિવૃત્તિ લેવા માટે આદર હોવો, નિવૃત્તિનો આદર હોવો જોઈએ. ઠીક છે અત્યારે કાંઈક આપણે નવરા છીએ માટે કાંઈ વાંધો નહિ. એમ હળવું નહિ લેવું. નિવૃત્તિ માટે આદર હોવો જોઈએ. તો એ નિવૃત્તિના સમયમાં જીવ આત્મહિતના પરિણામ ઉપાસે. કાંઈક ઉપાસનામાં પ્રવર્તે. નહિતર જીવ પ્રમાદમાં ચાલ્યો જાય. એટલે નિવૃત્તિ પ્રત્યે પણ વિનય હોવો જોઈએ. એ એક એનો પૂર્વગ્રહ છે-નિવૃત્તિ સંબંધીનો પૂર્વગ્રહ છે.

એ '**એવી રીતે સેવજો કે સમાગમવાસી મુમુક્ષુઓને તમે વિશેષ ઉપકારક થાઓ...**' તમારી જે સ્વાધ્યાય આદિની પ્રવૃત્તિ છે એ બીજાને પણ ઉપકારી થાય એવી રીતે આ દિવસોમાં તમે પ્રવર્તજો. '**અને તે સૌ નિવૃત્તિભૂત સદ્‌નિયમોને સેવતાં સત્શાસ્ત્ર અધ્યયનાદિમાં એકાગ્ર થાય, યથાશક્તિ વ્રત, નિયમ, ગુણના ગ્રહણ કર્તા**

**થાય.**' અને એ સમાગમવાસી ભાઈઓ છે એ સત્શાસ્ત્રનું અધ્યયન કરે અને જેની જેટલી શક્તિ હોય એટલા ગુણગ્રાહીપણે વ્રત-નિયમને અંગીકાર કરે. રૂઢિગતપણે નહિ. પોતાના આત્મામાં ગુણ પ્રગટ થવાના અર્થે એ વાત છે.

મુમુક્ષુ :- રૂઢિગતપણે વ્રત લઈને આવ્યા હોય એણે શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રકાર છોડી દેવો. આ આત્માને શું ગુણ થાય ? આવો નિયમ લેવાથી, આવા વ્રત લેવાથી, આ પચ્ચખાણ લેવાથી આ આત્માને ગુણ શું થાય ? એનો મુખ્ય વિચાર કરવો. અને ગુણ ગ્રહણ થાય એવી રીતે વર્તવું. માત્ર આપણામાં આમ કર્યું છે માટે આમ કરો. એવી રીતે રૂઢિગતપણે પ્રવર્તવું નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ બધું ઓઘસંજ્ઞાએ થઈ ગયું તે થઈ ગયું. હવે જરા સમજીને, વિચારીને જે કરવું તે કરવું. માર્ગ સમજણનો છે, વિશેષ સમજણનો છે. સમજણનો છે એમ નહિ પણ વિશેષ સમજણનો છે.

**'શરીરપ્રકૃતિમાં સબળ અશાતાના ઉદયથી જો નિવૃત્તિ મુખ્ય સ્થળનો અંતરાય જણાશે તો અત્રેથી 'યોગશાસ્ત્ર'નું પુસ્તક તમારા અધ્યયન મનનાદિ અર્થે ઘણું કરી મોકલવાનું થશે;...**' એટલે ઉપર પણ અંતરાય પોતાના માટે લખ્યો છે. નિવૃત્તિમુખ્ય સ્થળમાં મારી સ્થિતિમાં જો અંતરાય આવશે તો તમે જ્યાં છો ત્યાં આ રીતે વર્તજો. અંતરાય આવવાનું કારણ એ છે કે શરીરપ્રકૃતિમાં સબળ અશાતાનો ઉદય આવશે. એટલે એ દિવસોમાં શરીર પ્રકૃતિમાં ફેરફાર ઘણો થઈ ગયો છે. આયુષ્યના તો હવે સાત-આઠ મહિના બાકી રહ્યા છે. એટલે અશાતાના કારણે જો નિવૃત્તિક્ષેત્રમાં નહિ અવાય અને અંતરાય પડશે તો 'યોગશાસ્ત્ર' નામનું પુસ્તક છે એ તમને મોકલશું. 'યોગશાસ્ત્ર' આમ તો જુદાં જુદાં બે આચાર્યોની રચના છે. બન્નેનું નામ 'યોગશાસ્ત્ર' છે.

**'જેના ચાર પ્રકાશ...**' એ યોગશાસ્ત્રના બીજા ચાર પ્રકાશ '**બીજા મુમુક્ષુભાઈઓને પણ શ્રવણ કરાવતાં પરમ લાભનો સંભવ છે.**' એ તમે પણ વાંચજો, અધ્યયન કરજો અને બીજા મુમુક્ષુભાઈઓને પણ એનું શ્રવણ કરાવજો. એટલે 'અંબાલાલભાઈ'ને વાંચન કરવાની આજ્ઞા આપી છે. 'અંબાલાલભાઈ'માં એટલી યોગ્યતા છે કે વાંચન કરવાની એમને આજ્ઞા આપી છે કે બીજા મુમુક્ષુઓની વચ્ચે તમારે વાંચન કરવું. એને શ્રવણ કરાવવું એનો અર્થ કે વાંચન કરવું. 'અંબાલાલભાઈ'ના કેટલાક પત્રો 'ખંભાતવાળા' પ્રસિદ્ધ કરે છે. પુસ્તક બહાર પડવાનું છે. એ લોકોની જાહેરાત આવી હતી.

'**હે આર્ય ! અલ્પાયુષી દુષમકાળમાં પ્રમાદ કર્તવ્ય નથી;...**' અત્યારના આયુષ્ય

ઘણા અલ્પ છે અને તે પણ અનિશ્ચિત છે. કોઈનો નિયમ નથી કે આટલા વર્ષ તો જીવે, જીવે ને જીવે. '**અલ્પાયુષી દુષમકાળમાં પ્રમાદ કર્તવ્ય નથી;...**' આત્મહિત માટે જરાય પ્રમાદ કરવો નહિ. જાગૃત રહેવું. '**તથાપિ આરાધક જીવોનો તદ્વત્ સુદૃઢ ઉપયોગ વર્તે છે.**' અને જે આરાધક જીવો છે એનો તો પ્રમાદ નહિ કરવા માટે, તદ્વત્ એટલે પ્રમાદ નહિ કરવા માટે બહુ દૃઢ ઉપયોગ વર્તે છે, સુદૃઢ ઉપયોગ વર્તે છે. એની જાગૃતિ તો વિશેષ હોય છે. એમ મુમુક્ષુએ આત્મહિત માટે આત્મજાગૃતિમાં રહેવા યોગ્ય છે.

'**આત્મબલાધીનતાથી પત્ર લખાયું છે.**' આ પત્ર છે એ આત્માના પુરુષાર્થમાં આધીન રહીને, આત્માના પુરુષાર્થાધીન રહીને લખેલું છે. આ દિવસોમાં પુરુષાર્થનો પ્રકાર સારો ચાલે છે. ભલે શરીર નબળું છે, શરીરમાં અશાતા થાય છે પણ પુરુષાર્થ સારો છે.

**પત્રાંક-૯૪૩**

**મોરબી, શ્રાવણ વદ ૭, શુક્ર, ૧૯૫૬**

**ૐ**

**જિનાય નમઃ**

**પરમનિવૃત્તિ નિરંતર સેવવી એ જ જ્ઞાનીની પ્રધાન આજ્ઞા છે; તથારૂપ યોગમાં અસમર્થતા હોય તો નિવૃત્તિ સદા સેવવી, અથવા સ્વાત્મવીર્ય ગોપવ્યા સિવાય બને તેટલો નિવૃત્તિ સેવવા યોગ્ય અવસર પ્રાપ્ત કરી આત્માને અપ્રમત્ત કરવો એમ આજ્ઞા છે.**

**અષ્ટમી, ચતુર્દશી આદિ પર્વતિથિએ એવા જ આશયથી સુનિયમિત વર્તનથી વર્તવા આજ્ઞા કરી છે.**

**કાવિઠા આદિ જે સ્થળે તે સ્થિતિથી તમને અને સમાગમવાસી ભાઈઓ બાઈઓને ધર્મ-સુદૃઢતા સંપ્રાપ્ત થાય, ત્યાં શ્રાવણ વદ ૧૧થી ભાદ્રપદ પૂર્ણિમા પર્યંત સ્થિતિ કરવી યોગ્ય છે. તમને અને બીજા સમાગમવાસીઓને જ્ઞાનીના માર્ગની પ્રતીતિમાં નિઃસંશયતા પ્રાપ્ત થાય, ઉત્તમ ગુણ, વ્રત, નિયમ, શીલ અને દેવગુરુધર્મની ભક્તિમાં વીર્ય પરમ ઉલ્લાસ પામી પ્રવર્તે એમ સુદૃઢતા કરવી યોગ્ય છે અને એ જ પરમ મંગળકારી છે.**

**જ્યાં સ્થિતિ કરો ત્યાં તે તે સમાગમવાસીઓને જ્ઞાનીના માર્ગની પ્રતીતિ સુદૃઢ થાય અને અપ્રમત્તપણે સુશીલની વૃદ્ધિ કરે એવું તમારું વર્તન રાખજો.**

**ૐ શાંતિઃ**

૯૪૩મો પત્ર પણ 'અંબાલાલભાઈ' ઉપરનો છે. **'ૐ જિનાય નમઃ' 'પરમનિવૃત્તિ નિરંતર સેવવી એ જ જ્ઞાનીની પ્રધાન આજ્ઞા છે;...'** કેમકે જે પ્રવૃત્તિ છે એમાં પરિણામ, સામાન્ય રીતે સામાન્ય જીવના પરિણામ ઘણાં આત્માને અહિતકારક એવા પરિણામ, વિરાધક પરિણામ થયા કરે છે. એટલે બને ત્યાં સુધી પ્રવૃત્તિનો સંક્ષેપ કરવો, આજીવિકાનું એવું સાધન ન હોય તોપણ જેટલો બને એટલો પ્રવૃત્તિનો સંક્ષેપ કરવો અને જેને સાધન હોય એણે નિવૃત્તિ લેવી. કેમકે **'પરમનિવૃત્તિ નિરંતર સેવવી એ જ જ્ઞાનીની પ્રધાન આજ્ઞા છે;...'** એ મુખ્ય આજ્ઞા છે. કેમકે નિવૃત્તિએ આત્મહિત કરવા માટે પરિણામોમાં અવકાશ થાય છે. નહિતર અવકાશ રહેતો નથી. અનેક જાતની ઉપાધિમાં જીવ આયુષ્યને વ્યતીત કરી નાખે છે.

**'તથારૂપ યોગમાં અસમર્થતા હોય તો નિવૃત્તિ સદા સેવવી,...'** નિવૃત્તિ સદા સેવવી **'અથવા સ્વાત્મવીર્ય ગોપવ્યા સિવાય બને તેટલો નિવૃત્તિ સેવવા યોગ્ય અવસર પ્રાપ્ત કરી આત્માને અપ્રમત્ત કરવો...'** એટલે પુરુષાર્થમાં યોજવો **'એમ આજ્ઞા છે.'** આ શ્રાવણ વદ ચાલે છે ને ? પર્યુષણ નજીક આવી ગયા. એટલે નિવૃત્તિની વાત લે છે કે આ દિવસોમાં તો નિવૃત્તિની જ આજ્ઞા છે. **'તથારૂપ યોગમાં અસમર્થતા હોય તો નિવૃત્તિ સદા સેવવી,...'** તથારૂપ યોગમાં અસમર્થતા હોય તો નિવૃત્તિ સદા સેવવી, **'અથવા આત્મવીર્ય ગોપવ્યા સિવાય...'** પુરુષાર્થને ગોપવ્યા સિવાય એટલે પૂરા ઉદ્યમથી **'બને તેટલો નિવૃત્તિ સેવવા યોગ્ય અવસર પ્રાપ્ત કરી...'** અને આત્મજાગૃતિમાં રહેવું એવી આજ્ઞા છે. એવી પોતાના તરફથી એ જાતની એમણે આજ્ઞા કરી છે આ દિવસોમાં.

**'અષ્ટમી, ચતુર્દશી આદિ પર્વતિથિએ એવા જ આશયથી સુનિયમિત વર્તનથી વર્તવા આજ્ઞા કરી છે.'** અને ખાસ કરીને આઠમ, ચૌદશના દિવસે તો એકદમ નિવૃત્ત રહેવું. સામાન્ય રીતે જે આઠમ, ચૌદશે ઉપવાસ કરવામાં આવે છે એનું પણ કારણ એ છે કે ઉપવાસ કરે એટલે દુકાને જાય નહિ. એટલે એ તો ધંધાકીય પ્રવૃત્તિ બંધ થઈ જાય. જેને જે પ્રવૃત્તિ હોય. કુટુંબની પ્રવૃત્તિ હોય, ધંધાની પ્રવૃત્તિ હોય એ બધું બંધ થઈ જાય. ઉપવાસ કર્યો હોય તો. અને આહારનો સમય પણ બગડે નહિ. એકલું જ્ઞાન, ધ્યાન, અધ્યયનમાં પોતાના સમયને વ્યતીત કરી શકે. એટલે એ તિથિઓમાં એવા આશયથી સુનિયમિત વર્તનથી-નિયમપણે વર્તન કરવાથી આ આજ્ઞા કરી છે.

**'કાવિઠા આદિ જે સ્થળે તે સ્થિતિથી તમને અને સમાગમવાસી ભાઈઓ બાઈઓને ધર્મ-સુદૃઢતા સંપ્રાપ્ત થાય, ત્યાં શ્રાવણ વદ ૧૧થી ભાદ્રપદ પૂર્ણિમા**

**પર્યંત સ્થિતિ કરવી યોગ્ય છે.'** એ આજુબાજુના સ્થળ છે, 'ખંભાત'ની બાજુના. 'કાવિઠા' 'અગાસ'ની બાજુમાં જ છે. ત્યાંથી દસ-પંદર માઈલ છે. એટલે એ બધા એ બાજુના નાના નાના ગામમાં બધા મુમુક્ષુઓ 'કૃપાળુદેવ'ના કારણે એકબીજાના પરિચયમાં આવેલા.

મુમુક્ષુ :- 'કાવિઠા'નું મંદિર બનાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બનાવતા હશે. આ લોકોનો ઉપાશ્રય તો છે. દેરાવાસીનો ઉપાશ્રય તો છે ત્યાં. ત્યાં પોતે રહેલાં છે. 'રતનચંદજીભાઈ' ને બે ભાઈઓ છે ને ? 'ઝવેરચંદભાઈ' અને 'રતનચંદભાઈ' બંનેના ઘર છે.

**'તમને અને બીજા સમાગમવાસીઓને જ્ઞાનીના માર્ગની પ્રતીતિમાં નિઃસંશયતા પ્રાપ્ત થાય, ઉત્તમ ગુણ, વ્રત, નિયમ, શીલ અને દેવગુરુધર્મની ભક્તિમાં વીર્ય પરમ ઉલ્લાસ પામી પ્રવર્તે એમ સુદૃઢતા કરવી યોગ્ય છે અને એ જ પરમ મંગળકારી છે.' 'તમને અને બીજા સમાગમવાસીઓને...'** એટલે જે એમના સમાગમમાં આવ્યા હતા ને બધા આજુબાજુના ગામવાળા ? **'જ્ઞાનીના માર્ગની પ્રતીતિમાં નિઃસંશયતા પ્રાપ્ત થાય,...'** જ્ઞાનીની આજ્ઞાએ કેવી રીતે આત્મહિત થાય ? પોતાના સ્વચ્છંદે નહિ. જ્ઞાનીપુરુષો જે રીતે આત્મહિત કરવાનું કહે છે એ રીતે આત્મહિત કરવામાં એ માર્ગે ચાલવું. એમની આજ્ઞામાં ચાલવું, આજ્ઞા છોડીને ચાલવું નહિ. આ એક બહુ મહત્ત્વનો વિષય છે અને એ હંમેશા ગૂઢ ભાષામાં વાત કરે છે કે મુમુક્ષુએ જ્ઞાનીની આજ્ઞાએ ચાલવું. કેમકે એને ખબર નથી. ક્યાં ભૂલ થાય, ક્યાં ચૂક થાય, ક્યાં અપરાધ થાય, ક્યાં વિરાધના થાય એની પોતાને ખબર પડતી નથી. માર્ગનો અજાણ્યો છે, ભૂલેલો જીવ છે એને જ્ઞાનીની આજ્ઞાએ જ્ઞાનીના માર્ગે ચાલવું, એમની આજ્ઞાએ ચાલવું અને એમાં જરા પણ એ માર્ગમાં સંશય ઉત્પન્ન ન થાય એવી સ્થિતિ હોવી જોઈએ. વિચારની ભૂમિકામાં એમાં શંકા પણ ન પડે. આમ કેમ કહ્યું હશે ? એ વાતની શંકા પણ ન હોવી જોઈએ. નિઃશંક. એટલી પ્રતીતિ જ્ઞાની ઉપર, જ્ઞાનીના વચન ઉપર એટલી પ્રતીતિ હોવી ઘટે છે.

**'ઉત્તમ ગુણ, વ્રત, નિયમ, શીલ અને દેવગુરુધર્મની ભક્તિમાં વીર્ય પરમ ઉલ્લાસ પામી પ્રવર્તે એમ સુદૃઢતા કરવી યોગ્ય છે અને એ જ પરમ મંગળકારી છે.'** અથવા હિતકારી છે. **'જ્યાં સ્થિત કિરો ત્યાં તે તે સમાગમવાસીઓને જ્ઞાનીના માર્ગની પ્રતીતિ સુદૃઢ થાય...'** જુઓ ! ફરીને એ વાત લીધી પાછી. જે કોઈ ગામમાં પર્યુષણમાં જવાનું કે રહેવાનું થાય **'ત્યાં તે તે સમાગમવાસીઓને જ્ઞાનીના માર્ગની**

**પ્રતીતિ સુદૃઢ થાય અને અપ્રમત્તપણે સુશીલની વૃદ્ધિ કરે એવું તમારું વર્તન રાખજો.'** તમારું વર્તન એવું હોવું જોઈએ કે બીજાને તમારા ઉપરથી જ્ઞાનીના માર્ગની વધારે પ્રતીતિ થાય, નિઃસંશય પ્રતીતિ થાય અને બધા સારા ધર્મના રસ્તે ચડે એવું વર્તન તમારું પોતાનું પણ હોવું જોઈએ. કેમકે એની વિશેષ જવાબદારી છે. જે શ્રવણ કરાવે છે, વાંચન કરે છે એની જવાબદારી વિશેષ છે. એટલે એનું વર્તન તો એવું હોવું જોઈએ કે બીજા એને અનુસરે એવું વર્તન હોવું જોઈએ. એ 'અંબાલાલભાઈ'ને સૂચના કરી છે.

**પત્રાંક-૯૪૪**

**મોરબી, શ્રાવણ વદ ૧૦, ૧૯૫૬**

**ૐ**

**ભાઈ કીલાભાઈ તથા ત્રિભોવન આદિ મુમુક્ષુઓ, સ્તંભતીર્થ.**

**આજે 'યોગશાસ્ત્ર' ગ્રંથ ટપાલમાં મોકલવાનું થયું છે.**

**શ્રી અંબાલાલની સ્થિતિ સ્તંભતીર્થ જ થવાનો યોગ બને તો તેમ, નહીં તો તમે અને કીલાભાઈ આદિ મુમુક્ષુઓના અધ્યયન અને શ્રવણ-મનન અર્થે શ્રાવણ વદ ૧૧થી ભાદ્રપદ પૂર્ણિમા પર્યંત સુવ્રત, નિયમ અને નિવૃત્તિપરાયણતાના હેતુએ એ ગ્રંથનો ઉપયોગ કર્તવ્ય છે.**

**પ્રમત્તભાવે આ જીવનું ભૂંડું કરવામાં કાંઈ ન્યૂનતા રાખી નથી, તથાપિ આ જીવને નિજહિતનો ઉપયોગ નથી એ જ અતિશય ખેદકારક છે.**

**હે આર્યો ! હાલ તે પ્રમત્તભાવને ઉલ્લાસિત વીર્યથી મોળો પાડી, સુશીલ સહિત, સત્શ્રુતનું અધ્યયન કરી નિવૃત્તિએ આત્મભાવને પોષજો.**

**હાલ નિત્યપ્રતિ પત્રથી નિવૃત્તિપરાયણતા લખવી યોગ્ય છે. અંબાલાલને પત્ર પ્રાપ્ત થયું હશે.**

**અત્રથી સ્થિતિનો ફેરફાર થશે અને અંબાલાલને જણાવવા યોગ બનશે તો આવતી કાલ સુધીમાં બનવા યોગ્ય છે. બનતાં સુધી તારથી ખબર આપવાનું થશે.**

પછી ૯૪૪મો પત્ર છે '**ભાઈ કીલાભાઈ તથા ત્રિભોવન આદિ મુમુક્ષુઓ, સ્તંભતીર્થ.**' સ્તંભતીર્થ એટલે 'ખંભાત'. '**આજે 'યોગશાસ્ત્ર' ગ્રંથ ટપાલમાં મોકલવાનું થયું છે.**' પોતે નિવૃત્તિ ક્ષેત્રમાં નથી જઈ શક્યા. એ બાજુ આવી શક્યા

નથી એટલે Postથી 'યોગશાસ્ત્ર' ગ્રંથ મોકલ્યો છે. **'શ્રી અંબાલાલની સ્થિતિ સ્તંભતીર્થ જ થવાનો યોગ બને તો તેમ, નહીં તો તમે અને કીલાભાઈ આદિ મુમુક્ષુઓના અધ્યયન અને શ્રવણ-મનન અર્થે શ્રાવણ વદ ૧૧ થી ભાદ્રપદ પૂર્ણિમા પર્યંત સુવ્રત, નિયમ અને નિવૃત્તિપરાયણતાના હેતુએ એ ગ્રંથનો ઉપયોગ કર્તવ્ય છે.'** 'અંબાલાલભાઈ' ત્યાં રહે તો ઠીક છે. 'ખંભાત'માં રહેવાના હોય તો ઠીક વાત છે, નહિતર પછી તમે જે મુમુક્ષુઓ છો ત્યાં રહેવાવાળા એ આ પર્યુષણના દિવસોમાં નિવૃત્તિ લઈને મુખ્યપણે નિવૃત્તિ પરાયણતાના હેતુએ નિવૃત્તિપૂર્વક વ્રત, નિયમ આદિ કાંઈ અંગીકાર થાય તો ઠીક છે, એ પૂર્વક આ ગ્રંથનો ઉપયોગ કરજો. આ ગ્રંથનું અધ્યયન તમે કરજો.

**'પ્રમત્તભાવે આ જીવનું ભૂંડું કરવામાં કાંઈ ન્યૂનતા રાખી નથી,...'** આત્મહિતમાં જે પ્રમાદ સેવાય છે એનાથી આ જીવનું ઘણું અહિત થાય છે. **'તથાપિ આ જીવને નિજહિતનો ઉપયોગ નથી એ જ અતિશય ખેદકારક છે.'** આ આત્માને પોતાના આત્મકલ્યાણની સાવધાની આવતી નથી, દરકાર આવતી નથી, ખેવના થતી નથી એ ઘણું ખેદકારક છે. એ ઘણો દુઃખનો વિષય છે કે મનુષ્યભવ જેવો મનુષ્યભવ પ્રાપ્ત થયો છે અને આ જીવ આત્મહિત કર્યા સિવાય શુભાશુભ પરિણામમાં પ્રમાદથી આયુષ્યને વ્યતીત કરી રહ્યો છે. એ ઘણું દુઃખદ છે.

**'હે આર્યો ! હાલ તે પ્રમત્તભાવને ઉલ્લાસિત વીર્યથી મોળો પાડી,...'** દઈને. શું કહે છે ? ઉલ્લાસ લાવવો, આત્મહિતના પરિણામોમાં ઉલ્લાસ લાવવો. અને એ પ્રમાદને મોળો પાડી દઈને **'સુશીલ સહિત,...'** બહારમાં સુશીલ સહિત-સદાચરણ સહિત **'સત્શ્રુતનું અધ્યયન કરી નિવૃત્તિએ આત્મભાવને પોષજો.'** જુઓ ! કેવી સરસ વાત કરી છે ! સત્શ્રુતનું અધ્યયન કરજો. બહારમાં પ્રવૃત્તિ છોડીને પોતાના આત્મભાવને, આત્મસ્વભાવને પોષણ આપે એવા પરિણામ કરજો. આત્મભાવ ક્યારે પોષાય ? કે આત્મરુચિ હોય તો. તો આત્મભાવને પોષણ મળે. જો આત્મગુણની રુચિ ન હોય તો આત્મભાવને પોષણ મળતું નથી. અને સત્શ્રુત તો એવું છે કે જેમાં આત્મભાવ વિશેષ પોષણ થાય, આત્માની રુચિ વિશેષ દઢ થાય એ પ્રકારનું એ સત્શ્રુત તો સાહિત્ય છે. એટલે એ રીતે **'પ્રમત્તભાવને ઉલ્લસિત વીર્યથી મોળો પાડી, સુશીલ સહિત...'** સદાચરણપૂર્વક **'સત્શ્રુતનું...'** શાસ્ત્ર આદિનું અધ્યયન કરવું અને નિવૃત્તિ લઈને આત્મસ્વભાવનું પોષમ કરવું. આત્મગણનું પોણષ કરવું. આત્મગુણ વૃદ્ધિગત થાય એ પ્રકારના પરિણામ કરવા.

'**હાલ નિત્યપ્રતિ પત્રથી નિવૃત્તિપરાયણતા લખવી યોગ્ય છે.**' અત્યારે તો હંમેશા અમે નિવૃત્તિ પરાયણતા ઉપર મુખ્યપણે પત્રમાં લખીએ છીએ અને એ અમને યોગ્ય લાગે છે. '**અંબાલાલ'ને પત્ર પ્રાપ્ત થયું હશે.**' ... એટલે કાંઈક જો ફેરફાર થશે તો લખશો. '**બનતા સુધી તારથી ખબર આપવાનું થશે.**' કેમકે પત્ર તો બે-ત્રણ દિવસે મળે. તો જો કાંઈક નિર્ણય થશે તો હું તમને તારથી જણાવી દઈશ.

**પત્રાંક-૯૪૫**

**મોરબી, શ્રાવણ વદ ૧૦, ૧૯૫૬**

**શ્રી પર્યુષણ આરાધના**

**એકાંત યોગ્ય સ્થળમાં, પ્રભાતે : (૧) દેવગુરુની ઉત્કૃષ્ટ ભક્તિવૃત્તિએ અંતરાત્મધ્યાનપૂર્વક બે ઘડીથી ચાર ઘડી સુધી ઉપશાંત વ્રત. (૨) શ્રુત 'પદ્મનંદી' આદિ અધ્યયન, શ્રવણ. મધ્યાહ્ને : (૧) ચાર ઘડી ઉપશાંતવ્રત. (૨) શ્રુત 'કર્મગ્રંથ'નું અધ્યયન, શ્રવણ, 'સુદૃષ્ટિતરંગિણી' આદિનું થોડું અધ્યયન. સાયંકાળે : (૧) ક્ષમાપનાનો પાઠ. (૨) બે ઘડી ઉપશાંત વ્રત. (૩) કર્મવિષયની જ્ઞાનચર્ચા.**

**રાત્રીભોજન સર્વ પ્રકારનાનો સર્વથા ત્યાગ. બને તો ભાદ્રપદ પૂર્ણિમા સુધી એક વખત આહારગ્રહણ. પંચમીને દિવસે ઘી, દૂધ, તેલ, દહીંનો પણ ત્યાગ. ઉપશાંત વ્રતમાં વિશેષ કાળનિર્ગમન. બને તો ઉપવાસ ગ્રહણ કરવો. લીલોતરી સર્વથા ત્યાગ. બ્રહ્મચર્ય આઠે દિવસ પાળવું. બને તો ભાદ્રપદ પૂનમ સુધી.**

**શમમ્.**

પછી ૯૪૫ એ જ દિવસે લખાયેલો છે. એમાં પર્યુષણની આરાધના કઈ રીતે કરવી ? અથવા પર્યુષણના દિવસોમાં સમય કેવી રીતે પસાર કરવો ? એના ઉપર એમણે થોડો ક્રમ લખ્યો છે. '**એકાંત યોગ્ય સ્થળમાં,...**' ક્યાં ? કોઈ યોગ્ય એકાંત સ્થળમાં '**પ્રભાતે...**' એટલે વહેલી સવારે '**દેવગુરુની ઉત્કૃષ્ટ ભક્તિવૃત્તિએ અંતરાત્મધ્યાનપૂર્વક બે ઘડીથી ચાર ઘડી સુધી ઉપશાંત વ્રત.**' નિયમબદ્ધ. વ્રત એટલે નિયમ પ્રમાણે. બેથી ચાર ઘડી સુધી દેવ-ગુરુની ઉત્કૃષ્ટ ભક્તિની વૃત્તિપૂર્વક આત્માનું ધ્યાન, અંતરાત્મ ધ્યાનપૂર્વક બેથી ચાર ઘડી સુધી શાંતિથી બેસવું. ઉપશાંત વ્રત. એટલે

કોઈની સાથે નહિ એમ. શાંતિથી પોતાના આત્માનું ચિંતવન વગેરે અને દેવ-ગુરુની ઉત્કૃષ્ટ ભક્તિપૂર્વક ચિંતવન કરવું. એકલું ચિંતવન ન લીધું પણ દેવ-ગુરુની ઉત્કૃષ્ટ ભક્તિપૂર્વક, ભક્તિની વૃત્તિપૂર્વક એટલે શુષ્કતા ન આવે. એનું કારણ એ છે કે અધ્યાત્મ ચિંતવનમાં શુષ્કતા ન આવે એના માટે દેવ-ગુરુની ભક્તિની વૃત્તિ વિશેષ પ્રકારે હોય અને એ પૂર્વક થાય (તો) એ રીતે વધારે યોગ્ય છે.

'**શ્રુત 'પદ્મનંદી' આદિ અધ્યયન, શ્રવણ. મધ્યાહ્ને**' અને પદ્મનંદી આદિ શાસ્ત્રનું શ્રવણ રાખવું. '**મધ્યાહ્ને ચાર ઘડી ઉપશાંત વ્રત.**' શ્રુતમાં 'પદ્મનંદી' આદિનું મધ્યાહ્ને શ્રવણ. પછી બપોરે '**મધ્યાહ્ને ચાર ઘડી ઉપશાંત વ્રત. (૨) શ્રુત 'કર્મગ્રંથ'નું અધ્યયન, શ્રવણ 'સુદૃષ્ટિતરંગિણી' આદિનું થોડું અધ્યયન.**' આ બપોરનો સમય શાસ્ત્ર સ્વાધ્યાયનો લીધો છે. '**સાયંકાળે ) (૧) ક્ષમાપનાનો પાઠ. (૨) બે ઘડી ઉપશાંત વ્રત (૨) કર્મ વિષયની જ્ઞાનચર્ચા.**' બે ઘડી ઉપશાંત વ્રતમાં તત્ત્વ ચિંતવન શાંતિથી બે ઘડી બેસીને કરવું. એમ સવાર-સાંજ વિચારણાનો સમય લીધો છે.

મુમુક્ષુ :- સવાર, બપોર, સાંજ ત્રણ Time.

પૂજ્ય ભાઈશ્રી : હા. ત્રણે Time.

મુમુક્ષુ :- .. Time હોય છે ને...

પૂજ્ય ભાઈશ્રી : બપોરે તો એમણે લીધું છે. ચાર ઘડી ઉપશાંત વ્રત. મધ્યાહને પણ ચાર ઘડી ઉપશાંત. સવાર, બપોર, સાંજ. એ રીતે ચિંતવનમાં સવાર, બપોર, સાંજ ત્રણે લીધા છે.

મુમુક્ષુ :- એકલું ચિંતવન કરવું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સત્શ્રુતનું અધ્યયન, આત્માનું તત્ત્વ ચિંતન અને દેવ-ગુરુની ભક્તિ, ક્ષમાપનાનો પાઠ અને જ્ઞાનચર્ચા. એ રીતે આખો દિવસ પસાર કરવો.

'**રાત્રીભોજન સર્વ પ્રકારનાનો સર્વથા ત્યાગ.**' છે ? લોકો ગડબડ બીજી રીતે કરતા હતા. આ તો ચોખ્ખું લખ્યું છે. '**રાત્રીભોજન સર્વ પ્રકારનાનો સર્વથા ત્યાગ.**'

મુમુક્ષુ :- રાત્રીભોજનમાં એવું બહુ મોટું પાપ લાગે છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખાસ કરીને શું છે કે જીવને જે આહારની લોલુપતા છે એ ઘટી જાય છે અને સાથે સાથે એ પોતાના આત્માનું અહિત થતું બચે છે અને સાથે સાથે રાત્રે ભોજનમાં ઉત્પન્ન થતાં, મોટા પ્રમાણમાં ભોજનની અંદર જીવોની ઉત્પત્તિ થાય છે એની હિંસા થતી બચે છે. એમ બન્ને રીતે પોતાને પણ ઉપકારી છે અને બીજા જીવોને પણ એ ઉપકારી છે. એમ લેવું.

'**પંચમીને દિવસે ઘી, દૂધ, તેલ, દહીંનો પણ ત્યાગ. ઉપશાંત વ્રતમાં વિશેષ**

**કાળનિર્ગમન.**' ઉપશાંત વ્રતમાં વિશેષ કાળનિર્ગમન. એટલે તત્ત્વ ચિંતવનમાં વિશેષ કાળ પસાર કરવો. '**બને તો ઉપવાસ ગ્રહણ કરવો. લીલોતરી સર્વથા ત્યાગ.**' પર્યુષણના દિવસમાં લીલોતરી ન લેવી. '**બ્રહ્મચર્ય આઠે દિવસ પાળવું. બને તો ભાદ્રપદ પૂનમ સુધી.**' એટલે બંને પર્યુષણ લઈ લીધા છે. એ રીતે એમણે પર્યુષણના દિવસોનો ક્રમ પણ આપ્યો છે.

મુમુક્ષુ :- પાંચમને દિવસે .. કેમ કીધું ?

પૂજ્ય ભાઈશ્રી :- પાંચમને દિવસે આ લોકોનું પહેલું છે ને ? આમ પહેલું પર્યુષણ છે અને આ લોકોનું સવંત્સરી છે. એટલે મોટો દિવસ ગણીને.

મુમુક્ષુ :- રસનો ત્યાગ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. રસ. ચીકણા પદાર્થ છે ને.

મુમુક્ષુ :- પહેલા દિવસનું કહ્યું, છેલ્લા દિવસનું ન કીધું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હા. પંચમીને દિવસે. ભાઈ શું કહે છે કે આ લોકોની ચોથની સંવત્સરી હોય છે ને. આ દિગંબરનું પાંચમનું પહેલું પર્યુષણ હોય છે. પાંચમનું કીધું છે. ઓલા લોકો પાંચમે મોઢું છૂટું કરે એના બદલે અહીંયાં બંધ કરાવ્યું છે એમ કહે છે.

મુમુક્ષુ :- સ્થાનકવાસીનું પાંચમ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્થાનકવાસી પાંચમ રાખે. ઠીક ! હશે જે હોય તે. મૂળ તો વૃત્તિ સંક્ષેપવાનો સવાલ છે. પોતાને નિરસ પરિણામ થાય. મુખ્ય કરીને આહારાદિના પણ. જો એક આહારાના નિરસ પરિણામ થાય તો બીજા કાર્યોમાં તો નિરસ પરિણામ થાય, થાય ને થાય જ. કેમકે એ તો પછી બધી હેઠ છે. બાકીની પ્રવૃત્તિ તો એથી નીચેની છે. એટલે પરિણામમાં રસ ઊડી જાય એ પ્રકારની ધર્મ ભાવના, આત્મહિતની ભાવના વિશેષે કરીને થાય કે જેથી આહાર વગેરેમાં રસ ઊડી જાય. મુખ્ય વાત તો એ છે. અને એ પ્રકારની Practice મુમુક્ષુજીવે.. આ તો પર્યુષણના દિવસો છે પણ કાયમ કરવા જીવે છે. Practice કાયમ કરવાની. કેમકે માણસને જમવાનું તો ખાલી એક શરીરને ભાડુ ચુકવવાનો વિષય છે. જે ઘરમાં રહે એને થોડું ભાડું દેવું જોઈએ એટલી વાત છે. એના બદલે જે જીભનો સ્વાદ વિશેષે કરીને એ રીતે જે આહાર ગ્રહણ થાય છે એમાં પછી બાકીના પરિણામ તો નિરસ થવા મુશ્કેલ પડી જાય છે.

મુમુક્ષુ :- ... બે પર્યુષણ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બે પર્યુષણ આવી ગયા. પૂનમ સુધીનું કીધું છે.

## પત્રાંક-૯૪૬

### શ્રી 'મોક્ષમાળા'ના 'પ્રજ્ઞાવબોધ' ભાગની સંકલના

| | |
|---|---|
| ૧. વાચકને પ્રેરણા. | ૨. જિન દેવ. |
| ૩. નિર્ગ્રંથ. | ૪. દયાની પરમ ધર્મતા |
| ૫. સાચું બ્રાહ્મણપણું. | ૬. મૈત્રી આદિ ચાર ભાવના. |
| ૭. સત્શાસ્ત્રનો ઉપકાર. | ૮. પ્રમાદના સ્વરૂપનો વિશેષ વિચાર |
| ૯. ત્રણ મનોરથ. | ૧૦. ચાર સુખ શય્યા. |
| ૧૧. વ્યાવહારિક જીવોના ભેદ. | ૧૨. ત્રણ આત્મા. |
| ૧૩. સમ્યક્દર્શન. | ૧૪. મહાત્માઓની અસંગતા. |
| ૧૫. સર્વોત્કૃષ્ટ સિદ્ધિ. | ૧૬. એનેકાંતની પ્રમાણતા. |
| ૧૭. મન-ભ્રાંતિ | ૧૮. તપ. |
| ૧૯. જ્ઞાન. | ૨૦. ક્રિયા. |
| ૨૧. આરંભ પરિગ્રહની નિવૃત્તિ ઉપર જ્ઞાનીએ આપેલો ઘણો ભાર. | |
| ૨૨. દાન | ૨૩. નિયમિતપણું. |
| ૨૪. જિનાગમસ્તુતિ. | ૨૫. નવતત્ત્વનું સામાન્ય સંક્ષેપ સ્વરૂપ. |
| ૨૬. સાર્વત્રિક શ્રેય. | ૨૭. સદ્ગુણ. |
| ૨૮. દેશધર્મ વિષે વિચાર. | ૨૯. મૌન. |
| ૩૦. શરીર. | ૩૧. પુનર્જન્મ. |
| ૩૨. પંચમહાવ્રત વિષે વિચાર | ૩૩. દેશબોધ. |
| ૩૪. પ્રશસ્તયોગ. | ૩૫ સરળપણું. |
| ૩૬. નિરભિમાનપણું. | ૩૭. બ્રહ્મચર્યનું સર્વોત્કૃષ્ટપણું. |
| ૩૮. આજ્ઞા. | ૩૯. સમાધિમરણ. |
| ૪૦. વૈતાલીય અધ્યયન. | ૪૧. સંયોગનું અનિત્યપણું. |
| ૪૨. મહાત્માઓની અનંત સમતા. | |
| ૪૩. માથે ન જોઈએ. | ૪૪. (ચાર) ઉદયાદિ ભંગ. |
| ૪૫. જિનમતનિરાકરણ. | ૪૬. મહામોહનીય સ્થાનક. |
| ૪૭. તીર્થંકરપદ સંપ્રાપ્તિસ્થાનક. | ૪૮. માયા. |
| ૪૯. પરિષહજય. | ૫૦. વીરત્વ. |
| ૫૧. સદ્ગુરુસ્તુતિ. | |
| ૫૨. પાંચ પરમપદ વિષે વિશેષ વિચાર. | |

| | |
|---|---|
| ૫૩. અવિરતિ. | ૫૪. અધ્યાત્મ. |
| ૫૫. મંત્ર. | ૫૬. છ પદ નિશ્ચય. |
| ૫૭. મોક્ષમાર્ગની અવિરોધતા. | ૫૮. સનાતન ધર્મ. |
| ૫૯. સૂક્ષ્મ તત્ત્વપ્રતીતિ. | ૬૦. સમિતિ-ગુપ્તિ. |
| ૬૧. કર્મના નિયમો. | ૬૨. મહત્પુરુષોની અનંત દયા. |
| ૬૩. નિર્જરાક્રમ. | ૬૪. આકાંક્ષા સ્થાનકે કેમ વર્તવું ? |
| ૬૫. મુનિધર્મયોગ્યતા. | ૬૬. પ્રત્યક્ષ અને પરોક્ષ. |
| ૬૭. ઉન્મત્તતા. | ૬૮. એક અંતર્મુહૂર્ત. |
| ૬૯. દર્શનસ્તુતિ. | ૭૦. વિભાવ. |
| ૭૧. રસાસ્વાદ. | ૭૨. અહિંસા અને સ્વચ્છંદતા. |
| ૭૩. અલ્પ શિથિલપણાથી મહાદોષના જન્મ | |
| ૭૪. પારમાર્થિક સત્ય. | ૭૫. આત્મભાવના. |
| ૭૬. જિનભાવના. | ૭૭ થી ૯૦. મહત્પુરુષ ચરિત્ર. |
| ૯૧ થી ૧૦૦. (કોઈ ભાગમાં વધારો). | |
| ૧૦૧૧૦૬ હિતાર્થી પ્રશ્નો. | ૧૦૭૧૦૮. સમાપ્તિ અવસર. |

૯૪૬માં '**શ્રી 'મોક્ષમાળા'ના 'પ્રજ્ઞાવબોધ' ભાગની સંકલના**' એક સંકલના કરવા ધારેલી એમણે. એમાં જે મુખ્ય મુખ્ય મુદ્દાઓ સંકલન કરવાના વિચારેલા. એ મુદ્દા આમાં લખેલા છે. પ્રથમ શરૂઆતમાં '**વાચકને પ્રેરણા. ૨. જિન દેવ.**' એટલે એમનું સ્વરૂપ.

મુમુક્ષુ :- પહેલી ... જે લખ્યું છે એ જુદી જ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ તો એક મોક્ષમાળાનો પ્રજ્ઞાવબોધ કરીને એક બીજો કોઈ ભાગ લખવા વિચાર્યો છે.

મુમુક્ષુ :- બાળાવબોધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઓલું બાળાબોધ હતું. અને આ પ્રજ્ઞાવબોધ ભાગની વાત છે. એટલે મોક્ષમાળાના અનુસંધાનમાં કોઈ પુસ્તક લખવા ધારેલું છે. એના પ્રકરણ-Points લીધા છે. શું શું વિષય એની અંદર લેવો. વાચકને શરૂઆતમાં પ્રેરણા લખવી, પછી જિનેશ્વરદેવનું સ્વરૂપ લખવું, પછી '**નિગ્રંથ...**'નું સ્વરૂપ, ગુરુનું સ્વરૂપ લખવું કે સાધુ કેવા હોય. '**દયાની પરમ ધર્મતા.**' દેવ-ગુરુ ને ધર્મ એ પહેલા લેવા. પછી '**સાચું બ્રાહ્મણપણું, મૈત્રી આદિ ચાર ભાવના.**' મૈત્રી, માધ્યસ્થ વગેરે.

'**સત્શાસ્ત્રનો ઉપકાર, પ્રમાદના સ્વરૂપનો વિશેષ વિચાર, ત્રણ મનોરથ, ચાર સુખ શય્યા, વ્યાવહારિક જીવોના ભેદ, ત્રણ આત્મા.**' ત્રણ આત્મામાં અંતરાત્મા, બહિરાત્મા, પરમાત્માનું સ્વરૂપ. '**સમ્યક્દર્શન, મહાત્માઓની અસંગતા, સર્વોત્કૃષ્ટ સિદ્ધિ, અનેકાંતની પ્રમાણતા, મનભ્રાંતિ.**' મનની ભ્રાંતિ. પછી '**તપ.**' એટલે તપનું સ્વરૂપ. '**જ્ઞાન.**' એટલે જ્ઞાનનું સ્વરૂપ. '**ક્રિયા**'નું સ્વરૂપ. '**આરંભ પરિગ્રહની નિવૃત્તિ ઉપર જ્ઞાનીએ આપેલો ઘણો ભાર.**' એના ઉપર લખવું.

પછી '**દાન, નિયમિતપણું.**' સમયનું. '**જિનાગમસ્તુતિ, નવતત્ત્વનું સામાન્ય સંક્ષેપ સ્વરૂપ, સાર્વત્રિક શ્રેય.**' એટલે બધાનું કલ્યાણ થાય એ ઉપરનો વિચાર. '**સદ્ગુણ, દેશધર્મ વિષે વિચાર, મૌન, શરીર, પુનર્જન્મ, પંચમહાવ્રત વિષે વિચાર, દેશબોધ, પ્રશસ્તયોગ, સરળપણું.**' લ્યો ! સરળતા લીધી છે. '**નિરભિમાનપણું, બ્રહ્મચર્યનું સર્વોત્કૃષ્ટપણું, આજ્ઞા, સમાધિમરણ, વૈતાલીય અધ્યયન.**' આમાં છે ને. દશવૈકાલિકમાં આવે છે બનતા સુધી. '**વૈતાલીય અધ્યયન, સંયોગનું અનિત્યપણું, મહાત્માઓની અનંત સમતા, માથે ન જોઈએ.**' કોઈ વિષય ધાર્યો છે.

'**(ચાર) ઉદયાદિ ભંગ.**' ચાર ઉદયના ભંગ. '**જિનમતનિરાકરણ, મહામોહનીય સ્થાનક, તીર્થંકરપદ સંપ્રાપ્તિસ્થાનક, માયા, પરિષહજય, વીરત્વ, સદ્ગુરુસ્તુતિ, પાંચ પરમપદ વિષે વિશેષ વિચાર, અવિરતિ, અધ્યાત્મ, મંત્ર, છ પદ નિશ્ચય.**' આ આત્મા છે એ નિત્ય છે એ વગેરે. '**મોક્ષમાર્ગની અવિરોધતા, સનાતન ધર્મ.**' ત્રણે કાળે. '**સૂક્ષ્મ તત્ત્વપ્રતીતિ, સમિતિ-ગુપ્તિ, કર્મના નિયમો, મહત્પુરુષોની અનંત દયા, નિર્જરાક્રમ, આકાંક્ષાસ્થાનકે કેમ વર્તવું ? મુનિધર્મયોગ્યતા, પ્રત્યક્ષ અને પરોક્ષ.**' લ્યો ! આ જ્ઞાનનો પ્રત્યક્ષ-પરોક્ષ વિષય લીધો છે.

'**ઉન્મત્તતા, એક અંતર્મુહૂર્ત, દર્શનસ્તુતિ, વિભાવ, રસાસ્વાદ, અહિંસા અને સ્વચ્છંદતા, અલ્પ શિથિલપણાથી મહાદોષના જન્મ, પારમાર્થિક સત્ય, આત્મભાવના, જિનભાવના.**' એ ૭૬ સુધી. '**૭૭ થી ૯૦ મહત્પુરુષ ચારિત્ર. ૯૧ થી ૧૦૦ (કોઈ ભાગમાં વધારો). ૧૦૧-૧૦૬ હિતાર્થી પ્રશ્નો. ૧૦૭-૦૮ સમાપ્તિ અવસર.**' એટલે ઉપસંહાર. આવી રીતે ૧૦૮ પ્રકરણ લખવાનો એમનો જે વિચાર છે એ એમને યાદી લખેલી છે. યાદી મળી હશે એટલે છાપી છે અહીંયાં.

મુમુક્ષુ :- લખાણું નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. લખાણું નથી. તબિયત એવી રહી જ નથી ને. આ તો એમણે મિતિ લખી છે કે નહિલ ? મિતિ નથી લખી. શ્રાવણ વદ દશમ પછી આ છે

એટલે લગભગ ભાદરવો, આસો, પાંચ મહિના સાત મહિના છે.

મુમુક્ષુ :- લખાણું હોત તો બહુ સરસ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણો વિષય આવ્યો હોત. કેમકે એમનું વાંચન ઘણું વિશાળ હતું, ચિંતવન ઘણું ઊંડું હતું. લખાણું હોત તો ઘણું લખાણું હોત.

મુમુક્ષુ :- ૧૦૮ તો Chapter ના ભાગ પડ્યા. માળાના મણકા ૧૦૮ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૧૦૮ પાઠ જ લખ્યા છે. માળા છે ને ? 'મોક્ષમાળા'નો 'પ્રજ્ઞાવબોધ' છે. માળાના ૧૦૮ પારા હોય છે ને. તો ઓલામાં પણ ૧૦૮ પાઠ જ લખ્યા છે 'મોક્ષમાળા'ના. બાળાવબોધમાં પણ ૧૦૮ પાઠ લખ્યા છે. હવે પ્રજ્ઞાવબોધના ૧૦૮ પાઠ લખવાના હતા. વિશેષ..

મુમુક્ષુ :- પ્રજ્ઞા-અવબોધ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- અવબોધ એટલે જ્ઞાન. પ્રજ્ઞા-વિશેષે કરીને જ્ઞાન થાય છે. બાળકોને અવબોધ એટલે શિક્ષા. મોટાને શિક્ષા, નાનાને શિક્ષા એમ. એ ૩૩મું વર્ષ પૂરું થયું.

**પત્રાંક-૯૪૭**

**વઢવાણ કેમ્પ, કા. સુદ ૫, રવિ, ૧૯૫૭**

**ૐ**

**વર્તમાન દુષમકાળ વર્તે છે. મનુષ્યોનાં મન પણ દુષમ જ જોવામાં આવે છે. ઘણું કરીને પરમાર્થથી શુષ્ક અંતઃકરણવાળા પરમાર્થનો દેખાવ કરી સ્વેચ્છાએ વર્તે છે.**

**એવા વખતમાં કેનો સંગ કરવો, કેની સાથે કેટલું કામ પાડવું, કેની સાથે કેટલું બોલવું, કેની સાથે પોતાના કેટલા કાર્યવ્યવહારનું સ્વરૂપ વિદિત કરી શકાય; એ બધું લોક્ષમાં રાખવાનો વખત છે. નહીં તો સદ્‌વૃત્તિવાન જીવને એ બધાં કારણો હાનિકર્તા થાય છે. આનો આભાસ તો આપને પણ હવે ધ્યાનમાં આવતો હશે.**

**શાંતિઃ**

૩૪માં વર્ષમાં 'વઢવાણ' કેમ્પ આવ્યા છે. તબિયત અસ્વસ્થ છે અને આ દિવસોમાં 'વઢવાણ' આવેલા છે. '**વર્તમાન દુષમકાળ વર્તે છે. મનુષ્યોનાં મન પણ દુષમ જ જોવામાં આવે છે.**' દુષમકાળ વર્તે છે અને મોટા ભાગના માણસોના મન પણ

દુષમ પરિણામવાળા, વિષમ પરિણામવાળા જોવામાં આવે છે. '**ઘણું કરીને પરમાર્થથી શુષ્ક અંતઃકરણવાળા પરમાર્થનો દેખાવ કરી સ્વચ્છાએ વર્તે છે.**' અને ઘણું કરીને જીવો પરમાર્થથી શુષ્ક અંતઃકરણવાળા, ભાવના વગરના અને પરમાર્થનો દેખાવ કરે, ધર્મનો દેખાવ કરે અને સ્વેચ્છાએ એટલે સ્વચ્છંદપણે લોકો વર્તે છે એ દુષમકાળનું કારણ છે.

મુમુક્ષુ :- .. વર્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરમાર્થને નામે. પરમાર્થથી શુષ્ક અંતઃકરણવાળા. વાસ્તવિકપણે અંતઃકરણમાં જ્ઞાનની શુષ્કતા છે અને સ્વચ્છંદે વર્તે છે. દેખાવ કરે છે પરમાર્થનો, ધર્મનો દેખાવ કરે છે. એ બધા દુષણકાળના લક્ષણો બતાવ્યા છે.

'**એવા વખતમાં...**' એવા આ વખતમાં '**કેનો સંગ કરવો, કેની સાથે કેટલું કામ પાડવું, કેની સાથે કેટલું બોલવું, કેની સાથે પોતાના કેટલા કાર્યવ્યવહારનું સ્વરૂપ વિદિત કરી શકાય; એ બધું લક્ષમાં રાખવાનો વખત છે.**' એક પગ મૂકવો હોય તો જોઈ વિચારીને પગ મૂકવા જેવો વખત છે એમ કહેવું છે. કોને કોનો સંગ કરવો અથવા ન કરવો. એમ. કરવો એટલે કોનો કરવો અને કોનો ન કરવો. '**કેની સાથે કેટલું કામ પાડવું,...**' કેટલી મર્યાદામાં વર્તવું. બોલવામાં પણ કેટલી મર્યાદાથી બોલવું. અને '**કેની સાથે પોતાના કેટલા કાર્યવ્યવહારનું સ્વરૂપ વિદિત કરી શકાય;...**' એની જાણ કરવી કે, ભાઈ, અમે આમ કરવા માગીએ છીએ. '**એ બધું લક્ષમાં રાખવાનો વખત છે.**' જોઈ વિચારીને આ બધું કરવા જેવું છે.

મુમુક્ષુ :- ૧૦૦ વર્ષ પહેલા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૧૦૦ વર્ષ પહેલા એ લખ્યું છે. જે દિ' ભદ્ર પરિણામવાળા જીવો વિશેષ હતા. અત્યારે તો વક્ર પરિણામવાળા જીવોની સંખ્યા અને પરિણામોની વક્રતા પણ બહુ વધી ગયેલી છે. આ તો સો વર્ષ પહેલાની વાત છે.

'**નહીં તો સદ્‌વૃત્તિવાન જીવે એ બધાં કારણો હાનિકર્તા થાય છે.**' જેનો-તેનો સંગ કરે, જેનો-તેનો વિશેષ પરિચય રાખે કે એની સાથે વ્યવહાર રાખે તો એની સદ્‌વૃત્તિ છે એમાં પણ હાનિ પહોંચે એવું છે. '**આનો આભાસ તો આપને પણ હવે ધ્યાનમાં આવતો હશે.**' જેને પત્ર લખ્યો છે. એને લખે છે કે તમને પણ હું લખું છું એનો પરિચય, એની ખાત્રી થાય એવી પરિસ્થિતિ તમારી આજુબાજુથી તમને પણ ખ્યાલમાં આવતી હશે. એ કોઈ પ્રસંગવિશેષને અનુસરીને પત્ર લખાયેલો હોય એવું લાગે છે.

**પત્રાંક-૯૪૮**

**મુંબઈ, શિવ, માગશર વદ ૮, ૧૯૫૭**

**મદનરેખાનો અધિકાર, 'ઉત્તરાધ્યયન'ના નવમા અધ્યયનને વિષે નમિરાજ ઋષિનું ચરિત્ર આપ્યું છે, તેની ટીકામાં છે. ઋષિભદ્રપુત્રનો અધિકાર 'ભગવતીસૂત્ર'ના................૧ શતકને ઉદ્દેશે આવેલો છે. આ બન્ને અધિકાર અથવા બીજા તેવા ઘણા અધિકાર આત્મોપકારી પુરુષ પ્રત્યે વંદનાદિ ભક્તિનું નિરૂપણ કરે છે. પણ જનમંડળના કલ્યાણનો વિચાર કરતાં તેવો વિષય ચર્ચવાથી તમારે દૂર રહેવું યોગ્ય છે. અવસર પણ તેવો જ છે. માટે તમારે એ અધિકારાદિ ચર્ચવામાં તદ્દન શાંત રહેવું. પણ બીજી રીતે જેમ તે લોકોની તમારા પ્રત્યે ઉત્તમ લાગણી કિંવા ભાવના થાય તેમ વર્તવું, કે જે પૂર્વાપર ઘણા જીવોના હિતનો જ હેતુ થાય.**

**જ્યાં પરમાર્થના જિજ્ઞાસુ પુરુષોનું મંડળ હોય ત્યાં શાસ્ત્રપ્રમાણ આદિ ચર્ચવા યોગ્ય છે; નહીં તો ઘણું કરી તેમાંથી શ્રેય થતું નથી. આ માત્ર નાનો પરિષહ છે. યોગ્ય ઉપાયથી પ્રવર્તવું; પણ ઉદ્વેગવાળું ચિત્ત ન રાખવું.**

૧. શતક ૧૧ ઉદ્દેશ ૧૨.

પછી માગશર મહિનામાં 'મુંબઈ' આવ્યા છે. **'મદનરેખાનો અધિકાર, 'ઉત્તરાધ્યયન'ના નવમા અધ્યયનને વિષે નમિરાજ ઋષિનું ચરિત્ર આપ્યું છે, તેની ટીકામાં છે. ઋષિભદ્રપુત્રનો અધિકાર 'ભગવતીસૂત્ર'ના....'** પછી ત્યાં ખાલી જગ્યા રહી છે. પણ અહીંયાં માર્ક કર્યો છે 'શતક ૧૧ ઉદ્દેશ ૧૨.' શતકને ઉદ્દેશે એટલે ૧૧માં શતક અને ૧૨મા ઉદ્દેશે વંદનાદિ ભક્તિનું નિરૂપણ કરે છે. **'શતકને ઉદ્દેશે આવેલો છે. આ બન્ને અધિકાર અથવા બીજા તેવા ઘણા અધિકાર આત્મોપકારી પુરુષ પ્રત્યે વંદનાદિ ભક્તિનું નિરૂપણ કરે છે.'** જે આત્માને ઉપકારી થાય એવા પુરુષો પ્રત્યે વંદનાદિ ભક્તિ કરવી એવું નિરૂપણ કરે છે.

**'પણ જનમંડળના કલ્યાણનો વિચાર કરતાં તેવો વિષય ચર્ચવાથી તમારે દૂર રહેવું યોગ્ય છે.'** જેને પત્ર લખ્યો છે એને સૂચના આપી છે કે તમારે તો આ બધી ચર્ચાથી દૂર રહેવું. **'અવસર પણ તેવો જ છે.'** અને અત્યારે વખત પણ તેવો જ છે. **'માટે તમારે એ અધિકારાદિ ચર્ચવામાં તદ્દન શાંત રહેવું.'** એની ચર્ચામાં પડવું નહિ.

**'પણ બીજી રીતે જેમ તે લોકોની તમારા પ્રત્યે ઉત્તમ લાગણી કિંવા ભાવના થાય તેમ વર્તવું,...'** એ લોકોની સાથે એવો વ્યવહાર રાખવો કે જેથી એમની લાગણી અને ભાવના વધે **'કે જે પૂર્વાપર ઘણા જીવોના હિતનો જ હેતુ થાય.'** અને બીજાઓને પણ એ લાભનું કારણ થાય.

મુમુક્ષુ :- કોની ઉપર છે કાંઈ ખબર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પાછળ જુઓ. આમાં મારામાં યાદી નથી એટલે નામ નથી. આમ તો બધા નામ લખી રાખ્યા છે પણ ખાસ કરીને તો સાધુમાં વિરોધ હતો એટલે 'લલ્લુજી'ને લખ્યો હોય એમ બનવાજોગ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવો કોઈએ વિરોધ કર્યો હશે. એટલે નિરૂપણ કરવાનું લખ્યું હશે.

**'જ્યાં પરમાર્થના જિજ્ઞાસુ પુરુષોનું મંડળ હોય ત્યાં શાસ્ત્રપ્રમાણ આદિ ચર્ચવા યોગ્ય છે; નહીં તો ઘણું કરી તેમાંથી શ્રેય થતું નથી.'** જુઓ ! છે ? સ્પષ્ટ લખ્યું છે ? કે આત્મકલ્યાણના જિજ્ઞાસુ હોય અને એવા પુરુષોનું મંડળ એટલે એવા એકવૃત્તિવાળા, એક ધ્યેયવાળા ભેગા થતા હોય ત્યાં શાસ્ત્રપ્રમાણ આદિની ચર્ચા કરવી. નહિતર શાસ્ત્રપ્રમાણ આદિની ચર્ચા કરવી નહિ. કેમકે એ શ્રેય થતું નથી. એમાંથી વાદવિવાદ થાય, અકલ્યાણ થાય, કષાય થાય, આગ્રહ થાય એટલે એવી ચર્ચા ન કરવી

મુમુક્ષુ :- શાસ્ત્રપ્રમાણ હોય તોપણ ન માને એવા પણ જીવો હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ન માને એ તો સીધી વાત છે. એ તો તીર્થંકરનું પણ ન માને. આ જીવે પણ તીર્થંકરનું માન્યું નથી. ગુરુનું ન માને, તીર્થંકરનું ન માને, શાસ્ત્રનું ન માને એટલે તો એને પરમેશ્વર કહે છે કે તું પણ પરમેશ્વર છો, ભાઈ !

**'આ માત્ર નાનો પરિષહ છે.'** એક સામાજિક ગડબડ છે. **'યોગ્ય ઉપાયથી પ્રવર્તવું; પણ ઉદ્વેગવાળું ચિત્ત ન રાખવું.'** યોગ્ય ઉપાય કરવો. પણ જો પરિણામમાં ઉદ્વેગ થાય એવું ન કરવું. ઘણું કરીને 'લલ્લુજી' ઉપરનો હશે એમ લાગે છે. પત્રનો વિષય જોતા એમ લાગે છે.

મુમુક્ષુ :- .. પ્રશ્ન એટલો જ છે કે દરેક જ્ઞાનીનો અભિપ્રાય તો એકસરખો હોય. તો પછી ... આપણને એમ લાગે પોતાને મુમુક્ષુને ... તો એમ સમજવું કે મુમુક્ષુની ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ જ તો. જ્ઞાનીની આજ્ઞાએ ન ચાલે એટલે ઓળખાણ ન હોય તો જ ન ચાલે. નહિતર તો જ્ઞાનીની આજ્ઞા માન્યા વગર રહે નહિ.

મુમુક્ષુ :- એક જ ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઓળખાણ નથી. મુખ્ય કારણ તો ઓળખાણ નથી એ જ છે. અને ઓળખાણ થવી સહેલી પણ નથી. ઓળખાણ થવી એ બહુ સહેલી વાત નથી. ઘણી પાત્રતા અને ઘણી યોગ્યતા હોય ત્યારે ઓળખાણ થાય છે. બાકી તો જ્યાં સમૂહ મોટો થાય છે ત્યાં ઓછી યોગ્યતાવાળા જીવોની સંખ્યા વિશેષ હોય છે. એટલે આ કાળમાં તો એવું વિશેષ બનવા યોગ્ય છે. એટલે ધર્મના ક્ષેત્રમાં જે પરિસ્થિતિ જોવામાં આવે છે એનું કારણ યોગ્યતાની ખામી છે, યોગ્યતાની ક્ષતિ છે. બીજું કાંઈ નથી.

**પરિભ્રમણની વેદનાપૂર્વક યથાર્થ વૈરાગ્ય અને સંસારથી છૂટવાના પરિણામ થાય છે- પરંતુ બહુભાગ ધર્મપ્રેમી જીવોને તે વેદના દર્શનમોહના પ્રાબલ્યને લીધે આવતી નથી – અને 'નથી આવતી' તે એક સમસ્યા થઈ પડે છે. ત્યારે કેમ આગળ વધવું ? તેની મૂંઝવણ થાય છે. વ્યક્તિગત રીતે, ઉપરોક્ત ક્રમપ્રવેશ થયાં પહેલા, એટલે પરિભ્રમણની ચિંતના આવ્યા પહેલાં 'આમ જ કરવું' એવો કોઈ નિયમ નથી, પરંતુ જેમ દર્શનમોહ (મિથ્યાત્વ) મોળો પડે તેવી પ્રવૃત્તિ કરવી જોઈએ. તે પ્રવૃત્તિમાં સત્સંગ, સ્વાધ્યાય, સુવિચારણા, આત્મભાવના, પ્રતિકૂળ ઉદયમાં ભિન્નપણાનો પ્રયોગ, અવલોકનનો વારંવાર પ્રયોગ, જ્ઞાનીપુરુષની ભક્તિ, આદિ દર્શનમોહ પાતળો પડે, પરમાં પોતાપણું મોળું પડે, તેવા પરિણામો થવા ઘટે અને તે દરમ્યાન ક્રમથી આગળ વધવાનો અભિપ્રાય રાખવો જોઈએ. ઉપરોક્ત પ્રવૃત્તિ અને પરિણામોમાં જેને જે પ્રકારથી આત્મ કલ્યાણની ભાવના વૃદ્ધિગત થાય, તે પસંદ કરવું જોઈએ.**

**(અનુભવ સંજીવની-૧૬૫૪)**

**પત્રાંક-૯૪૯**

**તિથ્થલવલસાડ, પોષ વદ ૧૦, ભોમ, ૧૯૫૭**

**ૐ**

**ભાઈ મનસુખનાં પત્ની સ્વર્ગવાસ થવાના ખબર જાણી આપે દિલાસા-ભરિત કાગળ લખ્યો તે મળ્યો.**

**સારવારનો પ્રસંગ લખતાં આપે જે વચનો લખ્યાં છે તે યથાર્થ છે. શુદ્ધ અંતઃકરણ પર અસર થવાથી નીકળેલાં વાક્ય છે**

**લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તેવી શ્રીમંતતા, સત્તા કે કુટુંબ-પરિવારાદિ યોગવાળી હોય તોપણ તે દુઃખનો જ હેતુ છે. આત્મશાંતિ જે જિંદગીનો ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તો એકાકી અને નિર્ધન, નિર્વસ્ત્ર હોય તો પણ પરમ સમાધિનું સ્થાન છે.**

## તા. ૩-૧-૧૯૯૩, પત્રાંક - ૯૪૯
## પ્રવચન નં. ૪૩૩

ફરીથી. '**લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવકાંટો છે...**' એટલે જેની જિંદગીમાં એક લોકસંજ્ઞા જ મુખ્ય છે. સંસારમાં તો આ છે જ. બજારમાં જાય તો મારી દુકાન સૌથી સારી ગણાવી જોઈએ. આપણી અમુક જાતની આબરૂ તો ગણાવી જોઈએ. નાત-જાતમાં જાય તો કહે આપણું ઘર છે એ ખાનદાન ખોરડું તો ગણાવું જોઈએ. અને ધર્મના ક્ષેત્રમાં આવે તો ધાર્મિક આબરૂ બાંધવાનો લોભ રહે. લોકો મને ધર્માત્મા જાણે, મને આત્માર્થી જાણે, મને બહુ સમજદાર જાણે, મને આવો જાણે, મારું કોઈ ખરાબ ન બોલે, મારું બધા સારું બોલે. મારી ગણતરી સારી થાય એવી જેની નજર, ધ્રુવ નજર છે એ. ખસે નહિ ત્યાંથી. એ લક્ષ થઈ જાય છે ને ? એટલે લક્ષનું બીજું નામ ધ્રુવ કાંટો પાડ્યું છે. લક્ષ ન ફરે. એટલે ત્યાંને ત્યાં જ લક્ષ રહ્યા કરે.

ઘણાં તો એવા હોય છે કોઈક જરાક વાંકું બોલે એની પાસે પહોંચી જાય. એને સમજાવાની ખૂબ મહેનત કરે. ભાઈ ! તું કેટલા કેટલાને સમજાવીશ ? એના ઉદય પ્રમાણે એ પરિણમે છે. તારા ઉદય પ્રમાણે તું પરિણમને. તું ઉદયથી એક બાજુ જા ને. તારો એ પ્રકારનો ઉદય છે. સારું બોલે તો તારો ઉદય છે, ખરાબ બોલે તો પણ તારો

ઉદય છે. એને એનો ઉદય છે.

મુમુક્ષુ :- લોકવિરુદ્ધતાનો ત્યાગ...

પૂજ્ય ભાઈશ્રી :- લોકવિરુદ્ધતા ક્યારે ? કે ન્યાય વિરુદ્ધ હોય, સત્ય વિરુદ્ધ હોય તો. અથવા આખો સમાજ અને એક વ્યક્તિ હોય તો. પણ બીજા પણ એવા હોય તો બહુમતી અને અલ્પમતીનો વિષય ગણો તો જૈનદર્શન અત્યારે એકદમ અલ્પમતીમાં આવેલું છે. તો કાં તો બધાએ ક્રિશ્ચયનને અનુસરવું જોઈએ અને કાં તો બધાને મુસલમાનને અનુસરવું જોઈએ. કેમકે એ લોકો બહુ ઝાઝાં છે. આ એક કરોડ પૂરા નથી અને ઓલા અબજોની સંખ્યામાં છે. એટલો બધો સંખ્યામાં ફેર છે. કોઈ ઓછા માનવાવાળા હોય તે ઓલા બધાની લોકવિરુદ્ધ ગણાય ? ન ગણાય. પણ એકલો પોતે હોય અને આખું જગત વિરુદ્ધ હોય તો એને લોકવિરુદ્ધતા કહેવાય. તો શું કરે છે કે એ પોતાની વાત ગોપવી દે. એથી કાંઈ એ લોકોની સાથે ન ચાલવા માંડે અથવા સાચો માર્ગ ન છોડી દે. પોતે સાચો હોય તો સાચો માર્ગ ન છોડી દ્યે. પણ જાહેર પ્રવૃત્તિનો પ્રતિબંધ છે એમાં.

એ વ્યક્તિગત પ્રવૃત્તિ અને સમષ્ટિગત પ્રવૃત્તિ, એમ પ્રવૃત્તિના બે વિભાગ છે. અને બંનેના ન્યાય જુદાં જુદાં છે. વ્યક્તિગત પ્રવૃત્તિમાં લોકોની સામે કાંઈ... અહીંયાં જિંદગીનો ધ્રુવકાંટો લેવું છે. સમષ્ટિગત પ્રવૃત્તિ નથી લેવી અહીંયાં. પ્રસ્તુત વિષય તો જિંદગીનો ધ્રુવકાંટો એટલે વ્યક્તિગત જીવનનો સવાલ છે આમાં. તો વ્યક્તિગત જીવનમાં તો સત્ય જાણવું, સત્ય માનવું, સત્ય આચરવું અને એમ કરવા જતાં કોઈપણ પ્રકારનો બહારનો કીર્તિ, અપકીર્તિ, માન, અપમાન, છાપ, વગર છાપ કાંઈ જોવાનું રહેતું નથી.

આત્માર્થી હોય તે રૂડું હોય તે કરે. જગતને રૂડું દેખાડવા કાંઈ કરે નહિ. એ છે કે નહિ એમના વચનામૃતમાં ? જગતને રૂડું દેખાડવા કાંઈ ન કરે કે એ બીજાને સારું લાગશે. એ આ માર્ગ નથી, આ રસ્તો નથી. ભગવાનનો રસ્તો નથી, ગુરુનો આ રસ્તો નથી.

મુમુક્ષુ :- પરોપકારના ભાવ કરે તો ?

પૂજ્ય ભાઈશ્રી :- પરોપકારના ભાવ કરતા હોય તો એનું અહંપણું ન કરવું. પરોપકારના ભાવમાં પોતાનો માત્ર શુભભાવ છે એટલું વિચારવું. એથી વધારે એને કિંમત ન આપવી. એને ધર્મ ન માનવો, એને ધર્મનું સાધન ન માનવું અને એના દ્વારા કીર્તિની અપેક્ષા કે અભિલાષા ન રાખવી. ત્યાં વધારે સાવધાન રહેવું. એ ભૂલ નહિ થવી જોઈએ. નહિતર પરોપકાર કરતા કીર્તિ મળવી, માન મળવું એ બહુ સ્વભાવિક છે.

કેમકે બીજા લોકોનું તમે સારું ઇચ્છો છો, ચિંતવો છો, કાંઈક પ્રવૃત્તિ કરો છો તો લોકો તો માન જ આપશે. પણ એ માન જો પોતાને ચડી ગયું તો એણે ઝેર ખાધું છે, બીજું કાંઈ ખાધું નથી. એ ઝેરનો રસ લેવા જેવો નથી.

શું કહ્યું ? '**લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તેવી શ્રીમંતતા,...**' આવી હોય પૂર્વકર્મને લઈને, ગમે તેવી સત્તા મળી હોય, ગમે તેવા કુટુંબ, પરિવાર કે મિત્રો, સ્વજનો પડખિયા ગમે તેટલા હોય એવો યોગ હોય '**તોપણ તે દુઃખનો જ હેતુ છે.**' એ જીવને વર્તમાનમાં પણ દુઃખનું કારણ છે અને ભવિષ્યમાં પણ દુર્ગતિનું એ કારણ છે એટલે એ દુઃખનું કારણ છે એમ સમજવું.

'**આત્મશાંતિ જે જિંદગીનો ધ્રુવકાંટો છે...**' ધ્રુવકાંટો એટલે ધ્યેય. ધ્યેય ન બદલાય. જેને જિંદગીમાં આત્મશાંતિ મેળવવાનું ધ્યેય છે, જેની દૃષ્ટિ અનંત શાંતિના પિંડ ઉપર છે '**તે જિંદગી ગમે તો એકાકી...**' હોય. ભલે એકલો હોય. કોઈ એની પડખે ન હોય એમ કહે છે. એ ભલે એકલો હોય, એ ભલે '**નિર્ધન,...**' હોય. પૈસા ન હોય. કોઈ એની સાથે ન હોય, કોઈ એની પાસે સત્તા ન હોય, કોઈ એને ગણતું ન હોય અરે..! '**નિર્વસ્ત્ર હોય...**' ક્યાં સુધી નિર્ધન હોય ? કે નિર્વસ્ત્ર હોય '**તોપણ તે પરમ સમાધિનું સ્થાન છે.**' એના આત્માને શાંતિનું કારણ છે. કેમકે એ શાંતિ પાછળ જીવે છે. લોકોની આબરૂ પાછળ જીવતો નથી. એ શાંતિ માટે જીવે છે. લોકોનું લોકો પાસે રહ્યું.

મહાત્માઓએ સમાજનો ત્યાગ કર્યો છે કે નહિ ? 'આનંદઘનજી'એ સમાજનો ત્યાગ કર્યો કે આ સમાજ મારી વાત સાંભળવા લાયક નથી. 'ગુરુદેવે' સમાજનો ત્યાગ કર્યો. સ્થાનકવાસી આખો સમાજ છોડી દીધો. એકલા જઈને 'સોનગઢ'માં બેસી ગયા. લોકવિરુદ્ધ પ્રવૃત્તિ કરી કહેવાય ? નહિ. કેમકે કેટલાક પાત્ર જીવો પોતાની સત્ય વાતને સ્વીકારતા હતા, અનુમોદતા હતા અને એ સાથે રહેવા માગતા હતા. જે સમાજ ન સમજતો હોય, જે સમાજ ન સમજવા ન માગતો હોય એ સમાજને છોડી દ્યે છે. આ સમાજમાં મારું કામ નથી. આખો સમાજ છોડી દે. નહિતર 'ગુરુદેવ'ની તો બહુ પ્રશંસા થતી હતી. સ્થાનકવાસી સમાજમાં 'ગુરુદેવ'નું બહુમાન ઘણું હતું. સામાન્ય સાધુને બહુમાન મળે, આચાર્યોને બહુમાન મળે એના કરતાં પણ 'ગુરુદેવ'ને બહુમાન બહુ મળતું હતું. પણ એમને સત્ય સાથે સંબંધ હતો, માન-અપમાન સાથે સંબંધ નહોતો.

જે લોકો ઓઘે ઓઘે માન આપે છે એ બધા છૂટી જશે એ ખબર હતી. ભલે છૂટી જાય. છૂટી જાય તો મારે એનું કામ નથી. હું તો મારા આત્માનું કલ્યાણ કરવા નીકળ્યો છું. તેથી મારું અકલ્યાણ થાય એવું કિંચિત્ મારે કરવું નથી અને મને કરવું

પોસાય નહિ. આ સીધી વાત છે. પહેલા મારો આત્મા અને પછી આખી દુનિયા. ‘જગત ઈષ્ટ નહિ આત્મથી.’ આત્માથી કોઈ અધિક નથી, કોઈ વધારે નથી, કોઈ ઈષ્ટ નથી. એવા નિર્ણયપૂર્વક જે જીવે છે એને આત્મશાંતિ, આત્મસમાધિ રહે છે. અને લોકોની સામે જેની નજર છે એ દુઃખી થયા વગર રહે નહિ. એ વર્તમાન પણ દુઃખી છે અને ભવિષ્યમાં પણ દુઃખી જ થવાનો છે. એ દુઃખના માર્ગે પડેલો છે, દુઃખને રસ્તે પડેલો છે. આ વચનામૃત ‘કૃપાળુદેવ’નું બહુ પ્રસિદ્ધ છે. આવા વચનો છે એ સૂત્ર જેવા એમના વચનો છે. શાસ્ત્રોમાં, સિદ્ધાંત શાસ્ત્રોમાં જે સૂત્રો આવે છે એવા સૂત્રના સ્થાને આ વચનો લખાયા છે.

મુમુક્ષુ :- ફરીને લ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- ત્રણ લીટીમાં પણ ઘણી વાતો મૂકી દીધી છે.

ખાસ કરીને મનુષ્ય પર્યાયમાં માન પ્રકૃતિ લઈને જ જીવ આવે છે. મુખ્યપણે માન પ્રકૃતિ હોય છે. એટલે એને સમાજનું લફરું છૂટતું નથી. જે સમાજમાં હોય, જે મંડળમાં હોય, જે સમાજમાં હોય, જેની વચ્ચ (હોય) એને બધા ઓળખતા હોય. લ્યો ને. એનું એને ધ્યેય થઈ જાય છે કે આમાં મારું કાંઈક સ્થાન ગણાવું જોઈએ. મને લોકો અમુક ગણે એમ કાંઈક મારે કરવું જોઈએ. અને એ પછી સારું હોય કે ખરાબ હોય, યોગ્ય હોય કે અયોગ્ય હોય એનો જીવ વિચાર કરતો નથી. તો એનું ધ્યેય છે એ લોકસંજ્ઞારૂપ ધ્યેય છે. લોકસંજ્ઞામાં બધું આવી જાય છે. આટલો વિસ્તાર બધો લોકસંજ્ઞામાં આવી જાય છે.

મુમુક્ષુ :- માન આપે ત્યાં ગલગલિયા થઈ જાય છે

પૂજ્ય ભાઈશ્રી :- હા સારું લાગે છે ને. જીવને માનપ્રકૃતિ રુચે છે. પણ એ ઝેર સારુ લાગે છે. શું સારું લાગે છે ? ઝેર સારું લાગે છે. એ મીઠું ઝેર છે.

મુમુક્ષુ :- કરવું શું હવે ?

પૂજ્ય ભાઈશ્રી :- (શું) કરવું એટલે એનાથી દૂર થઈ જવું. ભૂલેચૂકે પણ લોકસંજ્ઞા ન સેવાય તેની કાળજી રાખવી. એનો ઉપયોગ રાખવો કે આ જીવ ક્યાંય લોકસંજ્ઞાવશ તો કરતો નથી ને ? જેને લોકસંજ્ઞાએ ધર્મ કરવો છે એ કદી ધર્મ પામે નહિ. લોકસંજ્ઞાએ ધર્મ કરવો છે એ ધર્મ જ પામે નહિ. એને સાચો ધર્મ મળે તોપણ એ પામી ન શકે. કેમકે એની નજર લોકસંજ્ઞા ઉપર છે. આમાં આવ્યું છે, એક પત્ર આગળ આવી ગયો છે. ૫૧૬ નંબરનો પત્ર કાઢો.

ત્રીજો Paragraph, છેલ્લો Paragraph. મુમુક્ષુની યથાર્થ ભૂમિકા કેવી હોય એના ઉપર લોકસંજ્ઞાની વાત કરી છે. ‘**જે વર્ધમાનસ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા**

**હતા,...'** છેલ્લા અંતિમ તીર્થાધિનાયક ભગવાન 'મહાવીરસ્વામી'ની વાત કરે છે. તે ગૃહવાસમાં ૩૦ વર્ષ સુધી હતા તોપણ અભોગી જેવા હતા. એમને ક્યાંય રુચિ ને રસ નહોતો. **'અવ્યવસાયી જેવા હતા,...'** રાજકાજમાં હતા છતાં જાણે અવ્યવસાયી જેવા હતાં. **'નિઃસ્પૃહ હતા,...'** ભિન્ન પડી ગયા હતા. સમ્યગ્દર્શન લઈને આવ્યા છે ને. દસ ભવ પહેલા તો સમ્યગ્દર્શન થયું છે. સિંહના ભવમાં. નિઃસ્પૃહી હતા. **'અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા,...'** ગૃહસ્થમાં હતા છતાં પણ સહજ સ્વભાવે મુનિ જેવા હતા.

**'આત્માકાર પરિણામી હતા,...'** જુઓ ! આ ૨૫૦૦ વર્ષ પહેલા ભગવાન કેવા હતા ! છદ્મસ્થ અવસ્થામાં પણ કેવા હતા ભગવાન ! આ એને ક્યાંથી ખબર પડતી હશે ? **'આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાનસ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને, નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા;...'** એમને રસ નહોતો. દૂર થઈ ગયા. બાહ્ય પ્રવત્તિથી પણ દૂર થઈ ગયા. છોડી દીધું. દીક્ષા લઈ લીધી. દૂર પ્રવર્ત્યા. **'તે વ્યવસાય, બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે,...'** તે વ્યવસાય બીજા જીવે કરીને. તે વ્યવસાય, સંસારનો વ્યવસાય ગૃહસ્થવાસ ચાલુ રાખીને. કેમકે પોતાને ૨૭મું વર્ષ છે ને ? મુનિદશાની ભાવના ઉગ્ર છે. એટલે કે આ જીવે એ વ્યવસાયને કરીને સમાધિ રાખવી, શાંતિ રાખવી ! કઈ રીતે વિચાર્યું છે ? ભગવાને તો એમ વિચાર્યું નહોતું. સમ્યગ્દૃષ્ટિ હતા, ગૃહસ્થી હતા, મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા, નિઃસ્પૃહી રહેતા હતા તોપણ ત્યાગ કર્યો. તો પછી આ જીવે એમાં સમાધિ રાખી. સમાધાન કરી લ્યો મને વાંધો નહિ આવે. મારે વાંધો નહિ આવે. કેમકે મને બહુ લોભ નથી, મને બહુ સ્પૃહા નથી. હું તો બહુ કાંઈ ધ્યાન દેતો નથી. બહુ કાંઈ લક્ષ દેતો નથી. થોડું-થોડું ઉપર ઉપરથી બધું (કરું છું). છોકરાને સૂચના આપવી, સલાહ આપવી, સમાજમાં સલાહ આપવી. આપણે ખાસ એવું કાંઈ બહુ રસ નથી લેતા. એમ કરીને સમાધાન રાખી લ્યે. ખોટી રીતે મનને મનાવે છે જીવ.

**'તે વ્યવસાય; બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે, તે વિચારવા યોગ્ય છે.'** તે વિશેષે કરીને વિચારવા યોગ્ય છે. **'તે વિચારીને ફરી ફરી તે ચર્યા કાર્યે કાર્યે, પ્રવર્તને પ્રવર્તને સ્મૃતિમાં લાવી વ્યસાયના પ્રસંગમાં વર્તતી એવી રુચિ વિલય કરવા યોગ્ય છે.'** એને પોતાને જે વ્યવસાયના પ્રસંગમાં રસ રહેતો હોય એને વિલય કરવા યોગ્ય છે. **'જો એમ ન કરવામાં આવે તો એમ ઘણું કરીને લાગે છે કે હજુ આ જીવની યથાયોગ્ય જિજ્ઞાસા મુમુક્ષુપદને વિષે પણ થઈ નથી,...'** જો એને

નિવૃત્તિની ભાવના અને જિજ્ઞાસા ન રહેતી હોય તો એને મુમુક્ષુપણું પણ હજી આવ્યું નથી. મુમુક્ષુની ભાવના નથી, મુમુક્ષુ થવાની જિજ્ઞાસા પણ એને નથી.

'**અથવા તો...**' અથવા તો શું કરવા એ બધાની વચ્ચે રહ્યો છે ? કે '**આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે.**' ધર્મના ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરે છે પણ લોકસંજ્ઞાએ કરે છે. લોકોમાં કાંઈક સ્થાન, કાંઈક આબરૂ, કાંઈક સારાપણું પોતાનું ગણાય એટલા માટે એ ધર્મ કરવા ઈચ્છે છે પણ એને આત્મકલ્યાણ કરવાની જિજ્ઞાસા ઘટતી નથી. એમ કહીને શું કહ્યું અહીંયાં ? કે લોકસંજ્ઞા છે એ આત્મકલ્યાણથી તદ્દન વિરૂદ્ધ છે. માટે જે ધર્મ આત્મકલ્યાણનું સાધન છે અને કારણ છે ત્યાં તો લોકસંજ્ઞાને બિલકુલ સ્થાન હોવું જોઈએ નહિ. નહિતર પછી તો એને બીજું સાધન રહેતું નથી.

હજી બજારમાં લોકસંજ્ઞા હશે ને તો એકાદિ થપાટ ખાશે તો સીધો થઈ જશે. ત્યાં તો અનુકૂળતા-પ્રતિકૂળતા બેય આવે ને ? પણ જે લોકસંજ્ઞા ટાળવારૂપ ધર્મ છે એ ધર્મના ધાર્મિક ક્ષેત્રમાં જે લોકસંજ્ઞાએ જીવે છે કે રહે છે કે પ્રવૃત્તિ કરે છે એને તો લોકસંજ્ઞા ટળવાનું પછી બીજું કોઈ સાધન રહેતું નથી. એટલે અહીંયાં તો વિશેષ ધ્યાન રાખવું.

મુમુક્ષુ :- ધર્મના દ્રોહરૂપ કે એવું..

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ધર્મના દ્રોહરૂપ છે એમ ગણો, ધર્મ વિરુદ્ધ છે એમ કહો. એ જિંદગી ગમે તેવી બહારમાં, શ્રીમંતતા, સત્તા કે કુટુંબ પરિવારવાળી (હોય). એટલે કે સારું દેખાય. જગતમાં આ બધું સારું દેખાય. પૈસાવાળાનું સારું દેખાય, સત્તાવાળાનું સારું દેખાય. મોટા કુટુંબ-પરિવારવાળાનું સારું મોટું ખોરડું દેખાય. એ બધા માનના નિમિત્તો છે. શ્રીમંતાઈ, સત્તા અને કુટુંબ-પરિવાર એ બધા માનના નિમિત્તો છે. એના નિમિત્તે આ જીવે ઝેર ખાવા જેવું નથી. ચોખ્ખી વાત એ છે. '**તોપણ તે દુઃખનો જ હેતુ છે.**'

'**આત્મશાંતિ જે જિંદગીનો ધ્રુવકાંટો છે...**' જીવનનું ધ્યેય નક્કી કરવું કે મારે મારા આત્માની શાંતિ સિવાય આ જગતમાંથી કાંઈ જોઈતું નથી. મારી શાંતિ થાય એ કરવું છે. મને અશાંતિ થાય એવું મારે કાંઈ કરવું નથી.

મુમુક્ષુ :- સાહેબ ! 'ગુરુદેવશ્રી'માં ભળ્યા એ બધા મુમુક્ષુ આત્મશાંતિના ધ્યેયથી કે...?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો દરેકે વ્યક્તિગત વિચારવાનું છે. બધા તો કાંઈ એકસરખા કોઈ સમાજમાં, કોઈ સંપ્રદાયમાં, અરે..! સમવસરણમાં પણ હોતા નથી.

સમવસરણમાં પણ તીર્થંકર ભગવાનની અવજ્ઞા વિરુદ્ધ વિચારવાવાળા બેઠા હોય છે. આ કહે છે એ બરાબર નથી. મને આમ લાગે છે. અન્યમત શેમાંથી નીકળ્યા ? ‘ઋષભદેવ’ ભગવાનના સમવસરણમાંથી તો અન્યમતનું શરૂ થયો. આ કહે છે એમ નહિ પણ આમ હોવું જોઈએ, આમ નહિ ને આમ હોવું જોઈએ. એટલે ક્યારેય આખો સંપ્રદાય મોક્ષે જાય, આખો સમાજ મોક્ષે જાય કે આખો સમાજ કે સંપ્રદાય ધર્મને પામી જાય એવું કદી બન્યું નથી ભૂતકાળમાં અને કદી બનવાનું પણ નથી.

જો આખો સંપ્રદાય ધર્મ પામી જતો હોય અને મોક્ષે જતો હોય તો તો એ વાત એટલી બધી પ્રસિદ્ધ થાય કે પછી બીજા સંપ્રદાયમાં કોઈ રહે જ નહિ. ત્યાં જ બધા વયા જાય. પણ જે સંપ્રદાયમાં મોક્ષ થાય છે એ સંપ્રદાયમાં પણ બધા મોક્ષે જતા નથી. જઈ શકે નહિ એવી વસ્તુસ્થિતિ છે. જગતના જીવોની એવી યોગ્યતા છે કે પુણ્યયોગે એને દેવ-ગુરુ-શાસ્ત્ર વીતરાગી મળે છે. સાચા વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર મળવા છતાં પોતાની વિપરીતતાને લઈને, પોતાની અવળાઈને લઈને જીવ ઊંધો ચાલે છે અને ધર્મ પામવાના સ્થાને અધર્મને પામે છે.

એટલે જેને આત્મશાંતિ જોઈએ છે. જુઓ ! ધર્મનું નામ નથી લીધું. આત્મશાંતિ જેને જોઈએ છે. નક્કી કરને તારા પરિણામથી નક્કી કર. શું કરવાથી તને શાંતિ મળે ? એ જેની જિંદગીનો ધ્રુવકાંટો છે એ ભલે એકલો હોય, નિર્ધન હોય, નિર્વસ્ત્ર હોય પણ એ પરમ સમાધિનું સ્થાન છે. પોતે જ પરમ સમાધિનું સ્થાન છે. અંતરમાંથી સમાધિની શાંતિ એને પ્રગટ થશે. એને જગતની સામે જોવાની જરૂર નથી. જગત એને સ્વીકારે છે કે જગત એને નથી સ્વીકાર કરતું એની સાથે એને કાંઈ લેવા-દેવા નથી. આમ છે.

મુમુક્ષુ : ‘ગુરુદેવશ્રી’ કહેતા, જેને સુખી થવું હોય એને કહેવામાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એની વાત છે. આત્માનું સુખ, હોં ! બહારનું સુખ નહિ. આત્માનું સુખ.

એ ૯૪૯માં એ ત્રણ લીટી બહુ સુંદર વચનામૃતો છે. મુમુક્ષુજીવો માટે અમૃત જેવા વચનો છે.

મુમુક્ષુ :- આ એક ધ્યાન રાખે ને તોપણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણેથી છૂટી જાય. ઘણાં ખોટા પ્રકારથી અને અભિપ્રાયથી છૂટી જાય જીવ.

પત્રાંક-૯૫૦

વઢવાણ કેમ્પ, ફાગણ સુદ ૬, શનિ, ૧૯૫૭

ૐ

કૃપાળુ મુનિવરોને નસ્કાર સવિનય હો.

પત્ર સંપ્રાપ્ત થયું.

જે અધિકારી સંસારથી વિરામ પામી મુનિશ્રીનાં ચરણકમળ યોગે વિચરવા ઇચ્છે છે, તે અધિકારીને દીક્ષા આપવામાં મુનિશ્રીને બીજો પ્રતિબંધનો કંઈ હેતુ નથી. તે અધિકારીએ વડીલોનો સંતોષ સંપાદન કરી આજ્ઞા મેળવવી યોગ્ય છે, જેથી મુનિશ્રીનાં ચરણકમળમાં દીક્ષિત થવામાં બીજો વિક્ષેપ ન રહે.

આ અથવા બીજા કોઈ અધિકારીને સંસારથી ઉપરામવૃત્તિ થઈ હોય અને તે આત્માર્થસાધક છે એવું જણાતું હોય તો તેને દીક્ષા આપવામાં મુનિવરો અધિકારી છે. માત્ર ત્યાગનાર અને ત્યાગ દેનારના શ્રેયનો માર્ગ વૃદ્ધિમાન રહે એવી દૃષ્ટિથી તે પ્રવૃત્તિ જોઈએ.

શરીરપ્રકૃતિ ઉદયાનુસાર છે. ઘણું કરી આજે રાજકોટ પ્રત્યે ગમન થશે. પ્રવચનસાર ગ્રંથ લખાય છે તે અવસરે મુનિવરોને પ્રાપ્ત થવા યોગ્ય છે. રાજકોટ થોડાક દિવસ સ્થિતિનો સંભવ છે.

ૐ શાંતિઃ

૯૫૦. ૯૫૦મો પત્ર 'લલ્લુજી મુનિ' ઉપરનો છે. '**કૃપાળુ મુનિવરોને નમસ્કાર સવિનય હો. પત્ર સંપ્રાપ્ત થયું. જે અધિકારી સંસારથી વિરામ પામી મુનિશ્રીનાં ચરણકમણ યોગે વિચારવા ઇચ્છે છે, તે અધિકારીને દીક્ષા આપવામાં મુનિશ્રીને બીજો પ્રતિબંધનો કંઈ હેતુ નથી.**' અધિકારી-પાત્રતા જોઈને વાત છે. વગર પાત્રતાવાળાને દીક્ષા આપવી નહિ. આત્મકલ્યાણની ભાવનાવાળો નિવૃત્તિ લે છે. દીક્ષાની મારફતે શું કરે છે એ ? વ્યવસાય અને કુટુંબના કાર્યોથી નિવૃત્ત થવા માગે છે. તો એ ભલે નિવૃત્ત થાય એનું અનુમોદન કરવું, એમ કહે છે.

'**તે અધિકારીએ વડીલોનો સંતોષ સંપાદન કરીને આજ્ઞા મેળવવી યોગ્ય છે,...**' એણે એના ઘરના વડીલોનો સંતોષ અને આજ્ઞા બંને મેળવવા. '**જેથી મુનિશ્રીના ચરણકમળમાં દીક્ષિત થવામાં બીજો વિક્ષેપ ન રહે.**' નહિતર એમ આરોપ કરશે કે જો

આને દીક્ષા આપી દે છે. અમારી ઇચ્છા નથી અને આને દીક્ષા આપી દે છે. પોતાની જમાત વધારવા માટે મુંડી નાખે છે, ફલાણું કરે છે, ઢીંકણું કરે છે એ આરોપ આવી જશે. એટલે એના કુટુંબ-પરિવારને સંતોષ થાય એ રીતે હોય અને પાત્ર જીવ હોય તો એને દીક્ષા આપવી.

**'આ અથવા બીજા કોઈ અધિકારીને સંસારથી ઉપરામવૃત્તિ થઈ હોય...'** સંસારથી જેને છૂટવું હોય. ઉપરામવૃત્તિ એટલે થાકી ગયો હોય. સંસારથી જે થાકેલો હોય **'અને તે આત્માર્થ સાધક છે એવું જણાતું હોય...'** આત્મહિત કરવા માટે જેની તૈયારી હોય **'તો તેને દીક્ષા આપવામાં મુનિવરો અધિકારી છે.'** તો પછી એ પોતે ત્યાગી છે તો બીજાને ત્યાગ લેવડાવવા માટે એને કોઈ વાંધો નથી. પોતે ત્યાગી ન હોય તો ત્યાગ ન લેવડાવે. એટલે શું છે કે 'કૃપાળુદેવ' પાસે કોઈ દીક્ષા લેવા આવે તો પોતે દીક્ષા ન આપે. નહિતર પોતે તો 'લલ્લુજી' કરતા જ્ઞાની છે. છતાં પણ બહારના વ્યવહારમાં તો એ કાંઈ યોગ્ય લાગે નહિ.

મુમુક્ષુ :- નિવૃત્તિનો મુખ્ય હેતુ હશે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિવૃત્તિનો મુખ્ય હેતુ આત્માર્થ સાધવાનો. નિવૃત્તિએ આત્માર્થ સાધવા માટે. કેમકે પ્રવૃત્તિમાં તો વિષમ પરિણામો બહુ થાય છે. ધંધા-વેપારમાં તો વિષમ પરિણામો બહુ થાય છે. કેમકે તેમાં તો અનેક પ્રકારના જૂઠ, ચોરી આદિના વિષમ પરિણામો ખૂબ છે. એટલે એ વ્યવસાયથી છૂટે તો એ પ્રકારના પ્રસંગને લઈને એ પરિણામોથી પણ છૂટી જાય. અને નિવૃત્તિએ પોતાના આત્મભાવને પોષણ આપવા માટે એને સમયનો અવકાશ બરાબર રહે.

**'માત્ર ત્યાગનાર અને ત્યાગ દેનારના શ્રેયનો માર્ગ વૃદ્ધિમાન રહે એવી દૃષ્ટિથી તે પ્રવૃત્તિ જોઈએ.'** માત્ર ત્યાગનાર એટલે બીજો કોઈ હેતુ ન હોવો જોઈએ. એનું માન-સન્માન મળવાનો હેતુ ન હોવો જોઈએ કે પોતાની કોઈ આર્થિક પરિસ્થિતિ ખરાબ હોય તો રોટલા-પાણીની વ્યવસ્થા અને સગવડ થઈ જાય એવો પણ હેતુ ન હોવો જોઈએ. જે લોકો ગરીબીને વશ દીક્ષા લે છે એ પણ યથાર્થ નથી અને સંપન્ન માણસો હોવા છતાં સમાજમાં પોતાને બધા વંદન-નમસ્કાર આદિ કરે, મોટી પદવી મળે, આગળ જતાં આચાર્યપદ મળે, ફલાણું મળે, આમ થાય. પછી તો નેતાગીરી કરે છે ત્યાગી થઈને પણ. તો એ માત્ર ત્યાગનાર નથી. એમાં હેતુ કોઈ બીજો છે. આત્મહિતનો, આત્માર્થનો હેતુ એમાં નથી રહેતો.

એ **'માત્ર ત્યાગનાર અને ત્યાગ દેનારના શ્રેયનો માર્ગ...'** બંનેનો આત્મકલ્યાણનો માર્ગ વૃદ્ધિગત રહે. પાછો ત્યાગ દેનાર છે એ પણ માન પોષે કે હું તો

બીજાને દીક્ષા આપું છું એમ પણ નહિ. ત્યાગ લેનાર પણ આત્મકલ્યાણ સિવાય બીજું કાંઈ વિચારે નહિ. ત્યાગ દેનાર અને ત્યાગ લેનાર બંને આત્મકલ્યાણ સિવાય બીજી વાત જેને લક્ષમાં નથી, વિચારવી નથી, હેતુ નથી, ધ્યેય નથી. **'એવી દષ્ટિથી તે પ્રવૃત્તિ જોઈએ.'** નહિતર એમાંથી અનર્થની ઉત્પત્તિ થયા વગર રહે નહિ.

હવે પોતાની વાત લખી છે કે **'શરીર પ્રકૃતિ ઉદયાનુસાર છે.'** એટલે જોઈએ એવી શરીર પ્રકૃતિ નથી. ફાગણ મહિનો છે ને ? છેલ્લે આવ્યા છે. 'મુંબઈ'થી 'વલસાડ' આવ્યા છે અને 'વલસાડ'થી 'વઢવાણ' કેમ્પ આવ્યા છે. છેલ્લે આ જે એમના શરીરકૃષ થયેલા જે ફોટા છે એ વખતે આ 'વઢવાણ'માં લેવાયેલા છે. **'શરરીરપ્રકૃતિ ઉદયાનુસાર છે. ઘણું કરી આજે રાજકોટ પ્રત્યે ગમન થશે.'** એ ફાગણ સુદ છઠે 'રાજકોટ' આવ્યા છે. તે છેક ચૈત્ર વદ પાંચમે દેહાંત થયો છે ત્યાં સુધી દોઢ મહિનો 'રાજકોટ' રહ્યા છે.

**'રાજકોટ પ્રત્યે ગમન થશે. પ્રવચનસાર ગ્રંથ લખાય છે તે અવસરે મુનિવરોને પ્રાપ્ત થવા યોગ્ય છે.'** કોઈને લખવા આપ્યો હશે. Copy કરવા-નકલ કરવા. એ પૂરું થવાથી મોકલશો. **'રાજકોટ થોડાક દિવસ સ્થિતિનો સંભવ છે.'** અને 'રાજકોટ' થોડા દિવસ રોકાવું છે. પછી તો 'રાજકોટ' જ રહ્યા છે. પછી કાંઈ જવાની પરિસ્થિતિ બની નથી. **'ૐ શાંતિઃ'**

**પત્રાંક-૯૫૧**

**રાજકોટ, ફાગણ વદ ૩, શુક્ર, ૧૯૫૭**

**ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું.**

**માથે ઘણો બોજો રહ્યો હતો તે આત્મવીર્યે કરી જેમ અલ્પ કાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો.**

**જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી એ જ અદ્ભુત આશ્ચર્ય છે. અવ્યાબાધ સ્થિરતા છે.**

**પ્રકૃતિ ઉદયાનુસાર કંઈક અશાતા મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે.**

**ૐ શાંતિઃ**

પછી ફાગળ વદ ત્રીજનો 'રાજકોટ'થી લખાયેલો પત્ર છે. આ વખતે તબિયત

વધારે બગડી છે. આયુષ્યનો એક મહિનો બાકી છે. એટલે તબિયત એકદમ બગડી છે. **'ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો.'** શેનો ? મોક્ષે પહોંચવા માટે સંસારનું રણ ઓળંગીને મોક્ષે પહોંચી જવું હતું એ બહુ ઝડપથી પૂરું કરવું હતું. કેમકે હજી તો ૩૩ વર્ષ થયા છે. ૩૩ વર્ષે તો અત્યારે જુવાન માણસ કહેવાય. **'ઘણી ત્વરાથી...'** એમને તો યુવાનીમાં જ મોક્ષ પામી જાવું હતું. **'ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું.'** ત્યાં મોટી માંદગી આવી. આખું શરીર ઉથલી જાય, શરીર નખાઈ જાય એવી માંદગી આવી. આયુષ્ય છૂટી જાય એવો પ્રસંગ ઊભો થઈ ગયો.

**'માથે ઘણો બોજો રહ્યો હતો...'** પૂર્વકર્મનો. પૂર્વકર્મનો બોજો માથે ઘણો હતો. એ ઉપાડીને ફરતા હતા. એ બોજો હળવો કરવા માટેનો પુરુષાર્થ ચાલતો હતો. **'તે આત્મવીર્યે કરી...'** એટલે આત્મિક પુરુષાર્થે કરીને **'જેમ અલ્પકાળે વેદી લેવાય...'** ભોગવી લેવાય. પૂર્વકર્મને થોડા વખતમાં અત્યંત પુરુષાર્થથી ભોગવી લેવાય **'તેમ પ્રઘટના...'** તેવી યોજના કરતા. એવી યોજના કરી હતી કે તીવ્ર પુરુષાર્થ કરવો. ભલે આકરામાં આકરો ઉદય આવે તોપણ સ્વરૂપમાં સ્થિર રહી જવું. એવી યોજના કરતાં **'પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો.'** તે પુરુષાર્થ પણ આગળ ન વધે અને એ પુરુષાર્થમાં પણ હાંફી જવાય એવો થાક લાગ્યો. એટલે મુનિદશા યોગ્ય આત્મસ્થિરતા પ્રગટ ન થઈ. જ્ઞાની ભૂમિકાનો ચરમસીમાનો પુરુષાર્થ કર્યો. પણ મુનિદશા (યોગ્ય) ન આવ્યો. એમ.

એમાં શું થાય છે કે આવા મહાન પુરુષોને (આ કાળમાં) મુનિદશા પ્રગટ થાય તોપણ ભવ રહે અને મુનિદશા પ્રગટ ન થાય તોપણ મૂળમાંથી અચારિત્રના (મૂળિયા કાપી નાખે છે). (એટલે) દેવલોકમાં જઈને મનુષ્યપણું આવે ત્યારે એમને મુનિદશામાં આવતા વાર લાગતી નથી. જુઓ ! કહે છે, 'કુંદકુંદાચાર્ય' બાર વર્ષે મુનિ થયા હતા. અગિયાર કે બાર વર્ષની ઉંમરે.

મુમુક્ષુ :- આચાર્ય પદવી મળી હતી.

પૂજ્ય ભાઈશ્રી :- બાર વર્ષે તો આચાર્ય પદવી મળી ગઈ હતી. મુનિ તો પહેલાં થઈ ગયા હશે. આ કાળમાં, પંચમકાળના મુનિ છે. બોલો ! બાર વર્ષે તો આચાર્યપદમાં આવ્યા હતા. પોતે બહુ સમર્થ હતા ! ઘણું આરાધન હોય છે. એમ આરાધના કરવા જતાં એટલે સહરાના રણમાં ઝડપથી ચાલવા જતાં પગમાં થાક ઊભો થયો. નિકાચિત થાક આવ્યો. કેવો ? ખસે નહિ એવો થાક લાગ્યો.

મુમુક્ષુ :- ભોગવ્યે જ છૂટકો.

પૂજ્ય ભાઈશ્રી :- ભોગવ્યે જ છૂટકો. નિકાચત થાક આવ્યો. એવો ઉદય આવ્યો.

એટલે એમ કહેવું છે કે અમારે તો આ ભવે જ પૂરું કરવું હતું. પણ જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી. સ્વરૂપ એટલે વસ્તુસ્થિતિ છે એ બદલતી નથી. આ કાળે આ ક્ષેત્રે કોઈ જીવ જન્મ લે તો એ અત્યારે ને અત્યારે સંપૂર્ણ મોક્ષદશાને આ ભવમાં પામે એવી યોગ્યતાવાળા જીવ અહીંયાં જન્મ લેતા નથી. એ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લે છે. અત્યારે પણ મોક્ષે જનારા ક્યાં જન્મ લે છે ? મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લે છે. એ અહીંયાં જન્મ લેતા નથી.

હવે એ તો પૂર્વની એ પ્રકારની સ્થિતિ લઈને જ આવ્યા છ, પણ વર્તમાન પુરુષાર્થ અને વર્તમાન ભાવનામાં તો એમ જ છે કે આ ભવે જ પૂરું કરવું છે. શું કરવા ન થાય ? કેમ ન થાય મને ? એવો ઉપાડ કર્યો છે. એટલે આ ક્ષેત્રે જે છેલ્લી યોગ્યતા હોય એવી પૂરી યોગ્યતા પ્રાપ્ત થઈ ગઈ. એક ભવ બાકી રહી જાય.

મુમુક્ષુ :– 'સોગાનીજી' કહે છે, મોતને બાજે તો તાવ આવે એવું ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એના જેવી વાત છે. એમ પૂરું માગે તો લગભગ પૂરું નહિ પણ થોડું અધૂરું મળે. પણ એ પૂરું થવા માટે પછી એને વાર લાગે નહિ. એવી જબરજસ્ત મહાન તૈયારી આ ભવમાં 'કૃપાળુદેવે' પોતાના આત્માની કરી લીધી. જબરજસ્ત તૈયારી કરી લીધી છે.

કોઈ એમની વાણી ન સમજી શકે ત્યારે કોઈને સંશય થાય છે, શંકા થાય છે. 'ગુરુદેવ' પાસે એવા કોઈ મુમુક્ષુભાઈઓ એવી શંકા વ્યક્ત કરે તો 'ગુરુદેવ' એક વાત કરતા. એ એકાવતારી હતા એમાં કાંઈ ફેર નથી. જ્ઞાની હતા એમ નહિ, જ્ઞાની હોવા ઉપરાંત એકાવતારી હતા એમાં કાંઈ ફેર નથી. હવે પછી જે વિચાર કરવો હોય એ કરો. પછી સમજવું હોય એ તમારી યોગ્યતા પ્રમાણે સમજો. એમ એનો અર્થ છે.

મુમુક્ષુ :– 'સોગાનીજી'એ ઝપટ કરી.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ ઝપટ કરી. પુરુષાર્થ જબરો. બંનેનો પુરુષાર્થ ઘણો જબરો ! એક જ કામ લઈને જાણે બેઠેલા. ગૃહસ્થી હતી, ધંધો-વ્યવસાય હતો, કુટુંબ-પરિવાર હતા પણ જાણે એક જ કામ છે, બીજું કામ જ નથી. એવી અંદરની પુરુષાર્થની ધૂન. એ ધૂનમાંથી બહાર ન નીકળે એવી ધૂન. એ વચ્ચે તો લખે છે કે પહેલાં સ્મૃતિ હતી એવી સ્મૃતિ નથી રહી. પહેલાં જે લખી શકાતુ હતું એવું લખી શકાતું નથી. પહેલાં જે બોલાતુ હતું એવું બોલી શકાતું નથી. બધી દશા આખી ફરી ગઈ છે. કાંઈ સાવધાની રહેતી નથી. કામની અવ્યવસ્થા થઈ જાય છે. ઉપયોગ રહેતો નથી. ઉપયોગ ચાલતો નથી અને ઉપયોગ રહેતો નથી. કોઈને પત્ર દેવામાં, પ્રત્યુતર દેવામાં પણ પરિણામ કામ કરતા નથી. બાહ્ય વૃત્તિ એટલી ઘટી જાય છે. એટલી તો અહીંયાં ગૃહસ્થ અવસ્થામાં

વૃત્તિ ઘટી ગઈ છે.

શું કહે છે ? '**જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી એ જ અદ્ભુત આશ્ચર્ય છે.**' આ વસ્તુસ્થિતિનો સ્વીકાર કર્યો. ભાવના આ ભવમાં પૂર્ણ થવાની હતી પણ વસ્તુસ્થિતિ નથી એનો સ્વીકાર કર્યો કે અદ્ભુત આશ્ચર્ય છે. નહિતર અમારો પુરુષાર્થ કાંઈ જેવો તેવો નથી. છતાં પણ વસ્તુસ્થિતિ કાંઈ અન્યથા થતી નથી. અદ્ભુત આશ્ચર્યકારક વાત છે. જુઓ ! આયુષ્ય પૂરું થવાનો વારો આવ્યો. આયુષ્ય હોત તો હજી કાંઈક આગળ વધી ગયા હોત. આયુષ્ય પૂરું થવાનો વારો આવ્યો.

મુમુક્ષુ : પત્ર કેવા પ્રેરણાદાયક છે !

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની વાત વ્યક્ત કરી છે ને એટલે બહુ પ્રેરણા મળે એવું છે.

'**અવ્યાબાધ સ્થિરતા છે.**' ભલે શરીરમાં વ્યાધિ ગમે તેવો છે તોપણ આત્મામાં તો અવ્યાબાધ સ્થિરતા છે. એ વ્યાધિથી કાંઈ આત્મસ્થિરતામાં વાંધો આવતો નથી. એ એક બહુ જુદી જાતનું ગણિત છે આખું. બહુ જુદી જાતનું ગણિત છે. 'ગુરુદેવ'ના વચનામૃત છે એવા. એક જગ્યાએ આવ્યું છે. નંબર યાદ નથી. બહુ સારું. ભલેને દેવલોકમાં જાય. તેમના શ્રદ્ધા-જ્ઞાનમાં કાંઈ ફેર નથી ને. એટલે કાંઈ જાણે મારામાં ફરક જ નથી. એને તો એમ હોય કે મારામાં કાંઈ ફરક નથી. હું તો આગળ જ ચાલું છું, આગળ જ ચાલું છું. દેવલોકમાં પણ આગળ જ ચાલે છે. પાછળ જાતા નથી. આગળ જ ચાલે છે.

મુમુક્ષુ :- શરીરમાં બાધા છે, અને અહીંયાં અવ્યાબાધ સ્થિરતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- અવ્યાબાધ સ્થિરતા છે. આત્મામાં કાંઈ બાધા નથી.

'**પ્રકૃતિ ઉદયાનુસાર...**' શરીર પ્રકૃતિ, હોં ! '**શરીરની પ્રકૃતિ ઉયાનુસાર કંઈક અશાતા...**' શરીરની પ્રકૃતિમાં અશાતા છે. એ '**મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે.**' એ મુખ્યપણે તો અમે શાતા પ્રત્યે વેદી છે. એમાં અમારા પરિણામ બગડ્યા નથી. અશાતાની પ્રકૃતિનો ઉદય હોવા છતાં અમને પરિણામમાં મુખ્યપણે શાતા વેદાણી છે, અશાતા વેદાણી નથી. જુઓ ! નહિતર પરિણામ બગડી જાય. આયુષ્ય છૂટવાનો કાળ હોય તો વિશેષ વેદના વધી જાય છે, અશાતા વેદની મુખ્ય થઈ જાય છે. તો કહે છે, નહિ. પ્રકૃતિમાં ભલે અશાતા છે પણ અમે તો એને મુખ્યપણે શાતાભાવે જ વેદન કરી છે, અશાતાભાવે વેદન કરી નથી. એટલો પુરુષાર્થ હતો. એટલે પરિણામ વિષમ નથી થયા. શાંત પરિણામે વેદી છે. અશાતાની વેદનાને પણ શાંત પરિણામામે વેદી છે.

મુમુક્ષુ :- જેમ શાતાને વેદે એ રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. મુખ્ય તો વેદી શાતા પ્રત્યે. શાતા પ્રત્યેના પુરુષાર્થમાં રહ્યા

છે. એ તો સ્વરૂપની શાંતિના પુરુષાર્થમાં છે ને એટલે મંદ કષાય સહેજે રહે છે. એમ છે. તીવ્ર કષાય નથી થતો. એક એક ટૂકડો કેવો આવી જાય છે ! '**અશાતા મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે.**' સાધારણ માણસ તો સમજે નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ લાગે.

'**અશાતા મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે.**' શું ગણવું હવે ? કહે છે કે અમે જે અશાતાનું વેદન કરીએ છીએ એ મુખ્યપણે શાતામાં રહીને કરીએ છીએ, અશાતામાં પરિણમતા નથી. ઉદય ભલે અશાતાનો હોય. શરીરપ્રકૃતિનો ઉદય અશાતાનો અને પોતાના પરિણામમાં ઉદય શાતાનો. કેવી વિરુદ્ધ પરિસ્થિતિ છે ! એવો પુરુષાર્થ છે. આત્માની શાંતિનો પુરુષાર્થ એવો તીવ્ર છે. એ કામ ઘણું કર્યું છે. પોતાના ઓછા-અલ્પ આયુષ્યમાં પણ ઘણું કામ કર્યું છે. સાધકદશા લગભગ સાડા દસ વર્ષ રહી છે. ૨૪મા વર્ષથી ગણીએ તો ૨૪ + ૧૦ = ૩૪. ૩૪ભય વર્ષે દસ વર્ષ પૂરા થયા. પછી બીજા પાંચ મહિના, સાડા પાંચ મહિનાનું આયુષ્ય છે. લગભગ સાડા દસ વર્ષની આરાધકદશા-સાધકદશા (રહી). એમાં એટલા કર્મ ખલાસ કર્યા છે, માથે ઘણો બોજો રહ્યો હતો. પૂર્વકર્મના નિબંધનનો બોજો માથે ઘણો હતો. એ અલ્પ કાળમાં એને ખલાસ કરવાની અમારી યોજના હતી. અલ્પ કાળમાં એ બધા કર્મને ખલાસ કરવાની યોજના હતી. એમાં વચ્ચે સહરાનું રણ આવ્યું. દોડ્યા... દોડ્યા.. દોડ્યા... પણ વચ્ચે સહરાનું રણ આવ્યું. રેતીમાં કેટલુંક દોડાય ? એક તો રેતી અને એમાં પગે થાક લાગ્યો. બે વાત ભેગી થઈ ગઈ. અને રણ મોટું સહારાનું હતું. સાધારણ રણ નહોતું. એટલે રણમાં જ આયુષ્ય પૂરું થઈ ગયું- પૂર્ણતા થયા પહેલાં આયુષ્ય પૂરું થઈ ગયું. અને એ અશાતાને પણ અમે શાતાની પ્રધાનતામાં જ અનુભવ કર્યો છે. એ અશાતાનો અશાતાના પરિણામમાં અનુભવ કર્યો નથી. શાતાની પ્રધાનતામાં રહીને એનો અનુભવ કર્યો છે.

મુમુક્ષુ :- પોતે તો આરાધના કરી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું છે કે જ્ઞાનીપુરુષોના વચનો-અક્ષરદેહ રહી જાય. કેમકે આ તો ક્ષર દેહ છે. આ કયો દેહ છે ? ક્ષર એટલે નાશ પામવા યોગ્ય-ક્ષય થવા યોગ્ય દેહ છે. આ નાશ નથી પામતા. અક્ષર કહેવાય છે એને. એનું નામ અક્ષર છે. એટલે એ પાછળ રહી જાય છે. એ ઘસાતા નથી. એની બીજી નકલ થાય, ત્રીજી નકલ થઈ જાય એ શબ્દો, અક્ષરો રહી જાય છે. એ અક્ષરદેહ રહી જાય તો અનેક જીવોનું હિત થવાનું હોય તો જ કુદરતમાં એ વ્યવસ્થા બને. નહિતર લગભગ ઘણાં જ્ઞાનીઓ

એમ ને એમ મૌનપણે સિદ્ધાલય સુધી વયા ગયા. શું એમના પરિણામ હતા ? શું પુરુષાર્થ હતો ? શું યોગ્યતા હતી ? કાંઈ બહાર બોલે નહિને. મુનિની જેમ મૌન રહી જાય. અંદરમાં ને અંદરમાં આરાધીને નિર્વાણપદ સુધી વયા જાય. કોઈને ખબરેય પડે નહિ. જગતના જીવો જાણે નહિ કે જ્ઞાની હતા કે નહિ, આરાધક હતા કે નહિ, કેટલા મહાન હતા. કાંઈ ન મળે. નિર્વાણપદ સુધી વયા જાય. એવા ઈતિહાસમાં અનેક મહાત્માઓ નિર્વાણપદને પામ્યા છે કે જેની જગતને જાણ થઈ નથી. પણ જેનો અક્ષરદેહ રહે છે. એવી કોઈ કુદરતી વ્યવસ્થા બને છે ત્યારે બીજા અનેક જીવોનું હિત થવાનું કારણ અથવા નિમિત્ત પડી જાય છે. અને તો જ એ રહી જાય છે.

આ પૂજ્ય 'બહેનશ્રીના વચનામૃત' જ્યારે બહાર પડ્યા ત્યારે આ વાત કરી હતી. નહિતર આ યોગ છેલ્લે છેલ્લે બન્યો. ૩૩ની સાલમાં. 'ગુરુદેવ'ને તો ચાર વર્ષનું, સાડા ત્રણ વર્ષનું આયુષ્ય બાકી હતું. અને વચનામૃતનું પ્રકાશન થયું. મેં તો કહ્યું, કોઈનું હિત થવાનું હશે. ચાર-પાંચ જણા બેઠા હતા. બધા ચમક્યા. એમ કેમ કીધું ? નહિતર આવું બને નહિ. જ્યારે કોઈ કુદરતી વ્યવસ્થા ઊભી થાય... પછી તો વચનામૃતનો પ્રચાર ઘણો થયો. 'ગુરુદેવે' પ્રવચન કર્યા એટલે ખૂબ પ્રચાર થયો. 'ગુરુદેવ'ની પણ ભાવના હતી. એટલે પુણ્યયોગ જબરો થઈ ગયો અને ઘણો પ્રચાર થયો.

હમણાં બે દિવસ પહેલા ઘરે એક ભાઈ આવ્યા હતા. 'અમેરિકા'થી. એક 'બહેનશ્રીનાં વચનામૃત'નું પુસ્તક જોઈએ છે. ક્યાંથી મળશે ? મેં કીધું, લેતા જાવ તમે. મારી પાસે વધારે નકલ છે. ક્યાંને ક્યાંથી માણસો આવે છે. 'શ્રીમદ્જી'નું જ્ઞાનામૃત તમે તૈયાર કર્યું છે એ કાંઈક જોયું હતું. ઈ છે ? મારે સો નકલ 'અમેરિકા' મોકલવી છે. મેં કીધું, 'સોનગઢ' મળશે. અમારો Stock બધો ત્યાં રહે છે. ભલે ત્યાંથી મોકલાવો. ક્યાંનું ક્યાં માણસને.. એક પુસ્તક હોય તો ક્યાંનું ક્યાં પહોંચે છે ! એક 'સમયસાર' રહ્યું તો 'ગુરુદેવ'ના હાથમાં આવ્યું. તો આખો સમાજ જાગી ગયો. એટલે જે સાહિત્ય પ્રચાર છે એનું પ્રચારની અંદર ઘણું મહત્ત્વ છે અને મોટો ફાળો છે. ક્યારે ક્યા વખતે ક્યા જાણ્યા-અજાણ્યા જીવના હાથમાં આવશે. એ શું ખબર પડે ?

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'ના હાથમાં 'સમયસાર' આવ્યું એમાં કેટલું...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નહિતર એ વખતે તો એટલા પુસ્તકો Available નહોતા- પ્રાપ્ય નહોતા. છતાં એકની પ્રાપ્તિ થઈ ગઈ તો પાછળ આટલું બધું... એક બીમાંથી વડલો થાય. એમાં વડલાના વડલા થાય એવું થઈ ગયું. અત્યારે તો છપાવાના ઘણાં સાધનો થઈ ગયા છે. પણ સહેલાઈથી પ્રાપ્ય હોય તો એની કિંમત ઘટી જાય એવું થવું જોઈએ નહિ. તે દિ' તો બહુ કિંમત હતી. કોઈને એક શાસ્ત્ર મળે તો એ શાસ્ત્ર એક

ગામમાં કેટલાય વાંચે. ભાઈ ! તમે વાંચી લીધા પછી મને આપજો, તમે વાંચી લીધા પછી મને આપજો. કોઈ નકલ કરી લે, કોઈ કાંઈ કરે, કોઈ કાંઈ કરે. 'ગુરુદેવે' અપાસરામાં બેઠા બેઠા 'મોક્ષમાર્ગ પ્રકાશક'ની સાતમા અધિકારની નકલ કરી જ હતી ને. સ્થાનકવાસીમાં. તે દિ' શાસ્ત્રો મળતા નહોતા. અત્યારે ઘણાં મળે છે તો લોકોને કિંમત નથી, વાંચતા નથી, વાંચવાનો સમય મળતો નથી. એ પરિસ્થિતિ બને છે.

મુમુક્ષુ :- વધારે પુસ્તક તો 'શ્રીમદ્જી'માં પ્રચાર થઈને અહીં 'સોનગઢ'થી પ્રચાર થયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. છેલ્લા વર્ષોમાં તો આપણે ત્યાં વ્યવસ્થા ગોઠવી જ છે અને મળે છે ત્યાંથી. નહિતર તો આ દસ રૂપિયાનું પુસ્તક ઝાઝાં એ લોકો આપતા નથી. એક જણને આપે એવી રીતે. કોઈ સંસ્થા હોય તો આપે છે.

મુમુક્ષુ :- 'કૃપાળુદેવ'ને પહેલાં મળ્યું, પછી અહીંયાં છપાણું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'સમયસાર' 'કૃપાળુદેવ'ને મળ્યું તો એમને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ. એમણે પરમશ્રુત પ્રભાવક મંડળમાં છપાવ્યું તો 'ગુરુદેવ'ને મળ્યું એમાંથી. એમાંથી એમને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ. 'કૃપાળુદેવ'ને મળ્યું ત્યારે તો બહુ પ્રમોદ ભાવનામાં આવી ગયા હતા. 'મુંબઈ'ની પેઢી ઉપર કોઈ 'સમયસાર' લઈને આવ્યું એટલે ખુમચો-ત્રાંસ મગાવ્યો. તે દિ' ત્રાંબાના ત્રાંસ રાખતા ને ? ત્રાંસમાં ખોબે ખોબે રૂપિયા કાઢ્યા કોથળીમાંથી. તે દિ' તો ચાંદીના રૂપિયા હતા. નોટું હતી નહિ. ત્રાંસ ભરીને રૂપિયા આપ્યા છે એમણે.

મુમુક્ષુ :- Post man.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જે લાવ્યો એને. ઈતિહાસ પૂરો મળતો નથી. પણ એ પ્રસંગ છે કે જે 'સમયસાર' લઈને આવ્યો એને ત્રાંસમાં ખોબેથી રૂપિયા કાઢીને આપ્યા છે. લઈ જાવ. એ 'સમયસાર' નહોતું આવ્યું પણ એમના ભગવાન આવ્યા હતા એમાં !! એનું કાંઈ રૂપિયાથી તો મૂલ્ય થાય નહિ પણ એક પ્રમોદભાવના વ્યક્ત થવાનો પ્રસંગ છે. કે જે દિ' એક રૂપિયો બહુ મોટો હતો તે દિ' ખોબે રૂપિયા આપેલા છે. ગણીને નથી આપ્યા પણ ખોબે આપેલા છે.

મુમુક્ષુ :- ... જેવડો હતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. તે દિવસે તો બહુ મોટો રૂપિયો હતો.

મુમુક્ષુ :- બનાવું પત્ર કુંદનના, રત્નોના અક્ષરો લખી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલું બહુમાન હોવું જોઈએ શાસ્ત્રનું. એટલું બહુમાન હોવું જોઈએ. અવિનય અને અપમાન તો ભૂલેચૂકે સપનામાં પણ થવું જોઈએ નહિ. એ

પાછો ખ્યાલ રાખવો.

મુમુક્ષુ :- સંભળાવનાર પ્રત્યે પણ...

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ તો પોતાના પરિણામ ઉપર બધો વિષય છે આખો.

મુમુક્ષુ :- 'સમયસાર' 'કૃપાળુદેવ'ને મળ્યું એમાંથી આત્મદશા પ્રાપ્ત થઈ તો આ વાંચવા મળ્યું. મૂળમાં તો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો બીજમાંથી વડ થાય એવું છે. કોઈ એક મહાપુરુષને એવું રત્ન મળી જાય તો પછી એની ધર્મની સમૃદ્ધિ બહુ ફેલાય છે. અને એ રીતે અનેક જીવો, હજારો જીવોને એ ધર્મનું કારણ થાય છે, અનેક જીવોને સંસ્કારનું કારણ થાય છે.

મુમુક્ષુ :- ધર્મનું બહુમાન કેટલું !

પૂજ્ય ભાઈશ્રી :- આત્મકલ્યાણ થયું છે. આખો સંસારનો નિસ્તાર થઈ જાય એની કિંમત શું થાય ? એની કોઈ કિંમત થઈ શકે નહિ. Time તો થયો છે. અહીં સુધી રાખીએ.

**વિશેષ ઊંડા વિચારથી એમ સમજાય છે કે જીવને જ્યારે 'સ્વલક્ષ'નું દ્રત્વ આત્મામાં પ્રકાશે છે, ત્યારે તેના લક્ષણરૂપે પરિભ્રમણની વેદના આવે છે, તે વેદના નહિ આવવાના કારણોમાં, મુખ્ય કારણ 'પરલક્ષ' છે. તેથી જ ઉક્ત વેદનામાં આવેલ જીવ પ્રાયઃ વિપરીતતામાં આગળ વધી શકતો નથી, અથવા વિપરીતતામાં ચાલી જવાયુ હોય તો પાછો વળી જાય છે. ધર્મના ક્ષેત્રમાં આવેલ જીવો પણ, અનાદિ પરલક્ષથી મુક્ત પ્રાયઃ થતા નથી. તેથી પરમાર્થમાર્ગ પ્રતિ ગતિ થતી નથી. આ એક સમસ્યાની ગંભીરતા બહુ બહુ પ્રકારે વિચારવા યોગ્ય છે. (અનુભવ સંજીવની-૧૬૭૭)**

**પત્રાંક-૯૫૨**

**રાજકોટ, ફા. વદ ૧૩, સોમ, ૧૯૫૭**

**ૐ શરીર સંબંધમાં બીજી વાર આજે અપ્રાકૃત ક્રમ શરૂ થયો.**

**જ્ઞાનીઓનો સનાતન સન્માર્ગ જયવંત વર્તો.**

## તા. ૪-૧-૧૯૯૩, પત્રાંક - ૯૫૨ થી ૯૫૫
## પ્રવચન નં. ૪૩૪

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૯૫૨. 'સુખલાલ છગનલાલ' 'વીરમગામ' ઉપર બે લીટીનું Post card લખેલું છે. ફાગણ વદ તેરશ. '**ૐ શરીર સંબંધમાં બીજી વાર આજે અપ્રાકૃત ક્રમ શરૂ થયો.**' શરીરમાં અસ્વસ્થતા વધી ગઈ. શરીર પ્રકૃતિથી વિરુદ્ધ એટલે એને અપ્રાકૃત કહે છે. તંદુરસ્તી એ પ્રાકૃતિક છે અને શરીરની જે અસ્વસ્થતા છે એ પ્રકૃતિથી વિરૂદ્ધ એવું અપ્રાકૃત છે. બીજો હુમલો આવ્યો છે. પહેલો આવ્યો છે એ કાંઈ પત્રમાં નથી આવતું પણ ફાગણ વદ તેરશે ફરીને પાછી તબિયતનો ઉથલો માર્યો છે.

શરીર સંબંધી એક વચન લખતા પહેલાં આત્મસ્મરણ કર્યું છે. ૐ લખ્યો છે. '**જ્ઞાનીઓનો સનાતન સન્માર્ગ જયવંત વર્તો.**' એટલે પોતે પણ સ્વરૂપમાં બરાબર સાવધાન છે. શરીરના પરિણામ વિરૂદ્ધ થઈ રહ્યા છે પણ પોતે બરાબર સન્માર્ગમાં છે. અને એ સન્માર્ગ એવો સન્માર્ગ સદાય જીવંત રહે, જયવંત રહે એ ભાવના પુરુષાર્થમાં રહીને ભાવેલી છે. પોતે મોક્ષમાર્ગના પુરુષાર્થમાં વર્તી રહ્યા છે અને એટલું વચન લખ્યું છે.

**પત્રાંક-૯૫૩**

**રાજકોટ, ચૈત્ર સુદ ૨, શુક્ર, ૧૯૫૭**

**ૐ**

**અનંત શાંતમૂર્તિ એવા ચંદ્રપ્રભસ્વામીને નમો નમઃ**

**વેદનીય તથારૂપ ઉદયમાનપણે વેદવામાં હર્ષશોક શો ?**

**ૐ શાંતિઃ**

ત્યારપછીનો ચૈત્ર સુદ બીજે એમના ઉપર 'સુખલાલભાઈ' ઉપર જ પત્ર લખાણો છે. '**ૐ અનંત શાંતમૂર્તિ એવા ચંદ્રપ્રભસ્વામીને નમો નમઃ**' ભગવાનની અનંત શાંતિને, વ્યક્ત એવી અનંત શાંતિને સ્મરણમાં લઈને, એના ઉપર ઉપયોગ રાખીને નમસ્કાર કર્યા છે. આ જિનેન્દ્ર પરમાત્માને નમસ્કાર કરવાની જ્ઞાનીઓની પદ્ધતિ છે. જે અનંત ચતુષ્ટ્ય વ્યક્ત થયા છે એ અનંત ચતુષ્ટ્યને સ્વરૂપસ્મરણપૂર્વક લક્ષમાં લે છે, એના ઉપર ઉપયોગ મૂકે છે અને પોતાની વિદ્યમાનતાને વિશેષે કરીને સંભાળે છે. એવા પરિણામ દ્વારા પોતાનું અનંત ચતુષ્ટ્ય મંડિત સ્વરૂપ છે એવી પોતાની જે વિદ્યમાનતા છે એને સંભાળે છે એ વખતે. સ્મરણપૂર્વક સંભાળ છે.

મુમુક્ષુ :- ચંદ્રપ્રભુસ્વામીનું મંદિર બીજા ભોંયવાડામાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- અચ્છા ! એ કબુતરખાનાવાળું ? કબુતરખાનાની સામે છે. ફેરવવાનું શું કારણ ?

મુમુક્ષુ :- આ મંદિર નાનું પડતું હતું.

પૂજ્ય ભાઈશ્રી :- અચ્છા એટલે મોટું મકાન લીધું.

મુમુક્ષુ :- 'સોગાનીજી'ની ..

પૂજ્ય ભાઈશ્રી :- અચ્છા, બરાબર. ત્યાં 'મુંબઈ' દર્શન કરવા જતા. એ ભુલેશ્વર ચંદ્રપ્રભુ સ્વામીનું છે, એમને ?

મુમુક્ષુ :- ઘણાં વર્ષ પછી Transfer થયું. અત્યારે જ્યાં છે ત્યાં.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર. આ તો સો વર્ષ લગભગ થઈ ગયા. ૯૦ ૯૨ વર્ષ થયા લગભગ.

'**વેદનીય તથારૂપ ઉદયમાનપણે વેદવામાં હર્ષશોક શો** ?' જે વેદનીયકર્મ ઉદયમાન હોય, જે કાંઈ પૂર્વકર્મ નિબંધન કરેલું છે જનો ઉદય આવે. ઉદયમાનપણે એટલે એનો ઉદય આવે તો એમાં હરખ પણ શું અને શોક પણ શું ? એ તો પોતાના જ્ઞાનમાં માત્ર ભિન્ન જ્ઞેયરૂપે પ્રતિભાસે. અશાતા વેદની એનો હરખ હોવાનો તો સવાલ જ નથી હોતો, પણ એનો શોક પણ શું ? એનું દુઃખ પણ શું ? એ તો ભિન્ન જ્ઞાનમાં જુદાં પડીને માત્ર જ્ઞેય તરીકે એને જાણવા સિવાય બીજા હરખ-શોકનું એ નિમિત્ત નથી. માત્ર જ્ઞાનનું જ્ઞેય નિમિત્ત તરીકે રહે છે. એ પણ જ્ઞાતાપણાના પુરુષાર્થ સૂચક વચન છે. એ Post card પણ બે લીટીમાં પૂરું કર્યું છે.

પત્રાંક-૯૫૪

રાજકોટ, ચૈત્ર સુદ ૯, ૧૯૫૭

ૐ

શ્રી જિન પરમાત્મને નમઃ

(૧) ઈચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ. ૧
આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨
જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩
જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ. ૪
ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિસહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત. ૫
ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્‌ગુરુ વડે, જિન દર્શન અનુયોગ. ૬
પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી[1] આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭
વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮
મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯
રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઈષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય. ૧૦
નહિ તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહિ ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ. ૧૧

૧. પાઠાન્તર – ઉલ્લસી.

**(૨) આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;**
**આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ. ૧**
**ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર. ૨**
**(૩) સુખ ધામ અનંત સુસંત ચહી,દિન રાત્ર રહે તદ્ધ્યાનમહીં;**
**પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે. ૧**

ત્યાર પછી ચૈત્ર સુદ નોમે છેલ્લી રચના કરી છે. એક અગિયાર કડીનું કાવ્ય છે. પછી બીજી બે કડી જુદી લખી છે અને છેલ્લે સુખધામ જે એમનું અંતિમ સ્મરણ છે, સ્વરૂપ સ્મરણ છે એ છેલ્લી કડીમાં છે. ચૈત્ર સુદ નોમમાં આ કાવ્ય રચાણા છે, પદો રચાણા છે. ચૈત્ર વદ પાંચમે દેહ ત્યાગ થયો છે. એ ચૈત્ર સુદ બારશનો છેલ્લો પત્ર છે. પછી પત્ર નથી.

**ઈચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;**
**મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ. ૧.**

આ ધ્યેય છે ને ? ઈચ્છે છે એટલે ધ્યેય છે. અનંત સુખનું ધ્યેય છે. પહેલેથી જ અનંત સુખનું ધ્યેય છે.

મુમુક્ષુ :- પૂર્ણતાનું લક્ષ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા.

બધા યોગી. મુમુક્ષુથી માંડીને બધા આત્મામાં અનુસંધાન કરવાવાળા યોગીઓ આ પોતાના અનંત સુખને ચાહે છે, અનંત સુખને ઈચ્છે છે. એવું જ તે મૂળ આત્મપદ છે. શુદ્ધાત્મ પદ છે તે મૂળ સ્વરૂપે તો એવું જ છે. એવું જે સયોગી, મન-વચન-કાયાના યોગ છે એવું જિનસ્વરૂપ છે. એટલે સાકાર પરમાત્માને ધ્યાનમાં લે છે. એને રૂપસ્થ ધ્યાન પણ કહેવામાં આવે છે. અરિહંત જિનેન્દ્ર તીર્થંકરદેવનું સાકાર સ્વરૂપ જ્ઞાનમાં લઈને. એમાં સયોગી છે એટલે બાહ્ય ઈન્દ્રિયજ્ઞાન દ્વારા પણ એમનો આકાર જણાય છે અને એમની મુદ્રા ઉપર અનંત શાંતિ વ્યક્ત થાય છે. જે ચારે કષાયનો અભાવ થઈને સંપૂર્ણપણે નિષ્કષાય અવસ્થા, પરમાનંદની અવસ્થામાં અનંત સુખ વીતરાગ મુદ્રા ઉપર ઝળકે છે. એવા પોતાના શુદ્ધાત્મપદના સ્મરણપૂર્વક ભગવાનનું સ્મરણ કર્યું છે.

**આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;**
**જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨.**

જે અંતરાત્મ સ્વભાવ છે, મૂળ શુદ્ધાત્મપદ છે એ ઇન્દ્રિયજ્ઞાનથી અગમ્ય છે. મનથી પણ અગમ્ય છે, વિચારજ્ઞાનથી પણ અગમ્ય છે. માત્ર અતીન્દ્રિય જ્ઞાનથી જ તે ગમ્ય છે. સ્વાનુભવ જેમાં છે એવું જે અતીન્દ્રિય જ્ઞાન છે, એ અતીન્દ્રિય જ્ઞાનથી જ તે ગમ્ય છે. એટલે એને મુખ્યપણે અગમ્ય કહેવામાં આવે છે. અપેક્ષાએ ગમ્ય પણ કહેવાય છે, અપેક્ષાએ અગમ્ય પણ કહેવાય છે. અગમ્ય, અલખ, અગોચર એ બધા શબ્દો એકાર્થમાં વપરાય છે.

એટલે ઇન્દ્રિયજ્ઞાન દ્વારા જે જણાતું નથી, ગમ્ય થતું નથી. છતાં જે સયોગી જિનસ્વરૂપ છે એ અવલંબન માટે આધાર છે. જે પહેલી કડીમાં ગાયું એવું જે સયોગી જિનસ્વરૂપ છે એ અવલંબન માટે, બાહ્ય અવલંબન માટે આધાર છે. તેથી આત્મસ્વભાવને એવા જિનપદથી દર્શાવ્યો છે. જિનપદ દ્વારા એ અગમ્ય આત્મસ્વભાવને દર્શાવવામાં આવે છે કે સ્વરૂપનો આવો પ્રકાર છે. જેવા જિનેન્દ્ર પરમાત્મા છે એવો જ શુદ્ધાત્મ પદનો પ્રકાર છે. એમ બાહ્ય અવલંબન દ્વારા જિનપદથી આત્મસ્વભાવને દર્શાવવામાં, અગમ્ય એવા આત્મસ્વભાવને દર્શાવવામાં આવે છે. સ્વરૂપનો આ પ્રકાર છે.

**જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;**
**લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩.**

ગૌણપણે કોઈ સંસ્કારી જીવને એવા સયોગી જિનના દર્શન કરતા, સયોગી જિન એવા જિનપ્રતિમાના દર્શન કરતાં પણ સ્વભાવની પ્રાપ્તિ અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પણ થાય છે. કોઈ સંસ્કારી જીવને એ નિમિત્ત પડે છે. એટલે જિનપ્રતિમાનો ઘણો મહિમા કરવામાં આવે છે.

જે વચન અગોચર છે એવી ચૈતન્યમૂર્તિ આત્મસ્વભાવને મૂર્તિમંત રીતે દર્શાવવાનો કોઈ પ્રકાર હોય તો એકમાત્ર તે જિનપ્રતિમા છે. દૃષ્ટાંત આપણે લઈએ છીએ. બાળકે શિયાળ જોયું ન હોય. કેમકે શિયાળ તો જંગલમાં થાય. તો કહે, શિયાળ કેવું હોય ? તો કહે, કૂતરા જેવું હોય. કૂતરો અને શિયાળ જુદાં જુદાં ? તો કહે, હા. જુદાં જુદાં. પણ એની ઊંચાઈ એટલી હોય. કેટલી ? કૂતરાની ઊંચાઈ હોય એટલી હોય. એના જેવો Colour સામાન્ય રીતે હોય. પણ શિયાળ તે શિયાળ અને કૂતરો તે કૂતરો. શિયાળ શબ્દથી શિયાળને ન ઓળખે એને શિયાળનું રમકડું બતાવવામાં આવે અથવા શિયાળને લાવીને બતાવવામાં આવે કે, જો આને શિયાળ કહેવાય. તો એને તરત જ જ્ઞાન થાય છે. જે જ્ઞાન શબ્દથી નથી થતું તે જ્ઞાન પ્રત્યક્ષ દર્શાવવાથી, એ ચીજને પ્રત્યક્ષ દર્શાવવાથી એનું જ્ઞાન થાય છે.

એમ આત્મસ્વભાવનું જ્ઞાન શાસ્ત્ર શબ્દથી ન થાય ત્યારે જિનપ્રતિમાથી આત્મસ્વભાવનું જ્ઞાન કરાવવાની પણ એક વિધિ છે. એ પણ એક પદ્ધતિ છે. તેથી લોકમાં, ત્રણે લોકમાં શાશ્વત જિનપ્રતિમા છે. ભલે બહુ ઉપર અને બહુ નીચે નથી. પણ ત્રણે લોકમાં, મધ્યલોકમાં તો છે જ, એ તો આપણે અહીંયાં નંદીશ્વર આદિમાં અકૃત્રિમ છે પણ ઉપરમાં જ્યોતિષના વિમાનમાં અને નીચે ભવનવાસીમાં પણ જિનપ્રતિમા કરોડો, અબજો જિનપ્રતિમા છે. શાશ્વત જિનપ્રતિમા છે. એ બધી અકૃત્રિમ જિનપ્રતિમા છે. કોઈએ ઘડી નથી, કોઈએ કરી નથી. અનંત કાળથી છે, અનંત કાળ પર્યંત રહેશે. જુઓ ! આ કુદરતની વ્યવસ્થા શું છે ? અને ધર્માત્માઓ પણ અને મુમુક્ષુઓ પણ, જે ધર્માત્મા થવાને યોગ્ય છે, એ પણ કૃત્રિમ જિનપ્રતિમાઓ બનાવડાવે છે અને એની સ્થાપના જિનમંદિરમાં કરે છે. એ આત્મસ્વરૂપ દર્શાવવા માટેની વાત છે. કેમકે 'જિનપદ નિજપદ એકતા.' જેવું જિનેન્દ્ર પરમાત્માનું પદ છે એવું જ આ આત્માનું પદ છે. આ આત્માના સ્વરૂપમાં અને જિનેન્દ્ર પરમાત્માના મૂળ સ્વરૂપમાં કાંઈ ફરક નથી.

**'ભેદભાવ નહિ કાંઈ;...'** ભેદભાવ એટલે તફાવત કાંઈ નથી. એવા આત્મસ્વરૂપનો લક્ષ થવા માટે, એવા નિજ સ્વરૂપનો લક્ષ થવા માટે આ અનેક શાસ્ત્રોની રચના કરવામાં આવી છે. જે સુખદાયક છે. જે શાસ્ત્રો છે એ બધા સુખદાયક છે. બે રીતે લીધું. એક શાસ્ત્ર દ્વારા લક્ષ કરાવવાનું પ્રયોજન છે અને એક જિનપ્રતિમા દ્વારા લક્ષ કરાવવાનું પ્રયોજન છે. આત્મસ્વરૂપ લક્ષમાં આવ્યા પહેલાં પરિણામની ગતિ અંતર્મુખ થઈને પુરુષાર્થ પકડે, એ પુરુષાર્થની ગતિ પકડે, વેગ પકડે એવું બની શકતું નથી. એટલે સૌથી પહેલાં જે કોઈ બાહ્ય પ્રયત્ન છે, જિનપ્રતિમા સ્થાપવાનો કે શાસ્ત્ર રચના કરવાનો એ આત્મસ્વરૂપનું લક્ષ કરાવવા માટે છે. એકવાર જો આત્મા લક્ષમાં આવી ગયો તો પછી એ આત્માના લક્ષમાંથી ન છૂટે એવો અદ્ભુતથી અદ્ભુત પદાર્થ છે કે એનું લક્ષ કદી છૂટે નહિ.

મુમુક્ષુ :- દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા વગેરે આત્મલક્ષ કરાવવા માટે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મલક્ષ કરાવવા માટે વાત છે. રૂઢિગતપણે એમાં રોજનો નિયમ બનાવી નાખવો એમ જો કરવામાં આવે તો એ સાધનનો પ્રાયઃ અભિનિવેશ થયા વિના રહે નહિ. જે આત્મલક્ષના હેતુથી જેની રચના છે તે હેતુ સિદ્ધ કરવામાં ન આવે તો પ્રાયઃ એમ કરતાં કરતાં એમાંથી અભિનિવેષ ઉત્પન્ન થયા વિના રહે નહિ. મને શાસ્ત્રજ્ઞાન છે. અથવા અમે ૫૦-૫૦ વર્ષથી એક દિવસ પાડ્યા વિના, રોજ જિનેન્દ્ર પૂજા કરવાવાળા છીએ. એકધારી પચાસ વર્ષથી અમે પૂજા છોડી નથી.

મુમુક્ષુ :- અમે કરીએ, બીજા કરતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- અભિનિવેષ થયા વિના રહે નહિ. કેમકે જીવ પર્યાયદૃષ્ટિ છે. અને લક્ષમાં આવવાનું જે તત્ત્વ છે, જે પદાર્થ છે એ પર્યાયરહિત છે. જેનું લક્ષ થાય છે એવું શુદ્ધાત્મપદ તો પર્યાયરહિત છે. અને પોતે પર્યાયદૃષ્ટિવાળો હોવાથી પર્યાયનો અભિનિવેશ જો લક્ષ ન કરે તો થયા વિના રહે નહિ. લક્ષમાં આવે તો જ પર્યાયનો અભિનિવેશ ન થાય. નહિતર પર્યાયનો અભિનિવેશ થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- અમે પચાસ વર્ષથી શાસ્ત્ર સ્વાધ્યાય કરીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- જૂનું થવા જેવું નથી. એવી વાત છે જરા. લક્ષ કરવા માટે વાત છે. એટલે અન્ય હેતુએ શાસ્ત્રનો અભ્યાસ થયો હોય તોપણ તે અન્ય હેતુએ થઈ ગયો. લક્ષ થવાના હેતુએ ન થયો. લક્ષ થવાના હેતુએ એ ન થયો. છે, ક્યાંક આવે છે. બાહ્ય સાધન જે કહ્યાં છે એના ઉપર થોડી વાત લીધી છે. ૬૨૦ આસપાસ ક્યાંક છે. મળતું નથી. અભિનિવેશનું કારણ છે. અભ્યાસ કરતાં કરતાં અભિનિવેષનું કારણ થઈ જાય છે.

મુમુક્ષુ :- લક્ષ થયું કોને કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- જે જ્ઞાનમાંથી ખસે નહિ. લક્ષ જ્ઞાનનો પર્યાય છે. જેમકે વેપારીને વેપારના કોઈપણ પાસાથી પ્રવૃત્તિ કરતાં કમાણીનું લક્ષ છૂટતું નથી. બરાબર છે ? પૈસા ખર્ચે તોપણ કમાવા માટે, રોકે તોપણ કમાવા માટે, કરજ કરતે તોપણ કમાવા માટે અને વ્યાજે આપે તોપણ કમાવા માટે. વ્યાજ ભરે તોપણ કમાવા માટે અને વ્યાજ કમાય તોપણ કમાવા માટે. લક્ષ ફરે છે ક્યાંય ? એમ જીવ કોઈપણ પ્રવૃત્તિ કરે પણ મારું આત્મહિત મારા લક્ષમાં હોવું જોઈએ. એ આત્મહિતનું લક્ષ છે. અને કોઈપણ પ્રવૃત્તિ કરતાં હું જ્ઞાનસ્વરૂપી એક આત્મા છું, દેહથી અને રાગાદિથી ભિન્ન એવો એક હું આત્મા છું, એવું લક્ષમાં પોતાનું અસ્તિત્વ રહેવું જોઈએ. આમ યથાર્થ લક્ષ બેય પ્રકારે એકસાથે હોવા જોઈએ એને યથાર્થ લક્ષ થયું એમ કહેવામાં આવે છે. એમાં દ્રવ્ય અને પર્યાય બંનેનો વિષય આવી જાય છે. પૂર્ણતાનું પણ લક્ષ અને આશ્રયભૂત એવા સ્વરૂપનું પણ લક્ષ.

અહીંયાં જે છે એ સ્વરૂપની વાત છે. કે '**જિનપદ નિજપદ...**' એ નિજપદ એ સ્વરૂપ છે, આશ્રયભૂત એવું સ્વરૂપ છે એમાં કાંઈ ફેર નથી. એવા સ્વરૂપનું લક્ષ થવા માટે બધા શાસ્ત્રો, સુખદાયી એવા શાસ્ત્રો રચવામાં આવ્યા છે. એ હેતુથી.

મુમુક્ષુ :- ૬૬૧.

પૂજ્ય ભાઈશ્રી :- ૬૬૧ ? એ તો ઓલું અભિનિવેશનું જુદું આવે છે. એ તો

અપ્રશસ્ત શાસ્ત્રિય અભિનિવેશની વાત છે. આ તો ઓલું બાહ્ય સાધનથી અભિનિવેશ થઈ જાય છે એવો એક પત્ર છે. એ સવા છસ્સો આસપાસના કોઈ પત્રમાં છે એવો ખ્યાલ છે. અત્યારે મળ્યું નહિ. એ અભિનિવેશ થવાનું કારણ છે. એ પહેલાંના કોઈ પત્રમાં હોવું જોઈએ. અભિનિવેશ શબ્દ ઉપરથી લીધું ને ? આગળ પણ એક જગ્યાએ આવે છે.

મુમુક્ષુ : ૪૮૯.

પૂજ્ય ભાઈશ્રી :- કદાચ ૪૮૯, ૪૯૫. નહિ. એ બીજાનું આવે છે. આગળ એક જગ્યાએ શબ્દ વપરાય ગયેલો છે. બધા તો કાંઈ આવી જ જાય એવું કાંઈ નથી. બધાં આવી જાય એવું તો કાંઈ નથી. કોઈ રહી પણ જાય. આખર તો ક્ષયોપશમનો વિષય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ૬૭૭ ? 'કુંવરજીભાઈ' ઉપરનો પત્ર છે. એ નથી. આગળ પણ 'કુંવરજીભાઈ' ઉપરનો પત્ર તો છે. મળતો નથી. શું કહ્યું ?

**જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;**
**લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩.**

એટલે એમાંથી એ વિચારવા યોગ્ય છે કે જો શાસ્ત્ર અધ્યયન કરવું છે, શાસ્ત્ર અભ્યાસ કરવો છે તો તે આત્મલક્ષ માટે શાસ્ત્ર અભ્યાસ કરવો છે, બીજા કોઈ કારણથી શાસ્ત્ર અભ્યાસ કરવો નથી. ક્ષયોપશમ વધારવા પણ કરવો નથી, જાણપણું વધારવા પણ કરવો નથી, કોઈ વાત કોઈને કહેવ માટે પણ કરવો નથી, વાદવિવેદ માટે કરવો નથી. કોઈ હેતુ નથી. એક ફક્ત આત્મસ્વરૂપનું ઓળખાણ કરવા માટે (કરવો છે). લક્ષ થવો એટલે ઓળખાણ કરવા માટે શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો છે.

મુમુક્ષુ :- ૬૩૧.

પૂજ્ય ભાઈશ્રી :- ૬૩૧માં બનવા યોગ છે. એ બનવાયોગ છે. સવા છસ્સો આસપાસ કીધું હતું ને.

'**હે મુમુક્ષુ ! યમનિયમાદિ જે સાધનો...**' બરાબર છે. '**સર્વ શાસ્ત્રમાં કહ્યા છે, તે ઉપર કહેલા અર્થથી નિષફળ ઠરશે એમ પણ નથી,...**' એક આત્માને જાણવા ઉપર, દૃષ્ટિ દેવા ઉપર ઉપરના પદમાં કહ્યું છે. '**કેમકે તે પણ કારણને અર્થે છે; તે કારણ આ પ્રમાણે છે : આત્મજ્ઞાન રહી શકે એવી પાત્રતા પ્રાપ્ત થવા, તથા તેમાં સ્થિતિ થાય તેવી યોગ્યતા આવવા એ કારણો ઉપદેશ્યા છે.**' યમ નિયમાદિ. '**તત્ત્વજ્ઞાનીઓએ એથી, એવા હેતુથી એ સાધનો કહ્યાં છે,...**' ... આત્મલક્ષ થવા માટે, આત્મજ્ઞાન થવા માટે કહ્યા હતા પણ જીવની સમજણફેર થઈ ગઈ. એટલે એમાં

અટકી ગયો અથવા અભિનિવેશ પરિણામે ગ્રહણ કર્યા. એમાંથી અભિનિવેશ ઉત્પન્ન કર્યો. હું આવો ત્યાગી, હું આવો વ્રતિ, હું આવો જ્ઞાની, શાસ્ત્રજ્ઞાન હોય એ. એ ભૂલ કરી છે. ૬૩૧માં. બરાબર છે. એ જ ગોતતા હતા પણ ઉપરથી જાતું હતું.

**જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;**
**અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ. ૪.**

કેવા પદની રચના કરી છે ! જિનેન્દ્ર પ્રવચન છે એ દુર્ગમ્ય છે. સ્યાદ્વાદ શૈલીથી શાસ્ત્રમાં જે પ્રવચન છે એ બહુ દુર્ગમ છે. ભલભલા બુદ્ધિવાળા એમાં થાકી જાય છે અથવા ભૂલાવામાં પડી જાય છે. કહેવા માગે છે કાંઈક અને સમજે છે કાંઈક. માટે એ પ્રવચનનું રહસ્ય સમજવા માટે '**અવલંબન શ્રી સદ્ગુરુ**' જ્ઞાનીપુરુષ છે, જેણે એનો અનુભવ કર્યો છે, જેની પાસે અનુભવજ્ઞાન છે-આત્માના વિષયનું અને આત્મપ્રાપ્તિનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિનું જેને અનુભવ જ્ઞાન વર્તે છે એવા જે સદ્ગુરુ છે એનું અવલંબન લેવું, એના ચરણમાં જાવું અને એ જ સુગમ છે. સમજવા માટે, જિનપ્રવચન સમજવા માટે એ જ સુગમ છે. સુગમ છે નહિ, મુમુક્ષુજીવ માટે તો સત્પુરુષ છે એ સુખની ખાણ છે. એક સુખની ખાણ અંતરમાં આત્મા છે અને એક સુખની ખાણ બહારમાં જ્ઞાનીપુરુષ છે. બે સુખની ખાણ છે. અંદરનો પત્તો લગાડવા માટે બહારમાં બહારની સુખની ખાણને પકડી લે.

મુમુક્ષુ :- બહુ સરસ વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

**ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિસહિત;**
**મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત. ૫.**

જે જિનચરણની ઉપાસના કરવી. અતિશય ભક્તિથી. એવું થવા માટે. 'वन्दे तद् गुण लब्धये'. જિનેન્દ્ર પરમાત્મામાં જેવા આત્મગુણો પ્રગટ થયા છે એનો મહિમા એ એની ભક્તિ છે. અતિશય ભક્તિથી જિનચરણની ઉપાસના કરવી. અને મુનિજનની સંગતિમાં અતિ પ્રેમ રાખવો, અતિ પ્રીતિ રાખવી, અતિ રતિ રાખવી. સંયમ યોગ ઘટિત. અને પોતાના પરિણામોને પણ સંયમિત કરવા.

**ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;**
**પ્રાપ્તિ શ્રી સદ્ગુરુ વડે, જિન દર્શન અનુયોગ. ૬.**

જેને ગુણનો પ્રમોદ રહે. કોઈપણ ગુણવાન પુરુષ દેખાય. અરે..! કોઈનો થોડો પણ ગુણ દેખાય તોપણ એના પ્રત્યે પ્રમોદ આવે અને પોતાના પરિણામો વિશેષે કરીને અંતર્મુખ રહે તો બહારમાં શ્રીગુરુનો ઉપકાર થયો એમ ગણવો. '**પ્રાપ્તિ શ્રી સદ્ગુરુ**

**વડે,...**' આટલું તો કાર્ય પોતાથી થાય છે પણ વચ્ચે સદ્‌ગુરુનો મહિમા-ઉપકાર ગાતા જાય છે. '**જિનદર્શન અનુયોગ**' જિનદર્શનના જે ચારે અનુયોગ છે એ ચારે અનુયોગની પ્રાપ્તિ શ્રીગુરુ પાસેથી થાય છે. શરત એટલી કે ગુણપ્રમોદ અતિશય રહેવો જોઈએ, ગુણનો પ્રમોદ હોવો જોઈએ, ગુણ પ્રાપ્તિની ચાહના અને ભાવના હોવી જોઈએ. અને પરિણામનું મુખ બહાર નહિ પણ અંદર રાખવું જોઈએ.

**પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી આવે એમ;**
**પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭.**

જેમ એક બિંદુમાં આખો સમુદ્ર ઉછળી જાય, એવી રીતે ભગવાનના એક પ્રચવનમાં આખો જ્ઞાનનો સાગર ઉછળે છે એમ કહે છે. એ દૃષ્ટાંત લીધું છે.

**પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી આવે એમ;**
**પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ.**

આ જ્ઞાનનો સમુદ્ર છે એ જ્ઞાનના સમુદ્ર પાસે ચૌદ પૂર્વની લબ્ધિનું એક બિંદુ છે. કેવળજ્ઞાનના સમુદ્ર પાસે ચૌદ પૂર્વની લબ્ધિ કેટલી છે ? એક બિંદુ સમાન છે. પણ એ આખો સમુદ્ર એમાં આવી જાય છે. જેમ બિંદુમાં સમુદ્ર આવી જાય છે એમ, ચૌદ પૂર્વની લબ્ધિમાં જ્ઞાનસાગર આવી જાય છે. છેલ્લે છેલ્લે રચના કેવી કરી, જુઓ ! કવિત્વ, એમના ભાવો એ બહુ વિલક્ષણ છે ! સામાન્ય જનથી બહુ વિલક્ષણ પ્રકાર છે એમનો !!

**વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;**
**પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮.**

આ કોઈ જ્ઞાનીપુરુષનો યોગ થાય તોપણ તે અયોગ બરાબર કેમ રહે ? કે જેની મતિ વિષય વિકાર સહિત છે. એટલે જેને બાહ્ય વિષયમાં વિકારરસ ઘણો છે. રુચિ-પ્રીતિ સુખબુદ્ધિને કારણે તીવ્ર રસ ઉત્પન્ન થાય છે. એવા જેના વિષમ પરિણામ છે એને જ્ઞાનીપુરુષનો યોગ થાય તોપણ તે અયોગ બરાબર છે. એને યોગ થયો જ નથી. ખરેખર તો એને યોગ થયો જ નથી. ન થયો અને થયો બંને સરખું છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' મળ્યા...

પૂજ્ય ભાઈશ્રી :- મહાપુરુષ મળ્યા, 'ગુરુદેવ' જેવા 'ગુરુદેવ' મળ્યા છતાં પોતે કોરો રહ્યો, પલળ્યો નહિ એ એમ બતાવે છે કે પોતે બાહ્ય વિષયની અંદર વિષમ પરિણામથી વર્ત્યો છે. બાહ્ય પદાર્થના પરિણામો જે વર્ત્યા છે એ અત્યંત વિષમભાવે વર્ત્યા છે. માટે તે યોગ પણ નિષ્ફળ ગયો છે.

કેવા પરિણામ હોવા જોઈએ ?

**મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;**
**કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯.**

**'મંદ વિષય ને સરળતા,...'** વિષયની પ્રવૃત્તિ મંદ રસથી થાય અને બાહ્ય વ્યવહારમાં સરળતા હોય અને જ્ઞાનીપુરુષની આજ્ઞા સુવિચારથી, આત્મહિતની વિચારણાપૂર્વક જ્ઞાનીપુરુષની, સદ્ગુરુની આજ્ઞામાં રહેવું થાય, પરિણામમાં કરુણા હોય. બીજાનું અહિત થાય તો એ પ્રત્યે કરુણાના ભાવ આવે. કોમળતાના, દયા આદિના પરિણામ થાય. એ પ્રથમમાં પ્રથમ ભૂમિકામાં મુમુક્ષુએ ધારણ કરવા જોઈએ. આ મુમુક્ષુની વ્યાખ્યા કરી. યથાર્થ યોગ્યતા મુમુક્ષુની આવા પ્રકારની હોવી ઘટે છે. તો એ ધર્મ પામવાને લાયક થાય છે. નહિતર એને પાત્ર વિના ધર્મ રહેતો નથી. 'પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન.'

મુમુક્ષુ :- બે લીટીમાં તો આખું...

પૂજ્ય ભાઈશ્રી :- સરળતા લીધી છે, પરિણામમાં રસ મંદ લીધો છે. મંદ વિષય એટલે વિષય પ્રત્યેનો રસ મંદ હોવો જોઈએ. તીવ્ર રસે પ્રવૃત્તિ ન થવી જોઈએ. અને શ્રીગુરુની આજ્ઞામાં રહેવું. કરુણા-કોમળતાદિ પરિણામોમાં હોવા જોઈએ. ... એ પ્રથમ ભૂમિકામાં ધારણ કરવા લાયક છે.

**રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;**
**જગત ઈષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય. ૧૦.**

આ તો મધ્ય પાત્ર. ઉત્કૃષ્ટ પાત્રની વાત નથી લેતા હજી. પહેલાં લીધું એ શરૂઆતનું લીધું. જઘન્ય પાત્ર. પછી હવે મધ્ય પાત્ર લે છે. જેણે શબ્દાદિક વિષય રોક્યા છે અને એ રાગ રોકવા માટે સંયમને સાધન બનાવ્યું છે. અને આખું જગત પોતાના આત્માથી કોઈ ઈષ્ટ નથી. જગતમાં કોઈ પદાર્થ અથવા આખું જગત એક બાજુ હોય અને પોતે એકલો આ બાજુ હોય તોપણ આત્મહિત સિવાય જેને કાંઈ મુખ્ય કરવું નથી. એ મધ્ય પાત્ર છે. એ મહાભાગ્ય એવો મધ્ય પાત્ર છે. પાત્રતાની મધ્યમ કક્ષામાં આવ્યો એને મહાભાગ્યનું વિશેષણ આપ્યું છે.

અથવા જેણે પોતાના આત્માને મુખ્ય કર્યો. આખા જગતને ગૌણ કરીને આત્મહિતને મુખ્ય કર્યું. 'લોકલાજ સબ ડારી.' લોકસંજ્ઞા, લોકલાજ છોડીને મારું આત્મહિત જ્યાંથી થાય, જેમ થાય ત્યાંથી તે જ મારે કરવું છે, સિવાય મારે કાંઈ કરવું નથી. એ મહાભાગ્ય એવો મધ્ય પાત્ર જીવ છે. એને ભાગ્યશાળી અહીંયાં ગણ્યો છે. હવે એનું આત્મહિત થશે. જગતને ગૌણ કર્યું છે ને ? તો એ આત્મહિત થવાને પાત્ર થયો છે.

**નહિ તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહિ ક્ષોભ;**
**મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ. ૧૧.**

લ્યો ! જઘન્ય પાત્ર, મધ્યમ પાત્ર અને મહા પાત્ર એટલે ઉત્તમ પાત્ર. ત્રણેની વ્યાખ્યા કરી છે. જેને જીવન અને મરણ વચ્ચે કાંઈ અંતર નથી. જીવવાની તૃષ્ણા નથી અને મરણ સામે દેખાય તોપણ પરિણામમાં હિચકિચાહટ નથી, ક્ષોભ નથી. જરા પણ એને મરણ સામે દેખતા પણ ભય લાગતો નથી, ક્ષોભ નથી. અચકાટ થાય એને ક્ષોભ કહે છે. મરણ જોઈને પણ અચકાતો નથી. જીવવાની તૃષ્ણા નથી, મરણનો કોઈ ક્ષોભ નથી. એવા જે, વીતરાગતા પ્રાપ્ત એવા જે માર્ગમાં આવેલા જીવો છે, જ્ઞાનીપુરુષો છે તે મહાપાત્ર છે. એને અહીંયાં મહાપાત્ર કીધા છે. વીતરાગતામાં આવી ગયા ને ? જીવન-મરણ બંને સમાન (લાગે છે), વિષમતા લાગતી નથી. '**પરમ યોગ જિતલોભ.**' એણે પોતાના (આત્માના) અનુસંધાનમાં એને પરમયોગ કહે છે. આત્માનુસંધાનને પરમયોગ કહે છે અને એણે લોભને જીતી લીધો છે. એને કાંઈ જોઈતું નથી. જગતની કોઈ ચીજ એને જોઈતી નથી. એ મહાપાત્ર છે. એ માર્ગવંત પુરુષો છે. એ રીતે અગિયાર કડીમાં એમણે એક અંતિમ કાવ્ય આ લખ્યું છે. '**ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;...**' એમ કરીને અગિયાર કડીનું એક પદ લખ્યું છે.

ત્યારપછી બીજી બે કડી લખી છે.

**આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;**
**આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ. ૧.**

જેમ માથે સૂર્ય આવે તો એનો પડછાયો પોતામાં ને પોતામાં સમાઈ જાય. '**આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;...**' માથે સૂર્ય હોય તો એનો પડછાયો પોતામાં જ સમાય. આજુબાજુ એનો પડછાયો ન પડે. એમ '**આવ્યે તેમ સ્વભાવમાં,..**' એમ સ્વભાવમાં આવે તો મન છે એ વિલય પામી જાય છે. મન સ્વરૂપ છે એ, મન છે એ નાશ પામી જાય છે. સ્વરૂપમાં આવવાથી, સ્વભાવમાં સમાઈ જવાથી મનના પરિણામની ઉત્પત્તિ થતી નથી. મનાતીત અતીન્દ્રિય જ્ઞાન અને આનંદના પરિણામની, અતીન્દ્રિય શાંતિના પરિણામની ઉત્પત્તિ થાય છે.

**ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર. ૨.**

હવે એથી વિરૂદ્ધ કહે છે. છેલ્લે છેલ્લે પણ કેવી કેવી રચના કરી છે ! મોહથી જે વિકલ્પ ઉત્પન્ન થયો એનો આ આખો સંસાર છે. સમસ્ત એટલે આખો સંસાર શેનો

છે ? કે મોહના વિકલ્પને લઈને છે. મોહથી વિકલ્પ થાય છે કે આ સારું છે અને આ ખરાબ છે. આ ઠીક છે અને આ અઠીક છે. એ જીવનો મોહ છે. બસ ! આખો સંસાર એમાં આવી ગયો. અથવા સ્વરૂપથી સંસરણ થવું, સ્વરૂપથી બહાર નીકળી જવું, સરી જવું એ અન્ય પદાર્થ પ્રત્યેના વ્યામોહને લઈને થાય છે, બીજું કોઈ કારણ નથી. પણ જો જીવ અંતર્મુખ અવલોકે...

મુમુક્ષુ :- ઊપજે મોહ વિકલ્પથી, મોહ વિકલ્પથી ઊપજે અને વિકલ્પ કરો તો મોહ ઊપજે છે, એમ લેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે સંસારની રીત લેવી છે. આખું પદ લઈએ તો આખો સંસાર ઊપજ્યો ક્યાંથી ? કે મોહના વિકલ્પથી ઊપજ્યો છે. શું કારણ છે ? એક મોહ કારણ છે. પછી જીવના વિકલ્પ અનેક પ્રકારના છે. જે મોહથી વિકલ્પો ઊપજે છે એ વિકલ્પોના ભેદના અનેક પ્રકાર છે. બધામાં દર્શનમોહ સામાન્ય છે-મોહ છે એ સામાન્ય છે. દર્શનમોહ અને ચારિત્રમોહના જૈનદર્શનમાં બે ભેદ લીધા છે. મોહ તરીકે તો અન્ય દર્શનોમાં પણ મોહના પરિણામ પ્રસિદ્ધ છે પણ એના બે ભેદ છે. એક દર્શનમોહ અને એક ચારિત્રમોહ. એક શ્રદ્ધામાં વ્યાપેલો મોહ અને એક આચરણમાં વ્યાપેલો મોહ. એવા બે ભેદે મોહ પ્રવર્તે છે. એ જે દર્શનમોહ છે એ મૂળ મોહ છે. ચારિત્રમોહ તો એના ઉત્તર પરિણામો છે, મોહના જ તે.

એ જે દર્શનમોહ છે એનાથી અનંત વિકલ્પોની ઉત્પત્તિ છે. સમસ્ત સંસારના જેટલા વિકલ્પ છે એ બધાનું કારણ, મૂળિયું આ મોહ છે. જેણે મોહ જીત્યો એ સંસારના સમુદ્રને તરી ગયો. આમ તો હાથ વીંઝીને સમુદ્ર તરવો કઠીન છે. પણ કદાચ કોઈ હાથ વીંઝીને તરી જાય એના કરતાં પણ સંસારનો સમુદ્ર તરવો એથી પણ કઠિન છે. એથી પણ કઠિન છે. હાથ વીંઝીને કોઈ સમુદ્ર તરે. માઈલ-બે માઈલ ગમે એવો તરિયો હોય તોપણ થાકી જાય. બે-પાંચ માઈલમાં તો ગમે તેવો તરિયો હોય તોપણ થાકી જાય. જ્યારે આ તો સ્વયંભૂરમણસમુદ્ર છે અસંખ્ય યોજનનો. એને પણ હાથ વીંઝીને કોઈ તરવાવાળો હોય તો એના કરતાં પણ મોહના સમુદ્રને તરવાવાળો છે એને શૂરવીર અથવા શક્તિવાન ભગવાને ગણ્યો છે. એના કરતા એની વધારે શક્તિ ગણી. માટે જે દર્શનમોહને જીતે છે એવા જીતમોહીને જિન કહેવામાં આવે છે. જિતમોહી જિન કહ્યા એને. એવા જિતમોહીને જિન કહેવામાં આવે છે. અને એવા મોહને જિતનારને વંદન કરવામાં આવે છે. એને નમસ્કાર કરવામાં આવે છે એનું કારણ કે એ ભુજાએ કરીને સમુદ્ર તર્યો છે. એવું પરાક્રમ છે.

કેટલી વારમાં એ મોહ જાય ? '**અંતર્મુખ અવલોકતાં,...**' શાસ્ત્ર વાંચતા ન

લીધું, શાસ્ત્ર સાંભળતા ન લીધું. શું કીધું ? **'અંતર્મુખ અવલોકતા,..'** પોતાના સ્વરૂપનું, નિર્મોહી આત્મપદાર્થનું અંતર્મુખ થઈને અવલોકન કરે, સ્વીકાર કરે કે હું આવો છું (તો) આખો સંસાર અને વિકલ્પ વિલય થતા વાર લાગતી નથી. જેમ પ્રકાશ થતાં અનંત કાળનું અંધારું નાશ પામે એમ ચૈતન્યનો પ્રકાશ પ્રગટ થતાં અજ્ઞાનરૂપી અંધકાર અનાદિથી અનંત કાળનો છે એ ખલાસ થઈ જાય છે.

હવે છેલ્લું પદ છે એ એમણે પોતાના સ્વરૂપની ભાવનાનું રચ્યું છે. છેલ્લામાં છેલ્લી ભાવના આ ભાવી છે એમણે. ચૈત્ર વદ પાંચમને ? અને આ ચૈત્ર સુદ નોમ. નોમને દિવસે. નવ ને છ સાત અને પાંચ બાર દિવસ પહેલાનું છેલ્લું પદ છે.

**સુખ ધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ધ્યાનમહીં;**
**પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે. ૧.**

'પૂજ્ય બહેનશ્રી'નું અંતિમ વચન પણ આ જ પદનું હતું. કેવો મેળ છે ! એમણે પણ છેલ્લા પદની આ રચના કરી છે અને આ ધર્માત્મા પણ કલાક પહેલાં (સ્મરણમાં લ્યે છે). એ તો એમનો નિત્ય નિયમ હતો. સૂતા પહેલા છેલ્લે આ પદનો સ્વાધ્યાય કરતા હતા. બહુ મધુર પદ છે.

જે આત્મપદ છે તે ઉત્કૃષ્ટ છે. તે અનંત સુખનું ધામ. કેવું છે ? અનંત સુખનું ધામ છે. જીવના પ્રદેશે પ્રદેશે અનંત અનંત બેહદ સુખ ભરેલું છે. એક એક પ્રદેશ અનંત સુખથી ભરેલા ઓરડા છે. દરેક ગુણો, હોં ! આમ તો અનંત ગુણથી ભરેલા ઓરડા છે. પણ એક એક પ્રદેશમાં સુખનું પ્રયોજન હોવાથી, જીવને સુખની ચાહના હોવાથી અને એ એનું સ્વરૂપ હોવાથી અનંત સુખનું ધામ છે. જે સુસંત છે. એમાં પણ જે સુસંત છે. સમ્યગ્દૃષ્ટિ સંતો છે એ આવા પોતાના સુખધામને ચાહે છે. અને અહોરાત્ર તેના જ ધ્યાનમાં રહે છે. રાત્રિ અને દિવસ પોતાના સ્વરૂપના ધ્યાનમાં જ રહે છે. બીજાનું ધ્યાન કરતાં નથી. એકલા આત્મસ્વરૂપના, અનંત સુખના ધ્યાનમાં રહે છે. અંદરમાં અમૃત જેવી પરમ શાંતિ ભરેલી છે. કેવી ? એક સુખધામની અંદર અનંત સુધામય પરમશાંતિ રહેલી છે. સુધા એટલે અમૃત. કેટલી છે એ પરમશાંતિ ? કે અનંત-અનંત. એ પણ બેહદ શાંતિનો ભંડાર છે આત્મા. એવી અમૃતમય શાંતિ જે પદમાં ભરી છે તેમાં હું નમું છું. એ પ્રત્યે મારી પર્યાય ત્યાં ઢળે છે. એ ભાવ નમસ્કાર છે. વિકલ્પ અને વાણી તે દ્રવ્ય નમસ્કાર છે. અને પર્યાય અભેદ ભાવે એમાં ઢળી જાય તેને ભાવ નમસ્કાર કહેવામાં આવે છે. એવા પદ પ્રત્યે હું નમું છું. એવું તે ઉત્કૃષ્ટ પદ છે. તે ત્રણે કાળ જયવંત વર્તો. એની ત્રણે કાળ મુખ્યતા હો. એ રીતે આત્મસ્વરૂપની ભાવના અંતિમપણે પોતે ભાવી છે અને આ પદ બહુ પ્રસિદ્ધ થયું છે. એમના આ

પદના વચનો અતિ પ્રસિદ્ધ છે અત્યારે સમાજની અંદર.

મુમુક્ષુ :– રચનારને ષાષ્ટાંગ નમસ્કાર !

પૂજ્ય ભાઈશ્રી :– એ તો છે. એમની દશા પણ એવી ઘણી સ્વરૂપની આરાધનમય દશા હતી. છેલ્લે છેલ્લે પણ આરાધના ઘણી ઉત્કૃષ્ટ થયેલી છે એમની.

મુમુક્ષુ :– આખો ગ્રંથ કેટલો ઉપયોગી છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ તો જેને લાભ થાય. જેને પોતાને કાંઈ ઉપકાર થાય એને એનો મહિમા આવે. એવો વિષય છે.

મુમુક્ષુ :– મહિમા આવે જ તે. ઉપકાર થઈ જાય એવું છે. ધ્યાનથી વાંચે તો.

પૂજ્ય ભાઈશ્રી : હા.

**પત્રાંક-૯૫૫**

**રાજકોટ, ચૈત્ર સુદ ૧૧II, સોમ, ૧૯૫૭**

**ૐ**

**જોકે ઘણો જ ધીમો સુધારો થતો હોય એમ જણાય છે, તો પણ હાલ પ્રકૃતિ ઠીક છે.**

**કંઈ રાગ હોય એમ જણાતું નથી. બધા ડોક્ટરોનો પણ એ જ અભિપ્રાય છે. નિર્બળતા ઘણી છે. તે ઘટે તેવા ઉપાય કે કારણોની અનુકૂળતાની જરૂર છે. હાલ તેવી કંઈ પણ અનુકૂળતા જણાય છે.**

**આવતી કાલ કે પરમ દિવસથી અત્રે એક અઠવાડિયા માટે ધારશીભાઈ રહેવાના છે. એટલે હાલ તો સહેજે આપનું આગમન ન થાય તોપણ અનુકૂળતા છે. મનસુખ પ્રસંગોપાત્ત ગભરાઈ જાય છે અને બીજાને ગભરાવી દે છે. તેવી ક્યારેક પ્રકૃતિ પણ હોય છે. અગત્ય જેવું હશે તો હું આપને બોલાવીશ. હાલ આપે આવવાનું મુલતવવું. નીચે મને કામ કર્યે જવું. એ જ વિનંતી.**

**શાંતિઃ**

છેલ્લો પત્ર છે. ૯૫૫. 'રેવાશંકરભાઈ' ઉપરનો પત્ર છે. '**જોકે ઘણો જ ધીમો સુધારો થતો હોય એમ જણાય છે, તોપણ હાલ પ્રકૃતિ ઠીક છે.**' શરીર સંબંધી સમાચાર લખ્યા છે. ચૈત્ર સુદ બારશે. અઠવાડિયાની વાર છે. આયુષ્ય લગભગ પૂરું

થવાની તૈયારી છે. ધીમો સુધારો અને પ્રકૃતિ કાંઈક ઠીક છે. **'કંઈ રોગ હોય એમ જણાતું નથી.'** કાંઈ શરીરમાં કોઈ રોગ, વ્યાધિ અમુક થઈ હોય એમ જણાતું નથી. **'બધા ડોક્ટરોનો પણ એ જ અભિપ્રાય છે.'** 'મોરબી' આવ્યા છે. પછી 'રાજકોટ' આવ્યા છે, હોં ! આ તો 'મોરબી'થી પત્ર લખેલો છે. ચૈત્ર સુદ બારશે.

મુમુક્ષુ :- મોરબી ચેકીને રાજકોટ લખાવ્યું છે. નવામાં રાજકોટ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બનવાજોગ છે. 'રાજકોટ' હોવા જોઈએ. Misprint હોવું જોઈએ.

મુમુક્ષુ :- નવામાં 'રાજકોટ' છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'રાજકોટ' છે ને ? બરાબર છે. અહીંયાં 'મોરબી' છપાણું છે.

**'નિર્બળતા ઘણી છે.'** શારીરિક નિર્બળતા ઘણી છે. **'તે ઘટે તેવા ઉપાય કે કારણોની અનુકૂળતાની જરૂર છે. હાલ તેવી કંઈ પણ અનુકૂળતા જણાય છે.'** કોઈ અંશે ઠીક લાગે છે. **'આવતી કાલ કે પરમ દિવસથી અત્રે એક અઠવાડિયા માટે ધારશીભાઈ રહેવાના છે.'** 'મોરબી'વાળા 'ધારશીભાઈ' કેટલાક મુમુક્ષુઓની ઉપસ્થિતિ રહી છે. કેટલાકની નથી રહી. 'અંબાલાલભાઈ' છૂટી ગયા છે. મુખ્ય પાત્ર તો એ હતા એ વખતે પણ એ છૂટી ગયા છે. **'આવતી કાલ કે પરમ દિવસથી અત્રે એક અઠવાડિયા માટે ધારશીભાઈ રહેવાના છે. એટલે હાલ તો સહેજે આપનું આગમન ન થાય તોપણ અનુકૂળતા છે.'** તમે આંટો ખાશો નહિ. હાલ તુરત 'ધારશીભાઈ' છે.

**'મનસુખ પ્રસંગોપાત ગભરાઈ જાય છે...'** નાના ભાઈ છે. તબિયત જરાક વધારે અસ્વસ્થ થાય તો એમને તો ભાઈની લાગણી છે એટલે એ ગભરાય જાય છે **'અને બીજાને ગભરાવી દે છે.'** એ ગભરાય જાય એટલે એની પાછળ બીજા પણ ગભરાય છે, એમ કહે છે. **'તેવી ક્યારેક પ્રકૃતિ પણ હોય છે.'** અને ક્યારેક એવી અસ્વસ્થ પ્રકૃતિ પણ શરીરમાં થઈ જાય છે. **'અગત્ય જેવું હશે તો હું આપને બોલાવીશ.'** એવું મને લાગશે તો તમને બોલાવી લઈશ. **'હાલ આપે આવવાનું મુલતવવું.'** એટલે હમણાં નહિ આવતા.

**'નીચે મને કામ કર્યે જવું.'** એટલે ઉચાટ કરશો નહિ. અહીંનો કોઈ ઉચાટ તમે ન કરશો. નીચા મનથી કામ જે હોય એ કર્યા જજો. **'એ જ વિનંતી. શાંતિઃ'** છેલ્લો પત્ર મળ્યો છે એમનો 'રેવાશંકરભાઈ' ઉપરનો. આ રીતે અહીંયાં આ ગ્રંથનો સ્વાધ્યાય આજે પૂરો થાય છે. અહીં સુધી રાખીએ...

# વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ - | |
| ૦૯ | બીજું કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) - | |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) - | |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકિયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકિયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય - | |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |

| | | |
|---|---|---|
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ-૧) | ૨૦-૦૦ |
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ-૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ-૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૮૪ | રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૬ | રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૮ | રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૦ | રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૧ | રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૪ | રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૫ | રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૬ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૭ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૮ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૫) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૯ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૬) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૧૦૦ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૭) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૧ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૮) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૨ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૯) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૩ | રાજહૃદય (ભાગ-૧૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૪ | રાજહૃદય (ભાગ-૧૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૫ | રાજહૃદય (ભાગ-૧૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मुल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |

| | | |
|---|---|---|
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

# वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमागमसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |

| | | |
|---|---|---|
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |

| | | |
|---|---|---|
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मस्धा (भाग-१) (गुजराती) | १००० |

| | |
|---|---|
| १०५ अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ मुक्तिनो मार्ग (गुजराती) | १००० |
| ११२ प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ धन्य आराधक (गुजराती) | ७५० |
| ११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |
| १२० जिन प्रतिमा जीन सारखी | ५०० |
| १२१ स्मरण संचिका | १५०० |
| १२२ दंसण मूलो धम्मो | ३५०० |
| १२३ प्रवचन सुधा (भाग-१) (हिन्दी) | १००० |
| १२४ प्रवचन सुधा (भाग-२) (हिन्दी) | १००० |
| १२५ प्रवचन सुधा (भाग-३) (हिन्दी) | १००० |
| १२६ प्रवचन सुधा (भाग-४) (हिन्दी) | १००० |
| १२७ प्रवचन सुधा (भाग-५) (हिन्दी) | १००० |
| १२८ प्रवचन सुधा (भाग-६) (हिन्दी) | १००० |
| १२७ धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२८ धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १३० राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १३१ राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १३२ राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १३३ राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १३४ राज हृदय (भाग-८) (गुजराती) | १५० |
| १३५ राज हृदय (भाग-९) (गुजराती) | १५० |
| १३६ राज हृदय (भाग-१०) (गुजराती) | १५० |
| १३७ राज हृदय (भाग-११) (गुजराती) | १०० |
| १३८ राज हृदय (भाग-१२) (गुजराती) | १०० |

| | |
|---|---|
| १३९ राज हृदय (भाग-१३) (गुजराती) | १०० |
| १४० राज हृदय (भाग-१४) (गुजराती) | १०० |
| १४१ राज हृदय (भाग-१५) (गुजराती) | १०० |
| १४२ राज हृदय (भाग-१६) (गुजराती) | १०० |
| १४३ अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |
| १४४ अध्यात्म सुधा (भाग-७) (गुजराती) | १५० |
| १४५ अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती) | १५० |
| १४६ अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती) | १५० |
| १४७ अनुभवप्रकाशना किरणों (भाग-४) (गुजराती) | १५० |
| १४८ अनुभवप्रकाशना किरणों (भाग-५) (गुजराती) | १५० |
| १४९ अनुभवप्रकाशना किरणों (भाग-६) (गुजराती) | १५० |
| १५० अनुभवप्रकाशना किरणों (भाग-७) (गुजराती) | १०० |
| १५१ अनुभवप्रकाशना किरणों (भाग-८) (गुजराती) | १०० |
| १५२ अनुभवप्रकाशना किरणों (भाग-९) (गुजराती) | १०० |
| १५३ राज हृदय (भाग-१७) (गुजराती) | २०० |
| १५४ राज हृदय (भाग-१८) (गुजराती) | २०० |
| १५५ राज हृदय (भाग-१९) (गुजराती) | २०० |

## પાઠકોની નોંધ માટે

## પાઠકોની નોંધ માટે

## પાઠકોની નોંધ માટે

## પાઠકોની નોંધ માટે